॥ ॐ श्रीगणेशाय नमः ॥

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् । स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

दीपो भक्षयते ध्वांतं कज्जलं च प्रसूयते । यदन्नं भक्ष... ...तादृशी प्रजा ॥ वृद्धचाणक्य ॥

# સંસ્કૃત ભાષા પ્રદીપ.




કર્તા તથા પ્રસિદ્ધ કરનાર

**ઠાકોરદાસ જમનાદાસ પંજી.**



પેહેલી આવૃત્તિ



૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે રેજીસ્ટર કરાવી કર્તાએ સર્વે હક સ્વાધીન રાખ્યા છે.



મુંબઇમાં ધી લેડી નૉર્થકોટ હિંદુ ઑર્ફનેજ કે. એન. સેલર પ્રીંટીંગ પ્રેસમાં છપાયો છે.

શકે ૧૮૩૧

કિમ્મત રૂપિયા ૩.


यद्यत्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत् । यद्यदात्मवशं तु स्यात्तत्तत्सेवेत यत्नतः ॥ मनुस्मृति ॥

यो ध्रुवाणि परित्यज्याध्रुवाणि परिषेवते । ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमव च ॥

॥ श्री १। ॥

लोकद्वारं विदुषां प्रपदनं निरोधो ऽविदुषाम् ॥ છાંદોગ્ય ઉપનિષદ. ॥

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतम्
विद्या राजसु पूजिता न हि धनं विद्याविहीनः पशुः ॥ નીતિશતક. ॥

कामधेनुगुणा विद्या अकाले फलदायिनी ।
प्रवासे मातृसदृशी विद्या गुप्तं धनं स्मृतम् ॥ વૃદ્ધ ચાણાક્ય. ॥

सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम् ।
अहार्यत्वादनर्घ्यत्वा दक्षयत्वाच्च सर्वदा ॥ હિતોપદેશ. ॥

केयूरा न विभूषयंति पुरुषं हारा न चंद्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयंते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणं ॥ નીતિશતક. ॥

वरं गर्भस्रावो वरमृतुषु नैवाभिगमनं
वरं जातप्रेतो वरमपि च कन्यैव जनिता ।
वरं वंध्या भार्या वरमपि च गर्भे च वसति
र्न चा विद्वान्रूपद्रविणगुणयुक्तोऽपि तनयः ॥ પંચતંત્ર. ॥

प्रियो मे यो भवेन्मूर्खः स पुराद्बहिरस्तु मे ।
कुंभकारोऽपि यो विद्वान्स तिष्ठतु पुरे मम ॥ ભોજપ્રબંધ. ॥

निरक्षरे वीक्ष्य महाधनत्वं विद्यानवद्या विदुषा न हेया ।
रत्नावतंसा कुलटाः समीक्ष्य किमार्यनार्यः कुलटा भवंति ॥ સુ. ર. ભા. ॥

न दैवमपि संचित्य त्यजेदुद्योगमात्मनः ।
अनुद्योगेन तैलानि तिलेभ्यो नाप्तुमर्हति ॥ હિતોપદેશ. ॥

अन्नदानं परं दानं विद्यादानमतः परम् ।
अन्नेन क्षणिका तृप्तिः यावज्जीवं तु विद्यया ॥ સુ. ર. ભા. ॥

स्वदेशजातस्य नरस्य नूनं गुणाधिकस्यापि भवेदवज्ञा ।
निजाङ्गना यद्यपि रूपराशि स्तथापि लोकः परदारसक्तः ॥ સુ. ર. ભા. ॥

---

कृतं त्रिवर्षयत्नेन विघ्नितेन पदे पदे ।
आरोग्यतां च व्यापारं अनादृत्य स्थले स्थले ॥
ग्रन्थं लक्षितुमर्हन्ति सन्तः सदसदीक्षकाः ।
हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ॥

# નિવાપાંજલિ.

**સ્વર્ગવાસી પ્રિય પુત્ર છગનલાલ,**

તને તારી માતુશ્રી ૬ વર્ષનો મુકી ૨૫ વર્ષની વયે સ્વર્ગવાસી થઈ ત્યારથી અનેક વિઘ્નો વચ્ચે ઊછેરી, ૧૪ વર્ષની વયમાં ગુજરાતી, સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષાઓનો ને ગણિત શાસ્ત્રનો અભ્યાસ, તથા ભૂમિતિ, રસાયણ, યંત્ર, તથા ખગોળ શાસ્ત્રોનું કેટલુંક જ્ઞાન પ્રાપ્ત કરાવી, આર્યોની એક ભૂષણરૂપ અને અનુપમ વિદ્યાઓ તથા હુન્નરોના ભંડારવાળી જે સંસ્કૃત ભાષા તેમાં પ્રવીણ થવા સારૂ તેના વ્યાકરણનું ઊત્તમ જ્ઞાન પ્રાપ્ત કરાવવા વિચાર કર્યો, ને તને તેમજ તારી વિમાતા તથા વિમાત્રેયીને તેના કેટલાક અંગોનું પ્રાથમિક જ્ઞાન મેળવાવવામાં પડેલી ને વિશેષ જ્ઞાન મેળવાવવામાં પડતી મુશ્કેલીઓ જોઇ તે અંગોના નિયમો સેહેલથી નિઃશેષ ભણી શકાય એવી રીતે લખી આપવા માંડયા, ને આગળ વધતાં તેવા અંગો વધારે ને વધારે નિકળવાથી છેવટે સઘળા અંગોને તેવી રીતે લખ્યા; ને એ રીતે આ “ સંસ્કૃત ભાષા પ્રદીપ ” નામનો ગ્રંથ જે કરવા હું શકિતમાન થયો છું તે કરતાં અનેક ખરડાઓ સાફ કરવામાં તથા એ ગ્રંથ છપાવવામાં પડતા અપરિમિત શ્રમને ન ગણતાં તેં સઘળી બનતી મદદ કરી તારી અપ્રતિમ પુત્ર ભક્તિ વ્યક્ત કરી એટલુંજ નહીં પણ તેની સાથે હંમેશા મારી જોડે ને જોડે રહી કેટલાક ઉપયોગી શાસ્ત્રોનો પ્રાથમિક બોધ તેમજ ઘરસંસાર તથા ધંધારોજગારમાં જોઇતી કેળવણી લીધી; ને એ સઘળાનું ઇષ્ટ ફળ ભોગવવાનો તને, અને સંસારમાંથી સુખરૂપ નિવૃત્ત થવાનો વખત મને, પાસે આવતા વારજ કાળે તને ૨૨ વર્ષની અલ્પ વયમાં અચાનક મારી પાસેથી છીનવી લઈ મને દુઃસહ વિયોગાગ્નિથી સંતપ્ત કીધો તે અગ્નિ આ ગ્રંથનો વિચાર આવતાંજ અત્યંત પ્રજ્વલિત થઇ આવે છે તેથી આ પત્રરૂપી નિવાપાંજલિ તને આપીને આ ગ્રંથ સાથે પ્રસિદ્ધ કરી કૃતાર્થ થાઉ છું; એ નિવાપાંજલિ મારી તેમજ તારી માતૃતુલ્ય વિમાતા તથા સ્વસૃતુલ્ય વૈમાત્રેયી કે જેઓ અરસપરસના અપ્રતિમ પ્રેમને લીધે મારા જેટલાંજ શોકાગ્નિ તપ્ત છે ને તને વારંવાર યાદ કર્યા કરે છે તેમની તરફથી પણ તું સ્વીકારી લેશે.

મુંબઈ
શકે ૧૮૩૨ ના વૈશાખ વદિ ૨ ને ગુરૂવાર.

લિ. તારો દુઃખનિમગ્ન સંતપ્તાંતઃકરણ
પિતા
**ઠાકોરદાસ જમનાદાસ પંજી.**

# મંગલાચરણ.[1]

यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते ।
येनेदं धार्यते चैव तस्मै विश्वात्मने नमः ॥ १ ॥
संस्कृतभाषाव्याकरणेन गुर्जरभाषां दीपायितुं वै ।
गुर्जरलोकान्बोधयितुंच स्वल्पतराधी मैं न हि योग्या ॥ २ ॥
क्व शान्तवृत्ति र्नैनुकार्ययोग्या क्व वैश्यवृत्तिः क्षयलाभयुक्ता ।
क्व कामना हि प्रतिबिंबितस्य क्व चोपदेशा ऋतवस्तुभोगे ॥ ३ ॥
एनं भाषाप्रदीपं ह्य प्येवं संस्कृतपूर्वकम् ।
कर्तुं कर्षन्ति नो जाने मां का हृदयवृत्तयः ॥ ४ ॥
ग्रन्थेऽस्मिन्यदि मे यत्नो व्रजत्येवोपहास्यताम् ।
किं चित्रं यादि वा विघ्नैः विविधैः परिवेष्टितः ॥ ५ ॥
तेनाहं जगदात्मानं प्रणम्यादौ स्तवीमि च ।
देवान्वै गणपत्यादी न्महर्षीन्सिद्ध सद्गुरून् ॥ ६ ॥
उच्छिन्दन्तु हि ते विघ्ना न्हितानि प्रदिशन्तु मे ।
सर्वेषां सर्वसंकल्पा न्साधयन्तु शुभान्सदा ॥ ७ ॥
शान्तिः ॥ शान्तिः ॥ शान्तिः ॥

---

૧. દેવને દેવવાણી વધારે પ્રિય હોય તેથી આ ગ્રંથ ગુજરાતી ભાષામાં હોવા છતાં તેનું મંગલાચરણ દેવવાણીમાંજ કર્યું છે.

# ભૂમિકા.

ગ્રંથકર્તાએ ગ્રંથના અનુબન્ધો એટલે અધિકારી, વિષય, સંબંધ, અને પ્રયોજન બતાવવા જોઇએ એવી પ્રાચીન શૈલી છે કેમકે તે જાણ્યા વગર બુદ્ધિમાનોની પ્રવૃત્તિ કોઇ પણ ગ્રન્થમાં થતી નથી,[1] તેથી તે તથા વિશેષ વિજ્ઞપ્તિ કરવા જેવું છે તે નીચે પ્રમાણે જણાવીએ છીએઃ-

૧. **અધિકારી**-આ ગ્રંથ ગુજરાતી ભાષામાં છે ને સંસ્કૃત ભાષા સંબંધી છે; ગુજરાતી ભાષા એ ગુજરાત દેશની મુખ્ય ભાષા છે ને સંસ્કૃત ભાષામાંથી નીકળી છે; તેથી સમસ્ત ગુજરાતી ભાષા લખી વાંચી જાણનારા ગુજરાતવાસીઓ-બ્રાહ્મણ આદિ ચારે વર્ણના બાળકો, યુવાનો કે વૃદ્ધો-આ સંસ્કૃત ભાષાને લગતા ગ્રન્થના અધિકારી છે; અને ચાર વર્ષની વયે હાલ ગુજરાતી વાંચતા લખતા શિખવાનું શરૂ થાય છે ને સાત વર્ષની વયે આવડે છે તેથી સાત વર્ષની વયે સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરાવવો હોય તો તે થઈ શકે તેમ છે. આ વાત કદાચ કોઇના ધ્યાનમાં ન ઉતરે તો તેઓને એટલુંજ જણાવવું બસ છે કે હમે જાતે એનો અનુભવ ફતેહમંદ રીતે લીધો છે ને જેઓ લેવા યત્ન કરશે તેઓ જરૂર ફતેહમંદ થશે. વળી વિચાર કરતા માલમ પડશે કે ગુજરાતી પાંચમી ચોપડી સાથે આઠ વર્ષની વયે અંગ્રેજી ભાષા કે જેને સ્વભાષા સાથે નહી જેવો સંબંધ છે ને તેથી વધારે અઘરી પડવીજ જોઇએ તે બાળકો શિખી શકે છે તો સંસ્કૃત ભાષાકે જેને સ્વભાષા જોડે અતિનિકટ સંબંધ છે તે તે પેહેલા ન શિખી શકે એ શંકા કરવીજ ઠીક નથી; તેમજ યુવાનો કે વૃદ્ધોની બાબતમાં પણ કંઈ શંકા કરવા જેવુ નથી કેમકે કોઇ પણ ઉમ્મર ભણવાને વાસ્તે મોટી ને નાલાયક નથી. વિદ્યા[2] એ લક્ષ્મી[3] કે એવી બીજી ચીજો જેવી નાશવંત નથી, ને એની પાછળ કરેલી મેહનતનું ફળ આ જન્મમાં ભોગવવાનો સમય કદાચ ન રહે તોપણ તેના સંસ્કાર સૂક્ષ્મ શરીરમાં રહી બીજા ભવમાં પણ ફળને આપે છે,[4] ને કેટલાકને થોડી મહેનતે વેહેલી વિદ્યા પ્રાપ્ત થયલી જે આપણે જોઇએ છીએ તે તેની ખાતરી આપે છે. વળી મોટી ઉમ્મરે સાંસારિક અનેક ઉપાધિઓને લીધે વિદ્યાભ્યાસ કરવાનો કાળ ન મળે એમ કહેવું પણ ઠીક નથી, કેમકે કહેવત છે કે " મન હોય તો માળવે જવાય. "[5]

૨. **વિષય**-સંસ્કૃત ભાષામાં નીચેના ઝાડમાં બતાવેલા અતિ ઉપયોગી ગ્રન્થો છે.

---

१. ज्ञातार्थं ज्ञातसंबंधं श्रोतुं श्रोता प्रवर्तते ।
ग्रन्थादौ तेन वक्तव्यः संबंधः सप्रयोजनः ॥

२. हर्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति यत्सर्वदा
ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम् ।
कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनं
येषां तान्प्रति मानमुज्झत नृपाः कस्तैः सह स्पर्धते ॥ નીતિશતક ॥

३. या स्वसद्मनि पद्मेऽपि संध्यावधि विजृम्भते ।
इन्दिरा मन्दिरेऽन्येषां कथं स्थास्यति निश्चला ॥સુભાષિત રત્નભાણ્ડાગાર. ॥

४. गतेऽपि वयसि ग्राह्या विद्या सर्वात्मना बुधैः ।
यद्यपि स्यान्न फलदा सुलभा सान्यजन्मनि ॥ સુ૦ ર૦ ભા૦ ॥

५. यत्र यत्र मनो देही धारयेत्सकलं धिया ।
स्नेहाद्द्वेषाद्भयाद्वापि याति तत्तत्स्वरूपताम् ॥ સાંખ્યસાર ॥

# શ્રુતિ અથવા વેદ.

( એના છંદ, કલ્પ, શિક્ષા, વ્યાકરણ, જ્યોતિષ ને નિરૂક્ત એ ૬ અંગો છે. )

ઋગ્વેદ[1] — યજુર્વેદ[1] — સામવેદ[1] — અથર્વવેદ[2]

આયુર્વેદ — ધનુર્વેદ — ગાંધર્વવેદ — અર્થવેદ

## વેદોપાંગ, ષટ્શાસ્ત્ર અથવા ષડ્દર્શન.

{ એમાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ મીમાંસા અને ઉત્તરમીમાંસા અથવા બ્રહ્મસૂત્ર અથવા વેદાંત એ ૬ છે. }

વળી એઓમાંથી જોઈતી બાબતો લઈ બનાવેલી ૧૮ સ્મૃતિઓ (=ધર્મશાસ્ત્રો) ૧૮ પુરાણો ને ૨ ઇતિહાસો છે, એટલે અંતર્દ્રષ્ટિ કરાવી મનના કલેશોને હરનારી[3] ને સંતોષ તથા મોક્ષને આપનારી[4] વિદ્યાઓ તથા બાહ્ય દ્રષ્ટિ કરાવી બાહ્ય સુખ સારૂ જોઈતી લક્ષ્મી આપનારા હુન્નરો વગેરે જેને જે જોઈએ તે બાબતોના જોઇતા ગ્રંથો એ ભાષામાં છે, ને તે જાણવા સારૂ એ ભાષાનું જ્ઞાન મેળવવું જોઇએ;ને તે પ્રાપ્ત કરવા વ્યાકરણ કે જે જરૂરનું છે તેજ આ ગ્રંથનો વિષય છે.

૩. **સંબંધ**–ગુજરાત વાસીઓનો સમાવેશ આર્યલોકોમાં થાયછે ને આર્યલોકોની અસલ ભાષા સંસ્કૃત છે, તેમજ તેઓના અસલ ગ્રંથો પણ સંસ્કૃતમાં છે, તેથી સંસ્કૃત ભાષાના ગ્રંથો કે જેમાં તેઓના પૂજ્ય પૂર્વજોએ તેઓના હિત અર્થે જુદી જુદી વિદ્યાઓ, હુન્નરો અને વ્યવહારની શિખામણો રૂપી અનેક જાતના વારસા રાખ્યા છે તે જાણવા, ને તે જાણવા સારૂ તેનું વ્યાકરણ જાણવું[5] એ ગુજરાતવાસીઓનું કર્તવ્ય છે; ને એ પ્રમાણે અધિકારી અને વિષય વચ્ચે જે કર્તૃકર્તવ્યભાવનો નિત્ય સંબંધ છે તે આ ગ્રંથમાં પણ તેઓ વચ્ચે યથાયોગ્ય માલમ પડશે.

---

૧. એમાં સંહિતા અથવા મંત્ર, બ્રાહ્મણ, આરણ્યક, કલ્પસૂત્ર ને ઊપનિષદ છે.

૨. એમા સંહિતા અથવા મંત્ર, બ્રાહ્મણ, કલ્પસૂત્ર ને ઊપનિષદ છે.

૩. शोकस्थानसहस्राणि भयस्थानशतानि च ।
दिवसे दिवसे मूढ माविशन्ति न पण्डितम् ॥ હિતોપદેશ.

૪. एको धर्मः परं श्रेयः क्षमैका शान्तिरुत्तमा ।
विद्यैका परमातृप्ति रहिंसैका सुखावहा ॥ મહાભારત ॥
तपो विद्या च विप्रस्य निःश्रेयसकरं परम् ।
तपसा किल्बिषं हन्ति विद्ययाऽमृतमश्नुते ॥ મનુસ્મૃતિ ॥

૫. यद्यपि बहुनाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनोमाभू त्सकलं शकलं सकृच्छकृत् ॥ સુ. ૨. ભા. ॥
नागो भाति मदेन कंजलरुहैः पूर्णेन्दुना शर्वरी
शीलेन प्रमदा जवेन तुरगो नित्योत्सवैर्मंदिरम् ।
वाणी व्याकरणेन हंसमिथुनै नद्यः सभा पण्डितैः
सत्पुत्रेण कुलं नृपेण वसुधा लोकत्रयं विष्णुना ॥ સુ. ૨. ભા. ॥

૪. **પ્રયોજન**–એમ અનુમાન થાય છે કે સંસ્કૃત ભાષા કે જે એકવાર સમસ્ત આર્ય લોકોના સાધારણ ભાષા હતી ને અપભ્રંશત્વને પામવા માંડી હતી તે આગળ જતાં તદન અપભ્રંશત્વને પામી નાશ ન પામે તે સારૂ તે શી રીતે ઉત્પન્ન થયલી ને ક્યા નિયમોથી બંધાયલી જોઈએ એટલે તેનું વ્યાકરણ કેવું જોઈએ તેનો મહર્ષિ પાણિનિ વિચાર કરતા હતા તે સમયે તાંડવ નૃત્ય કરતા શિવભગવાનનું ધ્યાન કરતાં શિવભગવાનને ડમરૂથી ૧૪ અવાજો કરતાં તેમણે સાંભળ્યા, ને તે ધ્યાનમાંથી નિવૃત્ત થતા તે અવાજોને વ્યાકરણના સંબંધના સૂત્રોતરીકે ઓળખી,[૧] શિવસૂત્રોને નામે ઓળખાવી, તેઓનો વિસ્તાર કરી જોઈતા સૂત્રો કરી, પાણિનીય અષ્ટાધ્યાયી નામનો ગ્રંથ કર્યો.[૨] એ ગ્રંથના સૂત્રો નાના ને ગૂઢ અર્થવાળા હોવાથી તેઓનું ઉદ્‌ઘટન કરવા મહામુનિ પતંજલિએ તેનાપર મહાભાષ્ય નામનું ભાષ્ય કર્યું ને ત્યાર પછી કાળે કાળે તેઓના વધીને નીચેના ઝાડમાં બતાવ્યા મુજબના બીજા ગ્રંથો થયા.

**મહર્ષિ પાણિનિની અષ્ટાધ્યાયી**

તથા

**મહામુનિ પતંજલિનું તેનાપર મહાભાષ્ય.**

{ મહાભાષ્યપર વિશેષ વિવરણના ગ્રંથો-
કૈયટોપાધ્યાયનો મહાભાષ્યપ્રદીપ, ને
નાગોજીભટ્ટનું મહાભાષ્યવિવરણ. }

ગ્રંથો કે જેમાં અષ્ટાધ્યાયીના સૂત્રોનો ક્રમ કાયમ છે.

૧. ધરવામનજયાદિત્યની કાશિકાવૃત્તિ
   આના ઉપર વિશેષ ટીકાનો ગ્રંથ-
   હરદત્ત પંડિતની પદમંજરી.
૨. ઓરમભટ્ટની પાણિનીયસૂત્રવૃત્તિ
૩. રામચંદ્રોપાધ્યાયની પ્રક્રિયાકૌમુદી
૪. શ્રીભટ્ટુજીદીક્ષિતનો શબ્દકૌસ્તુભ.

ગ્રંથો કે જેમાં અષ્ટાધ્યાયીના સૂત્રોનો ક્રમ પૂર્વાપર કરેલો છે.

૧. તિરૂમલની સુમનોરમા
૨. રામકૃષ્ણભટ્ટનો વૈયાકરણ સિદ્ધાંતરત્નાકર.
૩. શિવરામેન્દ્રસરસ્વતીનો સિદ્ધાંતરત્નાકર.
૪. શ્રીભટ્ટુજીદીક્ષિતની સિદ્ધાંતકૌમુદી.
   આના ઉપર વિશેષ ટીકાના ગ્રંથો—
   શ્રી ભટ્ટુજીદીક્ષિતની મનોરમા ને
   તેનાપર હરિદીક્ષિતનું શબ્દરત્ન.
   નાગોજીભટ્ટનો શબ્દેન્દુશેખર.
   જ્ઞાનેંદ્રસરસ્વતીની તત્વબોધિની
   ભાસ્કરાર્યનો સિદ્ધાંતકૌમુદીવિલાસ

---

૧. એવાજ કારણસર ને એવીજ રીતે ધ્યાન કરતા સનકાદિક મુનિઓને વેદના વિચારના સંબંધમાં શિવ ભગવાને ૧૪ અવાજ સંભળાવી ૧૪ સૂત્રો બતાવ્યા હતા તે નીચેના શ્લોકપરથી માલમ પડશે.

**नृत्तावसाने नटराजराजो ननाद ढक्कान्नवपञ्चवारम् ।**
**उद्धर्तुकामः सनकादिसिद्धा नेतद्विमर्षे शिवसूत्रजालम् ॥**

૨. આ ગ્રંથ પેહેલા ચંદ્ર, ઈન્દ્ર, બૃહસ્પતિ, વગેરેના વ્યાકરણ હતા પણ તે અતિ ગૂઢ હતા અને હજી પણ બૃહસ્પતિનું છે એમ સંભળાયછે.

એ ગ્રંથોમાં જ્યાં સુધી માત્ર અષ્ટાધ્યાયીનાં ક્રમવાર સૂત્રોપર થયલા ગ્રંથો હતા ત્યાં સુધી તેઓમાં પ્રવેશ થવો કઠિન હોવાથી સૂક્ષ્મબુદ્ધિવાળાઓજ માત્ર તે ભણતા ને આગળ ભણતાં સરળતા પડવાથી અને ખુબી સમજાવવાથી પુરૂજ ભણતા ને એ રીતે નાનો પણ પુરૂ ભણેલો વર્ગ રહેતો ને દરેક શાસ્ત્રના અર્થ પણ ખરાજ થતા પણ મોટો વર્ગ અભણ રહેતો; ને અગરજો એ સ્થૂલબુદ્ધિવાળા મોટા વર્ગ સારૂ પણ ઊપર આપેલા ઝાડ ઉપરથી માલમ પડશે કે અષ્ટાધ્યાયીના સૂત્રો પૂર્વાપર કરી કેટલાક ગ્રંથો પાછળથી થયા હતા તોપણ તેઓનો લાભ જોઇએ તેટલા લઇ શક્તા નહીં. આમ હોવાથી મહામહોપાધ્યાય શ્રી ભટ્ટુજી દીક્ષિત કે જે આસરે ૪૦૦ વરસ પર થઇ ગયા તેમણે સૂક્ષ્મબુદ્ધિવાળાઓ સારૂ અષ્ટાધ્યાયીના સૂત્રોનો ક્રમ કાયમ રાખી શબ્દકૌસ્તુભ નામનો ગ્રંથ કર્યો ને સ્થૂલ બુદ્ધિવાળાઓ સારૂ ભાષાના અંગો જેવાકે વિશેષણ, નામ, સર્વનામ, ક્રિયાપદ વગેરેમાં ઠેકાણે ઠેકાણે જોઇતા સૂત્રો મુકી સિદ્ધાંત કૌમુદી નામનો ગ્રંથ કર્યો, એવોકે વ્યાકરણનો અમુક ભાગ પણ ભણવો હોય તો ભણી શકાય ને વ્યાકરણ પુરૂં ભણવું હોય તો એ એકના એક સૂત્રો ઘણી જગ્યાએ આવવાથી ગુંચવણી થાય ખરી પણ ધીરજ રાખી છોડી ન દે તો અષ્ટાધ્યાયી તથા મહાભાષ્ય જેટલું પણ ભણાય પણ તેનું ફળ જુદુંજ નીવડ્યું. એ સિદ્ધાંત કૌમુદીનો ગ્રંથ પૂર્વાપર સૂત્રો કરી બનેલા ગ્રંથોમાં વધારે સારો ને અગરજો આગળ આગળ ભણતાં કઠિન પણ પ્રવેશમાં સહેલો હોવાથી અષ્ટાધ્યાયીના સૂત્રોનો ક્રમ જેમાં પૂર્વાપર કરેલો હતો તે ગ્રંથો તો કોરાણે પડે પણ જેમાં કાયમ હતો એવા ને નહીં ભુલાવવા જેવા અષ્ટાધ્યાયી, મહાભાષ્ય વગેરે ગ્રંથો પણ કોરાણે પડયા જેવા થઇ ગયા, ને સ્થૂલ બુદ્ધિવાળાઓ તેમજ સૂક્ષ્મબુદ્ધિવાળાઓ પણ એજ ભણવા લાગ્યા, ને તેમાં જેને જ્યાંથી કઠિનતા લાગવા માંડી તે ત્યાંથી છોડી દેવા લાગ્યો; ભાગ્યેજ કોઇ પુરો ગ્રંથ ભણતું. આમ થવાથી ભાષાનું સંપૂર્ણ જ્ઞાન તથા ખુબી તો નહીં જેવાનાજ જાણવામાં રહી ને મોટો વર્ગ અપૂર્ણ જ્ઞાન છતાં પોતાને વિદ્વાનમાં ગણાવી,[1] જુદા જુદા શાસ્ત્રોના અર્થો પણ ઇચ્છાનુસાર ઠોકી બેસાડી નહીં ભણેલા વર્ગને મરજી મુજબ સમજાવવા લાગ્યો; દિન પર દિન વિદ્યા ઘટતી ગઇ; ને આખરે એ ભાષા, તેનું વ્યાકરણ તથા એ ભાષાના ગ્રંથો ઘણા ગુહ્ય અને કઠિન છે એવો મજબુત શકિતગ્રહ લગભગ સર્વેને થઇ ગયો; ને એ તથા બીજા અનેક કારણો-ને લીધે એવું પરિણામ આવ્યું કે એ વિદ્યાજ અંધકારમાં પડયા જેવી થઇ ગઇ, પણ સારે નસીબે એટલું રહ્યું કે એ ભાષા તથા એ ભાષાનાં ગ્રંથો ઉત્કૃષ્ટ અને અતિ ઉપયોગી છે એ વાત સૌના હૃદયમાં ચોંટી રહી અને નહીં જેવા પણ જેઓ એ પુરૂ ભણતા ને પુરૂ ભણેલા હોવાથી છલકાતા નહીં[2] તેઓ તેઓના આચાર વિચાર પરથીજ પૂજ્ય ગણાતા, ને ગણાય તેમાં નવઈ પણ શું ? સંસ્કૃત ભાષાજ એવી છે કે જેને લખવામાં માથા બાંધવાનું તથા ખોડા આખા અને હ્રસ્વ દીર્ઘની સાવચેતી રાખવાનું હોવાથી, ને બોલવામાં ઘણા જોડાક્ષર હોવાથી, ધૈર્યતાનો ગુણતો મૂળથીજ આપે છે, ને એના સહેલામાં સહેલા ને બાળકોને પેહેલા શિખવવાના ગ્રંથોમાં પણ ઠેકાણે ઠેકાણે નીતિ આદિ શાસ્ત્રોના બોધવચનનાં વાકયો હોવાથી નીતિ વગેરે શિખવે છે; ને એરીતે પહેલેથીજ ધૈર્ય રાખવા રૂપી ક્રિયા અને નીતિ આદિ ના વિચાર રૂપી જ્ઞાનને ઉત્પન્ન કરેછે ને જુદા જુદા શાસ્ત્રોનું જ્ઞાન થવામાં

---

૧. यत्र विद्वज्जनो नास्ति श्लाध्यस्तत्राल्पधीरपि ।
निरस्तपादपे देशे एरण्डोऽपि द्रुमायते ॥ હિતોપદેશ ॥

૨. संपूर्णकुंभो न करोति शब्दं अर्धो घटो घोषमुपैति नूनम् ।
विद्वान्कुलीनो न करोति गर्वं गुणैर्विहीना बहु जल्पयन्ति ॥ સુ. ર. ભા. ॥

દ્વારરૂપ થઈ પડે છે; એવા જ્ઞાન અને ક્રિયાનો સંયોગ[1] જેઓમાં મૂળથીજ થયો હોય તેઓ આગળ જતાં કેવા ધીર પુરૂષો[2] નિવડે તેનો વિચાર સહેજે થઇ શકશે. ધૈર્ય એ કંઈ જેવો તેવો ગુણ નથી તે તેનો એક અર્થજ જાણવાથી માલમ પડશે. ધૈર્ય એ ચંચળતાના અભાવનું નામ છે ને ચંચળતા એ મનનો ધર્મ છે,[3] એટલે, ચંચળતા એ ધર્મ છે ને મન તે ધર્મી છે. ધર્મને અભાવે ધર્મીનો તિરોભાવ થાય છે ને તિરોભાવ થતા થતા અભાવ થાયછે તેથી ચંચળતાને અભાવે એટલે ધૈર્યથી મનનો અભાવ એટલે નાશ થાય છે; ને મનના નાશે મોક્ષ થાય છે એ સ્વતઃસિદ્ધ આર્ય શાસ્ત્રનો પ્રસિદ્ધ સિદ્ધાંત છે.[4] ત્યારે એવાં ગુણવાળી ભાષા તથા તેના ગ્રંથો બીજી બાબતોની સાથે ચઢતીને પામતી યુરોપીઅન પ્રજાનું ધ્યાન ખેંચ્યા વગર કેમ રહે? તેઓએ તે ખેંચ્યુંજ; અને તેઓને જાણવાના તે પ્રજાના પ્રયાસમાં તેઓને સજીવન થવાનો વખત ઈશ્વિર કૃપાથી આવવા માંડયો; ને જ્યારથી અંગ્રેજ સરકારના હાથમાં હિંદુસ્થાન આવ્યું ત્યારથી ભણનાર તથા ભણેલાને મળવા માંડેલા રાજ્યના ટેકાથી બેઉમાં ભાષા શિખવા તથા શિખવવાના ઉત્સાહના અંકુર ફુટવા માંડયા; ને જેમ છેલ્લું મુંકેલું પેહેલું હાથ આવે તેમ પાણિનિ અને પતંજલિ આદિઓના નહીં પણ સિદ્ધાંત કૌમુદીનો અભ્યાસ પાછો શરૂ થવા માંડયો, ને જેઓ અંગ્રેજી ભણવા લાગ્યા તેઓ એનો પણ અભ્યાસ કરવા લાગ્યા ને ઘણાખરા એ પદ્ધતિએજ અંગ્રેજી ભાષામાં સંસ્કૃત વ્યાકરણના ગ્રંથો બન્યા ને તે હાલ ઘણા ભણે છે. આ ઠીક થયું છે તે ના કેહેવાતી નથી, પણ તેમાં દલગીરી ભરેલું એટલુંજ છે કે તે બનાવનારાઓએ એ ભાષામાં પ્રવેશ કૌમુદીથી થાયછે તે કરતાં પણ વધારે વહેલો થાય એજ કેવળ મુદ્દો ધ્યાનમાં રાખ્યો છે, ને તે એટલે દરજ્જે કે તે કારણસર સિદ્ધાંતકૌમુદીની પદ્ધતિનો પણ મૂળ પાયોજ—જે ધાતુના સંબંધમાં અનુબંધનો, ને ગણોની નિશાનીઓમાં વિકારક અવિકારકનો[5] તે—જતો કર્યો છે; સામાન્યભૂતની સાત જાત કરીછે; ને એવા એવા અનેક ફેરફાર કરી ઠેકાણે ઠેકાણે નિયમો ઉમેરી દીધા છે, તેથી એ ભાષામાં પ્રવેશ તો ઘણો જલદીથી થાયછે પણ નહીં જેવું ભણ્યા પછી અભ્યાસ આગળ ખેંચવો કૌમુદીમાં પડેછે તે કરતાં પણ વધારે કઠણ થઈ પડે છે ને તે જોઈ મોટો ભાગતો હાલમાં એ ભાષા ભણવાનું મન છતાં તે માંડી વાળેછે; ને જે થોડા

---

૧. क्रियायुक्तस्य सिद्धिःस्यादक्रियस्य कथं भवेत् ।
नशास्त्रपाठमात्रेण योगसिद्धिः प्रजायते ॥ હઠયોગ ॥

૨. निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु लक्ष्मीःसमाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥ નીતિશતક ॥
कान्ताकटाक्षविशिखा नदहन्ति यस्य चित्तं न निर्दहति कोपकृशानुतापः ॥
कर्षन्ति भूरिविषयाश्च न लोभपाशै लोंकत्रयं जयति कृत्स्नमिदं स धीरः ॥ નીતિશતક ॥
दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ભગવદ્ગીતા ॥

૩. चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ભગવદ્ગીતા ॥

૪. कस्यास्ति नाशो मनसो हि मोक्षः क्वसर्वथा नास्ति भयं विमुक्तौ ।
शल्यं परं किं निजमूर्खतैव केके ह्युपास्या गुरवश्च वृद्धाः ॥ મણિરત્નમાલા ॥

૫. આને લીધે चिनोमि જેવા રૂપો સાંધવાનું યથાયુકત બની શકતું નથી.

ભાગ માંડી વાળતો નથી તેમાં ઘણા નહીં જેવું ભણી મુકી દેછે; ને કેટલાક થોડું ઘણું વધારે ભણેછે ને થોડો વખત યાદ રહે એવું ઉપલક જ્ઞાન મેળવે છે; ને કોઇક જે પુરૂં ભણેછે[૧] તેને પણ સિદ્ધાંત કૌમુદીની મદદ વગર પુરૂં જ્ઞાન થતું નથી, ને થતાં ઘણીજ મહેનત પડેછે. આ રીતે એ ભાષા જોઇએ તેવી સજીવન થઈ શકતી નથી એ સર્વેને જાણીતું છે; તેથી એ ભાષા તથા તેના ગ્રંથો તેઓના અધિકારીઓ સેહેલથી ભણીશકે અને એ વિદ્યા સજીવન થાય એવા વ્યાકરણની જરૂર છે ને તેજ આ ગ્રંથનું પ્રયોજન છે.

૫. વિશેષ વિજ્ઞપ્તિ–

અ. **પ્રયોજન નૈમિત્તિક ગ્રંથની રચના–અક્ષર[૨] અને સંધિ** વિષે બધા ગ્રંથોમાં પેહેલું લખાય છે ને આમાં પણ **પહેલા ને બીજા પ્રકરણમાં** અનુક્રમે છે, પણ તે વિષયોનો ટુંકાણમાં કરેલો સંપૂર્ણ સમાવેશ તથા તેમાં રાખેલો અનુક્રમ કુદરતી અને તેથી સહેલથી યાદ રહે તેવો માલમ પડશે. હમોએ સંધિ પ્રકરણમાં તે બાબતની તમામ કલમો તથા તેના અપવાદો પૂર્વાપરથી એકઠા કરી સાથે લઇ લીધા છે કે આગળ ભણતા કોઈ પણ વિષયમાં એ બાબતનું વધુ જાણવાનું રહે નહીં ને કામ પડે આમ તેમ શોધવું પડે નહી. વળી પંચસંધિ એટલે સંધિની પાંચ જાત છે એમ જે કહેવાય છે તેમાં ચાર જાત સંધિની ને પાંચમી જાત સંજ્ઞાની એમ સાધારણ રીતે કહેવાય છે તે ઠીક ન લાગવાથી હમોએ જે યુક્તિ પુરઃસર સંધિની પાંચ જાત બનાવી છે ને જોઈતી સમજ આપી **પાંચ ભાગોમાં** કહી છે તે હમે ધારીયે છીએ કે યથાયોગ્ય માલમ પડશે. વળી સંધિમાં શબ્દોને અંતે તથા શબ્દોના મધ્યમાં જે ફેરફાર થાય છે તે બાબતમાં શબ્દ કોને કહેવો તે હાલના બનેલા ગ્રથોમાં સમજાવેલું જોવામાં આવતું નથી ને તેથી અનેક જગ્યાએ તે ગ્રંથો ભણનારાઓને મુશ્કેલી પડે છે, તે મુશ્કેલી આ ગ્રંથના ભણનારાઓને ન પડે તે સારૂ "પદ" કે જેનો અર્થ તેઓએ "શબ્દ" કર્યો છે તે "પદ" કોને કહેવું તે સંધિ સંબંધી આપેલી સમજણમાં પેહેલાથીજ સમજાવી દીધું છે.

અક્ષર અને સંધિ થયા પછીની હમારી ગોઠવણ જુદીજ માલમ પડશે. હાલમાં શિખાતા ગ્રંથોમાં કયાં તો પેહેલાં પ્રાતિપદિકના રૂપ બનાવવાનું હોય છે કે કયાં તો ધાતુનું વર્તમાનકાળ બનાવવાનું ને તે પછી બીજા કાળો વિગેરે બનાવવાનું હોય છે. હવે ધાતુની બાબત પહેલાં હોય તે તો ઠીક પણ પ્રાતિપદિકની બાબત પહેલાં હોય એ તો કુદરતિ નિયમ વિરૂદ્ધ છે કેમકે મૂળ પ્રાતિપદિક ધાતુપરથી બને છે, મૂળ ધાતુ પ્રાતિપદિક પરથી બનતો નથી, અને એમ શિખવવાથી મૂળ ધાતુ કેવા ને કેટલા છે, માત્ર ૨૧૨૨ ધાતુઓપરથી લાખો શબ્દોની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે ને તે મુઠ્ઠીભર નિયમોથી કેવી રીતે બંધાય છે વગેરે જે ભાષા તથા વ્યાકરણની ખુબી તે તો માત્ર સંપૂર્ણ ભણનારનાજ, ને તે પણ ભણી વિચાર કરેતોજ, ધ્યાનમાં આવે; ને બીજાઓને તો ખુબી ન સમજે એટલે રસ પડે નહિં ને કંટાળે, ને તેમાં આગળ ભણતા કઠિનતા પડે એટલે "રડતીને પીએરીઆં મળે" તેમ થાય, એટલે અભ્યાસ છોડી દે; ત્યારે, પહેલાં તો એ પદ્ધતિજ

---

૧. प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥ નીતિશતક ॥

૨. એ પ્રકરણમાં બતાવેલા ૭ સ્થાનોમાંથી ને એજ ક્રમે સંગીત શાસ્રના ૭ સૂરોની ઉત્પત્તિ થઇલી છે.

ભણનારાઓને ઉત્સાહ વધારવાને બદલે તોડવાનું એક કારણ થાય છે એમ કહેવામાં કંઇ હરકત નથી. હવે જેઓ ધાતુ પેહેલા શિખવવાનું કરે છે તે અગરજો નિયમસર ચાલે છે તોપણ ધાતુ કેટલા છે, કેટલી જાતના છે, તે જાતો શી રીતે બને છે, તેઓના ક્રિયાપદ વગેરે કરવામાં કેટલી વિધિઓ કરવાની છે, તે વિધિઓનો ક્રમ શું છે વગેરે બાબતોની સમજ તો પહેલેથી કંઇજ અપાતી નથી, કે જે આપ્યાથી ભણનાર, તે જે શિખવા તત્પર થયો છે તે કેવું છે, તેની બાંધણી કેવી છે, તેમાં કેટલી કેટલી બાબતો પર ધ્યાન આપવાનું છે, વગેરે જ્ઞાન સંપાદન કરી જોઇતા ઉત્સાહ અને સમજથી તે કાર્યનો આરંભ કરે, વચમાં કંટાળે નહીં, હાથમાં લીધેલું પુરૂ કરે ને અભણ કરતાં અડધું ભણેલો જેમ પોતાને તથા બીજાને વધારે નુકસાન કરે છે તેમ કરે નહીં.[1] આ કારણથી હમે આ ગ્રંથમાં **ત્રિજા પ્રકરણમાં** પહેલા ધાતુ કેટલા છે, કેટલી જાતના છે વગેરે સમજાવી એ પ્રકરણના **અગીઆર ભાગ કરી, પેહેલા ભાગમાં** ધાતુને લાગતા **પ્રત્યયો, બીજા ભાગમાં પ્રત્યયોની** સમજ, **ત્રિજા ભાગમાં** પ્રત્યયો **નૈમિત્તિક ફેરફાર, ચોથા ભાગમાં** પ્રત્યયાન્ત ધાતુઓ કરવાના વધુ **નિયમો** ને **પાંચમાં ભાગમાં** ભાવકર્મવાચક ધાતુઓ કરવાના વધુ નિયમો બતાવી, **છઠ્ઠા તથા સાતમાં ભાગમાં** સર્વે ધાતુઓના જુદા જુદા કાળના રૂપો[2] વિષે લખ્યું છે, **આઠમાં તથા નવમાં ભાગમાં** રૂપાવલિ આપી છે ને કૃદંતના, **કૃદંતઅવ્યય** અને **કૃદંત પ્રાતિપદિક,** એવા બે ભાગ કરી, **દશમા તથા અગીયારમા ભાગમાં** લખ્યા છે. કૃદંત અવ્યય અને કૃદંત પ્રાતિપદિક એવા કૃદંતના બે ભાગ પાડયા છે તે એમ કે કૃદંતઅવ્યયમાં ધાતુનું ધાતુ પણું મટી જાય છે ને કૃદંત પ્રાતિપદિકમાં તેનો અવતાર બદલાઈ પ્રાતિપદિક થાય છે તે સ્પષ્ટ સમજાય. એ રીતે ત્રિજા પ્રકરણમાં ધાતુથી આરંભી તેનાથી અવ્યય તથા પ્રાતિપદિક થાય ત્યાં સુધી અનુક્રમે બતાવ્યું છે. **ચોથા પ્રકરણમાં** આગળ લખેલા પ્રાતિપદિકોનો સંબંધ લઈ પ્રાતિપદિકોની ઊત્પત્તિ વગેરે સંબંધી સમજણ આપી છે ને પછી એ પ્રકરણના **છ ભાગ** કરી, **પહેલા ભાગમાં વિશેષણ, બીજા ભાગમાં નામ, ત્રિજા ભાગમાં સર્વનામ, ચોથા ભાગમાં** એ બધાના **સ્ત્રીલિંગ,** અને **પાંચમા તથા છઠ્ઠા ભાગમાં પ્રાતિપદિકોના રૂપો** વિષે નિયમો તથા જોઈતી પ્રાતિપદિક રૂપાવલી[3] આપી છે, તેમાં સ્ત્રીલિંગની બાબત તથા પ્રાતિપદિકોના રૂપોની બાબતપર ખાસ ધ્યાન ખેંચવા જેવું એ છે કે હમોએ તમામ **સ્ત્રીલિંગની** તથા **પ્રાતિપદિકોના રૂપોની બાબતોની કલમોમાં જે સામાસિક શબ્દોને લાગે છે ને જે**

---

૧. આ વિચાર નીચેના શ્લોકમાં યોગના સંબંધમાં શ્રીકૃષ્ણ ભગવાનના બતાવેલા વિચાર પરથી યોગ્ય માલમ પડશે.

**युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।**
**युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा** ભગવદ્ગીતા ॥

૨. આજ્ઞાર્થમાં બીજા તથા ત્રિજા પુરૂષના એક વચનમાં **तात्** પ્રત્યયથી થતા રૂપો ઊમેરવાની પદ્ધતિ પડી છે પણ એ પ્રત્યયથી થતા રૂપો અમુક અર્થમાંજ ઊમેરાય છે તેથી તે હમોએ તેમ ન લખતા તે બાબત વાકયરચનાના પ્રકરણમાં યોગ્ય જગ્યાએ બતાવી છે.

૩. આને ચાલુ પદ્ધતિ પ્રમાણે " શબ્દ રૂપાવલિ " કહેવી જોઇએ પણ " શબ્દ " શબ્દમાં ધાતુ આદિનો પણ સમાવેશ થાય છે ને તેથી અતિવ્યાપ્તિ દોષ આવે છે તેથી હમોએ " શબ્દ રૂપાવલિ " શબ્દો ન વાપરતા " પ્રાતિપદિક રૂપાવલિ " એ શબ્દો વાપર્યા છે.

બીજા ગ્રંથોમાં સાથે સાથે લખાય છે, તેને સાથે સાથે ન લખતાં જુદી કહાડી, છઠ્ઠા[1] પ્રકરણમાં સમાસની સાધારણ બાબતો બતાવી, એ પ્રકરણના સાત ભાગ કરી, **પાંચ ભાગમાં પાંચ જાતના સમાસ વિષે લખી, છઠ્ઠા તથા સાતમા ભાગમાં** લખી છે તે કુદરતી નિયમ પ્રમાણે અને અનેક ગુંચવાડા દૂર કરનારૂં થયલું દેખાશે; કેમકે સમાસ શિખ્યા વગર સામાસિક શબ્દોના સ્ત્રીલિંગ તથા તેઓના રૂપો બાબતની કલમો શી રીતે શિખાય ને તે શિખવાને પ્રયત્ન કરનાર ગુંચવાય ને કંટાળે તેમાં નવાઈ શું ? વળી સમાસમાં શું શું કાર્ય ને તે કેવી રીતે થાય છે તે ધ્યાન બહાર ન જાય ને એક જાતનો સમાસ બીજી જાતના સમાસ સાથે ન ગુંચવાય તે સારૂ સમાસની દરેક જાતની વ્યાખ્યા કરી છે. વળી સમાસમાં કેટલીક જગ્યાએ સ્ત્રીલિંગનો શબ્દ પાછો પુલ્લિંગનો થાય છે તે બાબત ઘણી કઠિન છે ને હાલના બનેલા ગ્રંથોમાં તે વિષય સંપૂર્ણ લેવાયલો દેખાતો નથી તે આ ગ્રંથમાં સંપૂર્ણ લીધેલો માલમ પડશે, તેમજ તત્પુરૂષસમાસના સાધારણ નિયમો જુદા કહાડવાની પદ્ધતિ પણ ગુંચવાડા ભરેલી અને કામ પડે ભુલી જવાય તેવી હોવાથી હમે તેઓને ભેદોપરત્વે જુદી પાડી ભેદો પરત્વે લખી છે. **સાતમું પ્રકરણ વાક્ય રચનાનું ને આઠમું પ્રકરણ પરિશિષ્ટોનું કર્યું છે; ને પરિશિષ્ટોના પ્રકરણમાં** આગલા પ્રકરણોમાં બતાવેલા **શબ્દ સમુહો, ધાતુઓના અનુબંધો, ધાતુકોષ, ઉપસર્ગો અને ઉપસર્ગોથી ધાતુઓના પદમાં થતા ફેરફાર, એ પાંચ બાબતો પાંચ પરિશિષ્ટોમાં આપેલી છે.**

ઉપર પ્રમાણે આ ગ્રંથની રચના કરી છે ને તેમાં વળી દ્વિત્વના નિયમો કે જે ગુંચવાડાભરેલા છે તે પ્રત્યેક વિષયમાં જુદા જુદા લખ્યા છે કે જેથી દરેક વિષયના સંબંધમાં શું શું ફેરફાર છે તે તરતજ સમજ પડે. સામાન્ય ભૂતની સાત જાતો કરવામાં આવે છે તે પણ ગુંચવાડા ભરેલી હોવાથી કહાડી નાંખી એકજ જાત રાખી તેમાં જોઇતા અપવાદો લખી એ વિષય સંપૂર્ણ રીતે લખ્યો છે. "ય" પ્રત્યયથી થતા ભવિષ્યકૃદંતો કે જેઓને વિષે હાલમાં ભણાતા ઘણા ગ્રંથોમાં કંઇ પણ માલમ પડતું નથી ને કોઇમાં માલમ પડે છે તો ગુંચવાડા ભરેલું હોય છે તે સરળ કરી ઉમેરવા બનતું કીધું છે. ધાતુઓના ખરા ઉપયોગી અનુબંધો પણ બતાવ્યા છે ને તેઓ સંબંધી કલમો પણ વિષય પરત્વે લખી છે કે ભણનારથી યથારૂચિ ભણાય. ટુંકાણમાં લખવાનુ જે વિચાર કરીએ તો શબ્દશાસ્ત્ર અપાર છે ને સઘળુ ભણવાનુ બનવું પણ કઠીન છે તેથી તમામ જરૂરીઆત બાબતો સેહેલાઈથી ભણી યાદ રાખી શકાય, આવનારી બાબતો ચાલુ પ્રકરણમાં આવી ગુંચાવડો કરી કંટાળો ન આપે અને જોઇતી બાબતો રહી ન જાય, તેમજ જોઈએ તે કરતાં વધારે કલમો ન થાય એવી રીતે બધી બાબતો ગોઠવી આ ગ્રંથ બનાવવામાં હમોએ બનતું સઘળું કીધું છે[2] ને આશા છે કે સુજ્ઞવર્ગને તે તેમજ માલમ પડશે, ને તેમ થશે તો આ હમારો પરિશ્રમ સફળ થયલો ગણાશે[3].

---

૧. આ જગ્યાએ પાંચમુ પ્રકરણ મુકી દીધેલું દેખાય પણ તે તેમ નથી. પાંચમા પ્રકરણમાં અવ્યયની બાબત આપેલી છે.

૨. **अनन्तपारं किल शब्दशास्त्रं स्वल्पं तथायुर्बहवश्च विघ्नाः ।
सारंततो ग्राह्यमपास्य फल्गु हंसो यथाक्षीरमिवाम्बुमध्यात् ॥** સુ. ૨. ભા. ॥

૩. **आपरितोषाद्विदुषां न साधु मन्ये प्रयोगविज्ञानम् ।
बलवदपि शिक्षितानामात्मन्यप्रत्ययं चेतः ॥** શકુંતલા ॥

આ ગ્રંથના વિષયના ૨૬૪ પાના દેખી કંટાળવા જેવું નથી, કેમકે ૨૬૪ પાનામાં ધાતુ રૂપાવલિના પાના ૪૦, પ્રાતિપદિક રૂપાવલિના પાના ૨૫, ને ધાતુ કોષના પાના ૫૬, મળી પાના ૧૨૧ છે. ધાતુ રૂપાવલિમાં આવતા શબ્દોની બાબતોના નિયમો આગળ આવેલા હોવાથી તે શિખવામાં લાંબી મહેનત પડે તેમ નથી. એ કેવળ સમજવાને વાસ્તે દાખલા રૂપી આપેલી છે. પ્રાતિપદિક રૂપાવલિમાં ૫-૨૫ રૂપ આવડેથી બીજા થોડી મહેનતે આવડી જાય છે ને ધાતુકોષમાં બધા ધાતુ રોજના કામના નથી, માત્ર ગ્રંથની પરિપૂર્ણતા ખાતર આપેલા છે તેથી એ પાનાઓ ટુંક વખતમાં ભણાય છે ને માત્ર પાના ૧૪૩ પુરા ભણવા પડેછે, તે રોજનું એક પાનું ભણાય તોએ આસરે ૫ મહીના લે, ૩ મહિના ધાતુ રૂપાવલિ વગેરેના પાના ૧૨૧ માં લાગે ને ૪ મહિના આખો ગ્રંથ પૂર્વાપર મનન કરવામાં જાય તોએ બાર મહીનામાં આ ગ્રંથ સારી રીતે આવડવામાં વાંધો ન આવે; ને એ રીતે જો કોઈ બાર માસ રોજ બે કલાક મહેનત કરશે તો તે સંસ્કૃત ભાષાના વેદ શિવાયના અનેક ગ્રંથો સેહેલથી સમજવારૂપી મોટું ફળ મેળવશે; ને આ ગ્રંથ એકને બદલે બે વરસમાં પુરો કરવો ધારી સાથે સાથે અમરકોષના મુખ્ય શ્લોકો ને એકાદ સ્મૃતિનો પણ અભ્યાસ કરશે તો તે ફળ યથાયુકત ભાષાની રસિકતાનો અનુભવ કરતાં કરતાં અને આર્યોના આચારવિચારો કે જે ઈશ્વરથી વિમુખ કરાવનારા નહીં પણ ઘડી ઘડી ઈશ્વરને સંભારાવનારા ને ઈશ્વરની સંમુખ કરાવનારા છે તે તથા નીતિ આદિ ગુણો સંપાદન કરતાં કરતાં આનંદ સાથે મેળવશે ને સઘળી રીતે સુખી થશે[1].

ઉપર લખ્યું છે કે વેદ શિવાયના ગ્રંથમાં પ્રવેશ થશે તેનું કારણ એ કે વેદની ભાષાના વ્યાકરણમાં કેટલાક ખાસ વધુ નિયમો છે તે આ ગ્રંથમાં લીધા નથી, એવા હેતુથી કે તે બીજાઓ સાથે સેળભેળ થઈ ગુંચવાડો ન થાય. આ ભણ્યા પછી તે નિયમો જુદા જ ભણી લેવા ઠીક પડશે ને આ ગ્રંથ જો વાંચક વર્ગને ઉપયોગી થયલો માલમ પડશે તો તે વિષે પણ આ ગ્રંથમાં જુદું પાછળથી ઉમેરવા બનતું થશે.

આ. **અધિકારીઓનું કર્તવ્ય, વિષયનું ઉપયોગીપણું અને તેઓનો સંબંધ**-ગુજરાતવાસીઓના મૂળ ગ્રંથો જે સંસ્કૃતમાં છે ને જેમાં તેઓના પૂજ્યોએ તેઓને માટે ઉપર બતાવ્યા મુજબના અનેક તરેહના વારસાઓ રાખ્યા છે તેમાંથી જે મળી આવે છે તેનો ઉપયોગ કાયમ રાખવાને બદલે, ને જે નથી મળી આવતા તેનો જેમ બીજાઓ શોધ કરી ઉપયોગ કરી બતાવે છે તેમ કરવાને બદલે, તે સઘળાનો તમામ અનાદર કરવાથી કેવી પડતી દશામાં આવ્યાછે તે પ્રત્યક્ષ છે; ને આવે તેમાં નવઇ જેવું પણ નથી, માટે જો ઉપર બતાવેલા અધિકારીઓ પોતાનું કર્તવ્ય સારી રીતે સમજી સંસ્કૃત ભાષાના ગ્રંથોમાં પ્રવેશ કરવા વિચાર કરશે તો આ ગ્રંથદ્વારા તેઓમાં સેહેલઈથી પ્રવેશ કરી શકશે અને તેમાં રહેલી અનેક વિદ્યાઓ તથા હુન્નરોનું જ્ઞાન મેળવી ઉન્નતિને પ્રાપ્ત થઈ શકશે. કદાચ

---

૧. आचाराल्लभते ह्यायु राचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्य माचारो हन्त्यलक्षणम् ॥ મનુસ્મૃતિ ॥
सर्वलक्षणहीनोऽपि यःसदाचारवान्नरः ।
श्रद्दधानोऽनसूयश्च शतं वर्षाणि जीवति ॥ મનુસ્મૃતિ ॥

આમાં કોઈ શંકા કરે કે ઘણા ખરા સંસ્કૃત ભાષાના ગ્રંથોના તરજુમાઓ થયા છે ને થાય છે તેથી તે વાંચવા બસ છે ને સંસ્કૃત ભાષાજ ભણવાની જરૂર નથી તો તે બાબતમાં એટલુંજ લખવું બસ છે કે તરજુમાઓમાં દરેક ભાષાની ખુબી જુદી હોવાથી મૂળ ગ્રંથમાં વર્ણવેલી બાબતોનું રહસ્ય તથા લખનારનો ભાવ જોઈએ તેવો આવી શકતો નથી એટલુંજ નહીં, પણ તરજુમો કરનારનો ભાવ પણ અંદર ઉતરે છે ને તેમ થવાથી તે બાબતોનો ખરો ભાવ અને ખુબી ન સમજાતા જુદોજ ભાવ સમજઇ અનેક અનર્થો થાય છે. વળી એક ગ્રંથના અનેક તરજુમાઓ બહાર પડે છે, અર્થ અને ભાવની સમતા રહેતી નથી, ને એ ગ્રંથો પાછળ પૈસાનો મોટો ખરચ થાય છે એટલુંજ નહીં, પણ વાંચનાર અને લખનારની માનસિક અને શારીરિક શક્તિ, કે જે બીજા સારા ઉપયોગમાં આવી શકે તે તેમ ન થતાં, પિષ્ટપેષણ કરવામાં નિરર્થક વપરાય છે; ત્યારે તે પૈસા તથા શક્તિનો બચાવ થઇ, જોઈતે રસ્તે વપરાય અને ખરો અર્થ સમજાય તેટલા સારૂ મૂળ ભાષા તથા તેના ગ્રંથો ભણવાની યુવાનો કે વૃદ્ધોને જરૂર છે; ને બાળકોને તો ઘણીજ જરૂર છે કેમકે તેમ થાય તો વિશેષ ફાયદો એ છે કે તેઓ આગળ જતાં અનેક સંબંધોમાં આવતા પણ પોતાનું કાયમ રાખી શકશે ને પોતાનામાં ખુટતુ હશે તેજ ને તે વધારે ફાયદાભરેલુ હશે તોજ બહારથી જાણી ઉમેરશે.[1] ને એ રીતે થતાં આર્યોના આચાર વિચારો, આર્યોના ધર્મો, આર્યોની વિદ્યાઓ, અને આર્યોના હુન્નરો સજીવન થવા ખરેખરો વખત આવશે, ખુટતું હશે તે વધશે, ને આર્ય દેશની થયલી અધોગતિ મટી, ઉન્નતિ કે જે કરવા અનેક પ્રયત્નો હાલ કરાય છે તે આપો આપ પ્રાપ્ત થશે; ને બાળકોને તેમ ઉછેરવામાં તેઓને અપાતી કેળવણીના ક્રમમાંજ ફેરફાર થવાની જરૂર છે એટલુજ નહીં, પણ કેળવણીની રીતિમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. ઘરની ચાલુ ભાષા ભણાવ્યા પછી પોતાની આર્ય તરીકેની જે સંસ્કૃત ભાષા તેનો ને તે ભણાવ્યા પછી રાજ્યભાષા જે અંગ્રેજી તેનો અભ્યાસ કરાવવો જોઇએ છે.[2] તેથી જો સંસ્કૃત ભાષાનો અભ્યાસ ગુજરાતી ચોથી ચોપડી સાથેજ શરૂ કરાવાય ને ચોથીથી સાતમી

---

૧. **आर्यकर्माणि रज्यन्ते भूतिकर्माणि कुर्वते ।**
**हितं च नाभ्यसूयंति पंडिता भरतर्षभ ॥** મહાભારત ॥
**विषादप्यमृतं ग्राह्य ममेध्यादपि कांचनं ।**
**नीचादप्युत्तमां विद्यां स्त्रीरत्नं दुष्कुलादपि ॥** વૃદ્ધ ચાણાખ્ય ॥
એજ પ્રમાણે બુદ્ધિમાનો આગળ કરતા હતા તે જ્યોતિષના તાજકનીલકંઠીના ગ્રંથમાં કહેલા ઈત્થસાલાદિ ષોડશ યોગો પરથી જોઇએ તેવું માલમ પડે છે.

૨. **आत्मवर्गं परित्यज्य परवर्गं समाश्रयेत् ।**
**स्वयमेव लयं याति यथा राजान्यधर्मतः ॥** વૃદ્ધ ચાણાખ્ય ॥
**सहजं कर्म कौंतेय सदोषमपि न त्यजेत् ।**
**सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥** ભગવદ્ગીતા ॥
**अगाधहृदया भूपाः कूपा इव दुरासदाः ।**
**घटका गुणिनो नो चे त्कथं लभ्येत जीवनम् ॥** સુ. ર. ભા. ॥
**राजानमेव संश्रित्य विद्वान्याति परांगतिम् ।**
**विना मलयमन्यत्र चंदनं न प्ररोहति ॥** સુ. ર. ભા. ॥

સુધીમાં પુરૂ કરાવી અંગ્રેજી ભણાવવાનું શરૂ કરાવાય તો કૃતકાર્ય થવાય તેમ છે. એ રીતે અંગ્રેજી ભણવાનું ભણનારને કઇક મોડું થશે ખરૂં પણ તેમ પાછળથી અંગ્રેજી સાથે એ અથવા બીજી કોઈ ભાષા ભણવી પડે છે તે નહીં ભણવી પડે એટલે આખરે ભણવામાં જતા કાળનો હિસાબ સરખોજ આવશે, ને ગુજરાતી ચોથીથી સાતમી ચોપડીઓ સાથે સંસ્કૃત ભાષા તથા આર્યોમાં થઈ ગયલા મહાપુરૂષોના વૃત્તાન્તો ભણાવવામાં તથા આર્યોની જુદી જુદી વિદ્યાઓ તથા હુન્નરોનું પ્રાવેશિકજ્ઞાન આપવામાં જોઈતો કાળ, તે ચોપડીઓની રચના બદલેથી તથા ઇતિહાસ ભૂગોળ ભણાવવાની પદ્ધતિ બદલેથી નીકળી શકે તેમ છે તે વિચારનારને સેહેજે માલમ પડશે, ને તેમ કરવા ધારશે તો કરી પણ શકશે[1]; ને એમ કરશે તો હાલની કેળવણીની રીતિએ લગભગ અડધી જીંદગી સુધી યોગ્ય વિદ્વત્તા તથા યોગ્ય આજીવિકા પેદા કરવાની શક્તિ જે ઘણાઓને આવતી નથી ને શરીરની દુર્બળતા પ્રાપ્ત થાય છે તે તેમ ન થતા તેટલી બલકે ઓછી વયે શરીરની દુર્બળતા પ્રાપ્ત કર્યા વગર પ્રાપ્ત થશે એટલુંજ નહીં, પણ આખરે આર્યોના વેદો તથા શાસ્ત્રો કે જેના નામો માત્રપણ આનંદદાયક છે તેઓનું જ્ઞાન તથા પશ્ચિમમાં વધેલુ કેટલાક હુન્નરોનુ જ્ઞાન પણ ધરાવનારી પ્રજા જોવા વખત પણ આવશે. વળી બાળકોને ભણવું પણ વધારે સેહેલું છે કેમકે તેઓને મોટાઓની માફક ભણેલું ભુલવું ને નવું ભણવું એવી બે ક્રિયા કરવાની નથી પણ કેવળ ભણવાની એકજ ક્રિયા કરવાની છે, ને ભણવા શિવાય બીજી કોઈ જાતની ચિંતા પણ તેમને નથી; માટે જેઓને આ કરવું યોગ્ય છે તેઓ જો પોતાની બાળકો પ્રત્યેની ફરજો અદા કરવા ઘટતી ગોઠવણ કરશે તો અન્યોઅન્ય એક બીજાને સઘળી રીતે લાભ કારક નિવડશે[2] ને સર્વેનું સઘળું ઇષ્ટ થશે એમ હમે ધારીએ છીએ અને સુજ્ઞ વાંચક વર્ગ પણ ધારશે ને આ ગ્રંથનો ઘટતો ઉપયોગ કરશે એવી આશા રાખીએ છીએ.

**ઈ. સમાપ્તિકાર્ય**—આ ભૂમિકાની સમાપ્તિ કરતાં વાંચકવર્ગને વિજ્ઞપ્તિ કરવાની કે

ક. આ ગ્રંથ ભણવામાં સંસ્કૃત ભાષાના આંકડા તથા અક્ષરોની સમજ, આ ગ્રંથમાં વાપરેલા સંક્ષિપ્ત શબ્દોની સમજ, આ ગ્રંથમાં સમાયલી બાબતો કેટલામે પાને છે તે જોવા સારૂ જોઈતી અનુક્રમણિકા, તથા આ ગ્રંથમાં કેટલીક જગ્યાએ અશુદ્ધ છપાયલું જોવામાં આવે છે તે સારૂ શુદ્ધિપત્રકની જરૂર છે તેથી તે બધા હમોએ આ પ્રસ્તાવનાની પાછળ આપ્યા છે.

ખ. હમોએ આ ગ્રંથમાં સઘળી જોઈતી બાબતો નિઃશેષ અને અનન્યસાધારણરીતે યોગ્ય સ્થાને એકઠી કરી, કંઇ દોષ ન આવે તેમજ ભણનારને સેહેલું પડે તેમ, ટુંકાણમાં લખવામાં શ્રી કાશીજીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાળાની વ્યાકરણની પરીક્ષામાં ઊત્તીર્ણ થયલા શાસ્ત્રી ત્રિભુવન ધનજી ઓલવાળાની જોઈતી મદદ લઇ બનતો પ્રયાસ કીધો છે, તેમજ આ ગ્રંથનું એવાજ ને પ્રતિષ્ઠિત વ્યાકરણાચાર્ય શાસ્ત્રી જીવરામ લલ્લુ

---

૧. **कोऽतिभारः समर्थानां किं दूरं व्यवसायिनाम् ।**
**को विदेशः सविद्यानां कः परः प्रियवादिनाम् ॥** હિતોપદેશ ॥

૨. આ વિચાર નીચેના શ્લોકમાં ઉપાસનાના સંબંધમાં શ્રીકૃષ્ણ ભગવાનની કરેલી ઉક્તિ પરથી યોગ્ય માલમ પડશે.
**देवान्भावयतानेन ते देवा भावयंतु वः ।**
**परस्परं भावयतः श्रेयः परमवाप्स्यथ ॥** ભગવદ્ગીતા ॥

ભાઇ રાયકવાલ પાસે સંશોધન કરાવ્યું છે, ને તે બાબતોનું તેઓનુ પ્રમાણ પત્ર પાછળ આપ્યું છે[1]; ને એ રીતે આ ગ્રંથ બનાવવામાં સઘળું બનતું કીધું છે છતાં માણસ માત્રથી ભુલ થાય છે તો હમારી પણ કંઇ થઇ હોય, તેથી તેવું જેઓની દ્રષ્ટિએ પડે તેઓને તે હમોને લખી મોકલવા વિનંતિ કરીએ છીએ ને જો તેઓ તે લખી મોકલવા મેહેરબાની કરશે તો તેઓનો મોટો ઉપકાર માનીશું ને બીજી આવૃત્તિમાં તે વિષે ઘટતું કરીશું.

મુંબઈ<br>શકે ૧૮૩૧ના આષાઢ સુદિ<br>૪ ને સોમવાર } **લિ. ઠાકોરદાસ જમનાદાસ પંજી.**

## ગુજરાતિ તથા સંસ્કૃત આંકડા તથા અક્ષરોની સમજ.

**આંકડા.** **સ્વર.**

ગુ. ૦ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ અ આ ઇ ઈ ઉ ઊ (ઋ[2]) (ૠ[2]) (ૡ[2]) એ ઐ ઓ ઔ ં :

સં. ० १ २ ३ ४ ५ ६ ७ ८ ९ अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ए ऐ ओ औ ं :

**વ્યંજન.**

ગુ. ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ

સં. क् ख् ग् घ् ङ् च् छ् ज् झ् ञ् ट् ठ् ड् ढ् ण् त् थ् द् ध् न् प् फ् ब् भ् म्

ગુ. ય ર લ વ શ ષ સ હ ળ ક્ષ જ્ઞ

સં. य् र् ल् व् श् ष् स् ह् (ळ्[3]) (क्ष्[4]) (ज्ञ्[4])

## સંક્ષિપ્ત શબ્દોની સમજ.

| | | |
|---|---|---|
| પુ. (ધાતુના સંબધમાં)=પુરૂષ. | પ. = પરસ્મૈપદ. | કૃ. = કૃદન્ત. |
| ,, (પ્રાતિપદિકના સંબંધમાં)=પુલ્લિંગ. | આ.= આત્મનેપદ. | ના. = નંબર. |
| સ્ત્રી. = સ્ત્રીલિંગ. | ઊ. = ઊભયપદ. | એકાચ=એક સ્વર વાળો. |
| ન. = નપુંસકલિંગ. | ભા. = ભાવેકર્મ. | અનેકાચ=એક કરતા વધારે સ્વર વાળો. |
| | પા. =પાનુ | |

---

૧. **गुणवानपि नोपयाति पूजां पुरुषः सत्पुरुषैरकत्थ्यमानः ।
न हि सौरमणिः स्वभावकान्तिं रविपादैरनधिष्ठितः करोति** ॥ સુ. ર. ભા. ॥

૨. આ ગુજરાતિમાં સ્વરમાં નથી તેથી કાઉંસમાં આપ્યો છે.

૩. આ સંસ્કૃતમાં નથી તેથી કાઉંસમાં આપ્યો છે.

૪. આ મૂળ વ્યંજનમાં ગણેલો નથી તેથી કાઉંસમાં આપ્યો છે.

# અનુક્રમણિકા.


પાનું.

## પ્રકરણ ૧ લુ

### અક્ષર

પાને ૧ થી ૨ સુધી

અક્ષરોની ઉત્પત્તિ ૧
અક્ષરોની વિગત ૧
અક્ષરોના સ્થાનો ૨
અક્ષરોના પ્રયત્નો ૨

## પ્રકરણ ૨ જું

### સંધિ

પાને ૨ થી ૧૨ સુધી.

સંધિ સંબંધિ સમજણ ૨
સ્વર સંધિ ભાગ ૧ લો ૩
- સ્વર + સજાતિ સ્વર ૩
- अ કે आ+इ થી औ માંનો કોઇ સ્વર ૩
- इ થી लृ માંનો કોઇ સ્વર+વિજાતિ સ્વર ૪
- ए, ऐ, ओ કે औ + સ્વર ૪
- સ્વરો ક્યારે જોડાતા નથી ૫

વ્યંજન સંધિ ભાગ ૨ જો ૫
- વ્યંજન + અઘોષ વ્યંજન ૫
- વ્યંજન + ઘોષ વ્યંજન ૫
- ઘોષ + અઘોષ ૫
- च् વર્ગ + વ્યંજન ૫
- દંત્ય + તાલવ્ય ૬
- તાલવ્ય + દંત્ય ૬
- દંત્ય + મૂર્ધન્ય ૬
- મૂર્ધન્ય + દંત્ય ૬
- અનુનાસિક + વ્યંજન ૬
- વ્યંજન + અનુનાસિક ૮
- વ્યંજન + અર્ધસ્વર ૮
- અર્ધસ્વર + વ્યંજન ૮
- द् ને र् ના વિશેષ નિયમો ૮
- श्, ष् ને स् ના વિશેષ નિયમો ૮
- ह् ના વિશેષ નિયમો ૯
- વ્યંજનનું બેવડાવવું ૯
- અનિયમિત ૯

પાનું.

સ્વર વ્યંજન સંધિ ભાગ ૩ જો ૧૦
- ए + य ૧૦
- ओ કે औ + य ૧૦
- ङ्, ण् ને न् નું બેવડાવવું. ૧૦
- छ् નું च्छ् થવું ૧૦
- અનિયમિત ૧૦

અનુસ્વાર સંધિ. ભાગ ૪ થો ૧૦
- અનુસ્વાર + વ્યંજન ૧૦

વિસર્ગ સંધિ ભાગ ૫ મો ૧૦
- વિસર્ગનો ओ થાય ૧૦
- „ र् „ ૧૧
- „ લોપ „ ૧૧
- „ श् „ ૧૧
- „ ष् „ ૧૧
- „ स् „ ૧૨

## પ્રકરણ ૩ જું

### ધાતુ, ક્રિયાપદ, કૃદંત અવ્યય અને કૃદંત તથા કૃતાદિ પ્રાતિપદિક

પાને ૧૨ થી ૯૫ સુધી.

ધાતુની જાતો વગેરે સંબંધિ સમજણ ૧૨
પ્રત્યય ભાગ ૧ લો ૧૩
- પ્રત્યયાન્તધાતુબોધક પ્રત્યયો ૧૩
- ભાવેકર્મબોધક પ્રત્યયો ૧૪
- પુરૂષબોધક દશે કાળના પ્રત્યયો ૧૪
- કૃદંતઅવ્યયબોધક પ્રત્યયો ૧૫
- કૃદંતપ્રાતિપદિકબોધક પ્રત્યયો ૧૫

| | પાનું. |
|---|---|
| કૃતાદિપ્રાતિપદિકબોધક પ્રત્યયો | ૧૫ |
| પ્રત્યયોની સમજ **ભાગ ૨ જો** | ૧૫ |
| સાર્વધાતુક પ્રત્યયો ને ગણની નિશાનીઓ | ૧૬ |
| આર્ધધાતુક પ્રત્યયો ને તેમાં આવતી **इ** | ૧૭ |
| **इ** ક્યા પ્રત્યયોની પૂર્વે લાગે છે. | ૧૭ |
| **इ** ક્યા ધાતુઓને લાગે છે | ૧૭ |
| **इ** નલેનારા ધાતુઓ | ૧૭ |
| **इ** વિકલ્પે લેનારા ધાતુઓ | ૧૮ |
| **इ** જરૂર લેનારા ધાતુઓ | ૧૯ |
| વિકારક તથા અવિકારક પ્રત્યયો | ૨૧ |
| પ્રત્યયો નૈમિત્તિક ફેરફાર **ભાગ ૩ જો** | ૨૧ |
| સાર્વધાતુક ને આર્ધધાતુક પ્રત્યયો નૈમિત્તિક | ૨૨ |
| આર્ધધાતુક પ્રત્યયો નૈમિત્તિક | ૨૩ |
| વિકારક ,, ,, | ૨૪ |
| અવિકારક ,, ,, | ૨૫ |
| પ્રત્યયાન્ત ધાતુઓ કરવાના વધુનિયમો **ભાગ ૪ થો** | ૨૫ |
| પ્રેરકધાતુના સંબંધમાં | ૨૫ |
| દશમા ગણના ધાતુઓ વિષે | ૨૫ |
| **घटादि** તથા **अम्** અંતવાળા વિષે | ૨૬ |
| ઉપરના શિવાયના ધાતુઓ વિષે | ૨૬ |
| ઉમેરાતાં અક્ષરો વિષે | ૨૬ |
| ધાતુઓમાં થતા ફેરફારો વિષે | ૨૬ |
| સન્નન્તના સંબંધમાં | ૨૭ |
| કાર્યો તથા તેઓનો ક્રમ | ૨૭ |
| **इ** ની પૂર્વેના ફેરફાર | ૨૭ |
| **स** ની પૂર્વેના ફેરફાર | ૨૭ |
| સ્વરાદિ ધાતુના દ્વિત્વ વિષે | ૨૭ |
| વ્યંજનાદિ ધાતુના દ્વિત્વ વિષે | ૨૭ |
| અભ્યાસમાં થતા ફેરફાર | ૨૭ |
| અભ્યાસ નૈમિત્તિક ધાતુમાં ફેરફાર ... ... | ૨૮ |
| અનિયમિત સન્નન્તો | ૨૮ |
| યઙ્ન્તના સંબંધમાં | ૨૮ |

| | પાનું. |
|---|---|
| યઙ્ન્ત કોનું થાય છે. યઙ્ન્તના કાર્યો ને તેઓનો ક્રમ ... | ૨૮ |
| પરસ્મૈપદમાં લાગતા નિયમો | ૨૮ |
| આત્મનેપદમાં લાગતા નિયમો | ૨૮ |
| સ્વરાદિ ધાતુના દ્વિત્વ વિષે... | ૨૯ |
| વ્યંજનાદિ ધાતુના દ્વિત્વ વિષે | ૨૯ |
| અભ્યાસમાં થતા ફેરફાર ... | ૨૯ |
| અભ્યાસ નૈમિત્તિક ધાતુમાં ફેરફાર ... ... | ૩૦ |
| અનિયમિત યઙ્ન્તો ... | ૩૦ |
| નામધાતુના સંબંધમાં ... | ૩૦ |
| પ્રત્યયો કોને લાગેછે અને તેના અર્થો | ૩૦ |
| **अ** પ્રત્યયની પૂર્વે થતા ફેરફાર | ૩૦ |
| **य** થી થતા પરસ્મૈપદી ધાતુને લગતા ફેરફાર | ૩૦ |
| **य** થી થતા આત્મનેપદી ધાતુને લગતા ફેરફાર | ૩૧ |
| **अय** ની પૂર્વે થતા ફેરફાર | ૩૧ |
| ભાવેકર્મબોધક ધાતુઓ કરવાના વધુ નિયમો **ભાગ ૫ મો** | ૩૨ |
| મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓ તથા તઓના ભાવેકર્મબોધક ધાતુઓને સાર્વધાતુકના પુરૂષબોધક પ્રત્યયોની પૂર્વે લાગતાં વધુ નિયમો. **ભાગ ૬ ઠ્ઠો** | ૩૩ |
| ૧ લા ગણના ધાતુઓ વિષે | ૩૩ |
| ૨ જા ,, ,, | ૩૩ |
| ૩ જા ,, ,, | ૩૫ |
| ૪ થા ,, ,, | ૩૬ |
| ૫ મા ,, ,, | ૩૬ |
| ૬ ઠ્ઠા ,, ,, | ૩૬ |
| ૭ મા ,, ,, | ૩૬ |
| ૮ મા ,, ,, | ૩૬ |
| ૯ મા ,, ,, | ૩૭ |
| ૧૦ મા ,, ,, | ૩૭ |
| ૧૧ મા ,, ,, | ૩૭ |
| પ્રેરક, સન્નન્ત તથા નામ, ધાતુઓ વિષે | ૩૭ |

પાનું.

યઙ્ન્ત ધાતુઓ વિષે ૩૭
ભાવેકર્મ બોધક ધાતુઓ વિષે ૩૭
મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓ તથા તેઓના ભાવેકર્મબોધક ધાતુઓને આર્ધધાતુકના પુરૂષબોધક પ્રત્યયોની પૂર્વે લાગતા વધુ નિયમો. } ભાગ ૭ મો ૩૮
પરોક્ષ ભૂતના સંબંધમાં ૩૮
કાર્યો તથા તેઓનો ક્રમ ૩૮
દ્વિત્વ કોને થાય છે. ૩૮
સ્વરાદિ ધાતુના દ્વિત્વ વિષે ૩૮
વ્યંજનાદિ ધાતુના દ્વિત્વ વિષે ૩૮
અભ્યાસમાં થતા ફેરફાર ૩૮
અભ્યાસ નૈમિત્તિક ધાતુમાં ફેરફાર ૩૮
દ્વિત્વના અભાવમાં શું કાર્ય થાય છે ૩૯
સંપ્રસારણના નિયમો. ૩૯
બીજા ફેરફારો ૩૯
અનિયમિત ૩૯
ભાવેકર્મબોધક ધાતુના રૂપ કેવા થાય છે ૪૦
સામાન્ય ભૂતના સંબંધમાં ૪૦
અનિટ ધાતુઓને લગતા નિયમો ૪૦
સેટ ,, ,, ,, ૪૧
અનિયમિત ૪૩
ભાવેકર્મબોધક ધાતુ સંબંધી નિયમો ૪૪
અનદ્યતન તથા સામાન્ય ભવિષ્યના સંબંધમાં ૪૫
મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુ વિષે ૪૫
ભાવેકર્મબોધક ધાતુ વિષે ૪૫
વિધ્યર્થ ભાવષ્યના સંબંધમાં ૪૫
મૂળ ધાતુ વિષે ૪૫
પ્રત્યયાન્ત ધાતુ વિષે ૪૫
ભાવેકર્મ બોધક ધાતુ વિષે ૪૫
આશીર્લિંગના સંબંધમાં ૪૫
મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુ વિષે ૪૫
ભાવેકર્મબોધક ધાતુ વિષે ૪૬

પાનું.

પેહેલા ગણના મૂળ ધાતુ **बुध्** ના તથા તેના થતા જુદી જુદી જાતના ધાતુઓના કર્તરિ તથા ભાવેકર્મ પ્રયોગના દશે કાળના રૂપો. } ભાગ ૮ મો ૪૬
**बुध्** ના ૪૬
,, પ્રેરક **बोधय** ના ૪૯
,, સન્નન્ત **बुबोधिष** ના ૫૨
,, યઙ્ન્ત **बोबुध्** ના ૫૪
,, નામ **बुध** ના નામધાતુ **बुधय** ના ૫૭
,, પ્રેરક **बोधय** ના સન્નન્ત **बुबोधयिष** ના ૬૦
,, સન્નન્ત **बुबोधिष** ના પ્રેરક **बुबोधिषय** ના ૬૩
,, યઙ્ન્ત **बोबुध्** ના પ્રેરક **बोबुधय** ના ૬૫
,, યઙ્ન્ત **बोबुध्** ના સન્નન્ત **बोबुधिष** ના ૬૮
,, નામધાતુ **बुधय** ના સન્નન્ત **बुबुधयिष** ના ૭૧
બીજાથી અગીઆરમા ગણના ધાતુઓના પહેલા ચાર કાળના રૂપો. } ભાગ ૯ મો ૭૪
૨ જા ગણના **दुह्** ના ૭૪
૩ જા ,, **विष्** ,, ૭૫
૪ થા ,, **शुच्** ,, ૭૬
૫ મા ,, **सू** ,, ૭૮
૬ ઠ્ઠા ,, **क्षिप्** ,, ૭૯
૭ મા ,, **युज्** ,, ૮૦
૮ મા ,, **तन्** ,, ૮૧
૯ મા ,, **ग्रह्** ,, ૮૨
૧૦ મા ,, **चुर्** ,, ૮૪
૧૧ મા ,, **कण्डू** ,, ૮૫
કૃદંત અવ્યય ભાગ ૧૦ મો ૮૬
હેત્વર્થ કૃદંતના સંબંધમાં ૮૬
**तुम्** પ્રત્યય વિષે ૮૬
ભૂત કૃદંતના સંબંધમાં ૮૬
**त्वा, य** ને **त्य** વિષે ૮૬
**अम्** વિષે ... ૮૭

| | પાનુ. |
|---|---|
| મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓના રૂપો | ૮૮ |
| કૃદંત પ્રાતિપદિક વિષે **ભાગ ૧૧ મો** | ૮૯ |
| વર્તમાન કૃદંત પ્રાતિપદિક વિષે | ૮૯ |
| **अत्, आन** ને **मान** વિષે | ૮૯ |
| અનિયમિત | ૮૯ |
| ભાવેકર્મ બોધક ધાતુવિષે | ૮૯ |
| કર્મણિભૂત કૃદંત પ્રાતિપદિક વિષે | ૮૯ |
| તની પૂર્વે થતા ફેરફાર | ૮૯ |
| **त** નો **न** થવા વિષે | ૯૦ |
| અનિયમિત | ૯૦ |
| ભાવેકર્મબોધક ધાતુ વિષે | ૯૦ |
| અનિયમિત નામો વિષે | ૯૦ |
| કર્તરિભૂત કૃદંત પ્રાતિપદિક વિષે | ૯૧ |
| **वत्** પ્રત્યયની પૂર્વે થતા ફેરફાર | ૯૧ |
| ભાવેકર્મબોધક ધાતુ વિષે | ૯૧ |
| પરોક્ષભૂત કૃદંત પ્રાતિપદિક વિષે | ૯૧ |
| **वस्** અને **आन्** પ્રત્યયોની પૂર્વે થતા ફેરફાર … … | ૯૧ |
| ભાવેકર્મબોધક ધાતુ વિષે | ૯૧ |
| ભવિષ્ય કૃદંત પ્રાતિપદિક વિષે | ૯૧ |
| **स्यत्** અને **स्यमान** ની પૂર્વે થતા ફેરફાર … … … | ૯૧ |
| ભાવેકર્મબોધક ધાતુ વિષે | ૯૧ |
| વિધ્યર્થ કૃદંત પ્રાતિપદિક વિષે | ૯૧ |
| **तव्य** અને **एलिम** ની પૂર્વે થતા ફેરફાર … … … | ૯૧ |
| **अनीय** ની પૂર્વે થતા ફેરફાર | ૯૧ |
| **य** ” ” | ૯૨ |
| અનિયમિત | ૯૨ |
| ભાવેકર્મબોધક ધાતુ વિષે | ૯૩ |
| અનિયમિત નામો વિષે | ૯૩ |
| મૂળ તથા પ્રત્યયાન્ત તથા તેઓના ભાવેકર્મબોધક ધાતુઓના જુદા જુદા કૃદંત પ્રાતિપદિકોનો કોઠો | ૯૪ |
| પ્રત્યયાન્ત ધાતુઓના પ્રત્યયાન્ત ધાતુઓ તથા તેઓના ભાવે કર્મ બોધક ધાતુઓના કૃદંતપ્રાતિપદિકોનો કોઠો. | ૯૫ |


## પ્રકરણ ૪ થું

### પ્રાતિપદિક

પાને ૯૬ થી ૧૩૩ સુધી.


| | પાનુ. |
|---|---|
| પ્રાતિપદિકની કૃદંતાદિ ચાર જાતો વગેરે સંબંધી સમજણ … … | ૯૬ |
| વિશેષણ **ભાગ ૧ લો** | ૯૭ |
| ક્રિયાવાચક વિશેષણ | ૯૭ |
| ગુણવાચક વિશેષણ | ૯૭ |
| સંખ્યા વાચક તથા પૂરક વિશેષણ | ૯૮ |
| નામ **ભાગ ૨ જો** | ૯૯ |
| સર્વનામ **ભાગ ૩ જો** | ૧૦૦ |
| સ્ત્રીલિંગ વિષે **ભાગ ૪ થો** | ૧૦૦ |
| વગર પ્રત્યયે થતા સ્ત્રીલિંગના શબ્દો | ૧૦૦ |
| **उ** પ્રત્યયથી થતા સ્ત્રીલિંગના શબ્દો | ૧૦૦ |
| **ई** ને **आ** પ્રત્યયથી થતા સ્ત્રીલિંગના શબ્દો | ૧૦૦ |
| **ई** ની પૂર્વે થતા ફેરફાર | ૧૦૦ |
| **आ** ની પૂર્વે થતા ફેરફાર | ૧૦૧ |
| **ई** ને **आ** થી થતા અમુક પુરૂષની સ્ત્રી એવા શબ્દો | ૧૦૧ |
| **ई** ને **आ** થી થતા ઉપરના અર્થ શિવાયની સ્ત્રી એવા શબ્દો | ૧૦૧ |
| અનિયમિત | ૧૦૩ |
| નામ તથા વિશેષણના રૂપો વિષે નિયમો તથા તેઓમાંનાં જોઇતાં રૂપો. **ભાગ ૫ મો** | ૧૦૪ |
| **अ** કારાંત પુ. સ્ત્રી. ન. વિષે નિયમો | ૧૦૪ |
| **आ** ” ” ” ” ” ” | ૧૦૪ |
| **इ** ” ” ” ” ” ” | ૧૦૪ |
| **ई** ” ” ” ” ” ” | ૧૦૫ |
| **उ** ” ” ” ” ” ” | ૧૦૫ |
| **ऊ** ” ” ” ” ” ” | ૧૦૬ |
| **ऋ** ” ” ” ” ” ” | ૧૦૬ |
| **ॠ** ” ” ” ” ” ” | ૧૦૬ |
| **ऌ** ” ” ” ” ” ” | ૧૦૬ |
| **ए** ” ” ” ” ” ” | ૧૦૬ |
| **ऐ** ” ” ” ” ” ” | ૧૦૭ |

| | | પાનુ. |
|---|---|---|
| ओ કારાંત | પુ. સ્ત્રી. ન. વિષે નિયમો | ૧૦૭ |
| औ | ,, ,, ,, ,, ,, ,, | ૧૦૭ |
| क् ख् ग् घ् | ના અંતવાળા પુ. સ્ત્રી. ન. વિષે નિયમો | ૧૦૭ |
| ङ् | ,, ,, | ૧૦૭ |
| च् | ,, ,, | ૧૦૭ |
| छ् | ,, ,, | ૧૦૭ |
| ज् | ,, ,, | ૧૦૭ |
| झ् ञ् | ,, ,, | ૧૦૭ |
| ट् ठ् ड् ढ् | ,, ,, | ૧૦૮ |
| ण् | ,, ,, | ૧૦૮ |
| त् | ,, ,, | ૧૦૮ |
| थ् द् ध् | ,, ,, | ૧૦૮ |
| न् | ,, ,, | ૧૦૮ |
| प् फ् ब् भ् | ,, ,, | ૧૦૯ |
| म् | ,, ,, | ૧૦૯ |
| य् | ,, ,, | ૧૦૯ |
| र् | ,, ,, | ૧૦૯ |
| ल् | ,, ,, | ૧૦૯ |
| व् | ,, ,, | ૧૦૯ |
| श् | ,, ,, | ૧૦૯ |
| ष् | ,, ,, | ૧૧૦ |
| स् | ,, ,, | ૧૧૦ |
| ह् | ,, ,, | ૧૧૧ |
| राम | પુ. ના રૂપો | ૧૧૧ |
| गार्ग्य | ,, ,, | ૧૧૧ |
| एक | ,, ,, | ૧૧૨ |
| द्वितीय | ,, ,, | ૧૧૨ |
| प्रथम | ,, ,, | ૧૧૨ |
| यूष | ,, ,, | ૧૧૨ |
| दन्त | ,, ,, | ૧૧૨ |
| पाद | ,, ,, | ૧૧૨ |
| मास | ,, ,, | ૧૧૨ |
| वन | ન. ના રૂપો | ૧૧૨ |
| एक | ,, ,, | ૧૧૩ |
| द्वितीय | ,, ,, | ૧૧૩ |
| मांस | ,, ,, | ૧૧૩ |

| | | પાનુ. |
|---|---|---|
| आस्य | ન. ના રૂપો | ૧૧૩ |
| उदक | ,, ,, | ૧૧૩ |
| हृदय | ,, ,, | ૧૧૩ |
| हाहा | પુ. ના રૂપો | ૧૧૩ |
| शाला | સ્ત્રી. ના રૂપો | ૧૧૩ |
| एका | ,, ,, | ૧૧૪ |
| द्वितीया | ,, ,, | ૧૧૪ |
| नासिका | ,, ,, | ૧૧૪ |
| निशा | ,, ,, | ૧૧૪ |
| पृतना | ,, ,, | ૧૧૪ |
| जरा | ,, ,, | ૧૧૪ |
| दारा | ,, ,, | ૧૧૪ |
| हरि | પુ. ના રૂપો | ૧૧૪ |
| सखि | ,, ,, | ૧૧૫ |
| पति | ,, ,, | ૧૧૫ |
| औडुलोमि | ,, ,, | ૧૧૫ |
| कति | ,, ,, | ૧૧૫ |
| द्वि | ,, ,, | ૧૧૫ |
| त्रि | ,, ,, | ૧૧૫ |
| मति | સ્ત્રી. ના રૂપો | ૧૧૫ |
| द्वि | ,, ,, | ૧૧૫ |
| त्रि | ,, ,, | ૧૧૫ |
| कति | ,, ,, | ૧૧૫ |
| वारि | ન. ના રૂપો | ૧૧૫ |
| द्वि | ,, ,, | ૧૧૫ |
| त्रि | ,, ,, | ૧૧૫ |
| कति | ,, ,, | ૧૧૫ |
| अक्षि | ,, ,, | ૧૧૬ |
| शुचि | ,, ,, | ૧૧૬ |
| धी | પુ. સ્ત્રી. ના રૂપો | ૧૧૬ |
| क्री | ,, ,, ,, | ૧૧૬ |
| प्रधी | ,, ,, ,, | ૧૧૬ |
| विक्री | ,, ,, ,, | ૧૧૬ |
| पपी | પુ. ના રૂપો | ૧૧૬ |
| धी | સ્ત્રી. ના રૂપો | ૧૧૬ |
| स्त्री | ,, ,, | ૧૧૭ |
| दासी | ,, ,, | ૧૧૭ |

| | | પાનું. |
|---|---|---|
| गुरु | પુ. ના રૂપો | ૧૧૭ |
| क्रोष्टु | ” ” | ૧૧૭ |
| धेनु | સ્ત્રી. ના રૂપો | ૧૧૭ |
| मधु | ન. ના રૂપો | ૧૧૭ |
| मृदु | ” ” | ૧૧૭ |
| सानु | ” ” | ૧૧૭ |
| लू | પુ. સ્ત્રી. ના રૂપો | ૧૧૮ |
| द्रू | ” ” ” | ૧૧૮ |
| प्रल्लू | ” ” ” | ૧૧૮ |
| विद्रू | ” ” ” | ૧૧૮ |
| नृतू | પુ. ના રૂપો | ૧૧૮ |
| भू | સ્ત્રી. ના રૂપો | ૧૧૮ |
| वधू | ” ” | ૧૧૮ |
| नेतृ | પુ. ના રૂપો | ૧૧૮ |
| पितृ | ” ” | ૧૧૯ |
| स्वसृ | સ્ત્રી. ના રૂપો | ૧૧૯ |
| मातृ | ” ” | ૧૧૯ |
| कर्तृ | ન. ના રૂપો | ૧૧૯ |
| कृ | પુ. ના રૂપો | ૧૧૯ |
| गम्लृ | ” ” | ૧૧૯ |
| से | પુ. સ્ત્રી. ના રૂપો | ૧૧૯ |
| रै | ” ” ” | ૧૧૯ |
| गो | ” ” ” | ૧૨૦ |
| ग्लौ | પુ. ના રૂપો | ૧૨૦ |
| नौ | સ્ત્રી. ના રૂપો | ૧૨૦ |
| शक् | પુ. સ્ત્રી. ન. ના રૂપો. | ૧૨૦ |
| क्रुञ्च् | પુ. ન. ના રૂપો | ૧૨૦ |
| प्राच् | ” ” ” | ૧૨૦ |
| उदञ्च् | ” ” ” | ૧૨૧ |
| गोअञ्च् | ” ” ” | ૧૨૧ |
| अमुमुयञ्च् | ” ” ” | ૧૨૧ |
| खञ्ज् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૧ |
| अवयाज् | ” ” ” | ૧૨૨ |
| असृज् | ન. ના રૂપો | ૧૨૨ |
| सुगण् | પુ. સ્ત્રી. ન. ના રૂપો. | ૧૨૨ |
| बृहत् | પુ. ન. ના રૂપો. | ૧૨૨ |
| भवत् | પુ. ન. ના રૂપો | ૧૨૨ |
| अर्वत् | ” ” ” | ૧૨૨ |
| यकृत् | ન. ના રૂપો | ૧૨૨ |
| शकृत् | ” ” | ૧૨૨ |
| कियत् | પુ. ન. ના રૂપો | ૧૨૩ |
| भगवत् | ” ” ” | ૧૨૩ |
| भवत् | પુ. ના રૂપો | ૧૨૩ |
| शासत् | ” ” | ૧૨૩ |
| तुदत् | ન. ના રૂપો | ૧૨૩ |
| भवत् | ” ” | ૧૨૩ |
| अदत् | ” ” | ૧૨૩ |
| ददत् | ” ” | ૧૨૩ |
| धनिन् | પુ. ન. ના રૂપો | ૧૨૪ |
| पथिन् | પુ. ના રૂપો | ૧૨૪ |
| राजन् | ” ” | ૧૨૪ |
| नामन् | ન. ના રૂપો | ૧૨૪ |
| ब्रह्मन् | પુ. ન. ના રૂપો | ૧૨૪ |
| युवन् | પુ. ના રૂપો | ૧૨૪ |
| मघवन् | ” ” | ૧૨૪ |
| श्वन् | ” ” | ૧૨૪ |
| प्रतिदिवन् | ” ” | ૧૨૫ |
| हन् | પુ. ન. ના રૂપો | ૧૨૫ |
| अहन् | ન. ના રૂપો | ૧૨૫ |
| पूषन् | પુ. ના રૂપો | ૧૨૫ |
| पञ्चन् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૫ |
| अष्टन् | ” ” ” ” | ૧૨૫ |
| अप् | સ્ત્રી. ના રૂપો | ૧૨૫ |
| चतुर् | પુ. ના રૂપો | ૧૨૫ |
| ” | સ્ત્રી. ના રૂપો | ૧૨૫ |
| ” | ન. ના રૂપો | ૧૨૫ |
| सुदिव् | પુ. ન. ના રૂપો | ૧૨૫ |
| दिव् | સ્ત્રી. ના રૂપો | ૧૨૫ |
| नश् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૬ |
| पुरोडाश् | પુ. ના રૂપો | ૧૨૬ |
| षष् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૬ |
| सुमनस् | ” ” ” ” | ૧૨૬ |
| अनेहस् | ” ” ” ” | ૧૨૬ |

| | | પાનુ. |
|---|---|---|
| उशनस् | પુ. ના રૂપો | ૧૨૬ |
| सुवस् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૬ |
| ध्वस् | ,, ,, ,, ,, | ૧૨૬ |
| चकास् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૭ |
| उक्थशास् | પુ. ના. રૂપો | ૧૨૭ |
| अर्चिस् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૭ |
| सुपिस् | ,, ,, ,, ,, | ૧૨૭ |
| आशिस् | સ્ત્રી. ના રૂપો. | ૧૨૭ |
| सुहिंस् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૭ |
| सुतुस् | ,, ,, ,, ,, | ૧૨૭ |
| सजुस् | સ્ત્રી. ના રૂપો. | ૧૨૭ |
| चक्षुस् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૮ |
| पुंस् | પુ. ના રૂપો | ૧૨૮ |
| दोस् | પુ. ન. ના રૂપો | ૧૨૮ |
| विद्वस् | ,, ,, ,, | ૧૨૮ |
| पेचिवस् | ,, ,, ,, | ૧૨૮ |
| रुरुद्वस् | ,, ,, ,, | ૧૨૮ |
| शुश्रुवस् | ,, ,, ,, | ૧૨૮ |
| जग्मिवस् | ,, ,, ,, | ૧૨૮ |
| जगन्वस् | ,, ,, ,, | ૧૨૯ |
| श्रेयस् | ,, ,, ,, | ૧૨૯ |
| पिपठिस् | ,, ,, ,, | ૧૨૯ |
| द्रुह् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૨૯ |
| दुह् | ,, ,, ,, ,, | ૧૨૯ |
| नह् | ,, ,, ,, ,, | ૧૨૯ |
| विश्ववाह् | પુ. ન. ના રૂપો | ૧૨૯ |
| तुरासाह् | પુ. ના રૂપો | ૧૨૯ |
| अनडुह् | ,, ,, | ૧૩૦ |
| उष्णिह् | સ્ત્રી. ના રૂપો | ૧૩૦ |
| સર્વનામના રૂપો વિષે નિયમો તથા રૂપો | ભાગ ૬ ઠ્ઠો | ૧૩૦ |
| સર્વનામના શબ્દો વિષે નિયમો | | ૧૩૦ |
| सर्व | પુ. ન. ના રૂપો | ૧૩૧ |
| सर्वा | સ્ત્રી. ના રૂપો | ૧૩૧ |
| पूर्व | પુ. ન. ના રૂપો | ૧૩૧ |
| पूर्वा | સ્ત્રી. ના રૂપો | ૧૩૧ |

| | | પાનુ. |
|---|---|---|
| उभ | પુ. ન. ના રૂપો | ૧૩૧ |
| उभा | સ્ત્રી. ના રૂપો | ૧૩૧ |
| उभय | પુ. ન. ના રૂપો | ૧૩૧ |
| उभया | સ્ત્રી. ના રૂપો | ૧૩૧ |
| भवत् | પુ. ન. ના રૂપો | ૧૩૧ |
| भवती | સ્ત્રી. ના રૂપો | ૧૩૧ |
| अस्मद् | પુ. સ્ત્રી. ન. ના રૂપો | ૧૩૨ |
| युष्मद् | ,, ,, ,, ,, | ૧૩૨ |
| तद् | પુ. ન. ના રૂપો | ૧૩૨ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૨ |
| त्यद् | પુ. ન. ના રૂપો | ૧૩૨ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૨ |
| एतद् | પુ. ન. ના રૂપો | ૧૩૨ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૨ |
| यद् | પુ. ન. ના રૂપો | ૧૩૩ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૩ |
| इदम् | પુ. ન. ના રૂપો | ૧૩૩ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૩ |
| किम् | પુ. ન. ના રૂપો | ૧૩૩ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૩ |
| अदस् | પુ. ન. ના રૂપો | ૧૩૩ |
| ,, | સ્ત્રી. ના રૂપો | ૧૩૩ |


## પ્રકરણ ૫ મું

### અવ્યય

પાને ૧૩૪ થી ૧૩૮ સુધી.


અવ્યય ૧૩૪


## પ્રકરણ ૬ ઠ્ઠું

### સમાસ

પાને ૧૩૮ થી ૧૭૬ સુધી


સમાસની જાતો વગેરેની સમજણ ૧૩૮

બધા સમાસોમાં લાગતા નિયમો ૧૩૯

સામાસિક શબ્દના પહેલા પદમાં થતા ફેરફાર ૧૩૯

સામાસિક શબ્દના છેલ્લા પદમાં થતા ફેરફાર ૧૪૧

સામાસિક શબ્દના બે પદની વચમાં થતા ફેરફાર ૧૪૩

દ્વન્દ્વ સમાસ ભાગ ૧ લો ૧૪૩

| | પાનુ. |
|---|---|
| સમાહારદ્વન્દ્વ | ૧૪૩ |
| વ્યાખ્યા | ૧૪૩ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૪૪ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૪૪ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૪૪ |
| અનિયમિત | ૧૪૪ |
| ઈતરેતર દ્વન્દ્વ | ૧૪૫ |
| વ્યાખ્યા | ૧૪૫ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૪૫ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૪૫ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૪૫ |
| અનિયમિત | ૧૪૬ |
| એકશેષ સમાસ ભાગ ૨ જો. | ૧૪૬ |
| વ્યાખ્યા | ૧૪૬ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૪૬ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૪૭ |
| અનિયમિત | ૧૪૭ |
| બહુવ્રીહિ સમાસ ભાગ ૩ જો. | ૧૪૭ |
| વ્યાખ્યા | ૧૪૭ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૪૮ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૪૮ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૫૨ |
| અનિયમિત | ૧૫૨ |
| તત્પુરૂષ સમાસ ભાગ ૪ થો. | ૧૫૨ |
| વિભક્તિ તત્પુરૂષ | ૧૫૩ |
| વ્યાખ્યા | ૧૫૩ |
| કેવા શબ્દો કેવા સંબંધથી ને શું ક્રમે જોડાય છે | ૧૫૩ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૫૫ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૫૬ |
| અનિયમિત | ૧૫૬ |
| અલુક તત્પુરૂષ | ૧૫૭ |
| કર્મધારય | ૧૫૮ |

| | પાનુ. |
|---|---|
| વ્યાખ્યા | ૧૫૮ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ. | ૧૫૯ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૬૧ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૬૩ |
| અનિયમિત | ૧૬૩ |
| દ્વિગુ | ૧૬૩ |
| વ્યાખ્યા તથા શબ્દોનો ક્રમ | ૧૬૩ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૬૩ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૬૪ |
| પ્રાદિ | ૧૬૪ |
| વ્યાખ્યા | ૧૬૪ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૬૫ |
| સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર | ૧૬૫ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૬૫ |
| નઞ | ૧૬૫ |
| વ્યાખ્યા | ૧૬૫ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૬૬ |
| સમાસ થતાં શબ્દોમાં થતો ફેરફાર | ૧૬૬ |
| સામાસિક શબ્દનું લિંગ તથા વચન | ૧૬૬ |
| ગતિ | ૧૬૬ |
| વ્યાખ્યા તથા શબ્દોનો ક્રમ | ૧૬૬ |
| સામાસિક શબ્દની જાત | ૧૬૭ |
| ઉપપદ | ૧૬૭ |
| વ્યાખ્યા તથા શબ્દોનો ક્રમ | ૧૬૭ |
| સામાસિક શબ્દની જાત | ૧૬૭ |
| અવ્યયીભાવ સમાસ ભાગ ૫ મો | ૧૬૭ |
| વ્યાખ્યા | ૧૬૭ |
| સમાસમાં આવતો શબ્દોનો ક્રમ | ૧૬૮ |
| સમાસ થતાં શબ્દોમાં થતો ફેરફાર | ૧૬૯ |
| અનિયમિત | ૧૬૯ |
| સામાસિક શબ્દના સ્ત્રીલિંગ વિષે. ભાગ ૬ ઠ્ઠો. | ૧૬૯ |
| બધા સમાસમાં લાગતા નિયમો | ૧૭૦ |
| નઞ તત્પુરૂષ સમાસમાં લાગતા નિયમો | ૧૭૦ |
| દ્વિગુ સમાસમાં લાગતા નિયમો | ૧૭૦ |
| બહુવ્રીહિ સમાસમાં લાગતા નિયમો | ૧૭૧ |

| | પાનું. |
|---|---|
| સામાસિક શબ્દોના રૂપો વિષે નિયમો તથા તેઓમાંના જોઇતા રૂપો } ભાગ ૭ મો | ૧૭૨ |
| भाषितपुंस्कत्व વાળા શબ્દો વિષે | ૧૭૨ |
| प्रादि અને बहुव्रीहि ના અંતના શબ્દો વિષે | ૧૭૨ |
| બદલાતા લિંગના શબ્દો વિષે | ૧૭૨ |
| अ કારાંત કેટલાક શબ્દો વિષે | ૧૭૨ |
| आ ,, ,, ,, | ૧૭૨ |
| इ ,, ,, ,, | ૧૭૨ |
| ई ,, ,, ,, | ૧૭૩ |
| ऊ ,, ,, ,, | ૧૭૩ |
| ज् ના અંતવાળા કેટલાક શબ્દો વિષે | ૧૭૩ |
| द् ,, ,, ,, | ૧૭૩ |
| न् ,, ,, ,, | ૧૭૪ |
| प् ,, ,, ,, | ૧૭૪ |
| स् ,, ,, ,, | ૧૭૪ |
| अजर પુ. ન. ના રૂપો | ૧૭૪ |
| विश्वपा પુ. સ્ત્રી. ના રૂપો | ૧૭૪ |
| अतिस्त्रि પુ. ના રૂપો | ૧૭૪ |
| ,, સ્ત્રી. ના રૂપો | ૧૭૪ |
| ,, ન. ના રૂપો | ૧૭૫ |
| प्रधी પુ. સ્ત્રી. ના રૂપો | ૧૭૫ |
| बहुश्रेयसी સ્ત્રી. ના રૂપો | ૧૭૫ |
| सुभ्रू પુ. સ્ત્રી. ના રૂપો | ૧૭૫ |
| अतिचमू ,, ,, ,, | ૧૭૫ |
| वर्षाभू સ્ત્રી. ના રૂપો | ૧૭૫ |
| सुपाद् પુ. ન. ના રૂપો | ૧૭૫ |
| बहुयुवन् ન. ના રૂપો | ૧૭૫ |
| सुपथिन् ,, ,, | ૧૭૬ |
| दीर्घाहन् પુ. ના રૂપો | ૧૭૬ |
| अनर्वन् પુ. ના રૂપો | ૧૭૬ |
| स्वप् પુ. ન. ના રૂપો | ૧૭૬ |
| अत्युशनस् ન. ના રૂપો | ૧૭૬ |
| सुपुंस् ,, ,, | ૧૭૬ |


## પ્રકરણ ૭ મું

### વાક્યરચના

પાને ૧૭૭ થી ૧૯૭ સુધી.


| | પાનું. |
|---|---|
| વાક્યમાં આવતા શબ્દો તથા તે સંબંધી નિયમો વિષે | ૧૭૭ |
| ક્રિયાપદ વિષે | ૧૭૭ |
| વર્તમાનકાળ ક્યારે ક્યારે વપરાય છે | ૧૭૭ |
| અનદ્યતનભૂત ,, ,, | ૧૭૮ |
| પરોક્ષભૂત ,, ,, | ૧૭૮ |
| સામાન્યભૂત ,, ,, | ૧૭૮ |
| અનદ્યતનભવિષ્ય ,, ,, | ૧૭૮ |
| સામાન્યભવિષ્ય ,, ,, | ૧૭૯ |
| આજ્ઞાર્થ ,, ,, | ૧૮૦ |
| વિધ્યર્થ ,, ,, | ૧૮૧ |
| વિધ્યર્થભવિષ્ય ,, ,, | ૧૮૨ |
| આશીર્લિંગ ,, ,, | ૧૮૨ |
| વિભક્તિઓ વિષે | ૧૮૨ |
| ૧લી ક્યારે વપરાય છે. | ૧૮૨ |
| ૨ જી ,, ,, | ૧૮૨ |
| ૩ જી ,, ,, | ૧૮૪ |
| ૪થી ,, ,, | ૧૮૪ |
| ૫મી ,, ,, | ૧૮૫ |
| ૬ઠ્ઠી ,, ,, | ૧૮૬ |
| ૭મી ,, ,, | ૧૮૮ |
| ૮મી ,, ,, | ૧૮૮ |
| ક્યારે એક કરતાં વધારે વિભક્તિઓ વપરાય | ૧૮૮ |
| સતી ષષ્ઠી તથા સતી સપ્તમી વિષે | ૧૯૨ |
| ભાવેકર્મ પ્રયોગમાં થતી વિભક્તિઓ વિષે | ૧૯૩ |
| પ્રેરક શિવાયના ધાતુના ક્રિયાપદના કર્તાની તેનું પ્રેરક ધાતુનું ક્રિયાપદ થયેથી થતી વિભક્તિ | ૧૯૩ |
| પ્રેરક શિવાયના ધાતુના ક્રિયાપદના | |

| | પાનુ. |
|---|---|
| કર્તાની તેના પ્રેરકના ભાવેકર્મનું ક્રિયાપદ થએથી થતી વિભક્તિ | ૧૯૪ |
| શબ્દોના સંબંધ વિષે | ૧૯૪ |
| ક્રિયાપદ તથા કર્તાના પુરૂષ તથા વચન વિષે | ૧૯૪ |
| વિશેષ્ય અને વિશેષણના જાતિ વચન વિષે | ૧૯૪ |
| વાક્ય નામ તરીકે વપરાવવા વિષે | ૧૯૫ |
| શબ્દોના અધ્યાહાર રહેવા વિષે | ૧૯૫ |
| ક્રિયાપદના અધ્યાહાર રહેવા વિષે | ૧૯૫ |
| કર્તાના " " | ૧૯૫ |
| શબ્દોના બેવડાવવા વિષે | ૧૯૫ |
| કેટલાક પ્રાતિપદાદિકના ખાસ વપરાસ વિષે | ૧૯૫ |
| કેટલાક અવ્યયોના ખાસ વપરાસ વિષે | ૧૯૬ |

પ્રકરણ ૮ મું

પરિશિષ્ટો

પાને ૧૯૮ થી ૨૬૪ સુધી.

| | પાનું. |
|---|---|
| लोहितादि ૧૮ સમૂહો. પરિશિષ્ટ૧લું | ૧૯૮ |
| लोहितादि | ૧૯૮ |
| क्षिपकादि | ૧૯૮ |
| शार्ङ्गरवादि | ૧૯૮ |
| गौरादि | ૧૯૮ |
| पृशोदरादि | ૧૯૯ |
| पारस्करादि | ૧૯૯ |
| राजदन्तादि | ૧૯૯ |
| धर्मादि | ૧૯૯ |
| हस्त्यादि | ૧૯૯ |
| गड्वादि (वाहिताग्नि માંહેલો) | ૧૯૯ |
| वाहिताग्नि | ૧૯૯ |
| शाकपार्थिवादि | ૧૯૯ |
| मयूरव्यंसकादि | ૧૯૯ |
| अजादि | ૨૦૦ |
| कुंभपद्यादि | ૨૦૦ |
| गवाश्वादि | ૨૦૦ |
| दधिपयआदि | ૨૦૦ |
| तिष्ठद्गवादि | ૨૦૦ |
| ધાતુઓના અનુબંધો તથા તેની સમજ } પરિશિષ્ટ ૨ જું | ૨૦૧ |
| ધાતુકોષ પરિશિષ્ટ ૩જું | ૨૦૧ |
| ઉપસર્ગોની નોંધ પરિશિષ્ટ ૪ થું | ૨૫૭ |
| ઉપસર્ગ વગેરેથી પદમાં ફેરફાર થતાધાતુઓ. } પરિશિષ્ટ ૫મું | ૨૫૮ |


## આ ગ્રંથનો ઉપયોગ કરવાની રીત.

જેઓ સંસ્કૃત ભાષાનુ વ્યાકરણ ભણેલા છે તેઓને તેને લગતું જે કંઇ જોવું હશે તે, જેમ કોઈ શબ્દનો અર્થ કોષમાં જોવો ઠીક પડે છે તેમ, આ ગ્રંથમાં જોવું ઠીક પડશે; જેઓ એ વ્યાકરણ થોડું ઘણું ભણેલા છે તેઓને આ ગ્રંથ પેહેલેથીજ શિખવો ઠીક પડશે; પણ જેઓ એ વ્યાકરણ આરંભથીજ શિખનારા હોય તેઓને આ ગ્રંથના ૪ થા પ્રકરણનો ૫ મો તથા ૬ ઠ્ઠો ભાગ તથા ૩ જુ પરિશિષ્ટ, કે જેઓમાં ગોખવાનું વધારે છે ને જેઓ તેમ હોવાથી નાની વયમાં વેહેલાં આવડે તેવા છે તે પેહેલા શિખવાનુ*, તે પછી પ્રત્યયાન્ત ધાતુઓના વિષયને લગતુ મુકી દઈ બાકીનુ શિખવાનું, ને તે પછી તે મુકી દીધેલું શિખવાનું ઠીક પડશે, ને એ પ્રમાણે કરવામાં પણ મુખ્ય કલમો અને તેને લગતું જોયા પછી તેના અપવાદો તથા તેઓને લગતું જોવાથી વધારે સરલતા પડશે.

* આ હેતુથી હમે આ ગ્રંથના ૪ થા પ્રકરણમાં જોઈતો ફેરફાર કરી "સંસ્કૃત પ્રાતિપદિક રૂપાવલિ" નામની છ આનાની કિમ્મતની ચોપડી છપાવી બહાર પાડી છે તે જોવાથી માલમ પડશે.

# શુદ્ધિપત્રક.

| પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. | પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૦ | शक् | शक | ૩૩ | ૧૫ | पश्य | पश्य् |
| ,, | ૨૬ | अरू | अर् | ,, | ૨૨ | कामयति | कामयते |
| ૪ | ૩ | ऊह्, प्रौह् | ऊह, प्रौह | ,, | ,, | निज्, निनिक्षते | तिज्, तितिक्षते |
| ,, | ૨૫ | ओँ, योँ | ओं, यों | ,, | ૨૩ | मिमांसते | मीमांसते |
| ૬ | ૫ | श | श् | ,, | ૩૪ | र् | स् |
| ૮ | ૨૪ | પૂર્વેનો | પૂર્વેનોઋશિવાયનો | ૩૪ | ૨૭ | स्वप् | स्वप्, श्वस् |
| ૯ | ૭ | सू | सू, सो, | ૩૭ | ૬ | વિકારક | અવિકારક |
| ,, | ૨૨ | परिप्करोति | परिष्करोति | ,, | ૮ | न નો ण | न् નો ण् |
| ,, | ૩૩ | घ् | घ् | ,, | ૧૪ | म्री | भ्री |
| ,, | ૩૮ | उत्थथम्भं | उत्थतम्भं | ,, | ૨૬ | ज्ञप्–यम् | ज्ञप्, चप्, यम् |
| ૧૦ | ૧૩ | प्रत्यङ्ङ । त्मा | प्रत्यङ्ङात्मा | ૩૯ | ૯ | जन् | जभ् |
| ,, | ૨૪ | પછી श् | પછી र्, श् | ,, | ૧૩ | मू | भू |
| ૧૨ | ૧૧ | त्सरूः | त्सरुः | ,, | ૧૬ | हे | ह्वे |
| ૧૪ | ૨૩ | आंम | आम | ,, | ,, | वज् | यज् |
| ,, | ૩૪ | अतुस | अतुस् | ,, | ૧૭ | वय्, व्यथ् | |
| ,, | ,, | उस | उस् | ,, | ૨૧ | विव्य् | विव्यय् |
| ૧૫ | ૩ | स्ताम | स्ताम् | ,, | ૨૫ | ऊ ના उव् | ऊ નો उव् |
| ૧૬ | ૧૪ | ૧૦૭૭ | ૧૦૭૮ | ,, | ૨૮ | मू | म् |
| ૨૫ | ૬ | जक्ष् | जक्ष्, चकास् | ૪૦ | ૧ | विभाय, विभय | बिभाय, बिभय |
| ,, | ,, | शास् ના | शास्(પરસ્મૈપદી)ના | ,, | ,, | आधिजगे | अधिजगे |
| ,, | ૨૧ | કર્તરિ———— | પરોક્ષભૂતના | ,, | ૨ | जिद्द्य | जिह्वय |
| | | અવિકારક. | અવિકારક. | ,, | ૩ | विभरांचकार | बिभरांचकार |
| ,, | ૨૩ | धृ | | ,, | ૩૬ | બીજે | બીજે બધે. |
| ૨૬ | ૪ | स्ना | स्ना, स्नै | ૪૧ | ૧૦ | र०य | ल्य् |
| ,, | ૨૨ | शो | शो, शै | ,, | ,, | ह्व | ह्व |
| ,, | ,, | पा | पा, पै | ,, | ૨૧ | ढुह् | दुहे |
| ,, | ૨૪ | य | य् | ૪૨ | ૭ | च्युत् | |
| ,, | ૩૨ | अज्नुं वीथाय छे ने | वी ने | ,, | ,, | स्रेक् | |
| ,, | ૩૫ | घात् | घात्, शद् नुं शात् | ,, | ૧૧ | पप्त | पप्त् |
| ૩૦ | ૯ | सोसुप्य | सोषुप्य | ,, | ,, | अस्थ | अस्थ् |
| ,, | ૨૮ | मांला | माला | ,, | ,, | श्व | श्व् |
| ૩૧ | ૬ | धनय | धनाय | ,, | ૧૮ | भाज् | भ्राज् |
| ,, | ૭ | उद्कीय | उदकीय | ,, | ૧૯ | भ्राष् ने भ्रास् | भाष् ने भास् |
| ,, | ૨૫ | बिद्रूस्य | विद्रूस्य | ,, | ૨૦ | योध्, लोप्, ने | |
| ૩૨ | ૧૦ | भापय, भाद्य | मापय, मादय | ૪૩ | ૧૯ | अभ्र | अभ्र् |
| ,, | ૧૯ | गणेष्व | गणन्तम | ,, | ,, | चापयु | चापय |
| ,, | ૨૫ | अ | य | ,, | ૨૯ | स्रवय | स्रावय |
| ૩૩ | ૧૩ | इश् | इष् | ૪૫ | ૮ | क्रम् | कम् |
| ,, | ૧૪ | तिष्ठ | तिष्ठ् | ,, | ૧૨ | જ્યારે | જ્યારે अय |

| પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. | પાનું. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|---|---|---|
| ,, | ૩૫ | पा, सो, ह्रो | पा, पै, सो, सै, ह्रा ( પરસ્મૈપદી ) | ,, | ૩૬ | षांचकुः | षांच्कुः |
| | | | | ૭૩ | ૫ | षिषीः | षीः |
| ૪૬ | ૧૨ | जन् | પરસ્મૈપદમાં जन् | ,, | ૭ | षिढ्वम् | षिढ्वम्—ध्वम् |
| ,, | ૨૮ | बाधध्वे | बोधध्वे | ,, | ૮ | षिषीत् | षीत् |
| ,, | ૩૫ | बोधामहे | बोधामहै | ૭૪ | ૧૦ | षिषीढ्वम् | षिषीध्वम् |
| ૪૯ | ૭ | बोधिषीढ्वम् | बोधिषीध्वम् | ૭૬ | ૩૦ | अवेविषन् | अवेविषुः |
| ૫૦ | ૨૬ | बोधयांचकुः | बोधयांचक्रुः | ૭૮ | ૧ | सू | सु |
| ૫૧ | ૯ | बोधतारौ | बोधितारौ | ૭૯ | ૨ | असुयेथाम् | असुृयेथाम् |
| ,, | ૧૦ | बौधतारः | बोधितारः | ,, | ૬ | असुन्वन | असुन्वन् |
| ,, | ૨૦ | बोधयिप्यन्ति | बोधायिष्यन्ति | ૮૦ | ૨૪ | युङ्ध्वे | युङ्ग्ध्वे |
| ૫૨ | ૨૦ | बुंबोधिषेथाम् | बुबोधिषेथाम् | ,, | ૨૭ | युञ्जन्ते | युञ्जते |
| ,, | ૨૮ | बुबोधिष्येहि | बुबोधिष्येमाहि | ,, | ૩૪ | युङ्ध्वम् | युङ्ग्ध्वम् |
| ૫૩ | ૧૬ | सुबोधिषां चकुः | बुबोधिषांचक्रुः | ૮૧ | ૧૩ | अयुनजाब | अयुञ्ज्व |
| ,, | ૨૧ | अबुबोधिषिः | अबुबोधिषी: | ,, | ૧૪ | अयुनजाम | अयुञ्ज्म |
| ,, | ૨૩ | अबुबोधिषिढ्वम् | अबुबोधिषिध्वम् | ,, | ૧૭ | अयुङ्ध्वम् | अयुङ्ग्ध्वम् |
| ૫૪ | ૨૭ | बुबोधिषिषीढ्वम् | बुबोधिषिषीध्वम् | ,, | ૩૬ | तन्ये | तन्यै |
| ,, | ૩૬ | बोबुधीमि | बोबोधीमि | ૮૨ | ૧૩ | तन्यध्वम् | तन्येध्वम् |
| ૫૫ | ૯ | बोध्यावहै | बोबुध्यावहै | ,, | ૧૮ | अतन्वम् | अतनवम् |
| ,, | ૧૨ | बोबुध्येथाम | बोबुध्येथाम् | ૮૪ | ૧૬ | चोरयानि | चोरयाणि |
| ,, | ૧૫ | बोबुद्धताम् | बोबुद्धाम् | ૮૫ | ૭ | कण्डु | कण्डू |
| ,, | ૨૦ | बोबुध्याम् | बोबुध्याम | ,, | ૨૦ | कण्डूयान्ति | कण्डूयान्ति[જનના |
| ૬૧ | ૮ | अबुबोधयिषि | अबुबोधयिषे | ૮૭ | ૫ | ।શવાયના | શિવાયના વ્યં- |
| ,, | ૨૮ | अबुबोधयिषि | अबुबोधयिषिषि | ,, | ૧૯ | नंशित्वा | |
| ,, | ૩૩ | षिढ्वम् | षिध्वम् | ,, | ૨૧ | उ | ऊ |
| ૬૨ | ૩ | षितास्व | षितास्वः | ,, | ૨૭ | बन् | वन् |
| ૬૩ | ૩૬ | अबुबोधिषायि | अबुबोधिषये | ૮૯ | ૯ | इन | ईन |
| ૬૪ | ૧ | अबुबाधिष्यथाः | अबुबोधिष्यथाः | ,, | ૧૦ | सू | सु |
| ,, | ૧૮ | अबुबोधिषि | अबुबोधिषे | ,, | ૨૩ | तानित | |
| ,, | ૨૨ | षथाम् | षेथाम् | ,, | ૩૩ | सुत्त | सूत्त |
| ,, | ૨૩ | षढ्वम् | षध्वम् | ,, | ૩૪ | ने तत; ने सन् | तत; ने सन् , जन् |
| ,, | ,, | षयिढ्वम् | षयिढ्वम्—ध्वम् | ૯૨ | ૩૨ | ખાવા | ભોગવવા |
| ,, | ,, | षिढ्वम् | षिध्वम् | ,, | ,, | ભોગવવા | ખાવા |
| ૬૮ | ૬ | धयिष्येताम् | धयिष्येथाम् | ૯૩ | ૫ | बृ | त्रृ |
| ૬૯ | ૬ | षतम | षतम् | ,, | ૯ | स | सं |
| ,, | ૩૩ | षाचकृवहे | षांचकृवहे | ,, | ૨૯ | भु=य | भू+य |
| ૭૦ | ૯ | षिषिष्टम् | षिष्टम् | ૯૭ | ૩૬ | बहु | बहुल |
| ,, | ૧૦ | षिषिष्ट | षिष्ट | ૯૯ | ૬ | કરાય છે. | કરાય છે, |
| ,, | ૧૧ | षिष्टं | षिष्ट | ,, | ૨૬ | एकषष्टतमः | एकषष्टः |
| ,, | ૨૫ | —बोबुधिषिष्ये | बोबुधिषिष्ये | ,, | ૩૦ | तम પ્રત્યય | तिथ, इथ, ने थ અનુક્રમે |
| ૭૧ | ૧૭ | મૂળ ધાતુ | મૂળ નામ | | | | |
| ૭૨ | ૩૨ | षांचकथुः | षांचकथुः | ૧૦૦ | ૧૬ | दोहितृ | दुहितृ |

| પાનુ. | લીટી. | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| १०० | ३० | શિવાયના | |
| ,, | ३५ | कत् | कत |
| १०२ | ११ | यादृश ने तादृश | यादृश ने तादृश |
| ,, | १६ | औपग | औपगव |
| ,, | ३० | पाण्डु नुं पाण्डी | |
| ,, | ३४ | राहित | रोहित |
| १०३ | ११ | मातुलानि | मातुलानी |
| १०४ | १ | निल | नील |
| ,, | ,, | निला | नीला |
| ,, | १४ | * | = |
| ,, | ३२ | सिक्ता | सिकता |
| ,, | ३७ | द्वि | द्वि |
| १०५ | २६ | स्त्री | स्त्री |
| ११० | ४ | घृष् | धृष् |
| १११ | २२ | (પુ. સ્ત્રી. ન.) | (પુ. ન.) |
| ११२ | १५ | थेम | थमे |
| ,, | २७ | दन्तै | दन्तैः |
| ,, | ३७ | वनाम्याम् | वनाभ्याम् |
| ,, | ,, | माम्याम् | माभ्याम् |
| ,, | ३८ | मासेम्य–माम्यः | मासेभ्यः–माभ्यः |
| ११४ | ४ | બી | બીજી. |
| ११६ | २७ | विक्रीमिः | विक्रीभिः |
| ११७ | १८ | क्रोष्टुने | क्रोष्टवे |
| ,, | २७ | धेनूभ्याम् | धेनुभ्याम् |
| ,, | ३७ | सानुमिः | सानुभिः |
| ११८ | ४२ | नेतर् | नेतः |
| ११९ | २७ | गम्लूभ्याम् | गम्लभ्याम् |
| ,, | ३४ | કામનવાળો | કામનાવાળો |
| १२० | १७ | नावम | नावम् |
| ,, | २७ | कुचि | कुञ्चि |
| ,, | ३८ | प्राञ्चो | प्राञ्चौ |
| १२२ | १६ | મો મોટું–ટો | મોટો–મોટું. |
| ,, | १८ | सुगणा | सुगणौ |
| ,, | ४८ | शकत् | शकृत् |
| १२५ | २३ | अहनि | अहनी |
| १२६ | १३ | नट्सु | नट्सु, नट्त्सु |
| ,, | १९ | सुमनसो | सुमनसौ |
| ,, | २० | समनसम् | सुमनसम् |
| ,, | ३१ | अनेहंसि | अनेहांसि |
| ,, | ३८ | ,, | ,, |
| १२७ | १८ | आर्चिषि | अर्चीषि |

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| १२७ | २५ | अर्चिषि | अर्चीषि |
| ,, | ४८ | सुजुषि | सजुषि |
| १२८ | ६ | चक्षुंषि | चक्षूंषि |
| ,, | १२ | पुन्सु (पुंसु નહી) | पुंसु (पुन्सु નહી) |
| ,, | २४ | दाः | दोः |
| ,, | २८ | સ્ત્રી. | |
| ,, | ३६ | पेचिवान् | पेचिवन् |
| ,, | ४२ | वन् | वत् |
| ,, | ४६ | शुश्रुवताम् | शुश्रुवुषाम् |
| ,, | ४८ | शुश्रुवान् | शुश्रुवन् |
| १२९ | १४ | जगन्वान् | जगन्वन् |
| ,, | २६ | घुट्सु | घुट्सु घुट्त्सु |
| १३० | ५ | उष्णिक् | उष्णिक् – ग् |
| ,, | ७ | उष्णिग्भ्याम् | उष्णिग्भ्याम् |
| ,, | १५ | તથા રૂપો | તથા તેઓમાંના જોઇતા રૂપો |
| १३१ | ४० | भवकतीमिः | भवकतीभिः |
| १३२ | ३६ | एत | एते |
| १३३ | २१ | अस्मात् | अस्मात् [य छे. |
| १३५ | ५ | અર્થમાં | અર્થમાં વપરા- |
| १३७ | ९ | माकिर | माकिर् |
| ,, | १९ | કે, જેમ | કેમકે |
| ,, | २९ | प्रत्य | प्रेत्य |
| १४० | ११ | वहन | वाहन |
| ,, | २० | दुर | दुर् |
| ,, | ३१ | करथी | करथी થતા |
| १४१ | १४ | पति | प्रति |
| ,, | १७ | अनु | अन् |
| ,, | ,, | नेअनु——–છે. | |
| १४२ | १२ | शाभन | शोभन |
| ,, | ,, | सेघः | सेधः |
| १४३ | ,, | विष्ठा | વિષ્ટા |
| ,, | १६ | कर=विष्कर | किर=विष्किर |
| १४४ | ३५ | उरू | ऊरु |
| ,, | ,, | उर्वष्ठीवम् | ऊर्वष्ठीवम् |
| ,, | ३६ | दाराच | दाराश्च |
| १४५ | ३१ | मित्रावरूणौ | मित्रावरुणौ |
| ,, | ३८ | मयूरी | मयूरीच |
| १४६ | ५ | अनड्वंश्च | अनड्वांश्च |
| ,, | ६ | द्यावा च भूमी च | द्यौश्च भूमिश्च |
| ,, | ,, | द्यावाच क्षमाच | द्यौश्च क्षामा च |
| ,, | ,, | द्यावाक्षमे | द्यावाक्षामे |

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૪૬ | ૨૯ | गार्गायणश्च | गार्ग्यायणश्च |
| ૧૪૭ | ૨૨ | सपो | सूपो |
| ,, | ૨૩ | धेनं | धनं |
| ૧૪૮ | ૧૦ | मध्ये | मेध्ये |
| ,, | ૨૭ | विवृतासिःઅથવા असिविवृतः | दण्डपाणिः |
| ૧૫૦ | ૧ | अन्तर | अन्तर् |
| ,, | ,, | अन्तरलोमः | अन्तर्लोमः |
| ,, | ૬ | जम्भ् | जम्भ |
| ,, | ,, | हस्ति | हरित |
| ,, | ૧૨ | दुस | दुस् |
| ,, | ૧૩ | दु :प्रजाः | दुष्प्रजाः |
| ૧૫૧ | ૧ | नस् અથવા | नस અથવા |
| ,, | ,, | द्रुरि नासिका | द्रुरिव नासिका |
| ,, | ૩ | रव्यः | ख्य |
| ,, | ૧૧ | अराक | अरोक |
| ,, | ૧૩ | दन्ताः | दन्ता |
| ,, | ૧૪ | ,, | ,, |
| ,, | ૨૨ | मित्र | भित्र |
| ,, | ૩૦ | पुसौ | पुमांसौ |
| ,, | ૩૬ | रुपवती | रूपवती |
| ૧૫૨ | ૨૬ | તએોના | તેઓનાવિશેષ્યના |
| ,, | ૩૦ | अश्वः | श्वः |
| ,, | ,, | एणीव | एण्या इव |
| ,, | ૩૧ | अज | अजस्य |
| ,, | ૩૨ | शारिरिव | शारेरिव |
| ,, | ,, | प्रोष्ठ | प्रोष्ठस्य |
| ૧૫૪ | ૨ | ભળેલી ધાણી | ભળેલા ધાણા |
| ૧૫૫ | ૯ | अर्धापिप्पली: | अर्धपिप्पली |
| ,, | ૩૮ | सौराष्ट्रब्रह्म | सुराष्ट्रब्रह्म |
| ૧૫૭ | ૨૩ | शुनः शेषः | शुनः शेपः |
| ૧૫૮ | ૧૨ | स्थाण्डिलशायी | स्थण्डिलशायी |
| ,, | ,, | चक्रबद्धः | चक्रबंधः |
| ,, | ૨૮ | आदौ, पश्चात् | आदौ पश्चात् |
| ૧૬૦ | ૧૨ | भर्भिणी | गर्भिणी |
| ,, | ૧૫ | कुमारमृदु [ તો | कुमारमृदु |
| ૧૬૧ | ૯ | જોકુ નો અર્થ- | कु નો का |
| ,, | ૧૨ | कव् | कव |
| ,, | ૧૪-૧૫ | काजलं થોડુ જળ,ને | |
| ૧૬૩ | ૧૨ | य હોય તો | य અથવા અવ્યય થતો શબ્દ હોય તો |

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૬૩ | ૧૩ | विपन्थाः | विपथं |
| ,, | ૩૨ | इति= | = |
| ,, | ૩૪ | त्रिराजः | त्रिराजम् |
| ૧૬૪ | ,, | कौशाम्न्याः | कौशाम्न्याः |
| ૧૬૫ | ૮ | अंगुल्योः | अंगुलिभ्यः |
| ૧૬૬ | ૯ | नक्केदाः | नक्केदाः |
| ૧૬૮ | ૬ | पार ने मध्य | पारे ने मध्ये |
| ,, | ૧૫ | गङ्गया अनु | गङ्गाया अनु |
| ,, | ૨૩ | दु | दुर् |
| ,, | ૨૪ | नि | निर् |
| ,, | ૨૫ | इति हरिः | इतिहरि |
| ૧૬૯ | ૧૬ | उपगुः | उपगु |
| ,, | ૨૬ | उपशून | उपशुन |
| ૧૭૦ | ૨૪ | सम | सम् |
| ૧૭૧ | ૩૬ | इ | ई |
| ,, | ,, | पुरूषः | पुरुषः |
| ૧૭૨ | ૧૬ | प्रियकोष्ट्रा | प्रियकोष्ट्र |
| ૧૭૩ | ૩ | स्त्री | स्त्रि |
| ,, | ૨૩ | ઘણા લશ્કર વાળો-ળી | લશ્કરને અતિ ક્રમણ કરી રહેનારો-રી |
| ૧૭૪ | ૨૧ | अजरसौ | अजरसौ \| अजरसी |
| ,, | ૨૨ | अजरौ | अजरौ \| अजरे |
| ,, | ૨૩ | अजरसौ | अजरसौ \| अजरसी |
| ,, | ૨૩ | अजरसम् | अजरसम् \| अजरसम् |
| ૧૭૫ | ૬ | प्रधी | प्रधीः |
| ,, | ૩૦ | अतिचम्वे | आतिचम्वै |
| ૧૭૬ | ૧૪ | स्वप | स्वप् |
| ,, | ૧૭ | स्वापी | स्वपी |
| ,, | ૩૧ | उशन | उशनः |
| ,, | ,, | उशनंसि | उशनांसि |
| ,, | ૩૭ | सुपुन्सु ( सुपुंसु नही. ) | सुपुंसु ( सुपुन्सु नहीं ) |
| ૧૭૭ | ૨૭ | गृधो | गृध्रो |
| ૧૭૮ | ૧૪ | हाहनन् | हाहन् |
| ,, | ૩૨ | अवत्सुः | अवात्सुः |
| ,, | ૩૫ | ઉપસર્ગ | આગમ |
| ૧૭૯ | ૩૮ | निन्देत्वा | निन्देत् वा |
| ૧૮૦ | ૧ | ,, | ,, |
| ,, | ૧૬ | આજે | આ જે |

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૮૦ | ૨૭ | स्वादे | खादे |
| ૧૮૧ | ૫ | भुञ्जतु | भुङ्क्ताम् |
| ,, | ૨૯ | त्यजेत | यजेत |
| ૧૮૨ | ૪ | त्यजेः | त्यजेत् |
| ,, | ૧૪ | વિધ્યર્થમાં | વિધ્યર્થના અર્થમાં |
| ,, | ૧૭ | नार्यायिष्यति | नार्यायिष्यत् |
| ,, | ૨૦ | कृच्छ्रे | कृच्छ्रे |
| ,, | ૩૦ | स्वपीति | स्वापिति |
| ૧૮૩ | ૨૧ | શિવાય લગતુ | શિવાય, લગતું, |
| ૧૮૪ | ૬ | विद्युतते | वियोतते |
| ,, | ૧૧ | ,, | ,, |
| ,, | ૧૮ | अन्हा | अह्ना |
| ,, | ૧૮ | अनुवाकधीतः | अनुवाकोऽधीतः |
| ૧૮૫ | ૨૦ | दैतेभ्यो | दैत्येभ्यो |
| ,, | ૨૯ | मौनात्मूर्खो | मौनान्मूर्खो |
| ૧૮૬ | ૮ | सत्वमेवार्ति रिच्यते | सत्यमेवातिरिच्यते |
| ,, | ૧૪ | ग्रामात्प्राङ् | ग्रामात्प्राक् |
| ,, | ૧૮ | ग्रामाद्बहिः | ग्रामाद्बाहिः |
| ૧૮૭ | ૭ | तरुणामधः | तरूणामधः |
| ,, | ૧૪ | કર્મવાચક | ભાવે કર્મ વાચક. |
| ૧૮૮ | ૨ | ने | ને |
| ,, | ૧૩ | ऽधीतिन् | ऽधीती |
| ,, | ૧૭ | साघुः | साधुः |
| ૧૮૯ | ૨૩ | वस्तुंषु | वस्तुषु |
| ૧૯૩ | ૨૩ | दर्शयती | दर्शयति |
| ૧૯૪ | ૨૨ | रामश्वेतत् | रामश्वैतत् |
| ,, | ૩૭ | वय | वयं |
| ૧૯૫ | ૨૦ | मन, बुध | मन्, बुध् |
| ,, | ૩૧ | એ શબ્દો | એના અર્થના શબ્દો |
| ૧૯૬ | ૨૦ | भवंत्यौ | भवन्तौ |
| ,, | ૨૩ | રહેનારા | રહેનારાના |
| ૧૯૯ | ૫ | शिखन्ड | शिखण्ड |
| ,, | ૧૧ | उडभार्य | ऊढभार्य |
| ૨૦૦ | ૧૩ | निशणश्यामा | निषण्णश्यामा |
| ,, | ૧૪ | शिकै | शिकौ |
| ૨૦૨ | ૮ | अगद | अगद् |
| ૨૦૫ | ૫ | उञ्छे | उच्छे |
| ,, | ૨૫ | उर्दे | उर्द् |

| પાનુ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૨૦૭ | ૩૮ | ઉપદેશ | કાળનો ઉપદેશ |
| ૨૦૮ | ૧૮ | विलेखेनषु | विलेखनेषु |
| ,, | ૨૫ | કાંપવું | કાપવું |
| ૨૧૨ | ૨૯ | કરવું | કરવો |
| ૨૧૩ | ૩૮ | ,, | ऊ |
| ૨૧૫ | ૩૩ | ૯૨૮ | ૯૨૬ |
| ૨૧૭ | ૯ | चक् | चुक् |
| ,, | ૨૪ | स्मुच्छये | समुच्छ्रये |
| ,, | ૨૬ | इ | ई |
| ૨૨૧ | ૪૪ | तुर | तुर् |
| ૨૨૩ | ૯ | प् | त्रुप् |
| ,, | ૨૧ | छद्मगतो | छद्मगतौ |
| ૨૨૪ | ૩૪ | उपत्तापे | उपतापे |
| ,, | ૪૨ | दृ | दॄ |
| ૨૨૮ | ૫ | नह | नह् |
| ૨૨૯ | ૨૭ | पल्यूल् | पल्यूल् |
| ૨૩૦ | ૪૪ | પરવું | પૂરવું |
| ૨૩૩ | ૧૦ | इर | इर् |
| ૨૩૪ | ૧૮ | मू | भू |
| ૨૩૫ | ૧૯ | છેતરવું | ઉછેરવું. પૂજવું |
| ,, | ૨૦ | मठ् | मठ् |
| ૨૩૬ | ૩૫ | भेधाहिंसयोः | मेधाहिंसयोः |
| ,, | ૩૯ | ,, | ,, |
| ૨૩૭ | ૧૩ | निमषणे | निमेषणे |
| ,, | ૩૯ | ઉગારવું | ઉગાળવું |
| ૨૩૮ | ૯ | मृद | मृद् |
| ૨૩૯ | ૩૭ | ૩૭૧ | ૩૩૧ |
| ,, | ૩૯ | धटादि | घटादि |
| ૨૪૦ | ૫ | विलखने | विलेखने |
| ,, | ૧૬ | आस्वने स्नेहनयोः | आस्वादनस्नेहनयोः |
| ,, | ૪૪ | स्रवणे | स्रवणे |
| ૨૪૧ | ૩૨ | भाषायाम् | भूषायाम् |
| ૨૪૨ | ૧૧ | ई | इ |
| ,, | ૩૪ | श्लोषन | श्लेषण |
| ૨૪૩ | ૨૧ | ચાટવું | ચોટવું |
| ,, | ૨૩ | प्रतिंघाते | प्रतिघाते |
| ૨૪૪ | ૧૧ | ऋ | |
| ,, | ૨૫ | | उ |
| ૨૪૫ | ૫ | उद्गीरणे | उद्गिरणे |
| ૨૪૬ | ૭ | ભણવું | જાણવું. |
| ૨૪૯ | ૩૮ | शुक्र् | शुल्क् |

| પાનું | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. | પાનું | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|---|---|---|---|
| ૨૫૦ | ૮ | प्रसहने | प्रहसने | (૮) | ૩૭ | विद्वज्जनो | विद्वज्जनो |
| ” | ૩૭ | „ । „ | पाके । રાંધવું. | ” | ” | श्लोघ्य | श्लाघ्य |
| ૨૫૨ | ૩૨ | मांङ्गल्ये | माङ्गल्ये | (૯) | ૩૮ | गुखश्च | गुरवश्च |
| | | | | (૧૪) | ૨૫ | आर्यकर्माणि | आर्यकर्मणि |
| ૨૫૩ | ૧૩ | सूर्क्ष | सूर्क्ष् | (૧૫) | ૨૭ | પ્રસ્તાવનાની | ભૂમિકાની |
| ૨૫૪ | ૮ | स्तिध् | स्तिघ् | ” | ૩૬ | ઊકિત | ઊક્તિ |
| ” | ૩૭ | उद्गीरणे | उद्गिरणे | ” | ૩૯ | भावयतः | भावयन्तः |
| ૨૫૯ | ૩ | उदकस्योपकुरुते | उदकस्योपस्कुरुते | (૨૦) | ૯ | તની | ત ની |
| ” | ૨૪ | आक्रमति | आक्रामति | ” | ૧૮ | आन् | आन. |
| ” | ૩૬ | ફરેછે | ચું ચું કરેછે. | (૨૩) | ૩૨ | તથા રૂપો | તથા તેઓમાંના જોઈતા રૂપો |

૧. પા. ૧ લે-૧૬ મી લીટીમાં “ अ-થાય છે ” નું “ अ નો ગુણ अ ને વૃદ્ધિ आ થાય છે. आ નો ગુણ आ ને વૃદ્ધિ आ થાય છે ” કરવું.

૨. પા. ૫ મે-૧૫ મી લીટીમાં “ આશ્ચર્ય-શબ્દોને ” નું “ અવ્યયોને ” ને ૧૯મીમાં “ આશ્ચર્ય-તેની ” નું “ उ અવ્યયની ” કરવું; ૨૦ મીમાંથી “ એવા उ ની ” કહાડી નાંખવું; ને ૨૨મીમાં “ किमु+उक्त ” નું “ किम्+उ+उक्त ” કરવું.

૩. પા. ૭ મે-૧૪ મી લીટીમાંથી ऋ કહાડી નાંખવો; ને ૧૬ મી લીટીમાં “ તથા दा ” નું “ તથા ૨જા ગણના दा ને ૧ લા ગણના दै શિવાયના दा ” કરવું.

૪. પા. ૨૫ મે-૮ મી કલમમાં “ પણ પરોક્ષભૂતમાં એમ થતુ નથી ” ઉમેરવું; ને ૯ મી કલમ છે તે કહાડી નાખવી.

૫. પા. ૨૭ મે-૩ જી લીટીમાંથી “ स्यम्, व्ये, चाय्, प्याय्, ज्या, व्यध्, व्यच्, व्रश्च्, भ्रस्ज् ” કહાડી નાખવા.

૬. પા. ૨૮-૨૯-૩૪-ને ૩૮ મે उर्णु, उर्णोनूय ને उर्णनु માં उ ને દીર્ઘ કરવું; વળી પા. ૨૮ મે ૧૪ મી લીટીમાં आंप् નું आप् કરવું; પા. ૨૯ મે-૩જી કલમના અપવાદ ૧લાની घ ની કલમ કહાડી નાંખવી ને ૨૬ મી લીટીમાં “ यम्यम्य ” નું “ यंयम्य ને यँय्यम्य ” કરવું; ને પા. ૩૮ મે-૧૩ મી લીટીમાં विद નું विद्, ૩૨મીમાં इय નું इय्, ને ૩૪મીમાં ह નો ह् કરવો.

૭. પા. ૪૪ મે-૧ લી લીટીમાંથી अस्रोष्यत् કહાડી નાંખવું; ૨જીમાં आशिश्वियत् પછી अश्वत् ઉમેરવું; ૪ થીમાં असिष्वपत् નું असूषुपत् ને ૫ મીમાં अजूहवत नुं अजुहावत् કરવું; ૮ મીમાંથી अचकमत् કહાડી નાખવું; ને ૩૩ને ૩૪મીમાં “ ज्ञप्-થાય છે ” નું “ ज्ञप्, चप्, यम्, चह्, रह्, बल् ને चि ને घटादि નું કાર્ય થતુ નથી ” કરવું.

૮. પા. ૪૭ ને ૪૮ મે-પા. ૪૭મે-૨૫ મી લીટીમાં ને પા. ૪૮ મે-૧લી ને ૫ મીમાં “ આત્મનેપદ ” નુ “ કર્તરિ પ્રયોગ ” કરવું; ને એ પાનાઓમાં સામાન્યભૂતમાં अबुधे આદિ ૯ રૂપો છે તે કહાડી નાંખવા, ને ह्वम् છે તેનું ध्वम् કરવું. વળી પા. ૪૭ મે-૧૫ મીમાં अबोधि નું अबोधे, ને ૩૨મીમાં बुबुधतु નું बुबुधतुः, ને પા. ૪૮ મે-૬ ઠ્ઠીમાં अबृधन् નુ अबुधन्, ને अबोधिषतः નું अबोधिषत કરવું.

૯. પા. ૫૬, ૫૭ ને ૫૮ મે-પા. ૫૬ ને ૫૭ મે પરોક્ષભૂતથી વિધ્યર્થ ભવિષ્યના પરસ્મૈપદના રૂપોમાં बोबुधांचकार આદિ શબ્દોમાં बु નો बो કરવો; પા. ૫૭ ને ૫૮ મે ભાવે-

કર્મ પ્રયોગના રૂપોમાં बुधय्ये નું बुध्ये કરવું ને એ પ્રમાણે એની નીચેના ૩૫ રૂપોમાંથી પણ अय् કહાડી નાંખવો. વળી પા. ૫૬ મે-૨૦ મી લીટીમાં अबाबुधिषत નું अबोबुधिषत, ૩૩ મીમાં बोबुधिष्याव નું बोबुधिष्यावः, ને ૩૪મીમાં बेबुधिष्यामः નું बोबुधिष्यामः ને પા ૫૮ મે-૩૭ મીમાં बुधयांचकृध्वे નું बुधयांचकृढ्वे કરવું.

૧૦. પા. ૫૯ મે-સામાન્ય ભૂતના રૂપોમાં बू નો बु કરવો ને એમાં अबुधिढ्वम् છે તે કહાડી નાખવું.

૧૧. પા. ૬૦ મે-આશીર્લિંગના પરસ્મૈપદના રૂપોમાં ध्या નો या કરવો ને એમાં बुधिषीढ्वम् છે તે કહાડી નાંખવું.

૧૨. પા. ૬૨ મે-૩ જી લીટીમાં षितास्व નું षितास्वः, ને ૩૭ મીમાં ढ्वम् નું ध्वम् કરવું; ને એ પાને આશીર્લિંગના પરસ્મૈપદના રૂપોમાંથી षि કહાડી નાંખવો.

૧૩. પા. ૮૧ મે-तन् ના ભાવેકર્મ પ્રયોગના વર્તમાન કાળના રૂપોમાં " तायें, तायावहे, तायामहे, तायसे, तायेथे, तायध्वे, तायते, तायेते, तायन्ते ", આજ્ઞાર્થ ના રૂપોમાં " तायै, तायावहै, तायामहै, तायस्व, तायेथाम्, तायध्वम्, तायताम्, तायेताम्, तायन्ताम्," વિધ્યર્થ ના રૂપોમાં " तायेय, तायेवहि, तायेमहि, तायेथाः, तायेयाथाम्, तायेध्वम्, तायेत, तायेयाताम्,तायेरन्," ને અનદ્યતન ભૂતના રૂપોમાં " अताये, अतायावहि, अतायामहि, अतायथाः, अतायेथाम्, अतायध्वम्, अतायत, अतायेताम्, अतायन्त " અનુક્રમે ઊમેરવા.

૧૪. પા. ૮૩ મે-ग्रह् ના રૂપોમાં અનક્રમે.

" गृह्णन्ते, गृह्णन्ताम्, गुह्येयाथाम्, अगृह्णम्, अगृह्णाव, अगृह्णाम, अगृह्णः, अगृह्णन " નું

" गृह्णते, गृह्णताम्, गृह्येयाथाम्, अगृह्णाम्, अगृह्णीव, अगृह्णीम, अगुह्णाः, अगृह्णन् " કરવું.

૧૫. પા. ૮૬ મે-૨૯મી લીટીમાં ह् નો व् કરવો; " ગ " ની કલમ ને બદલે " मि, मी ને दी ના અંત્યનો જરૂર ને ली નો અંત્યનો વિકલ્પે आ થાય છે, ને मे ના અંત્યનો इ અથવા आ થાય છે " એ કલમ જાણવી.

૧૬. પા. ૯૦ મે-૩ જી લીટીમાં विद् પછી ( ૭ મા ગણનો ) ઊમેરવું; ૪ થીમાંથી " પણ पूर् ને એમ થતું નથીજ " કહાડી નાંખવું; ૯ મી માં धृ પછી नृ ઊમેરવું; ૧૧ મી માંથી मू ને शम् કહાડી નાંખવા; ૧૪મીમાં दु પછી ( ૧ લા ગણનો ) ને गु પછી ( ૬ ઠ્ઠા ગણનો ) ઊમેરવું; ૧૮મીમાંથી " मव्—मृत " ને ૧૯ મી માંથી " अव्—ऊत " કહાડી નાંખવા; ને ૨૦મીમાં ह्वान्न નું ह्वन्न, ને ૨૪મીમાં वाह् નું बाह्, ને वाढ નુ बाढ કરવું.

૧૭. પા. ૯૧ મે-૬ ઠ્ઠી લીટીમાં आन् નું आन કરવું; ૧૦મીને ૧૧ મીમાં " जन्—આવેછે " ને બદલે " जन् નું जज्ञिवस्, जजन्वस्। खन् નું चख्निवस्, चखन्वस्। गम् નું जग्मिवस्, जगन्वस्। ને हन् નું जघ्निवस्, जघन्वस् થાયછે " જાણવું; વળી ૧૪મી લીટીમાં चकीराण નું चिकिराण કરવુ; ને ૩૧મીમાંથી ऋ કહાડી નાંખવું.

૧૮. પા. ૧૧૩ મે-૧૭ મી લીટીમાં मांम्याम् નું मान्भ्याम्, ૨૧મીમાં आस्ययो નું आस्ययोः, ને ૨૨મીમાં मांसषु નું मांसेषु કરવું; ને उदक ના રૂપોમાં न्द છે ત્યાં द्र કરવો.

૧૯. પા. ૧૩૯ મે-૨૧ મી લીટીમાં " अमरावती—विश्वानर। " નું " विश्वानर। ( अमरावती ને इरावती પણ પેહેલા પદનો અંત્ય સ્વર દીર્ઘ થઇ થાય છે. ) ", ૩૩મીમાં अजि નું आजि, ને अति નું आति; ને ૩૪ મીમાં कापिन् નું काषिन् કરવું.

૨૦. પા. ૧૫૬ મે-૬ ઠ્ઠા લીટીમાં मण्डुक सरसम् નું मण्डूकसरसम् કરવું; ૮ મીમાં सर्व પછી संख्यात ઊમેરવું; ૯ મીમાંથી " संख्यात—થાય છે " ને ૧૧ મી માંથી " संख्याताहः અ-થવા " કહાડી નાંખવા; ને ૨૬મીમાં इक्षुच्छाया નું इक्षुच्छायं કરવું.

૨૧. પા. ૧૬૨ મે-૯ મો લીટીમાં शाब નું शाव કરવું; ૩૪ મીમાં सर्व પછી संख्यात ઊમેરવું; ને ૩૫ મી માંથી " ને જો—થાય છે " ને ૩૭ મીમાંથી संख्याताह કહાડી નાંખવા.

# પ્રમાણપત્ર.

રા. રા. શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી

મુંબઇ.

જત આશીર્વાદ સાથે લખી જણાવવાનું કે તમારો કરેલો "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રંથ હમોએ સાદ્યન્ત ધ્યાન દઈ તપાસ્યોછે અને હમારી ખાતરી થાયછે કે **એ ગ્રંથ મહર્ષિપાણિનિસૂત્રાર્થાનુસાર છે,** ને એમાં કૃતાદિ, તદ્ધિત અને ઉણાદિ પ્રાતિપદિકો સાંધવાના તથા પ્રાતિપદિકોના રૂપો સાંધવાના નિયમોના તથા વેદના વ્યાકરણને લગતા નિયમોના વિષયો શિવાયના તમામ વિષયો નિઃશેષ તેમજ અનન્યસાધારણ રીતે લખેલા છે અને તેઓની ગોઠવણ તથા તેઓની કલમોની બાંધણી પણ ઘણીજ સરલ અને યોગ્ય અનુક્રમવાળી છે તેથી એ ગ્રંથ સંસ્કૃત વિદ્યાના અભિલાષીઓને ખરેખર ભણવા યોગ્ય અને સહેલાઈથી ટુંક વખતમાં ભણાય તેવો છે.

ગુજરાતી ભાષાના ગ્રંથોમાં આવા ગ્રંથની ખરેખર ખોટ છે ને તે પુરી પાડવા આ તમોએ જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર પ્રશંસનીયછે ને તે જોઈ હમે ઘણાજ ખુશી થયા છીએ. હમારી ખાતરી છે કે એ ગ્રંથ ગુજરાતી ભાષાના ઉંચી પંક્તિના અને અત્યુપયોગી ગ્રંથોમાંનો એક થઇ પડશે ને જો યોગ્ય અધિકારીઓ એ ભણવા તથા બાળકોને ભણાવવાને ઘટતું કરશે તો ગુજરાતવાસી આર્યોની મૂલ ભાષા તથા તેના ગ્રંથો ધીમે ધીમે સજીવન થશે અને તેઓની ખરી ખુબી તથા ખરા અર્થો તેઓના જાણવામાં આવશે એટલુંજ નહીં પણ સંસ્કૃત ગ્રંથોના તરજુમાઓ પાછળ થતી મહેનત તથા ખરચ બીજા સારા ઉપયોગમાં લેવાશે, તેમજ તરજુમાઓમાંથી થતા કેટલાક અનર્થો પણ દૂર થશે અને બીજા પણ અનેક ફાયદાઓ થશે.

મુંબઈ<br>
શકે ૧૮૩૧ના આષાઢ સુદિ<br>
૪ ને સોમવાર.

**લિ. શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ રાયકવાલ**<br>
વ્યાકરણાચાર્ય—કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલાની વ્યાકરણની ખંડ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયલા તથા શેઠ ગોકુલદાસ તેજપાલની સંસ્કૃત પાઠશાલાના મુખ્ય અધ્યાપક.

**લિ. શાસ્ત્રી ત્રિભુવન ધનજી ધ્રોલવાળા**<br>
કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલાની વ્યાકરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થયલા તથા મુંબઇની શેઠ દેવીદાસ લલ્લુભાઇની પાઠશાલાના અધ્યાપક.

॥ શ્રીગણેશાય નમઃ ॥

# સંસ્કૃત ભાષા પ્રદીપ.

## પ્રકરણ ૧ લુ.

### અક્ષર.

**૧. અક્ષરોની ઉત્પત્તિ ક્યાંથી અને શીરીતે થાયછે.**–મુખના કંઠ, તાલુ, મૂર્ધ, દંત, ઓષ્ઠ, જીહ્વામૂલ, અને નાસિકામૂલ, એ ૭ સ્થાનોમાંથી આભ્યંતર અને બાહ્ય એવા બે જાતના પ્રયત્નો વડે સ્વર અને વ્યંજન એવા બે જાતના અક્ષરો ઉત્પન્ન થાયછે. આભ્યંતર અને બાહ્ય પ્રયત્નોના ભેદો નીચે પ્રમાણે છે.—

ક. આભ્યંતર પ્રયત્નના ૫ ભેદ છેઃ–વિવૃત, સ્પર્શ, અર્ધસ્વર, ઊષ્માક્ષર ને મહાપ્રાણ.

ખ. બાહ્ય પ્રયત્નના ૨ ભેદ છેઃ– અઘોષ અને ઘોષ.

**૨. અક્ષરોની વિગત.**–

ક. સ્વર મૂળ ૫ છે, **अ, इ, उ, ऋ** ને **लृ**. એમાના પહેલા ચાર દીર્ઘ બોલાવવાથી અનુક્રમે **आ, ई, ऊ, ॠ** ને **ॠ** થયા છે. ને એ રીતે થતાં **अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, लृ** માં

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **अ** | અથવા | **आ** | નો ગુણ | **अ** | ને વૃદ્ધિ | **आ** | થાયછે. |
| **इ** | " | **ई** | " | **ए** | " | **ऐ** | " |
| **उ** | " | **ऊ** | " | **ओ** | " | **औ** | " |
| **ऋ** | " | **ॠ** | " | **अर्** | " | **आर्** | " |
| **लृ** | " | **ॠ** | " | **अल्** | " | **आल्** | " |

ને એમ થવાથી **ए, ऐ, ओ, औ, अर्, आर्, अल्**, ને **आल्** વધતે પણ છેલ્લા ચારમાં **र्** ને **ल्** આવવાથી માત્ર **ए ऐ ओ** ને **औ** ઉમેરાયાછે, ને અનુસ્વાર અને વિસર્ગ જે વ્યંજનમાંથી થાયછે તે એમાં ગણાયાછે ને એ રીતે સ્વર ૧૫ થયાછે તે નીચે મુજબઃ—

**अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, लृ, ए, ऐ, ओ, औ,** ं (=અનુસ્વાર), : (=વિસર્ગ).

વિસર્ગ **क्** ને **ख्** ની પૂર્વે ᳵ લખાય છે ને જીહ્વામૂલીય કહેવાયછે.

" **प्** ને **फ्** " " " ઉપધ્માનીય. "

ખ. વ્યંજન ૩૩ છે તે નીચે મુજબઃ-

क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, द्, ध्, न्, प्, फ्, ब् भ्, म्, य्, र्, ल्, व्, श्, ष्, स्, ह्.

૩. **અક્ષરોના સ્થાનો**–સ્થાનો તથા તેઓમાંથી નીકળતા અક્ષરો નીચે મુજબ છે.—

કંઠ–अ, आ, :, क् વર્ગના (=क्, ख्, ग्, घ्, ङ्) ને ह् જીહ્વામૂલ – ᳵ

તાલુ–इ, ई, च् વર્ગના (=च्, छ्, ज्, झ्, ञ्) य् ને श् નાસિકામૂલ-ं(=અનુસ્વાર)

મૂર્ધ–ऋ, ॠ, ट् વર્ગના (=ट्, ठ्, ड्, ढ्, ण्) र् ને ष् કંઠતાલુ – ए ને ऐ

દંત–ऌ, त् વર્ગના (=त्, थ्, द्, ध्, न्) ल् ને स् કંઠોષ્ઠ – ओ ને औ

ઓષ્ઠ–उ, ऊ, प् વર્ગના (=प्, फ्, ब्, भ्, म्) ને ᳶ (=ઊપધ્માનીય) દંતોષ્ઠ– व्

વળી આ જગોએ જણાવવાનું કે જેમ क्, ख्, ग्, घ्, ने ङ्, क् વર્ગને નામે, च्, छ्, ज्, झ्, ને ञ्, च्વર્ગને નામે, અને એ પ્રમાણે બીજાઓ ઉપર લખ્યા મુજબ ઓળખાય છે તેમ ङ्, ञ्, ण्, न्, ને म्, અનુનાસિકને નામે ઓળખાય છે.

૪. **અક્ષરોના પ્રયત્નો**–પ્રયત્નો તથા તેઓથી નીકળતા અક્ષરો નીચે મુજબઃ—

ક. આભ્યંતર પ્રયત્ન—

૧ વિવૃત્ –સ્વરો

૨ સ્પર્શ –क् થી म् સુધીના ૨૫ વ્યંજનો

૩ અર્ધસ્વર–य्, र्, ल् ને व्

૪ ઊષ્માક્ષર –श्, ष्, ને स्

૫ મહાપ્રાણ–ह्

ખ. બાહ્ય પ્રયત્ન—

૧ અઘોષ–क्, ख्, च्, छ्, ट्, ठ्, त्, थ्, प्, फ्, श्, ष् ने स्.

૨ ઘોષ–ઉપર લખેલા શિવાયના બધા વ્યંજનો.

---

# પ્રકરણ ૨ જું.

## સંધિ.

**સંધિસંબંધિ સમજણ**–એક અક્ષરનું બીજા અક્ષર સાથે જોડાવવું એનું નામ સંધિ છે. જ્યારે બે સ્વર સાથે આવેછે ત્યારે તેઓની સંધિ ઘણું કરી થાયછે. સ્વરની પછી વ્યંજન આવે ત્યારે તેઓની સંધિ કેટલીક વખત થાયછે, ને વ્યજનની પછી સ્વર આવે, અથવા બે વ્યંજન સાથે આવે, ત્યારે તેઓની સંધિ જરૂર થાયછે, તેથી એ બા-બતોમાં શું શું નિયમો છે, તે નીચે સ્વર સંધિ, વ્યજન સંધિ, સ્વરવ્યંજન સંધિ, અનુસ્વાર સંધિ, અને વિસર્ગ સંધિ, એ પાંચ ભાગોમાં બતાવ્યા છે, ને તેઓ વિષે ત્રણ બાબતો બીજી જાણવાની છે તે નીચે મુજબઃ—

૧. સંધિના વિષયમાં અનુસ્વાર અને વિસર્ગને સ્વરમાં ગણવા નહીં.

૨. કેટલીક વખતે એકજ જગ્યાએ એક કરતાં વધારે નિયમો લાગેછે તે જો એમ હોય તો જેટલા લાગુ પડે તેટલા પાડવા. જેમકે सुधी+उपास्यःનું સ્વર સંધિની કલમ ૩ જી પ્રમાણે सुध्युपास्यः થાય, ને તેનું વ્યંજન સંધિની કલમ ૧૬ મી પ્રમાણે

**सुध्य्युपास्यः**, **सुध्य्युपास्यः** ને **सुध्य्युपास्यः** થાય, ને **सुध्य्युपास्यः** નું વ્યંજન સંધિની કલમ ૨૭ પ્રમાણે **सुद्ध्य्युपास्यः** થાય, એટલે **सुध्य्युपास्यः**, **सुध्य्युपास्यः**, ને **सुद्ध्युपास्यः** થાય, ને પછી વ્યંજન સંધિની કલમ ૧૧ મી પ્રમાણે એ ત્રણ કાયમ રહે, ને **य्** ના બેવડાવવાથી **सुद्ध्य्युपास्यः** વધે, એટલે બધુમળી **सुध्य्युपास्यः**, **सुध्य्युपास्यः**, **सुद्ध्युपास्यः** ને **सुद्ध्य्युपास्यः** થાય.

૩. "પદાન્તમાં" અને "પદના મધ્યમાં" જ્યાં આવે ત્યાં "પદ" શબ્દમાં નીચેની ચાર જાતોના શબ્દોનો સમાવેશ થતો જાણવો.

ક. વાક્યમાં વપરાવવા તૈયાર થયલો શબ્દ.

ખ. વિભક્તિ કાર્ય ત્યાગ કરી સમાસમાં આવતો શબ્દ.

ગ. વિભાક્તના **भ्याम्**, **भिस्**, **भ्यस्** ને **सु** પ્રત્યયો લેવા તૈયાર થયલો શબ્દ.

ઘ. ઉપસર્ગ.

---

## ભાગ ૧ લો.

### સ્વર સંધિ.

સ્વરસંધિના નિયમો નીચે મુજબ છે.—

૧. પહેલા નવ માહેલા કોઈ પણ હ્રસ્વ અથવા દીર્ઘ સ્વરની પછી કોઈ પણ સજાતિ હ્રસ્વ કે દીર્ઘ સ્વર આવે તો તે બેને બદલે તે માહેલો એક દીર્ઘ મુકાય છે. (**ए**, **ऐ**, **ओ** ને **औ** દીર્ઘ ગણાય છે ને **ए** ને **ऐ** નો હ્રસ્વ કરતા **इ**, ને **ओ** ને **औ** નો હ્રસ્વ કરતાં **उ** થાયછે) જેમકે **दैत्य+अरिः=दैत्यारिः**

અપવાદ—**शक्+अन्धुः=शकन्धुः । कर्क+अन्धुः=कर्कन्धुः । कुल+अटा=कुलटा । सार+अङ्गः=सारङ्गः । मार्त+अण्डः=मार्तण्डः ।** અને **मार्तण्ड** જેવા બીજા. ।

૨. **अ** કે **आ** પછી **इ** કે **ई** આવે તો તે બેને બદલે **ए** મુકાય છે. જેમકે **उप+इन्द्रः=उपेन्द्रः । रमा+ईशः=रमेशः ।**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| " | **उ** કે **ऊ** | " | " | **ओ** | " | " | **गंगा+उदकं=गंगोदकं । प्र+ऊढवान्=प्रोढवान् ।** |
| " | **ऋ** કે **ॠ** | " | " | **अर्** | " | " | **परम+ऋतः=परमर्तः ।उप+ऋकारीयति=उपर्कारीयति ।** |
| " | **ऌ** | " | " | **अल्** | " | " | **तव+ऌकारः=तवल्कारः ।** |
| " | **ए** કે **ऐ** | " | " | **ऐ** | " | " | **कृष्ण+एकत्वं=कृष्णैकत्वं । देव+ऐश्वर्यं=देवैश्वर्यं ।** |
| " | **ओ** કે **औ** | " | " | **औ** | " | " | **गंगा+ओघः=गंगौघः । कृष्ण+औत्कंठ्यं=कृष्णौत्कंठ्यं ।** |

અપવાદ—

ક. **अ** કે **आ+इ** કે **ई** ના સંબંધમાં—**स्व+ई** (**ईर्** ધાતુની અથવા **ईरिन्** શબ્દની) જેમકે **स्व+ईरः=स्वैरः । लाङ्गल+ईषाः=लाङ्गलीषाः । हल+ईषाः=हलीषाः ।**

ખ. **अ** કે **आ+उ** કે **ऊ** ના સંબંધમાં

૧. **अ** (ઉપસર્ગ શિવાયના શબ્દના અંતનો) +**ऊ** (**ऊह्** કે **ऊह्** થી થતા શબ્દનો )=**औ**

જેમકે **पृष्ठ+ऊहः=पृष्ठौहः ।** **अक्ष+ऊहिनी=अक्षौहिणी** (વ્યંજન સંધિની કલમ ૯ મી પ્રમાણે **न्** નો **ण्** થાય છે.)

૨. **प्र+ऊ** ( **ऊह्, ऊढ**, ને **ऊढि**નો )=**प्रौ**, જેમકે **प्रौह्, प्रौढ**, ને **प्रौढि** ( પણ **प्र+ऊढवान्=प्रोढवान्** )

ગ. **अ** કે **आ+ऋ** કે **ॠ** ના સંબંધમાં.

૧. **अ+ऋ** ( મૂળ ધાતુના આદિનો )=**आर्** જેમકે **उप+ऋच्छति=उपार्च्छति**

૨. **अ** ( તૃતીયાતત્પુરૂષ સમાસમાં આવતા શબ્દના અંતનો )+**ऋत=आर्त** જેમકે **सुख+ऋतः=सुखार्तः**

૩. **अ** (**प्र, वत्सतर, कम्बल, वसन, दश** ને **ऋण**ના અંતનો )+**ऋ** ( **ऋण**નો )=**आर्**, જેમકે **ऋण+ऋणं=ऋणार्णं.**

૪. **अ** કે **आ** ( પદાન્તનો )+**ऋ** નો વિકલ્પે **अर्** થાય છે. જ્યારે **अर्** નથી થતો ત્યારે **आ** હોય તો તેનો **अ** થાય છે. જેમકે **ब्रह्मा+ऋषिः=ब्रह्मर्षिः, ब्रह्मऋषिः ।**

ઘ. **अ** કે **आ+ए** કે **ऐ**ના સંબંધમાં.

૧. **अ** ( ઉપસર્ગના અંતનો )+**ए** (**ए** થી શરૂ થતા **इ** ને **एध्** ના રૂપ શિવાયના મૂળ ધાતુના રૂપના આદિનો )=**ए.** જેમકે **प्र+एजते=प्रेजते.**

૨. **अ** ( ઉપસર્ગના અંતનો )+**ए** ( નામ ધાતુના આદિનો )=**ए** કે **ऐ**, જેમકે **उप+एडकीयति=उपेडकीयति, उपैडकीयति ।**

૩. **अ+एव** ( અબાધિત વિસ્તાર બતાવવા વપરાયલો )=**एव** જેમકે **क्व+एव भोक्ष्यसे=क्वेव भोक्ष्यसे.** પણ **तव+एव=तवैव.**

ઙ. **अ** કે **आ+ओ** કે **औ** ના સંબંધમાં.

૧. **अ** ( ઉપસર્ગના અંતનો )+**ओ** ( મુળ ધાતુના આદિનો )=**ओ.** જેમકે **उप+ओषति=उपोषति.**

૨. „ „ „ +**ओ** (નામ ધાતુના આદિનો)=**ओ** કે **औ.** જેમકે **प्र+ओघीयति= प्रोघीयति, प्रौघीयति ।**

૩. **अ+ओँ=ओँ.** જેમકે **शिवाय+ओँनमः=शिवायोँनमः**

૪. **अ** ( શબ્દાન્તનો )+**ओ** ( **ओतु** કે **ओष्ठ**નો )=**ओ** કે **औ.** જેમકે **स्थूल+ओतुः=स्थूलोतुः, स्थूलौतुः । बिम्ब+ओष्ठः=बिम्बोष्ठः, बिम्बौष्ठः ।**

૩. **इ, उ, ऋ** હ્રસ્વ કે દીર્ઘ કે **ऌ** ની પછી વિજાતિસ્વર આવે તો તે હ્રસ્વ કે દીર્ઘ **इ** નો **य्**, **उ** નો **व्**, **ऋ** નો **र्** ને **ऌ** નો **ल्** થાય છે. જેમકે **मही+ अस्=मह्यः**

અપવાદ–પદાન્તના હ્રસ્વ કે દીર્ઘ **इ, उ, ऋ** કે **ऌ** ની પછી વિજાતિ સ્વરથી શરૂ થતો શબ્દ આવે ને તે શબ્દોનો સમાસ ન થતો હોય તો સંધિ વિકલ્પે થાય છે. અને નથી થતી ત્યારે જોતે પદાંતનો સ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ થઈ જાય છે. જેમકે **मही+अत्र=मह्यत्र, महिअत्र।**

૪. **ए, ऐ, ओ** કે **औ** ની પછી કોઇ પણ સ્વર આવે તો **ए** નો **अय्**, **ऐ** નો **आय्**, **ओ** નો **अव्** ને **औ** નો **आव्** થાય છે. અને એઓનો **य्** અને **व्** જો પદાન્તે હોય ને પછવાડે સ્વર અથવા ઘોષ વ્યંજન આવેલો હોય તો વિકલ્પે ઉડી જાય છે. અને એમ ઉડવાથી સાથે આવેલા સ્વરો જોડાતા નથી. જેમકે **हरे+इह=हरयिह, हरइह ।**

અપવાદ–

ક. **ए** કે **ओ** ( પદાન્તના ) પછી **अ** આવે તો **अ** ને બદલે અવગ્રહ ( ऽ ) મુકાય છે. જેમકે **हरे+अव=हरेऽव.**

ખ. **ओ** ( **गो** શબ્દનો ) પદાંતમાં હોય ને તેની પછી **अ** આવે તો સંધિ વિકલ્પે થાય છે. અને થાય છે ત્યારે **अ** ઉડી જાય છે અથવા દીર્ઘ થાય છે. જેમકે **गो+अग्रम्=गोग्रम्, गो अग्रम्, गवाग्रम्।** પણ **अक्ष** નો **अ** હોય તો સંધિ જરૂર થાય છે ને **अ** દીર્ઘ પણ થાય છે. જેમકે **गो+अक्षः=गवाक्षः**

ગ. **गो+इन्द्रः=गवेन्द्रः**

૫. જે પદાંતના સ્વરો જોડાતા નથી તે નીચે મુજબ છે.—

ક. દ્વિવચનના **ई, ऊ** કે **ए** પછી કોઈપણ સ્વર આવે તો સંધિ થતી નથી. જેમકે **हरी+एतौ=हरीएतौ। विष्णू+इमौ=विष्णूइमौ। पचेते+इमौ=पचेतेइमौ।**

ખ. **अदस्** ના **म्** પછી જો **ई** કે **ऊ** આવે તો તે **ई** કે **ऊ**ની તેની પછીના સ્વર સાથે સંધિ થતી નથી. જેમકે **अमी+ईशाः=अमी ईशाः**

ગ. **आ** ( ઉપસર્ગ શિવાયનો તથા થોડા પણું, હદ્દ અથવા અભિવિધિ બતાવનારા શિવાયનો ) તથા બીજા કોઇ પણ શબ્દ તરીકે વપરાયલા એક સ્વરની પછી કોઇ પણ સ્વર આવે તો તેઓની સંધિ થતી નથી. જેમકે **आ+एवंनु मन्यसे=आ एवंनुमन्यसे.** પણ **आ+उष्णं=ओष्णं। इ+इन्द्रः=इ इन्द्रः। उ+उमेशः= उ उमेशः।**

ઘ. આશ્ચર્ય બતાવનારા શબ્દોને છેડે આવેલો **ओ** અને સંબોધનના શબ્દોનો અંત્ય સ્વર તેઓની પછી આવેલા સ્વરોની જોડે જોડાતા નથી. પણ જો સંબોધનના શબ્દોને છેડે આવેલા સ્વરની પછી **इति** શબ્દ આવે તો વિકલ્પે સંધિ થાય છે. જેમકે **विष्णो+इति=विष्णोइति, विष्णविति, विष्णइति। अहो+ईशः=अहोईशः।**

**અપવાદ**–આશ્ચર્ય બતાવનારા શબ્દને છેડે **उ** આવ્યો હોય ને તેની પૂર્વે **ञ्** શિવાયનો પહેલા ૨૫ માંહેલો કોઈ પણ વ્યંજન હોય અને એવા **उ** ની પછી કોઇ પણ સ્વર આવ્યો હોય તો સંધિ વિકલ્પે થતી નથી, અને થાય છે ત્યારે **उ** નો **व्** થાય છે. જેમકે **किमु+ उक्तं=किमु उक्तं, किम्वुक्तं।**

---

## ભાગ ૨ જો.

### વ્યંજન સંધિ.

વ્યંજન સંધિના નિયમો નીચે મુજબ છે.—

૧. **વ્યંજન+અઘોષ**–અનુનાસિક અને અર્ધસ્વર શિવાયના કોઇપણ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવે તો તે પૂર્વેના વ્યંજનને બદલે તેના વર્ગનો પેહેલો વ્યંજન મુકાય છે. અને જો તેનેપર કંઈ ન હોય તો પેહેલો અથવા ત્રિજો મુકાય છે. જેમકે **दृशद्+पतति=दृशत्पतति.**

૨. **વ્યંજન+ઘોષ**–અનુનાસિક અને અર્ધસ્વર શિવાયના કોઈપણ વ્યંજન પછી ઘોષ વ્યંજન અથવા સ્વરાદિ શબ્દ આવે તો પૂર્વેના વ્યંજનને બદલે તેના વર્ગનો ત્રિજો વ્યંજન મુકાય છે. જેમકે **नगरात्+आगच्छति=नगरादागच्छति**

૩. **ઘોષ+અઘોષ**–પ્રત્યયના આદિ **त्** ને **थ्** ની પૂર્વે કોઈ પણ વર્ગનો ચોથો અક્ષર હોય તો **त्, थ्** નો **ध्** થાય છે. પણ **धा** ધાતુના સંબંધમાં એમ થતું નથી.

૪. **च् વર્ગ+વ્યંજન**–**च्** વર્ગના કોઇની પછી અર્ધસ્વર, અનુનાસિક કે **ह्** શિવાયનો કોઇ પણ વ્યંજન આવે અથવા કંઈપણ ન આવે તો તેનો તેટલામો **क्** વર્ગનો થાય છે. જેમકે **वच्+तुम्=वक्तुम्.**

૫. **દંત્ય+તાલવ્ય–स्** કે **त्** વર્ગના કોઈ પછી **श्** કે **च्** વર્ગનો કોઈ વ્યંજન આવે તો **स्** ને બદલે **श्**, ને **त्** વર્ગના ને બદલે **च्** વર્ગનો તેટલામો અક્ષર મુકાય છે જેમકે **सत्+चित्=सच्चित्.**

૬. **તાલવ્ય+દંત્ય–श्** કે **च्** વર્ગના કોઇ પછી **स्** કે **त्** વર્ગનો કોઇ વ્યંજન આવે તો પૂર્વનો વ્યંજન ન બદલાતા પરનો બદલાય છે, એટલે **स्** ને બદલે **श्**, ને **त्** વર્ગનાને બદલે **च्** વર્ગનો તેટલામો અક્ષર મુકાય છે, પણ **श** પછી **न्** આવે તો **न्** નો તાલવ્ય થતો નથી. જેમકે **अश्+ना+ति=अश्नाति.**

૭. **દંત્ય+મૂર્ધન્ય–स्** કે **त्** વર્ગના કોઇ પછી **ष्** કે **ट्** વર્ગનો કોઇ વ્યંજન આવે તો **स्** ને બદલે **ष्**, ને **त्** વર્ગના ને બદલે **ट्** વર્ગનો તેટલામો મુકાય છે. જેમકે **तत्+टीका=तट्टीका.** અપવાદ–**त्** વર્ગના કોઇ પછી **ष्** આવે તો કેવળ સંધિ થાય છે. જેમકે **सन्+षष्ठः=सन्षष्ठः**

૮. **મૂર્ધન્ય+દંત્ય–ष्** કે **ट्** વર્ગના કોઇ પછી **स्** કે **त्** વર્ગનો કોઈ વ્યંજન આવે તો પૂર્વનો વ્યંજન ન બદલાતા પરનો બદલાય છે ને **स्** ને બદલે **ष्**, ને **त्** વર્ગનાને બદલે **ट्** વર્ગનો તેટલામો અક્ષર મુકાય છે. જેમકે **पेष्+ता=पेष्टा.**

અપવાદ–પદાન્તના **ट्** વર્ગનાની પછી **स्** કે **त्** વર્ગનો આવે તો તે **स्** કે **त्** વર્ગનાનો **ष्** કે **ट्** વર્ગનો થતો નથી. જેમકે **षट्+ते=षट्ते,** પણ **नाम, नवति** અથવા **नगरी** એ શબ્દો આવે તો એઓના **न्** નો **ण** થાય છે. જેમકે **षड्+नाम=षण्णाम** અને **ड्** પછી **स्** આવે તો વચ્ચે **त्** વિકલ્પે ઉમેરાય છે જેમકે **षड्+सन्तः=षट्सन्तः** (કલમ ૧ પ્રમાણે), ને **षट्त्सन्तः** (આ કલમ પ્રમાણે)। **लिह्+सु=लिढ्+सु** (કલમ ૧૫ મી પ્રમાણે)=**लिट्+सु** (કલમ ૧ પ્રમાણે)=**लिट्सु, लिट्त्सु** (આ કલમ પ્રમાણે).

૯. **અનુનાસિક+વ્યંજન**—

ક. **ङ्, ण्+વ્યંજન**–પદાંતના **ङ्** ને **ण्** ની પછી **श्, ष्,** કે **स्** આવે તો **ङ्** પછી **क्,** ને **ण्** પછી **ट्** વિકલ્પે ઉમેરાય છે. અને **क्** નો **ख्**, ને **ट्** નો **ठ्** વિકલ્પે થાય છે. જેમકે **सुगण्+सु=सुगण्सु, सुगण्ट्सु, सुगण्ठ्सु।**

ખ. **न्+વ્યંજન**—

૧. પદાન્તના **न्** ની પછી સ્વર, અર્ધસ્વર, અનુનાસિક અથવા **ह** પર હોય જેને એવો **च्, छ्, ट्, ठ्, त** કે **थ्** આવે તો **न्** નો અનુસ્વાર અને વિસર્ગ થાય છે. આ અનુસ્વાર વિકલ્પે અનુનાસિક અનુસ્વાર થાય છે. ને તે ँ લખાય છે. જેમકે **बिडालान्+ताडयति=बिडालांस्ताडयति, बिडालाँस्ताडयति।** પણ **प्रशान्** ના **न्** ને એમ થતું નથી જેમકે **प्रशान्+तनोति=प्रशान्तनोति**

૨. પદાન્તના**न्** નીપછી **श्** કે **स्** આવે તો વચ્ચે **त्** ઉમેરાય છે અને **श्** ની પૂર્વે **त्** ઉમેરાય ત્યારે **न्** નો **ञ्, त्** નો **च्**, ને **श्** નો **छ्** થાય છે. જેમકે **सन्+शंभुः=सञ्च्छंभुः।सन्+सः=सन्त्सः।**

૩. પદાંતમાં **नॄन्** નો **न्** હોય ને તેની પછી **प्** આવે તો તે **न्**ની સંધિ વિકલ્પે થાય છે, ને થાય છે ત્યારે એ **न्**નો અનુસ્વાર અને વિસર્ગ થાય છે, અને અનુસ્વાર અને વિસર્ગના વિકલ્પે અનુનાસિક અને ઉપધ્માનીય થાય છે. જેમકે **नॄन्+पाहि=नॄन्पाहि, नॄंःपाहि, नॄँः पाहि, नॄं ≍ पाहि, नॄँ ≍ पाहि।**

૪. પદાંતના **अहन्** ના **न्** પછી

**क.** વિભક્તિના પ્રત્યયશિવાયનો કોઈ આવે તો **न्** નો **र्** જરૂર થાય છે, ને **पति, गिर्**

અથવા **घुर्** આવે તો જરૂર થાય છે પણ વિકલ્પે કાયમ રહે છે. જેમકે **अहन्+अहः=अहरहः । अहन्+पतिः=अहर्पतिः, अहःपतिः ।**

**ख** વિભક્તિનો વ્યંજનાદિ પ્રત્યય અથવા **रूप** કે **रात्रि** શબ્દ આવે તો **न्** નો વિસર્ગ થાય છે. જેમકે **अहन्+भ्याम्=अहोभ्याम् । अहन्+रूपं=अहोरूपं ।**

૫. પદની વચમાં **न्** હોય ને તેની પછી અનુનાસિક કે અર્ધસ્વર શિવાયનો વ્યંજન હોય તો **न्** નો અનુસ્વાર થાય છે. જેમકે **यशान्+सि=यशांसि**

૬. પદની વચમાં **न्** હોય ને તેની પૂર્વે **ऋ, र्** અથવા **ष्** હોય અથવા **ऋ, र् ष्**, ને એ **न्** ની વચમાં સ્વર, **क्** વર્ગનો કે **प्** વર્ગનો વ્યંજન કે **य्, व्, र्, ह्** હોય તો **न्** નો **ण्** થાય છે. જેમકે **गृह+आनि=गृहाणि**

૭. **नर्द्, नद्, नाथ्, नाध्, नन्द्, नक्क्, नृ, नृत्** શિવાયના ધાતુના આદિના **न्** ની પૂર્વે કોઈ પણ **र्** કાર વાળો ઉપસર્ગ આવે તો **न्** નો **ण्** થાય છે. તેમજ એ **र्** ને **न्** ની વચ્ચે કોઈ સ્વર, **ल्** શિવાયનો અર્ધસ્વર, કે **क्** વર્ગનો, કે **प्** વર્ગનો આવે તોપણ થાય છે.

૮. ઉપસર્ગમાં **ऋ, र्** કે **ष्** હોય ને તેની પછી **न्** નો **ण्** સાધારણ રીતે થાય તેવા ઉપસર્ગનોજ **न्** આવે, ને એ બે ઉપસર્ગો, **क्** કે **ख्** આદિમાં ને **ष्** અંતમાં હોય એવા તથા **गद्, नद्, पत्, दा, धा,** તથા **दा, धा** નું રૂપ ધરનારા ધાતુ તથા **मा, से, हन्, या, वा, द्रा, प्सा, वप्, वह्, शम्, चि, दिह्** શિવાયના ધાતુને લાગતા હોય તો બીજા ઉપસર્ગના **न्** નો **ण्** વિકલ્પે થાયછે. જેમકે **प्र+नि+भवति=प्रनिभवति, प्रणिभवति ।** પણ **प्र+नि+गदति=प्रणिगदति ।**

૯. ઉપસર્ગ અથવા ઉપસર્ગ તરીકે વપરાયલા શબ્દમાં રહેલા **ऋ, र्** કે **ष्** હોય ને તે અને આજ્ઞાર્થના **आनि** પ્રત્યયની વચમાં સ્વર કે **क्** વર્ગનો કે **प्** વર્ગનો કે **य्, व्, र, ह्** માહેલો કોઈ હોય અથવા નહીં હોય તો **न्** નો **ण्** થાયછે. આ નિયમ માત્ર **दुर्** ઉપસર્ગને લાગતો નથી. જેમકે **अंतर्+भवानि=अंतर्भवाणि ।** પણ **दुर्+भवानि=दुर्भवानि।**

**ग. म्+વ્યંજન—**

૧. પદાંતના **म्** પછી વ્યંજન આવે તો **म्** નો અનુસ્વાર થાયછે. જેમકે **हरिम्+वन्दे=हरिंवन्दे**

**અપવાદ**

**क.** પદના અંતમાં **म्** હોય ને તેની પછી **ह्म** આવે તો તે **म्** નો અનુસ્વાર વિકલ્પે થાય છે. જેમકે **किम्+ह्मलयति=किंह्मलयति, किम्ह्मलयति ।**

**ख.** પદના અંતમાં **म्** હોય ને તેની પછી **ह्न्** આવે તો **म्** નો **न्** વિકલ્પે થાય છે. જેમકે **किम्+ह्नुते=किंह्नुते, किन्ह्नुते ।**

**ग.** પદના અંતમાં **म्** હોય ને તેની પછી **ह्य्, ह्व्**, અથવા **ह्ल्** આવે તો **म्** નો અનુક્રમે અનુનાસિક **य् व् ल्** વિકલ્પે થાય છે. જેમકે **किम्+ह्यः=किंह्यः, कियँह्यः ।**

**घ. पुम्** ના **म्** પછી **श्, ष्, स्** શિવાયનો કોઈ અઘોષ વ્યંજન આવે અને તેની પછી સ્વર, અર્ધસ્વર અથવા **ह्** હોય તો **म्** નો જે અનુસ્વાર અને અનુનાસિક વિકલ્પે થાય છે તે પછી **स्** ઉમેરવામાં આવેછે. જેમકે **पुम्+कोकिलः=पुंस्कोकिलः, पुँस्कोकिलः ।** પણ **पुम्+ख्यानं** નુ **पुंख्यानं** જ થાય છે.

ङ. **सम्+कृ** ધાતુથી થયલો શબ્દ–જેમકે **सम्+कर्ता=संस्कर्ता, सँस्कर्ता, संस्स्कर्ता सँस्स्कर्ता.**

૨. પદના મધ્યમાં **म्** પછી અનુનાસિક ને અર્ધસ્વર શિવાયનો વ્યંજન આવે તો **म्**નો અનુસ્વાર થાય છે. જેમકે **आक्रम्+स्यते=आक्रंस्यते** પણ ધાતુને લાગતા પ્રત્યયોમાંનો **व्** અથવા **म्** આવે તો **न्** થાય છે. જેમકે **चक्षम्+वहे=चक्षण्वहे.**

**૧૦. વ્યંજન+અનુનાસિક**–**र्** અને **ह्** શિવાયના કોઇ વ્યંજન પછી જો અનુનાસિક આવે તો તે વ્યંજનના વર્ગનો અનુનાસિક વિકલ્પે મુકાય છે. ને જો એ અનુનાસિક પ્રત્યયના સંબંધનો હોય તો જરૂર મુકાય છે. જેમકે **एतत्+मुरारि=एतन्मुरारि** ( ને **एतद्मुरारि** પણ કલમ બીજી પ્રમાણે થાય )। **वाक्+मय=वाङ्मय** ।

**૧૧. વ્યંજન+અર્ધસ્વર**–પદના મધ્યમાં **ञ्** શિવાયના પાંચે વર્ગમાંના કોઇપણ વ્યંજન પછી અર્ધસ્વર આવે તો તે અર્ધસ્વર વિકલ્પે બેવડાય છે.

**અપવાદ–त्** વર્ગના વ્યંજન પછી **ल्** આવે તો **त्** વર્ગનાનો **ल्** થાય છે. પણ જો **न्**ની પછી **ल्** આવે તો **न्** નો અનુનાસિક **ल्** થાય છે. જેમકે **अस्मिन्+लोके=अस्मिँल्लोके** । **तत्+लयः=तल्लयः** ।

**૧૨. અર્ધસ્વર+વ્યંજન**–પદના મધ્યમાં **र्**ની પછી **ह्** શિવાયનો વ્યંજન આવે ને **र्**ની પૂર્વે સ્વર હોય તો તે વ્યંજન વિકલ્પે બેવડાય છે. જેમકે **हरि+अनुभवः=हर्य्+अनुभवः=हर्यनुभवः, हर्य्यनुभवः** ।

**૧૩. ह् ને र्‌ના વિશેષ નિયમો**––

ક. પદના મધ્યમાં **ढ्**ની પછી **स्** હોય તો **ढ्**નો **क्** થાય છે. જેમકે ( **लिह्**નું થયલું ) **लेह्+स्यति=लेढ्+स्यति** ( કલમ ૧૫ મી પ્રમાણે )=**लेक्+स्यति** (આ કલમ પ્રમાણે)= **लेक्+ष्यति** ( કલમ ૧૪ મી પ્રમાણે )=**लेक्ष्यति** ।

ખ. પદના મધ્યમાં **ढ्** પછી **ढ्** આવેતો આગલો **ढ्** ઉડી જાયછે ને તેની પૂર્વેનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાયછે. જેમકે ( **लिह्+तः=लिढ्+तः=** ) **लिढ्+ढः=लीढः**

ગ. **र्** પછી **र्** આવે તો આગલો **र्** ઉડી જાયછે ને તેની પૂર્વેનો સ્વર હ્રસ્વ હોયતો દીર્ઘ થાય છે. જેમકે **शंभुः+राजते=शंभुर्+राजते** (વિસર્ગ સંધિની કલમ ૨ જી પ્રમાણે)=**शंभूराजते**

ઘ. પદાંતમાં **र्** આવે ને તેની પછી અઘોષ વ્યંજન આવે અથવા કંઈપણ ન આવે તો તેનો વિસર્ગ થાયછે. જેમકે **प्रातर्+कालः=प्रातःकालः**

ઙ. **र्** કારવાળો ઉપસર્ગ **अय्** ધાતુને લાગે તો ઉપસર્ગના **र्** નો **ल्** થાયછે. જેમકે **प्र+आ+अयते=प्लायते** । **परा+अयते=पलायते** ।

**૧૪. श्, ष्, स्** ના વિશેષ નિયમો––

ક. **श्**ની પૂર્વે કોઈપણ વર્ગના પહેલા ચારમાંનો કોઇ હોય ને પછી સ્વર, અર્ધસ્વર, અનુનાસિક અથવા **ह्** આવે તો **श्** નો **छ्** વિકલ્પે થાય છે. જેમકે **तत्+शिवः=तच्+शिवः** ( કલમ ૫ પ્રમાણે )=**तच्छिवः, तच्शिवः** ।

ખ. **सजुष्** ના **ष्** નો વ્યંજનાદિ પ્રત્યય આગળ વિસર્ગ થાય છે.

ગ. પદના મધ્યમાં **ष्**ની પછી **स्** આવે તો **ष्**નો **क्** થાય છે.

ઘ. પદાંતના **स्**ની પછી કંઇ ન હોય અથવા અઘોષ વ્યંજન હોય તો **स्**નો વિસર્ગ થાય છે. જેમકે **मनस्+रथः=मनः+रथः=मनोरथः** ( વિસર્ગ સંધિની કલમ ૧ લી પ્રમાણે. )

ઙ. **स्** ( પ્રત્યય સંબંધી પણ રૂપના છેડાનો નહીં એવો ) ની પૂર્વે **अ** ને **आ** શિવાયનો સ્વર, અર્ધસ્વર, **क्** વર્ગનો કે **ह्** હોય તો **स्** નો **ष्** થાયછે. વળી જો **न्** નો થયલો અનુસ્વાર અથવા વિસર્ગ અથવા **श्**, **ष्** કે **स्** વચ્ચે આવે તોપણ થાયછે. જેમકે **रामे+सु=रामेषु**

ચ. **स्** ( ધાતુના આદિના ) ની પૂર્વે ઉપસર્ગમાં **अ** ને **आ** શિવાયનો સ્વર, અર્ધસ્વર, **क्** વર્ગનો કે **ह्** હોય તો **स्** નો **ष्** થતો નથી. જેમકે **प्रति+सीदति=प्रतिसीदति**

અપવાદ–

१. **सु, सू, स्तु, स्तुभ्, स्था, सि, सिध्** (=જવું ), **सञ्ज्**, **सिच्**, **स्वञ्ज्**ના તથા **सेना**ના થતા **सेनय** ના **स्** નો **ष्** થાય છે.

२. **सद्** ના **स्** નો **ष्**, **प्रति** શિવાયના ઉપસર્ગની પછી થાય છે.

३. **स्तम्भ्** ( ૯ મા ગણનો ) જ્યારે **अव** ઉપસર્ગ લે છે ને આશ્ચર્ય વાચક કે નજીક પણા વાચક અર્થ થાય છે ત્યારે એના **स्** નો **ष्** થાય છે.

४. **स्वन्** (=શબ્દ કરવો ) જ્યારે **वि** ઉપસર્ગ લે છે ને ભોજન વાચક અર્થ થાય છે ત્યારે એના **स्** નો **ष्** થાય છે.

५. **सेव्, सिव्, सह्**ના તથા **सि**ના થતા **सित** તથા **सय** ના **स्** નો **ष्**, **परि, नि** ને **वि** ની પછી થાય છે.

६. **सु, सू, स्तु, स्तुभ्, स्था, सि, सिध्, सिच्, सञ्ज्, स्वञ्ज्, स्वन्, सद्, स्तम्भ्** **सेव्** ના તથા **सेना** ના થતા **सेनय** ના **स्** નો **ष्** વચ્ચે **अ** આવે તો એ થાય છે.

७. **स्था, सि, सिध्, सिच्, सञ्ज्, स्वञ्ज्, सद्, स्तम्भ्, स्वन्, सेव्** ના તથા **सि** ના થતા **सित** ના **स्** નો **ष्** વચ્ચે અભ્યાસ આવ્યો હોય તો એ થાય છે.

८. **सिव्, स्तु, स्वञ्ज्, सह्** ના **स्** નો તથા ધાતુના આગમ તરીકે આવેલા **स्** નો **ष्** થાય છે. પણ વચ્ચે કાળની નિશાનીનો **अ** આવ્યો હોય તો વિકલ્પે થાય છે. જેમકે **परिषेवते । परिष्करोति । पर्यस्कार्षीत्, पर्यष्कार्षीत् ।**

१५. **ह्** ના વિશેષ નિયમો.

ક. પદના મધ્યમાં **ह्** ની પછી **ह्** શિવાયનો વ્યંજન આવે ને **ह्** ની પૂર્વે કોઇ સ્વર હોય તો તે વ્યંજન વિકલ્પે બેવડાય છે. જેમકે **नाहि+अस्ति=नह्य्+अस्ति=नह्यस्ति, नह्य्यस्ति ।**

ખ. **ह्** ની પૂર્વે કોઇ પણ વર્ગના પહેલા ચારમાંનો કોઈ હોય તો **ह्** નો તે વર્ગનો ચોથો વ્યંજન વિકલ્પે થાય છે. જેમકે **उद्यमात्+हरेः=उद्यमाद्+हरेः** ( ૨ જી કલમ પ્રમાણે ) **=उद्यमाद्+धरेः=उद्यमाद्धरेः**

ગ. **ह्** ની પછી અર્ધસ્વર કે અનુનાસિક શિવાયનો કોઇ વ્યંજન હોય અથવા કંઇ પણ ન હોય તો **ह्** નો **ढ्** થાય છે. પણ જો **द्** થી શરૂ થતા ને **ह्** ના અંતવાળા એવા ધાતુના **ह्** પછી એમ હોય તો **ह्** નો **घ्** થાય છે. ને **द्रुह्, मुह्, स्नुह्, स्निह्** ના **ह्** પછી એમ હોય તો **ह्** નો **ढ्** અથવા **घ्** થાય છે. જેમકે **लिह्+भ्याम्=लिढ्+भ्याम्** ( આ કલમ પ્રમાણે )=**लिड्भ्याम्** ( કલમ ૨ પ્રમાણે )

१६. વ્યંજનનું બેવડાવવું–પદના મધ્યમાં **ह्** શિવાયનો કોઈ પણ વ્યંજન હોય ને તેની પછી કોઈ પણ સ્વર ન આવે ને પૂર્વે કોઇ પણ સ્વર હોય તો તે વ્યંજન વિકલ્પે બેવડાય છે

१७. અનિયમિત સંધિઓ–**उत्+स्था** અને **स्तम्भ्**નું રૂપ, જેમકે **उत्+स्थानं=उत्थानं, उत्थ्थानं । उत्+स्तम्भं=उत्तम्भं, उत्थ्थम्भं ।**

## ભાગ ૩ જો.

### સ્વર વ્યંજન સંધિ.

સ્વર વ્યંજન સંધિના નિયમો નીચે મુજબ છે.

૧. **जि, क्री,** અને **क्षि** ના **इ** અથવા **ई** ના થતા **ए** નો વિધ્યર્થ કૃદંતના **य** પ્રત્યયની પૂર્વે **अय्** વિકલ્પે થાય છે. જેમકે **जे+य=जेय** (=જે જીતવું જોઈએ તે) ને **जय्य** (=જે જીતી શકાય તે)

૨. **ओ** કે **औ** ની પછી **य्** થી શરૂ થતો પ્રત્યય આવે તો **ओ** નો **अव्** ને **औ** નો **आव्** થાય છે. જેમકે **गो+य=गव्य। नौ+य=नाव्य।** વળી ધાતુના અંત્યાક્ષરના પ્રત્યયને નિમિત્તે **ओ** અથવા **औ** થયા હોય અને તેના પછી **य्** આદિ પ્રત્યય આવે તોપણ એમજ થાય છે. જેમકે **लो** ( **लू**ના ગુણનું રૂપ)+**य=लव्य** (=કપાવવાને યોગ્ય)। **अवश्यलौ** ( **अवश्यलू**નું વૃદ્ધિનું રૂપ )+**य=अवश्यलाव्य** (=કપાવવુંજ જોઈએ તે.)।

૩. પદાંતના **ङ्, ण्** કે **न्** ની પછી કોઇ પણ સ્વર આવે ને તેની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો એ બેવડાય છે. જેમકે **प्रत्यङ्+आत्मा=प्रत्यङ्ङात्मा**

૪. **छ्**ની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો એનો **च्छ्** જરૂર થાય ને દીર્ઘસ્વર હોય તો વિકલ્પે થાય જેમકે **शिव+छाया=शिवच्छाया। लक्ष्मी+छाया=लक्ष्मीछाया, लक्ष्मीच्छाया।**
**અપવાદ—मा** અને **आ** ઉપસર્ગની પછી **छ्** નો **च्छ्** જરૂર થાય છે. જેમકે **आ+छादयति=आच्छादयति.**

૫. અનિયમિત સંધિઓ—**सीमन्+अन्तः=सीमन्तः, सीमान्तः। मनस्+ईषा=मनीषा। पतत्+अञ्जलिः=पतञ्जलिः। गो+यूतिः=गव्यूतिः।**

---

## ભાગ ૪ થો.

### અનુસ્વાર સંધિ.

અનુસ્વાર સંધિનો નિયમ નીચે મુજબ છે.

૧. પદાંતના અનુસ્વાર પછી **श्, ष्, स्** કે **ह्** શિવાયનો કોઈ વ્યંજન આવે તો તે વ્યંજનના વર્ગનો અનુનાસિક વિકલ્પે થાય છે. અને એ પ્રમાણે જો પદના મધ્યમાં હોય તો જરૂર થાય છે. જેમકે **शाम्+तः=शां+तः=शान्तः। त्वम्+करोषि=त्वं करोषि, त्वङ्करोषि।**

---

## ભાગ ૫ મો.

### વિસર્ગ સંધિ.

વિસર્ગ સંધિના નિયમો નીચે મુજબ છે.

૧. વિસર્ગનો **ओ** થાય—વિસર્ગ ( **स्** નો થયલો, **र्** નો નહીં) ની પૂર્વે **अ,** ને પછી **अ** અથવા

અઘોષ વ્યંજન હોય તો વિસર્ગનું उ થાયછે ને તે उ આગલા अ જોડે મળી ओ થાય છે. જેમકે **नृपः+ गच्छति=नृपोगच्छति**

**અપવાદ–सः** અને **एषः** ( **सकः** અને **एषकः** નો અથવા **असः** જેવા **सः** ના નઞ્ તત્પુરૂષ સમાસનો નહીં) ના વિસર્ગની પછી કોઇ પણ વ્યંજન આવે તો એ વિસર્ગ ઉડી જાય છે. જેમકે **एषः+विष्णुः=एषविष्णुः** પણ **एषकः+विष्णुः=एषको विष्णुः । सः+शंभुः=सशंभुः** પણ **असः+शिवः=असश्शिवः ।**

૨. **વિસર્ગનો र् થાય**–વિસર્ગની પૂર્વે अ કે आ શિવાયનો સ્વર હોય ને પછી સ્વર અથવા ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો र् થાયછે. જેમકે **नृपतिः+गच्छति=नृपतिर्गच्छति.**

**અપવાદ–भोः, भगोः** ને **अघोः** માં વિસર્ગને એમ થતું નથી. પણ વિસર્ગ ઉડી જાયછે. જેમકે **भोः+देवाः=भोदेवाः**

૩. **વિસર્ગનો લોપ થાય.**

ક. વિસર્ગની પૂર્વે आ ને પછી ઘોષ વ્યંજન હોયતો વિસર્ગનો જરૂર લોપ થાયછે. જેમકે **देवाः+नम्याः=देवानम्याः**

ખ. વિસર્ગની પૂર્વે आ ને પછી સ્વર હોયતો વિસર્ગ વિકલ્પે ઉડેછે. તેમજ વિસર્ગની પૂર્વે अ ને પછી अ શિવાયનો સ્વર હોય તોએ વિસર્ગ વિકલ્પે ઉડેછે. અને જ્યારે ઉડતો નથી ત્યારે તેનો य् થાય છે જેમકે **देवाः+इह=देवाइह, देवायिह । देवः+इह=देवइह, देवयिह।**
**અપવાદ–स्** ના થયલા વિસર્ગની પછી अ શિવાયનો સ્વર આવેતો નિયમ પ્રમાણે ઉડેછે પણ ઉડયા પછી બાકી રહેલાની સંધિપણ વિકલ્પે થાયછે. જેમકે **सः+एषः=सःएषः, स एषः** ને **सैषः** ( **सैष दाशरथीरामः । स एष ते वल्लभबंधुवर्गः ।** )

૪. **વિસર્ગનો श् થાય.**

ક. વિસર્ગની પછી च् કે छ् આવે, ને च् કે छ् ની પછી श् ન હોયતો વિસર્ગનો श् જરૂર થાયછે. જેમકે **हरिः+चरति=हरिश्चरति**

ખ. વિસર્ગની પછી श् આવેતો વિસર્ગનો श् વિકલ્પે થાયછે. જેમકે **हरिः+शेते=हरिः शेते, हरिश्शेते**

૫. **વિસર્ગનો ष् થાય.**

ક. વિસર્ગની પછી ट् કે ठ् આવે ને ट् કે ठ् ની પછી ष् ન હોયતો વિસર્ગનો ष् જરૂર થાયછે. જેમકે **रामः+टीकते=रामष्टीकते**

ખ. વિસર્ગની પછી ष् આવેતો વિસર્ગનો ष् વિકલ્પે થાયછે. જેમકે **रामः+षष्ठः=रामः षष्ठः, रामष्षष्ठः ।**

ગ. વિસર્ગ ( રૂપ અપાય એવા શબ્દનો, र् નો નહીં ) ની પછી **पाश, कल्प** કે **काम्य** જે તદ્ધિત નો પ્રત્યય છે તે હોય અને પૂર્વે હ્રસ્વ કે દીર્ઘ इ કે उ હોયતો વિસર્ગનો ष् જરૂર થાયછે. જેમકે **सर्पिः+पाशं=सर्पिष्पाशं**

ઘ. વિસર્ગ ( પ્રત્યયનો નહીં ) ની પૂર્વે इ કે उ હોય ને પછી કંઠય કે ઓષ્ઠય અઘોષ વ્યંજન હોયતો વિસર્ગનો ष् થાયછે. જેમકે **आविः+करोति=आविष्करोति.**

**અપવાદ–मुहुः+कृतम्=मुहुःकृतम् । भ्रातुः+पुत्रः=भ्रातुष्पुत्रः ।**

ઙ વિસર્ગ ( સમાસના પહેલા પદમાં આવેલા इः ને उः ના અંતવાળા શબ્દનો ) ની પછી क्, ख्, प् કે फ् આદિ શબ્દ આવેતો તે વિસર્ગનો ष् જરૂર થાયછે. જેમકે **सर्पिः+कु**

**ण्डिका=सर्पिष्कुण्डिका ।** પણ **परमसर्पिः कुण्डिका ।**

ચ. વિસર્ગ (**इः** ને **उः** ના અંતવાળા શબ્દનો) ની પછી જેના વગર અર્થ પુરો ન થાય એવા **क्**, **ख्**, **प्**, કે **फ्** આદિ શબ્દ આવે તો એ વિસર્ગનો **ष्** વિકલ્પે થાયછે. જેમકે **सर्पिः+करोति=सर्पिःकरोति, सर्पिष्करोति ।** પણ **तिष्ठतु सर्पिः पिबत्वमुदकं** એમાં **सर्पिः** ના વિસર્ગનો **ष्** થાય નહીં.

છ. **द्विः, त्रिः, चतुः** અવ્યય તરીકે વપરાયલા હોય ને તેની પછી **क्**, **ख्**, **प्** કે **फ्** આદિ શબ્દ આવે તો એના વિસર્ગનો **ष** વિકલ્પે થાય છે. જેમકે **द्विः+करोति=द्विःकरोति, द्विष्करोति**

૬ **વિસર્ગનો स् થાય–**

ક. વિસર્ગની પછી **त्** કે **थ्** હોય ને **त्** કે **थ्** પછી **स्** ન હોય તો વિસર્ગનો **स्** જરૂર થાય છે. જેમકે **विष्णुः+त्राता=विष्णुस्त्राता ।** પણ **कः+त्सरूः=कःत्सरूः ।**

ખ. વિસર્ગની પછી **स्** હોય તો વિસર્ગનો **स्** વિકલ્પે થાય છે. જેમકે **रामः+स्थाता=रामःस्थाता, रामस्स्थाता ।**

ગ. વિસર્ગની પૂર્વે સમાસના પહેલા પદમાં આવેલા રૂપ અપાય એવા શબ્દના છેડાનો **अ** હોય ને પછી **कृ** અથવા **कम्** ધાતુથી થયલો શબ્દ અથવા **कुंस**, **कुंभ**, **पाश**, **कुश** કે **कर्णि** શબ્દ હોય તો વિસર્ગનો **स्** જરૂર થાય છે. જેમકે **अयः+कारः=अयस्कारः**

ઘ. વિસર્ગ (રૂપ અપાય એવા શબ્દનો–**र्** નો થયલો નહીં) ની પછી **पाश, कल्प** કે **काम्य** જે તદ્ધિતનો પ્રત્યય છે તે હોય ને પૂર્વે **अ** હોય તો વિસર્ગનો **स्** જરૂર થાય છે. જેમકે **यशः+कल्पं=यशस्कल्पं ।** પણ **प्रातः+कल्पं=प्रातःकल्पं** (=લગભગ સહુવાર)।

ઙ. **अधः** ને **शिरः** જો સમાસના પહેલા પદમાં આવેલા હોય ને તેની પછી **पद** આવે તો એઓના વિસર્ગનો **स्** જરૂર થાય છે. જેમકે **अधः+पदम्=अधस्पदं**

ચ. **पुरः** જો **क्**, **ख्**, **प्** કે **फ्** આદિ ધાતુને ઉપસર્ગ તરીકે લાગતો હોય તો તેના વિસર્ગનો **स्** જરૂર થાય છે ને જો **नमः** ને **तिरस्** એ રીતે લાગતા હોય તો એઓના વિસર્ગનો **स्** વિકલ્પે થાય છે. જેમકે **पुरः+करोति=पुरस्करोति । नमः+करोति=नमः करोति, नमस्करोति ।**

---

# પ્રકરણ ૩ જું.

## ધાતુ, ક્રિયાપદ, કૃદંતઅવ્યય અને કૃદંત તથા કૃતાદિ પ્રાતિપદિક.

**ધાતુની જાતો વગેરે સંબંધી સમજણ**–મૂળ ધાતુઓ ૨૧૨૨ છે. તેઓની નોંધ આઠમા પ્રકરણના ત્રિજા પરિશિષ્ટમાં આપેલા ધાતુકોષમાં આપી છે. એઓમાંના કેટલાએક પરસ્મૈપદી (એટલે પારકાને માટે ધાતુની ક્રિયાનો અર્થ હોય એવા) તથા કેટલાએક આત્મનેપદી (એટલે પોતાને માટે ધાતુની ક્રિયાનો અર્થ હોય એવા) અને કેટલાએક ઉભયપદી છે. (વળી ઉપસર્ગોની નોંધ આઠમા પ્રકરણના ચોથા પરિશિષ્ટમાં આપી છે ને તેમાંના કેટલાએક, કેટલાએક ધાતુઓને, લાગવાથી, તેઓનું પદ બદલાય છે, તે બાબત તે પ્રકરણના પાંચમાં પરિશિષ્ટમાં

આપી છે). વળી એ સઘળા ધાતુઓમાંથી પ્રેરક ને સન્નન્ત નામના બે જાતના પ્રત્યયાન્ત ધાતુઓ થાય છે. ને કેટલાએકમાંથી યઙ્લન્ત નામના ત્રિજી જાતના પ્રત્યયાન્ત ધાતુઓ થાય છે. તેમજ પ્રાતિપદિકો (એટલે ધાતુ વગેરેમાંથી થતા વિભક્તિઓ લે તેવા શબ્દો) તથા અવ્યયોમાંથી નામ ધાતુ નામના ચોથી જાતના પ્રત્યાન્ત ધાતુઓ થાય છે. એ રીતે જે પાંચ જાતના (કેટલાએક પ્રત્યયાન્ત ધાતુઓના પ્રત્યયાન્ત ધાતુઓ પણ થાય છે. ને તે પ્રમાણે ધાતુઓની જાતો ગણીએ તો તેનો પાર આવે નહીં, ને એવા ધાતુઓ થાય ખરા પણ વપરાસમાં આવતા નથી તેથી તે જાતો આ ગણનામાં લીધી નથી ને માત્ર પાંચ જાતોજ કહી છે, ને દાખલારૂપે પ્રત્યયાન્ત ધાતુઓના પ્રત્યયાન્ત ધાતુઓના રૂપો બતાવવા **बुबोधयिष** વગેરેના રૂપો આઠમા ભાગમાં આપેલા છે) ધાતુઓ થાય છે તે બધા કર્તરિ પ્રયોગના હોય છે એટલે તેઓના ભાવે કર્મ પ્રયોગના થતા બધુમળી દસ જાતના ધાતુઓ થાયછે, ને તે દરેક જાતના ધાતુના જુદા જુદા કાળના ક્રિયાપદો, કૃદંત અવ્યયો તથા કૃદંતાદિ પ્રાતિપદિકો થાયછે, અને આ બધાજે થાયછે તે ઘણું ખરૂં માત્ર અમુક અમુક પ્રત્યયો લાગવાથી તથા તેઓની પૂર્વે તેઓના નિમિત્તના ફેરફારો થવાથી થાય છે, ત્યારે એ પ્રત્યયો, તેઓના નિમિત્તના ફેરફારો તથા દરેક વિષયની જુદી જુદી જાતો, તેઓમાં લાગતા વધુ નિયમો, ને તેઓના થતા જુદા જુદા રૂપો જે જાણવાના છે તે નીચે, **પહેલા ભાગમાં** પ્રત્યયો, **બીજા ભાગમાં** પ્રત્યયોની સમજ, **ત્રિજા ભાગમાં** તેઓને નિમિત્તે થતા ફેરફારો, **ચોથા ભાગમાં** પ્રત્યયાન્ત ધાતુ કરવાના વધુ નિયમો, **પાંચમાં ભાગમાં** ભાવ કર્મ પ્રયોગના ધાતુઓ કરવાના વધુ નિયમો, **છઠ્ઠા તથા સાતમા ભાગમાં** દરેક જાતના ધાતુના જુદા જુદા ક્રિયાપદો કરવાના નિયમો, **આઠમા ને નવમા ભાગમાં** દરેક જાતના ધાતુના જુદા જુદા ક્રિયાપદોના રૂપો, ને **દશમા ને અગીઆરમાં ભાગમાં** કૃદંત અવ્યય તથા કૃદંત પ્રાતિપદિકની જાતો, તેમાં લાગતા વધુ નિયમો તથા તેઓના થતા રૂપો, એ પ્રમાણે અગીઆર ભાગમાં બતાવ્યા છે.*

---

## ભાગ ૧ લો.

### પ્રત્યયો.

પ્રત્યયોની જાતો તથા દરેક જાતના પ્રત્યયોની વિગત નીચે મુજબછે.

**૧. પ્રત્યયાન્ત ધાતુબોધક**

ક. **પ્રેરક બોધક—अय—**એ કોઈપણ ધાતુને તેનો પ્રેરક ધાતુ કરવામાં લગાડાય છે. ને પ્રેરક ધાતુનો અર્થ જેનો પ્રેરક કર્યો હોય તેની પ્રેરણા કરાવવી એવો થાય છે.

ખ. **સન્નન્તબોધક—स—**એ કોઈપણ ધાતુને તેનો સન્નન્ત ધાતુ કરવામાં લગાડાયછે ને સ-

---

*ઉપર પ્રમાણેની સંસ્કૃત ભાષાની બાંધણી પરથી માલમ પડશે કે અગરજો મૂળ ધાતુઓ થોડા છે તોપણ તેઓમાંથી તેઓના પ્રત્યયાન્ત ધાતુઓ થવાથી, તથા ધાતુઓનું પ્રાતિપદિકો થવું ને પ્રાતિપદિકોનું ધાતુઓ થવું એવું એઓનું એક બીજામાં પુનરાવર્તન થવાથી, જે અસંખ્ય શબ્દો ઉત્પન્ન થાયછે તે, તથા ધાતુઓને પ્રાતિપદિક થવામાં વિભકિતઓના પ્રત્યયો લેવાપણુ પ્રાપ્ત થઇ જે નવા અવતારો થાયછે ને કૃદંત અવ્યયોમાં ધાતુપણામાંથી જે મુક્તિ થાયછે તે, તેમજ એ બધુ માત્ર થોડા પ્રત્યયો તથા તેમના નિમિત્તના ફેરફારોના થોડા નિયમોથી થાયછે તે, એ ભાષાની ખુબી, દૈવી પણું, તથા એને અપાયલા સંસ્કૃત એવા નામનું યથાર્થ પણું સિદ્ધ કરી આપે છે.

ન્નન્ત ધાતુનો અર્થ જેનો સન્નન્ત કર્યો હોય તેની ઈચ્છા થવી એવો થાયછે.

ગ. **યઙ્ન્તબોધક–य**–એ કેટલાક ધાતુને તેનો યઙ્ન્ત ધાતુ કરવામાં લગાડાયછે ને યઙ્ન્ત ધાતુનો અર્થ જેનો યઙ્ન્ત કર્યો હોય તેનું વારંવાર પણું થવું એવો થાયછે.

ઘ. **નામધાતુ બોધક–अ, य, अय, काम्य, स्य** ને **अस्य**–એ પ્રાતિપદિક તથા અવ્યયને તેનું નામધાતુ કરવામાં લગાડાય છે. ને એ પ્રત્યયોથી થતા નામધાતુના અર્થો ચોથા ભાગમાં નામધાતુના સંબંધમાં આપ્યાછે.

૨. **ભાવકર્મ બોધક–य**–એ મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓને ભાવકર્મ પ્રયોગના ધાતુઓ કરવામાં કેટલીક જગ્યાએ લગાડાયછે.

૩. **પુરૂષબોધક**–ધાતુને તેનું ક્રિયાપદ બનાવતાં તે જે પદનો હોય તે પદના વચન ને પુરૂષના ને જે કાળનું ક્રિયાપદ કરવું હોય તે કાળના, પ્રત્યયો લગાડાય છે. વચનો, પુરૂષો અને કાળોની વિગત નીચે મુજબ છે.

વચન ૩ છે – એક વચન, દ્વિવચન ને બહુવચન.

પુરૂષ ૩ છે–૧ લો પુરૂષ એટલે હું, ૨ જો પુરૂષ એટલે તું, ને ૩ જો પુરૂષ એટલે તે.

કાળ ૧૦ છે–વર્તમાન, આજ્ઞાર્થ, વિધ્યર્થ, અનદ્યતન ભૂત, પરોક્ષભૂત, સમાન્યભૂત, અનદ્યતન ભવિષ્ય, સામાન્ય ભવિષ્ય, વિધ્યર્થ ભવિષ્ય ને આશીર્લિંગ.

એ દશેકાળના ત્રણે પુરૂષ અને ત્રણે વચનના બેઉપદના પ્રત્યયો નીચે મુજબ છે.

| | | પરસ્મૈપદ | | | આત્મનેપદ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | એક વચન | દ્વિવચન | બહુવચન | એક વચન | દ્વિવચન | બહુવચન |
| વર્તમાન | ૧લોપુરૂષ | **मि** | **वस्** | **मस्** | **इ** | **वहे** | **महे** |
| | ૨જો ,, | **सि** | **थस्** | **थ** | **से** | **इथे** (आथे) | **ध्वे** |
| | ૩જો ,, | **ति** | **तस्** | **अन्ति** | **ते** | **इते** (आते) | **अन्ते** (अते) |
| આજ્ઞાર્થ | ૧લો ,, | **आनि** | **आव** | **आम** | **ऐ** | **आवहै** | **आमहै** |
| | ૨જો ,, | ० (हि) | **तम्** | **त** | **स्व** | **इथाम्** (आथाम्) | **ध्वम्** |
| | ૩જો ,, | **तु** | **ताम्** | **अन्तु** | **ताम्** | **इताम्** (आताम्) | **अंताम्** (अताम्) |
| વિધ્યર્થ | ૧લો ,, | **ईयम्** (याम्) | **ईव** (याव) | **ईम** (याम) | **ईय** | **ईवहि** | **ईमहि** |
| | ૨જો ,, | **ई:** (या:) | **ईतम्** (यातम्) | **ईत** (यात) | **ईथाः** | **ईयाथाम्** | **ईध्वम्** |
| | ૩જો ,, | **ईत्** (यात्) | **ईताम्** (याताम्) | **ईयुः** (युः) | **ईत** | **ईयाताम्** | **ईरन्** |
| અનદ્યતન ભૂત | ૧લો ,, | **अम्** | **व** | **म** | **इ** | **वहि** | **महि** |
| | ૨જો ,, | **स्** | **तम्** | **त्** | **थास्** | **इथाम्** (आथाम्) | **ध्वम्** |
| | ૩જો ,, | **त्** | **ताम्** | **अन्** | **त** | **इताम्** (आताम्) | **अन्त** (अत) |
| પરોક્ષભૂત | ૧લો ,, | **अ** | **व** | **म** | **ए** | **वहे** | **महे** |
| | ૨જો ,, | **थ** | **अथुस्** | **अ** | **से** | **आथे** | **ध्वे** |
| | ૩જો ,, | **अ** | **अतुस** | **उस** | **ते** | **आते** | **इरे** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સામાન્યભૂત | ૧લો પુરૂષ | सम् | स्व | स्म | सि | स्वहि | स्महि |
| | ૨જો ,, | सीः | स्तम् | स्त | स्थाः | साथाम् | ध्वम् |
| | ૩જો ,, | सीत् | स्ताम | सुः | स्त | साताम् | सत |
| અનદ્યતન ભવિષ્ય | ૧લો ,, | तास्मि | तास्वः | तास्मः | ताहे | तास्वहे | तास्महे |
| | ૨જો ,, | तासि | तास्थः | तास्थ | तासे | तासाथे | ताध्वे |
| | ૩જો ,, | ता | तारौ | तारः | ता | तारौ | तारः |
| સામાન્ય ભવિષ્ય | ૧લો ,, | स्यामि | स्यावः | स्यामः | स्ये | स्यावहे | स्यामहे |
| | ૨જો ,, | स्यसि | स्यथः | स्यथ | स्यसे | स्येथे | स्यध्वे |
| | ૩જો ,, | स्यति | स्यतः | स्यन्ति | स्यते | स्येते | स्यन्ते |
| ક્રિયાર્થ ભવિષ્ય | ૧લો ,, | स्यम् | स्याव | स्याम | स्ये | स्यावहि | स्यामहि |
| | ૨જો ,, | स्य : | स्यतम् | स्यत | स्यथाः | स्येथाम् | स्यध्वम् |
| | ૩જો ,, | स्यत् | स्यताम् | स्यन् | स्यत | स्येताम् | स्यन्त |
| આશીર્લિંગ | ૧લો ,, | यासम् | यास्व | यास्म | सीय | सीवहि | सीमहि |
| | ૨જો ,, | याः | यास्तम् | यास्त | सीष्ठाः | सीयास्थाम् | सीध्वम् |
| | ૩જો ,, | यात् | यास्ताम् | यासुः | सीष्ट | सीयास्ताम् | सीरन् |

૪. **કૃદંત અવ્યય બોધક.**

ક. હેત્વર્થ કૃદંત અવ્યય બોધક–**तुम्**–એ ધાતુને તેનું હેત્વર્થ કૃદંત અવ્યય કરવામાં લગાડાય છે.

ખ. ભૂત કૃદંત અવ્યય બોધક–**त्वा, य, त्य** ને **अम्**–એ ધાતુને તેનું ભૂત કૃદંત અવ્યય કરવામાં લગાડાય છે.

૫. **કૃદંત પ્રાતિપદિક બોધક.**

ક. વર્તમાન કૃ૦ પ્રા૦ બો૦–**अत्, आन** ને **मान**– એ ધાતુને એ જાતના પ્રાતિપદિક કરવામાં લગાડાય છે.

ખ. કર્મણિભૂત કૃ૦ પ્રા૦ બો૦– **त**– ,, ,, ,,

ગ. કર્તરિભૂત કૃ૦ પ્રા૦ બો૦– **वत्**– ,, ,, ,,

ઘ. પરોક્ષભૂત કૃ૦ પ્રા૦ બો૦– **वस्** ને **आन**– ,, ,, ,,

ઙ. ભવિષ્ય કૃ૦ પ્રા૦ બો૦– **स्यत्** ને **स्यमान**– ,, ,, ,,

ચ. વિધ્યર્થ કૃ૦ પ્રા૦ બો૦– **तव्य, अनीय, एलिम** ને **य**–,, ,, ,,

૬. કૃતાદિ પ્રાતિપાદિક બોધક–**अ, अक, अथु, अन, आ, आक, आरु, आलु, इ, इक, इत्र, इन्, इष्णु, उ, उक, उर, त, ति, तृ, त्र, त्रिम, न, नु, नज्, मर, य, यक, र, रु, रुक, लुक, वन** ને **वर**–એ ધાતુને કૃતાદિ પ્રાતિપદિકો કરવામાં લગાડાય છે.

---

## ભાગ ૨ જો.

### પ્રત્યયોની સમજ.

પેહલા ભાગમાં બતાવેલા પ્રત્યયોમાંનાં કેટલાએકની **સાર્વધાતુક** ને કેટલાએકની **આર્ધધાતુક** સંજ્ઞા છે ને એ પ્રત્યયોમાંના કેટલાક **વિકારક** અને કેટલાક **અવિકારક** છે તે વિષે નીચે મુજબઃ–

( કૃતાદિ પ્રાતિપદિક બોધક પ્રત્યયોવિષે કંઈ જાણવાની બહુ જરૂર નથી તેથી તેઓવિષે આ ભાગમાં કંઇ લખ્યું નથી તેમજ આગળ પણ જે ખરૂ જરૂરનું છે તેજમાત્ર પ્રસંગોપાત લખ્યું છે)

## ૧ સાર્વધાતુક પ્રત્યયોવિષે.

પહેલાં ચાર કાળો એટલે વર્તમાન, આજ્ઞાર્થ, વિધ્યર્થ અને અનદ્યતનભૂત કાળોના પ્રત્યયો અને વર્તમાન કૃદંતપ્રાતિપદિક બોધક પ્રત્યયોની સાર્વધાતુક સંજ્ઞા છે, ને એ પ્રત્યયોની પૂર્વે મૂળ ધાતુઓ કે જે ૧૧ વિભાગ અથવા ગણમાં વહેંચાયલા છે તેઓને પોતાના ગણની નીશાની લગાડાય છે. એ ગણોના નામ, તથા દરેક ગણમાં કેટલા ધાતુઓ છે તે, તથા તેઓની નીશાનીઓ નીચે પ્રમાણે છે.

| ગણોના નામો | ધાતુઓની સંખ્યા. | | | | ગણોની નીશાનીઓ |
|---|---|---|---|---|---|
| | પાણિનિ મતે | અન્ય મતે | સૌત્ર | કુલ્લે.. | |
| ૧ લો ગણ | ૧૦૧૦ | ૫૭ | ૧૧ | ૧૦૭૭ | अ |
| ૨ જો ,, | ૭૧ | ૪ | ૧ | ૭૬ | ० |
| ૩ જો ,, | ૨૪ | ૧ | ૦ | ૨૫ | ० |
| ૪ થો ,, | ૧૪૦ | ૪ | ૩ | ૧૪૭ | य |
| ૫ મો ,, | ૩૪ | ૫ | ૪ | ૪૩ | नु |
| ૬ ઠો ,, | ૧૫૭ | ૧૧ | ૦ | ૧૬૮ | अ |
| ૭ મો ,, | ૨૫ | ૦ | ૦ | ૨૫ | न |
| ૮ મો ,, | ૧૦ | ૦ | ૦ | ૧૦ | उ |
| ૯ મો ,, | ૬૧ | ૪ | ૪ | ૬૯ | ना |
| ૧૦ મો ,, | ૪૧૦ | ૪૬ | ૩ | ૪૫૯ | अय |
| ૧૧ મો ,, | ૪૮* | ૩ | ૦ | ૫૧ | य |
| કુલ્લે. | ૧૯૯૦† | ૧૩૫‡ | ૨૬ | ૨૧૫૧ | |

ઉપર લખેલી ગણોની નીશાનીઓની બાબતમાં તથા ઉપર લખેલા માંહેલા કેટલાક ગણના ધાતુઓને લગાડવાના પુરૂષ બોધક પ્રત્યયોની બાબતમાં જે વધુ જાણવાનું છે તે નીચે મુજબ.

૧. બધા ગણોની નીશાનીઓ ધાતુને અંતે લાગે છે. પણ ૭ મા ગણાની નીશાની ઉપાંતે લાગે છે.

૨. બીજા, ત્રિજા, પાંચમા, સાતમા, આઠમા ને નવમા ગણોના ધાતુઓના સંબંધમાં પરસ્મૈપદી વિધ્યર્થમાં ને આત્મનેપદી વર્તમાન, આજ્ઞાર્થ અને અનદ્યતનભૂતમાં જ્યાં કાંઉસમાં બીજો પ્રત્યય લખ્યો છે ત્યાં તે કાંઉસમાં આપેલો જાણવો.

૩. બીજા, ત્રિજા, સાતમા ને નવમા ગણના સર્વે ધાતુઓના સંબંધમાં અને વ્યંજનાંત પાંચમા ગણના ધાતુઓના સંબંધમાં આજ્ઞાર્થના પરસ્મૈપદના પ્રત્યયો જે કાંઉસમાં આપેલા છે તે જાણવા, અને ધાતુના પ્રત્યય લેવા તૈયાર થયલા અંગને અંતે અર્ધસ્વર અને અનુનાસિક શિવાયનો વ્યંજન હોય તો **हि** નો **धि** કરવો.

* આ ધાતુઓના જેવા બીજા પણ આ ગણના થાય છે.

† આમાં ૨૯ ધાતુઓ વેદના વ્યાકરણમાં આવતા ઉદાત્તાદિ સ્વર ભેદ વગેરેના કારણથી બેવડાયલા છે તે પાછળ ધાતુ કોષમાં તેઓના પર આપેલા બબ્બે નંબર પરથી માલમ પડશે ને તે કારણને લીધે ધાતુ કોષમાં ધાતુની સંખ્યા (૨૧૫૧–૨૯=) ૨૧૨૨ છે.

‡ ધાતુ કોષમાં આ ધાતુઓના નંબર કાઉસમાં લખ્યા છે. એ ૧૩૫ ઉપરાંત પણ કેટલાક ધાતુઓ છે પણ તે જવલ્લેજ વપરાય છે તેથી તે લખ્યા નથી.

## ૨. આર્ધધાતુક પ્રત્યયો વિષે.

સાર્વધાતુક શિવાયના બધા પ્રત્યયોની આર્ધધાતુક સંજ્ઞા છે. ને એ પ્રત્યયોની પૂર્વે કોઇ પણ મૂળ કે પ્રત્યયાન્ત કે તેઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને ગણની નીશાની કોઇપણ જગ્યાએ લાગતી નથી. પણ તેને બદલે કેટલાક પ્રત્યયોની પૂર્વે કેટલાએક ધાતુઓને આર્ધધાતુક પ્રત્યયદર્શક **इ** લાગેછે. ( માત્ર દશમા ગણની નીશાની **अय** દશમાં ગણના ધાતુઓ પછી કેટલીક જગ્યાએ ને અગીઆરમાં ગણની નીશાની **य** અગીઆરમાં ગણના ધાતુઓ પછી હંમેશ કાયમ રહેછે. ને તે વખતે એ **अय** તથા **य** આર્ધધાતુક ગણાય છે. ) **इ** કયા પ્રત્યયોની પૂર્વે અને કયા ધાતુઓને લગાડાયછે તે વિષે નીચે મુજબઃ—

૧. **इ કયા પ્રત્યયોની પૂર્વે લાગેછે તે વિષે**–સ્વરથી શરૂ થતા તેમજ **ह्** ને **य्** થી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે **इ** લાગતી નથી ને એ શિવાયના અક્ષરોથી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે લાગેછે.

૨. **इ કયા ધાતુઓને લગાડાયછે તે વિષે**–**इ** ઘણા ધાતુઓને લગાડાય છે. એટલે **इ** લેનારા ધાતુઓ ઘણા છે ને ન લેનારા અથવા વિકલ્પે લેનારા થોડા છે. તેથી ન લેનારા એટલે "અનિટ" અને વિકલ્પે લેનારા એટલે "વેટ" બતાવ્યા પછી લેનારા એટલે "સેટ" તરત જણાયછે. વળી કેટલીક જગ્યાએ અનિટ, વેટ કે સેટ થાયછે, વેટ, અનિટ કે સેટ થાયછે, ને સેટ, વેટ કે અનિટ થાયછે, તેથી કયા ધાતુઓ અનિટમાં, કયા વેટમાં, ને કયા સેટમાં, ગણ્યા છે ને કઇ કઇ જગ્યાએ તેઓને તેમ નથી ગણ્યા તે નીચે જણાવ્યું છે.

ક. **અનિટ ધાતુઓ નીચે પ્રમાણે છે.**

**ऊदृदन्तैर्यौतिरुक्ष्णुशीस्नुनुक्षुश्विडीङ्श्रिभिः ।**
**वृङ्वृञ्भ्यां च विनैकाचो ऽजन्तेषु निहताः स्मृताः ॥**
**शक्लृपच्मुच्रिच्वच्विच्सिचप्रच्छित्यज्निजिर्भजः ।**
**भञ्भुज्भ्रस्ज्मस्जियज्युज्रुज्रञ्विजिर्स्वञ्जिसञ्जसृजः ॥**
**अद्क्षुद्खिद्छिद्तुदिनुदःपद्यभिद्विद्यतिर्विनद् ।**
**शद्सदीस्विद्यतिःस्कन्दिहदीक्रुध्क्षुधिबुध्यती ॥**
**बन्धिर्युधिरुधीराधिव्यध्शुधःसाधिसिध्यती ।**
**मन्यहन्आप्क्षिप्छुपितप्तिपस्तृप्यतिदृप्यती ॥**
**लिप्लुप्वप्शप्स्वप्सृपियभ्रभ्लभ्गम्नम्यमोरमिः ।**
**क्रुशिर् दंशि दिशीदृश् मृश् रिश् रुश् लिश् विश् स्पृशःकृषिः ॥**
**त्विष् तुष् द्विष् दुष् पुष्य पिष् विष् शिष् शुष् श्लिष्यतयोघसिः ।**
**वसतिर् दह् दिहि दुहो नह् मिह् रुह् लिह् वहिस्तथा ॥** એટલે

**સ્વરાંતમાં** ( દીર્ઘ ) **ऊ** કારાન્ત અને (દીર્ઘ) **ॠ** કારાન્ત ધાતુઓ તથા **यु** (૨જા ગણનો), **रु** ( ૨જા ગણનો ) **क्ष्णु. शी, स्नु, नु, क्षु, श्वि, डी** ( આત્મનેપદી ), **श्रि** ને **वृ** શિવાયના બધા એકાચ ધાતુઓ અને **વ્યંજનાંતમાં** **शक्, पच्, मुच्, रिच्, वच्, विच्, सिच्, प्रच्छ्, त्यज्, निज्, भज्, भञ्ज्, भुज्, भ्रस्ज्, मस्ज्, यज्, युज्, रुज्, रञ्ज्, विज्** ( ૩ જા ગણનો ), **स्वञ्ज्, सञ्ज्, सृज्, अद्, क्षुद्, खिद्, छिद् तुद्, नुद्, पद्** ( ૪ થા ગણનો ), **भिद्, विद्,** ( ૪ થા તથા ૭ મા ગણનો ), **शद्, सद्, स्विद्** ( ચોથા ગણનો), **स्कन्द्, हद्, क्रुध्, क्षुध्, बुध्** ( ચોથા ગણનો ), **बन्ध्, युध्, रुध्, राध्, व्यध्, शुध्, साध्, सिध्** ( ચોથા ગણનો ), **मन्** ( ચોથા ગણનો ), **हन्, आप्, क्षिप्, छुप्, तप्, तिप्, तृप्** ( ચોથા ગણનો ), **दृप्** ( ચોથા ગણનો), **लिप्, लुप्** (૬ઠ્ઠા ગણનો),

वप्, शप्, स्वप्, सृप्, यभ्, रभ्, लभ्, गम्, नम्, यम्, रम्, क्रुश्, दंश्, दिश्, दृश्, मृश्, रिश्, रुश्, लिश्, विश्, स्पृश्, कृष्, त्विष्, तुष्, द्विष्, दुष्, पुष् (ચોથા ગણનો), पिष्, विष् (૩ જા તથા ૯ મા ગણનો), शिष् (૭ મા ગણનો), शुष्, श्लिष् (૪ થા ગણનો), घस्, वस् (૧ લા ગણનો), दह्, दिह्, दुह् (૨જા ગણનો), नह्, मिह्, रुह्, लिह्, ને वह्.

અપવાદ

૧. સન્નન્ત બોધક પ્રત્યયોની પૂર્વે स्मि, दृ, धृ (૬ ઠ્ઠા ગણનો), ऋ, पृच्छ्, અને પરસ્મૈપદી गम् ને સેટ, ને स्वृ, भ्रस्ज्, ऊर्णु, भृ (૧ લા ગણનો) ને दरिद्रा ને વેટ જાણવા.

૨. પુરૂષ બોધક પરોક્ષભૂતના પ્રત્યયોની પૂર્વે कृ, सृ, भृ, स्तु, दृ, स्रु, ને श्रु, શિવાયના બધા અનિટોને સેટ જાણવા, પણ थ પ્રત્યય આગળ વ્યંજનાંત अ સ્વરવાળા ધાતુઓને તથા सृज् ને दृश् ને इ વિકલ્પે લગાડવી.

૩. પુરૂષ બોધક સામાન્ય ભૂતના પ્રત્યયોની પૂર્વે सु (૫ મા ગણનો) અને પરસ્મૈપદી स्तु ને સેટ, ને જોડાક્ષરથી શરૂ થતા (-હ્રસ્વ) ऋ કારાંત ધાતુઓને આત્મનેપદમાં તથા हन्, ग्रह्, दृश् તથા સ્વરાંત ધાતુઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને વેટ જાણવા.

૪. પુરૂષ બોધક અનદ્યતન ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે हन्, ग्रह्, दृश् તથા સ્વરાંત ધાતુઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને વેટ જાણવા.

૫. પુરૂષ બોધક સામાન્ય ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે (-હ્રસ્વ) ऋ કારાંત ધાતુઓ, हन् ને પરસ્મૈપદી गम् ને સેટ, ને हन्, ग्रह्, दृश्, તથા સ્વરાંત ધાતુઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને વેટ જાણવા.

૬. પુરૂષ બોધક વિધ્યર્થ ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે (-હ્રસ્વ) ऋ કારાંત ધાતુઓ, हन्, ને પરસ્મૈપદી गम् ને સેટ, ને हन्, ग्रह्, दृश् તથા સ્વરાંત ધાતુઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને વેટ જાણવા.

૭. પુરૂષ બોધક આશીર્લિંગના પ્રત્યયોની પૂર્વે જોડાક્ષરથી શરૂ થતા (-હ્રસ્વ) ऋ કારાંત ધાતુઓને તથા हन्, ग्रह्, दृश्, તથા સ્વરાંત ધાતુઓના ભાવકર્મ પ્રયોગના ધાતુઓને વેટ જાણવા.

૮. કૃદંત અવ્યય બોધક त्वा પ્રત્યયની પૂર્વે वस्, ને क्षुध् ને સેટ, ને मन् (૮ મા ગણનો) ને વેટ જાણવો.

૯. કૃદંત પ્રાતિપદિક બોધક त પ્રત્યયની પૂર્વે क्षुध्, वश्, शी, जागृ, दो, सो, मे, मा ને स्था ને સેટ, ને शो અને छो ને જ્યારે અકર્તૃવાચ્ય અથવા ધાતુના અર્થની શરૂઆતના અર્થમાં વપરાય ત્યારે વેટ જાણવા. वस् પ્રત્યયની પૂર્વે घस्, आ કારાંત ધાતુઓ તથા પરોક્ષભૂતમાં એકાચ થનારાં ધાતુઓને સેટ, ને गम्, हन्, विद् (૬ ઠ્ઠા ગણનો), विश् ને दृश् ને વેટ, ને स्यत् ને स्यमान પ્રત્યયોની પૂર્વે ઉપર સામાન્ય ભવિષ્યમાં કહ્યાપ્રમાણે જાણવું.

૫. વેટ ધાતુઓ નીચે પ્રમાણે છે.

स्वरतिः सूयते सूते पञ्चमे नवमे च धूञ् ।
तनक्तिर्वृश्चतिश्चान्ता वनाक्तिश्च तनक्तिना ॥
मार्ष्टि मार्जति जान्तेषु दान्तौ क्लिद्यति स्यन्दते ।
रध्यातिः सेधतिर्धान्तौ पान्ताःपञ्चैव कल्पते ॥

गोपायति स्तृप्यतिश्च त्रपते दृप्यतिस्तथा ।
मान्तौ क्षाम्यति क्षमतेऽश्नुते क्लिश्नाति नश्यति ॥
शान्तास्त्रयोऽथाक्षतिश्च निष्कुष्णातिश्च तक्षति ।
त्वक्षतिश्च षकारान्ता अथ हान्ताश्च गाहते ॥
पदद्वये गूहतिश्च ऋकारोपान्त्य गर्हते ।
तृहति तृंहति द्रुह्यतयो बृहति मुह्यति ॥
वृही स्तृहीस्निह्य स्नुह्यत्येते वेट्काहि धातवः ।
अजन्तानां तुथल्येव वेट्स्यादन्यत्र सर्वदा ॥ એટલે
**સ્વરાંતમાં स्वृ** ( પહેલા ગણનો ), **सू** ( ચોથા અને બીજા ગણનો ને બેઉમાં આત્મનેપદી ), અને **धू** ( પાંચમા અને નવમા ગણનો ), અને **વ્યંજનાંતમાં तञ्च्** (સાતમા ગણનો ), **व्रश्च्** ( છઠ્ઠા ગણનો ), **अञ्ज्** ( સાતમા ગણનો ), **तञ्ज्** ( સાતમા ગણનો ), **मृज्** ( બીજા ગણનો ), **मृज्** ( દશમા ગણનો ), **क्लिद्** ( ચોથા ગણનો ), **स्यन्द्** (પહેલા ગણનો ), **रध्** ( ચોથા ગણનો ), **सिध्** ( પહેલા ગણનો ), **कृप्** ( પહેલા ગણનો ), **गुप्** ( પહેલા ગણનો ), **तृप्** ( ચોથા ગણનો ), **त्रप्** ( પહેલા ગણનો ), **दृप्** ( ચોથા ગણનો ), **क्षम्** ( ચોથા ગણનો ), **क्षम्** ( પહેલા ગણનો ), **अश्** ( પાંચમા ગણનો ), **क्लिश्** ( નવમા ગણનો ), **नश्** ( ચોથા ગણનો ), **अक्ष्** ( પહેલા ગણનો ), **निर्+कुष्** ( નવમા ગણનો ), **तक्ष्** ( પહેલા ગણનો ), **त्वक्ष्** ( પહેલા ગણનો ), **गाह्** ( પહેલા ગણનો ), **गुह्** ( પહેલા ગણનો ), **गृह्** ( પહેલા ગણનો ), **तृह्** ( છઠ્ઠા ગણનો ), **तृंह्** ( છઠ્ઠા ગણનો ), **द्रुह्** ( ચોથા ગણનો ), **बृह्** ( છઠ્ઠા ગણનો ), **मुह्** ( ચોથા ગણનો ), **वृह्** ( છઠ્ઠા ગણનો ), **स्तृह्** (છઠ્ઠા ગણનો ), **स्निह्** ( ચોથા ગણનો ), **स्नुह्** ( ચોથા ગણનો ).[1]

**અપવાદ**

૧. સન્નન્ત બોધક પ્રત્યયની પૂર્વે **अश्** ને **अञ्ज्** ને સેટ જાણવા.

૨. પુરૂષબોધક પરોક્ષભૂતના પ્રત્યયોની પૂર્વે **स्वृ, सू** ને **धू** ને સેટ જાણવા. પણ **थ** આગળ **इ** વિકલ્પે લગાડવી.

૩. પુરૂષબોધક સામાન્યભૂતના પ્રત્યયોની પૂર્વે **धू** (પરસ્મૈપદી) અને **अञ्ज्** ને સેટ જાણવા.

૪. પુરૂષબોધક સામાન્ય ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે **स्वृ** ને સેટ જાણવો.

૫. કૃદંત અવ્યય બોધક **त्वा** પ્રત્યયની પૂર્વે **व्रश्च्** ને સેટ, ને **स्वृ, सू** ને **धू** ને અનિટ જાણવા.

૬. કૃદંત પ્રાતિપદિક બોધક **त** પ્રત્યયની પૂર્વે **निर्+कुष्** ને સેટ ને બાકીનાઓને અનિટ જાણવા. **वस्** પ્રત્યયની પૂર્વે પરોક્ષભૂતમાં એકાચ થનારા શિવાયના ધાતુઓને અનિટ જાણવા. **स्यत्** ને **स्यमान** પ્રત્યયોની પૂર્વે ઉપર સામાન્ય ભવિષ્યમાં કહ્યા પ્રમાણે જાણવું.

૭. **સેટ ધાતુઓ**—અનિટ અને વેટમાં ન ગણાવેલા બધા ધાતુઓ સેટ છે.

**અપવાદ.**

૧. સન્નન્ત બોધક પ્રત્યયની પૂર્વે **कृप्, वृत्, वृध्, स्यन्द्** ને **शृध्**, એ બધાને પરસ્મૈપદમાં ને **ग्रह्, गुह्**, તથા ( दीर्घ ) ऊ કારાંત એકાચ ધાતુઓને બેઉ પદમાં

---

૧. આ માંહેલા स्वृ, सू, धू, रध्, तृप्, दृप्, नश्, निर्+कुष्, द्रुह्, मुह्, स्निह्, स्नुह्, એ ધાતુઓ સૂત્રમાં વેટ કહેલા છે તેથી ધાતુ કોષમાં એઓના સંબંધમાં ऊ અનુબંધ નથી.

અનિટ જાણવા, ને कृत् चृत्, छृद्, तृद्, नृत्, ऋध्, दंभ्, क्षप्, सम्, तम्, पत्, श्रि, यु, वृ, इव् અંતવાળા તથા कृ ને गृ શિવાયના (દીર્ઘ) ॠ કારાંત ધાતુઓને વેટ જાણવા.

૨. પુરૂષબોધક પરોક્ષભૂતના પ્રત્યયોની પૂર્વે वृ ને थ શિવાયના પ્રત્યયો આગળ અનિટ જાણવો.

૩. પુરૂષબોધક સામાન્ય ભૂતના પ્રત્યયોની પૂર્વે वृ ને (દીર્ઘ) ॠ કારાંતને આત્મનેપદમાં વેટ જાણવા ને स्नु ને क्रम् ને આત્મનેપદમાં અનિટ જાણવા.

૪. પુરૂષબોધક અનદ્યતન ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે પરસ્મૈપદી क्लृप् ને અનિટ જાણવો ને इष् (૬ ઠ્ઠા ને ૯ મા ગણનો), सह्, लुभ्, रुष्, रिष् ને વેટ જાણવા.

૫. પુરૂષબોધક સામાન્ય ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે क्लृप्, वृत्, वृध्, स्यन्द् ને शृध् એ બધાને પરસ્મૈપદમાં અનિટ જાણવા, ને कृत्, चृत्, छृद्, तृद्, ને नृत्‌ને વેટ જાણવા.

૬. પુરૂષબોધક વિધ્યર્થ ભવિષ્યના પ્રત્યયોની પૂર્વે क्लृप्, वृत्, वृध्, स्यन्द् ને शृध् એ બધાને પરસ્મૈપદમાં અનિટ જાણવા. ને कृत्, चृत्, छृद्, तृद्, ને नृत्‌ને વેટ જાણવા.

૭. પુરૂષબોધક આશીર્લિંગના પ્રત્યયોની પૂર્વે (દીર્ઘ) ॠ કારાંત અને वृ‌ને આત્મનેપદમાં વેટ જાણવા.

૮. કૃદંત અવ્યયબોધક त्वा પ્રત્યયની પૂર્વે इष्, सह्, लुभ्, रुष् ને रिष् ને તથા स्तम्भ् (૫ મા તથા ૯ મા ગણનો) ને તથા ધાતુકોષમાં બતાવેલા उ અનુબંધવાળા अच्, अञ्च्, अस्, ऋण्, कम्, कुज्, क्रम्, क्लम्, क्षण्, क्षिण्, क्षीव्, क्षेव्, खन्, गृध्, ग्रस्, ग्रुच्, ग्लुच्, ग्लुञ्च्, घृण्, घृष्, चञ्च्, चम्, छृद्, जम्, जस्, तञ्च्, तन्, तृण्, दम्भ्, दम्, दिव्, धाव्, ध्वंस्, प्लुष्, बस्, भृश्, भ्रम्, भ्रंश्, भ्रंस्, मन्, मृष्, म्रुच्, म्रुञ्च्, म्लुच्, म्लुञ्च्, यस्, युप्, रुप्, लुप्, वञ्च्, वन्, वस्, विष्, वृत्, वृध्, वृष्, शम्, शस्, शंस्, शास्, शृध्, श्रम्भ्, श्रम्, श्रिष्, श्लिष्, सन्, सिध्, ष्ठिव्, स्कम्भ्, स्यम्, स्रंस्, स्रिव्, અને हृष् ને વેટ જાણવા ને श्वि, डी, शी ને जॄ શિવાયના સ્વરાંત એકાચ ધાતુઓને અનિટ જાણવા.

૯. કૃદંત પ્રાતિપદિક બોધક त પ્રત્યયની પૂર્વે अम्, कष्, क्लिश्, घुष् (सम् ઉપસર્ગવાળો), त्वर्, पू, स्वप्, स्वन् (आ ઉપસર્ગવાળો), તથા हृष् (૧લા અથવા ૪ ચોથા ગણનો लोमन् સાથે વપરાય અથવા આશ્ચર્ય પામવા અથવા નાસીપાયસ થવાના અર્થમાં વપરાય ત્યારે) ને તથા छद्, ज्ञप्, दम्, दस्, पूर्, शम्, ને स्पश्‌ના પ્રેરકાન્ત ધાતુઓને વેટ જાણવા, તથા ધાતુકોષમાં બતાવેલા आ અનુબંધવાળા क्ष्विद्, त्वर्, धृष्, फल्, मिद्, मुर्च्छ्, श्वित्, स्फुर्च्छ्, स्फुर्ज्, स्विद् ને हुर्छ् ને જ્યારે અકર્તૃવાચ્ય અથવા ધાતુના અર્થની શરૂઆતનાં અર્થમાં વપરાય ત્યારે વેટ જાણવા. अञ्च् (=જવું), इष् (૬ ઠ્ઠા ને ૯ મા ગણનો), ऋष् (=જવું), रिष्, रुष्, लुभ् (૪ થા ગણનો), वृत् (૧૦ મા ગણનો), वृध् (૧ લા ગણનો), शृध्, श्वि, ને श्रि ને તથા पू શિવાયના (દીર્ઘ) ऊ કારાંત ને (દીર્ઘ) ॠ કારાંત એકાચ ધાતુઓને તથા ધાતુકોષમાં બતાવેલા ई અનુબંધવાળા इन्ध्, उछ्, उच्छ्, उन्द्, उर्व्, ऊय्, ऋष्, कट्, कन्, कृत्, क्नूय्, गद्, गुर्, गुर्व्, गूर्, घूर्, चित्, चूर्, चृत्, छृद्,

अन्, क्षुप्, जूर्, तुर्व्, तूर्, त्रस्, थुर्व्, दंप्, दुर्व्, दृभ्, धुर्व्, धूर्, नृत्, पूय्, पूर्, पृच्, भृज्, मद्, मस्, मुर्व्, यत्, लज्, लस्ज्, विज्, वृज्, शूर्, सम्, स्फाय् ने ह्लाद् ने तथा ( रस्व ) उ અનુબંધવાળા ધાતુઓને અનિટ જાણવા. वस् પ્રત્યયની પૂર્વે પરોક્ષભૂતમાં એકાચ થનારા શિવાયના ધાતુઓને અનિટ જાણવા. स्यत् અને स्यमान પ્રત્યયોની પૂર્વે ઉપર સામાન્ય ભવિષ્યમાં કહ્યા પ્રમાણે જાણવું.

### ૩. વિકારક તથા અવિકારક પ્રત્યયો વિષે.

નીચે લખેલા પ્રત્યયો વિકારક છે ને તે શિવાયના અવિકારક છે.

૧. પ્રત્યયાન્ત ધાતુબોધકોમાં–अय પ્રેરક બોધક, ને अय તથા अ નામધાતુ બોધક.

૨. પુરૂષબોધકોમાં–વર્તમાન કાળનાં मि, सि, ति, અનદ્યતન ભૂતના अम्, स्, त्, આજ્ઞાર્થના आनि, तु, ऐ, आवहै, आमहै, પરોક્ષભૂતના अ, थ, अ, સામાન્યભૂત અને ત્રણે ભવિષ્યના બધા ને આશીર્લિંગના આત્મનેપદના બધા.

૩. કૃદંત અવ્યય બોધકોમાં–तुम् અને अम्.

૪. કૃદંત પ્રાતિપદિક બોધકોમાં–तव्य, अनीय, स्यत्, ને स्यमान

૫. સાર્વધાતુકોની પૂર્વે આવતી ગણની નિશાનીઓમાં–अ ૧ લા ગણની નિશાનીનો, उ ૮ મા ગણની નિશાનીનો, ને अय ૧૦ મા ગણની નિશાનીનો.

૬. આર્ધધાતુકોની પૂર્વે આવતા अय તથા इ માં–अय ને इ–આ इ ને વાસ્તે કેટલાક ખાસ નિયમો છે તે નીચે મુજબ.

ક. ( દીર્ઘ ) ऋ કારાંત અને वृ ને इ લાગેછે ત્યારે પરોક્ષભૂતના, સામાન્યભૂતના પરસ્મૈપદના, અને આશીર્લિંગના પ્રત્યયો શિવાયના પ્રત્યયોની પૂર્વે એ इ વિકલ્પે દીર્ઘ થાયછે. અને એ ધાતુઓને આત્મનેપદી સામાન્યભૂતમાં इ લાગ્યાથી इ દીર્ઘ થઇ જાય તેમ હોયતો इ વિકલ્પેજ લગાડાયછે.

ખ. ग्रह् ને પરોક્ષભૂતના પુરૂષ બોધક પ્રત્યયો શિવાયના પ્રત્યયોની પૂર્વે લાગતી इ દીર્ઘ થાયછે.

ગ. कृ ને गृ ને સન્નન્ત બોધક પ્રત્યયની પૂર્વે લાગતી इ દીર્ઘ થતી નથી.

ઘ. અનેકાચનો એકાચ જેમાં થયો હોય તેને इ લાગતી નથી, પણ કૃદંત પ્રાતિપદિક બોધક वस् ના સંબંધમાં તે જોવાનું નથી.

ઙ. इ ની પૂર્વે પ્રત્યયાન્ત ધાતુઓનો અંત્ય अ ઉડી જાયછે.

ચ. इ નો ગુણ કે વૃદ્ધિ થતી નથી.

---

## ભાગ ૩ જો.

### પ્રત્યયોને નિમિત્તે થતા ફેરફારો.

પ્રત્યયોના સાર્વધાતુક ને આર્ધધાતુક તથા વિકારક ને અવિકારક એવા જે ભેદો બીજા ભાગમાં બતાવ્યાછે તે ભેદોના પ્રત્યયોની પૂર્વે તે પ્રત્યયો જેને લાગેછે તેમાં કેટલાક ફેરફારો થાયછે તે આ ભાગમાં નીચે બતાવ્યા છે.

### ૧. સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયોની પૂર્વે થતા ફેરફારો.

૧. અનદ્યતન ભૂત, સામાન્ય ભૂત અને વિધ્યર્થ ભવિષ્યમાં વ્યંજનાદિ ધાતુની પૂર્વે **अ** ને સ્વરાદિ ધાતુની પૂર્વે **आ** ઊમેરવામાં આવેછે, ને **आ** ની પછી **इ** કે **ई** આવે તો તે બન્ને બદલે **ऐ** ને **उ** કે **ऊ** આવે તો તે બેને બદલે **औ** મુકવામાં આવેછે. ધાતુને ઉપસર્ગ લાગતો હોયતો એ **अ** અથવા **आ** ઊપસર્ગ અને ધાતુની વચમાં ઉમેરવામાં આવેછે.

૨. **वस्** અને **वत्** શિવાયના **व्** અને **म्** થી શરૂ થતા પ્રત્યયની પૂર્વે **अ** નો **आ** થાયછે ને **अ** થી શરૂ થતા પ્રત્યયની પૂર્વે **अ** હોયતો તે ઉડી જાયછે.

૩. ધાતુના અંતમાં કોઈ વ્યંજન હોય ને ઊપાંતમાં **र्** કે **व्** હોય ને એવા અંત્ય જોડાક્ષરની પૂર્વે **इ, उ, ऋ, ऌ,** હોયતો તે **इ, उ, ऋ, ऌ,** દીર્ઘ થાયછે. જેમકે **उर्द्** નું **ऊर्दति**। **कुर्द्** નું **कूर्दति**।

૪. **ब्, ग्,** કે **द्** થી શરૂ થતા ને કોઈ પણ વર્ગના ચોથા અક્ષરના અંતવાળા એવા ધાતુઓની પછી **स्** કે **ध्व्** આદિવાળો પ્રત્યય આવે અથવા કંઈ ન આવે તો **ब्, ग्, द्** નો **भ्, घ्, ध्,** અનુક્રમે થાયછે. જેમકે ( **दुह+सि=दुघ्+सि=** ) **दोघ्+सि=धोघ्+सि** (**=धोक्षि.** )

૫. **स्** કે **क्** થી શરૂ થતાં સંયુક્ત વ્યંજનની પછી અનુનાસિક કે અર્ધસ્વર શિવાયનો કોઈ વ્યંજન હોય અથવા કંઈ ન હોય તો **स्** અથવા **क्** ઉડી જાયછે.

૬. **व्रश्च्, भ्रस्ज्, सृज्, मृज्, यज्, राज्, भ्राज्** ને **श्** ને **छ्** ના અંતવાળા ધાતુઓના અંત્ય વ્યજનનો તેની પછી અનુનાસિક કે અર્ધસ્વર શિવાયનો વ્યંજન આવે અથવા કંઈ ન આવેતો **ष्** થાયછે.

૭. ઉપસર્ગવાળા **ऊह्** નો ( દીર્ઘ ) **ऊ, य्** થી શરૂ થતા પ્રત્યયની પૂર્વે હ્રસ્વ થાય છે.

૮. **द्रुह्, मुह्, स्नुह्, स्निह्** ના **ह्** નો **घ्** અથવા **ढ्** અને **नह्** ના **ह्** નો **ध्**, જો તેની પછી અનુનાસિક કે અર્ધસ્વર શિવાયનો કોઈ વ્યંજન આવે અથવા કંઇ ન આવે તો થાયછે.

૯. **गुप्, धूप्, विच्छ्, पण्** ( =વખાણવું ), **पन्** ( =વખાણવું ) ને સાર્વ ધાતુક પ્રત્યયોની પૂર્વે જરૂર ને આર્ધધાતુક પ્રત્યયોની પૂર્વે વિકલ્પે **आय** ઊમેરાય છે. **पण्** ને **पन्** ને આ નિયમ આત્મનેપદમાં લાગતો નથી.

૧૦ અગીઆરમા ગણના ધાતુઓની નીશાની **य** ની પૂર્વે તે ધાતુઓનો અંત્ય **अ** ઉડી જાય છે ને **अ** શિવાયનો સ્વર દીર્ઘ થાય છે.

૧૧. **अय** પ્રત્યયની પછી **अय** પ્રત્યય લગાડવો હોય તો પહેલો ઉડાવી બીજો લગાડાય છે.

૧૨. **कृ** ( ૬ ઠ્ઠા ગણનો ) ને **उप** અથવા **प्रति** લાગે છે ત્યારે **कृ** ના **क्** ની પૂર્વે **स्** ઉમેરાય છે. જેમકે **उपस्किरति**

૧૩. **कृ** ( ૮ મા ગણનો ) ને **सम्** અથવા **परि** લાગી ભૂષણ અથવા સંઘાત વાચક થતો હોય તો **कृ** ના **क्** ની પૂર્વે **स्** ઉમેરાય છે. જેમકે **संस्कृतम्**

૧૪. **कृ** ( ૮ મા ગણનો ) ને **उप** લાગી ભૂષણ વાચક, સંઘાત વાચક, ગુણ રાખવા વાચક, વિકારવાચક અથવા આકાંક્ષા વાચક થતો હોય તો **कृ** ના **क्** ની પૂર્વે **स्** ઉમેરાય છે. જેમકે **उपस्कृता कन्या**=શણગારેલી કન્યા। **उपस्कृता ब्राह्मणाः**=એકઠા થયલા બ્રાહ્મણો। **एधः उदकस्य उपस्कुरुते**=લાકડું પાણીને ગરમી આપે છે। **उपस्कृतं भुंक्ते**=સંસ્કારવાળું કરીને ખાય છે। **उपस्कृतं ब्रूते**=આકાંક્ષાવાળું બોલે છે।

૧૫. ज्ञा, श्रु, स्मृ ને दृश् ને સન્નન્તમાં કેવળ આત્મનેપદી જાણવા.
૧૬. એકવાર દ્વિત્વ થયું હોય તો ફરી દ્વિત્વ થતું નથી.

૨. આર્ધધાતુક પ્રત્યયોની પૂર્વે થતા ફેરફારો.

૧. अ અથવા आ શિવાયના સ્વરની પછી इ નહીં લીધેલા ध्वे, ध्वम् ને सीध्वम् હોય તો તેઓના ध् નો ढ् થાય છે, ને એ પ્રત્યયો इ લીધેલા હોય ને इ ની પૂર્વે य्, व्, र्, ल् કે ह् હોય તો એમ વિકલ્પે થાય છે.
૨. ए, ऐ ને ओ કારાંત ધાતુઓના અંત્યસ્વરોનો आ થાય છે. તેમજ मि, मी, दी ના અંત્ય-સ્વરનો પણ आ થાય છે. ली ને એમ વિકલ્પે થાય છે.
૩. स् થી શરૂ થતા ને स् ની પછી સ્વર અથવા त् વર્ગનો કોઈ હોય એવા ધાતુઓ તથા स्वद्, स्विद्, स्वञ्, स्वप् ને स्मि ના स् ની પૂર્વે अ અથવા आ શિવાયનો કોઈ સ્વર અથવા क् વર્ગનો આવે તો स् નો ष् થાય છે.
અપવાદ—सेक्, सृप्, सृज्, स्तृ, स्तृ અને स्त्यै ને એમ થતુ નથી.
૪. सह् ને वह् ના ह् નો થયલો ढ् જ્યારે ઉડી જાયછે ત્યારે એ ધાતુની આગળ ના अ અથવા आ નો ओ થાય છે. જેમકે ( सह्+ता=सढ्+ता=सढ्+धा=सढ्+ढा= ) साढा=सोढा
૫. ધાતુના અંત્ય स् નો स् થી શરૂ થતા પ્રત્યય આગળ त् થાયછે. જેમકે अ+वस्+सीत्= अवात्सीत्
૬. कूटादि ધાતુઓ ( જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુકોષમાં कूटादि શબ્દ લખ્યો છે ) ના સ્વર આર્ધધાતુક પ્રત્યયોની પૂર્વે કાયમ રહેછે.
૭. कुट्, स्फुट्, त्रुट्, स्फुर्, नू, धू, पुट्, कुच्, गुज्, छुर्, लुट्, गुर्, ને कु ના उ નો ગુણ કે વૃદ્ધિ પરોક્ષભૂતના ૧ લાં ને ૩ જા પુરૂષના એક વચન તથા પ્રેરકના अय તથા ભાવેકર્મના સામાન્યભૂતના ૩ જા પુરૂષના એક વચન શિવાયના કોઈ પણ પ્રત્યય આગળ થતો નથી.
૮. સામાન્યભૂત અને આશીર્લિંગ શિવાયના પ્રત્યયોની પૂર્વે मृ ને માત્ર પરસ્મૈપદી જાણવો.
૯. પરસ્મૈપદ આશીર્લિંગ શિવાયના કાળોમાં भ्रस्ज्નું વિકલ્પે भर्ज् થાય છે.
૧૦ अस् ને બદલે भू, ને ब्रू ને બદલે वच् મુકાય છે. अज् ને બદલે वी, य શિવાયના વ્યંજનથી શરૂ થતા પ્રત્યયની પૂર્વે વિકલ્પે અને બાકી જરૂર મુકાય છે. हन् ને બદલે वध् સામાન્ય-ભૂત અને આશીર્લિંગમાં, घात्–अम् પ્રત્યયની પૂર્વે, ને वध અથવા घात् વિધ્યર્થ કૃદંતના य પ્રત્યયની પૂર્વે મુકાય છે. अद् ને બદલે घस् સન્નન્તના स ની, યઙ્ન્તના य ની તથા ભાવે કર્મના यની પૂર્વે તથા સામાન્યભૂત તથા પરોક્ષભૂતના પ્રત્યયોની પૂર્વે મુકાય છે. चक्ष्ને બદલે ख्या અને क्शा પરોક્ષભૂતમાં વિકલ્પે અને બીજે બધે જરૂર મુકાય છે.
૧૧. दरिद्रा નો आ સામાન્યભૂતમાં વિકલ્પે ને બાકી બધે જરૂર ઉડે છે.
૧૨. वच्, स्वप्, वश्, वय्, व्यथ्, यज्, वप्, वह्, वस्, वे, व्ये, ह्वे, वद्, श्वि, ग्रह्, ज्या, व्यध्, व्यच्, व्रश्च्, प्रच्छ्, ને भ्रस्ज् ને ભાવેકર્મમાં તથા આશીર્લિંગમાં તથા त्वा, य ને त्य થી થતા કૃદંત અવ્યય તથા કર્મણિભૂત કૃદંત પ્રાતિપદિકમાં સંપ્રસારણ થાય છે, એટલે એઓના य्, व्, र्, ल् નો इ, उ, ऋ, लृ અનુક્રમે થાય છે. સંપ્રસારણની પછી આવતો સ્વર ઉડી જાય છે ને સંયુક્ત વ્યંજન હોવાથી બે વ્યંજનને સંપ્રસારણ થતું હોય તો માત્ર પાછલા વ્યંજનને સંપ્રસારણ થાય છે.
૧૩. कम् ને अय વિકલ્પે લાગે છે, પણ સમાન્યભૂતના પ્રત્યય આગળ લાગતો નથી ને ભાવેકર્મના સામાન્ય ભૂતના પ્રત્યયો આગળ વિકલ્પે લાગે છે.

૧૪. દસમા ગણના ધાતુઓને તેઓની નિશાની **अय** સન્નંત, પરોક્ષભૂત ત્રણે ભવિષ્ય, આત્મનેપદી આશીર્લિંગ તથા કૃદંત પ્રાતિપદિકના પ્રત્યયોની પૂર્વે કાયમ રહે છે, ને ભાવેકર્મના પરોક્ષભૂતમાં પણ કાયમ રહે છે પણ ભાવેકર્મના સામાન્યભૂત ( ૩ જા પુરૂષના એક વચનમાં ઉડી જાય છે.) ત્રણે ભવિષ્ય તથા આત્મનેપદી આશીર્લિંગમાં વિકલ્પે કાયમ રહે છે, ને જ્યાં જ્યાં કાયમ રહે છે ત્યાં ત્યાં એ **अय** ની પછી સ્વરાદિ પ્રત્યય હોય તો **अय** નો અંત્ય **अ** ઉડી જાય છે ને જ્યાં જ્યાં ઉડી જાય છે ત્યાં તેનાથી થયલા ફેરફારો તો કાયમજ રહે છે.

૧૫. પ્રેરકના **अय** ને દસમા ગણના **अय** ના જેવુંજ કાર્ય થાય છે.

૧૬. **काम्य** શિવાયના અંતવાળા નામધાતુઓનો અંત્ય **य** જો તેની પૂર્વે વ્યંજન હોય તો ઉડી જાય છે.

૧૭. સન્નન્તના **स** નો **अ** ઉડી જાય છે.

૧૮. યઙ્ન્ત સ્વરાંત ધાતુનો થયલો હોય તો તે યઙ્ન્તના **य** નો **अ** ઉડી જાય છે ને વ્યંજનાન્ત ધાતુનો થયલો હોય તો તે યઙ્ન્તનો આખો **य** ઉડી જાય છે.

## ૩. વિકારક પ્રત્યયોની પૂર્વે થતા ફેરફારો.

૧. વિકારક પ્રત્યયોની પૂર્વે તે પ્રત્યયો જેને લાગતા હોય તેના અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

અપવાદ.

ક. **गुह्** નો **उ** વિકારક પ્રત્યયની પૂર્વે દીર્ઘ થાય છે.

ખ. **मृज्** ના **ऋ** ની વિકારક પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ થાય છે.

ગ. **ऊर्णु** જ્યારે **इ** લે છે ત્યારે એને લાગતા પ્રત્યયો વિકલ્પે વિકારક ગણાય છે.

ઘ. **विज्** જ્યારે **इ** લે છે ત્યારે તેના સ્વરનો ગુણ થતો નથી.

ङ. આર્ધ ધાતુકમાં નીચે મુજબ છે.

૧. **सृज्**, અને **दृश्** ના ઉપાંત્ય **ऋ** નો વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે **र्** થાય છે.

૨. **दीधी** અને **वेवी** ના સ્વરોનો ગુણ થતો નથી. જ્યારે એઓ **इ** લે છે ત્યારે એઓના અંત્ય સ્વરો ઉડી જાયછે.

૩. અનિટ ધાતુઓમાં ઉપાંત્ય **ऋ** હોયતો તેનો અઘોષ વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે **र्** વિકલ્પે થાય છે. જેમકે **स्पृश्** નું **स्प्रष्टा** ને **स्पर्ष्टा**.

૪. **मस्ज्** ની પછી અનુનાસિક તથા અર્ધસ્વર શિવાયનો વ્યંજનાદિ વિકારક પ્રત્યય આવેતો **मस्ज्** ના **स्** નો **न्** થાયછે નીકર **ज्ञ** થાયછે.

૫. **नश्** ની પછી અનુનાસિક તથા અર્ધસ્વર શિવાયનો વ્યંજનાદિ વિકારક પ્રત્યય આવેતો **नश्** ના **श्** ની પૂર્વે **न्** ઉમેરાય છે. જેમકે **नंष्टा** ને **नशिता**.

## ૪. અવિકારક પ્રત્યયોની પૂર્વે થતા ફેરફારો.

૧. અંત્ય હ્રસ્વ કે દીર્ઘ **इ** ને **उ** નો સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **इय्** ને **उव्** અનુક્રમે થાય છે. પણ જો **इ** ને **उ** ની પૂર્વે સંયુક્ત વ્યંજન ન હોય ને ધાતુ અનેકાચ હોય અથવા થયો હોય તો **य्** ને **व्** અનુક્રમે થાય છે, જેમકે **जुह्वति** । **बिभ्यति** ।

૨. ધાતુના અંગના દીર્ઘ **ॠ** નો અવિકારક પ્રત્યયની પૂર્વે **इर्** થાય છે પણ જો કોઈ ઓષ્ઠ્ય આગળ આવ્યો હોય તો **उर्** થાય છે અને **इर्** અને **उर्** ની પછી કોઈ વ્યંજન હોય તો **इर्** ને **उर्** ના **इ** ને **उ** દીર્ઘ થાય છે. **गृ** ના **ॠ** નો **इर्** થાય ત્યારે સ્વરાદિ પ્રત્યયની પૂર્વે **र्** નો **ल्** વિકલ્પે થાય છે.

૩. **इ** (=જવું)ની **इ** નો સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **य्** થાયછે.

૪. **हन्** નો **न्** અર્ધસ્વર ને અનુનાસિક શિવાયના વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે. ને સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **हन्** નો **अ** ઉડી જાયછે ને **ह्** નો **घ्** થાયછે.

૫. **मृज्**, ના ઉપાંત્ય **ऋ** ની સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે વિકલ્પે વૃદ્ધિ થાય છે.

૬. **वश्** ના **व** નો અવિકારક પ્રત્યયની પૂર્વે **उ** થાય છે.

૭. **शास्**, **जक्ष्**, **दरिद्रा** ને **जागृ**માં ત્રિજા પુરૂષના પ્રત્યયોનો **न्** ઉડી જાય છે. **शास्**ના સ્વરની વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની તથા સામાન્યભૂતના પ્રત્યયોની પૂર્વે **इ** થાય છે. અને **दरिद्रा**ના **आ** નો વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **इ** ને સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂવે લોપ થાય છે.

૮. **भ्रंश्** ને **भ्रंस्** નો અનુનાસિક, અવિકારક પ્રત્યયની પૂર્વે, ઉડી જાય છે.

૯. **भिद्**નું અવિકારક પ્રત્યયોની પૂર્વે **भेद्** થાય છે.

૧૦. આર્ધધાતુકમાં નીચે મુજબ છે.

ક. **दा** ને **धा** અને **दा** ને **धा** નું રૂપ ધરનારા તથા અસલ અથવા થયલો **गा** તથા **पा** (=પીવું), **हा** (=ત્યાગ કરવો) તથા **सो** ના સ્વરનો **य** શિવાયના વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે (દીર્ઘ) **ई** થાય છે. [**दा** ને **धा** નું રૂપ ધરનારા એવું જ્યાં લખ્યું હોય ત્યાં **दा** (બીજા ગણનો=કાપવું) અને **दै** (૧ લા ગણનો=પવિત્ર કરવું) ને બાદ કરવા.] ભૂતકૃદંત અવ્યયના **य** પ્રત્યયની પૂર્વે **पा** (=પીવું)ના **आ**ની **ई** વિકલ્પે થાય છે.

ખ. **दरिद्रा**, **दीधी** અને **वेवी**ના અંત્યસ્વરો **य** ની પૂર્વે ઉડી જાય છે.

ગ. (હ્રસ્વ) **ऋ** કારાંત ધાતુના **ऋ** ની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય તો તે (હ્રસ્વ) **ऋ** નો તથા (દીર્ઘ) **ॠ** કારાંત ધાતુના (દીર્ઘ) **ॠ** નો તથા **जागृ**, **ऋ** તથા **ऋच्छ्**ના **ऋ**નો કર્તરિ પરોક્ષભૂતકૃદંત પ્રાતિપદિકના પ્રત્યય શિવાયના અવિકારક પ્રત્યયોની પૂર્વે ગુણ થાય છે.

અપવાદ—**शॄ**, **धॄ**, **दॄ**, **पॄ**ના **ॠ** નો અવિકારક પ્રત્યયોની પૂર્વે વિકલ્પે ગુણ થાય છે ને જ્યારે ગુણ ન થાય ત્યારે વિકલ્પે હ્રસ્વ થાય છે.

ઘ. અનુનાસિકના અંતવાળા ધાતુઓનો ઉપાંત્ય સ્વર, અનુનાસિક તથા અર્ધસ્વર શિવાયના વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે દીર્ઘ થાય છે.

ઙ. **आ** કારાંત ધાતુઓનો અંત્ય **आ**, સ્વરાદિ અવિકારક તથા **इ** લેનારા વ્યંજનાદિ અવિકારક પ્રત્યયોની પૂર્વે, ઉડી જાય છે. જેમકે **दा** નુ **ददौ**, **ददिव**, **ददिम**.

## ભાગ ૪ થો.

### પ્રત્યયાન્ત ધાતુઓ કરવાના વધુ નિયમો

પ્રત્યયાન્ત ધાતુઓની જે ચાર જાતો છે તે ચાર જાતોના ધાતુઓને તૈયાર કરવામાં લાગતા સાધારણ નિયમો આગળ કહી ગયલા નિયમોમાં આવી ગયા છે ને દરેકના સંબંધમાં જે વધુ ખાસ નિયમો જાણવાના છે તે દરેકના સંબંધમાં નીચે જુદા જુદા જણાવ્યા છે.

### ૧. પ્રેરક ધાતુના સંબંધમાં

પ્રેરકના **अय** પ્રત્યયની પૂર્વે થતા ફેરફારો

૧. દશમા ગણના ધાતુઓને તેઓની નીશાની **अय** ની પૂર્વે જે ફેરફારો થાય છે તેજ ફેરફારો આ **अय**ની પૂર્વે પણ થાય છે. તેઓને નીચે લખેલી કોઈપણ કલમ લાગતી નથી.

૨. **घटादि** ધાતુઓ (જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુકોશમાં **घटादि** શબ્દ લખ્યો છે) ના તથા **अम्** અંતવાળા ધાતુઓના ઉપાંત્ય સ્વર હ્રસ્વ થાય છે.

અપવાદ

ક. **ज्वल्**, **ह्वल्**, **ह्मल्**, **वन्**, **ग्लै**, **स्ना**, **नम्** અને **वम्** ને ઉપસર્ગ ન લાગે ત્યારે ઉપર પ્રમાણે વિકલ્પે થાય છે.

ખ. **कम्**, **अम्** ને **चम्** ને ઉપર પ્રમાણે થતું નથી.

ગ. **स्खद्** ને **अव**, **अप** કે **परि** ઉપસર્ગ લાગે ત્યારે ઉપર પ્રમાણે થતું નથી.

૩. ઉપલી બે કલમોમાં લખેલા શિવાયના ધાતુઓના અંત્ય સ્વર અને ઉપાંત્ય **अ** નો ગુણ નહીં પણ વૃદ્ધિ થાય છે અને **अ** શિવાયના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો વિકારકના નિયમ પ્રમાણે ગુણ થાય છે.

અપવાદ.

ક. **जि**, **क्री** ને **अधि+इ** ના અંત્ય સ્વરનો **आ** થાય છે.

ખ. **श्रै** ના થતા **श्रा** નો **आ** હ્રસ્વ થાય છે.

ગ. **भी** ની **ई** નો **आ** વિકલ્પે થાય છે.

ઘ. **गुह्** નો **उ** જરૂર ને **दुष्** નો **उ** વિકલ્પે દીર્ઘ થાય છે.

ઙ. **दीधी** ને **वेवी**ના અંત્ય સ્વરો ઉડી જાય છે.

ચ. **अय** પ્રત્યયથી થયલા નામધાતુને નામધાતુનો **अय** ઉડી પ્રેરકનો **अय** લાગતા પ્રેરકના **अय**ના નિમિત્તના ફેરફાર થતા નથી પણ નામધાતુના **अय**ના નિમિત્તના ફેરફારોજ કાયમ રહે છે.

૪. નીચે લખેલા ધાતુઓને નીચે લખેલા અક્ષરો ઉમેરાય છે. ને ઉમેરાય છે ત્યારે તેના અંત્ય હ્રસ્વ સ્વરોનો **आ** થાય છે.

ક. **शो**, **सो**, **छो**, **ह्वे**, **वे**, **व्ये**, **सै**, **पा** (=પીવું)ને **पा** (=પાળવું) શિવાયના અસલ અથવા થયલા **आ** કારાંત ધાતુઓને **प्** ઉમેરાય છે. જેમકે **दे** નું **दापय**

ખ. **क्नूय्**, **क्ष्माय्**, **व्ली**, **री**, **ह्री**, ને **ऋ** ને **प्** ઉમેરાય છે. ને પહેલા બેનો અંત્ય **य** ઉડી જાય છે.

ગ. **शो**, **सो**, **छो**, **ह्वे**, **वे**, **व्ये**, **सै** ને **पा** (=પીવું) ને **य्** ઉમેરાય છે. જેમકે **पा** (=પીવું) નું **पायय**

ઘ. **पा** (=પાળવું) ને **ल्** ઉમેરાય છે ને **स्फाय्** નો **य्** ઉડી જાય છે ને **व्** ઉમેરાય છે.

ઙ. **जभ्**, **रभ्**, **लभ्**, ને **रध्** ને ઉપાંત્યમાં **न्** ઉમેરાય છે.

ચ. **स्मि** ને **चि** ને વિકલ્પે **प्**, ને **ली** ને **ला** ને વિકલ્પે **न्**, **य्**, **प्** ને **ल्** ઉમેરાય છે.

છ. **भी** ની **ई** નો **आ** થાયછે ત્યારે **प्** નીકર **ष्** ઉમેરાય છે.

જ. **अज्** નું **वी** થાયછે ને **प्** વિકલ્પે ઉમેરાય છે.

૫. નીચે લખેલા ધાતુઓમાં નીચે મુજબ ફેરફાર થાય છે.

ક. **रुह्** ના **ह्** નો **प्** વિકલ્પે થાય છે. **इ** નો **गम्** વિકલ્પે થાય છે.

ખ. **अज्** નું **वी**, **हन्** નું **घात्** ને **सिध्** નું **साध्** થાય છે.

ગ. **रञ्ज्** નો અનુનાસિક ઉડી જાય છે ને એનો અર્થ મૃગયા કરવી થાયછે.

ઘ. **भ्रस्ज्** નું **भ्रज्ज्** ને **भर्ज्**, **वा** નું **वाप्** ને **वाज्**, ને **स्फुर्** નું **स्फोर्** ને **स्फार्** થાય છે.

## ૨. સન્નન્ત ધાતુના સંબંધમાં.

કાર્યો તથા તેઓનો ક્રમ—इ (=જવું) તથા अधि+इ (=સ્મરણ કરવું)માં इ ને બદલે गम् મુકાય છે. ને स्वप्, स्यम्, व्ये, ह्वे, चाय्, प्याय्, ग्रह्, ज्या, व्यध्, व्यच्, व्रश्च्, प्रच्छ् ને भ्रस्ज् ને જરૂર અને श्वि ને વિકલ્પે સંપ્રસારણ થાયછે. પછી એ તથા બીજાઓને સેટાદિના નિયમ પ્રમાણે इ જેમ લાગતી હોય તેમ તેના નિમિત્તના ફેરફાર કરી લગાડી स લગાડાય છે. ને ન લાગતી હોય તો स ના નિમિત્તના ફેરફાર કરી स લગાડાય છે. ને પછી એ રીતે થતા શબ્દોને દ્વિત્વ કરવાથી સન્નન્તધાતુ થાય છે. इ તથા सના નિમિત્તના કેટલાક ફેરફારો આગળ કહ્યા છે ને સન્નન્તના સંબંધમાં કેટલાક બીજા ફેરફારો છે તે તથા દ્વિત્વના નિયમો તથા અનિયમિત રીતે થનારા સન્નન્તો વિષે નીચે મુજબઃ—

૧. इ ને નિમિત્તે આગળ કહ્યા મુજબ થવા જોઈતા પણ ન થનારા ફેરફારો.

ક. रुद्, विद् ને मुष् ના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થતો નથી.

ખ. ઉપાંત્ય इ અથવા उ વાળા વ્યંજનથી શરૂ થતા અને ह्, य्, व् શિવાયના વ્યંજનના અંતવાળા એવા ધાતુઓના અંત્યસ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ વિકલ્પે થાયછે.

૨. स ને નિમિત્તે (इ ન લાગે ત્યારે) થનારા ફેરફારો.

ક. इ, उ, ऋ ને ऌ ના અંતવાળા ધાતુઓના અંત્યસ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થવો જોઈએ પણ થતો નથી. પણ ધાતુના અંત્ય इ, उ, ऋ, ऌ, તથા हन् ને गम् નો નો ઉપાંત્ય अ દીર્ઘ થાય છે.

ખ. इव् અંતવાળા ધાતુઓના અંત્ય व् નો उ થાયછે.

ગ. मि, मी, मा, मे, दा ને धा, તથા दा ને धानुं રૂપ ધરનારા તથા रभ्, लभ्, शक् ને पद्ના સ્વરોની इ થાય છે અને એ માંહેલા સ્વરાંતોને स ની પૂર્વે त् ઉમેરાય છે અને દ્વિત્વથી થતા અભ્યાસનો લોપ થાય છે.

ઘ. स પ્રત્યયનો ष થયો હોય તો ધાતુના सનો ष् થતો નથી. જેમકે सिच् નું सिसिक्ष।

૩. દ્વિત્વના નિયમો નીચે મુજબ છે. (દ્વિત્વથી આવતા એકાચને અભ્યાસ કહે છે).

ક. સ્વરાદ ધાતુ હોય તો તેનો બીજો સ્વર અને તેની પૂર્વેનો વ્યંજન બેવડાય છે. જેમકે अभ्रनुं अबिभ्रष

અપવાદ—બીજા સ્વરની પૂર્વે સંયુકત વ્યંજન હોય ને તેમાં न्, द्, કે र् હોયતો સંયુકત વ્યંજનોમાંનો બીજો વ્યંજન લેવો નીકર પહેલો લેવો. જેમકે अर्च् નું अर्चिचिष। अन् નું अनिनिष। उन्द्नुं उन्दिदिष।

ખ. વ્યંજનાદ ધાતુ હોય તો તેનો પહેલો વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

અપવાદ—સંયુક્ત વ્યંજનાદિ ધાતુ હોય ને સંયુક્ત વ્યંજનનો આદિ વ્યંજન श्, ष् કે स् હોય ને તેની પછી અઘોષ વ્યંજન આવ્યો હોય તો પહેલો વ્યંજન નહીં બેવડાતા અઘોષ વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

ગ. અભ્યાસમાં કોઇ પણ વર્ગના ૪ થા ને બદલે ૩ જો.

| | | | |
|---|---|---|---|
| " " | ૨ જા | " | ૧ લો |
| क् વર્ગના જેટલામા | ને | " | च् વર્ગનો તેટલામો |
| ह् | ને | " | ज् |
| દીર્ઘ સ્વર | ને | " | હ્રસ્વ સ્વર |
| ऋ | ને | " | अ |

ધાતુના ઉપાંત્ય **ए, ऐ** ને બદલે **इ**
,, ,, **ओ, औ** ને ,, **उ** ને
**अ** ને ,, **इ** મુકાય છે.

**ઘ.** અભ્યાસને નિમિત્તે ધાતુમાં થતા ફેરફાર–અભ્યાસની પછી **जि** ના **ज्** નો **ग्** જરૂર થાય છે ને **हि** અને **हन्** ના **ह्** નો **घ्** ને **चि** ના **च्** નો **क्** વિકલ્પે થાય છે.

ઉપર લખેલા દ્વિત્વના નિયમોમાં એટલું વધુ જાણવાનું છે કે નામધાતુમાં કોઇ પણ સ્વર અને તેની પૂર્વેના વ્યંજનને દ્વિત્વ થાય છે. જેમકે **पुत्र**નું **पुत्रय** જે નામધાતુ તેના **पुपुत्रयिष-पुतित्रयिष** ને **पुत्रयियिष** એ ત્રણ સન્નન્તના ધાતુ થાય.

૪. અનિયમિત **સન્નન્તો**.

**तृंह्** નું **तितृक्ष** ને **तितृंहिष**
**नश्** નું **निनङ्क्ष** ને **निनशिष**
**मुच्** નું **मुमुक्ष** ને **मोक्ष**
**राध्** નું **रिरात्स** ને **रित्स**
**सम्** નું **सिसनिष** ને **सिषास**
**तन्** નું **तितंस, तितांस** ને **तितनिष**
**द्युत्** નું **दिद्युतिष** ને **दिद्योतिष**
**ऋध्** નું **ईर्त्स** ને **अर्दिधिष**
**ज्ञप्** નું **जिज्ञपयिष** ને **जिज्ञापयिष**
**दम्भ्** નું **धिप्स, धीप्स** ને **दिदम्भिष**
**आप्** નું **ईप्स**

## ૩. યઙ્ન્તધાતુના સંબંધમાં

**યઙ્ન્ત કોનુ થાય છે તે તથા યઙ્ન્તના કાર્યો તથા તેઓનો** ક્રમ–પહેલા નવ ગણ માંહેલા વ્યંજનથી શરૂ થતા એકાચ ધાતુઓ તથા **अट्, ऋ, अश्, उर्णु, सूच्, सूत्र्, मूत्र्, दरिद्रा, दीधी** ને **वेवी** એટલાનુંજ યઙ્ન્ત થાય છે બીજાઓનું થતું નથી. (વળી ગત્યર્થક ધાતુના યઙ્ન્તનો અર્થ વારંવાર ગતિનું થવું એમ ન થતાં ગતિનું કુટીલપણું થવું એવો થાય છે. ને **लुप्, सद्, चर्, जंभ्, जप्, दह्, दृश्** ને **गॄ**ના યઙ્ન્તના અર્થમાં નિંદાપણું ઉમેરાય છે). **ह्वे, चाय्, प्याय्, ग्रह्**, ને **व्यध्** ને પરસ્મૈપદમાં ને **स्वप्, स्यम्, व्ये, ह्वे, चाय्, प्याय्, ग्रह्, ज्या, व्यध्, व्यच्, व्रश्च्, प्रच्छ्, भ्रस्ज्** ને આત્મનેપદમાં સંપ્રસારણ થાય છે. પછી એ તથા બીજા ધાતુઓને પરસ્મૈપદમાં યઙ્ન્તનો **य** પ્રત્યય લાગતો નથી તે ન લગાડી, ને આત્મનેપદમાં લાગે છે તે લગાડી, પરસ્મૈપદમાં **य** ના અભાવના ધાતુમાં કેટલાક ફેરફાર થાય છે તે, ને આત્મનેપદમાં **य** ના નિમિત્તના કેટલાક ફેરફાર થાય છે તે, કરી, દ્વિત્વ કરવાથી યઙ્ન્ત ધાતુ તૈયાર થાય છે. **य** ના નિમિત્તના કેટલાક ફેરફારો આગળ કહ્યા છે ને યઙ્ન્તના સંબંધમાં કેટલાક બીજા છે તે તથા **य** ના અભાવમાં થનારા ફેરફારો તથા દ્વિત્વના નિયમો તથા અનિયમિત રીતે થનારા યઙ્ન્તો વિષે નીચે મુજબ :—

૧. પરસ્મૈપદી યઙ્ન્તમાં ધાતુના **ए, ऐ, ओ, औ** નો **आ** થાય છે.

૨. આત્મનેપદી યઙ્ન્તમાં **य** ની પૂર્વે થતા ફેરફારો.

**ક.** ધાતુના અંત્ય **इ** ને **उ** દીર્ઘ થાય છે.

**ખ.** ધાતુના અંત્ય **ऋ** ની પૂર્વે એક વ્યંજન હોય તો **ऋ** નો **रि** થાય છે.

**ગ.** ધાતુના ઉપાંત્ય **इ, उ, ऋ** ને **ऌ** ની પછી **र्** અથવા **व्** આવ્યો હોય તો **इ, उ, ऋ** ને **ऌ** દીર્ઘ થાય છે.

**ઘ.** **गै** ના **ऐ** નો **आ** નહીં પણ **ई** થાય છે.

**ઙ.** **घ्रा** ને **ध्मा** ના **आ** ની **ई** થાય છે.

**ચ.** **शी** નું **शय्**, **प्याय्** નું **पी**, ને **ऋ** નો **अर्** થાય છે.

છ. जन्, सन्, तन्, खन् નો न् વિકલ્પે ઉડી જાય છે. ને ઉડે છે ત્યારે ઉપાંત્ય अ દીર્ઘ થાય છે.

જ. વ્યંજનાંત ધાતુને ઉપાંત્ય અનુનાસિક હોય તો તે ઉડી જાય છે.

૩. દ્વિત્વના નિયમો નીચે મુજબ છે.

ક. સ્વરાદિ ધાતુ હોય તો તેનો બીજો સ્વર અને તેની પૂર્વેનો વ્યંજન બેવડાય છે. જેમકે अद् નું अटाट्य

અપવાદ.—બીજા સ્વરની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય ને તેમાં न्, द्, કે र् આવતા હોય તો સંયુક્ત વ્યંજનોમાંનો બીજો વ્યંજન લેવો નીકર પહેલો લેવો, જેમકે, उर्णु નું उर्णोनूय

ખ. વ્યંજનાદિ ધાતુ હોય તો તેનો પહેલો વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

અપવાદ–સંયુક્ત વ્યંજનાદિ ધાતુ હોય ને સંયુક્ત વ્યંજનનો આદિ વ્યંજન श्, ष् કે स् હોય ને તેની પછી અઘોષ વ્યંજન આવ્યો હોય તો પહેલો વ્યંજન નહીં બેવડાતાં અઘોષ વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

ગ. અભ્યાસમાં કોઈ પણ વર્ગના ૪ થા ને બદલે ૩ જો

| | | | |
|---|---|---|---|
| ,, ,, ૨ જા | ને | ,, | ૧ લો |
| क् વર્ગના જેટલામા | ને | ,, | च् વર્ગનો તેટલામો |
| ह् | ને | ,, | ज् |
| દીર્ઘસ્વર | ને | ,, | હ્રસ્વ સ્વર |
| ऋ | ને | ,, | अ |
| इ, उ | ને | ,, | ए, ओ અનુક્રમે, ને |
| अ | ને | ,, | आ મુકાય છે. |

અપવાદ–

૧. અભ્યાસમાં अ ને બદલે आ થવાના સંબંધમાં

क. ધાતુને અંતે अ ઉપાંત્યવાળો અનુનાસિક હોય તો તે ધાતુના અભ્યાસના अ નો आ થતો નથી. પણ अ ની પછી અનુનાસિક ઉમેરાય છે. જેમકે यम् ના यम्य નું यम्यम्य । जन् ના जन्यનું जञ्जन्य પણ जाय નું जाजाय ।

ख. चर्, फल्, पश्, जप्, जंभ्, दह्, दंश्, भञ्ज् ને ઉપર મુજબ થાય છે.

ग. वञ्च्, स्रंस्, ध्वंस्, भ्रंस्, कस्, पत्, पद् ને स्कंद् ના અભ્યાસનો अ કાયમ રહે છે ને અની પછી न् ને બદલે नी ઉમેરાયછે. જેમકે स्रंस्ના स्रस्यનું सनीस्रस्य

घ. ધાતુને અંતે य्, व् કે ल् હોય ને અંતર્ગત य હોય ને પરસ્મૈપદના રૂપ કરવા હોય તો अ વિકલ્પે કાયમ રહેછે ને જ્યારે કાયમ રહે છે ત્યારે અભ્યાસના अ ની પછી અનુનાસિક ઉમેરાય છે.

૨. અભ્યાસમાં ऋ ને બદલે अ થવાના સંબંધમાં

क. ધાતુમાં ઉપાંત્ય ऋ અથવા ऌ અસલ અથવા સંપ્રસારણથી પ્રાપ્ત થયો હોય ને આત્મનેપદના રૂપ કરવા હોય તો અભ્યાસનો अ કાયમ રહેછે. ને પછી री અથવા ली ઉમેરાયછે. જેમકે वृत् ના वृत्य નું वरीवृत्य

ख. વ્યંજનાદિ ધાતુમાં અંત્ય અથવા ઉપાંત્ય ऋ કે ऌ ઉપર પ્રમાણેનો હોય ને પરસ્મૈપદના રૂપ કરવા હોય તો અભ્યાસનો अ કાયમ રહેછે ને તેની પછી ऋ

વાળા ધાતુમાં र्, रि, री ને ऌ વાળા ધાતુમાં ल्, लि, ली વિકલ્પે ઉમેરાયછે. જેમકે वृत् નું वर्वृत्, वरिवृत् ને वरीवृत्। क्लृप् નું चल्क्लृप्, चलिक्लृप्, ને चलीक्लृप्। कृ નું चर्कृ, चरिकृ ને चरीकृ।

ઘ. અભ્યાસને નિમિત્તે ધાતુમાં થતા ફેરફાર.

૧. पश्, चर्, फल् માં ઉમેરાયલા न् ની પછી એકાચમાં अ હોય તો તેનો उ થાય છે. જેમકે चर् ના चर्य નું चंचूर्य

૨. सिच् ના स् નો ष् થતો નથી. અને चि ના च् નો क् થાયછે.

૪. અનિયમિત યઙ્ન્તો.

| | |
|---|---|
| स्वप् નું सोसुप्य ને सास्वप् | प्याय् નું पेपीय ને पाप्य |
| स्यम् નું सेसिम्य ને सस्यम् | जन् નું जंजन्य, जाजाय, जंजन् ને जाजा |
| वश् નું वावश्य ને वावश् | द्युत् નું देद्युत्य, देद्युत् ને देद्यु |
| चाय् નું चेकीय, चेकिय ને चेकी | कु (૧ લા ગણનો) નું कोकूय ને कोकु |
| व्ये નું वेवीय, वाव्य ને वाव्ये | गॄ (૬ ઠા ,, ) નું जेगिल्य |
| ह्वे નું जोहूय ને जोहो | गॄ (૯ મા ,, ) નું जेगिर्य ને जागॄ. |

## ૪. નામધાતુના સંબંધમાં.

૧. પ્રત્યયો કોને લાગેછે ને તેઓના અર્થો– પ્રાતિપદિક તથા અવ્યયના શબ્દોને પ્રત્યયો લાગેછે. अ, य ને अय જેને લગાડીએ તેનો અર્થ તેના જેવુ થવું અથવા વર્તવું એવો થાય છે. काम्य જેને લગાડીએ તેનો અર્થ તેની ઇચ્છા કરવી એવો થાયછે. अस्य ને स्य જેને લગાડીએ તેનો અર્થ તેની ગાઢ ઇચ્છા કરવી એવો થાયછે. अ, अस्य, स्य ને काम्य લાગે ત્યારે કેવળ પરસ્મૈપદમાંજ રૂપો થાયછે.

અપવાદ.

ક. અગીઆરમા ગણના શબ્દો નામો પણ છે. તેઓના નામધાતુ કરવા હોય તો તેઓને ઉપર લખેલા માંહેલો કોઇ પ્રત્યય લાગતો નથી. તેઓને હંમેશ લાગતો य જ લાગે છે અને તે य ની પૂર્વે એઓને અંત્ય अ હોય તો તે ઉડી જાય છે, उ હોય તો તે દીર્ઘ થાયછે, ને બેઉ પદોમાં રૂપો અપાય છે.

ખ. अवगल्भ, होड, क्लीब ને य લાગે ત્યારે કેવળ આત્મનેપદમાંજ રૂપો થાય છે.

૨. अ પ્રત્યયની પૂર્વે થતા ફેરફાર—શબ્દને અંતે अ હોયતો તે अ ઉડી જાયછે. न् કારાંત શબ્દોને ઉપાંત્ય अ હોય તો તે દીર્ઘ થાયછે. જેમકે कृष्ण નું कृष्ण। माला નું मांला। कवी નું कवय। राजन् નું राजान।

૩. य લગાડી પરસ્મૈપદી ધાતુ કરવો હોય તો य ની પૂર્વે જે ફેરફારો થાય છે તે તથા य થી જે અનિયમિત પરસ્મૈપદી ધાતુઓ થાય છે તે વિષે નીચે મુજબ

ક. અંત્ય अ ને आ નું ई થાય છે. જેમકે पुत्र નું पुत्रीय

| | |
|---|---|
| ,, इ ને ई નું ई ,, | ,, कवि નું कवीय |
| ,, उ ને ऊ નું ऊ ,, | ,, भानु નું भानूय |
| ,, ऋ ને ॠ નું री ,, | ,, कर्तृ નું कर्त्रीय |
| ,, ओ નું अव् ,, | ,, गो નું गव्य |
| ,, औ નું आव् ,, | ,, नौ નું नाव्य |

અંત્ય અનુનાસિક ઉડી જાય છે અને તેની પૂર્વેના સ્વરનું ઉપર પ્રમાણે થાય છે જેમકે **राजन्** નું **राजीय**

,, વ્યંજન (અનુનાસિક શિવાયનો) કાયમ રહે છે. જેમકે **दिव्** નું **दिव्य**

ખ. તદ્ધિતનો પ્રત્યય ઉડી જાય છે ને **अ** ઉમેરાય છે અને પછી ઉપર બતાવેલા ફેરફારો થાય છે. જેમકે **गार्ग्य**નું **गार्गीय**

ગ. અનિયમિત-**अशना** નું **अशनाय** ને **अशनीय**। **धन** નું **धनय** ને **धनीय**। **उदक** નું **उदन्य** ને **उदकीय**।

૪. **य** લગાડી આત્મનેપદી ધાતુ કરવો હોય તો **य** ની પૂર્વે જે ફેરફારો થાય છે તે તથા **य** થી જે અનિયમિત આત્મનેપદી ધાતુઓ થાય છે તે વિષે નીચે મુજબ—

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક. અંત્ય **अ** દીર્ઘ થાય છે. જેમકે | | | **श्येन** | નું | **श्येनाय** | = બાજપક્ષીની માફક વર્તવું. |
| | | | **शब्द** | નું | **शब्दाय** | = શબ્દ કરવો. |
| | | | **भृश** (ઘણું) | નું | **भृशाय** | = ઘણું થવું. |
| | | | **कष्ट** | નું | **कष्टाय** | = કષ્ટ કરવું |
| ,, **इ** | ,, | ,, ,, | **कवि** | નું | **कवीय** | = કવિની માફક વર્તવું. |
| ,, **उ** | ,, | ,, ,, | **गुरु** | નું | **गुरूय** | = ગુરૂની માફક વર્તવું. |
| ,, **ई** નો **आ** | ,, | ,, | **कुमारी** | નું | **कुमाराय** | = છોકરીની માફક વર્તવું. |
| ,, **ऋ** નો **रि** | ,, | ,, | **कर्तृ** | નું | **कर्त्रीय** | = કર્તાની માફક વર્તવું. |
| ,, **ओ** નો **अव्** | ,, | ,, | **गो** | નું | **गव्य** | = ગાયના જેવું થવું. |
| ,, **औ** નો **आव्** | ,, | ,, | **नौ** | નું | **नाव्य** | = નૌકા જેવું થવું. |

,, અનુનાસિક ઉડી જાય છે ને તેની પૂર્વેનો સ્વર દીર્ઘ થાય છે. જેમકે **राजन्** નું **राजाय**=રાજાની માફક વર્તવું.

ખ. **ओजस्** અને **अप्सरस्** શિવાયના તથા અભૂતતદ્ભાવના અર્થમાં **सुमनस्**, **दुर्मनस्**, **अभिमनस्**, **उन्मनस्**, **रहस्**, **शुचिस्**, **शुचिवर्चस्**, **वर्चस्**, **सुरजस्**, ને **अरजस्** શિવાયના **स्** કારાંત શબ્દનો **स्** વિકલ્પે અને **ओजस्** અને **अप्सरस्** નો નિત્યે ઉડે છે ને પછી ઉપલો ફેરફાર થાય છે. જેમકે **विद्वस्** નું **विद्वाय** ને **विद्वस्य**=ડાહ્યા માણસની માફક વર્તવું. પણ **अप्सरस्** નું **अप्सराय**=અપ્સરાની માફક વર્તવું.

ગ. અભૂતતદ્ભાવના અર્થમાં **रोहत्**, **रेहत्**, **संश्चत्**, **तृपत्**, **शश्वत्**, **भ्रमत्**, ને **वहत्** નો **त्** જરૂર ઉડે છે ને બીજાઓનો વિકલ્પે ઉડે છે. અને પછી ઉપર બતાવેલા ફેરફારો થાય છે.

ઘ. **स्**, **त्** ને અનુનાસિક શિવાયના વ્યંજન અંતમાં હોયતો તે કાયમ રહેછે.

ઙ. સ્ત્રીલિંગના શબ્દને ઉપાંત્ય **क्** ન હોય તો તે સ્ત્રીલિંગનો શબ્દ પુલ્લિંગનો કરાય છે. જેમકે **कुमारी** નું **कुमाराय** પણ **पाचिका** નું **पाचिकाय**

ચ. અનિયમિત-**युवति** નું **युवाय**। **चित्र** (=આશ્ચર્ય) નું **चित्रीय**। **सपत्नी**નું **सपत्नाय**, **सपत्नीय** ને **सपतीय**।

૫. **अय** પ્રત્યયની પૂર્વે થતા ફેરફાર

ક. અંત્યસ્વર અને ઉપાંત્ય **अ**નો ગુણ નહીં પણ વૃદ્ધિ થાય છે અને બીજા ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો વિકારકના નિયમ પ્રમાણે ગુણ થાય છે.

ખ. શબ્દના અંતનો અનુનાસિક ઉડી જાય છે. જેમકે **वर्मन्** નું **वर्मय**

ગ. **मत्**, **वत्**, **मिन्** અને **विन्** અંતે હોયતો તે ઉડી જાય છે. જેમકે **स्रग्विन्** નું **स्रजय**

ઘ. સ્ત્રીલિંગનો પ્રત્યય અંતમાં હોય તો તેનું પુરૂષવાચક કરવું.

ઙ. શ્રેષ્ઠતાદર્શક **इष्ट** પ્રત્યયની પૂર્વે જે ફેરફાર થાય છે તે ફેરફાર આમાં પણ વિશેષણને થાય છે. જેમકે **मृदु** નું **म्रदय**; **दूर** નું **दवय**; વળી **वृद्ध, प्रिय, स्फिर** ને **स्थिर** ના **ज्य, प्र, स्फ** ને **स्थ** અનુક્રમે થાય છે ને **आप** ઉમેરાય છે. જેમકે **स्थिर** નું **स्थापय**

ચ. **सत्य, अर्थ, वेद, स्व, त्वाम्** ને **माम्** ને **अय**ની પૂર્વે **आप** ઉમેરાય છે. જેમકે **सत्य** નું **सत्यापय.**

છ. **पुच्छ, भाण्ड** ને **चीवर** ને આત્મનેપદનાજ રૂપો થાય છે.

જ. અકારાંત શબ્દની પછી **अय**નો આદિ **अ** ઉડી જાય છે. જેમકે **पाश** નું **पाशय। मुण्ड** નું **मुण्डय। शब्द** નું **शब्दय।**

ઝ. અનિયમિત–**युष्मद्** નું **त्वापय, त्वादय, युष्मय। अस्मद्** નું **मापय, मादय, अस्मय। श्वन्** નું **शावय, शुनय। विद्वस्** નું **विद्वय, विदय, विदावय।**

---

## ભાગ ૫ મો.

### ભાવેકર્મબોધક ધાતુઓ કરવાના વધુ નિયમો.

ભાવેકર્મ બોધક ધાતુ એટલે ભાવ વાચક અથવા કર્મવાચક અથવા બેઉવાચક. અસલ ધાતુ સકર્મક હોય તો તેનો કર્મવાચક, ને અકર્મક હોયતો તેનો ભાવવાચક ધાતુ થાયછે. સકર્મક અને અકર્મક ધાતુઓ કયા છે તે નીચેના શ્લોકમાં જણાવ્યા છે.

**लज्जासत्तास्थितिजागरणं वृद्धिक्षयभयजीवितमरणम्।**
**शयनक्रीडारुचिदीप्त्यर्थं धातुगणेष्वकर्मकमाहुः॥** એટલે

લજ્જા, સત્તા, સ્થિતિ, જાગરણ, વૃદ્ધિ, ક્ષય, ભય, જીવિત, મરણ, શયન, ક્રીડા, રૂચિ, ચળકાટ એ અર્થવાળા ધાતુઓને અકર્મક જાણવા ને એ શિવાયનાને સકર્મક જાણવા.

અસલ ધાતુ પરસ્મૈપદિ કે આત્મનેપદી હોય તોપણ ભાવેકર્મબોધક ધાતુ આત્મનેપદીજ ગણાયછે. ને આત્મનેપદનાજ પ્રત્યયો લે છે, (આમાં કાઉંસમાં આપેલા પ્રત્યયો કોઈપણ ગણના ધાતુને લાગતા નથી) નેતે પ્રત્યયોમાં સાર્વધાતુકના પ્રત્યયોની પૂર્વે ભાવેકર્મનો પ્રત્યય **य** લાગેછે ને આર્ધધાતુકના પ્રત્યયોની પૂર્વે લાગતો નથી. જ્યારે **अ** લાગે છે ત્યારે તેની પૂર્વે નીચે મુજબના ફેરફાર થાય છે.

૧. **य** અવિકારક પ્રત્યય છે. પણ દશમાં ગણના ધાતુઓને વિકારક એવો જે **अय** તેની આગળ જે ફેરફાર થાય છે, તે આ **य** આગળ પણ થાય છે, તેમજ **ऋ** કારાંત ધાતુઓના **ऋ** ની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય તો **ऋ** નો ગુણ થાય છે, ને **ऋ** ધાતુને પણ ગુણ થાય છે.

૨. **ऋ** કારાંત ધાતુઓને **ऋ** ની પૂર્વે સંયુક્ત વ્યંજન નહીં હોય તો **ऋ** નો **रि** થાય છે. જેમકે **कृ** નું **क्रिय;**

૩. ધાતુના અંત્ય **इ, उ** લંબાય છે. જેમકે **जि** નું **जीय**

૪. ધાતુના અંત્ય **ॠ** નો **इर्** થાય છે. પણ જો તેની પૂર્વે ઓષ્ઠ્ય કે **व्** હોય તો **उर्** થાય છે.

૫. **मन्थ्, अञ्च्, शंस्, दंश्, सञ्ज्, रञ्ज्, अञ्ज्, भञ्ज्, स्कन्द्, ग्रन्थ्, स्तम्भ्, बंध्, भ्रंश्,** અને બીજા કેટલાક ધાતુઓનાં અનુનાસિક ઉડી જાય છે.

૬. तन्, जन्, सन्, खन्‌ના અનુનાસિક વિકલ્પે ઉડે છે. જેમકે વર્તમાનકાળના ત્રિજા પુરૂષના એક વચનમાં खन्‌ નું खन्यते; खायते।

૭. शी નું शय् થાય છે.

૮. પ્રેરકના અંત્ય अय ને યઙ્‌ન્તના અંત્ય य ની પૂર્વે વ્યંજન હોય તો તેઓનો અંત્ય य નીકર अ ઉડી જાય છે.

---

## ભાગ ૬ ઠો.

### મૂળ તથા પ્રત્યયાન્ત તથા તેઓના ભાવેકર્મબોધક ધાતુઓને સાર્વધાતુકના પુરૂષબોધક પ્રત્યયોની પૂર્વે લાગતા વધુ નિયમો.

૧. પેહેલા ગણના ધાતુઓના સંબંધમાં

ક. क्रम् નો अ પરસ્મૈપદમાં દીર્ઘ થાયછે તેમજ क्लम् ને आ+चम् ને પણ થાયછે.

ખ. दंश्, सञ्ज्, स्वञ्ज् ને रञ्ज् નો અનુનાસિક ઉડી જાય છે.

ગ. इष्, गम् ને यम् ના અંત્યનો च्छ् થાયછે.

ઘ. पा નું पिब्, घ्रा નું जिघ्र, ध्मा નું धम्, स्था નું तिष्ठ, म्ना નું मन्, दा નું यच्छ्, दृश् નું पश्य, ऋ નું ऋच्छ्, सृ નું धाव्, शद् નું शीय्, सद् નું सीद्, मृज् નું मार्ज् ને जभ् નું जम्भ् થાયછે.

ઙ. तक्ष्(=નાનુ કરવું), अक्ष्, भ्राश्, भ्लाश्, भ्रम्, क्रम् ને लष् માંહેલા પહેલા બેને વિકલ્પે પાંચમા ગણના જેવા ને બીજાઓને વિકલ્પે ચોથા ગણના જેવા રૂપ થાયછે.

ચ. અનિયમિત–નીચે લખેલા ધાતુઓ અનિયમિત છે તેથી તેના વર્તમાન કાળના ત્રિજા પુરૂષના એકવચનના રૂપોજ નીચે આપ્યા છે ને તેઓના બીજા રૂપો પણ તે પ્રમાણે જુદા જુદા પ્રત્યયોથી થાયછે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| कम् | નું | कामयति | निज् | (=ક્ષમા કરવી) | નું | निनिक्षते | (=તે ક્ષમા કરેછે) |
| धिन्व् | નું | धिनोति | मान् | (=વિચાર કરવો) | નું | मिमांसते | (=તે વિચાર કરેછે) |
| ऋत् | નું | ऋतीयते | शान् | (=ધાર ચઢાવવી) | નું | शीशांसति | (=તે ધાર ચઢાવેછે) |
| ष्ठिव् | નું | ष्ठीवति | बध् | (=ધિક્કારવું) | નું | बीभत्सते | (=તે ધિક્કારેછે) |
| कृण्व् | નું | कृणोति | दान् | (=સીધું કરવું) | નું | दीदांसति | (=તે સીધું કરેછે) |
| कृप् | નું | कल्पते | कित् | (=દવા આપવી) | નું | चिकित्सते | (=તે દવા આપેછે) |
| लस्ज् | નું | लज्जति | गुप् | (=ધિક્કારવું) | નું | जुगुप्सते | (=તે ધિક્કારેછે) |
| सस्ज् | નું | सज्जति | | | | | |
| ज्ञा | નું | जानाति | | | | | |

૨. બીજા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ધાતુના છેડાના द् નો અનદ્યતનભૂતના બીજા પુરૂષના એકવચનના પ્રત્યયની પૂર્વે र् વિકલ્પે થાય છે.

ખ. ધાતુના છેડાના र्‌નો, त् પ્રત્યયની પૂર્વે त् અથવા द् જરૂર થાય છે, ને स् પ્રત્યયની પૂવે વિકલ્પે થાય છે.

ગ. વ્યંજનની પછી અનદ્યતનભૂતના स् અને त् પ્રત્યયો ઉડી જાય છે.
ઘ. आ કારાંત ધાતુઓને પરસ્મૈપદ અનદ્યતનભૂતના ત્રિજા પુરૂષના બહુવચનમાં उस् પ્રત્યય વિકલ્પે લાગેછે. ને उस् જયારે લાગેછે ત્યારે તેની પૂર્વેનો સ્વર ઉડી જાય છે.
ङ. इ, ई, उ, ऊ ના અંતવાળા ધાતુઓ વિષે નીચે મુજબ જાણવું.
  ૧. ધાતુના અન્ત્ય (હ્રસ્વ) उ ની વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ થાય છે.
  ૨. स्तु, रु ને नु ને વ્યંજનાદિ પ્રત્યયોની પૂર્વે ई વિકલ્પે ઉમેરાય છે.
  ૩. ब्रू ને વ્યંજનાદિ વિકારક પ્રત્યયોની પૂર્વે ई જરૂર ઉમેરાયછે. એ ધાતુના વર્તમાન કાળના બીજા પુરૂષના એકવચન ને દ્વિવચનના અને ત્રિજા પુરૂષના ત્રણે વચનના રૂપો વિકલ્પે નીચે પ્રમાણે અનુક્રમે થાયછેઃ—
  आत्थ, आहथुः, आह , आहतुः, आहुः
  ૪. सू ના સંબંધમાં પરસ્મૈપદ અજ્ઞાર્થના પહેલા પુરૂષના પ્રત્યયો અવિકારક જાણવા.
  ૫. शी ના અંત્યસ્વરનો ગુણ થાયછે ને એને ત્રિજા પુરૂષના બહુવચનના પ્રત્યયોની પૂર્વે र् ઉમેરાય છે.
  ૬. उर्णु ના અંત્યસ્વરની વર્તમાન કાળના વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ થાયછે ને અનદ્યતન ભૂતના स् ને त् પ્રત્યયની પૂર્વે ગુણ થાય છે.
ચ. अद् ને स् અને त् પ્રત્યયની પૂર્વે अ ઉમેરાય છે.
છ. अस् ધાતુના સંબંધમાં નીચે મુજબ જાણવું.
  ૧. अस् નો આદિ अ અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે.
  ૨. પરસ્મૈપદ આજ્ઞાર્થના બીજા પુરૂષનું એકવચન एधि થાય છે.
  ૩. स् ને त् પ્રત્યયોની પૂર્વે ई ઉમેરાયછે જેમકે आसीत्
  ૪. આત્મનેપદ વર્તમાન કાળના પહેલા પુરૂષના એકવચનમાં स् નો ह् થાય છે.
  ૫. ध् થી શરૂ થતા પ્રત્યયની પૂર્વે स् ઉડી જાય છે.
જ. ईश् ને ईड् ને પરસ્મૈપદ અનદ્યતન ભૂતના બીજા પુરૂષના પ્રત્યયો શિવાયના स् ને ध्व् થી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે इ ઉમેરાય છે.
ઝ. द्विष् ને પરસ્મૈપદ અનદ્યતન ભૂતના ત્રિજા પુરૂષના બહુવચનમાં વિકલ્પે उस् પ્રત્યય લાગેછે.
ञ. रुद्, स्वप्, अन् ને जक्ष् ને य શિવાયના વ્યંજનાદિ પ્રત્યયની પૂર્વે इ ઉમેરાય છે ને પરસ્મૈપદ અનદ્યતનભૂતના स् ને त् પ્રત્યયોની પૂર્વે ई અથવા अ ઉમેરાય છે.
ટ. वच् ને વર્તમાન કાળના ત્રિજા પુરૂષનું બહુવચન થતું નથી.
ઠ. विद् વિષે નીચે મુજબ જાણવું
  ૧. આજ્ઞાર્થના રૂપો विदाम् શબ્દને कृ ના રૂપો લગાડી વિકલ્પે કરાય છે.
  ૨. પરસ્મૈપદના અનદ્યતનભૂતના ત્રિજા પુરૂષના બહુવચનનો પ્રત્યય उस् થાયછે અને એ उस् ની પૂર્વે ધાતુના અંત્યસ્વરનો ગુણ થાય છે.
  ૩. એના વર્તમાનકાળના રૂપો વિકલ્પે वेद, विद्व, विद्म, वेत्थ, विदथुः, विद, वेद, विदतुः, विदुः થાય છે.
ડ. शास्, जक्ष्, चकास्, दारिद्रा ને जागृ વિષે નીચે મુજબ જાણવું.
  ૧. शास् નું પરસ્મૈપદ આજ્ઞાર્થના બીજા પુરૂષના એકવચનનું રૂપ शाधि થાય છે.
  ૨. चकास् નું ,, ,, ,, ,, चकाधि ને चकाद्धि થાયછે.

૩. પરસ્મૈપદ અનદ્યતનભૂતના ત્રિજા પુરૂષના બહુવચનનો પ્રત્યય **उस्** થાય છે. અને એ **उस्** ની પૂર્વે ધાતુના અંત્યસ્વરનો ગુણ થાય છે.

૩. ત્રિજા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ધાતુમાં જે કંઇ ફેરફાર થવાનો હોય તે કરતાં પહેલા દ્વિત્વ કરવું પડેછે. તે દ્વિત્વના નિયમો નીચે મુજબ છે.

૧. સ્વરાદિ ધાતુ હોય તો તેનો પહેલો સ્વર બેવડાય છે. જેમકે **उख्** નું **उउख्**

૨. વ્યંજનાદિ ધાતુ હોયતો તેનો પહેલો વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે. જેમકે **पत्** નું **पपत्**.

**અપવાદ.**—સંયુકત વ્યંજનાદિ ધાતુ હોય અને સંયુક્ત વ્યંજનનો પહેલો વ્યંજન **श्**, **ष्** કે **स्** હોય ને તેની પછી અઘોષ વ્યંજન હોય તો પહેલો વ્યંજન નહીં બેવડાતા અઘોષ વ્યંજન અને તેની પછી નો સ્વર બેવડાય છે. જેમકે **स्पर्ध्** નું **पस्पर्ध्**

૩. અભ્યાસમાં કોઈ પણ વર્ગના ૪ થા ને બદલે ૩ જો

| | | | |
|---|---|---|---|
| „ „ ૨ જા | ને | „ | ૧ લો |
| **क्** વર્ગના જેટલામા | ને | „ | **च्** વર્ગનો તેટલામો |
| **ह्** | ને | „ | **ज्** |
| દીર્ઘ સ્વર | ને | „ | હ્રસ્વ સ્વર |
| **ऋ** | ને | „ | **अ** |
| ધાતુના ઉપાંત્ય **ए**, **ऐ** | ને | „ | **इ** ને |
| „ „ **ओ**, **औ** | ને | „ | **उ** મુકાય છે. |

જેમકે **छिद्** નું **चिच्छिद्** । **कम्** નું **चकम्** । **धा** નું **दधा** । **सेव्** નું **सिषेव्** । **ढौक्** નું **डुढौक्** । **क्रु** નું **चक्रु** ।

૪. અભ્યાસમાં **ऋ** ધાતુને **इय्** થાય છે, **निज्**, **विज्** ને **विश्** ના સ્વરનો ગુણ થાય છે ને **मा**, **हा** (=જવું), **भृ**, **पृ**, **पॄ** (=ભરવું)ના સ્વરની **इ** થાય છે.

ખ. પરસ્મૈપદના ત્રિજા પુરૂષના બહુવચનના પ્રત્યયોનો **न्** ઉડી જાય છે.

ગ. પરસ્મૈપદના અનદ્યતન ભૂતના ત્રિજા પુરૂષના બહુવચનનો પ્રત્યય **उस्** થાય છે, અને **उस्** ની પૂર્વે ધાતુને અંત્ય **आ** હોય તો તે ઉડી જાય છે અને હ્રસ્વ કે દીર્ઘ **इ**, **उ** કે **ऋ** હોય તો તેનો ગુણ થાય છે.

ઘ. **दा** નો અંત્યસ્વર અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે અને પરસ્મૈપદ અજ્ઞાર્થના બીજા પુરૂષના એકવચનનું રૂપ **देहि** થાય છે.

ઙ. **धा** નો અંત્યસ્વર અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે. **धा** નું પરસ્મૈપદ આજ્ઞાર્થના બીજા પુરૂષના એકવચનનું રૂપ **धेहि** થાય છે અને **स्**, **ध्व्**, **त्** ને **थ्** થી શરૂ પ્રત્યયની પૂર્વે **धत्** થાય છે.

ચ. **भी** ની અંત્ય **ई** વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે વિકલ્પે હ્રસ્વ થાય છે.

છ. **मा**, તથા **हा** (=જવું) નો **आ** સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે અને વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **ई** થાય છે.

જ. **हा** (=તજવું) નો **आ** સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે તેમજ **य्** થી શરૂ થતા વિધ્યર્થના પ્રત્યયોની પૂર્વે જરૂર, ને **हि** ની પૂર્વે વિકલ્પે ઉડી જાય છે. અને વ્યંજનાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **ई** થાય છે અને એ **ई** વિકલ્પે હ્રસ્વ થાય છે.

છ. **हु** નો પરસ્મૈપદ આજ્ઞાર્થના બીજા પુરૂષના એકવચનનો પ્રત્યય **धि** થાય છે.

જ. **निज्**, **विज्**, **विष्**ના ઉપાંત્ય **इ** નો સ્વરાદિ વિકારક પ્રત્યયોની પૂર્વે ગુણ થતો નથી.

૪. ચોથા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ધાતુનો અંત્ય **ओ** ઉડી જાય છે.

ખ. **दिव्**, **ष्ठिव्**, **शम्**, **तम्**, **दम्**, **श्रम्**, **मद्**, **भ्रम्** ને **क्षम्** નો સ્વર દીર્ઘ થાય છે.

ગ. **व्यध्** નું **विध्**, **जन्** નો **जा**, **मृ** નું **म्रिय्**, ને **ऋज्** નું **रज्** થાય છે.

ઘ. **क्रम्** ને **क्लम्** નો **अ** પરસ્મૈપદમાં દીર્ઘ થાય છે.

ઙ. **क्रम्** ને **त्रस्** ને વિકલ્પે પહેલા ગણના ધાતુ જેવા રૂપો થાય છે.

ચ. **क्षुभ्**, **नभ्** અને **तुभ्** ને વિકલ્પે નવમા ગણના ધાતુના જેવા રૂપો થાય છે.

૫. પાંચમા ગણના ધાતુઓના સંબંધમાં

ક. સ્વરાંત ધાતુઓમાં ગણની નીશાની **नु** નો **उ**, **व** ને **म** થી શરૂ થતા પ્રત્યયોની પૂર્વે વિકલ્પે ઉડી જાય છે. જેમકે **चि** નું **चिनुवः** ને **चिन्वः**। પણ **आप्** નું **आप्नुवः**।

ખ. વ્યંજનાંત ધાતુઓમાં ગણની નીશાની **नु** ના **उ** નો સ્વરાદિ અવિકારક પ્રત્યયોની પૂર્વે **उव्** થાય છે. જેમકે **आप्** નું **आप्नुवन्ति**

ગ. **दंभ्** નો અનુનાસિક ઉડી જાય છે.

૬. છઠ્ઠા ગણના ધાતુઓના સંબંધમાં.

ક. ધાતુઓના અંત્ય હ્રસ્વ કે દીર્ઘ **इ** ને **उ** નો અનુક્રમે **इय्** ને **उव्** ને (હ્રસ્વ) **ऋ** નો **रिय्** ને (દીર્ઘ) **ॠ** નો **इर्** થાય છે.

ખ. **भ्रस्ज्** ને **व्रश्च्** ના **भृज्ज्** ને **वृश्च्** થાય છે. **इष्** નું **इच्छ्**, **प्रच्छ** નું **पृच्छ्** ને **व्यच्** નું **विच्** થાય છે.

ગ. **लिप्**, **लुप्**, **स्विद्**, **पिश्**, **कृत्**, **मुच्**, **विद्** ને **सिच्** ને ઉપાંત્યમાં અનુનાસિક ઉમેરાય છે.

ઘ. **मस्ज्** ને **सस्ज्** નું **मज्ज्** ને **सज्ज्** થાય છે.

ઙ. **त्रुट्** ને વિકલ્પે ચોથા ગણના ધાતુના જેવા રૂપો થાય છે.

ચ. અનિયમિત – **विच्छ्** એનું વર્તમાન કાળનું ત્રિજા પુરૂષનું એકવચન **विच्छायति** થાય છે ને એના બીજા રૂપોપણ એ પ્રમાણે જુદા જુદા પ્રત્યયોથી થાય છે.

૭. સાતમા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ગણની નીશાની **न** નો **अ** અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાય છે.

ખ. **तृह्** માં વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે ગણની નીશાની **न** નો **ने** થાયછે. ને **रुध्** માં એ **न** ની પછી દંત્ય વ્યંજન આવે તો **न** નો **ण** થતો નથી.

ગ. ધાતુના અંત્ય **द्** નો અનદ્યતનભૂતના બીજા પુરૂષના એકવચનમાં **र्** વિકલ્પે થાય છે.

ઘ. ધાતુના અંત્ય **स्** નો, **त्** પ્રત્યયની પૂર્વે **त्** ને **द्** જરૂર થાય છે અને **स्** પ્રત્યયની પૂર્વે વિકલ્પે થાય છે.

ઙ. ધાતુના અંગનો અનુનાસિક ઉડી જાય છે.

ચ. વ્યંજનની પછી અનદ્યતનભૂતનો **स्** ને **त्** પ્રત્યય ઉડી જાય છે.

૮. આઠમા ગણના ધાતુઓના સંબંધમાં.

ક. ગણની નીશાની **उ** ની પૂર્વે સંયુકત વ્યંજન ન હોય તો **व** ને **म** ની પૂર્વે **उ** વિકલ્પે ઉડી જાય છે ને સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **उ** નો **व्** થાય છે.

ખ. **क्षिण्, घृण्, तृण्** ને **ऋण्** ના ઉપાંત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય છે.

ગ. **कृ** ધાતુનો વિકારક પ્રત્યયની પૂર્વે **कर्** ને અવિકારક પ્રત્યયની પૂર્વે **कुर्** થાય છે. અને એને લાગતી ગણની નીશાની **व, म** તથા પરસ્મૈપદ વિધ્યર્થના પ્રત્યયોની પૂર્વે ઉડી જાય છે.

૯. નવમા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ગણની નીશાની **ना** નો વ્યંજનાદિ વિકારક પ્રત્યયની પૂર્વે **नी** થાય છે અને સ્વરાદિ અવિકારક પ્રત્યયની પૂર્વે **न्** થાય છે.

ખ. **क्षुभ्** ધાતુને લાગતા **ना** ના **न** નો **ण** થતો નથી.

ગ. વ્યંજનાંત ધાતુને પરસ્મૈપદ આજ્ઞાર્થના બીજા પુરૂષના એકવચનમાં **आन** પ્રત્યય લાગેછે અને ગણની નીશાની લાગતી નથી.

ઘ. **ज्ञा** નો **जा**, **ज्या** નો **जि** ને **खव्** નો **खौ** થાય છે.

ઙ. ધાતુનો ઉપાંત્ય અનુનાસિક ઉડી જાય છે.

ચ. **पू, ली, वि+ली, लू, आ+स्तृ, री, व्ली, प्ली, ऋ, नॄ, भॄ, मॄ, शॄ, कॄ, गॄ, जॄ, दॄ, पॄ, वॄ** ને **धू** ના અંત્યસ્વરો જરૂર હ્રસ્વ થાય છે. અને **क्षी, प्री** ને **व्री** ના વિકલ્પે થાય છે.

૧૦ દશમા ગણના ધાતુઓના સંબંધમાં

ક. ધાતુના અંત્યસ્વર અને ઉપાંત્ય **अ**ની વૃદ્ધિ થાય છે, ને બીજા ઉપાંત્ય સ્વરોનો વિકારક ના નિયમ પ્રમાણે ગુણ થાય છે.

અપવાદ.

૧ **अदंत** ધાતુઓ (જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુકોશમાં **अदन्त** શબ્દ લખ્યોછે) ના ઉપાંત્ય સ્વરો કાયમ રહે છે.

૨. **आधृषीय** ધાતુઓ (જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુ કોષમાં **आधृषीय** શબ્દ લખ્યો છે) તથા ધાતુકોશમાં જે ધાતુઓનો અનુબંધ **इ** કે **उ** છે તથા જે ધાતુઓ હિંસાવાચક છે તે ધાતુઓ તથા (દીર્ઘ) **ऋ** કારાંત ધાતુઓ વિકલ્પે પહેલા ગણના પરસ્મૈપદના ગણાય છે. ને ધાતુકોશમાં જે ધાતુઓનો અનુબંધ **ञ्** છે તેઓ વિકલ્પે ૧ લા ગણના આત્મનેપદના ગણાય છે.

૩. **ज्ञप्** ને **चप्** ને વિકલ્પે ને **यम्, चह्, रह्, बल्** ને **चि** ને જરૂર **घटादि** નું કાર્ય થાય છે.

ખ. **आ** કારાંત થયેલા કે અસલ ધાતુઓને **प्** ઊમેરાય છે

ગ. અનિયમિત–નીચે લખેલા ધાતુઓ અનિયમિત છે તેથી તેના વર્તમાનકાળના ત્રિજા પુરૂષના એકવચનના રૂપોજ નીચે આપ્યા છે ને તેઓના બીજા રૂપો પણ તે પ્રમાણે જુદા જુદા પ્રત્યયોથી થાય છે.

**धू** નું **धूनयति । प्री** નું **प्रीणयति ।**

૧૧. અગીઆરમા ગણના ધાતુઓના સંબંધમાં–એમાં વધુ નિયમ કોઇ નથી.

૧૨. પ્રેરક ધાતુઓ, **सन्नन्त** ધાતુઓ તથા નામધાતુઓના સંબંધમાં–એમાં વધુ નિયમ કોઇ નથી.

૧૩. યઙ્લુગન્ત ધાતુઓના સંબંધમાં–પરસ્મૈપદ વર્તમાનકાળના એકવચનોના, અનદ્યતનભૂતના બીજા અને ત્રિજા પુરૂષના એકવચનોના અને આજ્ઞાર્થના ત્રિજા પુરૂષના એકવચનના પ્રત્યયોની પૂર્વે (દીર્ઘ) **ई** વિકલ્પે ઉમેરાય છે. અને એ (દીર્ઘ) **ई** ની પૂર્વે તથા સ્વરાદિ અવિકારક પ્રત્યયોની પૂર્વે ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થતો નથી. જેમકે **दादा** નું **दादाति** ને **दादेति**

૧૪. ભાવકર્મબોધક ધાતુઓના સંબંધમાં–એમાં વધુ નિયમ કોઈ નથી.

---

# ભાગ ૭ મો.

## મૂળ તથા પ્રત્યયાન્ત તથા તેઓના ભાવેકર્મબોધક ધાતુઓને આર્ધધાતુકના પુરૂષબોધક પ્રત્યયોની પૂર્વે લાગતા વધુ નિયમો.

આર્ધધાતુકના પુરૂષ બોધક પ્રત્યયો તે પરોક્ષભૂત, સામાન્યભૂત, અનદ્યતન ભવિષ્ય, સામાન્ય ભવિષ્ય, વિધ્યર્થ ભવિષ્ય ને આશીર્લિંગના પ્રત્યયો છે ને તે દરેકના સંબંધમાં જાણવાના નિયમો નીચે લખ્યા છે.

### ૧. પરોક્ષભૂતના સંબંધમાં.

૧. **કાર્યો તથા તેઓનો ક્રમ**–ધાતુને દ્વિત્વ થતું હોય તો તે પહેલા કરવું, પછી સંપ્રસારણ થતું હોય તો તે કરવું, પછી **इ** લાગતી હોય તો લગાડવી, પછી પ્રત્યયો લગાડવા ને દરેક જગ્યાએ ઘટતા ફેરફાર કરવા.

૨. **દ્વિત્વ કોને થાય છે**–**दय्** ને **कास्** શિવાયના વ્યંજનથી શરૂ થતા એકાચ ધાતુઓ તથા **अय्** ને **आस्** શિવાયના **अ** ને **आ** થી શરૂ થતાં એકાચ ધાતુઓ અને સ્વભાવિક અથવા છાંદસ હ્રસ્વ **ऋ** થી શરૂ થતા ધાતુઓને તથા **ऋच्छ्** ને **उर्णु** ને દ્વિત્વ થાય છે. **उष्** , **विद्**, **जागृ** ને **दरिद्रा** ને વિકલ્પે દ્વિત્વ થાય છે. બીજાઓને થતું નથી.

૩. **દ્વિત્વ થાય ત્યારે તેને માટે જાણવાના નિયમો**–

ક. સ્વરાદિ ધાતુ હોય તો તેનો પહેલો સ્વર બેવડાય છે પણ આદિમાં **ऋ** હોય તો તેનો અભ્યાસમાં **आन्** થાય છે. જેમકે **ऋज्** નું **आनृज्**. **ऋ** ધાતુનું અભ્યાસ સાથે **आर्** થાય છે. **उर्णु**નું અભ્યાસ સાથે **उर्णुनु** થાય છે.

ખ. વ્યંજનાદિ હોય તો તેનો પહેલો વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

**અપવાદ**–સંયુક્ત વ્યંજનાદિ ધાતુ હોય અને સંયુક્ત વ્યંજનનો આદિ વ્યંજન **श्** , **ष्** કે **स्** હોય ને તેની પછી અઘોષ વ્યંજન હોય તો પહેલો વ્યંજન નહીં બેવડાતા અઘોષ વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

ગ. અભ્યાસમાં કોઈ પણ વર્ગના ૪ થા ને બદલે ૩ જો.

| | | | |
|---|---|---|---|
| ,, ,, ૨ જા | ને | ,, | ૧ લો. |
| **क्** વર્ગના જેટલામા | ને | ,, | **च्** વર્ગનો તેટલામો |
| **ह्** | ને | ,, | **ज्** |
| દીર્ઘસ્વર | ને | ,, | હ્રસ્વ સ્વર પણ **भू** ના **ऊ** ને બદલે **अ** |
| **ऋ** | ને | ,, | **अ** |
| ધાતુના ઉપાંત્ય **ए** ને **ऐ** | ને | ,, | **इ** ને |
| ,, ,, **ओ** ને **औ** | ને | ,, | **उ** મુકાય છે. |

માત્ર **अ** હોય તો તે દીર્ઘ થાય છે ને માત્ર **इ** કે **उ** હોય ને તેની પછી વિજાતિસ્વર આવે તો **इ** નો **इय्** ને **उ** નો **उव्** થાય છે.

ઘ. અભ્યાસને નિમિત્તે ધાતુમાં થતા ફેરફારો.

૧. **हि** ના **ह्** નો **घ्** , ને **जि** ના **ज्** નો **ग्** જરૂર ને **चि** ના **च्** નો **क्** વિકલ્પે થાય છે.

૨. **व्** કારાદિ ધાતુઓ તથા જે ધાતુમાં અકાર સ્વરના ગુણ થવાથી પ્રાપ્ત થવાનો હોય તે ધાતુઓ તથા **शस्** અને **दद्** શિવાયના અભ્યાસમાં **न** બદલાય તેવા અસંયુક્ત

વ્યંજનથી શરૂ થતા ને અસંયુક્ત વ્યંજનના અંતવાળા તેમજ **अ** સ્વરવાળા એવા એકાચ ધાતુઓના **अ** નો અવિકારક પ્રત્યય તથા **इ** લીધેલા **थ** પ્રત્યયની પૂર્વે **ए** થાય છે ને અભ્યાસનો લોપ થાય છે. વળી એ પ્રત્યયોની પૂર્વે **तॄ, फल्, भज्, त्रप्, श्रथ्** ને **राध्** (=હિંસા કરવી) ના **अ** અથવા **आ** ને તથા અભ્યાસને એ પ્રમાણે થાય છે ને **जॄ, भ्रम्, त्रस्, फण्, राज्, भ्राज्, भ्राश्, भ्लाश्, स्यम्** ને **स्वन्** ના **अ** અથવા **आ** ને તથા અભ્યાસને એ પ્રમાણે વિકલ્પે થાય છે. **श्रन्थ, ग्रन्थ, दंभ** ને **स्वञ्ज्** નો અનુનાસિક વિકારક પ્રત્યયની પૂર્વે વિકલ્પે ઉડે છે ને ઉડે છે ત્યારે એ પ્રત્યયોની પૂર્વે એઓના પણ **अ** અથવા **आ** ને તથા અભ્યાસ ને એ પ્રમાણે વિકલ્પે થાય છે.

૩. **रध्** ને **जन्** ને સ્વરાદિ પ્રત્યયની પૂર્વે ઉપાંત્યમાં **न्** ઉમેરાય છે.

૪. **अ**થી શરૂ થતા અને સંયુક્ત વ્યંજનના અંતવાળા ધાતુઓ અને **ऋ**કારાદિ ધાતુઓ અને **अश्** ને અભ્યાસની પછી **न्** ઉમેરાય છે.

૪. **દ્વિત્વના અભાવમાં થતું કાર્ય**–દ્વિત્વ નહીં થતું હોય ત્યારે ધાતુઓને વિકારક એવો જે **आम्** પ્રત્યય અને **कृ, भू** કે **अस्** ના પરોક્ષ ભૂતના રૂપ લાગે છે. **विद्** નો સ્વર **आम्** ની પૂર્વે કાયમ રહે છે.

૫. **સંપ્રસારણના સંબંધના નિયમો**

ક. **वच्, स्वप्, वश्, वप्, वज्, वह्, वस्, वे, व्ये, ह्वे, वद्, श्वि, ग्रह्, ज्या, व्यध्, व्यच्, वय्, व्यथ्** ને **प्याय्** ને અવિકારક પ્રત્યયની પૂર્વે સંપ્રસારણ થાય છે. ને વિકારક પ્રત્યયની પૂર્વે માત્ર અભ્યાસમાં સંપ્રસારણ થાય છે. **व्यथ्** ને વિકારક અને અવિકારક બેઉ પ્રત્યયોની પૂર્વે અભ્યાસમાં સંપ્રસારણ થાય છે.

ખ. **वे** ધાતુનું દ્વિત્વ થયલું રૂપ વિકારક પ્રત્યયની પૂર્વે **उवय्** ને અવિકારક પ્રત્યયની પૂર્વે **ऊय्** ને **ऊव्** વિકલ્પે થાય છે. એજ પ્રમાણે **व्ये** નું **विव्य्** ને **विवी** જરૂર થાયછે. **उवय्, थ** ની પૂર્વે, **इ** લેછે. **ह्वे** નું વિકારક અને અવિકારક બેઉની પૂર્વે **हु** થાયછે ને **श्वि** નું એજ પ્રમાણે **शु** વિકલ્પે થાય છે.

૬. **બીજા ફેરફારો.**

ક. સ્વરાદિ અવિકારક પ્રત્યયની પર્વે ધાતુના અંત્યસ્વર અથવા (દીર્ઘ) **ऊ** ના **उव्** થાય છે. ને **इ** નો જો પૂર્વે સંયુક્ત વ્યંજન આવ્યો હોય તો **इय्** નીકર **य्** થાય છે. જેમકે **धु** નું **दुधुविव** ની નું **निन्यिव**।

ખ. ધાતુના અંત્ય **म्** ની પછી **व्** કે **म्** આવે તો અંતના **म्** નો **न्** થાય છે.

ગ. ધાતુના અંત્યસ્વર અને ઉપાંત્ય **अ** ની ૧ લા પુરૂષના **अ** પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ વિકલ્પે થાયછે. ને ત્રિજા પુરૂષના **अ** પ્રત્યયની પૂર્વે વૃદ્ધિ જરૂર થાય છે.

ઘ. **आ** કારાંત ધાતુઓના સંબંધમાં **अ** ને બદલે **औ** પ્રત્યય જાણવો.

ઙ. **गम्, हन्, जन्, खन्** ને **घस्** નો ઉપાંત્ય **अ** અવિકારક પ્રત્યયની પૂર્વે ઉડી જાયછે. **हन्** નો **अ** ઉડી જાય ત્યારે **ह्** નો **घ्** થાય છે. **जन्** અને **घस्** નો **अ** ઉડી જાય ત્યારે **जन्** નો **ज्ञ्** ને **घस्** નો **क्ष्** થાય છે.

ચ. **उर्णु** ના સ્વરનો ગુણ વિકારક પ્રત્યયની પૂર્વે **इ** લેછે ત્યારે વિકલ્પે થાય છે.

૭. **અનિયમિત**–નીચે લખેલા ધાતુઓના રૂપો અનિયમિત છે તેથી તેના પેહેલા પુરૂષના એકવચનના રૂપોજ નીચે આપ્યા છે ને તેઓના બીજા રૂપો પણ તે પ્રમાણે જુદા જુદા પ્રત્યયોથી થાયછે.

| | |
|---|---|
| अधि + इ नुं आधिजगे | भी नुं बिभयांचकार, विभाय, विभय |
| ह्वे नुं जुहाव, जुहव | ह्री नुं जिह्रयांचकार, जिह्राय, जिह्रय |
| इ नुं इयाय, इयय | भृ नुं विभरांचकार, बभार, बभर |
| | हु नुं जुहवांचकार, जुहाव, जुहव |

૮. ભાવકર્મબોધક ધાતુના રૂપ કર્તરિપ્રયોગના આત્મનેપદના રૂપ જેવાજ જાણવા.

## ૨. સામાન્યભૂતના સંબંધમાં.

૧. इ, उ કે ऋ હ્રસ્વ કે દીર્ઘના ઉપાંત્યવાળા વ્યંજનાંત ધાતુઓના સંબંધમાં આત્મનેપદના પ્રત્યયોને અવિકારક જાણવા.

૨. પ્રત્યયોના આદિ स ની પૂર્વે કે પછી અનુનાસિક કે અર્ધસ્વર શિવાયનો વ્યંજન હોય તો એ स् નો લોપ થાયછે. જેમકે अभिद् + स्त = अभित्त

૩. અનિટ ધાતુઓના સંબંધમાં પરસ્મૈપદી ધાતુઓના સ્વરની વૃદ્ધિ થાયછે. 'આત્મનેપદી ધાતુઓના અંત્ય इ, ई, उ, ऊ નો ગુણ, ને અંત્ય (દીર્ઘ) ॠ નો इर् અથવા उर् થાય છે. ને અંત્ય (-ह्रस्व) ऋ તથા ઉપાંત્ય સ્વર કાયમ રહેછે, ને પરસ્મૈપદીને આત્મનેપદી બેઉ ધાતુના ઉપાંત્ય ऋ નો र् પણ વિકલ્પે થાયછે. જેમકે कृश् નું अक्राक्षीत् ને अकार्क्षीत्. વળી स्त અને स्थाः પ્રત્યયોનો स् ગુણ કે વૃદ્ધિ નહીં થનારા હ્રસ્વ સ્વર પછી ઉડી જાય છે. જેમકે अहृ+स्त=अहृत.

અપવાદ.

ક. આત્મનેપદી अधि + इ ના इ નો વ્યંજનાદિ પ્રત્યય આગળ गी વિકલ્પે થાયછે. જ્યારે इ નો गा થાય છે ત્યારે તેને લાગતા પ્રત્યયો અવિકારક ગણાયછે.

ખ. આત્મનેપદી स्था, दा, धा તથા दा ને धा નું રૂપ ધરનારા ધાતુઓના અંત્ય आ નો इ થાય છે. ને એ इ નો ગુણ થતો નથી.

ગ. આત્મનેપદી हन् નો અનુનાસિક જરૂર ને આત્મનેપદી गम् ને उप + यम् (=પરણવું)નો વિકલ્પે ઉડી જાય છે. हन् ને બદલે वध् પરસ્મૈપદમાં જરૂર ને આત્મનેપદમાં વિકલ્પે મુકાય છે. हन् ના अ ની જ્યારે વૃદ્ધિ થાય છે ત્યારે ह् નો घ् થાય છે.

ઘ. આત્મનેપદી बुध् ને ૩ જા પુરૂષના એકવચનમાં इ પ્રત્યય વિકલ્પે લાગે છે. ને જ્યારે લાગે છે ત્યારે તેની પૂર્વે ઉપાંત્ય હ્રસ્વ સ્વર નો ગુણ થાય છે.

ઙ. આત્મનેપદી पद् ને ૩ જા. પુરૂષના એક વચનમાં स्त ન લાગતા इ લાગે છે ને इ ની પૂર્વે ઉપાંત્ય अ ની વૃદ્ધિ થાય છે.

ચ. પરસ્મૈપદી आ કારાંત ધાતુઓ તથા यम्, रम् ને नम्ना સંબંધમાં सीः ને सीत् શિવાયના પ્રત્યયોને આદિમાં सि ઉમેરાય છે.

અપવાદ—

૧. પરસ્મૈપદી पा (=પીવું), स्था, दा, धा અને दा તથા धा નું રૂપ ધરનારા ધાતુઓ અને इ (=જવું) ને બદલે આવતા गा ના સંબંધમાં પ્રત્યયો તદ્દન જુદા છે. એઓને ૩ જા પુરૂષના બહુવચનમાં उस् ને બીજે બધે અનદ્યતનભૂતના પ્રત્યયો લાગે છે. उस् ની પૂર્વે ધાતુનો અંત્ય आ ઉડી જાય છે.

૨. પરસ્મૈપદી घ्रा, शो, सो ને छो ને ૩ જા પુરૂષના બહુવચનમાં उस् ને બીજે અનદ્યતન ભૂતના પ્રત્યયો વિકલ્પે લાગે છે. ને उस्ની પૂર્વે ધાતુનો અંત્ય आ ઉડી જાય છે.

છ. **पुषादि** ધાતુઓ (જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુકોશમાં **पुषादि** શબ્દ લખ્યો છે) માંહેલાઓને તથા ધાતુકોશમાં બતાવેલા **ऌ** અનુબંધવાળા **आप्**, **गम्**, **घस्**, **पिष्**, **मुच्**, **लुप्**, **विष्**, **शक्**, **शद्**, **शिष्**, **सद्** ને **सृप्** ને તથા **ख्या**, **ह्वे**, **सिच्**, **वच्**, **स्विद्**, **क्रुध्**, **सिध्**, **लिप्** ને **मिष्** ને જરૂર અને **द्युतादि** ધાતુઓ (જેઓની આ સંજ્ઞા છે તેઓની સામે ધાતુકોશમાં **द्युतादि** શબ્દ લખ્યો છે) માંહેલાઓને તથા ધાતુકોશમાં બતાવેલા **इर्** અનુબંધવાળા **क्षुद्**, **छिद्**, **तुद्**, **दृश्**, **निज्**, **बुध्**, **भिद्**, **युज्**, **रिच्**, **रुध्**, **विच्**, **विज्** ને **स्कन्द्** ને તથા **तृप्** ને **दृप्** ને વિકલ્પે અનદ્યતનભૂતના પ્રત્યયો લાગે છે અને **द्युतादि**ઓ અનદ્યતનભૂતના પ્રત્યયો લે છે ત્યારે પરસ્મૈપદી થાય છે. ઉપર લખેલા સઘળા ધાતુઓ અનદ્યતનભૂતના પ્રત્યયો લે ત્યારે તેઓના સ્વરની ગુણ કે વૃદ્ધિ થતી નથી. પણ **ख्या** નું **ख्य**, **ह्वे** નું **ह्व**, **वच्** નું **वोच्**, **स्कन्द्** નું **स्कद्** ને **दृश्** નું **दर्श्** થાય છે. વળી અનદ્યતનભૂતના પ્રત્યયોની પૂર્વે અવિકારક એવો **अ** ધાતુને ઉમેરાય છે.

જ. **श्**, **ष्**, **स्**, કે **ह्** અંતમાં ને **इ**, **उ**, **ऋ** કે **ऌ** ઉપાંત્યમાં હોય એવા અનિટ ધાતુઓને નીચે પ્રમાણે પ્રત્યયો લાગે છે.

| | પરસ્મૈપદમાં | | | આત્મનેપદમાં | | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન. | દ્વિવચન. | બહુવચન. | એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
| ૧ લો પુરૂષ | सम् | साव | साम | सि | सावहि | सामहि |
| ૨ જો પુરૂષ | सः | सतम् | सत | सथाः | साथाम् | सध्वम् |
| ૩ જો પુરૂષ | सत् | सताम् | सन् | सत | साताम् | सन्त |

અપવાદ—**दृश्** ને એમ થતું નથી. ને **स्पृश्**, **मृश्** ને **कृष्** ને વિકલ્પે થાય છે. વળી **दुह्**, **दिह्** ને **लिह्**ના આત્મનેપદના ત્રિજા પુરૂષના એકવચન, બીજા પુરૂષના એકવચન ને બહુવચન ને પહેલા પુરૂષના દ્વિવચનમાં પ્રત્યયોનો **स** ને **सा** વિકલ્પે ઉડી જાય છે.

ઝ. સેટ ધાતુઓના સંબંધમાં બીજા અને ત્રિજા પુરૂષના એકવચનના પ્રત્યયોનો **स्** ઉડી જાય છે. આત્મનેપદી સેટ ધાતુઓના અંત્યસ્વર ને ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે, જેમકે **लू** નું **अलविष्ट**. પરસ્મૈપદી સેટ ધાતુઓના ઉપાંત્ય **इ**, **उ**, **ऋ** ને **ऌ** નો ગુણ થાય છે, જેમકે **सिध्** નું **असेधीत्**. અને અંત્ય હ્રસ્વ અથવા દીર્ઘ **इ**, **उ**, **ऋ** ને **ऌ**ની તથા **र्** ને **ल्**ના અંતવાળા તથા **वद्** ને **व्रज्**ના ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે પણ **र्** ને **ल्** શિવાયના વ્યંજનના અંતવાળા અને કોઇ પણ વ્યંજનથી શરૂ થતા એવા ધાતુઓના ઉપાંત્ય **अ** છાંદસ દીર્ઘ ન હોય તો તે **अ**ની વિકલ્પે વૃદ્ધિ થાય છે. જેમકે **लू** નું **अलाविषम्** પણ **गद्** નું **अगदीत्** ને **अगादीत्**.

અપવાદ—

ક. **ह्**, **म्** ને **य्** ના અંતવાળા તથા ધાતુકોશમાં બતાવેલા **ए** અનુબંધવાળા **कख्**, **कग्**, **कट्**, **क्वथ्**, **चट्**, **चत्**, **चद्**, **रग्**, **लग्**, **सग्**, **स्तग्**, **हस्**, **ह्रग्** ને **ह्लग्** ને તથા **श्वि**, **जागृ**, **पथ्**, **मथ्**, **क्षम्** ને **श्वस्**ના સ્વરની વૃદ્ધિ થતી નથી. જેમકે **क्रम्** નું **अक्रमीत्**

ખ. **दीप्**, **जन्**, **पूर्**, **ताय्**, **प्याय्** ને આત્મનેપદના ત્રિજા પુરૂષના એકવચનનો પ્રત્યય-**स्त**ને બદલે **इ** થાય છે. અને જ્યારે **इ** થાય ત્યારે ધાતુના ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે. અને **अ** શિવાયના હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે.

ગ. આઠમા ગણુના ધાતુઓનો અંત્ય **ण्** અથવા **न्** ઉડી જાય છે. ને આત્મનેપદના બીજા અને ત્રિજા પુરૂષના એકવચનમાં **थास्** અને **त** પ્રત્યય લાગે છે. **सन्** નો **न्** ઉડી ગયા પછી **सा** થાય છે.

ઘ. **पुषादि** ધાતુઓ માંહેલા ધાતુઓને તથા ધાતુકોશમાં બતાવેલા **ऌ** અનુબંધવાળા **पत्** ને **विद्** ને તથા **शास्** ને **तृष्** ને જરૂર, ને **द्युतादि** ધાતુઓ માંહેલા ધાતુઓને તથા ધાતુકોશમાં બતાવેલા **इर्** અનુબંધવાળા **उह्**, **घुष्**, **च्युत्**, **छद्**, **छृद्**, **तुह्**, **दुह्**, **बुन्द्**, **बृह्**, **रुद्**, **शुच्**, **च्युत्**, **स्खद्** ( **अव** અથવા **परि** ઉપસર્ગવાળો ), **स्फुट्** ને **स्रेक्** ને તથા **श्वि**, **जॄ**, **क्लृप्** ને **स्तम्भ्** ને વિકલ્પે, અનદ્યતનભૂતના પ્રત્યયો લાગે છે. અને **द्युतादि** ઓ જ્યારે અનદ્યતનભૂતના પ્રત્યયો લે છે ત્યારે પરસ્મૈપદી થાય છે. ઉપર લખેલા સઘળા ધાતુઓ અનદ્યતનભૂતના પ્રત્યયો લે ત્યારે તેઓના સ્વરની ગુણ કે વૃદ્ધિ થતી નથી. પણ **पत्** નું **पप्त**, **अस्** નું **अस्थ**, **शास्** નું **शिष्**, **श्वि** નું **श्व**, **जॄ** નું **जर्**, **स्यन्द्** નું **स्यद्**, **स्तंम्भ्** નું **स्तभ्**, **भ्रंश्** નું **भ्रश्**, **ध्वंस्** નું **ध्वस्**ને **स्रंस्** નું **स्रस्** થાય છે. વળી અનદ્યતનભૂતના પ્રત્યયોની પૂર્વે અવિકારક એવો **अ** ધાતુને ઉમેરાય છે.

ङ. દશમા ગણુના ધાતુઓ, પ્રેરક ધાતુઓ તથા **अय** થી થયલા નામધાતુઓનો **अय** ઉડી જાય છે, અને ઉપાંત્ય સ્વર હ્રસ્વ થાય છે. પણ જો ઉપાંત્યમાં **अर्**, **आर्**, **इर्**, **उर्**, **अल्** કે **आल्** માંનો કોઇ હોય તો પહેલા ચારને બદલે ( હ્રસ્વ ) **ऋ** ને છેલ્લા બેને બદલે **ऌ** વિકલ્પે મુકાય છે. ( **ह्वे**, **हेट्**, **भाज्**, **लुट्**, **लुट्**, **कण्**, **चण्**, **रण्**, **भण्**, **वण्**, **श्रण्**, **पीड्**, **दीप्**, **लुप्**, **जीव्**, **मील्**, **भ्राष्** ને **भ्रास्** નો ઉપાંત્ય વિકલ્પે હ્રસ્વ થાય છે ને ધાતુકોશમાં બતાવેલા **ऋ** અનુબંધવાળા ધાતુઓનો તથા **योघ्**, **लोप्**, ને **शास्** નો ઉપાંત્ય હ્રસ્વ થતો નથી. ) પછી અવિકારક એવો **अ** ઉમેરાય છે ને દ્વિત્વ કરી અનદ્યતનભૂતના પ્રત્યય લગાડાય છે. એ દ્વિત્વના નિયમો નીચે મુજબ છે.

૧. સ્વરાદિધાતુ હોય તો તેનો બીજો સ્વર અને તેની પૂર્વેનો વ્યંજન બેવડાય છે. અપવાદ—બીજા સ્વરની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય ને તેમાં **न्**, **द्**, કે **र्** આવતો હોય તો સંયુક્ત વ્યંજનોમાંનો બીજો વ્યંજન લેવો નીકર પહેલો લેવો.

૨. વ્યંજનાદિ ધાતુ હોય તો તેનો પહેલો વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે. અપવાદ—સંયુક્ત વ્યંજનાદિ ધાતુ હોય ને સંયુક્ત વ્યંજનનો આદિ વ્યંજન **श्**, **ष्** કે **स्** હોય ને તેની પછી અઘોષ વ્યંજન આવ્યો હોય તો પહેલો વ્યંજન નહીં બેવડાતા અઘોષ વ્યંજન અને તેની પછીનો સ્વર બેવડાય છે.

३. અભ્યાસમાં કોઇપણ વર્ગના ૪થા ને બદલે ૩ જો.

| | | | |
|---|---|---|---|
| „ „ ૨જા | ને | „ | ૧ લો |
| **क्** વર્ગના જેટલામા | ને | „ | **च्** વર્ગનો તેટલામો |
| **ह्** | ને | „ | **ज्** |
| દીર્ઘ સ્વર | ને | „ | હ્રસ્વ સ્વર |
| **ऋ** | ને | „ | **अ** |
| **ए**, **ऐ** | ને | „ | **इ** |
| **ओ**, **औ** | ને | „ | **उ** ને |
| **अ** | ને | „ | **इ** મુકાય છે. |

અપવાદ-

**क.** **अदन्त** ધાતુઓને તથા **स्मृ, दृ, स्तृ, प्रथ्, म्रद्, त्वर्** ને **स्पश्** ને અભ્યાસમાં अ આવેતો તે કાયમ રહે છે.

**ख.** અભ્યાસમાં આવતો अ, उ ના થયલા **अव्** ને **आव्** ના સંબંધનો હોય ને અભ્યાસની પછી **ज्**, ઓષ્ઠ્ય કે અર્ધસ્વર શિવાયનો વ્યંજન હોયતો अ ને બદલે **इ** નહીં મુકાતા उ મુકાય છે. પણ **स्रु, श्रु, द्रु, प्रु, प्लु** ને **च्यु** ના સંબંધમાં અભ્યાસમાં इ અથવા उ વિકલ્પે થાય છે.

**ग.** **वेष्ट्** ને **चेष्ट्** ના સંબંધમાં અભ્યાસમાં अ અથવા इ વિકલ્પે થાય છે.

૪. અભ્યાસમાં આવતા इ કે उ તેની પછી સંયુક્ત વ્યંજન કે દીર્ઘ વર્ણ ન હોય તો દીર્ઘ થાય છે.

૫. અભ્યાસને નિમિત્તે ધાતુમાં થતા ફેરફાર-અભ્યાસની પછી **जि** ના **ज्** નો **ग्** જરૂર ને **चि** ના **च्** નો **क्** વિકલ્પે થાય છે.

ઉપર મુજબ થતા ક્રિયાપદોના દાખલા નીચે મુજબ છે.

| મૂળધાતુ. | મૂળધાતુનો પ્રેરક ધાતુ. | મૂળધાતુના પ્રેરકધાતુના સામાન્યભૂતના ૩ જા પુરૂષનું એકવચન. |
|---|---|---|
| कृत् | कीर्तय | अचिकीर्तत्, अचीकृतत् |
| अट् | अटय | आटिटत् |
| उन्द् | उन्दय | औन्दिदत् |
| अभ्र | अभ्रय | आबिभ्रत् |
| भ्राज् | भ्राजय | अबभ्राजत्, अबिभ्रजत् |
| अर्च् | अर्चय | आर्चिचत् |
| दीप् | दीपय | अदिदीपत्, अदीदिपत् |
| अन् | आनय | आनिनत् |
| लुप् | लोपय | अलूलुपत्, अलुलोपत् |
| क्रम् | क्रमय | अचिक्रमत् |
| नु | नावय | अनूनवत् |
| पू | पावय | अपीपवत् |
| चि | चायय चापयु | अचीचयत्, अचीचपत् |
| स्रु | स्रवय | असिस्रवत्, असुस्रवत् |
| वेष्ट् | वेष्टय | अववेष्टत्, अविवेष्टत् |
| स्पृश् | स्पर्शय | अपस्पर्शत्, अपिस्पृशत् |
| वृत् | वर्तय | अववर्तत्, अवीवृतत् |
| स्मृ | स्मारय | असस्मरत् |

૫. નીચે લખેલા ધાતુઓના રૂપ અનિયમિત છે તેથી તેના ત્રિજા પુરૂષના એકવચનના રૂપજ નીચે આપ્યા છે ને તેઓના બીજા રૂપો પણ તે પ્રમાણે જુદા જુદા પ્રત્યયોથી થાય છે.

| મૂળધાતુ. | મૂળધાતુના સામાન્ય ભૂતના ૩ જા પુરૂષનું એકવચન. | મૂળધાતુના પ્રેરકધાતુના સામાન્યભૂતના ૩ જા પુરૂષનું એકવચન. |
|---|---|---|
| श्रि | अशिश्रियत् | अशिश्रयत् |
| द्रु | अदुद्रुवत् | अदुद्रवत्, अदिद्रवत् |

| | | |
|---|---|---|
| स्रु | अस्रोष्यत्, असुस्रुवत् | असिस्रवत् असुस्रवत् |
| श्वि | अश्वयीत्, अशिश्वियत् | अशिश्वयत् अशूशवत्. |
| धे | अधात्, अदधत्, अधासीत् | अदीधपत (પરસ્મૈપદ થતું નથી) |
| स्वप् | अस्वाप्सीत् | असिष्वपत् |
| ह्वे | अह्वत्, अह्वास्त | अजूहवत्, अजूहवत |

| મૂળધાતુ. | મૂળધાતુનો પ્રેરક ધાતુ. | મૂળધાતુના પ્રેરકધાતુના સામાન્યભૂતના ૩જા પુરૂષનું એકવચન. |
|---|---|---|
| कम् | कामय | अचीकमत्, अचकमत् |
| घ्रा | घ्रापय | अजिघ्रिपत्, अजिघ्रपत् |
| स्था | स्थापय | अतिष्ठिपत् |
| पा | पायय | अपीप्यत् |
| उर्णु | उर्णावय | और्णुनवत् |
| ऊन् | ऊनय | औननत् |
| अन् | आनय | आनिनत् |
| ईर्ष्य् | ईर्ष्यय | ऐर्षिष्यत्, ऐर्ष्यिष्यत् |
| गण् | गणय | अजगणत्, अजीगणत् |
| चकास् | चकासय | अचचकासत्, अचीचकासत् |
| स्फुर् | स्फोरय, स्फारय | अपुस्फुरत्, अपुस्फरत् |

૬. ભાવેકર્મબોધક ધાતુના સંબંધમાં.

ક. સામાન્યભૂતમાં એક કરતા વધારે જાતના પ્રત્યયો જુદા જુદા ધાતુઓ પરત્વે બતાવ્યા છે તે કર્તરિપ્રયોગના ધાતુઓની બાબતમાં છે. ભાવેકર્મબોધક ધાતુના સંબંધમાં **श्**, **ष्**, **स्**, કે **ह्**, ના અંતવાળા ને **इ**, **उ**, **ऋ** કે **ऌ** ના ઉપાંત્યવાળા એવા અનિટ ધાતુઓ શિવાયના ધાતુઓને કર્તરિપ્રયોગમાં ગમે તે પ્રત્યયો લાગતા હોય પણ ભાવે-કર્મપ્રયોગમાં તો સામાન્યભૂતનાજ લાગે છે ને **श्**, **ष**, **स्**, કે **ह्** ના અંતવાળા ને **इ**, **उ**, **ऋ** કે **ऌ** ના ઉપાંત્યવાળા અનિટ ધાતુઓમાં **दृश्** ને જરૂર ને **स्पृश्**, **मृश्** ને **कृश्** ને વિકલ્પે સામાન્યભૂતના પ્રત્યયો લાગેછે.

**અપવાદઃ**—**तप्** (=પશ્ચાતાપ કરવો) શિવાયના બધા ધાતુઓને ત્રિજા પુરૂષના એકવચન નો પ્રત્યય **इ** જાણવો ને એ **इ** ની પૂર્વે નીચે મુજબ ફેરફાર થાય છે.

१. અંત્યસ્વર અને ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે. અને **अ** શિવાયના હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. પણ **कम्**, **वम्** અને **आ+चम्** શિવાયના **म्** કારાંત સેટ ધાતુઓનો ઉપાંત્ય **अ** ને **जन्** નો ઉપાંત્ય **अ** કાયમ રહે છે ને **घटादि** ધાતુઓનો ઉપાંત્યસ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે. **ज्वल्**, **ह्वल्**, ને **ह्मल्** ને ઉપસર્ગ ન લાગે ત્યારે **घटादि** નું કાર્ય જરૂર થાય છે ને **स्खद्** ને **परि**, **अव** કે **अप** લાગે ત્યારે થતું નથી. **ज्ञप्** ને **चप्** ને વિકલ્પે, ને **यम्**, **चह्**, **रह्**, **बल्** ને **चि** ને જરૂર, **घटादि** નું કાર્ય થાય છે.

२. **आ** કારાંત સેટ ધાતુઓને આ **इ** ની પૂર્વે **य** ઉમેરાય છે. જેમકે **अदरिद्रायि**.

३. દશમા ગણના તથા બીજા **अय** લેનારા ધાતુઓનો **अय** ઉડી જાય છે. જેમકે **चुर्** નું **अचोरि**.

४. **रध्** ને **रभ्** ને ઉપાંત્યમાં અનુનાસિક ઉમેરાય છે. અને તેથી ઉપાંત્ય **अ** ની ગુણ કે વૃદ્ધિ થતી નથી. જેમકે **अरन्धि**. **लभ्** ને ઉપસર્ગ લાગે ત્યારે એમ જરૂર નીકર વિકલ્પે થાય છે.

૫. આ **इ** ની પૂર્વે આર્ધધાતુકની **इ** લાગતી નથી.

ખ. ઉપર જણાવેલા પ્રત્યયો લગાડતા પહેલા ધાતુમાં નીચે પ્રમાણે ફેરફાર થાયછે.

૧. સ્વરાંત ધાતુઓ તથા **हन्** ને **ग्रह्** ના સ્વરની વૃદ્ધિ થાય છે.

૨. **आ** કારાંત અનિટ ધાતુઓને જ્યારે **इ** લાગેછે ત્યારે **इ** ની પૂર્વે **य्** ઉમેરાય છે.

૩. જે ધાતુઓનો ઉપાંત્ય **अ** પ્રેરકધાતુ થતા દીર્ઘ થતો નથી, તેમજ જે ૧૦મા ગણના ધાતુઓનો **अ** દીર્ઘ થતો નથી, તેનો ઉપાંત્ય **अ** ત્રિજા પુરૂષના એકવચન શિવાય બીજે બધે દીર્ઘ થાયછે. **हन्** નો **अ** દીર્ઘ થાય ત્યારે **ह्** નો **घ्** થાય છે.

૪. **गुप्**, **धूप्**, **विच्छ्**, **पण्**, **पन्**, **कम्** ને **ऋत्** ને **अय** વિકલ્પે ઉમેરાય છે. જેમકે **अगोपि, अगोपायि**.

૫. દશમા ગણના ધાતુઓનો તથા પ્રેરકનો **अय** વિકલ્પે ઉડી જાયછે. અને જે ધાતુઓનો ઉપાંત્ય **अ** પ્રેરકમાં દીર્ઘ થતો નથી તેમજ જે દશમા ગણના ધાતુઓનો **अ** દીર્ઘ થતો નથી તેનો **अ** જ્યારે ઉડી જાયછે ત્યારે વિકલ્પે દીર્ઘ થાય છે.

ગ. નીચે લખેલા ધાતુઓના રૂપ અનિયમિત છે તેથી તેના ત્રિજા પુરૂષના એકવચનના રૂપજ નીચે આપ્યાછે ને તેઓના બીજા રૂપો પણ તે પ્રમાણે જુદાજુદા પ્રત્યયોથી થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **मृज्** | નું | **अमार्जि** | **भञ्ज्** | નું | **अभञ्जि, अभाजि** |
| **गुह्** | નું | **अगूहि** | **शम्** | નું | **अशमि, अशामि** |
| **इ** | નું | **अगायि** | **हेड्** | નું | **अहेडि, अहिडि, अहीडि** |

**अधि+इ** નું **अध्यगायि, अध्यायि**

### ૩. અનદ્યતન તથા સામાન્યભવિષ્યના સંબંધમાં.

૧. મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓની બાબતમાં વિશેષ નિયમ નથી.

૨. ભાવેકર્મબોધક ધાતુની બાબતમાં નીચે મુજબ છે.

ક. સ્વરાંત ધાતુઓ તથા **हन्** અને **ग्रह्** ના સ્વરની વૃદ્ધિ થાય છે.

ખ. **आ** કારાંત ધાતુઓને જ્યારે **इ** લેછે ત્યારે **इ** ની પૂર્વે **य** ઉમેરાય છે.

ગ. દશમા ગણના ધાતુઓનો તથા પ્રેરકનો **अय** વિકલ્પે ઉડી જાય છે અને જે ધાતુઓનો ઉપાંત્ય **अ** પ્રેરકમાં દીર્ઘ થતો નથી. તેમજ જે દશમા ગણના ધાતુઓનો **अ** દીર્ઘ થતો નથી તેનો **अ** જ્યારે **अय** ઉડી જાયછે ત્યારે વિકલ્પે દીર્ઘ થાય છે.

### ૪. વિધ્યર્થભવિષ્યના સંબંધમાં.

૧. મૂળ ધાતુઓની બાબતમાં **अधि+इ** ના **इ** નો વિકલ્પે સ્વર આગળ **गा** થાયછે, અને વ્યંજન આગળ **गी** થાય છે. **इ** ને બદલે **गा** મુકાયછે ત્યારે તેની પૂર્વેના પ્રત્યયો અવિકારક ગણાય છે.

૨. પ્રત્યયાન્ત ધાતુઓની બાબતમાં કોઈ વિશેષ નિયમ નથી.

૩. ભાવેકર્મબોધક ધાતુની બાબતમાં અનદ્યતનભવિષ્યની ૨જી કલમ લાગુ પડે છે

### ૫. આશીર્લિંગના સંબંધમાં.

૧. મૂળ તથા પ્રત્યયાન્ત ધાતુઓની બાબતમાં નીચે મુજબ છે.

ક. પરસ્મૈપદમાં **दा, धा, मा, स्था, गै, पा, सो, हा** ના અંત્ય સ્વરનો **ए** થાયછે. અને એ ધાતુઓ શિવાયના **आ** કારાંત ધાતુઓના **आ** નો તેની પૂર્વે સંયુક્ત વ્યંજન આવેલો હોયતો **ए** વિકલ્પે થાય છે.

ખ. પરસ્મૈપદમાં ऋ કારાંત ધાતુઓના ऋ નો रि થાય છે. ऋ ની પૂર્વે સંયુક્ત વ્યંજન હોય તો તે ऋ નો તથા ॠ ધાતુના ॠ નો ગુણ થાય છે.

ગ. પરસ્મૈપદમાં ધાતુના અંત્ય इ અને उ દીર્ઘ થાય છે.

ઘ. પરસ્મૈપદમાં **सञ्ज्**, **स्वञ्ज्**, **रञ्ज्**, **अञ्ज्**, **भञ्ज्**, **अञ्च्** (=જવું), **मन्थ्**, **ग्रन्थ्**, **उन्द्**, **स्कन्द्**, **स्यन्द्**, **इन्ध्**, **बन्ध्**, **दम्भ्**, **स्तम्भ्**, **भ्रंश्**, **दंश्**, **शंस्**, **ध्वंस्**, **स्रंस्**, **तृंह्**નો અનુનાસિક ઉડી જાય છે.

ઙ. આત્મનેપદમાં ધાતુના અંતના હ્રસ્વ અથવા દીર્ઘ ऋ અને ઉપાંત્ય સ્વરનો इ ન આવે ત્યારે ગુણ થતો નથી. પણ અંત્ય (હ્રસ્વ) ऋ કાયમ રહે છે. અને (દીર્ઘ) ॠ નો इर् અથવા उर् થાય છે.

ચ. इ, उ, ऋ હ્રસ્વ કે દીર્ઘના ઉપાંત્યવાળા વ્યંજનાંત ધાતુઓના સંબંધમાં આત્મનેપદના પ્રત્યયો इ નહીં લે ત્યારે અવિકારક ગણાય છે.

છ. **जन्**, **सन्**, **खन्** ના **न्** નો **आ** વિકલ્પે થાય છે.

૨. ભાવેકર્મબોધક ધાતુની બાબતમાં અનદ્યતનભવિષ્યની બીજી કલમ લાગુ પડે છે.

---

# ભાગ ૮ મો.

## ૧ લા ગણના-મૂળધાતુ बुध् તથા તેના થતા જુદી જુદી જાતના ધાતુઓના કર્તરિ તથા ભાવેકર્મપ્રયોગના દશે કાળના રૂપો.

### ૧. મૂળ ધાતુ बुध्‌ના રૂપો.

| | કર્તરિપ્રયોગ | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |
| **વર્તમાનકાળ** | | | |
| ૧ લો પુ. એકવચન | बोधामि | बोधे | बुध्ये |
| ,, દ્વિ ,, | बोधाव: | बोधावहे | बुध्यावहे |
| ,, બહુ ,, | बोधाम: | बोधामहे | बुध्यामहे |
| ૨ જો પુ. એક ,, | बोधसि | बोधसे | बुध्यसे |
| ,, દ્વિ ,, | बोधथ: | बोधेथे | बुध्येथे |
| ,, બહુ ,, | बोधथ | बाधध्वे | बुध्यध्वे |
| ૩ જો પુ. એક ,, | बोधति | बोधते | बुध्यते |
| ,, દ્વિ ,, | बोधत: | बोधेते | बुध्येते |
| ,, બહુ ,, | बोधन्ति | बोधन्ते | बुध्यन्ते |
| **આજ્ઞાર્થ** | | | |
| ૧ લો પુ. એકવચન | बोधानि | बोधै | बुध्यै |
| ,, દ્વિ ,, | बोधाव | बोधावहै | बुध्यावहै |
| ,, બહુ ,, | बोधाम | बोधामहै | बुध्यामहै |
| ૨ જો પુ. એક ,, | बोध | बोधस्व | बुध्यस्व |
| ,, દ્વિ ,, | बोधतम् | बोधेथाम् | बुध्येथाम् |
| ,, બહુ ,, | बोधत | बोधध्वम् | बुध्यध्वम् |

| | | | |
|---|---|---|---|
| ૩ જો પુ. એકવચન | बोधतु | बोधताम् | बुध्यताम् |
| ,, દ્વિ ,, | बोधताम् | बोधेताम् | बुध्येताम् |
| ,, બહુ ,, | बोधन्तु | बोधन्ताम् | बुध्यन्ताम् |
| **વિધ્યર્થ** | | | |
| ૧ લો પુ. એકવચન | बोधेयम् | बोधेय | बुध्येय |
| ,, દ્વિ ,, | बोधेव | बोधेवहि | बुध्येवहि |
| ,, બહુ ,, | बोधेम | बोधेमहि | बुध्येमहि |
| ૨ જો પુ. એક ,, | बोधेः | बोधेथाः | बुध्येथाः |
| ,, દ્વિ ,, | बोधेतम् | बोधेयाथाम् | बुध्येयाथाम् |
| ,, બહુ ,, | बोधेत | बोधेध्वम् | बुध्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | बोधेत् | बोधेत | बुध्येत |
| ,, દ્વિ ,, | बोधेताम् | बोधेयाताम् | बुध्येयाताम् |
| ,, બહુ ,, | बोधेयुः | बोधेरन् | बुध्येरन् |
| **અનદ્યતનભૂત** | | | |
| ૧ લો પુ. એકવચન. | अबोधम् | अबोधि | अबुध्ये |
| ,, દ્વિ ,, | अबोधाव | अबोधावहि | अबुध्यावहि |
| ,, બહુ ,, | अबोधाम | अबोधामहि | अबुध्यामहि |
| ૨ જો પુ. એક ,, | अबोधः | अबोधथाः | अबुध्यथाः |
| ,, દ્વિ ,, | अबोधतम् | अबोधेथाम् | अबुध्येथाम् |
| ,, બહુ ,, | अबोधत | अबोधध्वम् | अबुध्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अबोधत् | अबोधत | अबुध्यत |
| ,, દ્વિ ,, | अबोधताम् | अबोधेताम् | अबुध्येताम् |
| ,, બહુ ,, | अबोधन् | अबोधन्त | अबुध्यन्त |
| **પરોક્ષ ભૂત** | | | |
| ૧ લો પુ. એકવચન. | बुबोध | बुबुधे | આત્મનેપદમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बुबुधिव | बुबुधिवहे | ,, |
| ,, બહુ ,, | बुबुधिम | बुबुधिमहे | ,, |
| ૨ જો પુ. એક ,, | बुबोधिथ | बुबुधिषे | ,, |
| ,, દ્વિ ,, | बुबुधथुः | बुबुधाथे | ,, |
| ,, બહુ ,, | बुबुध | बुबुधिढ्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बुबोध | बुबुधे | ,, |
| ,, દ્વિ ,, | बुबुधतु | बुबुधाते | ,, |
| ,, બહુ ,, | बुबुधुः | बुबुधिरे | ,, |
| **સામાન્ય ભૂત** | | | |
| ૧ લો પુ. એકવચન | अबुधम् अबोधिषम् | अबुधे अबोधिषि | ,, |
| ,, દ્વિ ,, | अबुधाव अबोधिष्व | अबुधावहि अबोधिष्वहि | ,, |
| ,, બહુ ,, | अबुधाम अबोधिष्म | अबुधामहि अबोधिष्महि | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | अबुधः | अबोधीः | अबुधथाः | अबोधिष्ठाः | આત્મનેપદમાં છે તેમ. |
| „ દ્વિ „ | अबुधतम् | अबोधिष्टम् | अबुधेथाम् | अबोधिषाथाम् | „ |
| „ બહુ „ | अबुधत | अबोधिष्ट | अबुधध्वम् | अबोधिढ्वम् | „ |
| ૩ જો પુ. એક „ | अबुधत् | अबोधीत् | अबुधत | अबोधिष्ट | अबोधि |
| „ દ્વિ „ | अबुधताम् | अबोधिष्टाम् | अबुधेताम् | अबोधिषाताम् | આત્મનેપદમાં છે તેમ. |
| „ બહુ „ | अबृधन् | अबोधिषुः | अबुधन्त | अबोधिषतः | „ |

**અનદ્યતન ભવિષ્ય.**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન. | बोधितास्मि | बोधिताहे | „ |
| „ દ્વિ „ | बोधितास्वः | बोधितास्वहे | „ |
| „ બહુ „ | बोधितास्मः | बोधितास्महे | „ |
| ૨ જો પુ. એક „ | बोधितासि | बोधितासे | „ |
| „ દ્વિ „ | बोधितास्थः | बोधितासाथे | „ |
| „ બહુ „ | बोधितास्थ | बोधिताध्वे | „ |
| ૩ જો પુ. એક „ | बोधिता | बोधिता | „ |
| „ દ્વિ „ | बोधितारौ | बोधितारौ | „ |
| „ બહુ „ | बोधितारः | बोधितारः | „ |

**સામાન્યભવિષ્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એક વચન. | बोधिष्यामि | बोधिष्ये | „ |
| „ દ્વિ „ | बोधिष्यावः | बोधिष्यावहे | „ |
| „ બહુ „ | बोधिष्यामः | बोधिष्यामहे | „ |
| ૨ જો પુ. એક „ | बोधिष्यसि | बोधिष्यसे | „ |
| „ દ્વિ „ | बोधिष्यथः | बोधिष्येथे | „ |
| „ બહુ „ | बोधिष्यथ | बोधिष्यध्वे | „ |
| ૩ જો પુ. એક „ | बोधिष्यति | बोधिष्यते | „ |
| „ દ્વિ „ | बोधिष्यतः | बोधिष्येते | „ |
| „ બહુ „ | बोधिष्यन्ति | बोधिष्यन्ते | „ |

**વિધ્યર્થભવિષ્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એક વચન | अबोधिष्यम् | अबोधिष्ये | „ |
| „ દ્વિ „ | अबोधिष्याव | अबोधिष्यावहि | „ |
| „ બહુ „ | अबोधिष्याम | अबोधिष्यामहि | „ |
| ૨ જો પુ. એક „ | अबोधिष्यः | अबोधिष्यथाः | „ |
| „ દ્વિ „ | अबोधिष्यतम् | अबोधिष्येथाम् | „ |
| „ બહુ „ | अबोधिष्यत | अबोधिष्यध्वम् | „ |
| ૩ જો પુ. એક „ | अबोधिष्यत् | अबोधिष्यत | „ |
| „ દ્વિ „ | अबोधिष्यताम् | अबोधिष्येताम् | „ |
| „ બહુ „ | अबोधिष्यन् | अबोधिष्यन्त | „ |

**આશીર્લિંગ**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बुध्यासम् | बोधिषीय | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बुध्यास्व | बोधिषीवहि | ,, |
| ,, બહુ ,, | बुध्यास्म | बोधिषीमहि | ,, |
| ૨ જો પુ. એક ,, | बुध्याः | बोधिषीष्ठाः | ,, |
| ,, દ્વિ ,, | बुध्यास्तम् | बोधिषीयास्थाम् | ,, |
| ,, બહુ ,, | बुध्यास्त | बोधिषीढ्वम् | ,, |
| ૩ જો પુ. એક ,, | बुध्यात् | बोधिषीष्ट | ,, |
| ,, દ્વિ ,, | बुध्यास्ताम् | बोधिषीयास्ताम् | ,, |
| ,, બહુ ,, | बुध्यासुः | बोधिषीरन् | ,, |

## ૨. મૂળ ધાતુ बुध् નું પ્રેરકાન્ત बोधय ના રૂપો.

| | કર્તરિ પ્રયોગ. | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |
| **વર્તમાનકાલ.** | | | |
| ૧ લો પુ. એકવચન. | बोधयामि | बोधये | बोध्ये |
| ,, દ્વિ ,, | बोधयावः | बोधयावहे | बोध्यावहे |
| ,, બહુ ,, | बोधयामः | बोधयामहे | बोध्यामहे |
| ૨ જો પુ. એક ,, | बोधयसि | बोधयसे | बोध्यसे |
| ,, દ્વિ ,, | बोधयथः | बोधयेथे | बोध्येथे |
| ,, બહુ ,, | बोधयथ | बोधयध्वे | बोध्यध्वे |
| ૩ જો પુ. એક ,, | बोधयति | बोधयते | बोध्यते |
| ,, દ્વિ ,, | बोधयतः | बोधयेते | बोध्येते |
| ,, બહુ ,, | बोधयन्ति | बोधयन्ते | बोध्यन्ते |
| **આજ્ઞાર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | बोधयानि | बोधयै | बोध्यै |
| ,, દ્વિ ,, | बोधयाव | बोधयावहै | बोध्यावहै |
| ,, બહુ ,, | बोधयाम | बोधयामहै | बोध्यामहै |
| ૨ જો પુ. એક ,, | बोधय | बोधयस्व | बोध्यस्व |
| ,, દ્વિ ,, | बोधयतम् | बोधयेथाम् | बोध्येथाम् |
| ,, બહુ ,, | बोधयत | बोधयध्वम् | बोध्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | बोधयतु | बोधयताम् | बोध्यताम् |
| ,, દ્વિ ,, | बोधयताम् | बोधयेताम् | बोध्येताम् |
| ,, બહુ ,, | बोधयन्तु | बोधयन्ताम् | बोध्यन्ताम् |
| **વિધ્યર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | बोधयेयम् | बोधयेय | बोध्येय |
| ,, દ્વિ ,, | बोधयेव | बोधयेवहि | बोध्येवहि |
| ,, બહુ ,, | बोधयेम | बोधयेमहि | बोध्येमहि |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | बोधये: | बोधयेथाः | बोध्येथाः |
| ,, દ્વિ ,, | बोधयेतम् | बोधयेयाथाम् | बोध्येयाथाम् |
| ,, બહુ ,, | बोधयेत | बोधयेध्वम् | बोध्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | बोधयेत् | बोधयेत | बोध्येत |
| ,, દ્વિ ,, | बोधयेताम् | बोधयेयाताम् | बोध्येयाताम् |
| ,, બહુ ,, | बोधयेयु: | बोधयेरन् | बोध्येरन् |

અનદ્યતનભૂત.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अबोधयम् | अबोधये | अबोध्ये |
| ,, દ્વિ ,, | अबोधयाव | अबोधयावहि | अबोध्यावहि |
| ,, બહુ ,, | अबोधयाम | अबोधयामहि | अबोध्यामहि |
| ૨ જો પુ. એક ,, | अबोधय: | अबोधयथा: | अबोध्यथा: |
| ,, દ્વિ ,, | अबोधयतम् | अबोधयेथाम् | अबोध्येथाम् |
| ,, બહુ ,, | अबोधयत | अबोधयध्वम् | अबोध्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अबोधयत् | अबोधयत | अबोध्यत |
| ,, દ્વિ ,, | अबोधयताम् | अबोधयेताम् | अबोध्येताम् |
| ,, બહુ ,, | अबोधयन् | अबोधयन्त | अबोध्यन्त |

પરોક્ષભૂત.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बोधयांचकार—चकर | बोधयांचक्रे | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बोधयांचकृव | बोधयांचकृवहे | ,, |
| ,, બહુ ,, | बोधयांचकृम | बाधयांचकृमहे | ,, |
| ૨ જો પુ. એક ,, | बोधयांचकर्थ | बोधयांचकृषे | ,, |
| ,, દ્વિ ,, | बोधयांचक्रथु: | बोधयांचक्राथे | ,, |
| ,, બહુ ,, | बोधयांचक्र | बोधयांचकृढ्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बोधयांचकार | बोधयांचक्रे | ,, |
| ,, દ્વિ ,, | बोधयांचक्रतु: | बोधयांचक्राते | ,, |
| ,, બહુ ,, | बोधयांचक्रु: | बोधयांचक्रिरे | ,, |

સામાન્યભુત

| | | | | |
|---|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अबूबुधम् | अबूबुधे | अबोधयिषि | अबोधिषि |
| ,, દ્વિ ,, | अबूबुधाव | अबूबुधावहि | अबोधयिष्वहि | अबोधिष्वहि |
| ,, બહુ ,, | अबूबुधाम | अबूबुधामहि | अबोधयिष्महि | अबोधिष्महि |
| ૨ જો પુ. એક ,, | अबूबुध: | अबूबुधथा: | अबोधयिष्ठा: | अबोधिष्ठा: |
| ,, દ્વિ ,, | अबूबुधतम् | अबूबुधेथाम् | अबोधयिषाथाम् | अबोधिषाथाम् |
| ,, બહુ ,, | अबूबुधत | अबूबुधध्वम् | { अबोधयिध्वम्<br>{ अबोधयिढ्वम् | अबोधिध्वम् |
| ૩ જો પુ. એક ,, | अबूबुधत् | अबूबुधत | अबोधि | अबोधि |
| ,, દ્વિ ,, | अबूबुधताम् | अबूबुधेताम् | अबोधयिषाताम् | अबोधिषाताम् |
| ,, બહુ ,, | अबूबुधन् | अबूबुधन्त | अबोधयिषत | अबोधिषत |

**અનદ્યતન ભવિષ્ય.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન. | बोधयितास्मि | बोधयिताहे | કર્મણિપ્રયોગમાં છે તેમ જાણવાં | बोधिताहे |
| ,, દ્વિ ,, | बोधयितास्वः | बोधयितास्वहे | | बोधितास्वहे |
| ,, બહુ ,, | बोधयितास्मः | बोधयितास्महे | | बोधितास्महे |
| ૨ જો પુ. એક ,, | बोधयितासि | बोधयितासे | | बोधितासे |
| ,, દ્વિ ,, | बोधयितास्थः | बोधयितासाथे | | बोधितासाथे |
| ,, બહુ ,, | बोधयितास्थ | बोधयिताध्वे | | बोधिताध्वे |
| ૩ જો પુ. એક ,, | बोधयिता | बोधयिता | | बोधिता |
| ,, દ્વિ ,, | बोधयितारौ | बोधयितारौ | | बोधतारौ |
| ,, બહુ ,, | बोधयितारः | बोधयितारः | | बोधतारः |

**સામાન્યભવિષ્ય**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ લા પુ. એકવચન | बोधयिष्यामि | बोधयिष्ये | કર્મણિપ્રયોગમાં છે તેમ જાણવાં | बोधिष्ये |
| ,, દ્વિ ,, | बोधयिष्यावः | बोधयिष्यावहे | | बोधिष्यावहे |
| ,, બહુ ,, | बोधायिष्यामः | बोधायिष्यामहे | | बोधिष्यामहे |
| ૨ જો પુ. એક ,, | बोधयिष्यसि | बोधयिष्यसे | | बोधिष्यसे |
| ,, દ્વિ ,, | बोधयिष्यथः | बोधयिष्येथे | | बोधिष्येथे |
| ,, બહુ ,, | बोधयिष्यथ | बोधयिष्यध्वे | | बोधिष्यध्वे |
| ૩ જો પુ. એક ,, | बोधयिष्यति | बोधायिष्यते | | बोधिष्यते |
| ,, દ્વિ ,, | बोधायिष्यतः | बोधयिष्येते | | बोधिष्येते |
| ,, બહુ ,, | बोधायिष्यन्ति | बोधयिष्यन्ते | | बोधिष्यन्ते |

**વિધ્યર્થભવિષ્ય**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન. | अबोधयिष्यम् | अबोधयिष्ये | કર્મણિપ્રયોગમાં છે તેમ જાણવાં | अबोधिष्ये |
| ,, દ્વિ ,, | अबोधयिष्याव | अबोधयिष्यावहि | | अबोधिष्यावहि |
| ,, બહુ ,, | अबोधयिष्याम | अबोधयिष्यामहि | | अबोधिष्यामहि |
| ૨ જો પુ. એક ,, | अबोधयिष्यः | अबोधयिष्यथाः | | अबोधिष्यथाः |
| ,, દ્વિ ,, | अबोधयिष्यतम् | अबोधयिष्येथाम् | | अबोधिष्येथाम् |
| ,, બહુ ,, | अबोधयिष्यत | अबोधयिष्यध्वम् | | अबोधिष्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अबोधयिष्यत् | अबोधायिष्यत | | अबोधिष्यत |
| ,, દ્વિ ,, | अबोधयिष्यताम् | अबोधयिष्येताम् | | अबोधिष्येताम् |
| ,, બહુ ,, | अबोधायिष्यन् | अबोधयिष्यन्त | | अबोधिष्यन्त |

**આશીર્લિંગ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ લા પુ. એકવચન | बोध्यासम् | बोधायिषीय | કર્મણિપ્રયોગમાં છે તેમ જાણવાં | बोधिषीय |
| ,, દ્વિ ,, | बोध्यास्व | बोधयिषीवहि | | बोधिषीवहि |
| ,, બહુ ,, | बोध्यास्म | बोधदिषीमहि | | बोधिषीमहि |
| ૨ જો પુ. એક ,, | बोध्याः | बोधायिषीष्ठाः | | बोधिषीष्ठाः |
| ,, દ્વિ ,, | बोध्यास्तम् | बोधायिषीयास्थाम् | | बोधिषीयास्थाम् |
| ,, બહુ ,, | बोध्यास्त | बोधायिषीध्वम्–ढ्वम् | | बोधिषीध्वम् |
| ૩ જો પુ. એક ,, | बोध्यात् | बोधायिषीष्ट | | बोधिषीष्ट |
| ,, દ્વિ ,, | बोध्यास्ताम् | बोधायिषीयास्ताम् | | बोधिषीयास्ताम् |
| ,, બહુ ,, | बोध्यासुः | बोधयिषीरन् | | बोधिषीरन् |

## ૩. મૂળધાતુ बुध् નું સન્નન્ત बुबोधिष ના રૂપો.

| | કર્તરિ પ્રયોગ. | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ | આત્મનેપદ. |
| **વર્તમાનકાલ.** | | | |
| ૧ લો પુ. એકવચન | बुबोधिषामि | बुबोधिषे | बुबोधिष्ये |
| ,, દ્વિ ,, | बुबोधिषावः | बुबोधिषावहे | बुबोधिष्यावहे |
| ,, બહુ ,, | बुबोधिषामः | बुबोधिषामहे | बुबोधिष्यामहे |
| ૨ જો પુ. એક ,, | बुबोधिषसि | बुबोधिषसे | बुबोधिष्यसे |
| ,, દ્વિ ,, | बुबोधिषथः | बुबोधिषेथे | बुबोधिष्येथे |
| ,, બહુ ,, | बुबोधिषथ | बुबोधिषध्वे | बुबोधिष्यध्वे |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषति | बुबोधिषते | बुबोधिष्यते |
| ,, દ્વિ ,, | बुबोधिषतः | बुबोधिषेते | बुबोधिष्येते |
| ,, બહુ ,, | बुबोधिषन्ति | बुबोधिषन्ते | बुबोधिष्यन्ते |
| **અજ્ઞાર્થ** | | | |
| ૧ લો પુ. એકવચન | बुबोधिषाणि | बुबोधिषै | बुबोधिष्यै |
| ,, દ્વિ ,, | बुबोधिषाव | बुबोधिषावहै | बुबोधिष्यावहै |
| ,, બહુ ,, | बुबोधिषाम | बुबोधिषामहै | बुबोधिष्यामहै |
| ૨ જો પુ. એક ,, | बुबोधिष | बुबोधिषस्व | बुबोधिष्यस्व |
| ,, દ્વિ ,, | बुबोधिषतम् | बुंबोधिषेथाम् | बुबोधिष्येथाम् |
| ,, બહુ ,, | बुबोधिषत | बुबोधिषध्वम् | बुबोधिष्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषतु | बुबोधिषताम् | बुबोधिष्यताम् |
| ,, દ્વિ ,, | बुबोधिषताम् | बुबोधिषेताम् | बुबोधिष्येताम् |
| ,, બહુ ,, | बुबोधिषन्तु | बुबोधिषन्ताम् | बुबोधिष्यन्ताम् |
| **વિધ્યર્થ** | | | |
| ૧ લો પુ. એકવચન | बुबोधिषेयम् | बुबोधिषेय | बुबोधिष्येय |
| ,, દ્વિ ,, | बुबोधिषेव | बुबोधिषेवहि | बुबोधिष्येवहि |
| ,, બહુ ,, | बुबोधिषेम | बुबोधिषेमहि | बुबोधिष्येहि |
| ૨ જો પુ. એક ,, | बुबोधिषेः | बुबोधिषेथाः | बुबोधिष्येथाः |
| ,, દ્વિ ,, | बुबोधिषेतम् | बुबोधिषेयाथाम् | बुबोधिष्येयाथाम् |
| ,, બહુ ,, | बुबोधिषेत | बुबोधिषेध्वम् | बुबोधिष्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषेत् | बुबोधिषेत | बुबोधिष्येत |
| ,, દ્વિ ,, | बुबोधिषेताम् | बुबोधिषेयाताम् | बुबोधिष्येयाताम् |
| ,, બહુ ,, | बुबोधिषेयुः | बुबोधिषेरन् | बुबोधिष्येरन् |
| **અનદ્યતનભૂત** | | | |
| ૧ લો પુ. એકવચન | अबुबोधिषम् | अबुबोधिषे | अबुबोधिष्ये |
| ,, દ્વિ ,, | अबुबोधिषाव | अबुबोधिषावहि | अबुबोधिष्यावहि |
| ,, બહુ ,, | अबुबोधिषाम | अबुबोधिषामहि | अबुबोधिष्यामहि |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | अबुबोधिषः | अबुबोधिषथाः | अबुबोधिष्यथाः |
| ,, દ્વિ ,, | अबुबोधिषतम् | अबुबोधिषेथाम् | अबुबोधिष्येथाम् |
| ,, બહુ ,, | अबुबोधिषत | अबुबोधिषध्वम् | अबुबोधिष्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अबुबोधिषत् | अबुबोधिषत | अबुबोधिष्यत |
| ,, દ્વિ ,, | अबुबोधिषताम् | अबुबोधिषेताम् | अबुबोधिष्येताम् |
| ,, બહુ ,, | अबुबोधिषन् | अबुबोधिषन्त | अबुबोधिष्यन्त |

**પરોક્ષભૂત**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बुबोधिषांचकार–चकर | बुबोधिषांचक्रे | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बुबोधिषांचकृव | बुबोधिषांचकृवहे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषांचकृम | बुबोधिषांचकृमहे | ,, |
| ૨ જો પુ. એક ,, | बुबोधिषांचकर्थ | बुबोधिषांचकृषे | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषांचक्रथुः | बुबोधिषांचक्राथे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषांचक्र | बुबोधिषांचकृढ्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषांचकार | बुबोधिषांचक्रे | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषांचक्रतुः | बुबोधिषांचक्राते | ,, |
| ,, બહુ ,, | सुबोधिषांचक्रुः | बुबोधिषांचक्रिरे | ,, |

**સામાન્યભૂત**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अबुबोधिषिषम् | अबुबोधिषिषि | ,, |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्व | अबुबोधिषिष्वहि | ,, |
| ,, બહુ ,, | अबुबोधिषिष्म | अबुबोधिषिष्महि | ,, |
| ૨ જો પુ. એક ,, | अबुबोधिषिः | अबुबोधिषिष्ठाः | ,, |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्टम् | अबुबोधिषिषाथाम् | ,, |
| ,, બહુ ,, | अबुबोधिषिष्ट | अबुबोधिषिढ्वम् | ,, |
| ૩ જો પુ. એક ,, | अबुबोधिषीत् | अबुबोधिषिष्ट | अबुबोधिषि |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्टाम् | अबुबोधिषिषाताम् | કર્તરિપ્રયોગમાં છે તેમ |
| ,, બહુ ,, | अबुबोधिषिषुः | अबुबोधिषिषत | ,, |

**અનદ્યતનભવિષ્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बुबोधिषितास्मि | बुबोधिषिताहे | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषितास्वः | बुबोधिषितास्वहे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषितास्मः | बुबोधिषितास्महे | ,, |
| ૨ જો પુ. એક ,, | बुबोधिषितासि | बुबोधिषितासे | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषितास्थः | बुबोधिषितासाथे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषितास्थ | बुबोधिषिताध्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषिता | बुबोधिषिता | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषितारौ | बुबोधिषितारौ | ,, |
| ,, બહુ ,, | बुबोधिषितारः | बुबोधिषितारः | ,, |

**સામાન્યભવિષ્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बुबोधिषिष्यामि | बुबोधिषिष्ये | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बुबोधिषिष्यावः | बुबोधिषिष्यावहे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषिष्यामः | बुबोधिषिष्यामहे | ,, |
| ૨ જો પુ. એક ,, | बुबोधिषिष्यसि | बुबोधिषिष्यसे | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषिष्यथः | बुबोधिषिष्येथे | ,, |
| ,, બહુ ,, | बुबोधिषिष्यथ | बुबोधिषिष्यध्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बुबोधिषिष्यति | बुबोधिषिष्यते | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिषिष्यतः | बुबोधिषिष्येते | ,, |
| ,, બહુ ,, | बुबोधिषिष्यन्ति | बुबोधिषिष्यन्ते | ,, |

**વિધ્યર્થભવિષ્ય**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अबुबोधिषिष्यम् | अबुबोधिषिष्ये | ,, |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्याव | अबुबोधिषिष्यावहि | ,, |
| ,, બહુ ,, | अबुबोधिषिष्याम | अबुबोधिषिष्यामहि | ,, |
| ૨ જો પુ. એક ,, | अबुबोधिषिष्यः | अबुबोधिषिष्यथाः | ,, |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्यतम् | अबुबोधिषिष्येथाम् | ,, |
| ,, બહુ ,, | अबुबोधिषिष्यत | अबुबोधिषिष्यध्वम् | ,, |
| ૩ જો પુ. એક ,, | अबुबोधिषिष्यत् | अबुबोधिषिष्यत | ,, |
| ,, દ્વિ ,, | अबुबोधिषिष्यताम् | अबुबोधिषिष्येताम् | ,, |
| ,, બહુ ,, | अबुबोधिषिष्यन् | अबुबोधिषिष्यन्त | ,, |

**આશીર્લિંગ**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बुबोधिष्यासम् | बुबोधिषिषीय | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिष्यास्व | बुबोधिषिषीवहि | ,, |
| ,, બહુ ,, | बुबोधिष्यास्म | बुबोधिषिषीमहि | ,, |
| ૨ જો પુ. એક ,, | बुबोधिष्याः | बुबोधिषिषीष्ठाः | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिष्यास्तम् | बुबोधिषिषीयास्थाम् | ,, |
| ,, બહુ ,, | बुबोधिष्यास्त | बुबोधिषिषीढ्वम् | ,, |
| ૩ જો પુ. એક ,, | बुबोधिष्यात् | बुबोधिषिषीष्ट | ,, |
| ,, દ્વિ ,, | बुबोधिष्यास्ताम् | बुबोधिषिषीयास्ताम् | ,, |
| ,, બહુ ,, | बुबोधिष्यासुः | बुबोधिषिषीरन् | ,, |

**૪. મૂળ ધાતુ बुध् નું યઙન્ત बोबुध् ના રૂપો.**

| | કર્તરિપ્રયોગ. | | ભાવેકર્મ પ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |
| **વર્તમાનકાલ** | | | |
| ૧ લો પુ. એકવચન | बोबोध्मि—बोबुधीमि | बोबुध्ये | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बोबुध्वः | बोबुध्यावहे | ,, |
| ,, બહુ ,, | बोबुध्मः | बोबुध्यामहे | ,, |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | बोभोत्सि–बोबुधीषि | बोबुध्यसे | કર્તરિપ્રયોગમાં છે તેમ. |
| ,, દ્વિ ,, | बोबुद्धः | बोबुध्येथे | ,, |
| ,, બહુ ,, | बोबुद्ध | बोबुध्यध्वे | ,, |
| ૩ જો પુ. એક ,, | बोबोद्धि–बोबुधीति | बोबुध्यते | ,, |
| ,, દ્વિ ,, | बोबुद्धः | बोबुध्येते | ,, |
| ,, બહુ ,, | बोबुधति | बोबुध्यन्ते | ,, |

આજ્ઞાર્થ

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | बोबुधानि | बोबुध्यै | ,, |
| ,, દ્વિ ,, | बोबुधाव | बोध्यावहै | ,, |
| ,, બહુ ,, | बोबुधाम | बोबुध्यामहै | ,, |
| ૨ જો પુ. એક ,, | बोबुद्धि | बोबुध्यस्व | ,, |
| ,, દ્વિ ,, | बोबुद्धम् | बोबुध्येथाम | ,, |
| ,, બહુ ,, | बोबुद्ध | बोबुध्यध्वम् | ,, |
| ૩ જો પુ. એક ,, | बोबोद्धु–बोबुधीतु | बोबुध्यताम् | ,, |
| ,, દ્વિ ,, | बोबुद्धताम् | बोबुध्येताम् | ,, |
| ,, દ્વિ ,, | अतनुव—न्व | अतनुवहि—न्वहि | अतन्यावहि |
| ,, બહુ ,, | अतनुम—न्म | अतनुमहि—न्महि | अतन्यामहि |
| ૨ જો પુ. એક ,, | अतनोः | अतनुथाः | अतन्यथाः |
| ,, દ્વિ ,, | अतनुतम् | अतन्वाथाम् | अतन्येथाम् |
| ,, બહુ ,, | अतनुत | अतनुध्वम् | अतन्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अतनोत् | अतनुत | अतन्यत |
| ,, દ્વિ ,, | अतनुताम् | अतन्वाताम् | अतन्येताम् |
| ,, બહુ ,, | अतन्वन् | अतन्वत | अतन्यन्त |

## ૮. મૂળ ધાતુ ग्रह् (૯ મા ગણનો) ના રૂપો.

| | કર્તરિપ્રયોગ. | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |

વર્તમાનકાલ.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | गृह्णामि | गृह्णे | गृह्ये |
| ,, દ્વિ ,, | गृह्णीवः | गृह्णीवहे | गृह्यावहे |
| ,, બહુ ,, | गृह्णीमः | गृह्णीमहे | गृह्यामहे |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | गृह्णासि | गृह्णीषे | गृह्यसे |
| ,, દ્વિ ,, | गृह्णीथः | गृह्णाथे | गृह्येथे |
| ,, બહુ ,, | गृह्णीथ | गृह्णीध्वे | गृह्यध्वे |
| ૩ જો પુ. એક ,, | गृह्णाति | गृह्णीते | गृह्यते |
| ,, દ્વિ ,, | गृह्णीतः | गृह्णाते | गृह्येते |
| ,, બહુ ,, | गृह्णन्ति | गृह्णन्ते | गृह्यन्ते |

આજ્ઞાર્થ.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | गृह्णानि | गृह्णै | गृह्यै |
| ,, દ્વિ ,, | गृह्णाव | गृह्णावहै | गृह्यावहै |
| ,, બહુ ,, | गृह्णाम | गृह्णामहै | गृह्यामहै |
| ૨ જો પુ. એક ,, | गृहाण | गृह्णीष्व | गृह्यस्व |
| ,, દ્વિ ,, | गृह्णीतम् | गृह्णाथाम् | गृह्येथाम् |
| ,, બહુ ,, | गृह्णीत | गृह्णीध्वम् | गृह्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | गृह्णातु | गृह्णीताम् | गृह्यताम् |
| ,, દ્વિ ,, | गृह्णीताम् | गृह्णाताम् | गृह्येताम् |
| ,, બહુ ,, | गृह्णन्तु | गृह्णन्ताम् | गृह्यन्ताम् |

વિધ્યર્થ.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | गृह्णीयाम् | गृह्णीय | गृह्येय |
| ,, દ્વિ ,, | गृह्णीयाव | गृह्णीवहि | गृह्येवहि |
| ,, બહુ ,, | गृह्णीयाम | गृह्णीमहि | गृह्येमहि |
| ૨ જો. પુ. એક ,, | गृह्णीयाः | गृह्णीथाः | गृह्येथाः |
| ,, દ્વિ ,, | गृह्णीयातम् | गृह्णीयाथाम् | गुह्येयाथाम् |
| ,, બહુ ,, | गृह्णीयात | गृह्णीध्वम् | गृह्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | गृह्णीयात् | गृह्णीत | गृह्येत |
| ,, દ્વિ ,, | गृह्णीयाताम् | गृह्णीयाताम् | गृह्येयाताम् |
| ,, બહુ ,, | गृह्णीयुः | गृह्णीरन् | गृह्येरन् |

અનદ્યતનભૂત.

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अगृह्णम् | अगृह्णि | अगृह्ये |
| ,, દ્વિ ,, | अगृह्णाव | अगृह्णीवहि | अगृह्यावहि |
| ,, બહુ ,, | अगृह्णाम | अगृह्णीमहि | अगृह्यामहि |
| ૨ જો પુ. એક ,, | अगृह्णः | अगृह्णीथाः | अगृह्यथाः |
| ,, દ્વિ ,, | अगृह्णीतम् | अगृह्णाथाम् | अगृह्येथाम् |
| ,, બહુ ,, | अगृह्णीत | अगृह्णीध्वम् | अगृह्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अगृह्णात् | अगृह्णीत | अगृह्यत |
| ,, દ્વિ ,, | अगृह्णीताम् | अगृह्णाताम् | अगृह्येताम् |
| ,, બહુ ,, | अगृह्णन् | अगृह्णत | अगृह्यन्त |

## ૯. મૂળ ધાતુ चुर् (૧૦ મા ગણનો) ના રૂપો.

| | કર્તરિપ્રયોગ. | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |
| **વર્તમાનકાલ.** | | | |
| ૧ લો પુ. એકવચન | चोरयामि | चोरये | चोर्ये |
| ,, દ્વિ ,, | चोरयावः | चोरयावहे | चोर्यावहे |
| ,, બહુ ,, | चोरयामः | चोरयामहे | चोर्यामहे |
| ૨ જો પુ. એક ,, | चोरयसि | चोरयसे | चोर्यसे |
| ,, દ્વિ ,, | चोरयथः | चोरयेथे | चोर्येथे |
| ,, બહુ ,, | चोरयथ | चोरयध्वे | चोर्यध्वे |
| ૩ જો પુ. એક ,, | चोरयति | चोरयते | चोर्यते |
| ,, દ્વિ ,, | चोरयतः | चोरयेते | चोर्येते |
| ,, બહુ ,, | चोरयन्ति | चोरयन्ते | चोर्यन्ते |
| **આજ્ઞાર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | चोरयानि | चोरयै | चोर्यै |
| ,, દ્વિ ,, | चोरयाव | चोरयावहै | चोर्यावहै |
| ,, બહુ ,, | चोरयाम | चोरयामहै | चोर्यामहै |
| ૨ જો પુ. એક ,, | चोरय | चोरयस्व | चोर्यस्व |
| ,, દ્વિ ,, | चोरयतम् | चोरयेथाम् | चोर्येथाम् |
| ,, બહુ ,, | चोरयत | चोरयध्वम् | चोर्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | चोरयतु | चोरयताम् | चोर्यताम् |
| ,, દ્વિ ,, | चोरयताम् | चोरयेताम् | चोर्येताम् |
| ,, બહુ ,, | चोरयन्तु | चोरयन्ताम् | चोर्यन्ताम् |
| **વિધ્યર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | चोरयेयम् | चोरयेय | चोर्येय |
| ,, દ્વિ ,, | चोरयेव | चोरयेवहि | चोर्येवहि |
| ,, બહુ ,, | चोरयेम | चोरयेमहि | चोर्येमहि |
| ૨ જો પુ. એક ,, | चोरयेः | चोरयेथाः | चोर्येथाः |
| ,, દ્વિ ,, | चोरयेतम् | चोरयेयाथाम् | चोर्येयाथाम् |
| ,, બહુ ,, | चोरयेत | चोरयेध्वम् | चोर्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | चोरयेत् | चोरयेत | चोर्येत |
| ,, દ્વિ ,, | चोरयेताम् | चोरयेयाताम् | चोर्येयाताम् |
| ,, બહુ ,, | चोरयेयुः | चोरयेरन् | चोर्येरन् |
| **અનદ્યતનભૂત.** | | | |
| ૧ લો પુ. એકવચન | अचोरयम् | अचोरये | अचोर्ये |
| ,, દ્વિ ,, | अचोरयाव | अचोरयावहि | अचोर्यावहि |
| ,, બહુ ,, | अचोरयाम | अचोरयामहि | अचोर्यामहि |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | अचोरयः | अचोरयथाः | अचोर्यथाः |
| ,, દ્વિ ,, | अचोरयतम् | अचोरयेथाम् | अचोर्येथाम् |
| ,, બહુ ,, | अचोरयत | अचोरयध्वम् | अचोर्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अचोरयत् | अचोरयत | अचोर्यत |
| ,, દ્વિ ,, | अचोरयताम् | अचोरयेताम् | अचोर्येताम् |
| ,, બહુ ,, | अचोरयन् | अचोरयन्त | अचोर्यन्त |

## ૧૦. મૂળ ધાતુ कण्डु (૧૧ મા ગણનો) નાં રૂપો.

| | કર્તરિપ્રયોગ. | | ભાવેકર્મપ્રયોગ. |
|---|---|---|---|
| | પરસ્મૈપદ. | આત્મનેપદ. | આત્મનેપદ. |
| **વર્તમાનકાલ.** | | | |
| ૧ લો પુ. એકવચન | कण्डूयामि | कण्डूये | कण्डूय्ये |
| ,, દ્વિ ,, | कण्डूयावः | कण्डूयावहे | कण्डूय्यावहे |
| ,, બહુ ,, | कण्डूयामः | कण्डूयामहे | कण्डूय्यामहे |
| ૨ જો પુ. એક ,, | कण्डूयसि | कण्डूयसे | कण्डूय्यसे |
| ,, દ્વિ ,, | कण्डूयथः | कण्डूयेथे | कण्डूय्येथे |
| ,, બહુ ,, | कण्डूयथ | कण्डूयध्वे | कण्डूय्यध्वे |
| ૩ જો પુ. એક ,, | कण्डूयति | कण्डूयते | कण्डूय्यते |
| ,, દ્વિ ,, | कण्डूयतः | कण्डूयेते | कण्डूय्येते |
| ,, બહુ ,, | कण्डूयान्ती | कण्डूयन्ते | कण्डूय्यन्ते |
| **આજ્ઞાર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | कण्डूयानि | कण्डूयै | कण्डूय्यै |
| ,, દ્વિ ,, | कण्डूयाव | कण्डूयावहै | कण्डूय्यावहै |
| ,, બહુ ,, | कण्डूयाम | कण्डूयामहै | कण्डूय्यामहै |
| ૨ જો પુ. એક ,, | कण्डूय | कण्डूयस्व | कण्डूय्यस्व |
| ,, દ્વિ ,, | कण्डूयतम् | कण्डूयेथाम् | कण्डूय्येथाम् |
| ,, બહુ ,, | कण्डूयत | कण्डूयध्वम् | कण्डूय्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | कण्डूयतु | कण्डूयताम् | कण्डूय्यताम् |
| ,, દ્વિ ,, | कण्डूयताम् | कण्डूयेताम् | कण्डूय्येताम् |
| ,, બહુ ,, | कण्डूयन्तु | कण्डूयन्ताम् | कण्डूय्यन्ताम् |
| **વિધ્યર્થ.** | | | |
| ૧ લો પુ. એકવચન | कण्डूयेयम् | कण्डूयेय | कण्डूय्येय |
| ,, દ્વિ ,, | कण्डूयेव | कण्डूयेवहि | कण्डूय्येवहि |
| ,, બહુ ,, | कण्डूयेम | कण्डूयेमहि | कण्डूय्येमहि |

| | | | |
|---|---|---|---|
| ૨ જો પુ. એકવચન | कण्डूयेः | कण्डूयेथाः | कण्डूय्येथाः |
| ,, દ્વિ ,, | कण्डूयेतम् | कण्डूयेयाथाम् | कण्डूय्येयाथाम् |
| ,, બહુ ,, | कण्डूयेत | कण्डूयेध्वम् | कण्डूय्येध्वम् |
| ૩ જો પુ. એક ,, | कण्डूयेत् | कण्डूयेत | कण्डूय्येत |
| ,, દ્વિ ,, | कण्डूयेताम् | कण्डूयेयाताम् | कण्डूय्येयाताम् |
| ,, બહુ ,, | कण्डूयेयुः | कण्डूयेरन् | कण्डूय्येरन् |

**અનદ્યતનભૂત.**

| | | | |
|---|---|---|---|
| ૧ લો પુ. એકવચન | अकण्डूयम् | अकण्डूये | अकण्डूय्ये |
| ,, દ્વિ ,, | अकण्डूयाव | अकण्डूयावहि | अकण्डूय्यावहि |
| ,, બહુ ,, | अकण्डूयाम | अकण्डूयामहि | अकण्डूय्यामहि |
| ૨ જો પુ. એક ,, | अकण्डूयः | अकण्डूयथाः | अकण्डूय्यथाः |
| ,, દ્વિ ,, | अकण्डूयतम् | अकण्डूयेथाम् | अकण्डूय्येथाम् |
| ,, બહુ ,, | अकण्डूयत | अकण्डूयध्वम् | अकण्डूय्यध्वम् |
| ૩ જો પુ. એક ,, | अकण्डूयत् | अकण्डूयत | अकण्डूय्यत |
| ,, દ્વિ ,, | अकण्डूयताम् | अकण्डूयेताम् | अकण्डूय्येताम् |
| ,, બહુ ,, | अकण्डूयन् | अकण्डूयन्त | अकण्डूय्यन्त |

---

## ભાગ ૧૦ મો.

### કૃદંત અવ્યય.

કૃદંત અવ્યય બે જાતના છે—હેત્વર્થ કૃદંત અવ્યય ને ભૂત કૃદંત અવ્યય. ભાવેકર્મબોધક શિવાયના ધાતુઓના આ કૃદંત અવ્યયો થાયછે ને તેમાં લાગતા નિયમો નીચે મુજબ છે.

### ૧ હેત્વર્થ કૃદંત અવ્યય.

કોઈપણ ધાતુના અનદ્યતન ભવિષ્યના ત્રિજા પુરૂષના એકવચનના રૂપમાંથી **ता** પ્રત્યય કહાડી નાંખી **तुम्** પ્રત્યય ઉમેરવાથી આ અવ્યય થાયછે.

### ૨ ભૂત કૃદંત અવ્યય.

૧. **त्वा, य** ને **त्य** પ્રત્યયો સંબંધી નિયમો.

- ક. હ્રસ્વ સ્વરના અંતવાળો તેમજ ઉપસર્ગવાળો ધાતુ હોયતો તેને **त्य** લાગેછે અને કેવળ ઉપસર્ગવાળા ધાતુને **य** લાગેછે ને બાકીનાઓને **त्वा** લાગેછે.
- ખ. ધાતુના ઉપાંત્ય **इ, उ, ऋ** ને **लृ** જો તેની પછી **र्** અથવા **ह्** હોય ને તેની પછી વ્યંજન હોયતો દીર્ઘ થાયછે.
- ગ. **मि, मी, दी** ને **ली** ના અંત્યનો **आ** વિકલ્પે થાયછે ને **मे** ના **ए** નો **अ** અથવા **आ** થાય છે.
- ઘ. **त्वा** ની પૂર્વે જ્યારે **इ** આવે છે ત્યારે ધાતુના સ્વરનો ગુણ થાયછે.

અપવાદ.

૧. **कृष्, मृष्**, **तृष्** ને **ऋत्** ને વિકલ્પે ગુણ થાયછે ને **मृड्**, **मृद्**, **गुध्**, **कुष्**, **मुष्**, **क्लिश्**, **कुद्**, **स्फुद्**, **त्रुद्**, **स्फुर्**, **नू**, **धू**, **पुद्**, **कुच्**, **गुज्**, **छुर्**, **लुद्**, **गुर्**, **कु**, **विज्** (૭ મા ગણનો) ને ગુણ થતો નથી.

૨. વ્યંજનથી શરૂ થતા ને **ह्**, **य्** ને **व्** શિવાયના અંતવાળા એવા ધાતુઓના તથાં ઉપાંત્ય **इ** કે **उ** વાળા ધાતુઓને ગુણ વિકલ્પે થાય છે. જેમકે **लुभ्** નું **लोभित्वा** **द्युत्** નું **द्युतित्वा** ને **द्योतित्वा** ।

ડ. **त्वा** ની પૂર્વે **यम्**, **रम्**, **नम्**, **गम्** ના અનુનાસિક ઉડી જાયછે. જેમકે **गम्** નું **गत्वा** ને બીજા **म्** ના અંતવાળાના સ્વર **इ** ન લે ત્યારે દીર્ઘ થાયછે. જેમકે **शम्** નું **शांत्वा** ને **शमित्वा** પણ **क्रम्** નો સ્વર **इ** ન લે ત્યારે વિકલ્પે દીર્ઘ થાય છે. જેમકે **क्रांत्वा**, **क्रंत्वा** ને **क्रमित्वा** ।

ચ. **त्वा** ની પૂર્વે **हन्**, **वन्**, **मन्** તથા આઠમા ગણના **सन्** શિવાયના **न्** કે **ण्** ના અંતવાળા ધાતુના **न्** ને **ण्**, **इ** ન લે ત્યારે ઉડી જાયછે. જેમકે **हन्** નું **हत्वा** । **तन्** નું **तनित्वा**ने **तत्वा** । ને **सन्** ને **खन्** નો **इ** ન લે ત્યારે સ્વર દીર્ઘ થવા ઉપરાંત **न्** ઉડી જાય છે. જેમકે **खन्** નું **खनित्वा** ને **खात्वा** ।

છ. **त्वा** ની પૂર્વે **स्कन्द्** ને **स्यन्द्** ના અનુનાસિક કાયમ રહે છે. **थ्**, **ज्** ને **फ्** ના અંતવાળા ધાતુઓ અને **वञ्च्**, **तञ्च्**, ને **लुञ्च्** ના ઉપાંત્ય અનુનાસિક વિકલ્પે ઉડી જાયછે. **मस्ज्** ને **नश्** ને ઉપાંત્યમાં અનુનાસિક વિકલ્પે ઉમેરાય છે. જેમકે **मक्त्वा** ને **मङ्क्त्वा** । **नशित्वा**, **नंशित्वा**, **नष्ट्वा**, ને **नंष्ट्वा** ।

જ. **त्वा** ની પૂર્વે **छ्** કે **च्छ्** ના અંતવાળા ધાતુઓના **छ्** કે **च्छ्** નો **श्** થાય છે, **व्** ના અંતવાળા ધાતુઓના **व्** નો **उ** થાય છે, **मा**, **स्था**, **शो** ને **छो** ના અંત્યસ્વરની **इ** થાય છે ને **र्छ्** ને **र्व्** ના અંતવાળા ધાતુઓના **र्छ्** ને **र्व्**, ને **स्रंस्** ને **बन्ध्** નો અનુનાસિક, ઉડી જાય છે. જેમકે **प्रच्छ्** નું **पृष्ट्वा** । **दिव्** નું **द्यूत्वा** । **मा** નું **मित्वा** । **मुर्च्छ्** નું **मूर्त्वा** । **स्रंस्** નુ **स्रस्त्वा** ।

ઝ. **य** ની પૂર્વે **यम्**, **रम्**, **गम्**, **नम्** ના અનુનાસિક વિકલ્પે ઉડે છે. જેમકે **आ + गम्** નું **आगम्य** ને **आगत्य** ।

ઞ. **य** ની પૂર્વે **हन्**, **मन्**, **वन्**, ને **सन्** શિવાયના ૮ મા ગણના **न्** કે **ण्** ના અંતવાળા ધાતુના **न्** કે **ण्** ઉડી જાયછે. જેમકે **प्र+हन्** નું **प्रहत्य** પણ **खन्**, **जन्**, **सन्** ના **न्** નો **आ** વિકલ્પે થાયછે. જેમકે **प्र+खन्** નું **प्रखन्य** ને **प्रखाय**. જ્યારે અનુનાસિક ઉડી જાયછે ત્યારે **य** ને બદલે **त्य** લાગછે.

ટ. **य** ની પૂર્વે **क्षि** ની **इ** દીર્ઘ થાયછે ને **परि** અથવા **सम्+व्ये** માં **व्ये** ને વિકલ્પે સંપ્રસારણ થાયછે. જેમકે **परिव्याय** ને **परिवीय** ।

ઠ. **य** ની પૂર્વે પ્રેરક અને દશમા ગણના ધાતુના અંત્ય **अय** નો **अ** જો **अय** ની પૂર્વે છાંદસ હ્રસ્વ સ્વર હોય તો ઉડી જાયછે નીકર આખો **अय** ઉડી જાયછે. જેમકે **आनाय्य** । **विगणय्य** । **प्रणमय्य** ।

અપવાદ—**आप्** ના પ્રેરક **आपय** નું **प्राप्य** ને **प्रापय्य** થાયછે.

૨. **अम्** પ્રત્યય સંબંધી નિયમો.

ક. **अम्** ની પૂર્વે **जागृ** શિવાયના ધાતુઓના અંત્ય સ્વર અને ઉપાંત્ય હ્રસ્વ સ્વરની વૃદ્ધિ થાય છે અને **आ** કારાંત અસલ અથવા થયલા ધાતુઓ ને **य्** ઉમેરાય છે, અને **घटादि**

ધાતુઓનો ઉપાંત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાયછે; ज्वल्, ह्मल्, ને ह्वल् ને ઉપસર્ગ ન લાગે ત્યારે घटादि નું કાર્ય જરૂર થાયછે ને स्खद् ને अव, परि કે अप લાગે ત્યારે થતું નથી. ज्ञप् ને चप્ને વિકલ્પે ને यम्, चह्, रह्, बल् તથા चि ને જરૂર घटादि નું કાર્ય થાય છે.

ખ अम् તથા त्वा થી થતા અવ્યયો બેવાર વપરાય છે ત્યારે વારંવાર નો અર્થ બતાવે છે. જેમકે स्मृत्वा स्मृत्वा અથવા स्मारं स्मारं=ઘડી ઘડી યાદ કરીને.

ગ- अम् થી થતો અવ્યય બીજા શબ્દને લગાડવામાં આવે છે. જેમકે सलोष्ठघातं हतः=તે પથરાથી મરાઇ ને મારી નંખાયો હતો.

અપવાદ.

૧. कृ ધાતુના થતાં कारं શબ્દના સંબંધમાં.

क. कारं પોતાના કર્મ થતા શબ્દ જોડે વપરાય છે ત્યારે તે શબ્દને म् ઉમેરાય છે ને તેનો અર્થ નિંદાવાચક થાય છે. જેમકે चौरंकारं = ચોર શબ્દ ઉચ્ચારીને.

ख. कारं જ્યારે स्वादु, लवण ને संपन्न જોડે જોડાય છે ત્યારે એ શબ્દોને म् ઉમેરાય છે. જેમકે स्वादुंकारं भुंक्ते = अस्वादुं स्वादुं कृत्वा भुंक्ते.

ग. कारं જ્યારે एवं, अन्यथा, इत्थं કે कथं ની સાથે જોડાય છે ત્યારે कृ નો અથ રહેતો નથી. જેમકે अन्यथाकारं ब्रूते = તે જુદી રીતે બોલે છે.

घ. कारं જ્યારે यथा કે तथा ની સાથે જોડાય છે ત્યારે कृ નો અર્થ રહેતો નથી ને ગુસ્સાનો અર્થ થાય છે. જેથકે यथाकारं भोक्ष्ये = હું એ રીતે ખાઈશ ( તેમાં તમારે શું ?)

૨. अन् અંતવાળા શબ્દો જ્યારે આ અવ્યયો સાથે જોડાય છે ત્યારે अन् ઉડી જાયછે. જેમકે नामादेशं आचष्टे=નામ દઇને કહે છે.

## મૂળધાતુ बुध् તથા તેના પ્રત્યયાન્ત ધાતુઓ તથા તેઓના ભાવેકર્મ બોધકના કૃદંત અવ્યયોના રૂપો.

| | મૂળધાતુ बुध् નું | મૂળધાતુ बुध् ના પ્રેરકધાતુ बोधय નું | મૂળધાતુ बुध्ના સન્નન્તધાતુ बुबोधिष નું | મૂળધાતુ बुध् ના યઙ્ન્તધાતુ बोबुध् નું | મૂળધાતુ बुध् ના નામધાતુ बुधय નું |
|---|---|---|---|---|---|
| હેત્વથ કૃદંત–પરસ્મૈપદનું | बोधितुम् | बोधयितुम् | बुबोधिषितुम् | बोबुधितुम् | बुधयितुम् |
| ,, આત્મનેપદનું | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ભાવેકર્મનું | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. |
| ભૂતકૃદંત–પરસ્મૈપદનું | बुधित्वा,बोधित्वा | बोधयित्वा | बुबोधिषित्वा | बोबुधित्वा | बुधयित्वा |
| ,, આત્મનેપદનું | ,, ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ભાવેકર્મનું | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી. |

# ભાગ ૧૧ મો

## કૃદંત પ્રાતિપદિક.

કૃદંત પ્રાતિપદિક ૬ જાતના છે ને તેઓમાં લાગતા નિયમો નીચે મુજબ છે.

### ૧. વર્તમાન કૃદંત પ્રાતિપદિક.

૧. વર્તમાન કાળના ત્રિજા પુરૂષના બહુવચનનો પ્રત્યય લેવા તૈયાર થયલા ભાવેકર્મબોધક શિવાયના ધાતુઓને પરસ્મૈપદમાં **अत्** અને આત્મનેપદમાં જો તે ૧-૪-૬ કે ૧૦ મા ગણ-નો કે પ્રત્યયાન્ત હોય તો **मान** નીકર **आन** લાગે છે. ભાવેકર્મબોધક ધાતુને હંમેશ **मान** લાગેછે.

૨. **विद्** અને **आस्** ને વિકલ્પે અનુક્રમે **वस्** અને **इन** પ્રત્યય લાગેછે.

૩. અનિયમિત—**सू** નું **सुन्वत्**। **यज्** નું **यज्वत्**। **जृ** નું **जरत्**।

### ૨. કર્મણિ ભૂત કૃદંત પ્રાતિપદિક.

૧. **त** પ્રત્યયની પૂર્વે થતા ફેરફારો નીચે મુજબ છે.

ક. **शी**, **जागृ**, **स्विद्** (૧ લા ગણનો), **मिद्**, **क्ष्विद्**, **धृष्**, **मृष्** અને આત્મનેપદી **पू** ના સ્વરનો જ્યારે એ ધાતુઓ **इ** લેછે ત્યારે ગુણ થાય છે. તેમજ પહેલા ગણના **उ** ઉપાંત્યવાળા ધાતુઓ જ્યારે ભાવેકર્મબોધકના અર્થમાં અથવા ધાતુના અર્થની શરૂઆત અથવા અર્થની સ્થિતિમાં હોવાના અર્થમાં વપરાય છે ને **इ** લેછે ત્યારે તેઓના ઉપાંત્ય **उ** નો વિકલ્પે ગુણ થાયછે. બીજાઓના સંબંધમાં એ પ્રમાણે થતું નથી. જેમકે **मुद्** નું **मुदित**=હર્ષ પામેલો. પણ **मुदित** અથવા **मोदित**=હર્ષ પમાડાયલો, અથવા હર્ષ પામવા માંડેલો અથવા હર્ષ પામેલો.

ખ. **यम्**, **रम्**, **नम्** **गम्** ના અનુનાસિક ઉડી જાય છે. જેમકે **गम्** નું **गत**. ને બીજા **म्** ના અંતવાળાના સ્વર **इ** ન લે ત્યારે દીર્ઘ થાય છે. જેમકે **शम्** નું **शांत**.

ગ. **हन्**, **वन्**, **मन्**, તથા ૮ મા ગણના **सन्** શિવાયના **न्** કે **ण्** ના અંતવાળા ધાતુના **न्** કે **ण्**, **इ** ન લે ત્યારે, ઉડી જાય છે. જેમકે **हन्** નું **हत**; **तन्** નું **तनित** ને **तत**; ને **सन्** ને **खन्** નો **इ** ન લે ત્યારે સ્વર દીર્ઘ થવા ઉપરાંત **न्** ઉડી જાય છે. જેમકે **खन्** નું **खात**।

ઘ. ધાતુઓનો ઉપાંત્ય અનુનાસિક જો ધાતુને **इ** ન લાગતી હોય તો ઉડી જાય છે.

ઙ ધાતુના **व्** ની પૂર્વે સ્વર હોય અથવા ધાતુના **व्** ની પછી સ્વર અથવા **र्** હોય તો તે **व्** નો, **त्** ની પૂર્વે **ऊ** થાય છે. જેમકે **वर्** નું **ऊर्ण**। **त्वर्** નું **तूर्ण**। **सिव्** નું **स्यूत**। **दिव्** નું **द्यूत** ને **द्यून**। ( આ દાખલાઓમાં કેટલીક જગ્યાએ **त** ને બદલે **न** આવેલો છે. તે નીચે આપેલી કલમ ૨ જી પ્રમાણે છે.)

ચ. **दा** (=આપવું) અને **दे** નું **दत्** થાય છે. પણ જો એઓને સ્વરાંત ઉપસર્ગ લાગે તો **दत्** નો **द्** વિકલ્પે ઉડી જાય છે. અને ઉડી જાય છે ત્યારે તેની પૂર્વેના **इ** ને **उ** દીર્ઘ થાય છે. જેમકે **प्र+दा** નું **प्रदत्त** ને **प्रत्त**। **सु+दा** નું **सुदत्त** ને **सुत्त**।

૨. त નો न કેટલીક જગ્યાએ થાય છે તે વિષે નીચે મુજબ.

ક. द् અંતવાળા ધાતુઓને त ને બદલે न લાગે છે અને અંત્ય द् નો न् થાય છે. પણ नुद्, विद्, उन्द् ને એમ વિકલ્પે થાય છે ને मद् ને એમ બીલકુલ થતું નથી.

ખ. र् અંતવાળા ધાતુઓને त ને બદલે न લાગે છે પણ पूर् ને એમ થતું નથી.

ગ. य्, व्, र् કે ल् વાળા સંયુક્ત વ્યંજનથી શરૂ થતા અને અસલ અથવા થયલા आ ના અંતવાળા એવા ધાતુઓને त ને બદલે न લાગે છે. પણ त्रै અને घ्रा ને વિકલ્પે એમ થાય છે ને ध्यै, ख्या, व्ये ને ह्वे ને એમ બીલકુલ થતું નથી.

ઘ. री, ली, व्ली, प्ली, धी, मी, दी, व्री, श्वि, डी, धू, पू, दू, लू, सू, ऋ, कृ, गृ, जृ, पृ, भृ, मृ, वृ, शृ, स्तृ, दृ, धृ તથા બીજા દીર્ઘ ऋ કારાંત ધાતુઓ જેઓના ऋ નો इर् કે उर् થતો હોય તે તથા ધાતુકોષમાં બતાવેલા ओ અનુબંધવાળા प्याय्, भञ्ज्, भुज्‘ भू, मस्ज्, यम्, रुज्, लज्, लण्ड्, लस्ज्, विज्, वै, व्रश्च्, शम्, श्वि, स्फुर्ज्; हा ને त ને બદલે न લાગે છે. दिव् ( જુગાર રમવા શિવાયના અર્થવાળો) ને निर्+ वा ( वात કર્તા નહીં હોય તો ) ને પણ એમ થાય છે.

ઙ दु, गु ને क्षि (= ક્ષય કરવો ) ને त ને બદલે न લાગે છે ને એઓનો અંત્ય સ્વર દીર્ઘ થાય છે.

૩. અનિયમિત.

| | | | |
|---|---|---|---|
| अद् + त=जग्ध | क्षीव् + त ='क्षीव | पच् + त = पक्क | श्यै + त =शीत। शीन। श्यान। |
| पूय् + ,,=पूत | ज्या + ,, = जीन | मव् + ,, = मूत | धाव् + ,, =धौत; (धावित*) |
| क्नूय् + ,,=क्नूत | कृश् + ,, = कृश | अव् + ,, = ऊत | मुर्च्छ् + ,, =मूर्त; (मुर्च्छित*) |
| स्फाय् + ,,=स्फीत | ह्लाद् + ,, = ह्लान्न | श्रा + ,, = शृत | प्र + स्त्यै+ त=प्रस्तीत। प्रस्तीन। |
| फल् + ,,=फुल्ल | गै + ,, = गीत | लज् + ,, = लग्न | परि + वृह्+ त=परिवृहित |
| क्षै + ,,=क्षाम | ऊय् + ,, = ऊत | लग् + ,, = लग्न | नि + स्तंभ्+ ,,=निस्तब्ध |
| शस् + ,,=शस्त | क्ष्माय्+ ,, = क्ष्मात | म्लेच्छ्+ ,, = म्लिष्ट | प्रति + ,, + ,,=प्रतिस्तब्ध |
| प्याय् + ,,=प्यान। पीन | धा + ,, = हित | वाह् + ,, = वाढ<br>धृष् + ,, = धृष्ट | सं, वि, नि કે अभि+अर्द्+त= समर्ण વગેરે. |

૪. ભાવેકર્મબોધક ધાતુના આ જાતના કૃદંત પ્રાતિપદિકો થતા નથી.

૫. त પ્રત્યયથી થતા અનિયમિત નામો–

विद्+त=वित्त=ધન । वि+रेभ्+त=विरिब्ध=સ્વર । फण्+त=फाण्ट=કહાવો અથવા મલાઈ। ध्वन्+त=ध्वान्त=અંધારૂં। लग्+त=लग्न=લગન। स्वन्+त=स्वान्त=મન। क्षुभ्+त=क्षुब्ध=રવઈ। ऋ+त=ऋण=દેવું।

---

* એ નિયમિત છે તેથી કાઉંસમાં લખ્યો છે.

## ૩. કર્તરિ ભૂત કૃદંત પ્રાતિપદિક.

૧. કર્મણિ ભૂત કૃદંતના રૂપને **वत्** પ્રત્યય લગાડવાથી કર્તરિ ભૂત કૃદંત પ્રાતિપદિક થાય છે જેમકે **श्रुत** નું **श्रुतवत्**

૨. ભાવેકર્મબોધક ધાતુના આ કૃદંત પ્રાતિપદિક થતા નથી.

## ૪. પરોક્ષ ભૂત કૃદંત પ્રાતિપદિક.

૧. **वस्** પ્રત્યય પરસ્મૈપદમાં ને **आन्** આત્મનેપદમાં લાગેછે ને તે ધાતુના પરોક્ષ ભૂતના ત્રિજા પુરૂષના બહુ વચનના રૂપમાંથી પુરૂષબોધક પ્રત્યય કહાડી નાંખી **इ** લાગતી હોય તો લગાડી નીકર ન લગાડી લગાડવામાં આવે છે.

**અપવાદ.**

ક. **जन्**, **हन्**, **गम्** ને **खन्** ને બીજા પુરૂષના એક વચનના રૂપમાંથી પુરૂષબોધક પ્રત્યય કહાડી નાંખી કૃદંતનો પ્રત્યય લગાડવામાં આવે છે.

ખ. (દીર્ઘ) **ॠ** કારાંત પરસ્મૈપદી ધાતુને પહેલા **वस्** ઉમેરી પછી દ્વિત્વ કરી આ કૃદંત પ્રાતિપદિક કરવામાં આવે છે. જેમકે **कृ** પરસ્મૈપદી નું **चिकीर्वस्** પણ આત્મનેપદનું **चकीराण**

૨. ભાવેકર્મબોધક ધાતુના આ કૃદંત પ્રાતિપદિકો આમત્નેપદી ધાતુના કર્તરિપ્રયોગના આ કૃદંત પ્રાતિપદિકો જેવાજ જાણવા.

## ૫. ભવિષ્ય કૃદંત પ્રાતિપદિક.

૧. **स्यत्** પ્રત્યય પરસ્મૈપદમાં ને **स्यमान** આત્મનેપદમાં લાગે છે ને તે ધાતુના સામાન્ય ભવિષ્યના ત્રિજા પુરૂષના એકવચનના રૂપમાંથી પુરૂષબોધક પ્રત્યય કહાડી નાખી લગાડવામાં આવેછે. જેમકે **करिष्यति** નું **करिष्यत्**

૨. ભાવેકર્મબોધક ધાતુના સંબંધમાં ધાતુને ત્રણે ભવિષ્ય તથા આશીર્લિંગના સંબંધમાં બતાવેલા ફેરફારો થાય છે ને પછી આત્મનેપદી પ્રત્યય લાગે છે.

## ૬. વિધ્યર્થ કૃદંત પ્રાતિપદિક.

૧. **तव्य** અને **एलिम** ના સંબંધમાં જાણવા લાયક કોઇ નિયમ નથી.

૨. **अनीय** ના સંબંધમાં જાણવા લાયક નિયમ નીચે મુજબ છે.

ક. **अनीय** ની પૂર્વે આત્મનેપદી યઙ્ન્તનો અંત્ય **य**, જો **य** ની પૂર્વે સ્વર હોય તો, ઉડી જાયછે ને પરસ્મૈપદી યઙ્ન્તનો અંત્ય **अ**, જો **य** ની પૂર્વે વ્યંજન હોય તો, ઉડી જાય છે.

ખ. **निंस्**, **निक्ष्** ને **निन्द्** ના આદિ **न्** નો **र्** અથવા **ष्** વાળા ઉપસર્ગ પછી **ण्** વિકલ્પે થાય છે.

ગ. **अनीय** ના **न्** નો **ण्** નીચે પ્રમાણે થાય છે.

૧. દશમા ગણના ધાતુઓને **ऋ**, **र्** કે **ष्** જેમાં હોય તેવો ઉપસર્ગ લાગ્યો હોય ને તે ઉપસર્ગ સાથેના ધાતુને **अनीय** પ્રત્યય લાગેતો **अनीय** ના **न्** નો **ण्** વિકલ્પે થાય છે. જેમકે **प्रयापनीयम्** ને **प्रयापणीयम्**

૨. વ્યંજનથી શરૂ થતા ને ઉપાંત્યમાં **अ** ને **आ** શિવાયના સ્વરવાળા એવા ધાતુઓને જો **अनीय** લાગેતો **अनीय** ના **न्** નો **ण्** વિકલ્પે થાય છે. જેમકે **प्रकोपनीयम्** ને **प्रकोपणीयम्**

३. अ ને आ શિવાયના સ્વરથી શરૂ થતા અને વ્યંજનના અંતવાળા એવા ધાતુને **अनीय** લાગેતો **अनीय** ના **न्** નો **ण्** જરૂર થાયછે. જેમકે **प्रेक्षणीयम्**

૪. **भा**, **भू**, **पू** (નવમા ગણુનો), **कम्**, **गम्**, **प्याय्** ને **वेप्** ના પ્રેરક ધાતુને **अनीय** લાગે તો **अनीय** ના **न्** નો **ण्** થતો નથી.

૩. **य** ના સંબંધમાં જાણવા લાયક નિયમો નીચે મુજબ છે.

ક. સ્વરાંત ધાતુઓના સ્વરનો ગુણ થાય છે.

અપવાદ.

૧. **आ** કારાંત (અસલ અથવા થયલા) ના અંત્ય **आ** નો **ए** થાય છે.

૨. (હ્રસ્વ) **ऋ** કારાંત ધાતુઓના અંત્ય સ્વર અને ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થાય છે. અને **अ** શિવાયના ઉપાંત્ય સ્વરનો ગુણ થાય છે.

૩. હ્રસ્વ અથવા દીર્ઘ **उ** કારાંત ધાતુઓના અંત્ય **उ** ની જો તેનો અર્થ જરૂર કરવુંજ જોઈએ એવો કરવો હોય તો વૃદ્ધિ થાય છે.

ખ. વ્યંજનાન્ત ધાતુઓના ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ અને **अ** શિવાયના સ્વરનો ગુણ થાય છે ને ઉપાંત્ય સ્વરની જ્યારે વૃદ્ધિ થાય છે ત્યારે અંત્ય **च्** કે **ज्** હોયતો તેનો અનુક્રમે **क्** કે **ग्** થાય છે.

અપવાદ.

૧. (હ્રસ્વ) **ऋ** ઉપાંત્યવાળા (**क्लृप्** ને **चृत्** શિવાયના) ધાતુઓના સ્વરો કાયમ રહેછે. જેમકે **वृध्** નું **वृध्य**

૨. **प्** વર્ગાન્ત અને **अ** ઉપાંત્યવાળા ધાતુઓના સ્વરો પણ કાયમ રહે છે. જેમકે **शप्** નું **शप्य**, પણ **वप्**, **रप्**, **लप्**, **त्रप्** ને **चम्** ના ઉપાંત્ય **अ** નો **आ** થાય છે.

૩. **यज्**, **याच्**, **रुच्**, **ऋच्**, **प्रवच्**, **त्यज्**, **वञ्च्** (=જવું) ના **च्** ને **ज्** નો **क** ને **ग्** થતો નથી.

૪. **तक्**, **शस्**, **चत्**, **यत्**, **जन्** **सह्** ને **शक्** ના તથા ઉપસર્ગ વગરના **गद्**, **मद्**, **चर्**, **यम्** ના ઉપાંત્ય **अ** ની વૃદ્ધિ થતી નથી.

ગ. **निंस्**, **निक्ष्**, ને **निन्द्** ના આદિ **न्** નો, **र्** અથવા **ष्** વાળા ઉપસર્ગ પછી **ण्** વિકલ્પે થાય છે.

ઘ. અનિયમિત—

सृ +य=उपसर्या=(ગર્ભધારણ કરાવવા સારૂ) લઈજવા લાયક; (उपसार्या*=લઈ જવા લાયક.)

पच्+य=पाक्य (पाच्य*)=રાંધવા લાયક

भुज्+य=भोग्य=ખાવાલાયક;(भोज्य*=ભોગવવા લાયક.)

वृष्+य=वर्ष्य (वृष्य*)= વરસવા લાયક.

मृज्+य=मार्ग्य (मृज्य*) =શોધવા લાયક.

रुच्+य=रूच्य =રૂચિ થવાલાયક.

जुष् + य=जुष्य = સેવવા લાયક.

खन्+य=खेय ખોદવા લાયક.

चि+य=चित्य=એકઠું કરવા લાયક.

इ +य =इत्य= પાસે જવા લાયક.

स्तु+य=स्तुत्य= સ્તુતિ કરવા લાયક.

शास्+य =शिष्य= ભણાવવા લાયક.

---

* એ નિયમિત છે તેથી કાળી સમાં લખ્યો છે.

युज्+य=युग्य ( योज्य* )=ધોંસરીમાં જોડવા લાયક.

पण्+य=पण्य=વખાણુવાલાયક; ( पाण्य*= વેચવા લાયક. )

वृ+य=वर्य=પસંદ કરવાલાયક;वृत्य=ભજવા લાયક.

हन्+य=वध्य=મારવાલાયક; घात्य=મારવા લાયક.

स+भृ+य=संभृत्य ( संभार्य* ) = સારીરીતે પોષણ કરવા લાયક

આ+दृ+य=आदृत्य=માન આપવા લાયક.

आ+लभ्+य=आलंभ्य=મારવા લાયક.

उप+लभ्+य=उपलंभ्य=મેળવવા લાયક; उप-लभ्य=વખાણુવા લાયક.

न+जृ+य=अजार्य ( अजर्य* મિત્રતાના અર્થ વાળાના સંબંધમાં હોયતો)= ન ઘરડું થવા લાયક.

न+वद्+य=अवद्य, अनुद्य=ન બોલવા લાયક.

न+व्यथ्+य=अव्यथ्य=ન પીડા કરવા લાયક.

૪. ભાવેકર્મ બોધક ધાતુના આ કૃદંત પ્રાતિપદિકો આત્મનેપદી ધાતુના કર્તરિપ્રયોગના આ કૃદંત પ્રાતિપદિકો જેવાજ જાણવા.

૫. य પ્રત્યયથી થતાં અનિયમિત નામો.

कृ+य=कृत्य=કામ

शास्+य=शिष्य=શિષ્ય

दृ + य=दृत्य=માન

वह्+य=वह्य=ગાડી

धा+य=धाय्य=વેદનો મંત્ર

पा+य=पाय्य=પીવાનું વાસણ

मा+य=माय्य=જાદુ કરનાર

कुप्+य=कुप्य=હલકી ધાતુ

सृ +य=सूर्य =સૂરજ

भिद्+य=भिद्य=નદીનું નામ

उज्झ्+य=उध्य= ,,

पुष्+य=पुष्य=નક્ષત્રનું નામ

सिध्+य=सिध्य= ,,

आ+अञ्ज्+य=आज्य=ઘી

वि+नी+य=विनीय=કાંજી; પાપ.

सं+,,+य=सान्नाय्य=સાંતવો

भृ+य+भृत्य=ચાકર; ( भृत्या*=ક્ષત્રિયાણી )

ऋ+य=अर्य=માસ્તર;( आर्य*=શેઠ )

जि+य=जित्य=ખેડેલી જમીન સરખી કરવાનું હથિઆર

वि+पू+य=विपूय=દોરડું વણવાનું મુંજઘાસ.

नि+चि+य=निकाय्य=ઘર

सम्+,,+,,=संचाय्य=યજ્ઞના અગ્નિની જગ્યા.

उप+,,+,,=उपचाय्य= ,, ,,

परि+,,+,,=परिचाय्य= ,, ,,

सम्+वह्+य=समूह्य= ,, ,,

पाणि+सृज्+य=पाणिसर्ग्य=દોરડું

समव+,,+,,=समवसर्ग्य=દોરડું

राजन्+सू+य=राजसूय=યજ્ઞનું નામ

मृष्+वद्+य=मृषोद्य=જુઠાપણું

कृष्ट+पच्+य=कृष्टपच्य=ખેડયા વગર પાક આ-પનારી જગ્યા.

अमा+वस्+य+आ=अमावस्या ( अमावास्या* )=-અમાસ.

નામ+भू+य= / ब्रह्म+भु=य } =ब्रह्मभूय=બ્રહ્મજોડે સરખાપણું

નામ+वद्+य= / ब्रह्म+,,+,, } =ब्रह्मवद्य; / ब्रह्मोद्य } =વેદનું મુખ.

નામ અથવા ઉપસર્ગ+ हन्+य=ब्रह्म+हन्+य+आ } =ब्रह्महत्या=બ્રાહ્મણની હત્યા.

---

* એ નિયમિત છે તેથી કાઉંસમાં લખ્યો છે.

## મૂળ ધાતુ બુધ્ તથા તેના પ્રત્યયાન્ત ધાતુઓ તથા તેઓના ભાવેકર્મબોધકના કૃદન્ત પ્રાતિપદિકના રૂપો.

| | મૂળ ધાતુ બુધ્ નું. | બુધ્ ના પ્રેરક ધાતુ. बोधय નું. | બુધ્ ના સન્નન્ત ધાતુ बुबोधिष નું. | બુધ્ ના યઙ્ન્ત ધાતુ बोबुध् નું. | બુધ ના નામ ધાતુ बुधय નું. |
|---|---|---|---|---|---|
| વર્તમાન કૃ. પ. નું | बोधत् | बोधयत् | बुबोधिषत् | बोबुधत् | बुधयत् |
| ,, ,, આ. નું | बोधमान | बोधयमान | बुबोधिषमाण | बोबुध्यमान | बुधयमान |
| ,, ,, ભા. નું | बुध्यमान | बोध्यमान | बुबोधिष्यमाण | ,, | बुध्यमान |
| કર્મણિભૂત કૃ. પ. નું | बुधित | बोधित | बुबोधिषित | बोबुधित | बुधित |
| ,, ,, આ. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ,, ભા. નું | હોતુ નથી. | હોતું નથી. | હોતું નથી | હોતું નથી | હોતું નથી |
| કર્તરિભૂત કૃ. પ. નું | बुधितवत् | बोधितवत् | बुबोधिषितवत् | बोबुधितवत् | बुधितवत् |
| ,, ,, આ. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ,, ભા. નું | હોતું નથી. | હોતું નથી. | હોતું નથી | હોતું નથી | હોતું નથી. |
| પરોક્ષભૂત કૃ. પ. નું | बुबुध्वस् | बोधयांचकृवस् | बुबोधिषांचकृवस् | बोबोधांचकृवस् | बुधयांचकृवस् |
| ,, ,, આ. નું | बुबुधान | बोधयांचकाण | बुबोधिषांचकाण | बोबुधांचकाण | बुधयांचकाण |
| ,, ,, ભા. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ભવિષ્ય કૃ. પ. નું | बोधिष्यत् | बोधयिष्यत् | बुबोधिषिष्यत् | बोबोधिष्यत् | बुधयिष्यत् |
| ,, ,, આ. નું | बोधिष्यमाण | बोधयिष्यमाण | बुबोधिषिष्यमाण | बोबुधिष्यमाण | बुधयिष्यमाण |
| ,, ,, ભા. નું | ,, | ,, बोधिष्यमाण | ,, | ,, [આ. ને ભા.નું | ,, बुधिष्यमाण |
| વિધ્યર્થ કૃ. પ. નું | बोधितव्य | बोधयितव्य | बुबोधिषितव्य | बोबोधितव्य પ.નું. बोबुधितव्य | बुधयितव्य |
| | बोधनीय | बोधनीय | बुबोधिषणीय | बोबोधनीय પ.નું. बोबुधनयि | बुधनीय |
| ,, ,, આ. નું | बुधेलिम | बोधेलिम | बुबोधिषेलिम | बोबुधेलिम [આ.ને ભા.નું | बुधेलिम |
| ,, ,, ભા. નું | बोध्य | बोध्य | बुबोधिष्य | बोबोध्य પ. નું. बोबुध्य [આ.ને ભા.નું | बुध्य |

# પ્રત્યયાન્ત ધાતુઓના પ્રત્યયાન્ત ધાતુઓ તથા તેઓના ભાવેકર્મબોધકના કૃદંત પ્રાતિપદિકના રૂપો.

| | બુધ્ ના પ્રેરકના સન્નન્તના ધાતુ बुबोधयिष નું | બુધ્ ના સન્નન્તના પ્રેરકના ધાતુ बुबोधिषय નું. | બુધ્ ના યઙ્ન્તના પ્રેરકના ધાતુ बोबोधय નું. | બુધ્ ના યઙ્ન્તના સન્નન્ત ના ધાતુ बोबुधिष નું. | બુધ ના નામધાતુ બુધય ના સન્નન્તના ધાતુ बुबुधयिष નું. |
|---|---|---|---|---|---|
| વર્તમાન કૃ. પ. નું | बुबोधयिषत् | बुबोधिषयत् | बोबोधयत् | बोबुधिषत् | बुबुधयिषत् |
| ,, ,, આ નું | बुबोधयिषमाण | बुबोधिषयमाण | बोबोधयमान | बोबुधिषमाण | बुबुधयिषमाण |
| ,, ,, ભા. નું | बुबोधयिष्यमाण | बुबोधिष्यमाण | बोबोध्यमान | बोबुधिष्यमाण | बुबुधयिष्यमाण |
| કર્મણિભૂત ,, પ. નું | बुबोधयिषित | बुबोधिषित | बोबोधित | बोबुधिषित | बुबुधयिषित |
| ,, ,, આ. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ,, ભા. નું | હોતું નથી | હોતું નથી | હોતું નથી | હોતું નથી | હોતું નથી |
| કર્તરિભૂત કૃ. પ. નું | बुबोधयिषितवत् | बुबोधिषितवत् | बोबोधितवत् | बोबुधिषितवत् | बुबुधयिषितवत् |
| ,, ,, આ. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ,, ,, ભા. નું | હોતું નથી | હોતું નથી | હોતું નથી | હોતું નથી | હોતું નથી |
| પરોક્ષભૂત કૃ. પ. નું | बुबोधयिषांचकृवस् | बुबोधिषयांचकृवस् | बोबोधयांचकृवस् | बोबुधिषांचकृवस् | बुबुधयिषांचकृवस् |
| ,, ,, આ. નું | बुबोधयिषांचक्राण | बुबोधिषयांचक्राण | बोबोधयांचक्राण | बोबुधिषांचक्राण | बुबुधयिषांचक्राण |
| ,, ,, ભા. નું | ,, | ,, | ,, | ,, | ,, |
| ભવિષ્ય કૃ. પ. નું | बुबोधयिषिष्यत् | बुबोधिषयिष्यत् | बोबोधयिष्यत् | बोबुधिषिष्यत् | बुबुधयिषिष्यत् |
| ,, ,, આ. નું | बुबोधयिषिष्यमाण | बुबोधिषयिष्यमाण | बोबोधयिष्यमाण | बोबुधिषिष्यमाण | बुबुधयिषिष्यमाण |
| ,, ,, ભા. નું | ,, | ,, | ,, बोबोधिष्यमाण | ,, | ,, |
| વિધ્યર્થ કૃ. પ. નું | बुबोधयिषितव्य | बुबोधिषयितव्य | बोबोधयितव्य | बोबुधिषितव्य | बुबुधयिषितव्य |
| | बुबोधयिषणीय | बुबोधिषणीय | बोबोधनीय | बोबुधिषणीय | बुबुधयिषणीय |
| ,, ,, આ. નું | बुबोधयिषेलिम | बुबोधिषेलिम | बोबोधेलिम | बोबुधिषेलिम | बुबुधयिषेलिम |
| ,, ,, ભા. નું | बुबोधयिष्य | बुबोधिष्य | बोबोध्य | बोबुधिष्य | बुबुधयिष्य |

# પ્રકરણ ૪ થું.

## પ્રાતિપદિક.

૧. પ્રાતિપદિક શબ્દોની ૪ જાત છે. કૃદંત પ્રાતિપદિક, કૃતાદિ પ્રાતિપદિક, ઉણાદિ પ્રાતિપદિક ને તદ્ધિત પ્રાતિપદિક. એઓ વિષે નીચે મુજબ જાણવા જેવું છે.

ક. કૃદંત પ્રાતિપદિક ત્રિજા પ્રકરણના ૧૧ મા ભાગમાં બતાવ્યા પ્રમાણે થાય છે.

ખ. કૃતાદિ પ્રાતિપદિક ત્રિજા પ્રકરણના ૧ લા ભાગમાં બતાવેલા પ્રત્યયો ધાતુને લગાડી કરવામાં આવે છે. ને તેઓના સંબંધનાં નિયમોમાં જે ખરા જાણવા જોગ છે તે પ્રસંગોપાત આગળ લખ્યા છે.

ગ. ઊણાદિ પ્રાતિપદિકના પ્રત્યયો ઘણા છે ને તેઓને તથા તેઓ વિષેના નિયમોને જાણવાની બહુ જરૂર ન હોવાથી તેઓ વિષે અત્રે કંઇ લખ્યું નથી.

ઘ. તદ્ધિત પ્રાતિપદિકના પ્રત્યયો નીચે મુજબ છે;—

**अ, अक, आमह, आयन, इ, इक, इन्, इमन्, इय, ईन, ईय, एण्य, एय, क, कट, कटया, कल्प, देश्य, देशीय, चण, चुञ्चु, तर, तन, त्न, ता, तिथ, त्य, त्यक, त्र, त्व, द्घ्न, द्वयस, मात्र, न, स्न, पाश, मय, य, र, शंकट, शाल, आट, आल, आलु, इत, इन, इल, उर, ऊल, ग्मिन्, मत्, युस्, ल, व, वल, विन्, श** વગેરે (**अक, एन, तस्, ना, वत्, शस्, च्वि, आ** ને **सात्**, વગેરે તદ્ધિતના પ્રત્યયો છે ને તેનાથી અવ્યયો બને છે). એ પ્રત્યયો, કૃદંત, કૃતાદિ તથા ઉણાદિ પ્રાતિપદિકોને તથા અવ્યય, ઉપસર્ગ તથા સામાસિક શબ્દ (બે અથવા વધારે શબ્દોથી થતો શબ્દ) ને લગાડવામાં આવે છે ને એ પ્રત્યયોથી થતા શબ્દો તદ્ધિત પ્રાતિપદિકો કહેવાય છે. એ પ્રત્યયો સંબંધી નિયમો પણ છે પણ તેમાં ઘણા સંબંધપરથી તર્ક પહોંચાડી લગાડવાના છે ને તે જાણવા બહુ જરૂરના પણ નથી તેથી આ જગ્યાએ લખ્યા નથીં. જેઓ ખરા જાણવા જોગ છે તે આગળ પ્રસંગોપાત લખ્યા છે.

૨. પ્રાતિપદિક શબ્દો, વિશેષણ, નામ કે સર્વનામ હોય છે ને તેઓને જાતિ, વિભકિત તથા વચનના પ્રત્યયો લાગે છે. જાતિ ૩ છે–પુલ્લિંગ, સ્ત્રીલિંગ ને નપુંસકલિંગ. વિભક્તિ ૮ છે–૧ લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી, ૬ઠી, ૭મી, ૮મી. પણ સર્વનામના સંબંધમાં ૭ છે. વચન ૩છે– એકવચન, દ્વિવચન ને બહુવચન. એ વિભકિતઓ તથા વચનોના ત્રણેલિંગના પ્રત્યયો નીચે મુજબ છે.

| વિભકિત. | પુલ્લિંગ ને સ્ત્રીલિંગ. | | | નપુંસકલિંગ. | | |
|---|---|---|---|---|---|---|
| | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| ૧ લી | स् | औ | अस् | म् | ई | इ |
| ૨ જી | अम् | ,, | ,, | ,, | ,, | ,, |
| ૩ જી | आ | भ्याम् | भिस् | आ | भ्याम् | भिस् |
| ૪ થી | ए | ,, | भ्यस् | ए | ,, | भ्यस् |
| ૫ મી | अस् | ,, | ,, | अस् | ,, | ,, |
| ૬ ઠ્ઠી | ,, | ओस् | आम् | ,, | ओस् | आम् |
| ૭ મી | इ | ,, | सु | इ | ,, | सु |
| ૮ મી | स् | औ | अस् | म् | ई | इ |

એ ઉપર આપેલા પ્રત્યયોમાં, તથા તેઓની પૂર્વે, થતા ફેરફારોના નિયમો જાણવા ને લગાડવા તે કરતાં અમુક રૂપોજ મોહોડે કરવાં ને તેવા બીજાઓમાં જે ફેરફાર હોય તેટલાનાજ માત્ર નિયમો જાણવા એ સુગમ પડતું હોવાથી આ પ્રકરણમાં નીચે ૧લા ભાગમાં વિશેષણ, ૨ જામાં નામ, ૩ જામાં સર્વનામ ને ૪ થામાં એ બધાના સ્ત્રીલિંગ વિષેના નિયમો બતાવી, ૫મા ભાગમાં વિશેષણ તથા નામના રૂપો વિષે નિયમો તથા રૂપો, ને ૬ ઠા ભાગમાં સર્વનામના રૂપો વિષે નિયમો તથા તેઓમાં જોઇતા રૂપો આપ્યા છે.

## ભાગ ૧ લો.

### વિશેષણ.

વિશેષણ ત્રણ જાતના છે—ક્રિયાવાચક, ગુણવાચક, ને સંખ્યાવાચક–તે વિષે નીચે મુજબ.—

૧. ક્રિયાવાચક વિશેષણ તે કૃદંત છે.

૨. ગુણવાચક વિશેષણમાં દરજ્જો બતાવવાને ગુણાધિકતાવાચક અને ગુણશ્રેષ્ઠતાવાચક શબ્દો બનાવાય છે ને તેના પ્રત્યયો તથા તેઓની પૂર્વે થતા ફેરફારના નિયમો નીચે પ્રમાણે છે.

ક. **ईयस्** અને **तर** એ બે પ્રત્યયો સામાન્યગુણવાચક વિશેષણને ગુણાધિકતાવાચક વિશેષણ બનાવવામાં લગાડવામાં આવેછે.

ખ. **इष्ठ** અને **तम** એ બે પ્રત્યયો સામાન્યગુણવાચક વિશેષણને ગુણશ્રેષ્ઠતાવાચક વિશેષણ બનાવવામાં લગાડવામાં આવેછે.

ગ. **ईयस्** અને **इष्ठ** માત્ર ગુણવાચક વિશેષણોનેજ લગાડાય છે ને તેઓની પૂર્વે નીચે મુજબ ફેરફારો થાય છે.

૧. એ પ્રત્યયો જેને લાગતા હોય તેને અંતમાં સ્વર હોય તો તે અંત્યસ્વર ને વ્યંજન હોય તો તે અંત્ય વ્યંજન અને તેની પૂર્વેનો સ્વર ઉડી જાય છે. જેમકે **लघु** નું **लघीयस्** । **महत्** નું **महीयस्** ।

૨. એ પ્રત્યયો જેને લાગતા હોય તેને અંતમાં સંબંધવાચક **मत्**, **वत्**, **विन्** કે **इन्** પ્રત્યય કે **तृ** પ્રત્યય હોય તો તે ઉડી જાય છે. જેમકે **मतिमत्** નું **मतीयस्** । **धनिन्** નું **धनीयस्** । **स्रग्विन्** નું **स्रजीयस्** । **कर्तृ** નું **करीयस्** ।

૩. એ પ્રત્યયો જેને લાગતા હોય તેમાં જો **ऋ** હોય ને તેની પછી વ્યંજન હોયતો **ऋ** નો **र्** થાય છે. જેમકે **मृदु** નું **म्रदीयस्** ।

ઘ. **तर** અને **तम** ગુણવાચક વિશેષણ તેમજ **ईयस्** ને **इष्ठ** થી થયેલા શબ્દને પણ લગાડાય છે. ને એ પ્રત્યયોની પૂર્વે એ પ્રત્યયો જેને લગાડાતા હોય તેને અંત્ય (દીર્ઘ) **ई** કે **ऊ** હોયતો તે વિકલ્પે હ્રસ્વ થાય છે. (વળી એ પ્રત્યયો અવ્યય તથા ક્રિયાપદને પણ લગાડાય છે ને લગાડાય છે ત્યારે એઓની પછી **आम्** ઉમેરવામાં આવે છે. જેમકે **पचतितराम्**)

ઙ. અનિયમિત.

| ગુણવાચક વિશેષણ. | ગુણાધિક્તા વાચક વિશેષણ. | ગુણશ્રેષ્ઠતા વાચકવિશેષણ. | ગુણવાચક વિશેષણ. | ગુણાધિક્તા વાચક વિશેષણ. | ગુણશ્રેષ્ઠતા વાચક વિશેષણ. |
|---|---|---|---|---|---|
| अन्तिक=પાસે | नेदीयस् | नेदिष्ठ | बहु=ઘણું | भूयस् | भूयिष्ठ |
| अल्प = નાનું | अल्पीयस् | अल्पिष्ठ | बहु=ઘણું | बंहीयस् | बंहिष्ठ |
| ,, = ,, | कनीयस् | कनिष्ठ | | | |

| ગુણવાચક વિશેષણ. | ગુણાધિક્તા વાચક વિશેષણ. | ગુણશ્રેષ્ટતા વાચક વિશેષણ. | ગુણવાચક વિશેષણ. | ગુણાધિક્તા વાચક વિશેષણ. | ગુણશ્રેષ્ટતા વાચકવિશેષણ. |
|---|---|---|---|---|---|
| उरु = પહોળું | वरीयस् | वरिष्ठ | बाढ=ચોકસ;સારૂ | साधीयस् | साधिष्ठ |
| क्षिप्र = જલદી | क्षेपीयस् | क्षेपिष्ठ | युवन् =નાનો | यवीयस् | यविष्ठ |
| | | | ,, ,, | कनीयस् | कनिष्ठ |
| क्षुद्र = નાનું | क्षोदीयस् | क्षोदिष्ठ | विपुल=ઘણું | ज्यायस् | ज्येष्ठ |
| गुरु = ભારે | गरीयस् | गरिष्ठ | वृद्ध=ઘરડું | वर्षीयस् | वर्षिष्ठ |
| | | | ,, ,, | ज्यायस् | ज्येष्ठ |
| तृप्र = એચેહેન | त्रपीयस् | त्रपिष्ठ | वृन्दारक=મોટું; ખુબસુરત. | वृन्दीयस् | वृन्दिष्ठ |
| दीर्घ = લાંબું | द्राघीयस् | द्राघिष्ठ | स्थिर=સ્થિર | स्थेयस् | स्थेष्ठ |
| दूर = દૂર | दवीयस् | दविष्ठ | स्थूल=મોટું | स्थवीयस् | स्थविष्ठ |
| प्रशस्य=વખાણવા લાયક | श्रेयस्, ज्यायस् | श्रेष्ठ, ज्येष्ठ | स्फिर=ઘણું | स्फेयस् | स्फेष्ठ |
| प्रिय =વહાલું | प्रेयस् | प्रेष्ठ | ह्रस्व =ટુંકું | ह्रसीयस् | ह्रसिष्ठ |

૩. સંખ્યા વાચક વિશેષણ વિષે નીચે મુજબ જાણવાનું છે.

| | | | |
|---|---|---|---|
| ક. ૧ = एक | ૬ = षष् | ૧૧ = एकादशन् | ૧૬ = षोडशन् |
| ૨ = द्वि | ૭ = सप्तन् | ૧૨ = द्वादशन् | ૧૭ = सप्तदशन् |
| ૩ = त्रि | ૮ = अष्टन् | ૧૩ = त्रयोदशन् | ૧૮ = अष्टादशन् |
| ૪ = चतुर् | ૯ = नवन् | ૧૪ = चतुर्दशन् | ૧૯ = नवदशन् |
| ૫ = पञ्चन् | ૧૦ = दशन् | ૧૫ = पञ्चदशन् | |

**એ સંખ્યાવાચક વિશેષણો છે. ને એ નીચે લખેલા**

| | | |
|---|---|---|
| ૨૦= **विंशति** (સ્ત્રી. નું નામ) | ૫૦=**पञ्चाशत्** (સ્ત્રી. નું નામ) | ૮૦= **अशीति** (સ્ત્રી. નું નામ) |
| ૩૦= **त्रिंशत्** ( ,, ) | ૬૦ = **षष्टि** ( ,, ) | ૯૦= **नवति** ( ,, ) |
| ૪૦= **चत्वारिंशत्** ( ,, ) | ૭૦= **सप्तति** ( ,, ) | ૧૦૦=**शत** (ન. ,, ) |

નામોને ઉમેરી એઓમાંના કોઈ પણ બેની વચલી સંખ્યા કરાય છે ને તે ઉમેરવામાં બેમાંની નાની સંખ્યાની પૂર્વે **एक** આદિ ઉમેરાય છે ને તે ઉમેરતાં ઉમેરાતી સંખ્યામાં અંત્ય **न्** હોય તો તે ઉડી જાય છે. ને **चत्वारिंशत्**, **पञ्चाशत्**, **षष्टि**, **सप्तति** ને **नवति** ની પૂર્વે **द्वि** નો **द्वा**, **त्रि** નો **त्रयः** ને **अष्टन्** નો **अष्टा** વિકલ્પે ને **अशीति** શિવાયના બીજાઓની પૂર્વે જરૂર થાય છે. વળી **नवन्** વાળી કોઈ પણ સંખ્યા કરવી હોય તો તેની ઉત્તર સંખ્યાને **एकोन**, **ऊन** ને **एकान्न** વિકલ્પે ઉમેરાય છે. ને તેથી ૧૯ વાચક **एकोनविंशति**, **ऊनविंशति** ને **एकान्नविंशति** શબ્દો પણ થાય છે. એ રીતે **एक थी शत** સુધીના સંખ્યાવાચક વિશેષણ તથા નામો થાય છે.

**शत**ની ઉપરના સંખ્યાવાચક નામો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| હજાર =सहस्र (ન. નું નામ) | કરોડ = कोटि (સ્ત્રી. નું નામ) |
| દશહજાર =दशसहस्र ( ,, ) | દશકરોડ = अर्बुद (ન. નું નામ) |
| લાખ =लक्ष ( ,, ) | અબજ = अब्ज ( ,, ) |
| દશલાખ =प्रयुत ( ,, ) | ખર્વ = खर्व (પુ. ન. નું નામ) |

| | | | |
|---|---|---|---|
| નિખર્વ = निखर्व (પુ. ન. નું નામ) | | અંત્ય = अंत्य (ન. નું નામ) | |
| મહાપદ્મ = महापद्म (પુ. નું નામ) | | મધ્ય = मध्य ( ,, ) | |
| શંકુ = शंकु ( ,, ) | | પરાર્ધ = पराधं ( ,, ) | |
| જલધિ = जलधि (પુ. નું નામ) | | | |

ને **शत**, **सहस्र** વગેરે કોઇ પણ એની વચલી સંખ્યા કરવી હોય તો **एक** આદિ શબ્દને **अधिक** અથવા **उत्तर** શબ્દ જોડી **शत** આદિનું વિશેષણ કરાય છે. **दशन्**, **विंशति** ને **शत्** ના અંતવાળા શબ્દને **अधिक** અથવા **उत्तर** ને બદલે **अ** પણ જોડાય છે ને એ પ્રમાણે **अधिक**, **उत्तर** અથવા **अ** જોડાય છે ત્યારે તેની પૂર્વેના શબ્દના અંતના **अन्**, **अति** ને **अत्** હોય તો તે ઉડી જાય છે. જેમકે **एकाधिकंशतं**=१०१। **विंशंशतं** અથવા **विंशाधिकं शतं** અથવા **विंशोत्तरं शतं**=१२०।

ખ. સંખ્યાવાચક વિશેષણો પરથી સંખ્યાપૂરક વિશેષણો નીચે પ્રમાણે થાય છે.

१. **एक**, **द्वि**, **त्रि**, **चतुर्** અને **षष्** ના સંખ્યાપૂરક શબ્દો અનિયમિત છે અને તે નીચે મુજબ છે.

**एक** નું **प्रथम**, **अग्रिम** ને **आदिम** — **चतुर्** નું **चतुर्थ**, **तुर्य** ને **तुरीय**
**द्वि** નું **द्वितीय** — **षष्** નું **षष्ठ**
**त्रि** નું **तृतीय**

२. ઉપર લખેલા શિવાયના **दशन्** સુધીના સંખ્યાવાચક શબ્દોના અંત્ય **न्** નો લોપ કરી **म** ઉમેરવાથી તેઓના સંખ્યાપૂરક શબ્દો થાય છે. અને **दशन्** થી **नवदशन्** સુધીના સંખ્યાવાચક શબ્દોના અંત્ય **न्** નો માત્ર લોપ કરવાથી તેઓના સંખ્યા પૂરક શબ્દો થાય છે. **विंशति** અને એની પછીના સંખ્યા વાચક શબ્દો પરથી સંખ્યા પૂરક કરવા હોયતો તેઓને **तम** લગાડાય છે અથવા **विंशति** ની બાબતમાં એની અંત્ય **ति** નો લોપ કરાય છે અને બીજાઓની બાબતમાં જેના અંતમાં વ્યંજન હોય તેના અંત્ય વ્યંજન નો લોપ કરાય છે ને જેના અંતમાં સ્વર હોય તેના અંત્યસ્વર નો **अ** કરાય છે. પણ **शत** ને હંમેશ **तम** જ લગાડાય છે ને **षष्टि**, **सप्तति**, **अशीति** ને **नवति** ને જ્યારે એઓ કોઇની જોડે જોડાયા વગર વપરાયા હોય ત્યારે **तम** જ લગાડાય છે. જેમકે **विंशः** અથવા **विंशतितमः**=२० મો। **एक विंशः** અથવા **एकविंशतितमः**=२१ મો। **एकषष्टतमः** અથવા **एकषष्टितमः**=६१ મો। પણ **षष्टितमः** (**षष्टः** નહીં)=६० મો। **शततमः**=१०० મો।

ગ. **बहु**, **गण** અને જેટલા તેટલા ને એવા અર્થવાળા **वत्** પ્રત્યયના **यावत्**, **तावत्** જેવા શબ્દો અને **कति** ને એવા અર્થવાળા શબ્દો સંખ્યાવાચક શબ્દો ગણાય છે, ને એવા શબ્દોના સંખ્યા પૂરક **तम** પ્રત્યય ઉમેરવાથી થાય છે.

---

## ભાગ ૨ જો.

### નામ.

નામ, નામ તરીકે વપરાય છે, તેમજ વિશેષણ પણ, નામ તરીકે વપરાય છે. નામોની ૩ જાત છે સામાન્ય નામ, વિશેષનામ, અને ભાવવાચક નામ–સામાન્યનામ કોઇ પણ સજીવ અથવા નિર્જીવ વાચક હોય છે. જેમકે **ग्रन्थ**. વિશેષનામ એ અમુક સજીવ અથવા નિર્જીવ વાચક હોય છે. જેમકે **कौमुदी**. ભાવવાચકનામ એ અમુક ગુણના ભાવ વાચક હોય છે. જેમકે **मधुरता**.

# ભાગ ૩ જો.

## સર્વનામ.

**सर्व**, **विश्व**, **सम** (સરખા શિવાયના અર્થનો), **सिम**, **नेम**, **अन्योन्य**, **इतरेतर**, **परस्पर**, **अन्य**, **अन्यतर**, **इतर**, **कतर**, **कतम**, **यतर**, **यतम**, **ततर**, **ततम**, **पूर्व**, **पर**, **अवर**, **दक्षिण**, **उत्तर**, **अपर**, **अधर**, **स्व** (વર્ગ અથવા ધન શિવાયના અર્થનો), **अन्तर** (બહારના અથવા પહેરવાના વસ્ત્રના અર્થવાળો અને **पुरः** પછવાડે ન હોય તેવો), **उभ**, **उभय**, **भवत्**, **अस्मद्**, **युष्मद्**, **तद्**, **त्यद्**, **एतद्**, **यद्**, **इदम्**, **किम्** (એના રૂપોને **चित्**, **चन**, **अपि** અથવા **स्वित्** અમર્યાદ અર્થ કરવામાં ઉમેરવામાં આવેછે) ને **अदस्** એટલાને સર્વનામમાં ગણેલા છે.

---

# ભાગ ૪ થો.

## સ્ત્રીલિંગ.

પુલ્લિંગ અને નપુંસકલિંગના વિશેષણ નામ અને સર્વનામના સ્ત્રીલિંગના શબ્દો કંઈ પણ પ્રત્યય લગાડયા વગર અથવા **ऊ**, **ई** કે **आ** લગાડયાથી અને તેની પૂર્વે કેટલાક ફેરફાર કરવાથી થાય છે ને તે વિષેનાં નિયમો નીચે મુજબ છે.

૧. કંઈ પણ પ્રત્યય વગર થતા સ્ત્રીલિંગના શબ્દોમાં **न्** અંતવાળા સંખ્યાવાચક શબ્દો તથા **तिसृ**, **चतसृ**, **स्वसृ**, **मातृ**, **दौहितृ**, **यातृ**, **ननान्दृ** તથા **इ** (રસ્વ કે દીર્ઘ) અંતવાળા વિશેષણો તથા જેઓને **ऊ**, **ई** કે **आ** લાગતા નથી તેઓ છે.

૨. **ऊ** પ્રત્યયથી થનારા સ્ત્રીલિંગના શબ્દો–વિશેષણ શિવાયના **उ** કારાંત શબ્દને ઉપાંત્યમાં **य** નહીં હોય તો **ऊ** લાગે છે. જેમકે **कुरु** નું **कुरू**=કુરૂ દેશની સ્ત્રી, પણ **रज्जु**, **हनु**, **कद्रु** ને **कमण्डलु** ને **ऊ** લાગતો નથી. **कद्रु** અને **कमण्डलु** ને વિશેષ નામ કરવા હોય ત્યારેજ માત્ર **ऊ** લાગે છે.

૩. **ई** તથા **आ** પ્રત્યયથી થનારા સ્ત્રીલિંગના શબ્દો–આ પ્રત્યયોની પૂર્વે કેટલાક ફેરફાર થાય છે ને ઉપર લખેલી બે કલમોમાં આવેલા શિવાયના શબ્દોને એ પ્રત્યયો લાગે છે ને તે લાગ્યાથી અમુકની સ્ત્રી એવા અર્થવાળા અને એ અર્થ શિવાયના અર્થવાળા એવા બેજાતના શબ્દો થાય છે. એ ફેરફારના નિયમો તથા કયો પ્રત્યય કયા શબ્દને લાગે છે ત્યારે પહેલી જાતના ને કયો પ્રત્યય કયા શબ્દને લાગે છે ત્યારે બીજીજાતના શબ્દો થાય છે તેવિષેનીચે મુજબ.

ક. **ई** ની પૂર્વે થતા ફેરફાર

૧. વ્યંજનાંત નામને જો **ई** લગાડાતી હોયતો ત્રિજી વિભક્તિના એક વચનના રૂપમાંથી પ્રત્યય કહાડી નાંખી **ई** લગાડાય છે. જેમકે **प्रत्यञ्च्** નું **प्रतीची**.

૨. **वन्** શિવાયના અંતવાળાના અંત્ય **न्** નો **र्** થાય છે. જેમકે **शर्वन्** નું **शर्वरी**.

૩. શબ્દોના અંતમાં **अ** અથવા **इ** હોયતો તે ઉડી જાય છે. જેમકે **गौर** નું **गौरी**.

૪. શબ્દને અંતે તદ્ધિતના પ્રત્યયને લગતો **य** હોય તો તે **य** ઉડી જાય છે. જેમકે **गार्ग्य**. (= ગર્ગ નો છોકરો) નું **गार्गी** ( =ગર્ગ ની છોકરી).

૫. **य** (તદ્ધિતના) પ્રત્યયના અંતવાળા **लोहितादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧લા પરિશિષ્ટમાં આપ્યો છે.) ના અને **कत्** શબ્દને **ई** ની પૂર્વે **आयन्** ઉમેરાય છે. જેમકે **गार्ग्यायणी** (= ગર્ગના છોકરા ની છોકરી), **लौहित्यायनी**, **कात्यायनी**.

૬. **सूर्य**, **तिष्य**, **पुष्य** (=नक्षत्र पुष), **अगस्त्य** અને **मत्स्य** નો **य** ઉડી જાય છે.

૭. વર્તમાન અને ભવિષ્ય કૃદંત વિશેષણોમાં ૧–૪ને ૧૦ મા ગણના ધાતુઓથી થયલાઓને જરૂર અને **दरिद्रा** શિવાયના **आ** કારાંત બીજા ગણના ધાતુથી થયલાઓને તથા છઠ્ઠા ગણના ધાતુઓથી થયલાઓને વિકલ્પે અંત્ય **त** ની પૂર્વે **न्** ઉમેરાય છે.

૮. **इन्द्र, वरुण, भव, शर्व, रुद्र, मृड** ને **आचार्य** ને સ્ત્રી બોધક **ई** ઉમેરાય છે ત્યારે, ને **हिम** ને **अरण्य** ને વિસ્તારવાચક **ई** ઉમેરાય છે ત્યારે, ને **यव** ને બગડેલાવાચક **ई** ઉમેરાય છે ત્યારે, તેની પૂર્વે **आन्** ઉમેરાય છે. જેમકે **इन्द्र** નું **इन्द्राणी; यवन** ને તેની સ્ત્રી શિવાયના અર્થમાં **ई** ઉમેરાયછે ત્યારે **ई** ની પૂર્વે **आन्** ઉમેરાય છે.

૯. **वस्** અંતવાળા શબ્દના **व** નો **उ** થાય છે.

૧૦ **असित** અને **पलित** શિવાયના રંગવાચક શબ્દો **ई** લે છે ત્યારે તેના **त** નો **न** થાય છે.

ખ. **आ** ની પૂર્વે થતા ફેરફાર—**क** કારાંત શબ્દનો **क** પ્રત્યય સંબંધી હોય ને તેની પૂર્વે **अ** હોયતો તે **अ** ની **इ** થાય છે. જેમકે **कारक** નું **कारिका** વળી **मामक, नरक** તથા તદ્ધિતના **त्यक** પ્રત્યયથી થયલા શબ્દોના **क** ની પૂર્વેના **अ** ની **इ** થાય છે.

અપવાદ.

૧. **यद्** અને **तद्** ને **क** લાગ્યો હોય તો એમ થતું નથી. જેમકે **यका.**

૨. **त्यक** પ્રત્યય કેવળ ઉપસર્ગને લાગી થયલા શબ્દોને એમ થતું નથી. જેમકે **अधित्यका । उपत्यका ।**

૩. **क्षिपकादि** સમૂહ (આ ૮મા પ્રકરણના ૧લા પરીશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દોને **क** ની પૂર્વે એમ થતું નથી. જેમકે **क्षिपक** નું **क्षिपका**

૪. **तारक** (=નક્ષત્ર), **वर्णक** (=વસ્ત્ર), **वर्तक** (=પક્ષી), **अष्टक** (=શ્રાદ્ધ) ને એમ થતું નથી ને **सूतक, पुत्रक, वृन्दारक** ને વિકલ્પે થાય છે.

૫. સ્ત્રીલિંગના **आ** ના થયલા **अ** ની પછી **क** લાગે ને **क** ની પૂર્વે **य** અથવા **क** હોયતો **अ** ની **इ** વિકલ્પે થાય છે. જેમકે **आर्यक** નું **आर्यका** ને **आर्यिका। चटका** નું **चटकका** ને **चटकिका।** પણ જો **य** અથવા **क** ધાતુના સંબંધનો હોય તો **अ** ની **इ** જરૂર થાય છે. જેમકે **सुनायिका। सुपाकिका।**

ગ. **इ** અથવા **आ** કોને લાગવાથી અમુકની સ્ત્રી એવા અર્થના શબ્દો થાય છે તે વિષે—**पालक** અંતવાળા શબ્દોને **आ** લાગવાથી અને એ શિવાયના શબ્દોને **ई** લાગવાથી અમુકની સ્ત્રી એવા અર્થના શબ્દો થાય છે.

ઘ. **ई** અથવા **आ** કોને લાગવાથી અમુકની સ્ત્રી એવા અર્થવાળા શિવાયના શબ્દો થાય છે તે વિષે—

૧. **ई** નીચે લખેલા **अ** કારાંત શબ્દોને લાગે છે ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે.

क. **शार्ङ्गरवादि** સમૂહ ( આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો

ख. **हय, गवय** (=જંગલી બળદ), **मुकय, मनुष्य,** ને **मत्स्य** તથા **य** ઉપાંત્યમાં ન હોય એવા શબ્દો

ग. **जानपद** ( વૃત્તિનો ગુણ બતાવે ત્યારે )

घ. ઘડપણ શિવાયની જીંદગીની અવસ્થાઓદર્શક **कन्या** શિવાયના શબ્દો. જેમકે **कुमार** નું **कुमारी**

ङ. **नर्तक, खनक, रञ्जक, रजक** ને **आक** ને **त्र** જે કૃતાદિના પ્રત્યય તેથી થયલા કેટલાક શબ્દો તથા **गौरादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે)ના શબ્દો.

च. **प्रथम, अग्रिम, आदिम, द्वितिय, तृतीय, तुर्य** ને **तुरीय** શિવાયના સંખ્યા પૂરક શબ્દો.

૨. **ई** નીચે લખેલા **अ** કારાંત વિશેષણ શિવાયના શબ્દોને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે.

क. **पाक, कर्ण, पर्ण, पुष्प, फल, मूल, वाल, नद, चोर, देव, ग्राह, गर, प्लव, सूद, यादृश** ને **तादृश**

ख. **यत्कर, तत्कर, किंकर** ને **बहुकर** શિવાયના **कर** અંતવાળા શબ્દો ને **एय** અંતવાળા શબ્દો

ग. તદ્ધિતના **न, स्न, ईक** ને વિકારકપણાથી વૃદ્ધિ કરનારા **य** અંતવાળા શબ્દો તથા **तरुण** ને **तलुन** શબ્દો; જેમકે **स्त्रैण** નું **स्त्रैणी । पौंस्न** નું **पौंस्नी । तरुण** નું **तरुणी ।**

घ. **अ** (વિકારક) પ્રત્યયથી થયલા શબ્દો. જેમકે **औपग । कुंभकार ।**

ङ. **द्वयस, दघ्न** ને **मात्र** (તદ્ધિતના પ્રત્યયો) થી થયલા શબ્દો તથા તદ્ધિતના **इक** પ્રત્યયથી થયલા કેટલાક શબ્દો.

च. **त्वर** પ્રત્યયથી થયલા શબ્દો.

૩. **ई, अ** કારાંત વિશેષનામ વાચક **केवल, मामक, भागधेय, पाप, अपर, समान, आर्यकृत, सुमंगल** ને **भेषज** શબ્દોને લાગે છે ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે.

૪. **ई, इ** કારાંત **दाक्षि** (કુટુંબનું નામ) અને એવા શબ્દોને લાગે છે ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે. જેમકે **दाक्षि** નું **दाक्षी**=દાક્ષિના કુટુંબની છોકરી.

૫. **ई**, (હ્રસ્વ) **ऋ** કારાંત શબ્દો અને **न्** કારાંત તથા વ્યંજનાંત વિશેષણો અને પરસ્મૈપદી ધાતુના કૃદંતના શબ્દો તથા **वस्** અંતવાળા શબ્દોને લાગે છે, ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે. જેમકે **कर्तृ** નું **कर्त्री । राजन्** નું **राज्ञी**

૬. **ई, खरु** શિવાયના **उ** કારાંત ગુણ વાચક વિશેષણને ઉપાંત્યમાં જોડાક્ષર ન હોય તો વિકલ્પે લાગે છે ને ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે. જેમકે **पाण्डु** નું **पाण्ड्वी । मृदु** નું **मृदु** અથવા **मृद्वी ।**

૭. **ई** અથવા **आ, असित** ને **पलित** શિવાયના **त्** ઉપાંત્યમાં હોય તેવા રંગ વાચક શબ્દો તથા **पिशंग** ને લાગે છે, ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે. જેમકે **रोहित** નું **रोहिता** ને **रोहिणी ।**

અપવાદ–ઉપર બતાવેલા શિવાયના રંગવાચક શબ્દોને **आ** લાગે છે. જેમકે **कृष्ण** (=કાળો) નું **कृष्णा ।**

૮. **आ** નીચે લખેલા શબ્દોને લાગે છે, ને લાગે છે ત્યારે ઉપર પ્રમાણેના અર્થના શબ્દો થાય છે.

क. वन् અંતવાળા શબ્દો ઘોષ વ્યંજનના અંતવાળા ધાતુથી થયા હોય તો તેઓને आ લાગે છે ને તેની પૂર્વે अन् ઉડી જાય છે. જેમકે अवावन् નું अवावा । राज-युध्वन् નું राजयुध्वा ।

ख. ઉપરની ૭ કલમમાં નહીં બતાવેલા.

ઙ. અનિયમિત

श्वशुर नुं श्वश्रू
पति नुं पत्नी
पितृ नुं मातृ
युवन् नुं युवति
कुसिद् नुं कुसिदायी
मातुल नुं मातुलानि ( मातुली* )
पुत्रीक नुं पुत्रका, पुत्रिका
मनु नुं मनु , मनायी , मनावी
शोण नुं शोणी, शोणा

कुसित नुं कुसितायी
वृषाकपि नुं वृषाकपायी
पतिवत् नुं पतिवत्नी
अन्तर्वत् नुं अन्तर्वत्नी
अग्नि नुं अग्नायी
नृ नुं नारी
नर नुं नारी
अर्वन् नुं अर्वणी

| | | |
|---|---|---|
| अर्य नुं | (अर्या*) अर्याणी | =વૈશ્યનું કામ કરનાર સ્ત્રી. |
| ,, | (अर्यी*) | =વૈશ્યની સ્ત્રી. |
| सूर्य नुं | सूर्या | =સૂર્ય દેવની સ્ત્રી. |
| ,, | सूरी | =(કુન્તી) સૂર્યની મરણાધીન સ્ત્રી. |
| शूद्र नुं | (शूद्री*) शूद्राणी | =શૂદ્રને પરણેલી સ્ત્રી. |
| ,, | (शूद्रा*) | =શૂદ્રમાં જન્મેલી સ્ત્રી. |
| उपाध्याय नुं | उपाध्यायानी (उपाध्यायी*) | =ઉપાધ્યાયની સ્ત્રી. |
| ,, | (उपाध्याया*) उपाध्यायी | =ઉપાધ્યાય થનારી સ્ત્રી. |
| क्षत्रिय नुं | (क्षत्रिया*) क्षत्रियाणी | =ક્ષત્રિયનું કામ કરનાર સ્ત્રી. |
| ,, | (क्षत्रियी*) | =ક્ષત્રિયની સ્ત્રી. |

| | | | |
|---|---|---|---|
| कुण्ड = વાસણ અથવા પરચુરણ વર્ગનો માણસ. | नुं | (कुण्डा*) | =વ્યભિચારથી ઉત્પન્ન કરેલી છોકરી. |
| ,, | ,, | कुण्डी | =હાંલ્લી. પરચુરણ વર્ગની સ્ત્રી. |
| गोण =કોથળો | ,, | गोणा | =ખાલી કોથળી. |
| ,, | ,, | गोणी | =ભરેલી કોથળી. |
| स्थल =કુદરતિ જગ્યા | ,, | स्थला | =બનાવેલી જગ્યા. |
| ,, | ,, | स्थली | =કુદરતિ જગ્યા. |
| भाज =શાક | ,, | भाजा | =કાચુશાક. |
| ,, | ,, | भाजी | =રાંધેલું શાક. |
| नाग =જાડો | ,, | नागा | =પાતળી |
| ,, | ,, | नागी | =જાડી |
| काल =કાળોરંગ | ,, | काला | –વસ્ત્રના સંબંધમાં હોયતો |
| ,, | ,, | काली | –છોડવા અથવા પશુના સંબંધમાં હોય તો. |

*એ નિયમિત છે તેથી કાઉંસમાં લખ્યો છે.

| | | | |
|---|---|---|---|
| **निल** =ભુરોરંગ | ,, | **निला** | –વસ્ત્રના સંબંધમાં હોયતો. |
| ,, | ,, | **नीली** | –છોડવા અથવા પશુના સંબંધમાં હોય તો. |
| **कुश** =લોખંડનો ખીલો | ,, | **कुशा** | =લાકડાની ખીલી. |
| ,, | ,, | **कुशी** | =લોખંડની ખીલી. |
| **कामुक**=કામની ઇચ્છાવાળો | ,, | **कामुका** | =કામશિવાયની ઇચ્છાવાળી. |
| ,, | ,, | **कामुकी** | =કામની ઇચ્છાવાળી. |
| **कबर** =ચોટલીની ગાંઠ | ,, | **कबरा** | =વિચિત્ર રંગવાળી. |
| ,, | | **कबरी** | =અંબોડો. |

## ભાગ ૫ મો.

### વિશેષણ તથા નામના રૂપો વિષે નિયમો તથા તેઓમાંના જોઇતા રૂપો

૧. अ કારાંત

ક. પુલ્લિંગના શબ્દોના રૂપ **राम** (ના. ૧*) જેવા થાય છે.

અપવાદ–

૧. **गार्ग्य** (*ગર્ગનો છોકરો) તથા એવી રીતે થયલા બીજા શબ્દોના રૂપ **गार्ग्य** ના રૂપ (ના. ૨) જેવા થાય છે.

૨. **एक** (ના. ૩), **द्वितीय** (ના. ૪), **प्रथम** (ના. ૫), **यूष** (ના. ૬), **दन्त** (ના. ૭), **पाद** (ન. ૮), **मास** (ના. ૯),

૩. **चरम, द्वितय, त्रितय, चतुष्टय, पञ्चतय, अल्प, अर्ध, कतिपय** ના રૂપ **प्रथम** ના રૂપ જેવા થાય છે.

ખ. સ્ત્રીલિંગના શબ્દો હોતા નથી.

ગ. નપુંસકલિંગના શબ્દોના રૂપ **वन** ના રૂપ (ના. ૧૦) જેવા થાય છે.

અપવાદ–**एक** (ના. ૧૧), **द्वितीय** (ના. ૧૨), **मांस** (ના. ૧૩), **आस्य** (ના. ૧૪), **उदेक** (ના. ૧૫), **हृदय** (ના. ૧૬).

૨. आ કારાંત

ક. પુલ્લિંગના શબ્દોના રૂપ **हाहा** ના રૂપ (ના. ૧૭) જેવા થાય છે.

ખ. સ્ત્રીલિંગના શબ્દોના રૂપ **शाला** ના રૂપ (ના. ૧૮) જેવા થાય છે.

અપવાદ

૧. **अम्बा, अक्का** ને **अल्ला** ને ૮ મી ના એકવચનમાં અનુક્રમે **अम्ब, अक्क,** ને **अल्ल** થાય છે.

૨. **एका** (ના. ૧૯), **द्वितीया** (ના. ૨૦), **नासिका** (ના. ૨૧), **निशा** (ના. ૨૨), **पृतना** (ના. ૨૩), **जरा** (ના. ૨૪), **दारा** (ના. ૨૫).

૩ **वर्षा** અને **सिक्ता** ના રૂપ **दारा** ના રૂપ જેવા થાય છે.

ગ. નપુંસકલિંગના શબ્દો હોતા નથી.

૩. इ કારાંત

ક. પુલ્લિંગના શબ્દોના રૂપ **हरि** ના રૂપ (ના. ૨૬) જેવા થાયછે.

અપવાદ–**सखि** (ના. ૨૭), **पति** (ના. ૨૮), **औडुलोमि** (ના. ૨૯), **कति** (ના. ૩૦), **द्वि** (ના. ૩૧), **त्रि** (ના ૩૨).

---

* આ તથા એની પછીના નંબરોના રૂપો માટે પા. ૧૧૧ થી જુઓ.

ખ. સ્ત્રીલિંગના શબ્દોના રૂપ **मति** ના રૂપ (ના. ૩૩) જેવા થાય છે.
 અપવાદ–**द्वि** (ના. ૩૪), **त्रि** (ના. ૩૫), **कति** (ના. ૩૬).

ગ. નપુંસકલિંગના શબ્દોના રૂપ **वारि** ના રૂપ (ના. ૩૭) જેવા થાય છે.
 અપવાદ.
 ૧. **द्वि** (ના. ૩૮), **त्रि** (ના. ૩૯), **कति** (ના. ૪૦).
 ૨. **अक्षि, अस्थि, दधि** અને **सक्थि**ના રૂપ **अक्षि** ના રૂપ (ના. ૪૧) જેવા થાય છે.
 ૩. **इ** કારાંત વિશેષણ જો નપુંસકલિંગના નામ જોડે વપરાય તો તેના રૂપ **शुचि** (=સ્વચ્છ) ના રૂપ (ના. ૪૨) જેવા થાય છે.

૪. **ई** કારાંત

ક. પુલ્લિંગનો શબ્દ
 ૧. ધાત્વન્ત અને ઉણાદિ કે સ્ત્રીલિંગનો પ્રત્યય લાગ્યા વગર થયલો હોય ને તેના અંત્ય **ई** ની પૂર્વે જો અસંયુક્ત વ્યંજન હોય તો તેના રૂપ (સંપ્રસારણથી **ध्यै**ના થયલા) **धी**(=ધ્યાન કરનાર) ના રૂપ (ના. ૪૩) જેવા થાય છે, ને તેના અંત્ય **ई** ની પૂર્વે જો સંયુક્ત વ્યંજન હોય તો તેના રૂપ **क्री** (=ખરીદ કરનાર) ના રૂપ (ના. ૪૪) જેવા થાય છે. એવા શબ્દને ઉપસર્ગ લાગ્યો હોય તો તેના રૂપ **प्रधी**ના રૂપ (ના. ૪૫) તથા **विक्री** ના રૂપ (ના. ૪૬) જેવા થાય છે.
 અપવાદ–**नी** તથા એના અંતવાળા ને સાતમીના એકવચનમાં છઠ્ઠીના બહુવચનના રૂપ જેવાજ રૂપ થાય છે.
 ૨. અધાત્વન્ત ને ઉણાદિ પ્રત્યયથી થયલો હોય તો તેના રૂપ **पपी**ના રૂપ (ના. ૪૭) જેવા થાય છે.

ખ. સ્ત્રીલિંગનો શબ્દ
 ૧. જો **ई** કારાંત પુલ્લિંગના શબ્દની ૧ લી કલમ માંહેલોજ હોય તો તેના રૂપ તે પ્રમાણેજ થાય છે.
 ૨. જો એકાચ અને અધાત્વન્ત હોય તો તેના રૂપ **धी** (=બુદ્ધિ) ના રૂપ (ના. ૪૮) જેવા થાય છે.
 અપવાદ–**स्त्री** (ના. ૪૯).
 ૩. જો અનેકાચ અને અધાત્વન્ત હોય તો તેના રૂપ **दासी** ના રૂપ (ના. ૫૦) જેવા થાય છે.
 અપવાદ
 क. **अवी, लक्ष्मी, तरी, स्तरी,** અને **तन्त्री** ને પહેલીના એકવચનમાં **स्** લાગે છે.
 ख. અધાત્વન્ત ને ઉણાદિ પ્રત્યયથી થયલો હોય તો તેના રૂપ ઉપર લખેલા **पपी**ના રૂપ જેવા થાય છે પણ દ્વિતીયાના બહુવચનમાં **न्** ને બદલે વિસર્ગ આવે છે.

ગ. નપુંસકલિંગના શબ્દો હોતા નથી.

૫. **उ** કારાંત

ક. પુલ્લિંગના શબ્દોના રૂપ **गुरु** ના રૂપ (ના. ૫૧) જેવા થાય છે.
 અપવાદ–**क्रोष्टु** (ના. ૫૨).

ખ. સ્ત્રીલિંગના શબ્દોના રૂપ **धेनु** ના રૂપ (ના. ૫૩) જેવા થાય છે.

ગ. નપુંસકલિંગના શબ્દોના રૂપ **मधु** ના રૂપ (ના. ૫૪) જેવા થાય છે.

અપવાદ

૧. उ કારાંત વિશેષણ જો નપુંસકલિંગના નામ જોડે વપરાય તો તેના રૂપ **मृदु** (=કોમળ) ના રૂપ ( ના. ૫૫ ) જેવા થાય છે.

ખ. **सत्य, अगद** કે **अस्तु + कार**માં, **भ्राष्ट्र** કે**अग्नि + इन्ध**માં, **उष्ण**કે**भद्र+करण**માં, **तिमि+गिल**કે**गिलगिल**માં, **धेनु+भव्या**માં, **लोक+पृणि**માં, ને **अनभ्याश+इत्य**માં પહેલા પદને અનુનાસિક ઉમેરાય છે.

ગ. **ज्योतिस्** અથવા **आयुस् +स्तोम**માં પહેલા પદના અંત્ય **स्** નો **ष्** થાય છે. ને **स्तोम** નો **स्** ઉડી જાય છે, જેમકે **ज्योतिष्टोम.**

૪. **पृषोदरादि** ને **पारस्करादि** સમૂહો (આ ૮ મા પ્રકરણના પહેલા પરિશિષ્ટમાં આપ્યા છે) ના શબ્દોમાં થતા ફેરફારો અનિયમિત છે.

---

## ભાગ ૧ લો.

### દ્વન્દ્વ સમાસ.

આ સમાસની બે જાતછે–સમાહારદ્વન્દ્વ ને ઈતરેતરદ્વન્દ્વ–તેઓ વિષે નીચે મુજબ.

### ૧. સમાહારદ્વન્દ્વ.

૧. વ્યાખ્યા–કેટલાક બે અથવા વધારે નામો **च** ના સંબંધથી વપરાઇ બધાનો સમાહાર વાચક અર્થ થતો હોય તો તેઓને લાગેલી વિભક્તિઓ કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોની ગોઠવણી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનોશબ્દ કરવામાં આવે છે ને જ્યારે એમ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે. ઉપર કેટલાક નામો કરી લખ્યું છે તે ક્યા છે તે વિષે નીચે મુજબઃ–

ક. શરીરના અવયવ વાચક શબ્દો, વાજીંત્ર વગાડનારા વાચક શબ્દો, લશ્કરના ભાગ વાચક બહુ વચનના શબ્દો, નિર્જીવ પદાર્થ વાચક શબ્દો (આમાં ફળ તથા પાલાવાચક શબ્દો બહુ વચનના જોઇએ), એક જાતિના નહીં આવે એવા નદી વાચક શબ્દો, દેશ

(ગામડા નહીં) વાચક શબ્દો, પરસ્પર વિરોધવાળો બહુવચનના શબ્દો, પરસ્પર વિરોધવાળા જીવડાઓ તથા તેવા પશુઓ વાચક શબ્દથી થતા સામાસિક શબ્દો આ સમાસથી જરૂર થાય છે. જેમકે **पाणीच पादौच=पाणिपादम् । मार्दंगिकश्च पाणविकश्च=मार्दंगिकपाणविकम् । गंगाचशोणश्च=गंगाशोणम् ।** (પણ **रूपंच रसश्च=रूपरसौ । गंगाच यमुनाच=गंगायमुने***)

ખ. ઝાડવાચક શબ્દો, મસાલા વાચક શબ્દો, પશુઓવાચક શબ્દો, હરણ વાચક બહુ વચનના શબ્દો, ઘાસ વાચક શબ્દો, અનાજ વાચક બહુ વચનના શબ્દો, પક્ષી વાચક બહુ વચનના શબ્દોથી થતા સામાસિક શબ્દો તેમજ **अश्व** ને **वडव**, **पूर्व** ને **अपर** ને **उत्तर** ને **अधर** થી થતા સામાસિક શબ્દો તથા એક બીજાથી ઉંધા અર્થવાળા વિશેષણ તરીકે ન વપરાય તેવા નામોથી થતા સામાસિક શબ્દો આ સમાસથી વિકલ્પે થાય છે, જેમકે **कुशाकाशम्** (**कुशाकाशाः***) । **व्रीहियवम्** (**व्रीहियवाः***) । **दधिघृतम्** (**दधिघृते***) । **अश्ववडवम्** (**अश्ववडवौ** *) । **पूर्वापरम्** (**पूर्वापरे***) । **बदराणि च आमलकानि च=बदरामलकम्** (**बदरंच आमलकं च=बदरामलके***) ।

ગ. **गवाश्वादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો આ સમાસથી ને તેમાં લખ્યા મુજબજ થાય છે

**૨. સમાસમાં આવતા શબ્દોનો ક્રમઃ—**

ક. જે શબ્દોનો સમાસ કરવો હોય તેઓમાં સ્વરથી શરૂ થતો તેમજ **अ** અંતવાળો શબ્દ હોય તો તે સૌથી પહેલો મુકાય છે, પણ તેવો નહીં હોય તો (હ્રસ્વ) **इ** અથવા **उ** ના અંતવાળો શબ્દ સૌથી પહેલા મુકાય છે, ને એવા એકથી વધારે શબ્દો હોય તો તેમાંનો ગમે તે મુકાય છે. એ બેઉજાતમાંનો શબ્દ ન મળે તો ઓછા સ્વરવાળો શબ્દ સૌથી પહેલો મુકાય છે નેતેવા વધારે હોય તો તેઓમાં નો ગમે તે મુકાય છે.

અપવાદ.

૧. જો કોઇ શબ્દની અગત્યતા બતાવવી હોય તો તે પહેલો મુકાય છે.

૨. **राजदन्तादि** તથા **धर्मादि** સમૂહો (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યા છે) માંહેલા શબ્દોની ગોઠવણ તેમાં બતાવ્યા પ્રમાણેજ થાય છે.

**૩. સમાસ થતા શબ્દોમાં થતો ફેરફાર**—પહેલા પદના અંતમાં વિશેષ ફેરફાર થતા નથી ને છેલ્લા પદનાં અંતમાં નીચે મુજબ થાય છે.

ક. સમાસને અંતે **च्** વર્ગના અક્ષર અથવા **द्**, **ष्**, કે **ह्** હોય તો **अ** ઉમેરાય છે. જેમકે **वाक्त्वचम् । शमीदशदम् । छत्रोपानहम् । वाक्त्विषम् ।**

ખ. **खारी** નો અંત્યસ્વર વિકલ્પે ઉડી જાય છે ને ઉડી જાય છે ત્યારે **अ** ઉમેરાય છે. જેમકે **अर्धखारम्** ને **अर्धखारि**.

૪. સામાસિક શબ્દનું લિંગ તથા વચન–આસમાસથી થતો શબ્દ નપુંસક લિંગના એક વચનનો થાય છે.

૫. અનિયમિત—

| | |
|---|---|
| **अक्षिणी च भ्रुवौच=अक्षिभ्रुवम्** | **उरूच अष्ठीवन्तौ च =उर्वष्ठीवम्** |
| **दारा च गावश्च =दारगवम्** | **पादौच „ =पदष्ठीवम्** |
| **नक्तं च दिवा च =नक्तंदिवम्** | **अहनि च दिवा च =अहर्दिवम्** |
| **रात्रौच „ „ =रात्रिंदिवम्** | |

**दधिपयादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે.) માં હેલા શબ્દો.

* એ નિયમિત છે તેથી કાઉંસમા લખ્યો છે.

## ૨. ઈતરેતર દ્વન્દ્વ

૧. **વ્યાખ્યા**–કોઈપણ બે અથવા વધારે નામ સરખી વિભક્તિમાં હોય ને **च** ના સંબંધથી વપરાયા હોય, પણ સમાહારવાચક અર્થ ન થતો હોય, તેમજ તે શબ્દો એકજ શબ્દોના થયેલા પુલ્લિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગના શબ્દો ન હોય તો તેઓની વિભક્તિઓ કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા તેઓમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે. બે વિશેષણ અથવા સર્વનામને વિષે પણ એમજ જાણવું, જેમકે **शीतं च उष्णं च=शीतोष्णे । पूर्वश्च अपरश्च=पूर्वापरौ । धवश्च खदिरश्च=धवखदिरौ ।**

૨. **સમાસમાં આવતા શબ્દનો ક્રમ**—જે શબ્દનો સમાસ કરવો હોય તેઓમાં સ્વરથી શરૂ થતો તેમજ **अ** અંતવાળો શબ્દ હોય તો તે સૌથી પહેલો મુકાય છે, પણ તેવો નહીં હોય તો (હ્રસ્વ) **इ** અથવા **उ** ના અંતવાળો શબ્દ સૌથી પહેલો મુકાય છે, ને એવા એકથી વધારે શબ્દ હોય તો તેમાંનો ગમેતે મુકાય છે. એ બેઉ જાતમાંનો શબ્દ ન મળેતો ઓછા સ્વરવાળો સૌથી પહેલો મુકાય છે ને તેવા વધારે હોય તો તેઓમાંનો ગમે તે મુકાય છે, જેમકે **इन्द्राग्नी । अश्वरथेन्द्राः । हरिहरौ । शिवकेशवौ ।**

અપવાદ.

ક. રૂતુ અને ગ્રહવાચક શબ્દોમાં જ્યોતિષના ક્રમ પ્રમાણે, બ્રાહ્મણ આદિ વર્ણોના શબ્દોમાં વર્ણક્રમપ્રમાણે, ભાઈઓના નામોમાં ઉમ્મર પ્રમાણે (વધારે ઉમ્મરનો પહેલો) શબ્દો ગોઠવાય છે. જેમકે **कृत्तिकारोहिण्यौ। क्षत्रियविशौ । युधिष्ठिरार्जुनौ।**

ખ. જો કોઈ શબ્દની અગત્યતા બતાવવી હોય તો તેપહેલો મુકાય છે. જેમકે **तापसपर्वतौ ।**

ગ. **राजदन्तादि** તથા **धर्मादि** સમૂહો ( આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યા છે.) માંહેલા શબ્દોની ગોઠવણ તેમાં બતાવ્યા પ્રમાણેજ થાય છે.

૩. **સમાસ થતા શબ્દોમાં થતા ફેરફાર**:—

ક. પહેલા પદમાં થતા ફેરફારઃ—

૧. સગપણવાચક અથવા વિદ્યાના ધંધાવાચક **ऋ** કારાંત શબ્દો જોડાય ત્યારે ઉપાંત્ય શબ્દના **ऋ** નો **आ** થાય છે, તેમજ એવા **ऋ** કારાંત શબ્દ પુત્ર સાથે જોડાય તોપણ એમ થાય છે, જેમકે **होता च पोता च उद्गाता च=होतृपोतोद्गातारः। होताचपोताच =होतापोतारौ। होतापोतारौ च उद्गाता च =होतापोतोद्गातारः। पिताचपुत्रश्च =पितापुत्रौ।**

૨. એક બીજાસાથે હંમેશ સબંધ ધરાવનારા દેવતાઓના નામો જોડાય છે ત્યારે ઉપાંત્ય શબ્દના અંત્યસ્વરનો **आ** થાય છે, પણ **वायु** માં એમ થતું નથી, જેમકે **मित्रावरुणौ** પણ **अग्निवायू** અથવા **वाय्वग्नी ।**

ખ. છેલ્લા પદમાં થતાફેરફાર–સમાસને અંતે **च्** વર્ગનો અક્ષર અથવા **द्**, **ष्** કે **ह्** હોયતો **अ** ઉમેરાયછે, જેમકે **प्रावृट्शरदौ**

૪. **સામાસિક શબ્દનું લિંગ તથા વચન**–સમાસમાં આવેલા છેલ્લા શબ્દનું જે લિંગ તે આખા સામાસિક શબ્દનું લિંગ થાય છે, અને બે શબ્દોનો સમાસ થતો હોય તો દ્વિવચન ને બેથી વધારેનો થતો હોય તો બહુવચનનો સામાસિક શબ્દ થાય છે જેમકે **कुक्कुटश्च मयूरीच=कुक्कुटमयूर्यौ । मयूरी कुक्कुटश्च=मयूरीकुक्कुटौ ।**

૫. અનિયમિત

| | |
|---|---|
| अश्वश्च वडवाच=अश्ववडवौ | उषश्च सूर्यश्च =उषासासूर्यौ |
| सोमश्च अग्निश्च=अग्नीषोमौ | वरुणश्च अग्निश्च=अग्नीवरुणौ |
| अहश्च रात्रिश्च =अहोरात्रः | ऋक्च यजुश्च =ऋग्यजुषम् |
| स्त्रीच पुमांश्च =स्त्रीपुंसौ | धेनुश्च अनड्वांश्च =धेन्वनडुहौ |
| द्यावाच भूमीच=द्यावाभूमी | द्यावाच क्षमाच=द्यावाक्षमे |

द्यौश्च पृथिवीच=द्यावापृथिव्यौ, दिवस्पृथिव्यौ
जायाच पतिश्च=जम्पती, दम्पती ( जायापती *)
माताच पिताच=मातरापितरौ ( मातापितरौ *)

दधिपयादि સમૂહ ( આ ૮માં પ્રકરણના પેહેલા પરિશિષ્ટમાં આપ્યો છે ) માંહેલા શબ્દો.

## ભાગ ૨ જો

### એકશેષ સમાસ.

૧. **વ્યાખ્યા**—પુલ્લિંગનું નામ અથવા સર્વનામ તેના થયલા સ્ત્રીલિંગ અથવા નપુંસક લિંગના નામ અથવા સર્વનામ સાથે સરખી વિભક્તિમાં રહી **च** ના સંબંધથી વપરાયું હોય તો તેઓની વિભક્તિઓ કાહડી નાંખી, નીચે લખ્યા પ્રમાણે તે શબ્દોનો ક્રમ ગોઠવી, તેઓને બદલે એકજ **શબ્દ** નીચે લખેલા લિંગ તથા વચનનો શેષ રાખવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કેહેવાય છે.

અપવાદ

ક. **तद्, त्यद्, यद्, एतद्, इदम्, अदस्, अस्मद्, युष्मद्, भवत्, किम्, एक** ને **द्वि** એ શબ્દોમાંના બે અથવા વધારેનો સમાસ થાય છે ત્યારે પહેલો અથવા છેલ્લો શબ્દ શેષ રહે છે, જેમકે **स च य श्च=यौ** અથવા **तौ**। વળી એ શબ્દોનો બીજા નામ સાથે સમાસ થાય છે ને થાય છે ત્યારે સર્વનામ શેષ રહે છે. જેમકે **स च देवदत्तश्च=तौ**।

ખ. એકજ અર્થવાળા પણ જુદા વિશેષણોવાળા એકજ શબ્દોનો સમાસ થાય છે ને થાય છે ત્યારે ગમેતે એક શેષ રહે છે, જેમકે **वक्रदण्डश्च कुटिलदण्डश्च=वक्रदण्डौ** અથવા **कुटिलदण्डौ**

ગ. એકજ શબ્દથી થતા જુદા જુદા અર્થના પણ એકજ ગોત્રવાચક શબ્દોનો સમાસ થાય છે ને થાય છે ત્યારે તેઓમાં વૃદ્ધ માણસવાચક શબ્દ શેષ રહે છે. જેમકે **गार्ग्यश्च गार्ग्यायणश्च=गार्ग्यौ**।

૨. **સમાસમાં આવતા શબ્દોનો ક્રમઃ**—સ્ત્રીલિંગઅને પુલ્લિંગનો શબ્દ જોડાય ત્યારે પુલ્લિંગનો શબ્દ છેડે મુકાય છે. પુલ્લિંગ અને નંપુસકલિંગનો શબ્દ જોડાય ત્યારે નપુંસકલિંગનો શબ્દ છેડે મુકાય છે. સ્ત્રીલિંગ અને નપુંસકલિંગનો શબ્દ જોડાય ત્યારે પણ નપુંસકલિંગનો શબ્દ છેડે મુકાય છે. જેમકે **ब्राह्मणीच ब्राह्मणश्च=ब्राह्मणौ । तच्च सच = ते । साच तच्च=ते ।**
અપવાદ–ગામમાં રહેનારા ઘરડા ફાટેલી ખડીવાળા પશુઓના પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના બહુ વચનના શબ્દોનો સમાસ થાય ત્યારે સ્ત્રીલિંગનો શબ્દ છેડે આવે છે, જેમકે **महिषाश्च महिष्यश्च = महिष्यः ।**

* એ નિયમિત છે તેથી કાંઉંસમાં લખ્યો છે.

૩. **સામાસિક શબ્દનું લિંગ તથા વચન**–આ સમાસથી થતો શબ્દ છેડે મુકાયલા શબ્દના લિંગનો ને દ્વિવચન અથવા બહુવચનનોજ થાયછે.

૪. **અનિયમિત**

**भ्राताच स्वसाच** =**भ्रातरौ**

**पुत्रश्च दुहिताच** =**पुत्रौ**

**माताच पिताच** =**पितरौ** ( **मातापितरौ । मातरपितरौ** * )

**श्वश्रूश्च श्वशुरश्च** =**श्वशुरौ** (**श्वश्रू श्वशुरौ***)

**गार्गीच गार्ग्यायणौच**=**गर्गाः** અને એવા બીજા

---

## ભાગ ૩ જો.

### બહુવ્રીહિ સમાસ.

૧. વ્યાખ્યા–નીચે લખેલા શબ્દો નીચે પ્રમાણે વપરાયા હોય ને તેઓ **यद्**ની બીજીથી સાતમી માંની કોઇ વિભક્તિના શબ્દના સંબંધમાં હોય તો તેઓની વિભક્તિઓ તથા સંબંધ બતાવનારો **यद्** નો જે શબ્દ હોય તે કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે.

ક. વિશેષણ અને નામ, વિશેષણ અને વિશેષ્ય (=વિશેષણનો ગુણ જેમાં રહ્યો છે તે)ભાવથી, વપરાયા હોય–જેમકે

**प्राप्तं उदकं यं ( सः )** = **प्राप्तोदकः** ( **ग्रामः** )

**निर्जितः कामोयेन ( सः )** = **निर्जितकामः ( शिवः )**

**दत्तः सपो यस्मै ( सः)** = **दत्तसूपः ( ब्राह्मणः )**

**उद्धृतं धनं यस्मात् ( तत् )** = **उद्धृतधनं ( कुण्डम् )**

**पीतं अम्बरं यस्य ( सः )** = **पीताम्बरः ( हरि : )**

**पुष्पिताःद्रुमाः यस्मिन्(सः)** = **पुष्पितद्रुमः ( आरामः )**

ખ. બે સંખ્યાવાચક વિશેષણો **वा** ના સંબંધથી વપરાયા હોય–જેમકે **द्वौ वा त्रयो वा (ये)** =**द्वित्राः**

ગ. વિશેષણ અથવાનામ છઠ્ઠી વિભક્તિના સંબંધથી **समीप** જોડે વપરાયા હોય–જેમકે **दशानां समीपे ( ये )=उपदशाः । गणानां समीपे ( ये )=उपगणाः । बहूनां समीपे (ये) =उपबहव : ।**

ઘ. નામ તૃતીયાના સંબંધથી **सह** (અવ્યય) જોડે વપરાયું હોય–જેમકે **पुत्रेण सह ( यः ) =सपुत्र : ।**

ઙ. નામ, ૬ ઠ્ઠી વિભક્તિમાં રહી **इव** ના સંબંધથી બીજા નામ સાથે, અથવા પેહેલી વિભક્તિમાં રહી સાતમી વિભક્તિમાં રહેલા નામ સાથે, વપરાયું હોય–જેમકે **चन्द्रस्य इव-कान्तिः यस्य (सः)=चन्द्रकान्तिः । शशी शेखरे यस्य (सः)=शशिशेखरः । चक्रं पाणौ यस्य ( सः )=चक्रपाणिः ।**

---

* એ નિયમિત છે તેથી કાંઉસમાં લખ્યો છે.

ચ. પકડાય એવી વસ્તુવાચક સાતમી વિભક્તિમાં રહેલું નામ પુનરૂક્તિથી પકડવાના અર્થમાં વપરાયું હોય અથવા પકડાય એવા હથીયારવાચક તૃતીયા વિભક્તિમાં રહેલું નામ પુનરૂક્તિથી પ્રહારવાચક અર્થમાં વપરાયું હોય–જેમકે **केशेषु केशेषु ग्रहणं यस्मिन् ( तत् )=केशाकेशि (युद्धं)। दण्डैः दण्डैः प्रहरणं यस्मिन् ( तत् )=दण्डादण्डि ( युद्धं )**। આવી રીતે થતા સમાસમાં પહેલા પદમાં આવતા નામનો અંત્યસ્વર દીર્ઘ થાય છે, ને બીજા પદમાં આવતા નામનો અંત્યસ્વર **उ** શિવાયનો હોય તો તે ઉડી જાય છે ને **इ** ઉમેરાય છે ને **उ** હોય તો તેનો ગુણ થાય છે ને **इ** ઉમેરાય છે, જેમકે **मुष्टीमुष्टि। हस्ताहस्ति । बाहूबाहवि ।**

છ. દિશાવાચક બે સર્વનામના છઠ્ઠીના શબ્દો **च** થી જોડઈ વચલી દિશા બતાવનારના અર્થમાં વપરાયા હોય–જેમકે **दक्षिणस्याः पूर्वस्याः च दिशो मध्ये या ( सा )= दक्षिणपूर्वा ( दिशा )**

જ. અવ્યય જ્યારે વિશેષણ અથવા નામ જોડે વપરાયું હોય–જેમકે **अस्ति क्षीरं यस्याः ( सा )=अस्तिक्षीरा**

૨. સમાસમાં આવતા શબ્દોનો ક્રમઃ—

ક. વિશેષણ અથવા પ્રત્યય અથવા અવ્યય પહેલા પદમાં આવે છે ને નામ પાછલા પદમાં આવે છે. વિશેષણ, પ્રત્યય ને અવ્યયમાં પ્રત્યય પહેલો આવે છે. બે વિશેષણોમાં ગૌણ વિશેષણ પહેલા પદમાં આવે છે. સંખ્યા વાચક અને સર્વનામ, નામ અથવા બીજા વિશેષણ જોડે જોડાતાં, પહેલા આવે છે, અને સંખ્યાવાચક અને સર્વનામ જોડાતા સંખ્યાચક પહેલો આવે છે. બે સંખ્યાવાચક જોડાયતો ઓછી સંખ્યાનો પહેલો આવે છે. જેમકે **प्राप्तं उदकं यं (सः)प्राप्तोदकः ( ग्रामः )। गणानां समीपे ये ( ते )=उपगणाः। दशानां समीपे ये (ते )=उपदशाः । त्रिंशतः अदूराः ये ( ते )=अदूरत्रिंशाः ।**

ખ. **प्रिय** શબ્દ પહેલા અથવા પાછળ મુકાય છે, જેમકે **गुडप्रियः** અથવા **प्रियगुडः।**

ગ. કર્મણિ ભૂત કૃદંતના શબ્દો કોઈ જોડે જોડાવવાથી જાતિવાચક કે કાળવાચક કે સુખદુઃખ વાચક શબ્દ થતો હોય તો કૃદંતના શબ્દો છેડે આવે છે,જેમકે **सारंगजग्धि** પણ **कृतकटः** । કૃદંતના શબ્દો હથીઆર વાચક શબ્દો જોડે આવે તો વિકલ્પે પહેલા આવે છે, જેમકે **अस्युद्यतः** । હથીઆરવાચક નામ સાતમીના નામ સાથે આવે તો વિકલ્પે પહેલા બીજા મુકાય છે, જેમકે **विवृतासिः** અથવા **असिविवृतः** ।

૩. સમાસ થતા શબ્દોમાં થતાં ફેરફારઃ—

ક. પહેલા પદમાં થતા ફેરફારઃ—

૧. **सह** ક્રિયામાં સરખો ભાગ લેનારા કોઈ નામ સાથે ત્રિજી વિભક્તિના સંબંધથી જોડઇ આ સમાસ થાય છે ત્યારે **सह** નો **स** વિકલ્પે થાય છે. જેમકે **पुत्रेणसह यः ( सः )=सहपुत्रः** અથવા **सपुत्र :**

અપવાદ—**सह** જો **गो, वत्स** ને **हल** શિવાયના કોઇ શબ્દ જોડે જોડઇ આશીર્વાદ લેવા વાસ્તે કોઇ વાકયમાં વપરાવવાનો હોય તો **सह** જરૂર કાયમ રહે છે ને **गो, वत्स** ને **हल** જોડે જોડઇ એમ વપરાવવાનો હોય તો **सह** નો **स** જરૂર થાય છે, જેમકે **स्वस्ति राज्ञे सहपुत्राय** પણ **स्वस्ति राज्ञे सगवे**

૨. એકજ વિભક્તિમાં આવતા બે શબ્દો જોડાતા હોય ને પહેલો શબ્દ પુલ્લિંગના શબ્દને **आ** અથવા **ई** લાગી સ્ત્રીલિંગનો થયેલો હોય પણ વિશેષ નામ, સંખ્યાવાચક શબ્દ, વર્ણવાચક શબ્દ, **क्** ઉપાંત્યવાળા શબ્દ, કે **ई** કારાંત પ્રાણિના શરીરના અવયવ વાચક શબ્દ શિવાયનો હોય ને બીજો શબ્દ પણ સ્રીલિંગનો પણ સંખ્યાચક સ્રીલિંગના શબ્દ શિવાયનો તથા **प्रिया, मनोज्ञा, कल्याणी, सुभगा, भक्ति, सचिवा, स्वसा, कान्ता, क्षान्ता, समा, चपला, दुहिता, वामा, अबला** ને **तनया** શિવાયનો હોય તો પહેલો સ્ત્રીલિંગનો શબ્દ પાછો પુલ્લિંગનો થઇ જાય છે. જેમકે **चित्रा गावो यस्य ( सः )=चित्रगुः । रूपवती भार्या यस्य ( सः )=रूपवद्भार्यः । अकेशा भार्या यस्य ( सः )=अकेशभार्यः ।** પણ **महती प्रिया यस्य ( सः )=महतीप्रियः । सुकेशी भार्या यस्य(सः)=सुकेशीभार्यः । गंगा भार्या यस्य(सः)=गंगाभार्यः । कल्याणी प्रिया यस्य (सः)= कल्याणीप्रियः । पञ्चमी भार्या यस्य (सः)=पञ्चमीभार्यः । पाचिका स्त्री यस्य (सः)= पाचिकास्त्रीकः । दत्ता भार्या यस्य (सः)=दत्ताभार्यः । ब्राह्मणी भार्या यस्य (सः)=ब्राह्मणीभार्यः । महती चतुर्दशी यस्य (सः) =महतीचतुर्दशीकः ।**

૩. સ્રીલિંગના શબ્દની પૂર્વે રંગવાચક તથા વિકાર વાચક શિવાયનો તદ્ધિતના વૃદ્ધિ કરનારા પ્રત્યયથી થયલો સ્ત્રીલિંગનો શબ્દ હોય તો તે પુલ્લિંગનો થતો નથી. જેમકે **स्रौघ्नीभार्या यस्य ( सः )=स्रौघ्नीभार्यः ।**પણ **काशायी कन्था यस्य ( सः )=काशाय कन्थः । हैमी मुद्रिका यस्य (सः)=हैममुद्रिकः ।**

૪. ઉપસર્ગ સાથેના કૃદંત વિશેષણો જ્યારે જોડાય છે ત્યારે આખો શબ્દ અથવા તેનો ઉપસર્ગ માત્ર પહેલા પદમાં લેવામાં આવે છે. જેમકે **अविद्यमानः पुत्रः यस्य ( सः )=अपुत्रः** ને **अविद्यमानपुत्रः । प्रपतितानि पर्णानि यस्य (सः) प्रपर्णः** અથવા **प्रपतितपर्णः । निर्गता घृणा यस्य (सः)=निर्घृणः** અથવા **निर्गतघृणः ।**

૫. **महत्** પહેલો શબ્દ હોય તો તેનું **महा** થાય છે. જેમકે **महाबाहुः ।**

બ. છેલ્લા પદમાં થતા ફેરફારઃ—

૧. **गो** નું એની પછી **क** ન ઉમેરાતો હોય તો **गु** થાય છે, જેમકે **चित्रा गावो यस्य (सः)=चित्रगुः ।** પણ **चित्रजरद्गवीकः ।**

૨. **अक्षि** નું એના અંતવાળો શબ્દ શરીરના ભાગ વાચક અર્થમાં વપરાય ત્યારે **अक्ष** થાય છે, જેમકે **कमलाक्षः ( पुरुषः ) ।**

૩. **सक्थि** નું એના અંતવાળો શબ્દ શરીરના ભાગના અર્થમાં વપરાય ત્યારે **सक्थ** થાય છે નીકર થતું નથી, જેમકે **दीर्घसक्थः ( पुरुषः ) । दीर्घसक्थि ( शकटम् ) ।**

૪. **सक्थि** ને **शक्ति** ની પૂર્વે **अ, दुस्** કે **सु** હોય તો **सक्थि** નું **सक्थ** ને **शक्ति** નું **शक्त** વિકલ્પે થાય છે, જેમકે **दुःसक्थः** અથવા **दुःसक्थिः ( पुरुषः ) । दुःशक्तः** અથવા **दुःशक्तिः ( पुरुषः ) ।**

૫. **अङ्गुलि** નું એના અંતવાળો સામાસિક શબ્દ જ્યારે **दारु** ના વિશેષણ તરીકે આવવાનો હોય ત્યારે **अङ्गुल** થાય છે, જેમકે **पञ्चाङ्गुलं ( दारु )** પણ **पञ्चाङ्गुलिः ( हस्तः ) ।**

૬. **मूर्धन्** નું એની પૂર્વે **द्वि** અથવા **त्रि** હોય તો **मूर्ध** થાય છે, જેમકે **द्विमूर्धः** પણ **दशमूर्धा ।**

૭. **लोमन्** નું એની પૂર્વે **अन्तर** કે **बहिः** હોય તો **लोम** થાય છે. જેમકે **अन्तरलोमः।**

૮. **नेतृ** નું એની પૂર્વે સરખી વિભક્તિથી **मृग** હોય તો **नेत्र** થાય છે. જેમકે **मृगनेत्रा** (**रात्रयः**)

૯. **प्रमाणी** નું **प्रमाण** થાય છે. જેમકે **स्त्री प्रमाणी यस्य (सः) स्त्रीप्रमाणः।**

૧૦. **जाया** નું **जानि** થાય છે. જેમકે **युवजानिः।**

૧૧. **जम्भ्** નું એની પૂર્વે **सु, हस्ति, तृण** કે **सोम** હોય તો **जम्भन्** થાય છે. જેમકે **तृणजम्भा।**

૧૨. **ईर्म** નું એની પૂર્વે **दक्षिण** હોય ને શિકારીથી ઘા મરાયો હોય તો **ईर्मन्** થાય છે. જેમકે **दक्षिणेर्मा।**

૧૩. **हलि** નું એની પૂર્વે **अ, दुस्** કે **सु** હોય તો **हल** વિકલ્પે થાય છે. જેમકે **अहलः** ને **अहलिः।**

૧૪. **प्रजा**નું એની પૂર્વે **अ, दुस्** કે **सु** હોય તો **प्रजस्** થાય છે. જેમકે **दुष्टा प्रजा यस्य** (**सः**)=**दुःप्रजाः** (**दुःप्रजस्** નું)

૧૫. **मेधा**નું એની પૂર્વે **अ, दुस्** કે **सु** હોય તો **मेधस्** થાય છે. જેમકે **शोभना मेधा यस्य** (**सः**)=**सुमेधाः** (**सुमेधस्** નું)

૧૬. **धर्म**નું એની પૂર્વે એકજ શબ્દ આવી સમાસ થતો હોય તો **धर्मन्** થાય છે. જેમકે **समानधर्मा** (**समानधर्मन्** નું)। **परमस्वः धर्मः यस्य** (**सः**)=**परमस्वधर्मा** કેમકે **परमस्व** એકજ સામાસિક શબ્દ છે પણ **परमः स्वः धर्मः यस्य** (**सः**)=**परमस्वधर्मः।**

૧૭. **धनुष्** નું **धन्वन्** થાય છે. જેમકે **अधिज्यधन्वा** પણ જો સામાસિક શબ્દ વિશેષ નામ વાચક થતો હોય તો એમ વિકલ્પે થાય છે. જેમકે **शतधनुः** અથવા **शतधन्वा।**

૧૮. **जानु**નું એની પૂર્વે **प्र** અથવા **सम्** હોય તો જરૂર ને **ऊर्ध्व** હોય તો વિકલ્પે **ज्ञु** થાય છે. જેમકે **प्रगते जानुनी यस्य** (**सः**)=**प्रज्ञुः।**

૧૯, **गन्ध** નું

- **क.** એની પૂર્વે **उत्, पूति, सु, सुरभि** આવેતો **गन्धि** થાય છે. જેમકે **सुगन्धिः।**
- **ख.** જો એનો અર્થ કંઈક અથવા અણુમાત્ર થતો હોય તો **गन्धि** થાય છે. જેમકે **सूपगन्धि** (**भोजनं**)
- **ग.** જ્યારે એનાથી થતો સામાસિક શબ્દ સરખામણી બતાવવાના અર્થનો હોય અથવા પાછળ આવતા વિશેષ્યનો ગુણ બતાવતો હોય ત્યારે **गन्धि** થાય છે. જેમકે **पद्मस्य इव गन्धः यस्य (सः)=पद्मगन्धिः।** પણ **सुगन्धः आपणिकः**=સુગંધો વેચનાર વેપારી.

૨૦. **नासिका** નું

- **क.** એની પૂર્વે ઉપસર્ગ હોય તો **नस** થાય છે. જેમકે **उद्गता नासिका यस्य (सः)=उन्नसः।**
- **ख.** એના અંતવાળો સામાસિક શબ્દ **स्थूल** શિવાયનો ઓળખાવી આપનાર નામ પૂર્વે આવી બન્યો હોય તો **नस** થાય છે, ને જો **खुर** કે **खर** પૂર્વે આવી બન્યો

હોય તો **नस्** અથવા **नस्** થાય છે. જેમકે **द्रुरि नासिका यस्य ( सः )=द्रुणसः।** પણ **स्थूलनासिकः। खुरणसः** ને **खुरणाः।**

**ग.** એની પૂર્વે **वि** આવે તો **ग्र** અથવા **ख्यः** થાયછે. જેમકે **विगता नासिका यस्य ( सः )=विग्रः** ને **विख्यः।**

**२१. पाद** નું એની પૂર્વે **सु** અથવા સંખ્યા વાચક શબ્દ હોય અથવા એના અંતવાળો શબ્દ એની પૂર્વે **हस्त्यादि** સમૂહ (આ ૮ માં પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો શિવાયના શબ્દથી થઇ સરખામણીવાચકના અર્થમાં વપરાવવાનો હોય તો **पाद्** થાય છે. જેમકે **द्विपाद्। सुपाद्। व्याघ्रपाद्।** પણ **हस्तिपादः।**

**२२. दन्त** નું એની પૂર્વે સંખ્યાવાચક શબ્દ અથવા ઉમ્મરવાચક **सु** આવ્યો હોય અ-અથવા એના અંતવાળો શબ્દ સ્ત્રીલિંગનો થતો હોય તો જરૂર, ને એની પૂવે **श्याव, अराक** કે **अग्र** ના અંતવાળો શબ્દ અથવા **शुद्ध, शुभ्र, वृष** કે **वराह** હોય તો વિકલ્પે, **दत्** થાય છે. જેમકે **षट् दन्ता यस्य (सः)=षोडन्। शोभना दन्ता यस्य (सः)=सुदन्। समा दन्ताः यस्याः (सा)=समदन्ती (सुदती** નહીં). **श्यावा दन्ताः यस्य ( सः )=श्यावदन्** અથવા **श्यावदन्त।**

**२३. ककुद्**નું

**क.** એની પૂર્વે **त्रि** આવે ને પર્વતવાચક શબ્દ થતો હોય તો **ककुद्** થાય છે. જેમકે **त्रिककुत्**=ત્રણ શિખરવાળો (પર્વત.)। **त्रिककुदः**=ત્રણ ખુંધવાળો।

**ख.** એના અંતવાળો સામાસક શબ્દ ઉમ્મરની અવસ્થા બતાવતો હોય તો **ककुद्** થાય છે. જેમકે **अजातककुत्**=ખાંધ નથી એવો।

**२४. काकुद** ( તાળું ) નું એની પૂર્વે **उत्** અથવા **वि** આવે તો જરૂર ને **पूर्ण** આવે તો વિકલ્પે **काकुद्** થાય છે. જેમકે **उत्काकुत्। पूर्णकाकुत्** અથવા **पूर्णकाकुदः।**

**२५. हृदय**નું એની પૂર્વે **सु** આવી **मित्र** વાચક શબ્દ થતો હોય અથવા **दुस्** આવી શત્રુ વાચક શબ્દ થતો હોય તો **हृद्** થાય છે. જેમકે **सुहृत्**=મિત્ર **सुहृदयः**=સારા હૃદયવાળો।

**२६. आ** કારાંત સ્ત્રીલિંગના શબ્દનો **आ** હ્રસ્વ થાય છે.

**२७. उरस्, सर्पिस्, उपानह्, दधि, मधु, शालि, शाली, पुंस्, अनडुह्, पयस्, नौ** ને **लक्ष्मी** એકવચનમાં વપરાય ત્યારે એઓને **क** ઉમેરાય છે, ને એઓ માંહેલા છેલ્લા પાંચને તેઓ દ્વિવચન અથવા બહુવચનમાં વપરાય ત્યારે વિકલ્પે ઉમેરાય છે. જેમકે **व्यूढं उरः यस्य ( सः )=व्यूढोरस्कः। एकः पुमान् यस्य ( स )=एकपुंस्कः। द्वौ पुंसौ यस्य (सः)=द्विपुमान्** અથવા **द्विपुंस्कः।**

**२८. ऋ** કારાંત નામને **क** લાગે છે. જેમકે **ईश्वरकर्तृकं ( जगत् )।**

**२९. अर्थ**ને એની પૂર્વે **अन्** હોયતો જરૂર નીકર વિકલ્પે **क** ઉમેરાય છે. જેમકે **अनर्थकः, अपार्थम्** ને **अपार्थकम्।**

**३०. इन्** અંતવાળા તથા વિભકિતઓના પ્રત્યયોની પૂર્વે **इय्** ને **उव्** ન થનારા **ई** ને **ऊ** ના અંતવાળા સ્ત્રીલિંગના શબ્દને તથા **स्त्री** શબ્દને **क** જરૂર ઉમેરાય છે. જેમકે **बहुदण्डिका (नगरी)। बहुनदीको ( देशः )। बहुस्त्रीकः। रुपवतीवधूकः। सुधीः**

૩૧. કંઈ પણ ફેરફાર ન થતા શબ્દને **क** વિકલ્પે લાગે છે. જેમકે **महायशस्कः** અથવા **महायशाः ।**

અપવાદ

**क.** જો આખો સામાસિક શબ્દ વિશેષ નામ વાચક થતો હોય અથવા **ईयस्** ના અંત વાળો હોય તો તેમાંના છેલ્લા પદને **क** ઉમેરાતો નથી. જેમકે **बहुश्रेयसी ।**

**ख.** **भ्रातृ** ની પૂર્વે વખાણ વાચક શબ્દ હોય તો **भ्रातृ** ને **क** ઉમેરાતો નથી જેમકે **प्रशस्तभ्राता ।** પણ **मूर्खभ्रातृकः ।**

**ग.** **नाडी** અને **तन्त्री** ને એઓ કોઈ પણ પ્રાણિના શરીરના ભાગવાચક અર્થમાં વપરાયા હોય તો **क** ઉમેરાતો નથી જેમકે **बहुनाडिः ( कायः ) । बहुतन्त्रीः (ग्रीवा) ।** પણ **बहुनाडीकः ( स्तम्भः ) ; बहुतन्त्रीका ( वीणा ) ।**

**घ.** **निष्प्रवाणि** ને **क** ઉમેરાતો નથી.

**ङ.** ઉપર વ્યાખ્યામાં બતાવેલી ખ. ગ. ઘ. છ. ને જ. ની કલમ પ્રમાણે થયલા શબ્દોને **क** ઉમેરાતો નથી. જેમકે **सपुत्रः । उपबहवः । दक्षिणपूर्वा ।**

૩૨. જો **क** ની પૂર્વે **आ** હોય તો વિકલ્પે હ્રસ્વ થાય છે. જેમકે **बहुमालाकः** અથવા **बहु मालकः ।**

૩૩. અવ્યય, સંખ્યાવાચક શબ્દ, **आसन्न, अदूर** કે **अधिक** અને સંખ્યાવાચક શબ્દો જ્યારે જોડાય છે ત્યારે સ્વરાંત શબ્દોમાં **बहु** ને **गण** શિવાયનાનો અંત્ય સ્વર અને વ્યંજનાંત શબ્દોનો અંત્ય વ્યંજન અને ઉપાંત્ય સ્વર અને **विंशति** નો **अति** ઉડી જાય છે અને **अ** ઉમેરાય છે. જેમકે **द्वौ वा त्रयो वा=द्वित्राः । विंशतेः आसन्नाः= आसन्नविंशाः । त्रिंशतः अदूराः=अदूरत्रिंशाः । बहूनां समीपे ये ( ते )=उपबहवः । गणानां समीपे ये ( ते )=उपगणाः ।**

અપવાદ–**उप** કે **त्रि+चतुर्**માં કેવળ **अ** ઉમેરાય છે. જેમકે **त्रयो वा चत्वारो वा= त्रिचतुराः । चतुर्णां समीपे ये ( ते )=उपचतुराः ।**

૩૪. **अ, वि** કે **सु+चतुर्** ને **अ** ઉમેરાય છે. જેમકે **अचतुर ।**

૪. સામાસિક શબ્દનું લિંગ તથા વચન—આ સમાસથી થતા શબ્દો વિશેષણ થાય છે તેથી તેનું લિંગ તથા વચન તેઓના લિંગ તથા વચન પ્રમાણે થાય છે, પણ પુનરૂક્તિથી થયલા **केशाकेशि** જેવા શબ્દોને અવ્યય જાણવા.

૫. અનિયમિત.

| | |
|---|---|
| **शोभनं प्रातः यस्मिन् ( तत् )=सुप्रातः** | **चत्वारः अस्रयः यस्य ( सः )=चतुरस्रः** |
| **शोभनः अश्वः यस्य ( सः )=सुश्वः** | **एणीवपादौ यस्य ( सः )=एणीपदः** |
| **शोभनं दिवसं यस्मिन्( सः )=सुदिवः** | **अज इव पादौयस्य ( सः )=अजपदः** |
| **शारिरिव कुक्षिः यस्य( सः )=शारिकुक्षः** | **प्रोष्ठ इव पादौ यस्य ( सः )=प्रोष्ठपदः** |

**गड्वादि** સમૂહ ( આ ૮મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે ) ના શબ્દો.

**वाहिताग्नि** સમૂહ ( ,, ,, ,, ,, ) ,,

---

## ભાગ ૪ થા

### તત્પુરૂષ સમાસ

આ સમાસની–( ૧ ) વિભક્તિ તત્પુરૂષ, ( ૨ ) અલુક તત્પુરૂષ, ( ૩ ) કર્મધારય તત્પુરૂષ, ( ૪ ) દ્વિગુ તત્પુરૂષ. ( ૫ ) પ્રાદિ તત્પુરૂષ ( ૬ ) નઞ તત્પુરૂષ ( ૭ ) ગતિ તત્પુરૂષ ને ( ૮ ) ઉપપદ તત્પુરૂષ એ પ્રમાણે–૮ જાતો છે તે વિષે નીચે મુજબ :—

## ૧. વિભક્તિ તત્પુરૂષ.

૧. વ્યાખ્યા–જ્યારે બીજીથી સાતમી વિભક્તિમાંની કોઈપણ વિભક્તિનું નામ અથવા સર્વનામ, કેટલાક નામ, વિશેષણ, સર્વનામ, પ્રત્યય કે કૃદંત અવ્યય શિવાયના અવ્યય જોડે વપરાયું હોય ત્યારે તેઓની વિભક્તિઓ કહાડી નાંખી (એ વિભક્તિઓ કેટલેક ઠેકાણે કાયમ પણ રહેછે ને જ્યારે કાયમ રહે છે ત્યારે અલુક તત્પુરૂષ કહેવાય છે તે સુગમતાને અર્થે આગળ જુદોજ લખ્યો છે.), સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવેછે ત્યારે આ સમાસ થયો કહેવાય છે, ને જે વિભક્તિ નું વપરાયું હોય તે વિભક્તિતત્પુરૂષના નામથી ઓળખાય છે, જેમકે

| | | | |
|---|---|---|---|
| **कृष्णं श्रितः = कृष्णश्रितः** | એ | દ્વિતીયા | તત્પુરૂષ સમાસ થયો કહેવાય છે. |
| **धान्येन अर्थः = धान्यार्थः** | ,, | તૃતીયા | ,, ,, |
| **यूपाय दारु = यूपदारु** | ,, | ચતુર્થી | ,, ,, |
| **अर्थात् अपेतः = अर्थापेतः** | ,, | પંચમી | ,, ,, |
| **कृष्णस्य भक्तः = कृष्णभक्तः** | ,, | ષષ્ઠી | ,, ,, |
| **विद्यायां निपुणः= विद्यानिपुणः** | ,, | સપ્તમી | ,, ,, |

૨. ઉપર લખેલી વિભક્તિઓના કયા શબ્દો કોનીસાથે જોડાય છે તે તથા તેઓના જોડાવવામાં આવતો શબ્દોનો ક્રમ.

ક. દ્વિતીયા વિભક્તિનું નામ.

૧. **श्रित, अतीत, पतित, गत, अत्यस्त, गमी, बुभुक्षु, प्राप्त, आपन्न,** વગેરે સાથે જોડાય છે, ને સામાસિક શબ્દોમાં પહેલા સાત પહેલાં અને છેલ્લા બે પેહેલાં અથવા પાછળ આવેછે. જેમકે **कृष्णं श्रितः= कृष्णश्रितः। जीविकां प्राप्तः= जीविकाप्राप्तः** અથવા **प्राप्तजीविकः।**

૨. ક્રિયા અથવા સ્થિતિની મર્યાદા બતાવનાર હોય તો તે ક્રિયા અથવા સ્થિતિવાચક શબ્દ જોડે જોડાયછે, ને સમાસમાં પહેલો આવેછે. જેમકે **संवत्सरं सुखं = संवत्सरसुखम्।**

૩. **खट्वा** હોય તો તે કર્મણિ ભૂત કૃદન્તના વિશેષણની પૂર્વે આવી જોડાય છે, ને નિંદાવાચક અથવા ધિક્કારવાચક શબ્દ થાય છે. જેમકે **खट्वां आरूढः=खट्वारूढः**(=લુચ્ચો)।

ખ. તૃતીયા વિભક્તિનું નામ.

૧. તે નામથી થતા અર્થની અસર બતાવનાર શબ્દની પૂર્વે આવી જોડાય છે. જેમકે **शंकुलया खण्डः =शंकुलाखण्डः।**

૨. કર્તા અથવા કરણવાચક હોય તો ક્રિયાવાચક શબ્દની પૂર્વેઆવી જોડાય છે. જેમકે **नखैः भिन्नः = नखभिन्नः।**

૩. **अर्थ, कलह, निपुण मिश्र, श्लक्ष्ण, अपर, पूर्व, सदृश, सम, ऊन** અને **ऊन** ના અર્થ વાળા શબ્દની પૂર્વે આવી જોડાય છે. જેમકે **धान्येन अर्थः=धान्यार्थः। वाचा कलहः=वाक्कलहः। मासेन पूर्वः=मासपूर्वः।**

૪. ખાવાની ચીજ, રાંધવાના મસાલાવાચક અથવા ખાવાની ચીજ મળેલી હોય તે વાચક હોય તો તે, ખાવાની ચીજવાચક શબ્દની પૂર્વે આવી જોડાય છે. જેમકે

**दध्ना ओदनः=दध्योदनः**=દહિં સાથે મળેલો ભાત। **गुडेन धानाः = गुडधानाः**= ગોળ સાથે મળેલી ધાણી.

ગ. ચતુર્થી વિભક્તિનું નામ

૧. તે શબ્દનો પદાર્થ જેનો બનેલો હોય તે વાચક શબ્દની પૂર્વે આવી જોડાય છે. જેમકે **यूपाय दारु=यूपदारु**

૨. **बलि, हित, सुख** ને **रक्षित**ની પૂર્વે આવી જોડાય છે. જેમકે **भूतेभ्यो बलिः= भूतबलिः।**

૩. **अर्थ** જોડે જોડાય છે. જેમકે **द्विजाय अर्थः=द्विजार्थः।**

ઘ. પંચમી વિભક્તિનું નામ

૧. ભયવાચક શબ્દ અથવા **भय, भीत, भीति** કે **भी** ની પૂર્વે આવી જોડાય છે. જેમકે **चौरात् भयम् =चौरभयम्।**

૨. કેટલીક વખતે **अपेत, अपोढ, मुक्त, पतित,** ને **अपत्रस्त**ની પૂર્વે આવી જોડાય છે. જેમકે **सुखात् अपेतः=सुखापेतः।**

ङ. ષષ્ઠી વિભક્તિનું નામ

૧. કોઈ પણ નામ સાથે જોડાય છે જેમકે **राज्ञः पुरुषः=राजपुरुषः।**

અપવાદ

क. **तृ** અને **अक** પ્રત્યયોથી થતા **होतृ, भर्तृ, याजक, पूजक, परिचारक, परिवेषक, स्नापक, अध्यापक,** ને **उत्सादक** શિવાયના ક્રિયાવાચક શબ્દ કર્તાના અર્થમાં હોય તો, તે સાથે જોડાતું નથી. જેમકે **भूभर्ता। देवपूजकः। इक्षुभक्षिका** કેમકે એમાં **अक** કર્તાવાચક નથી। **अपां स्रष्टा**નું **अप्स्रष्टा** નહીં થાય। **वज्रस्य भर्ता**નું **वज्रभर्ता** નહીં થાય।

ख. જો એવી રીતે વપરાયું હોય કે તેમાંથી એક પસંદ કરી કહાડવાનો હોય તો તે પસંદ કરી કહાડવાના શબ્દ સાથે જોડાતું નથી. જેમકે **नृणां द्विजः ( श्रेष्ठः )** એમાં **नृणां** ને **द्विजः** નો સમાસ નહીં થાય.

ग. સંતોષવાચક શબ્દો, માન પામેલા અથવા પસંદ પડેલાના અર્થના અથવા જગ્યા બતાવનાર વર્તમાન તથા ભૂતકૃદંત વિશેષણો, કૃદંત અવ્યયો અને **तव्य** અંતવાળા કૃદંતનામો સાથે જોડાતું નથી. જેમકે **सतां षष्ठः, सतां मतः, राज्ञां पूजितः, ( इदम् ) एषां आसितं भुक्तं गतं वा, ब्राह्मणस्य कृत्वा, नरस्य कर्तव्यम्,** ને એવાઓનો સમાસ થતો નથી. કોઇક **तव्य** અંતવાળા જોડે જોડાય છે. જેમકે **स्वस्य कर्तव्यम् = स्वकर्तव्यम्**

घ. ગુણવાચક વિશેષણના થયલા નામ જોડે કેટલીક વખતે જોડાય છે ને કેટલીક વખત નથી જોડાતું. જેમકે **काकस्य कार्ष्ण्यं**નો સમાસ થતો નથી. પણ **बुद्धेः मान्द्यं** નું **बुद्धिमान्द्यं** થાય છે.

ङ. **तर** ના અંતવાળા વિશેષણ નિશ્ચયાર્થે વપરાતા હોય તો તેની સાથે જરૂર જોડાય છે. જેમકે **सर्वेषां महत्तरः= सर्वमहान्**

च. **द्वितीय, तृतीय, चतुर्थ,** ને **तुर्य** શિવાયના સંખ્યાપુરક શબ્દ સાથે જોડાતું નથી ને એઓ સાથે જોડાય છે ત્યારે એઓ જે શબ્દ સાથે જોડાય તેના ભાગના અર્થ

વાળા હોવા જોઈએ ને તેમ હોય ને જોડાય ત્યારે વિકલ્પે પહેલા અથવા બીજા મુકાય છે. જેમકે **भिक्षायाः द्वितीयं**=બીજી ભીખ. ને **भिक्षायाः द्वितीयं=द्वितीय भिक्षा** અથવા **भिक्षाद्वितीयं**= ભીખનો બીજોભાગ.

**छ.** જો વાક્યમાં કર્મના સંબંધમાં આવ્યું હોય ને વાક્યનો કર્તા **अ** આદિ કૃતાદિ પ્રત્યયથી થયેલો હોય તો કોઈ સાથે જોડાતું નથી. જેમકે (**आश्चर्यो**) **गवां दोहः** (**अगोपेन**)=ગોવાળીઆ શિવાય કોઇનું ગાયનું દોહવું એ આશ્ચર્ય છે.

૨. આખા ભાગવાચક એક વચનનું હોય તો **पूर्व, अपर, अधर, उत्तर,** અને નપુંસક લિંગના **अर्ध** જોડે જોડાય છે ને **पूर्व** વગેરે પહેલા મુકાય છે. જેમકે **कायस्य पूर्व=पूर्वकायः। अर्धं पिप्पल्याः=अर्धपिप्पलीः।** પણ **अर्धः ग्रामस्य=ग्रामार्धः** કેમકે **अर्ध** અહીંઆ પુલ્લિંગનો છે. । **छात्राणां पूर्वः=छात्राणां पूर्वः** કેમકે **छात्राणां** બહુવચન છે.

૩. વખતની મર્યાદા બતાવનાર હોય તો તેના ભાગ બતાવનાર શબ્દ સાથે જોડાય છે ને તે ભાગ બતાવનાર શબ્દ પહેલો મુકાય છે. જેમકે **मध्यं अह्नः=मध्याह्नः।**

ચ. સપ્તમી વિભક્તિનું નામ

૧. **शौण्ड, धूर्त, प्रवीण, अन्तर, अधि, पटु, पण्डित, कुशल, चपल, निपुण, सिद्ध, शुष्क, पक्व, बन्ध, कितव**=લુચ્ચો, **संवीत**=શણગારેલું, તથા કાગડા વાચક શબ્દો જોડે જોડાય છે, ને કાગડા વાચક શબ્દો જોડે જોડાય ત્યારે નિંદાવાચક થાય છે. જેમકે **आतपशुष्कः। नगरकाकः। तीर्थे ध्वांक्षःइव=तीर्थध्वांक्षः**=લોભી. ।

૨. દિવસ અથવા રાત્રિના ભાગવાચક હોય તો ભૂતકૃદંતના વિશેષણ સાથે જોડાય છે. જેમકે **पूर्वाह्णे कृतम्=पूर्वाह्णकृतम्।** પણ **अह्नि दृष्टम्** નો સમાસ થતો નથી.

છ. અમુક વિભક્તિના શબ્દો સાથેજ આવનાર જે અમુક પ્રત્યયો હોય તે કોઇ જોડે જોડાતા નથી. જેમકે **वृक्षं प्रति** નો સમાસ થતો નથી.

અપવાદ—**अधि** જે સપ્તમી વિભક્તિના શબ્દ સાથે વપરાય છે તે શબ્દ સાથે જોડાય છે. જેમકે **ईश्वरे अधि=ईश्वराधीनः।**

૩. સમાસ થતા શબ્દોમાં થતા ફેરફાર—પહેલા પદના અંતમાં વિશેષ ફેરફાર થતા નથી અને છેલ્લા પદના અંતમાં નીચે મુજબ થાય છે.

ક. નીચેના શબ્દોમાં સ્વરાંત નો અંત્યસ્વર ને વ્યંજનાંત નો અંત્ય વ્યંજન ને ઉપાંત્ય સ્વર ઉડી જાય છે ને **अ** ઉમેરાય છે.

૧. **रात्रि**—જો એની પૂર્વે **पूर्व, अपर,** જેવા આખાનો ભાગ બતાવનાર શબ્દ હોય અથવા **सर्व, संख्यात,** કે **पुण्य** હોય તો—જેમકે **पूर्वं रात्रेः=पूर्वरात्रः।**

૨. **राजन्** ને **सखि**—જો એની પૂર્વે કોઇ પણ શબ્દ હોય તો—જેમકે **मद्राणां राजा=मद्रराजः।**

૩. **सक्थि**—જો એની પૂર્વે **उत्तर, पूर्व, मृग** હોય તો—જેમકે **मृगस्य सक्थम्=मृगसक्थम्।**

ખ. નીચેના શબ્દોનો અંત્યાક્ષર ઉડી જાય છે.

૧. **तक्षन्**—જો એની પૂર્વે **ग्राम** કે **कौट** હોય તો—જેમકે **ग्रामस्य तक्षा=ग्रामतक्षः।**

૨. **ब्रह्मन्**—જો એની પૂર્વે કોઇ એવો શબ્દ આવતો હોય કે આખા સામાસિક શબ્દનો અર્થ કોઈ આખા દેશનો ગોર થતો હોય તો—જેમકે **सौराष्ट्रब्रह्म।**

३. **श्वन्**–જો એની પૂર્વે **गोष्ठ** આવે તો–જેમકે **गोष्ठश्व** ।

४. **तर** અંતવાળા ગુણવાચક વિશેષણો–એઓનો **तर** ઉડી જાય છે. જેમકે **सर्वेषां महत्तरः=सर्वमहान्.**

ગ. નીચેના શબ્દોને **अ** ઉમેરાયછે.

१. **अनस्**, **अश्मन्**, **अयस्** ને **सरस्**–એઓ વર્ગવાચક હોય અથવા એઓનાથી થતો સામાસિક શબ્દ નામવાચક થતો હોય તો–જેમકે **मण्डुकसरसम्** ।

२. **आयुष्**–જો એની પૂર્વે **पुरुष** આવેતો–જેમકે **पुरुषायुष** ।

ઘ. **अहन्** નીપૂર્વે **सर्व** અથવા આખાનો ભાગ બતાવનાર શબ્દ હોય તો **अहन्** નું **अह्न** થાય છે; **संख्यात** હોય તો **अह्न** અથવા **अह्न** થાય છે, ને એઓ શિવાયનો કોઈ હોય તો **अह्न** થાય છે. વળી **अह्न** ની પૂર્વે **र्** વાળો **अ** કારાંત શબ્દ હોય તો **अह्न** ના **न** નો **ण** થાય છે. જેમકે **पूर्वाह्णः** । **संख्याताह्नः** અથવા **संख्याताह्नः** ।

ઙ. સપ્તમી વિભકિતનું નામ **अधि** જોડે જોડાય છે ત્યારે **अधि** નું **अधीन** થાય છે જેમકે **ईश्वरे अधि=ईश्वराधीन** ।

૪. **સામાસિક શબ્દનું લિંગ તથા વચન**—છેલ્લા શબ્દનું લિંગ તે આખા સામાસિક શબ્દનુ લિંગ થાય છે.

અપવાદ.

ક. **प्राप्त**, **आपन्न** પહેલા હોય એવા સામાસિક શબ્દનું લિંગ તેઓ જે શબ્દનો ગુણ બતાવવા વપરાય તેના લિંગ પ્રમાણે થાય છે. જેમકે **जीविकां प्राप्तः=प्राप्तजीविकः** ( **प्राप्तजीविको नरः** ને **प्राप्तजीविका स्त्री** ) ।

ખ. **रात्रि**, **अह्न** ને **अह्न** અંતમાં હોય એવા શબ્દો પુલ્લિંગના ગણાય છે. જેમકે **पूर्वरात्रः** ।

ગ. **उपज्ञा** કે **उपक्रम** અંતમાં હોય ને સામાસિક શબ્દમાં પ્રાથમ્યનો ભાવાર્થ હોય તો તે નપુંસકલિંગનો થાય છે. જેમકે **पाणिनेः उपज्ञा=पाणिन्युपज्ञं (ग्रंथः)** । **नन्दस्य उपक्रमः =नन्दोपक्रमं (द्रोणः)** ।

ઘ. **छाया** અંતમાં હોય ને છાયા નાંખનારા પદાર્થો ઘણા હોય તો તે પદાર્થોવાચક શબ્દ તથા **छाया** શબ્દથી થતો સામાસિક શબ્દ નપુંસકલિગનો થાય છે. જેમકે **इक्षूणां छाया=इक्षुच्छाया** ।

ઙ. **सभा**ની પૂર્વે **राजन्** ના અર્થવાળો ( **राजन्** નહીં ) અથવા **रक्षस्** અથવા **पिशाच** હોય તો તે સામાસિક શબ્દ નપુંસકલિંગનો થાય છે. જેમકે **इनसभम्** । **ईश्वरसभम्** । વળી જ્યારે **सभा** સમૂહના અર્થમાં વપરાયો હોય ત્યારે તેની પૂર્વે ગમે તે શબ્દ હોય તો તે સામાસિક શબ્દ નપુંસકલિંગનો થાય છે. જેમકે **स्त्रीसभम्** ।

ચ. **सेना**, **सुरा**, **छाया**, **शाला**, કે **निशा**ના અંતવાળા શબ્દો સ્રીલિંગ અથવા નપુંસકલિંગના થાય છે. જેમકે **ब्राह्मणसेना** અથવા **ब्राह्मणसेनम्** ।

છ. પ્રાતિપદિક+ **अर्थ**થી થતા સામાસિક શબ્દોનું લિંગ જે શબ્દો જોડે વપરાય તેના લિંગ જેવું થાય છે.

આ કલમ ( છેલ્લા બે અપવાદ શિવાય) તત્પુરૂષની દરેક જાતમાં યથાવકાશ લાગુ પડે છે.

૫. અનિયમિત–છઠ્ઠી વિભકિતનું નામ બનાવ બતાવનાર હોય તો તે બનાવ બની ગયલા વખત સાથે બહુવ્રીહિ સમાસના શબ્દના અર્થમાં જોડાય છે. જેમકે **मासो जातस्य (यस्य असौ)= मासजातः** ।

## ૨. અલુક તત્પુરૂષ.

વ્યાખ્યા–ત્રિજી, ચોથી, પાચમી, છઠ્ઠી, ને સાતમી વિભક્તિના પ્રત્યયો કેટલાક વિભક્તિ તત્પુરૂષના સામાસિક શબ્દોમાં કાયમ રહે છે, ને કાયમ રહે છે ત્યારે અલુક તત્પુરૂષ સમાસ થયો કહેવાયછે; ને જે વિભક્તિ કાયમ રહે છે તે વિભક્તિનો અલુક તત્પુરૂષ સમાસ કહેવાય છે. જેમકે **अञ्जसाकृतं, परस्मैपदं, दूरादागतः, वाचस्पतिः**, ને **युधिष्ठिरः**–એઓ અનુક્રમે ત્રિજી, ચોથી પાંચમી, છઠી ને સાતમી વિભક્તિના અલુક તત્પુરૂષ સમાસના શબ્દો થાય છે. એ વિભક્તિઓ કેટલાક સામાસિક શબ્દોમાં કાયમ રહે છે એમ ઉપર લખ્યું છે તે કઇ વિભક્તિ કયા શબ્દોમાં કાયમ રહે છે તે દરેક સમાસ પરત્વે નીચે મુજબ છે,

૧. અલુક તૃતીયા તત્પુરૂષઃ—તૃતીયા નીચેના શબ્દોમાં કાયમ રહે છે.

ક. **अञ्जसाकृतम् । ओजसाकृतम् । पुंसानुजः । जनुषान्धः ।** અને વિશેષનામ તરીકે વપરાતા **मनसागुप्ता** ને **मनसाज्ञायी ।**

ખ. **आत्मना** + સંખ્યા પુરક શબ્દ–જેમકે **आत्मनापञ्चमः ।**

૨. અલુક ચતુર્થી તત્પુરૂષઃ–ચતુર્થી નીચેના વ્યાકરણના સંબંધના શબ્દોમાં કાયમ રહે છે. **परस्मैपदम् । परस्मैभाषा । आत्मनेपदम् । आत्मनेभाषा ।**

૩. અલુક પંચમી તત્પુરૂષઃ–પંચમી નીચેના શબ્દોમાં કાયમ રહે છેઃ—
**स्तोक**(=થોડું), **अन्तिक** (=પાસે) ને **दूर** ને એ અર્થવાળા તથા **कृच्छ्र** (=અડચણ)—એ શબ્દો પાંચમી વિભક્તિમાં રહી બીજા જોડે જોડાય ત્યારે તેઓની વિભક્તિ કાયમ રહેછે. જેમકે **कृच्छ्रादागतः । स्तोकान्मुक्तः । अल्पान्मुक्तः । अन्तिकादागतः । अभ्याशादागतः । दूरादागतः । विप्रकृष्टादागतः ।**

૪. અલુક ષષ્ઠિ તત્પુરૂષઃ–છઠ્ઠી નીચેના શબ્દોમાં કાયમ રહે છેઃ—

ક. **वाचोयुक्तिः** = ચતુરાઇ ભરેલું ભાષણ। **दिशोदण्डः**=તારાઓનો એકજાતનો દેખાવ **पश्यतोहरः** = સોની અથવા લુચ્ચો । **दिवोदासः** = કાશીના રાજાનું નામ । **दिवस्पतिः** =ઇન્દ્ર । **वाचस्पतिः** = ગુરૂ । **शुनःशेपः** = અજીગર્તના છોકરાનું નામ। **शुनःपुच्छः**= અજીગર્તના છોકરાનું નામ। **शुनोलाङ्गुलः**=અજીગર્તના છોકરાનું નામ । **आमुष्यायण**=પ્રખ્યાત કુળમાં જન્મેલો। **अमुष्यपुत्रः**:=પ્રખ્યાત માણસનો પુત્ર। **अमुष्यकुलः**= પ્રખ્યાત કુળમાં જન્મેલો । **देवानांप्रियः**= મૂર્ખ.

ખ. જે સામાસિક શબ્દ નિંદાવાચક અર્થમાં વાપરવો હોય તેમાં આવેલી છઠ્ઠી વિભક્તિ કાયમ રહે છે. જેમકે **चौरस्यकुलम् ।** પણ **ब्राह्मणकुलम् ।**

ગ. કોઈ નિંદાવાચક શબ્દની પછી **पुत्र** આવે તો તે શબ્દને લાગેલી છઠ્ઠી વિભક્તિ વિકલ્પે કાયમ રહે છે. જેમકે **दास्याःपुत्रः** અથવા **दासीपुत्रः ।**

ઘ. **ऋ** કારાંત શબ્દની પછી લોહીનું સગપણ અથવા કોઈ જાતની વિદ્યાવાચક શબ્દ હોય તો **ऋ** કારાંત શબ્દને લાગેલી ષષ્ઠી વિભક્તિ કાયમ રહે છે, પણ જો તે શબ્દ પછી **स्वसृ** અથવા **पति** આવે તો વિકલ્પે કાયમ રહે છે. વળી **स्वसृ**ની પૂર્વે **मातृ** અથવા **पितृ** હોય તો **स्वसृ**ના આદિ **स्** ને **ष्** અલુક સમાસ થતો હોય ત્યારે વિકલ્પે નીકર જરૂર થાય છે. જેમકે **होतुःपुत्रः । होतुरन्तेवासी । मातुःस्वसा, मातुःष्वसा** ને **मातृष्वसा ।**

૫. અલુક સપ્તમી તત્પુરૂષઃ–સપ્તમી નીચેના શબ્દોમાં કાયમ રહે છેઃ—

ક. **गविष्ठिरः। युधिष्ठिरः।**

ખ. સપ્તમી વિભક્તિનું નામ **अ** કારાંત નામ જોડે આવી થતો એક નામ વાચક શબ્દ, જેમકે **अरण्येतिलकः। वनेकसेरुकाः। त्वचिसारः।**

ગ. સપ્તમી વિભક્તિનું નામ+ભૂત કૃદંતથી થતો શબ્દ–જો ઠપકાવાચક વાપરવો હોય તો–જેમકે **अवतप्तेनकुलस्थितं ( तवैतत् )**=તપ્ત ભૂમિમાં નોળીઆના રહેવા જેવું ( આ તારૂ રહેવું છે ).

ઘ. સપ્તમી વિભક્તિનું નામ+**इन्** અંતવાળા શિવાયના કૃતાદિ પ્રાતિપદિકથી, અને **सिद्ध बद्ध** અને **स्थ** શિવાયના શબ્દથી થતો શબ્દ–જો એક નામ વાચક થતો હોય તો–જેમકે **स्तम्बेरमः**=હાથી। **कर्णेजपः**=જાસુસ। **खेचरः**=પક્ષી। **पंकेरुहं**=કમળ। **कुशेशयम्**=કમળ। **जलेशयः**=વિષ્ણુ।

અપવાદ–**कुरुचर। स्थाण्डिलशायी। सांकाश्यसिद्धः। चक्रबद्धः। समस्थः। सरोज** (અથવા **सरसिज**)।

ઙ. **प्रावृट्, शरद्, काल** કે **दिव** નો સપ્તમીનો શબ્દ+**ज** થી થતો શબ્દ–જો નામવાચક ન થતો હોય તો–જેમકે **प्रावृषिज**।

ચ. સપ્તમીના કોઈ શબ્દ પછી વ્યંજનાદિ "કર" વાચક શબ્દ આવી થતો શબ્દ–જો પૂર્વે દેશની રીત બતાવનારો હોય તો–જેમકે **मुकुटेकार्षापणं।**

છ. સપ્તમીમાં વપરાયલા **मध्य** અને **अंत** પછી **गुरु** આવી થતો શબ્દ—જેમકે **मध्येगुरुः।**

જ. સપ્તમીમાં વપરાયલા **मस्तक** અને **मूर्धन्** શિવાયના અંગવાચક શબ્દ + **काम** શિવાયનું કોઈ પણ નામથી થતો શબ્દ–જેમકે **उरसिलोमः। कण्ठेकालः।**

ઝ. **वर्ष, क्षर, शर** કે **वर** નો સપ્તમીનો શબ્દ+**ज** થી થતો શબ્દ–જો નામવાચક ન થતો હોય તો–એમાં વિભક્તિ વિકલ્પે કાયમ રહે છે–જેમકે **वर्षेजः** ને **वर्षजः।**

ઞ. સપ્તમીનું નામ **अ** કારાંત કે વ્યંજનાંત હોય ને વખત બતાવનાર ન હોય તો તે+**शय, वास, वासिन्**, કે **बन्ध**થી થતો શબ્દ–એમાં વિભક્તિ વિકલ્પે કાયમ રહે છે—જેમકે **खेशयः** ને **खशयः। ग्रामेवासः** ને **ग्रामवासः। हस्तेबन्धः** ને **हस्तबन्धः।** પણ **भूमिशयः। गुप्तिबन्धः।**

### ૩. કર્મધારય તત્પુરૂષ.

૧. વ્યાખ્યા—પ્રથમા વિભક્તિમાં રહેલા બે શબ્દો **इव, एव, आदौ, पश्चात्** અથવા **तद् च तद्** ના સંબંધમા વપરાયા હોય તો તેઓની વિભક્તિઓ કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે, ને જ્યારે એમ કરવામાં આવે છે ત્યારે આસમાસ થયો કહેવાય છે, ને કયા શબ્દો કોની જોડે કોના સંબંધથી વપરાયલા જોઇએ તે વિષે નીચે મુજબઃ—

ક. ઉપમાન **इव** ના સંબંધથી તેના ગુણવાચક અથવા ઉપમાના કારણ વાચક શબ્દ સાથે વપરાયો હોય તો—જેમકે **घन इव श्यामः=घनश्यामः।**

ખ. ઉપમેય **इव** કે **एव** ના સંબંધથી તેને જેની ઉપમા અપાતી હોય એવા શબ્દ સાથે વપરાયો હોય તો—જેમકે **मुखं कमलमिव=मुखकमलं। मुखमेव कमलं= मुखकमलं पुरुषः व्याघ्रःइव=पुरुषव्याघ्रः।**

ગ. ક્રિયાવાચક વિશેષણ **आदौ पश्चात्** ના સંબંધથી તેવાજ વિશેષણ સાથે વપરાયું હોય તો—જેમકે **आदौ स्नातः पश्चादनुलिप्तः=स्नातानुलिप्तः।**
અપવાદ—ભૂત કૃદંતના વિશેષણો નકારવાચક તેવા જોડે જોડાય છે. બીજા તેવા જોડે જોડાતા નથી. જેમકે **कृताकृतम्।**

ઘ. ઉપર લખેલા શિવાયના કેટલાક પ્રાતિપદિક **तद् च तद्** ના સંબંધથી કેટલાક નામ અથવા સર્વનામ જોડે વપરાયા હોય તો—જેમકે **कृष्णश्चासौ सर्पश्च = कृष्णसर्पः। कठश्चासौ श्रोत्रियश्च=कठश्रोत्रियः। एकश्चासौ वीरश्च=एकवीरः** ને **वीरैकः। एकश्चासौ नाथश्च=एकनाथः। नागश्चासौ पुरुषश्च=पुरुषनागः। रक्ता चासौ लताच=रक्तलता। नीलं च तदुत्पलं च=नीलोत्पलं।**
અપવાદ

૧. **कतर** ને **कतम** પ્રશ્નવાચક હોય તોજ કોઇ જાતિવાચક નામ જોડે જોડાય છે. જેમકે **कतरकलापः**=કલાપ શાખાનો કયો બ્રાહ્મણ। પણ **कतरः पुत्रः**= કયો છોકરો.

૨. **सत्, महत्, परम,** ને **उत्कृष्ट** એઓ વખાણ વાચકના અર્થમાં હોય તોજ નામ સાથે જોડાય છે. જેમકે **महावैयाकरणः।**

૩. **ईषत्** કૃતાદિ પ્રાતિપદિક શિવાયના શબ્દ સાથે જોડાય છે ને કૃતાદિ પ્રાતિપદિક સાથે જો તે ગુણવાચક હોય તો જોડાય છે. જેમકે **ईषच्चासौ पिङ्गलश्च= ईषत्पिङ्गलः। ईषच्चासौ रक्तश्च=ईषद्रक्तः।**

૪. **तव्य, अनीय, य** ને **तुल्य** ના અંતવાળા અને એઓના અર્થવાળા શબ્દો કોઇ પણ પ્રાતિપદિક જેનો અર્થ અમુક જાતિવાચક ન હોય તેની સાથે જોડાય છે. જેમકે **उष्णं च तद्भोज्यं च=भोज्योष्णं।** પણ **भोज्यश्चासावोदनश्च** નું **भोज्यौदनः** નહીં થાય કેમકે **ओदन** જાતિવાચક છે.

૫. દિશાવાચક તથા સંખ્યા વાચક શબ્દો, કોઇ પણ પ્રાતિપદિક જોડે, જો આખા શબ્દનો અર્થ ઉપનામ જેવો થતો હોય તો, જોડાય છે. જેમકે **सप्तर्षयः।** પણ **षट्+मातरः** જોડાય નહીં કેમકે ઉપનામ વાચક શબ્દ થાય તેમ નથી.

૬. દિશાવાચક તથા સંખ્યાવાચક શબ્દો નામ જોડે જો આખા શબ્દનો અર્થ ઉપનામ જેવો ન થતો હોય તો પણ નીચેની હકીગતમાં જોડાય છે.

**क.** તદ્ધિતનો પ્રત્યય લગાડવો હોય તો, જેમકે **षट्+मातरः+अ=षाण्मातुरः। पूर्व+शाला+अ=पौर्वशालः।**

**ख.** વિશેષનામ થતું હોય તો, જેમકે **पूर्व+इषुकामशमी=पूर्वेषुकामशमी** એ ગામનું નામ છે.

**ग.** કોઇ ત્રિજા શબ્દ સાથે જોડાતા હોય તો, જેમકે **पूर्व+शाला+प्रिय=पूर्वशालाप्रियः।**

૨. સમાસમાં આવતો શબ્દોનો ક્રમઃ—

ક. નામ જ્યારે વિશેષણ અથવા વિશેષણ તરીકે વપરાયલા શબ્દ જોડે જોડાય છે ત્યારે વિશેષણ અથવા વિશેષણ તરીકે વપરાતો શબ્દ પહેલો મુકાય છે, જેમકે **कृष्णश्चासौ**

सर्पश्च=कृष्णसर्पः। नीलंच तदुत्पलंच=नीलोत्पलम्। रक्ता चासौ लताच=रक्तलता।

અપવાદ.

१. જો નામ વર્ગવાચક અને પુલ્લિંગનું હોય તો વિશેષણ અથવા વિશેષણ તરીકે વપરાયલા શબ્દની પૂર્વે મુકાય છે. જેમકે कठश्रोत्रियः=કઠ એવો જે બ્રાહ્મણ। अग्निस्तोकः=થોડો અગ્નિ। कठाध्यापकः=કઠ એવો જે અધ્યાપક। उदश्वित्कतिपयम्। कठप्रवक्ता। कठधूर्तः। गोमतल्लिका। गोमचर्चिका। गोतल्लजः। गोप्रकाण्डम्। गवोद्धः।

२. ધિક્કારાયલા માણસો અથવા ચીજો વાચક અર્થ કરવો હોય તો पाप, अणक, ને कुत्सित શિવાયના વિશેષણ અથવા વિશેષણ તરીકે વપરાયલા શબ્દ નામની પછી મુકાય છે. જેમકે वैयाकरणखसूचिः=નઠારો વૈયાકરણ। मीमांसकदुर्दुरूढः=નાસ્તિક મીમાંસક। પણ पापनापितः= ખરાબ હજામ। किंराजा= નઠારો રાજા।

३. कुमार ને कुमारी નો થયલો कुमार, જો श्रमणा, प्रव्रजिता, कुलटा, भर्मिणी, तापसी, दासी, अध्यापक, पण्डित,पटु, मृदु, कुशल, चपल કે निपुण જોડે જોડાય તો પહેલો મુકાય છે. જેમકે कुमारश्रमणा=કુમારી ભિખારણ। कुमारगर्भिणी=કુમારી ગર્ભવાળી। कुमारमृदु= નાજુક કુંવર। कुमारमृद्वी= નાજુક કુંવરી।

४. कडार, भिक्षुक, कुब्ज, बर्बर, खञ्ज, काण, गौर, वृद्ध, पिंग, पिंगल, तनु, बधिर, खोड (=લંગડો) कुण्ठ (=બુઠ્ઠો, સુસ્ત), खलति (=માથે તાલ પડેલો), ને जठर (=કઠણ), એ શબ્દો પહેલા અથવા બીજા મુકાય છે. જેમકે कडारजैमिनिः અથવા जैमिनिकडारः।

५. वृन्दारक, नाग ને कुञ्जर હંમેશ છેલ્લા મુકાય છે જેમકે नृपवृन्दारकः। तापसकुञ्जरः। पुरुषनागः।

६. कतर ને कतम હંમેશ પહેલા આવે છે.

ખ. एक, सर्व, जरत्, पुराण, नव, केवल, पूर्व, अपर, प्रथम, चरम, समान, मध्य, मध्यम ને जघन्य (=છેક પાછલો) હંમેશ પહેલાં આવે છે, ને वीर પહેલો અથવા બીજો આવે છે. अपर ની પછી अर्ध आवे તો अपर નું पश्च થાય છે. જેમકે एकनाथः। पश्चार्धः। एकवीरः। वीरैकः।

ગ. ક્રિયાવાચક શિવાયના વિશેષણ તેવા વિશેષણો સાથે જોડાય છે ત્યારે અર્થના પ્રમાણમાં પહેલા બીજા મુકાય છે. જેમકે आदौशुक्लः पश्चात्कृष्णः=शुक्लकृष्णः।

અપવાદ

१. एक, सर्व, जरत्, पुराण, नव ને केवल, જો पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, समान, मध्य કે मध्यम જોડે જોડાય તો, पूर्व આદિ પહેલા મુકાય છે, ને एक આદિ માંહોમાંહે જોડાય તો सर्व, एक ની પૂર્વે, जरत्, सर्वनी પૂર્વે, ને એ પ્રમાણે બીજાઓ મુકાય છે. જેમકે सर्वैकः। जरत्सर्वः। पुराणजरत्।

२. युवन् જ્યારે खलति, पलित, वलिन કે जरती જોડે જોડાય છે ત્યારે પહેલો મુકાય છે. જેમકે युवा चासौ जरती च = युवजरती = જુવાન પણ ઘરડાના જેવું આચરનારી સ્ત્રી.

ધ. ક્રિયાવાચક વિશેષણના શબ્દો आदौ पश्चात् ના સંબંધથી જોડાય છે ત્યારે ક્રિયાના સમયના ક્રમ પ્રમાણે પહેલા કે બીજા મુકાય છે. જેમકે स्नातानुलिप्तः । पीतप्रतिबद्धः ।

ઙ. तव्य, अनीय, य ને तुल्य ના અંતવાળા અને તેવા અર્થવાળા શબ્દો જોડાય છે ત્યારે પહેલા મુકાય છે. જેમકે उष्णं च तद्भोज्यं च=भोज्योष्णम् ।

૩. સમાસ થતા શબ્દોમાં થતા ફેરફારઃ–

ક. પહેલા પદના અંતમાં થતા ફેરફારઃ–

૧. महत् પહેલો શબ્દ હોય તો તેનો महा થાય છે. જેમકે महादेवः ।

૨. कुत्सितના થતા कु નો त्रि, रथ, वद्, तृण ને સ્વરાદિ નામની પૂર્વે कत् થાય છે.
" " पथिन् અને अक्ष ની પૂર્વે જો कु નો અર્થ "થોડું" થતો હોય તો का થાય છે.
" " पुरुष ની પૂર્વે વિકલ્પે का થાય છે.
" " उष्ण ની પૂર્વે का, कव् કે कत् થાય છે.
જેમકે कुत्सितश्चासावश्वश्च=कदश्वः । कुत्सितश्चासौ रथश्च=कद्रथः । कुत्सितं च तदुष्णं च=कोष्णं, कवोष्णं, ને कदुष्णं । कुत्सितं च तद् जलं च=काजलं થોડું જળ, ને कुजलं=ખરાબ જળ।

૩. સર્વનામના સ્ત્રીલિંગના શબ્દોની પછી કોઈ પણ શબ્દ આવે તો તે સ્ત્રીલિંગનો શબ્દ પુલ્લિંગનો થાય છે. જેમકે पूर्वा च सा शाला च=पूर्वशाला । सर्विका च सा भार्या च=सर्वकभार्या ।

૪. जातिय ને देशीय પ્રત્યયની પૂર્વે તેમજ प्रिया, मनोज्ञा, कल्याणी, सुभगा, भक्ति, सचिवा, स्वसा, कान्ता, क्षान्ता, समा, चपला, दुहिता, वामा, अबला, ને तनया ની પૂર્વે તથા चतुर्दशी જેવા પૂર્ણ અર્થવાળા શબ્દની પૂર્વે પુલ્લિંગનો થયેલો उ કારાંત શિવાયનો સ્ત્રીલિંગનો શબ્દ હોય તો તે સ્ત્રીલિંગનો શબ્દ પુલ્લિંગનો થાય છે. જેમકે
पाचिका+ जातीया=पाचकजातीया । पाचिका+देशीया=पाचकदेशीया ।
महती च सा प्रिया च=महाप्रिया । दत्ता च सा भार्या च=दत्तभार्या ।
पञ्चमी च सा भार्या च=पञ्चमभार्या । पाचिका च सा स्त्री च=पाचकस्त्री ।
स्त्रौघ्नी च सा भार्या च=स्त्रौघ्नभार्या । सुकेशी च सा भार्या च=सुकेशभार्या ।
ब्राह्मणी च सा भार्या च=ब्राह्मणभार्या । महती च सा चतुर्दशी च=महाचतुर्दशी ।
महती च सा नवमी च=महानवमी । कृष्णा च सा चतुर्दशी च=कृष्णचतुर्दशी ।

૫. पोटा, युवति, स्तोक, कतिपय, गृष्टि, धेनु, वशा, वेहत, बष्कयणी, प्रवक्तृ, श्रोत्रिय, अध्यापक, धूर्त ને પ્રશંસા વાચક શબ્દોની પૂર્વે ઉકારાંત શિવાયના વર્ગવાચક પુલ્લિંગના થયલાં સ્ત્રીલિંગનો શબ્દ આવે તો તે સ્ત્રીલિંગનો શબ્દ પુલ્લિંગનો થાય છે (ને કલમ ૨ ઈ ના અપવાદ ૧ લામાં બતાવ્યા મુજબ પહેલો આવે છે). જેમકે इभा च सा पोटा च=इभपोटा=જુવાન પુરૂષના લક્ષણવાળી સ્ત્રી । इभा च सा युवतिश्च=इभयुवतिः=જુવાન હાથણી । गौश्च सा गृष्टिश्च=गोगृष्टिः=પહેલા વેતરની ગાય । गौश्च सा धेनुश्च=गोधेनुः=તરતની જણેલી ગાય । गौश्च सा वशा च=गोवशा =વાંઝણી ગાય । गौश्च सा वेहत् च=गोवेहत् ગર્ભને મારનારી ગાય । गौश्च सा

बष्कयणी च=गोबष्कयणी=એક વરસના વાછરડાવાળી ગાય। गौश्च सा मतल्लिका च=गोमतल्लिका=સારી ગાય। गौश्च सा मचर्चिका च=गोमचर्चिका=સારી ગાય। गौश्च सा तल्लजश्च=गोतल्लजः= સારી ગાય। गौश्च सोद्धश्च=गवोद्धः=સારી ગાય। गौश्च सा प्रकाण्डं च=गोप्रकाण्डं=સારી ગાય। પણ कुमारी च सा मतल्लिका च=कुमारी मतल्लिका=સારી કુમારીકા કેમકે कुमारी જાતિવાચક નથી.।

૬. युवन् ના થતા સ્ત્રીલિંગના શબ્દની પછી खलति, पलित, वलित કે जरती આવે તો युवन् ના સ્ત્રીલિંગના શબ્દનો પુલ્લિંગનો શબ્દ થાય છે. જેમકે युवतिश्चासौ खलति श्च=युवखलतिः। युवतिश्चासौ जरती च=युवजरती।

૭. कुक्कुटी, मृगी, काकी, भ्रु ને भ्रू ની પછી અનુક્રમે अण्ड, पद, शाब, कुंस, ને कुटी આવે તો कुक्कुटी આદિ પુલ્લિંગના થઈ જાય છે. જેમકે कुक्कुटाण्ड।

ખ. છેલ્લા પદના અંતમાં થતા ફેરફારઃ–

૧. નીચેના શબ્દોમાં સ્વરાંત શબ્દોનો અંત્યસ્વર ને વ્યંજનાંત શબ્દોનો અંત્યવ્યંજન અને ઉપાંત્ય સ્વર ઉડી જાય છે, ને अ ઉમેરાય છે.

क. रात्रि–જો એની પૂર્વે सर्व, संख्यात કે पुण्य હોય તો–જેમકે सर्वा चासौ रात्रिश्च =सर्वरात्रः। (જો એની પૂર્વે આખાનો ભાગ બતાવનાર पूर्व, अपर જેવો શબ્દ હોય તો પણ એમજ થાય છે પણ એ સમાસ ષષ્ઠી તત્પુરૂષના જેવો હોય છે. જેમકે रात्रेःपूर्वः=पूर्वरात्रः)

ख. राजन् ને सखि–જો એની પૂર્વે કોઈપણ શબ્દ હોય તો–જેમકે परमश्चासौ राजा च=परमराजः।

ग. सक्थि–જો એની પૂર્વે નિર્જીવ પદાર્થ વાચક શબ્દ હોય તો–જેમકે फलकमिव सक्थि=फलकसक्थम्।

૨. નીચેના શબ્દોના અંત્યાક્ષર ઉડી જાય છે.

क. श्वन्–જો એની પૂર્વે નિર્જીવ પદાર્થ વાચક શબ્દ હોય તો–જેમકે आकर्षः श्वा इव=आकर्षश्वः। પણ वानरश्वा।

ख. ब्रह्मन्–જો એની પૂર્વે कु અથવા महत् આવે તો એનો અંત્યાક્ષર વિકલ્પે ઉડેછે–જેમકે कुब्रह्म ને कुब्रह्मा।

૩. નીચેના શબ્દોને अ ઉમેરાય છે.

क. उरस् (=મુખ્ય, પ્રખ્યાત)–જો એની પૂર્વે કોઈ પણ શબ્દ હોય તો–જેમકે अश्वानामुर इव=अश्वोरसम्।

ख. अनस्, अश्मन्, अयस्, ને सरस्–જો એઓ વર્ગવાચક હોય અથવા એઓના આવવાથી આખો શબ્દ નામવાચક થતો હોય તો–જેમકે महच्च तदनश्च=महानसम्।

ग. गो–જેમકે परमा चासौ गौश्च=परमगवः।

૪. अहन् ની પૂર્વે सर्व અથવા આખાનો ભાગ બતાવનાર શબ્દ હોય તો એનું अह्न થાય છે, ને જો એની પૂર્વે संख्यात હોય તો એનું अह्न અથવા अह થાય છે, ને એઓ શિવાયનો કોઈ હોય તો એનું अह થાય છે. વળી अह्न ની પૂર્વે र् વાળો अ કારાંત શબ્દ હોય તો अह्न ના न નો ण થાય છે. જેમકે संख्याताह, संख्याताह्न। एकाह।

૫. **जात, महा** કે **वृद्ध+उक्षन्** માં **उक्षन्** નો **उक्ष** થાય છે. જેમકે **जातोक्ष । महोक्ष । वृद्धोक्ष ।**

ગ. બે પદની વચમાં થતા ફેરફારઃ—**शाकपार्थिवादि** સમૂહ (આ ૮ માં પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો તેમાં લખ્યા મુજબજ થાય છે.

૪. સામાસિક શબ્દનું લિંગ તથા વચનઃ—છેલ્લા શબ્દનું લિંગ તથા વચન તે આખા શબ્દનું લિંગ તથા વચન થાય છે.

અપવાદ

ક. **रात्रि, अह्न,** કે **अह** અંતમાં હોય એવા શબ્દો પુલ્લિંગના ગણાય છે પણ **रात्र** ની પૂર્વે સંખ્યાવાચક શબ્દ હોય, ને **अह** ની પૂર્વે **पुण्य** કે **सुदिन** હોય તો આખો શબ્દ નપુંસક લિંગનો થાય છે.

ખ. **पथ** (**पथिन्** નો થયલો) અંતમાં હોય ને તેની પૂર્વે સંખ્યાવાચક શબ્દ અથવા અવ્યય હોય તો આખો શબ્દ નપુંસક લિંગનો, નીકર પુલ્લિંગનો થાય છે. જેમકે **विरूपश्चासौ पन्थाश्च=विपन्थाः ।**

૫. અનિયમિત—**मयूरव्यंसकादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો અનિયામત છે.

## ૪. દ્વિગુ તત્પુરૂષ.

૧. સંખ્યા વાચક શબ્દ પહેલો હોય એવા કર્મધારય ને દ્વિગુ કહે છે, તેમજ સંખ્યા વાચક શબ્દ પેહેલો રહી કોઈ જોડે સમાહારના સંબંધથી વપરાયો હોય તો તેઓની વિભક્તિઓ કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે, ને જ્યારે એમ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે. જેમકે **सप्त च ते ऋषयश्च=सप्तर्षयः । त्रयाणां भुवनानां समाहारः=त्रिभुवनम् ।**

૨. સમાસ થતા શબ્દોમાં થતા ફેરફાર.

ક. પહેલા પદના અંતમાં થતા ફેરફારઃ—**अष्टन्** ની પછી **कपाल** આવે ને આખાશબ્દનો અર્થ બળીદાન વાચક થાય અથવા **गो** આવે ને તેને તદ્ધિતનો **अ** પ્રત્યય લાગી જોડાયલાનો અર્થ થાય તો **अष्टन्** નું **अष्टा** થાય છે. જેમકે **अष्टाकपालः**=આઠ પેણામાં આપેલું । **अष्टागवम्**=આઠ ગોધા જોડેલું ।

ખ. છેલ્લા પદના અંતમાં થતા ફેરફાર.

૧. નીચેના શબ્દોમાં સ્વરાંત શબ્દોનો અંત્યસ્વર ને વ્યજનાંત શબ્દોનો અંત્યવ્યંજન અને ઉપાંત્ય સ્વર ઉડી જાય છે ને **अ** ઉમેરાય છે.

**क.** **रात्रि** ને **अङ्गुलि**—જો એઓની પૂર્વે સંખ્યાવાચક શબ્દ હોય તો—જેમકે **द्वयोः रात्र्योः समाहारः=द्विरात्रम् । द्वे अङ्गुली प्रमाणं अस्य इति=द्व्यङ्गुलं ।**

**ख.** **राजन्** ને **सखि**—જો એઓની પૂર્વે કોઈ પણ શબ્દ હોય તો—જેમકે **त्रयाणां राज्ञां समाहारः=त्रिराजः ।**

૨. **द्वि** અથવા **त्रि+आयुष्** ને **अ** ઉમેરાય છે. જેમકે **द्व्यायुष । त्र्यायुष ।**

૩. **गो** ને તદ્ધિતનો પ્રત્યય લાગી ઉડી ન ગયો હોય તો **अ** ઉમેરાય છે. જેમકે **द्वि+गो+अ=द्विगवं । द्वयोः गवोः समाहारः=द्विगु ।**

૪. **अञ्जलि** ની પૂર્વે **द्वि** કે **त्रि** હોય તો એનું **अञ्जल** વિકલ્પે થાય છે. પણ જો આખા શબ્દનું વિશેષણ કરવાને તદ્ધિતનો પ્રત્યય લાગી ઉડી ગયો હોય તો **अञ्जल** જ થાય છે. જેમકે **द्वयञ्जल** અથવા **द्वयञ्जलि ।** પણ **द्वयञ्जल** કે **द्वयञ्जालि+अ (=द्वाभ्यामञ्जलिभ्यां क्रीतः)=द्वयञ्जलः ।**

૫. **अहन्** ની પૂર્વે સંખ્યાવાચક શબ્દ હોય તો **अहन्** નું **अह** થાય છે, ને આખા શબ્દનું વિશેષણ કરવાને તદ્ધિતનો પ્રત્યય લાગતો હોય તો **अहन्** નું **अह्न** થાય. છે, ને **अह्न** ની પૂર્વે **र्** વાળો **अ** કારાંત શબ્દ હોય તો **अह्न** ના **न** નો **ण** થાય છે જેમકે **सप्त+अहन् (=सप्ताह) +अ=सप्ताह्नः ।**

૬. **नौ** ને તદ્ધિતનો પ્રત્યય લાગી ન ઉડી ગયો હોય તો **अ** ઉમેરાય છે. જેમકે **पञ्चनौ । पञ्चनावम् । नौ** ની પૂર્વે **अर्ध** હોય તો **नौ** ને **अ** ઉમેરાય છે. જેમકે **नावः अर्धं=अर्धनावम् । खारी** ને આ કલમ વિકલ્પે લાગે છે ને **अ** ઉમેરાય છે ત્યારે અંત્ય **ई** ઉડી જાય છે. જેમકે **द्विखारं, द्विखारि ।**

૩. સામાસિક શબ્દનું લિંગ તથા વચનઃ-સમાહારના સંબંધવાળો શબ્દ નપુંસક લિંગનો થાય છે.

અપવાદ

ક. ઊત્તર પદમાં **अ** કારાંત શબ્દ હોય તો તેને **ई** લાગે છે ને આખોશબ્દ સ્ત્રીલિંગનો થાય છે ને ઊત્તર પદમાં **आ** કારાંત શબ્દ હોય તો તેને **ई** વિકલ્પે લાગે છે ને આખો શબ્દ **ई** લાગે છે ત્યારે સ્ત્રીલિંગનો નીકર નપુંસકલિંગનો થાય છે. જેમકે **पञ्चानां गवां समाहारः=पञ्चगवम् । त्रयाणां लोकानां समाहारः=त्रिलोकी । पञ्चानां खट्वानां समाहारः=पञ्चखट्वी, पञ्चखट्वं ।** પણ **पात्र, भुवन, युग** અને એવાના અંતવાળા શબ્દોને **ई** લાગતીજ નથી ને તેનાથી થતા આખા શબ્દ સ્ત્રીલિંગના થતાજ નથી.

ખ. ઊત્તર પદમાં **अन्** અંતવાળો શબ્દ હોય તો તેનો **न्** ઉડી જાય છે ને તેને **ई** વિકલ્પે લાગે છે, ને આખો શબ્દ **ई** લાગે છે ત્યારે સ્ત્રીલિંગનો નીકર નપુંસક લિંગનો થાય છે. જેમકે **पञ्चतक्षी** ને **पञ्चतक्षम् ।**

## ૫. પ્રાદિ તત્પુરૂષ.

૧. ઉપસર્ગવાળા **गत, अतिक्रान्त, क्रुष्ट, ग्लान** ને **निष्क्रान्त** ના પહેલી વિભકિતના શબ્દો, પહેલી, બીજી, ત્રિજી, ચોથી ને પાંચમી વિભકિતના નામ સાથે ક્રમે કરી વપરાયા હોયતો તેઓની વિભકિતઓ કહાડી નાંખી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે, ને એમ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે. જેમકે **प्रगतः आचार्यः=प्राचार्यः । अतिक्रान्तो मालां=अतिमालः । अवक्रुष्टः कोकिलया=अवकोकिलः । परिग्लानः अध्ययनाय=पर्यध्ययनः । निष्क्रान्तः कौशाम्ब्याः=निष्कौशाम्बिः ।**

૨. સમાસમાં આવતા શબ્દોનો ક્રમ–ઉપસર્ગવાળા **गत** આદિ પેહેલા મુકાય છે.

૩. સમાસ થતા શબ્દોમાં થતા ફેરફાર.

ક. પહેલા પદનાં અંતમાં થતા ફેરફારઃ–**गत** આદિ ઉડી જાય છે.

ખ. છેલ્લા પદનાં અંતમાં થતા ફેરફાર.

૧. નીચેના શબ્દોમાં સ્વરાંત શબ્દોનો અંત્યસ્વર ને વ્યંજનાંત શબ્દોનો અંત્ય વ્યંજન ને ઉપાંત્યસ્વર ઉડી જાય છે ને अ ઉમેરાય છે.

**क. रात्रि** ને **अंगुलि**–જો એઓની પૂર્વે અવ્યય હોય તો–જેમકે **अतिक्रान्तो रात्रिं= अतिरात्रः । निर्गतंअङ्गुल्योः=निरंङ्गुलं ।**

**ख. राजन्** ને **सखि**–જો એઓની પૂર્વે કોઈ પણ શબ્દ હોય તો–જેમકે **अतिक्रान्तो राजानं=अतिराजः ।**

૨. નીચેના શબ્દોને अ ઉમેરાય છે.

**क. अनस्, अश्मन्, अयस्** ને **सरस्**–જો એઓ વર્ગવાચક હોય અથવા એઓના આવવાથી આખો શબ્દ નામવાચક થતો હોય તો–જેમકે **उपानसं**

**ख. श्रेयस्**–જો એની પૂર્વે **निः** આવે તો–જેમકે **निःश्रेयसं**

**ग. गो**–જો એને તદ્ધિતનો પ્રત્યય લાગી ઉડી ન ગયો હોય તો–જેમકે **उप+गो+अ= उपगवम् ।**

૩. **श्वन्** ની પૂર્વે **अति** આવે તો **श्वन्** નો **न्** ઉડી જાય છે. જેમકે **अतिक्रान्तो श्वानं= अतिश्वः ।**

૪. **अहन्** ની પૂર્વે રૂપ ન અપાય તેવો શબ્દ હોય તો **अहन्** નું **अह्न** થાય છે ને તે જો **र्** વાળો अ કારાન્ત હોય તો **अह्न** ના **न** નો **ण** થાય છે. જેમકે **अत्यह्नः**

૫. સંખ્યાવાચક શબ્દની પૂર્વે અવ્યય આવે તો સ્વરાંત સંખ્યાવાચકનો અંત્યસ્વર અને વ્યંજનાંત સંખ્યાવાચકનો અંત્ય વ્યંજન ને ઉપાંત્યસ્વર ઉડી જાય છે ને अ ઉમેરાય છે. જેમકે **निस्त्रिंशः** । પણ **चतुर्** અને **षष्**ને તેઓના અંત્યાક્ષર કાયમ રહે છે ને अ ઉમેરાય છે.

૪. સામાસિક શબ્દની જાતિ તથા વચનઃ–આ સમાસથી થતો શબ્દ વિશેષણ થાય છે તેથી તેનું લિંગ તથા વચન તેના વિશેષ્યના લિગ તથા વચન પ્રમાણે થાય છે.

## ૬. નઞ્ તત્પુરુષ.

૧. વ્યાખ્યા–**न** કોઈપણ પ્રાતિપદિક અથવા ક્રિયાપદ સાથે વપરાયો હોય તો ક્રિયાપદનું કૃતાદિ પ્રાતિપદિક થઈ જાય છે, ને સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોનો ક્રમ ગોઠવી તથા શબ્દોમાં ફેરફાર કરી, નીચે લખેલા લિંગ તથા વચનનો શબ્દ કરવામાં આવે છે, ને જ્યારે એમ કરવામાં આવે છે ત્યારે આ સમાસ થયો કહેવાય છે.

અપવાદ–નિંદાવાચક અર્થમાં ક્રિયાપદ જોડે **न** જોડાય છે ત્યારે તેનો કૃતાદિ થતો નથી. જેમકે **अपचसि ( त्वं जाल्म )**

૨. સમાસમાં આવતો શબ્દનો ક્રમ–**न** પહેલોજ મુકાય છે.

૩. સમાસ થતા શબ્દોમાં થતો ફેરફારઃ–

ક. પહેલા પદમાં થતા ફેરફારઃ–**न** સ્વરાદિ શબ્દ જોડે જોડાય ત્યારે તેને **अन्** થાય છે ને વ્યંજનાદિ શબ્દ જોડે જોડાય ત્યારે તેનો **अ** થાય છે.

અપવાદ

૧. નીચેના શબ્દોમાં **न** કાયમ રહે છે.

**नभ्राट्** (**नभ्राजते इति**)। **नक्षत्र** (**नक्षरति इति**)। **नकुल** (**नकुलं अस्य इति**)।
**नमुचि** (**न मुञ्चति इति**)। **नक्र** (**न क्रामति इति**)। **नख** (**न खं अस्य इति**)।
**नपात्** (**न पतति इति**)। **नवेदाः** (**नवेत्ति इति**)। **नाक** (**न अकं अस्य इति**)।
**नपुंसक** (**नस्त्रीपुमान्**)। **नासत्याः** (**न असत्याः**)। એમાંના છેલ્લા ત્રણ બહુવ્રીહિછે.

૨. **न** જ્યારે **गम्** ના થતા **ग** સાથે જોડાય છે ત્યારે કોઈપણ પ્રાણીનું વિશેષણ ન થવાનું હોય તો **न** વિકલ્પે કાયમ રહે છે. જેમકે **नगः**=પર્વત અથવા ઝાડ। પણ **अगः**=નહીં ચાલનારો.

ખ. છેલ્લાં પદમાં થતા ફેરફારઃ–**पथिन्** નું **पथ** વિકલ્પે થાય છે. જેમકે **अपथम्** અથવા **अपन्थाः**।

૪. સામાસિક શબ્દનું લિંગ તથા વચનઃ–છેલ્લા શબ્દનુલિંગ તે આખા સામાસિક શબ્દનું લિંગ થાય છે પણ **पथिन्** નું **पथ** થાય છે ત્યારે નપુંસક લિંગજ થાયછે.

## ૭. ગતિ તત્પુરૂષ.

૧. વ્યાખ્યા—**त्वा**, **य** ને **त्य** થી થતા કૃદંત અવ્યયની પૂર્વે તથા કૃતાદિ પ્રાતિપદિકની પૂર્વે નીચે લખેલા શબ્દો આવે છે ત્યારે સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે ફેરફાર કરી નીચેની જાતનો શબ્દ કરવામાં આવે છે, ને એમ કરવામાં આવેછે ત્યારે આ સમાસ થયો કહેવાય છે.

ક. **त्वा**, **य** ને **त्य** થી થતા કૃદંત અવ્યયની પૂર્વે નીચેના શબ્દો હોય તો–

૧. **उरी**, **उररी**, **वौषट्**, **वषट्**, **स्वाहा**, **स्वधा**, **प्रायः**, **आविः**, **श्रद्** ને **कारिका** (કાર્ય વાચક)–જેમકે **उरीकृत्य**=સ્વીકારીને।

૨. **पाणौ**, **हस्ते** ને **प्राध्वं**–જેમકે **पाणौकृत्य**=પરણીને।

૩. **मनसि**, **उरसि**, **मध्ये** ને **पदे**–જેમકે **मनसिकृत्य**।

૪. **सत्** (માન વાચક), **असत्** (અપમાન વાચક)–જેમકે **सत्कृत्य**=માન આપીને

૫. **अलं** (શણગારના અર્થવાચક), **पुरः**, **अदः**, **अंतः**, **मनः**, **कणे**, **अस्तं**, **अच्छ**, ને **तिरः**–જેમકે **अलंकृत्य**=શણગારીને। **अलंकृत्वा**=સંપૂર્ણ રીતે।

૬. **अन्वाजे**, **उपाजे**, **साक्षात्**, **मिथ्या**, **अमा**, **प्रादुः**, **आविस्** ને **नमस्**–જેમકે **अन्वाजे कृत्य**=અશકતને શકિત આપીને।

૭. અનુકરણ વાચક શબ્દોની પછી **इति** ન હોય તેવા શબ્દો–જેમકે **खाट्कृत्य**।

૮. કોઈ પણ શબ્દમાં અંત્યસ્વર કે અંત્ય વ્યંજન કે અંત્ય વ્યંજનને ઉપાંત્ય સ્વર ઉડી જઈ **ई** ઉમેરઈ થયલો શબ્દ–જેમકે **शुक्लीकृत्य**=સફેત કરીને।

ખ. કૃતાદિ પ્રત્યયથી થયલા નામની પૂર્વે પ્રાતિપદિક શિવાયનો કોઈ પણ શબ્દ હોય તો- જેમકે **पुरस्कारः । तिरस्कारः । सत्कारः । अलंकृतिः ।**

૨. સામાસિક શબ્દની જાત–કૃદંત અવ્યયના અંતવાળા શબ્દો અવ્યય થાય છે ને કૃતાદિ શબ્દના અંતવાળા શબ્દોનું લિંગ છેલ્લા શબ્દના લિંગ પ્રમાણે થાય છે.

### ૮. ઉપપદ તત્પુરૂષ.

૧. વ્યાખ્યા–**त्वा, य, त्य** ને **अम्** પ્રત્યયથી થતા કૃદંત અવ્યયની પૂર્વે તથા કૃતાદિ પ્રાતિપદિકની પૂર્વે નીચે લખેલા શબ્દો આવે છે ત્યારે સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નીચે લખેલા નિયમો પ્રમાણે ફેરફાર કરી નીચે લખેલી જાતનો શબ્દ કરવામાં આવે છે, ને એમ કરવામાં આવેછે ત્યારે આ સમાસ થયો કહેવાય છે.

ક. **त्वा, य** ને **त्य** થી થતા કૃદંત અવ્યયની પૂર્વે **उच्चैः, नीचैः, तिर्यक्, मुखतः** ને એવા શબ્દ હોય તો–જેમકે **उच्चैःकृत्वा ।**

ખ. **अम्** થી થતા કૃદંત અવ્યયની પૂર્વે કોઈ પણ શબ્દ કેટલીક વખતે જરૂર અને કેટલીક વખતે વિકલ્પે હોય તો–જેમકે **स्वादुंकारं** ( **भुंक्ते** ) । **मूलकोपदंशं** અથવા **मूलकेन उपदंशं** ( **भुंक्ते** )।

ગ કૃતાદિ પ્રત્યયથી થયલા નામની પૂર્વે કૃતાદિ નામ જેને લીધે થયું હોયતે નામ હોય તો– જેમકે **कुंभकारः** ( **कुंभं करोति इति कुंभकारः** એમાં **कृ** નો **कार, कुंभ** ને લીધે, થાય છે કેમકે નીકર **कर** થતે. **पयोधर** એ એ રીતનો સામાસિક શબ્દ નથી કેમકે **धृ** નો **धर** સાધારણ રીતે થયો છે, **पयः** ને લીધે થયો નથી, **पयसां धरः=पयोधरः** એમ થયો છે ).

૨. સામાસિક શબ્દની જાત–કૃદંત અવ્યયના અંતવાળા શબ્દો અવ્યય થાય છે ને કૃતાદિ શબ્દના અંતવાળા શબ્દોનું લિંગ છેલ્લા શબ્દના લિંગ પ્રમાણે થાય છે.

---

## ભાગ ૫ મો.

### અવ્યયીભાવ સમાસ.

૧. વ્યાખ્યા—જો કોઇ પ્રાતિપદિક એવા એક કે વધારે શબ્દની સાથે કે એવી વિભક્તિમાં વપરાયું હોય કે જેને બદલે તેના અર્થનો ઉપસર્ગ અથવા અવ્યય મુકાય તેમ હોય તો તે શબ્દ અથવા વિભક્તિને બદલે ઉપસર્ગ કે અવ્યય મુકી, સમાસના આગળ કહેલા સાધારણ નિયમો તથા નિચે લખેલા નિયમો પ્રમાણે શબ્દોને ગોઠવી તથા તેઓમાં ફેરફારો કરી, આખો શબ્દ નપુંસકલિંગના પ્રથમાના એક વચનના જેવો, ને ન રૂપ અપાય તેવો કરવામાં આવે છે, ને એમ કરવામાં આવેછે ત્યારે આ સમાસ થયો કહેવાય છે. જેમકે **अधिगोपम् । उपगु । अन्तर्गिरि ।** આ સમાસથી થતા શબ્દોને રૂપ અપાતા નથી તોપણ **अ** કારાંત હોય તો તેનું ત્રિજી, પાંચમી ને સાતમી વિભક્તિનું એકવચન વિકલ્પે કરાય છે.

અપવાદ

ક. કયા શબ્દો તેઓને બદલે ઉપસર્ગ અથવા અવ્યય ન મુકાતાં જાતેજ જોડી શકાય છે તે વિષેઃ-

१ **यावत्, तावत्**–જેમકે **यावन्तः श्लोकाः तावन्तः** ( **अच्युतप्रणामाः** )=**यावच्छ्लोकम्** ( **अच्युतप्रणामाः** )।

૨. સંખ્યાવાચક વિશેષણ–જો લોહીના સગપણ વાચક અથવા વિદ્યાના સંબંધ વાચક અથવા નદીના નામવાચક નામ જોડે જોડવું હોય તો–જેમકે **द्वौ मुनी वंश्यौ=द्विमुनि । सप्तगङ्गम् ।**

૩. કોઈ પણ વિશેષણ–જો નદીનું નામ જોડે જોડવું હોય તો–જેમકે **उन्मत्तगङ्गम्**=ગંગા-ઉન્મત છે જ્યાં એવી જગ્યા.

૪. **पार** ને **मध्य** –જેમકે **पारेगङ्गात्** અથવા **पारेगङ्गम्**=ગંગાના પારથી.

ખ. કયા અવ્યયો જોડાતા નથી તે વિષે–**समया, निकषा, आरात्, अभितः, परितः,** અને **पश्चात्** કોઇ નામ જોડે જોડાતા નથી.

ગ. કઇ વિભક્તિઓ કયારે જરૂર અથવા વિકલ્પે કાયમ રહે છે તે વિષે:–

૧. દ્વિતીયા વિભક્તિ–જો **अनु, अभि** કે **प्रति** ( તરફ વાચકો ) દ્વિતીયા વિભક્તિના કોઈ નામ સાથે જોડાતો હોય તો તે નામની દ્વિતીયા વિભક્તિ જરૂર કાયમ રહે છે. જેમકે **अभ्यग्नि** અથવા **अग्निमभि । प्रत्यग्नि** અથવા **अग्निप्रति । अनुवनम्** અથવા **वनमनु ।**

૨. પંચમી વિભક્તિ–**अनु** ( તરફ, બાજુએ, સરખી લંબઇથી–એવા અર્થવાળો ) પંચમી વિભક્તિના નામ સાથે જોડાતો હોય તો તે નામની પંચમી વિભક્તિ જરૂર કાયમ રહે છે. જેમકે **अनुगङ्गम्** અથવા **गङ्गया अनु ।**

૩. પંચમી વિભક્તિ–**अप, परि, बहिः, आ** ( હદ બતાવનાર ) અને **अञ्च्** ધાતુથી થતા-**प्राच्** જેવા શબ્દો પંચમી વિભક્તિના નામ સાથે જોડાતા હોય તો તે નામોની પંચમી વિભક્તિ વિકલ્પે કાયમ રહે છે. જેમકે **अपविष्णु** અથવા **अपविष्णोः । परिविष्णु** અથવા **परिविष्णोः । बहिर्वनम्** અથવા **बहिर्वनात् । आमुक्ति** અથવા **आमुक्तेः । प्राग्वनम्** અથવા **प्राग्वनात् । आबालं** અથવા **आबालेभ्यः ।**

ઘ. કયા ઉપસર્ગો જુદા અર્થમાં વાપરી શકાય છે તે વિષે:–

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **सु** | એ સમૃદ્ધિના અર્થમાં વપરાય છે. જેમકે. **मद्राणां समृद्धिः=सुमद्रम् ।** | | | | | |
| **दु** | ,, વ્યૃદ્ધિ અથવા નઠારી સ્થિતિના અર્થમાં વપરાયછે.જેમકે **यवनानां व्यृद्धिः=दुर्यवनम्।** | | | | | |
| **नि** | ,, અભાવવાચક અર્થમાં વપરાય છે, જેમકે | | | | **मक्षिकाणां अभावः** | **=निर्मक्षिकम्।** |
| **इति** | ,, પ્રકાશવાચક | ,, | ,, | ,, | **हरिशब्दस्य प्रभावः** | **=इतिहरिः ।** |
| **प्रति** | ,, વીપ્સાવાચક | ,, | ,, | ,, | **अर्थे अर्थे प्रति** | **=प्रत्यर्थम् ।** |
| **यथा** | ,, અનતિવૃત્તિવાચક | ,, | ,, | ,, | **शक्तिं अनतिक्रम्य** | **=यथाशक्ति।** |
| **अति** | ,, અત્યયવાચક | ,, | ,, | ,, | **हिमस्य अत्ययः** | **=अतिहिमम्।** |
| ,, | ,, અસંપ્રતિવાચક | ,, | ,, | ,, | **निद्रासंप्रतिनयुज्यतेइति** | **=अतिनिद्रं ।** |
| **अनु** | ,, પશ્ચાતવાચક | ,, | ,, | ,, | **विष्णोःपश्चात्** | **=अनुविष्णु ।** |
| ,, | ,, યોગ્યતાવાચક | ,, | ,, | ,, | **रूपस्य योग्यं** | **=अनुरूपम् ।** |
| ,, | ,, આનુપૂર્વ્યવાચક | ,, | ,, | ,, | **ज्येष्ठस्य आनुपूर्व्येण** | **=अनुज्येष्ठम्।** |
| **स** | ,, સાદૃશ્યવાચક | ,, | ,, | ,, | **हरेःसादृश्यम्** | **=सहरि ।** |
| ,, | ,, યોગ્યપદ્યવાચક | ,, | ,, | ,, | **चक्रेण युगपत्** | **=सचक्रम् ।** |
| ,, | ,, અન્તવાચક | ,, | ,, | ,, | **अग्निग्रन्थपर्यंतं अधीते** | **=साग्नि ।** |
| ,, | ,, સંપત્તિવાચક | ,, | ,, | ,, | **क्षत्राणां संपत्तिः** | **=सक्षत्रं ।** |
| ,, | ,, સાકલ્યવાચક | ,, | ,, | ,, | **तृणमपि अपरित्यज्य** | **=सतृणम् ।** |

૨. સમાસમાં આવતો શબ્દોનો ક્રમ–ઉપસર્ગ અને અવ્યય પહેલા પદમાં આવે છે.

અપવાદ

ક. **प्रति** (=ઘણું થોડું )જ્યારે નામ જોડે જોડાય છે ત્યારે છેલ્લું મુકાય છે. જેમકે **शाकस्य लेशः=शाकप्रति ।**

ખ. **परि** જ્યારે **अक्ष, शलाका** કે સંખ્યાવાચક શબ્દ જોડે જોડાય છે ને રમતમાં ખોટ બતાવવાનો અર્થ હોય છે ત્યારે છેલ્લું મુકાય છે. જેમકે **अक्षेण विपरीतं वृतं=अक्षपरि=** એક પાસો ઉંધો પડવાથી નુકસાનમાં અવાય તેમ । **शलाकापरि । एकपरि ।**

ગ. **अनु, अभि** ને **परि** જ્યારે દ્વિતીયાના સંબંધથી કોઈ શબ્દ જોડે જોડાય છે ત્યારે વિકલ્પે છેલ્લા મુકાય છે. જેમકે **अभ्यग्नि** અથવા **अग्निमभि । प्रत्यग्नि** અથવા **अग्निप्रति। अनुवनम्** અથવા **वनमनु ।**

ઘ. **अनु** ( તરફ, બાજુએ, સરખી લંબાઇથી–એવા અર્થવાળો ) જ્યારે પાંચમીના સંબંધથી કોઇ શબ્દ જોડે જોડાય છે ત્યારે વિકલ્પે છેલ્લો મુકાય છે. જેમકે **अनुगङ्गम्** અથવા **गङ्गाया अनु**=ગંગાની બાજુએ.

૩. સમાસ થતા શબ્દોમાં થતાં ફેરફાર–પહેલા પદના અંતમાં વિશેષ ફેરફાર થતા નથી. ને છેલ્લા પદના અંતમાં નીચે મુજબ થાય છે.

ક. અંત્યસ્વર દીર્ઘ હોય તો હ્રસ્વ થાય છે. ને **ए** ને **ऐ** નો **इ**, ને **ओ** ને **औ** નો **उ** થાય છે. જેમકે **उप+गो=उपगुः**=ગાયની પાસે ।

ખ. **नदी, पौर्णमासी, आग्रहायणी** ને **गिरि** ના અંત્યસ્વર નો **अ** વિકલ્પે થાય છે. જેમકે **उपनदम्** અથવા **उपनदि ।**

ગ. નીચેના શબ્દોને અંતમાં **अ** ઉમેરાય છે.

૧. કોઈપણ વર્ગના પહેલા ચાર માંહેલા કોઈના અંતવાળા શબ્દને **अ** વિકલ્પે ઉમેરાય છે. જેમકે **उपसमिधम्** અથવા **उपसमित् ।**

૨. **शरत्, विपाश्, अनस्, मनस्, उपानह्, अनडुह्, दिव्, हिमवत्, दिश्, दृश्, विश्, चेतस्, चतुर्, यद्, तद्, कियत्** ને **जरस्** ( **जरा** નો થયલો) ને **अ** જરૂર ઉમેરાય છે. જેમકે **अपदिशम् ।**

૩. **रजस्** ની પૂર્વે **स** આવે ને **श्वन्** ની પૂર્વે **उप** આવેતો **अ** જરૂર ઉમેરાય છે. જેમકે **सरजस । उपशून ।**

ઘ. **अन्** અંતવાળા પુલ્લિંગ અને સ્ત્રીલિંગના શબ્દોનો **न्** જરૂર ને નપુંસકલિંગના શબ્દોનો **न्** વિકલ્પે ઉડી જાય છે. જેમકે **उपराज । उपचर्मन्** ને **उपचर्म ।**

૪. અનિયમિતઃ–**अक्ष्णः प्रति=प्रत्यक्षम् । अक्ष्णःपरं=परोक्षं । अक्ष्णः समीपं=समक्षं । अक्ष्णः अनु=अन्वक्षं । तिष्ठद्गवादि** સમૂહ ( આ ૮ મા પ્રકરણના ૧ પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દો ।

---

## ભાગ ૬ ઠો.

### સામાસિક શબ્દોના સ્ત્રીલિંગ વિષે.

સ્ત્રીલિંગ કરવાના નિયમો આગળ આપ્યા છે ને સામાસિક શબ્દોના સંબંધમાં જે વધુ જાણવાના છે તે નીચે પ્રમાણે છેઃ—

૧. કોઈપણ સમાસથી થયલા શબ્દમાં લાગતા નિયમોઃ—

ક. **ई** લેનારા શબ્દો વિષે:

१. **वन्** અંતવાળા શબ્દોના **न्** નો **ई** ની પૂર્વે **र्** થાય છે. જેમકે **बहुधीवन्** નું **बहुधीवन्** ને **बहुधीवरी**।

२. **पति** ની પૂર્વે **समान, एक, वीर, पिण्ड, भ्रातृ, भद्र** કે **पुत्र** હોય તો **पति** નું **पत्नी** જરૂર થાય છે ને બીજો કોઈ શબ્દ હોય તો વિકલ્પે થાય છે. જેમકે **ग्रामस्यपतिः** નું **ग्रामस्यपतिः, ग्रामपतिः** અથવા **ग्रामपत्नी** (=ગામની શેઠાણી)

३. કૃતાદિના **अन** પ્રત્યયથી થયલા શબ્દની પૂર્વે અનુનાસિક ઉમેરાયલો શબ્દ હોય તો તે **अन** અંતવાળા સામાસિક શબ્દને **ई** લાગેછે. જેમકે **आढ्यंकरण** નું **आढ्यंकरणी**।

४. **पुरः, अग्रतः, अग्रे,** અથવા **पूर्व** ની સાથે જોડાતા **ग्न** તથા **सर** થી થતા શબ્દને **ई** લાગે છે,

५. **सेना** ને **दाय** ની સાથે જોડાતા **चर** ને **ई** લાગે છે.

ખ. **ई** કે **आ** લેનારા શબ્દો વિષે.

१. **पाद्** (**पाद** નો થયલો) અંતવાળા શબ્દોના **पाद्** નો **पद्** થાય છે.

२. જ્યારે સામાસિક શબ્દના બીજા પદમાં શરીરના અવયવ વાચક, અંતમાં સ્વરવાળો ને ઉપાંત્યમાં એક વ્યંજનવાળો એવો શબ્દ હોય ને તે સામાસિક શબ્દ જીવ વાચક શબ્દના વિશેષણ તરીકે વપરાય ત્યારે તેને **आ** અથવા **ई** લાગેછે. જેમકે **अतिकेशा** અથવા **अतिकेशी** (**स्त्री**)। પણ **सुमुखा** (**शाला**)।

અપવાદ.

**क**. જો અવયવવાચક શબ્દમાં બે કરતાં વધારે સ્વર હોય તો **आ** લાગે છે. જેમકે **पृथुजघना**.

**ख**. પહેલા પદમાં **स, सह** કે **विद्यमान** હોય તો **आ** લાગે છે. જેમકે **सकेशा**।

ગ. **आ** લેનારા શબ્દો વિષે.

१. **सम, भस्त्रा, अजिन, षण** અને **पिण्ड** સાથે જોડાતા **फल** ને **आ** લાગે છે.

२. **अच्** અંતવાળા અથવા **सत्, काण्ड, प्रान्त, शत** અથવા **एक**ની સાથે જોડાતાં **पुष्प** ને **आ** લાગે છે.

३. **महत्** શિવાયના શબ્દ જોડે જોડાતાં **शूद्र** ને **आ** લાગે છે.

ઘ. **उ** લેનારા શબ્દો વિષેઃ—સરખામણીવાચક શબ્દ અથવા **संहित, शफ, लक्षण, वाम, सहित** અથવા **सह** સાથે જોડાતાં **उरु** ને **उ** લાગે છે. જેમકે **करभोरू**।

૨. નઞ તત્પુરૂષ સમાસથી થયલા શબ્દમાં લાગતા નિયમોઃ—**अ** ની પછી **मूल** આવે તો **आ** લાગે છે. જેમકે **अमूला**।

૩. દ્વિગુ સમાસથી થયલા શબ્દમાં લાગતા નિયમો.

ક. **आ** લેનારા શબ્દો વિષે.

१. **अजादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યો છે) ના શબ્દોને **आ** લાગે છે. જેમકે **त्रिफला**।

૨. માપના અર્થના શબ્દના અંતવાળો જો સામાસિક શબ્દ નહીં હોય તો **आ** લાગે છે.
**અપવાદ.**

**क.** માપના અર્થવાળા **बिस्त, आचित** અથવા **कंबल्या** ના અંતવાળા સામાસિક શબ્દને **आ** લાગે છે.

**ख.** માપના અર્થવાળા **काण्ड** ના અંતવાળા સામાસિક શબ્દ જો ક્ષેત્ર વાચક શબ્દનું વિશેષણ થનાર હોય તો **आ** લાગે છે. જેમકે **द्विकाण्डा (क्षेत्रभाक्तिः)**=૩૦ હાથ લાંબી (જમીન); **द्विकाण्डी (रज्जुः)**=૩૦ હાથ લાંબું (દોરડું).

**ग.** માપ વાચક **पुरुष** શબ્દ અંતમાં હોય ને તદ્ધિતનો પ્રત્યય લાગી ઉડી ગયો હોય તો તેવા સામાસિક શબ્દને **ई** તેમજ **आ** લાગે છે. જેમકે **द्वौ पुरुषौ प्रमाणं अस्याः=द्विपुरुषा** અથવા **द्विपुरुषी (परिखा)**=બે મથોડા ઉંડી (ખાડી).

ખ. **ई** લેનારા શબ્દો વિષેઃ—ઉપર લખેલા શિવાયના **अ** કારાંત શબ્દોને **ई** લાગેછે.

૪. બહુવ્રીહિ સમાસથી થયલા શબ્દમાં લાગતાં નિયમો.

ક. **ई** અથવા **आ** લેનારા શબ્દો વિષે.

૧. **दामन्** ના અંતવાળા અને તેની પૂર્વે સંખ્યાવાચક શબ્દ હોય એવા શબ્દો **ई** લેછે. ઉમ્મર વાચક **हायन** ના અંતવાળા અને તેની પૂર્વે સંખ્યાવાચક શબ્દ હોય એવા જીવવાચક શબ્દોનું વિશેષણ થનારા શબ્દો **ई** લેછે, ને બીજા વાચક શબ્દોનુ વિશેષણ થનારા શબ્દો **आ** લેછે. જેમકે **द्विहायन** નું **द्विहायनी (पुत्री)**=બે વરસની ઉમ્મરની (છોકરી). પણ **द्विहायना (शाला)** બે વરસપર બાંધેલી (શાળા)। **हायन** ની પૂર્વે **त्रि** અથવા **चतुर्** હોય ને **हायन** ને **ई** લાગતી હોયતો એના **न** નો **ण** થાય છે.

૨. **नासिका, उदर, ओष्ठ, जंघा, दन्त, कर्ण, शृङ्ग, अङ्ग, गात्र, कण्ठ,** ને **पुच्छ** ના અંતવાળા શબ્દોને **आ** અથવા **ई** લાગે છે. જેમકે **कृशोदरा** અને **कृशोदरी**। પણ જો **पुच्छ** ની પૂર્વે **कबर, मणि** અથવા **विष** હોય અથવા **पुच्छ** અને **पक्ष** સરખામણી કરવાના અર્થમાં વપરાયલા હોય તો **ई** લાગે છે. જેમકે **कबरपुच्छी**।

૩. **नख** અને **मुख** ના અંતવાળા અને વિશેષ નામ તરીકે વપરાતા શબ્દોને **आ** લાગે છે. જેમકે **शूर्पणखा**। પણ **ताम्रमुखी**।

૪. **अन्** અંતવાળા શબ્દોને **आ** વિકલ્પે લાગે છે. જેમકે **सुपर्वन्** નું **सुपर्वम्** ને **सुपर्वा**।
**અપવાદ**—જો **अन्** નો **अ** ત્રિજી વિભકિતના એક વચનના **आ** પ્રત્યયની પૂર્વે ઉડી જતો હોય તો **ई** વિકલ્પે લેછે. જેમકે **बहुराजन्** નું **बहुराजन्** અને **बहुराज्ञी**।

૫. **पाद्** (**पाद** નો થયેલો) અંતવાળા શબ્દને **ई** વિકલ્પે લાગેછે. જેમકે **व्याघ्रपाद्** નું **व्याघ्रपाद्** અને **व्याघ्रपदी**। પણ **कुंभपद्यादि** સમૂહ (આ ૮ મા પ્રકરણના ૧ લા પરિશિષ્ટમાં આપ્યોછે) ના શબ્દોમાં તો **ई** જરૂર લાગેછે, ને **पाद** ના અંતવાળા શબ્દને **आ** લાગેછે. જેમકે **हस्तिपादा**।

૬. **अक्षि** ના થયલા **अक्ष** ના અંતવાળા શબ્દ નિર્જીવ પદાર્થનું વિશેષણ થતા હોય ને તેનું સ્ત્રીલિંગ કરવું હોય તો **आ**, ને જીવવાળા પદાર્થનું વિશેષણ થતા હોય ને તેનું સ્ત્રીલિંગ કરવું હોય તો **ई** લાગેછે. જેમકે **कमलाक्षः (पुरुषः)**। **कमलाक्षी (स्त्री)**। **कमलाक्षा (वेणुयष्टिः)**।

ખ. **ई** લેનારા શબ્દો વિષેઃ—

१. **उघस्** અંતવાળા શબ્દોને **ई** લાગે છે, ને અંત્ય **अस्** નો **न्** થાયછે. જેમકે **पीनं उधः यस्याः सा=पीनोघ्नी ।**

२. શરીરના અવયવ વાચક શબ્દોની પૂર્વે દિશાવાચક શબ્દ હોય તો તેને **ई** લાગેછે. જેમકે **उदङ्मुखी ।**

---

## ભાગ ૭ મો.

### સામાસિક શબ્દોના રૂપો વિષે નિયમો તથા તેઓમાંના જોઈતા રૂપો.

ચોથા પ્રકરણના પાંચમાં ભાગમાં શબ્દોના રૂપો આપ્યા છે તે પ્રમાણે તે શબ્દો સામાસિક શબ્દોના અંતમાં આવે તોએ તેઓના રૂપ થાય છે, પણ કેટલાક શબ્દોના રૂપમાં પોતાના અંગનું કાર્ય રહેતું નથી ને જુદી રીતે રૂપો થાય છે તે વિષે નીચે મુજબઃ—

૧. **इ, उ, ऋ** ( હ્રસ્વ કે દીર્ઘ ) ના અંતવાળો પુલ્લિંગનો શબ્દ સમાસના અંતમાં આવ્યો હોય ને તેનો અંત્યાક્ષર કાયમ રહી અથવા હ્રસ્વ થઈ નપુંસકલિંગનો થયો હોય તો, તે **भाषितपुंस्कत्व** વાળો હોવાથી તેમ થયલા સામાસિક નપુંસકલિંગના શબ્દને ત્રિજીથી સાતમી વિભકિતમાં નપુંસકલિંગના તેમજ પુલ્લિંગના શબ્દના રૂપ જેવા રૂપ થાય છે. જેમકે પુલ્લિંગના **क्रोष्टु** શબ્દનો નપુંસકલિંગનો **प्रियक्रोष्टु** શબ્દ થાય ત્યારે તેના ત્રિજીના એક વચનના રૂપ **प्रियक्रोष्टुना** અને **प्रियक्रोष्ट्रा** થાય ને પુલ્લિંગના **प्रधी** શબ્દનો નપુંસક લિંગનો **प्रधि** શબ્દ થાય ત્યારે તેના ત્રિજીના એક વચનના રૂપ **प्रध्या** ને **प्रधिना** થાય.

૨. ચોથા પ્રકરણના પાંચમાં ભાગમાં અપવાદમાં બતાવેલા શબ્દો પ્રાદિ તથા બહુવ્રીહિ સમાસના અંતમાં આવતા તેઓને તેઓના અંગનું કાર્ય થતું નથી.

૩. જે શબ્દના અંતમાં લિંગ બદલાતા ફેરફાર થાય છે તેને તેના અંગનું કાર્ય રહેતું નથી. પણ **प्रै** ના નપુંસકલિંગમાં થતા **प्रारि** માં **भ्याम्**, **भिस्**, **भ्यस्**, **नाम्** અને **सु** ની પૂર્વે રહે છે. જેમકે **प्ररि** ના રૂપ **भ्यामादि**ની પૂર્વે **प्राराभ्याम्, प्राराभिः, प्राराभ्यः, प्राराणाम्, प्रारासु** થાય છે, ને બાકીના બધા **वारि** ના જેવા થાય છે.

૪. **अ** કારાંતમાં–

ક. **अह्न** ની પૂર્વે સંખ્યાવાચક શબ્દ, **वि** અથવા **सायम्** આવી થતા પુલ્લિંગ તથા નપુંસકલિંગના શબ્દને ૭ મીના એક વચનમાં ત્રણ રૂપ થાય છે. જેમકે **द्व्यह्न** નું **द्व्यह्ने, द्व्यह्नि, द्व्यहनि.**

ખ. **जरा**ના અંતવાળા **निर्जर** અને **अजर** શબ્દના પુલ્લિંગ તથા નપુંસકલિંગના રૂપ **अजर** (પુ. ન.) ના રૂપ (ના. ૧૭૯) જેવા થાય છે.

૫. **आ** કારાંતમાં–ધાતુના અંતવાળા પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના શબ્દના રૂપ **विश्वपा** (પુ.સ્ત્રી.)ના રૂપ (ના. ૧૮૦) જેવા થાય છે.

૬. **इ** કારાંતમાં–

ક. **पति**ને તેના અંગનુ કાર્ય કોઇ પણ સમાસને અંતે આવતા થતું નથી. ને એના અંતવાળા બહુવ્રીહિ તથા પ્રાદિ સમાસના શબ્દના રૂપ ઉપર લખેલી ૧લી તથા ૨ જી કલમ પ્રમાણે પુલ્લિંગમાં **हरि** ના જેવા, ને નપુંસકલિંગમાં **वारि** ના જેવા તેમજ ત્રીજી થી સાતમી વિભકિત માં **हरि** ના જેવા ને સ્ત્રીલિંગમાં **मति** ના જેવા થાય છે.

ખ. **सखि** ના અંતવાળા બહુવ્રીહિ તથા પ્રાદિ સમાસના શબ્દના રૂપ **पति** ના અંતવાળા એવા સમાસના શબ્દના રૂપ જેવા થાય છે.

ગ. **स्त्री** ના અંતવાળા પુલ્લિંગના શબ્દના રૂપ **अतिस्त्रि** (પુ.)ના રૂપ (ના. ૧૮૧) જેવા, સ્ત્રીલિંગના શબ્દના રૂપ **अतिस्त्रि** (સ્ત્રી.) ના રૂપ (ના. ૧૮૨) જેવા, ને નપુંસકલિંગના શબ્દના રૂપ **अतिस्त्रि** (ન.)ના રૂપ (ના. ૧૮૩) જેવા થાય છે.

૭. ઈકારાંતમાં–

ક. એકાચ અને અધાત્વન્ત શબ્દના અંતવાળા પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના શબ્દના રૂપ **प्रधी** (પુ. સ્ત્રી.=ઘણી બુદ્ધિવાળો–ળી) ના રૂપ (ના. ૧૮૪) જેવા થાય છે.

ખ. અનેકાચ અને અધાત્વન્ત શબ્દના અંતવાળા પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના શબ્દના રૂપ **बहुश्रेयसी** (પુ. સ્ત્રી.=ઘણું કલ્યાણ કરનાર–રી) ના રૂપ (ના. ૧૮૫) જેવા થાય છે.

ગ, ધાત્વન્ત અને ઉણાદિ કે સ્ત્રીલિંગના પ્રત્યય લાગ્યા વગર થયલા અને અંત્ય ई ની પૂર્વે સંયુક્ત વ્યંજન ન હોય તેવા પ્રાતિપદિકની પૂર્વે કોઈ શબ્દ ૧ લી, ૨ જી, ૩ જી, ૪થી ૫ મી ને ૭ મી વિભકિત તત્પુરૂષ અથવા ગતિ તત્પુરૂષ સમાસથી જોડાયો હોય તો તેવા પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના સામાસિક શબ્દના રૂપ **प्रधी** (પુ. સ્ત્રી.=ઘણું ભણનાર-રી) ના રૂપ જેવા થાય છે, અને એવા શિવાયના શબ્દોના રૂપ **विक्री** (પુ. સ્ત્રી.=ઘણું ખરીદનાર–રી) ના રૂપ જેવા થાય છે.

**અપવાદ–नी** ના અંતવાળા એવા શબ્દોને સાતમીના એક વચનમાં છઠ્ઠીના બહુવચનના રૂપ જેવાજ રૂપ થાય છે.

૮. ऊ કારાંતમા–

ક. એકાચ અને અધાત્વન્ત શબ્દના અંતવાળા પુલ્લિગ તથા સ્ત્રીલિંગના શબ્દના રૂપ **सुभ्रू** (પુ. સ્ત્રી.=સારા ભવાંવાળો–ળી.) ના રૂપ (ના. ૧૮૬) જેવા થાય છે.

ખ. અનેકાચ અને અધાત્વન્ત શબ્દના અંતવાળા પુલ્લિગ તથા સ્ત્રીલિગના શબ્દના રૂપ **अतिचमू** (પુ. સ્ત્રી.=ઘણા લશ્કરવાળો-ળી) ના રૂપ (ના. ૧૮૭) જેવા થાય છે.

ગ. ધાત્વન્ત અને ઉણાદિ કે સ્ત્રીલિંગના પ્રત્યય લાગ્યા વગર થયલા અને અંત્ય ऊ ની પૂર્વે સંયુક્ત વ્યંજન ન હોય તેવા પ્રાતિપદિકની પૂર્વે કોઈ શબ્દ ૧ લી, ૨ જી, ૩ જી, ૪ થી, ૫ મી ને ૭ મી વિભકિત તત્પુરૂષ અથવા ગતિ તત્પુરૂષ સમાસથી જોડાયો હોય તો તેવા પુલ્લિગ તથા સ્ત્રીલિંગના સામાસિક શબ્દના રૂપ **प्रलू** (પુ. સ્ત્રી.=ઘણું કાપ-નાર-રી) ના રૂપ જેવા થાય છે, અને એવા શિવાયના શબ્દોના રૂપ **विद्रू** (પુ. સ્ત્રી.= વધારે ઈજા કરનાર-રી) ના રૂપ જેવા થાય છે.

**અપવાદ–भू** ના અંતવાળા ઉપર લખ્યા પ્રમાણેના શબ્દોના રૂપ **प्रलू** ના રૂપ પ્રમાણે ન થતા **विद्रू** ના રૂપ પ્રમાણે થાય છે, પણ **वर्षाभू** , **पुनर्भू** , **दृन्भू** , **कारभू** , ને **करभू** ના રૂપ જો તેઓ ક્રિયાના અર્થમાંજ (જેમકે **वर्षाभू**=વર્ષા રૂતુમાં થનારો-રી) વપરાયા હોય તો તેઓના રૂપ **प्रलू** ના જેવા થાય છે. ને બીજા કોઈ અમુક અર્થમાં સ્ત્રીલિંગમાં થતા હોય તો તેના રૂપ **वर्षाभू** (સ્ત્રી.=સાટોડી) ના રૂપ (ના. ૧૮૮) જેવા થાય છે.

૯. **ज्** ના અંતવાળામાં–**राज्** ની પૂર્વે **विश्व** આવી થતા **विश्वराज्** ને ૧ લી ના એક વચનમાં તથા **भ्याम्**, **भिस्**, **भ्यस्** તથા **सु** પ્રત્યયની પૂર્વે **विश्व** નું **विश्वा** થાય છે.

૧૦. **द्** ના અંતવાળામાં– **पाद्** ના અંતવાળા પુલ્લિગ તથા નપુંસકલિંગના શબ્દના રૂપ **सुपाद्** (પુ. ન.) ના રૂપ (ના. ૧૮૯) જેવા થાય છે.

૧૧. **न्** ના અંતવાળામાં–

ક. **युवन्**, **मघवन्** ને **श्वन्** ના અંતવાળા નપુંસકલિંગના શબ્દના રૂપ **बहुयुवन्** (ન.) ના રૂપ (ના.૧૯૦) જેવા થાય છે.

ખ. **पथिन्**, **मथिन्** ને **ऋभुक्षिन्** ના અંતવાળા નપુંસકલિંગના શબ્દના રૂપ **सुपथिन्** (ન.) ના રૂપ (ના. ૧૯૧) જેવા થાય છે.

ગ. **अहन्** ના અંતવાળા પુલ્લિંગ ના શબ્દના રૂપ **दीर्घाहन्** (પુ.)ના રૂપ (ના.૧૯૨)જેવા થાય છે.

ઘ. **अनर्वन्** (પુ.) ના રૂપ (ના. ૧૯૩).

૧૨. **प्** ના અંતવાળામાં–**अप्** ના અંતવાળા પુલ્લિંગ તથા નપુંસકલિંગના શબ્દોના રૂપ **स्वप्** (પુ. ન.) ના રૂપ (ના. ૧૯૪) જેવા થાય છે.

૧૩. **स्** ના અંતવાળામાં–

ક. **उशनस्** ના અંતવાળા નપુંસકલિંગના શબ્દના રૂપ **अत्युशनस्** (ન.) ના રૂપ (ના. ૧૯૫) જેવા થાય છે.

ખ. **पुंस्** ના અંતવાળા નપુંસકલિંગના શબ્દના રૂપ **सुपुंस्** (ન.) ના રૂપ (ના. ૧૯૬) જેવા થાય છે.

**૧૭૯. अजर** (પુ.ન.)=નથી જણાતું ઘડ પણ જેને-નું.

| એકવચન પુ. | એકવચન ન. | દ્વિવચન પુ. | દ્વિવચન ન. | બહુવચન પુ. | બહુવચન ન. |
|---|---|---|---|---|---|
| अजरः | अजरम् | अजरौ अजरसौ | अजरे | अजराः अजरसः | अजराणि अजरांसि |
| अजरम्–अजरसम् | ,, | अजरौ अजरसौ | ,, | अजरान् अजरसः | अजराणि अजरांसि |
| अजरसा-अजरेण | | अजराभ्याम् | | अजरैः | |
| अजराय-अजरसे | | ,, | | अजरेभ्यः | |
| अजरात्-अजरसः | | ,, | | ,, | |
| अजरस्य-अजरसः | | अजरयोः-अजरसोः | | अजराणाम्-अजरसां | |
| अजरे-अजरसि | | अजरयोः-अजरसोः | | अजरेषु | |
| अजर | अजर | अजरौ अजरसौ | अजरे अजरसी | अजराः अजरसः | अजराणि अजरांसि |

**૧૮૦. विश्वपा** (પુ.સ્ત્રી.)=વિશ્વને પાળનાર–રી.

| એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|
| विश्वपाः | विश्वपौ | विश्वपाः |
| विश्वपाम् | ,, | विश्वपः |
| विश्वपा | विश्वपाभ्याम् | विश्वपाभिः |
| विश्वपे | ,, | विश्वपाभ्यः |
| विश्वपः | ,, | ,, |
| ,, | विश्वपोः | विश्वपाम् |
| विश्वपि | ,, | विश्वपासु |
| विश्वपाः | विश्वपौ | विश्वपाः |

**૧૮૧. अतिस्त्रि** (પુ.)=સ્ત્રીને અતિક્રમણ કરી રહેનારો

| એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|
| अतिस्त्रिः | अतिस्त्रियौ | अतिस्त्रयः |
| अतिस्त्रियम्-स्त्रिम् | ,, | अतिस्त्रियः-स्त्रीन् |
| अतिस्त्रिणा | आतिस्त्रिभ्याम् | अतिस्त्रिभिः |
| अतिस्त्रये | ,, | अतिस्त्रिभ्यः |
| अतिस्त्रेः | ,, | ,, |
| ,, | अतिस्त्रियोः | अतिस्त्रीणाम् |
| अतिस्त्रौ | ,, | अतिस्त्रिषु |
| अतिस्त्रे | अतिस्त्रियौ | अतिस्त्रयः |

**૧૮૨. अतिस्त्रि** (સ્ત્રી.)=સ્ત્રીને અતિક્રમણ કરી રહેનારી

| એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|
| अतिस्त्रिः | अतिस्त्रियौ | अतिस्त्रयः |
| अतिस्त्रियम्-स्त्रिम् | ,, | अतिस्त्रियः-स्त्रीः |
| अतिस्त्रिया | अतिस्त्रिभ्याम् | आतिस्त्रिभिः |
| अतिस्त्रिये-स्त्रियै | ,, | अतिस्त्रिभ्यः |
| अतिस्त्रियाः-स्त्रेः | ,, | ,, |
| ,, ,, | अतिस्त्रियोः | अतिस्त्रीणाम् |
| अतिस्त्रियाम्-स्त्रौ | ,, | अतिस्त्रिषु |
| अतिस्त्रे | अतिस्त्रियौ | अतिस्त्रयः |

| એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|
| **૧૮૩. अतित्रि** (न.)=સ્ત્રીને અતિક્રમણ કરી રહેનારૂં. | | | **૧૮૪. प्रधी** (પુ. સ્ત્રી.) ઘણી બુદ્ધિવાળો–ળી | | |
| अतित्रि | अतित्रिणी | अतित्रीणि | प्रधी | प्रध्यौ | प्रध्यः |
| ” | ” | ” | प्रध्यम् | ” | ” |
| अतित्रिणा | अतित्रिभ्याम् | अतित्रिभिः | प्रध्या | प्रधीभ्याम् | प्रधीभिः |
| अतित्रिणे-त्रये | ” | अतित्रिभ्यः | प्रध्यै | ” | प्रधीभ्यः |
| अतित्रिणः-त्रेः | ” | ” | प्रध्याः | ” | ” |
| ” ” | अतित्रिणोः-त्रियोः | अतित्रीणाम् | ” | प्रध्योः | प्रधीनाम् |
| अतित्रिणि-त्रौ | ” ” | अतित्रिषु | प्रध्याम् | ” | प्रधीषु |
| अतित्रि-त्रे | अतित्रिणी | अतित्रीणि | प्रधि | प्रध्यौ | प्रध्यः |
| **૧૮૫. बहुश्रेयसी** (*સ્ત્રી.)=ઘણું કલ્યાણ કરનારી. | | | **૧૮૬. सुभ्रू** (પુ. સ્ત્રી.)=સારા ભવાવાળો–ળી. | | |
| बहुश्रेयसी | बहुश्रेयस्यौ | बहुश्रेयस्यः | सुभ्रूः | सुभ्रुवौ | सुभ्रुवः |
| बहुश्रेयसीम् | ” | बहुश्रेयसीः | सुभ्रुवम् | ” | ” |
| बहुश्रेयस्या | बहुश्रेयसीभ्याम् | बहुश्रेयसीभिः | सुभ्रुवा | सुभ्रूभ्याम् | सुभ्रूभिः |
| बहुश्रेयस्यै | ” | बहुश्रेयसीभ्यः | सुभ्रुवे –सुभ्रुवै | ” | सुभ्रूभ्यः |
| बहुश्रेयस्याः | ” | ” | सुभ्रुवः–सुभ्रुवाः | ” | ” |
| ” | बहुश्रेयस्योः | बहुश्रेयसीनाम् | ” ” | सुभ्रुवोः | सुभ्रुवाम्-सुभ्रूणाम् |
| बहुश्रेयस्याम् | ” | बहुश्रेयसीषु | सुभ्रुवि–सुभ्रुवाम् | ” | सुभ्रूषु |
| बहुश्रेयसि | बहुश्रेयस्यौ | बहुश्रेयस्यः | सुभ्रूः | सुभ्रुवौ | सुभ्रुवः |
| **૧૮૭. अतिचमू** (પુ. સ્ત્રી.)=લશ્કરને અતિક્રમણ કરી રહેનારો–રી. | | | **૧૮૮. वर्षाभू** (સ્ત્રી.)=સાટોડી. | | |
| अतिचमूः | अतिचम्वौ | अतिचम्वः | वर्षाभूः | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| अतिचमूम् | ” | अतिचमून् | वर्षाभ्वम् | ” | ” |
| अतिचम्वा | अतिचमूभ्याम् | अतिचमूभिः | वर्षाभ्वा | वर्षाभूभ्याम् | वर्षाभूभिः |
| अतिचम्वे | ” | अतिचमूभ्यः | वर्षाभ्वै | ” | वर्षाभूभ्यः |
| अतिचम्वाः | ” | ” | वर्षाभ्वाः | ” | ” |
| ” | अतिचम्वोः | अतिचमूनाम् | ” | वर्षाभ्वोः | वर्षाभूणाम् |
| अतिचम्वाम् | ” | अतिचमूषु | वर्षाभ्वाम् | ” | वर्षाभूषु |
| अतिचमु | अतिचम्वौ | अतिचम्वः | वर्षाभु | वर्षाभ्वौ | वर्षाभ्वः |
| **૧૮૯. सुपाद्** (પુ. ન.)=સારા પગવાળો–ળું. | | | **૧૯૦. बहुयुवन्** (ન.)=બહુ જુવાનીવાળું. | | |
| पु. \| न. | पु. \| न. | पु. \| न. | | | |
| सुपात् \| सुपात् | सुपादौ \| सुपदी | सुपादः \| सुपान्दि | बहुयुव | बहुयूनी | बहुयुवानि |
| सुपादम् \| ” | ” \| ” | सुपदः \| ” | ” | ” | ” |
| सुपदा | सुपाद्भ्याम् | सुपाद्भिः | बहुयूना | बहुयुवभ्याम् | बहुयुवभिः |
| सुपदे | ” | सुपाद्भ्यः | बहुयूने | ” | बहुयुवभ्यः |
| सुपदः | ” | ” | बहुयूनः | ” | ” |
| ” | सुपदोः | सुपदाम् | ” | बहुयूनोः | बहुयूनाम् |
| सुपदि | ” | सुपात्सु | बहुयूनि | ” | बहुयुवसु |
| सुपात् \| सुपात् | सुपादौ \| सुपदी | सुपादः \| सुपान्दि | बहुयुवन् | बहुयूनी | बहुयुवानि |

*પુલ્લિંગમાં આને બીજીના બહુ વચનમા **बहुश्रेयसीन्** થાય છે. બીજો ફેરફાર થતો નથી.

### ૧૯૧. **सुपथिन्** (न)=સારા રસ્તાવાળું.

| એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
|---|---|---|
| सुपथि | सुपथी | सुपन्थानि |
| ,, | ,, | ,, |
| सुपथा | सुपथिभ्याम् | सुपथिभिः |
| सुपथे | ,, | सुपथिभ्यः |
| सुपथः | ,, | ,, |
| ,, | सुपथोः | सुपथाम् |
| सुपथि | ,, | सुपथिषु |
| सुपथि-सुपथिन् | सुपथी | सुपन्थानि |

### ૧૯૨. **दीर्घाहन्** (પુ.)=લાંબા દહાડાવાળો.

| એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
|---|---|---|
| दीर्घाहाः | दीर्घाहानौ | दीर्घाहानः |
| दीर्घाहानम् | ,, | दीर्घाह्नः |
| दीर्घाह्ना | दीर्घाहोभ्याम् | दीर्घाहोभिः |
| दीर्घाह्ने | ,, | दीर्घाहोभ्यः |
| दीर्घाह्नः | ,, | ,, |
| ,, | दीर्घाह्नोः | दीर्घाह्नाम् |
| दीर्घाह्नि-दीर्घाहनि | ,, | दीर्घाहसु |
| दीर्घाहः | दीर्घाहानौ | दीर्घाहानः |

### ૧૯૩. **अनर्वन्** (પુ.)=ન દ્વેષ કરવાલાયક.

| એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
|---|---|---|
| अनर्वा | अनर्वाणौ | अनर्वाणः |
| अनर्वाणम् | ,, | अनर्वणः |
| अनर्वणा | अनर्वभ्याम् | अनर्वभिः |
| अनर्वणे | ,, | अनर्वभ्यः |
| अनर्वणः | ,, | ,, |
| ,, | अनर्वणोः | अनर्वणाम् |
| अनर्वणि | ,, | अनर्वसु |
| अनर्वन् | अनर्वाणौ | अनर्वाणः |

### ૧૯૪. **स्वप** (પુ. ન.)=સારૂં છે પાણી જેમાં એવો-એવું.

| એકવચન. પુ. | એકવચન. ન. | દ્વિવચન. પુ. | દ્વિવચન. ન. | બહુવચન. પુ. | બહુવચન. ન. |
|---|---|---|---|---|---|
| स्वाप् | स्वप् | स्वापौ | स्वापी | स्वापः | स्वाम्पि स्वम्पि |
| स्वापम् | ,, | ,, | ,, | ,, | स्वाम्पि स्वम्पि |
| स्वपा | | स्वद्भ्याम् | | स्वद्भिः | |
| स्वपे | | ,, | | स्वद्भ्यः | |
| स्वपः | | ,, | | ,, | |
| ,, | | स्वपोः | | स्वपाम् | |
| स्वपि | | ,, | | स्वप्सु | |
| स्वाप् | स्वप् | स्वापौ | स्वपी | स्वापः | स्वाम्पि स्वम्पि |

### ૧૯૫. **अत्युशनस्** (ન.)=ઉશનસને અતિ ક્રમણ કરી રહેનારૂં

| એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
|---|---|---|
| अत्युशन | अत्युशनसी | अत्युशनंसि |
| ,, | ,, | ,, |
| अत्युशनसा | अत्युशनोभ्याम् | अत्युशनोभिः |
| अत्युशनसे | ,, | अत्युशनोभ्यः |
| अत्युशनसः | ,, | ,, |
| ,, | अत्युशनसोः | अत्युशनसाम् |
| अत्युशनसि | ,, | अत्युशनःसु |
| अत्युशनः-नन्-नन् | अत्युशनसी | अत्युशनंसि |

### ૧૯૬. **सुपुंस्** (ન.)=સારા માણસવાળું

| એકવચન. | દ્વિવચન. | બહુવચન. |
|---|---|---|
| सुपुम् | सुपुंसी | सुपुमांसि |
| ,, | ,, | ,, |
| सुपुंसा | सुपुंभ्याम् | सुपुंभिः |
| सुपुंसे | ,, | सुपुंभ्यः |
| सुपुंसः | ,, | ,, |
| ,, | सुपुंसोः | सुपुंसाम् |
| सुपुंसि | ,, | सुपुन्सु(सुपुंसु नहीं) |
| सुपुम् | सुपुंसी | सुपुमांसि |

# પ્રકરણ ૭ મું.

## વાક્ય રચના.

વાક્યમાં મુખ્ય શબ્દ ક્રિયા બતાવનાર એટલે ક્રિયાપદ છે, ને ક્રિયાનો કરનાર એટલે કર્ત્તા વાચક, જેને વિષે કર્ત્તાની ક્રિયા હોય તે એટલે કર્મવાચક, કર્તા કર્મનો ગુણ બતાવનાર એટલે વિશેષણ વાચક, કર્તાની સાથે જુદાજુદા સંબંધ બતાવનારા કરણઆદિ વાચક જુદીજુદી વિભક્તિઓના શબ્દો, ક્રિયાની રીત વગેરે બતાવનાર એટલે અવ્યય, તથા ઊદ્ગારના અક્ષરો કે શબ્દો પણ આવે છે. એઓમાં ક્રિયાપદના વાપરવા વિષે, તથા કર્તા, કર્મ તથા કરણ આદિની વિભક્તિઓના વાપરવા વિષે, તથા તેઓ વચ્ચેના સંબંધ કેવા જોઈએ ને તેઓમાના કોણ ક્યારે અધ્યાહાર રહેછે ને કોણ ક્યારે બેવડાય છે તે વિષે તથા કેટલાક પ્રાતિપદિકો, ક્રિયાપદો, તથા વાક્યો કેવીરીતે વપરાય છે તે વિષે, તથા કેટલાક અવ્યયો કેવી રીતે વપરાય છે તે વિષે, કેટલાક જાણવાજોગ નિયમો છે તે નીચે મુજબઃ—

૧. ક્રિયાપદ વાપરવા વિષેઃ—

ક. વર્તમાન કાળનુ ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષે.

૧. જ્યારે બોલતા હોઈએ ત્યારે ક્રિયા થતી હોય તો—જેમકે **अयमागच्छति तवपुत्रः।**

૨. ,, ,, ,, ,, ,, તરતજ થઈ રહી હોયતો—જેમકે **कदागतः। अयमागच्छामि।**

૩. ,, ,, ,, ,, ,, તરતજ શરૂ થવાની હોયતો—જેમકે **कदा गमिष्यसि। एष गच्छामि।**

૪. કુદરતના કાયદાઓની, મનુષ્યજાતની ખાયશો તથા વૃત્તિઓની, હુંમેશની ગોઠવણોની તથા નિયમ પૂર્વક એકસરખી રીતે થનારી અથવા રહેનારી બાબતોની વાત કરવામાં—જેમકે **सत्संगतिः कथय किं न करोति पुंसाम्। अस्त्युत्तरस्यां दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः।**

૫. વારંવાર થતી ક્રિયા કહેવામાં તથા આદત બતાવવાના અર્થમાં—જેમકે **पशु वधेनासौ जीवति।**

૬. જ્યારે વાક્ય શરતવાચક હોય ને તેમાં આશાનો અર્થ હોય ત્યારે ભવિષ્યકાળના અર્થમાં—જેમકે **देवश्चेद्वर्षति धान्यं वपामः।**

૭. વાર્તાના ભૂતકાળના અર્થમાં—જેમકે **गृध्रो ब्रूते।**

૮. **स्म, पुरा,** તથા **पुरास्म** ની સાથે ભૂતકાળના અર્થમાં—જેમકે **गच्छति स्म**=ગયો હતો। **वसन्ति स्म छात्रा इह। वसन्ति पुरा छात्रा इह। वसन्ति स्म पुरा छात्रा इह।**

૯. પ્રશ્નવાચક અવ્યયો સાથે ભવિષ્ય કાળના અર્થમાં—જેમકે **किं करोमि। क गच्छामि**

૧૦. શરત વાચક વાક્યમાં ભવિષ્યકાળના અર્થમાં—**योऽन्नं ददाति (=दास्यति) सः स्वर्गं याति (=यास्यति)**

૧૧. **यावत्, तावत्** ને એવા અર્થવાળાની સાથે કેટલીક વખત ભવિષ્યકાળના અર્થમાં—જેમકે **यावत्स त्वां न पश्यति तावद्दूरमपसर।**

૧૨. **पुरा** ને **यावत्** અવ્યયોની સાથે ભવિષ્યકાળના અને નક્કીપણાના અર્થમાં–જેમકે **आलोके ते निपतति पुरा**=તારી નજરે તે જરૂર પડશે । **यावदस्य दुरात्मन उन्मूलनाय शत्रुघ्नं प्रेषयामि**=તે દુરાત્માને ઊખેડી નાંખવાને શત્રુઘ્નને જરૂર મોકલીશ.

૧૩. **जातु** ને **अपि** સાથે વર્તમાન, ભૂત, ને ભવિષ્ય એ ત્રણે કાળોના અને નિંદાવાચક અર્થમાં–જેમકે **जातु तत्र भवान्वृषलान्याजयति**=તેતો વૃષલોને પણ યજ્ઞ કરાવશે. । **अपि जायां त्यजसि** (=છોડી હશે અથવા છોડશે ) । **जातु गणिका मादत्से** (=પરણી હશે અથવા પરણશે. )

ખ. અનદ્યતન ભૂતનુ ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષેઃ–

૧. જે દિવસે વાત થતી હોય તેની પૂર્વેના દિવસની, પણ ઘણા દિવસ પરની નહીં એવી ક્રિયા બતાવવામાં.

૨. **पुरा** (**स्म**ની સાથે આવેલો નહીં) ની સાથે–જેમકે **छात्राः पुरेहावसन्** ।

૩. **ह** અથવા **शश्वत्** વાક્યમાં આવે તો પરોક્ષ ભૂતના અર્થમાં–જેમકે **कृष्णः कंसं जघान** અથવા **कृष्णः कंसं हाहनत्** ।

૪. **मा** ને **स्म** ની સાથે આજ્ઞાર્થના અર્થમાં–ને એમ વપરાય છે ત્યારે કાળનો આગમ ઊડી જાય છે–જેમકે **मा स्म भवः** ।

ગ. પરોક્ષભૂતનુ ક્રિયાપદ ક્યારે વપરાય છે તે વિષેઃ–

૧. ઘણા જુના વખતની અથવા જેની બોલનારને ખબર ન હોય એવી ક્રિયા બતાવવામાં.
અપવાદ–જ્યારે ક્રિયા થઈ હોય ત્યારે બોલનાર વ્યગ્ર મનનો અથવા અચેતન હોય, અથવા બોલનાર ક્રિયાનો તદ્દન ઈનકાર જવા માંગતો હોય તોજ પહેલો પુરૂષ વપરાય નીકર પેહલો પુરૂષ વપરાતો નથી—જેમકે **बहु जगद पुरस्तात्तस्य मत्ताकिलाहम्** ।

૨. **पुरा** (**स्म** સાથે આવેલો નહીં ) ની સાથે–જેમકે **छात्राः पुरेहोषुः** ।

ઘ. સામાન્ય ભૂતનુ ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષેઃ–

૧. ખરી રીતે તો જે દિવસે વાત થતી હોય તે દિવસે થોડી વાર પર થઇ ગયલી ક્રિયા બતાવવામાં, પણ કોઈ પણ ભૂતકાળ વિષે વાપરવામાં હરકત નથી. પણ વાતોમાં તો વપરાતોજ નથી.

૨. ભૂતકાળમાં ક્રિયાનુ ચાલુપણુ બતાવવાના અર્થમાં–જેમકે **यावज्जीवमन्नमदात्** ।

૩. જ્યારે વાક્ય શરતવાચક હોય ને તેમાં આશાનો અર્થ હોય ત્યારે–જેમકે **देवश्चे द्वर्षीद्धान्यमवाप्स्म** ।

૪. **पुरा** ( **स्म** ની સાથે આવેલો નહીં) ની સાથે–જેમકે **इह पुरा छात्राः अवत्सुः** ।

૫. **मा** અથવા **मास्म** સાથે આજ્ઞાર્થના અર્થમાં–ને એમ વપરાય છે ત્યારે કાળનો આગમ ઊડી જાય છે–જેમકે **मा गाः**=જતો નહીં, પણ જો ધાતુને ઉપસર્ગ લાગ્યો હોય તો કાળનો ઉપસર્ગ વિકલ્પે ઊડે છે–જેમકે **मा मन्युवशमन्वगाः । मावमंस्था स्वमात्मानं** ।

ઙ. અનદ્યતન ભવિષ્યનુ ક્રિયાપદ ક્યારે વપરાય છે તે વિષેઃ–

૧. જ્યારે ચાલતા દિવસમાં ક્રિયા થવાની ન હોય પણ થોડા દિવસમાં થવાની હોય ત્યારે–જેમકે पंचषैरहोभिर्वयमेव तत्र गन्तारः ।

૨. જ્યારે વાક્યમાં अवर અથવા रात्र શબ્દ આવે ને વખત અથવા જગ્યાની હદ હોય ત્યારે–જેમકે योऽयं मास आगामी तस्य योऽवरः पञ्चदशरात्रस्तत्राध्येतास्महे ।

૩. જ્યારે અમુક વખત પછીના વખત વિષે કહેવું હોય ત્યારે–જેમકે योऽयं संवत्सर आगामी तस्य यत्परमाग्रहायण्यास्तत्राध्येतास्महे ।

ચ. સામાન્ય ભવિષ્યનું ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષેઃ—

૧. ચાલતા દિવસમાં ક્રિયા થવાની હોય અથવા થોડા કે ઘણા દિવસમાં થવાની હોય ત્યારે–જેમકે यास्यत्यद्य शकुंतला । मरिष्यामि विजेष्ये वा हता श्वेत्तनया मम ।

૨. ભવિષ્યમાં ક્રિયાનુ ચાલુપણુ બતાવવુ હોય ત્યારે–જેમકે यावज्जीवमन्नं दास्यति (दाता નહીં) ।

૩. જ્યારે વાક્યમાં अवर આવે ને વખત અથવા જગ્યાની હદ હોય ત્યારે–જેમકે योऽयमध्वा गन्तव्य आपाटलिपुत्रात्तस्य यदवरं कौशाम्ब्यास्तत्र सक्तून्पास्यामः (पातास्मः નહીં)। योऽयं संवत्सर आगामी तस्य यदवरमाग्रहायण्यास्तत्र युक्ता अध्येष्यामहे (अध्येतास्महे નહીં) ।

૪. જ્યારે વાક્યમાં क्षिप्रं અથવા એના અર્થવાળો શબ્દ હોય ને આશાનો અર્થ હોય ત્યારે–જેમકે वृष्टिश्चेत् क्षिप्रं यास्यति शीघ्रं वप्स्यामः=જો વરસાદ જલદી આવશે તો આપણે તરતજ વાવણી કરીશું. ।

૫. જ્યારે વાક્યમાં यच्च, यत्र કે यदि ન હોય ને આશ્ચર્યનો અર્થ હોય ત્યારે વિધ્યર્થના અર્થમાં–જેમકે आश्चर्यमन्धो नाम कृष्णं द्रक्ष्यति=આંધળો હરિને જુએ એ આશ્ચર્ય છે.।

૬. જ્યારે વાક્યમાં સંશય વાચક उत કે अपि હોય ત્યારે–જેમકે उत दण्डः पतिष्यति=શું તે દંડ પડશે? । अपिधास्यति द्वारं=શું તે બારણુ ઢાંકશે? ।

૭. જ્યારે વાક્યમાં अलं (=નક્કી) હોય ત્યારે–જેમકે अलं कृष्णो हस्तिनं हनिष्यति=કૃષ્ણ નક્કી હાથીને મારશે. ।

૮. જ્યારે અમુક વખત પછીના વખત વિષે કહેવું હોય ત્યારે–જેમકે योऽयं संवत्सर आगामी तस्य यत्परमाग्रहायण्यास्तत्राध्येष्यामहे ।

૯. જ્યારે વાક્યમાં किं, कतर, कतम વગેરે પ્રશ્નવાચક શબ્દ હોય ને નિંદાવાચક અર્થ હોય ત્યારે–જેમકે को हरिं निन्दिष्यति ।

૧૦. જ્યારે વાક્ય બોલનારની ધારણા બતાવવાના અર્થવાળું હોય ને તેમાં यद् ન વપરાયુ હોય ત્યારે–જેમકે संभावयामि भोक्ष्यते भवान्।

૧૧. જ્યારે વાક્ય શરતવાચક હોય ત્યારે–જેમકે कृष्णं नंस्यति चेत्सुखं यास्यति ।

૧૨. જ્યારે સભ્યતાપૂર્વકની આજ્ઞાનો અર્થ હોય ત્યારે–જેમકે पश्चात्सरं प्रतिगमिष्यसि=પછી મેહેરબાની કરી તું સરોવર પ્રત્યે જજે ।

૧૩. જ્યારે વાક્યનો અર્થ અસહનપણુ અથવા ન માનવા જેવું એવો હોય ત્યારે, ને તેમાં મુખ્યત્વે કરી પ્રશ્ન કરવો હોય ત્યારે–ને એમ વપરાય છે ત્યારે વિધ્યર્થના જેવો અર્થ થાય છે. વળી किङ्किल (ગુસ્સાવાચક) અને "થવું" ના અર્થવાળો ધાતુ વાક્યમાં હોય તો આ ભવિષ્યજ વપરાય છે–જેમકે न संभवामि भवान्हरिं निन्दिष्यति (निन्देत्वा)=તમે હરિની નિંદા કરો એ હું માનતો નથી। को हरिं

**निन्दिष्यति (निन्देत्वा)**=હરિની કોણ નિંદા કરે (=હું નથી ધારતો કે હરિની કોઇ નિંદા કરે)। **न संभवामि भवान्किङ्किल वृषलं याजयिष्यति**=તમે શૂદ્રને યજ્ઞ કરાવો એ હું માનતો નથી.।

૧૪. **स्मृ**(=યાદ રાખવું) ને એવા અર્થવાળા ધાતુ જોડે **यद्** ન વપરાયુ હોય તો અનદ્યતન ભૂતના અર્થમાં–જેમકે **स्मरसि कृष्ण गोकुले वत्स्यामः**=હે કૃષ્ણ, આપણે ગોકુલમાં રહેતા હતા તે તને યાદ છે?

૧૫. જ્યારે વાક્ય શરતવાચક હોય ને તેમાં આશાનો અર્થ હોય ત્યારે–જેમકે **देवश्चे द्वर्षिष्यति धान्यं वप्स्यामः**=જો વરસાદ આવવાનો હોય તો આપણે વાવણી કરીશું।

છ. આજ્ઞાર્થનું ક્રિયાપદ ક્યારે વપરાય છે.

૧. પેહેલો પુરૂષ નીચેની હકીગતમાં વપરાય છે.

**क.** સવાલ પુછવાનો હોય ત્યારે–જેમકે **किं करवाणि ते**= હું તારે માટે શું કરૂ?

**ख.** અગત્યતા બતાવવી હોય ત્યારે–જેમકે **अधुनाहं गच्छानि**=હમણા મારે જવું જોઇયે.

**ग.** શક્તિ બતાવવી હોય ત્યારે–જેમકે **करवाम एतद्वयं देवि प्रियं तव**=હે દેવિ, આજે તને પ્રિય છે તે કરવાને હમે શક્તિવાન છીએ.

૨. બીજો પુરૂષ નીચેની હકીગતમાં વપરાય છે–

**क.** આશીર્વાદનો અર્થ હોય ત્યારે–જેમકે **शुश्रुषस्व गुरून्कुरु प्रियसखीवृत्तिं सपत्नीजने**। વળી એમ વપરાય છે ત્યારે પરસ્મૈપદમાં એક વચનમાં **तात्** વિકલ્પે ઊમેરાય છે.

**ख.** નમ્ર હુકમનો અર્થ હોય ત્યારે–જેમકે **उत्तिष्ठन्तु महाभागाः**।

**ग.** વારંવારનો અર્થ હોય ત્યારે–પણ એમ વપરાય છે ત્યારે તે વાક્યના ક્રિયાપદના ધાતુથી થયલો, બેવડાયલો, ને **इति** સાથે વપરાયલો હોય છે–જેમકે **याहि याहीति याति**=તે વારંવાર જાય છે.

**घ.** જ્યારે કોઈવાર કંઈ, કોઈવાર કંઈ, એમ ઘણી ક્રિયાઓ કરી અમુક કામ એકજ માણસ કરેછે ત્યારે તેનાથી થતી ક્રિયાઓ કહેવામાં–ને એમ વપરાય છે ત્યારે તેઓની પછી **इति** આવે છે–જેમકે **सक्तून् पिब धानाः स्वादेत्यभ्यवहरति**=તે કોઈવાર સક્તુ પી, કોઈવાર ધાણા ખાઈ, વેહેવાર કરે છે (પેટ ભરે છે).

૩. ત્રિજો પુરૂષ નીચેની હકીગતમાં વપરાય છે.

**क.** આજ્ઞાનો અર્થ હોય ત્યારે–જેમકે **गच्छ त्वम्**।

**ख.** અરજનો અર્થ હોય ત્યારે–જેમકે **मां परित्रायध्वम् परित्रायध्वम्**।

**ग.** આશીર્વાદનો અર્થ હોય ત્યારે–જેમકે **विधत्तां सिद्धिमियमञ्जलिः**=આ અંજલિ સિદ્ધિને પામો.। વળી એમ વપરાય છે ત્યારે પરસ્મૈપદમાં એકવચનમાં **तात्** વિકલ્પે ઊમેરાય છે.

**घ.** સભ્યતાથી સલાહ આપવાનો અર્થ હોય ત્યારે–જેમકે **एधि कार्यकरस्त्वं मे गत्वा प्रवद राघवम्**।

૪, નમ્રતાપૂર્વક અરજના અર્થમાં––પણ એમ વપરાય છે ત્યારે તેની જોડે **स्म** આવવો જોઇએ––જેમકે **बालमध्यापयस्म**=મેહરબાની કરી તમે બાળકને ભણાવો। ને

જ્યારે स्म નથી આવતો ત્યારે ઓધ્ધો અથવા ફરજ માન તરીકે બજાવવાનું કહે-વાનો અર્થ થાય છે. ।

૫. ઈચ્છવાના અર્થના વાક્યમાં—જેમકે इच्छामि सोमं पिबतु भवान् ।

૬. જો मा નો યોગ વાક્યમાં હોયતો–જેમકે मा मा भवत्वेवम्=ના, ના, તે તેમ નથી. ।

૭. નિમંત્રણ કરવામાં—જેમકે इह भवान्भुङ्क्तु ।

જ. વિધ્યર્થનું ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષેઃ—

૧. વર્તમાન અથવા ભવિષ્ય કાળમાં નીચેની હકીગતોમાં વપરાય છે

क. પોતાનાથી હલકા માણસને આજ્ઞા કરવામાં—જેમકે त्वं ग्रामं गच्छेः

ख. નિમંત્રણ કરવામાં—જેમકે इह भवान्भुञ्जीत ।

ग. ઓધ્ધો અથવા ફરજ, માનતરીકે, બજાવવાનુ કહેવામાં—જેમકે पुत्रमध्यापयेद्भवान् ।

घ. અરજ કરવામાં—જેમકે भो भोजनं लभेय ।

ङ. સંભવ બતાવવાના અર્થમાં—જેમકે लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्

च. જો વાક્યમાં काल, समय અથવા वेला નો યોગ હોય ને यद् વપરાયુ હોયતો–જેમકે कालो यद्भुञ्जीत भवान्=હવે વખત થયોછે માટે તમારે જમવું જોઈએ. ।

छ. જો વાક્યમાં चित् શબ્દ ન આવ્યો હોય ને આશા અથવા ઈચ્છાવાચક આવ્યો હોય તો—જેમકે कामो मे भुञ्जीत भवान्=મારી ઇચ્છા છે કે તમે જમો (=હું ધારૂછુ કે તમે જમશો) । પણ कच्चिज्जीवति=હું આશા રાખછું કે તે જીવેછે. ।

ज. બોધ અથવા સલાહ વાચક અર્થમાં—ને એમ વપરાય છે ત્યારે કર્ત્તા અધ્યાહાર રહેછે—જેમકે आपदर्थे धनं रक्षेत् ।

झ. જો વાક્યમાં किं, कतर, कतम વગેરે પ્રશ્નવાચક શબ્દોનો યોગ હોય ને નિંદા વાચક અર્થ હોય તો—જેમકે को हरिं निन्देत् ।

ञ. જ્યારે વાક્ય, બોલનારની ધારણા બતાવવાના અર્થવાળું, હોય, ને તેમાં यद् ન વપરાયું હોય ત્યારે—જેમકે संभावयामि भुञ्जीत भवान् ( પણ संभावयामि यद्भुञ्जीथास्त्वम् ) ।

ट. જો વાક્ય શરતવાચક હોય તો—જેમકે कृष्णं नमेच्चेत्सुखंयायात् ।

ठ. જો વાક્યમાં આશ્ચર્યવાચક શબ્દ હોય ને यदि વપરાયું હોય તો—જેમકેआश्चर्यं यदि सोऽधीयीत=જો તે ભણેતો તે આશ્ચર્ય છે. ।

ड. જો વાક્યમાં "એક મુહૂર્ત પછી" એ શબ્દો હોય તો–જેમકે मुहूर्तादूर्ध्वं त्यजेत. ।

ढ. જો ગુણની યોગ્યતા બતાવવી હોય તો—જેમકે त्वं कन्यां वहेः=કન્યાને પરણવાને તું યોગ્ય છે.

ण. જ્યારે શરીરની યોગ્યતા બતાવવી હોય ત્યારે–જેમકે त्वं भारंवहेः ।

त. જો ઈચ્છવાના અર્થનુ વાક્ય હોય તો–જેમકે इच्छामि सोमं पिबेद्भवान् ।

थ. જો उत, अपि, जातु, ને એવા, વાક્યમાં, હોય તો—જેમકે उत (अपि जातु वा) हन्यादघं हरिः ।

द. જો વાક્યમાં यच्च, यत्र, કે यदि વપરાયા હોય ને ક્રિયા ન થતી હોય ને આશ્ચર્યનો અર્થ હોય તો—જેમકે यद् ( यदि वा ) त्वादृशो हरिं निन्देन्नावकल्पयामि न मर्षयामि । यच्च (यत्र वा) त्वमेवं कुर्याः ।

૨. હેત્વર્થ કૃદંતના અર્થમાં-પણ એમ વપરાય છે ત્યારે બેઉ ક્રિયાપદનો કર્ત્તા એકજ હોવો જોઈએ—જેમકે **भुञ्जीयेतीच्छति=भोक्तुमिच्छति** ।

૩. જ્યારે ભૂતકાળની ક્રિયા બતાવવી હોય ત્યારે—જેમકે **कथं नाम तत्र भवान्धर्मं त्यजेः**=તે ગ્રહસ્થ કેમ ધર્મ છોડી શકયો ?

ઝ. વિધ્યર્થ ભવિષ્યનું ક્રિયાપદ ક્યારે વપરાય છે વગેરે વિષે—કારણ અને પરિણામ વાચક ઉકિતના વાક્યમાં નીચેની હકીગતોમાં એ વપરાય છે, ને વાક્યના પેહેલા ભાગમાં એ આવેતો બીજા ભાગમાં પણ એજ આવવુ જોઇએ. એ ભૂત અને ભવિષ્ય બેઉ બતાવે છે.

૧. જો ક્રિયા ન બની હોય એવો અર્થ હોય અથવા વાક્યના પેહેલા ભાગનુ ખોટાપણુ બીજા ભાગથી સિદ્ધ થતુ હોય તો વિધ્યર્થને બદલે વિધ્યર્થ ભવિષ્ય વપરાય જેમકે **सुवृष्टिश्चेदभविष्यत्तदा सुभिक्ष्यमभविष्यत्**=જો પુષ્કળ વરસાદ થાયતો પુષ્કળ અનાજ થાય । **यदि सुरभिरवाप्स्यस्तन्मुखोच्छ्वासगन्धं तव रतिरभविष्यत्पुण्डरीके किमस्मिन्** ।

૨. જો ભૂતકાળની ક્રિયા બતાવવી હોય તો વિધ્યર્થમાં વિધ્યર્થ ભવિષ્ય વિકલ્પે વપરાય—જેમકે **कथं नाम तत्रभवान्धर्ममत्यक्षत्** ।

૩. જો **उत, अपि, जातु,** ને એવા, વાક્યમાં, હોય તો વિધ્યર્થના અર્થમાં વિધ્યર્થભવિષ્ય વિકલ્પે વપરાય—જેમકે **अपि तत्र रिपुः सीतां नार्ययिष्यति दुर्मतिः**

૪. જો ક્રિયા ન થતી હોય ને આશ્ચર્યનો અર્થ હોય તો **यच्च, यत्र,** અથવા **यदि** ની જોડે વિધ્યર્થના અર્થમાં વિધ્યર્થભવિષ્ય વિકલ્પે વપરાય—જેમકે **आश्चर्यं यच्च यत्र स्त्री कृच्छ्रेऽवत्स्यन्मतेतव, त्रासादस्यां विनष्टायां किं किमालप्स्यथाः फलम्** ।

ઞ. આશીર્લિંગનું ક્રિયાપદ ક્યારે વપરાય છે તે વિષે—વર્તમાન કાળમાં આશીર્વાદ આપવામાં અથવા ઇચ્છા બતાવવામાં આશીર્લિંગનુ ક્રિયાપદ વપરાય છે—જેમકે **चिरंजीव्याद्भवान्** ।

૨. વિભક્તિઓ વાપરવા વિષેઃ-

ક. પેહેલી વિભક્તિના સંબંધમાં-પેહેલી વિભક્તિ કર્ત્તાવાચક છે ને કર્ત્તાને લાગે છે.

ખ. બીજી વિભક્તિના સંબંધમાં-બીજી વિભક્તિ કર્મવાચક છે ને કર્મ તથા નીચેના શબ્દો ને લાગે છે.

૧. કર્મને

૨. જગ્યા અથવા દેશ વાચક શબ્દોને તથા વખત અથવા જગ્યાની મર્યાદા બતાવનાર શબ્દને-જો અકર્મક ક્રિયાપદનો યોગ હોય તો-જેમકે **कुरूनस्वपीति**=કુરૂઓના દેશમાં તે સુવેછે । **तत्र कतिपयान्दिवसानवसत्**=તે ત્યાં કેટલાક દહાડા રહ્યો। **क्रोशं प्रतिष्ठते**=તે એક કોસ ચાલે છે।

૩. પરોક્ષ કર્મને-જેમકે **त्वामेव पुरुषं विदुः**=તનેજ પુરૂષ જાણે છે।

૪. **दुह्, याच्, पच्, दण्ड्, रुध्, प्रच्छ्, चि, ब्रू, शास्, जि, मथ्, मुष्, नी, हृ, कृष्, वह्** તથા એઓના અર્થવાળાને બે કર્મ આવેછે તે બેઉને-જેમકે **गां पयो दोग्धि**=તે ગાયનુ દુધ દુહે છે.

૫. **शी, स्था** ને **आस्** ની પૂર્વે **अधि** હોય તો તેઓને યોગે, ક્રિયાના સ્થાનવાચક શબ્દ ને-જેમકે **अधिशेते वैकुण्ठं हरिः**=હરિ વૈકુંઠમાં સુવેછે.

૬. वस् ની પૂર્વે अधि, आ કે अनु હોય તો તેને યોગે ક્રિયાના સ્થાનવાચક શબ્દને– જેમકે अधिवसाति वैकुण्ठं हरिः=હરિ વૈકુંઠમાં રહેછે. ।

૭. वस् ની પૂર્વે उप હોય ને અપવાસનો અર્થ ન હોય તો તેને યોગે, ક્રિયાના સ્થાન વાચક શબ્દને–જેમકે रामो वनमुपावसत्=રામ વનમાં રહેતો હતો ( પણ रामो वन युपावसत्=રામ વનમાં ઉપવાસ કરતા હતા. )

૮. નીચેના શબ્દોને યોગે આવતા શબ્દોને–

उभयतः ને યોગે–જેમકે कृष्णमुभयतो गोपः=કૃષ્ણની બેઉ બાજુએ ગોવાળીઆઓ છે.

सर्वतः ને યોગે–જેમકે सर्वतः प्रासादं जाग्रति रक्षकाः=રક્ષકો મેહેલની બધી બાજુએ જાગે છે.

अधोधः ને યોગે–જેમકે अधोधो लोकं पातालोऽस्ति=પાતાલ સઘળા લોકોની નીચે છે.

| | | |
|---|---|---|
| उपर्युपरि | „ – „ | उपर्युपरि लोकं हरिः=હરિ સઘળા લોકોની ઉપર છે. |
| अभ्यधि | „ – „ | अभ्यधि लोकं सत्यलोकः =લોકોની ઉપર સત્યલોક છે. |
| परितः | „ – „ | कृष्णं परितो गोपाः =ગોવાળીઆઓ કૃષ્ણની ચારે તરફ છે. |
| समया | „ – „ | ग्रामं समया व्रजति =ગામની પાસે જાય છે. |
| निकषा | „ – „ | ग्रामं निकषा व्रजति = „ |
| अभितः | „ – „ | अभितस्तं पृथासूनुः स्नेहेन परितस्तरे=(કૃષ્ણના)ચારે તરફના સ્નેહે કરીને પૃથાનો છોકરો તરતો હતો. |

अन्तरा (=વચ્ચે) ને યોગે–જેમકે अन्तरा त्वां मां हरिः=તારી ને મારી વચ્ચે હરિ છે.

अन्तरेण(=શિવાય લગતુ, વચ્ચે) ને યોગે–જેમકે हरिमन्तरेण न सुखं=હરિ શિવાય સુખ નથી. । भवंतमन्तरेण कीदृशोऽस्या दृष्टिरागः= તમારે વિષે તેણીનો દૃષ્ટિ રાગ કેવો છે ? । अन्तरेणत्वां मां हरिः=તારીને મારી વચ્ચે હરિ છે. ।

हा ને યોગે—જેમકે हा कृष्णाभक्तम्=કૃષ્ણના અભક્તને ધિક્કાર ।

उप (=પાસે અથવા વધારે ઊતરતુ) ને યોગે–જેમકે उपशूरं न ते वृत्तम्=તારૂ વૃત્તાંત શૂરવીરોના વૃત્તાંતથી વધારે ઉતરતું નથી. ।

प्रति (=ને) ને યોગે—જેમકે मन्दौत्सुक्योऽस्मि नगरगमनं प्रति=ગામ પ્રત્યે જવાને મારી ઇચ્છા મન્દ થઈ છે.

„ (પોતાના ભાગના અર્થવાળો) ને યોગે—જેમકે लक्ष्मीर्हरिंप्रति=લક્ષ્મી હરિનો ભાગ છે એટલે હરિના માલકીપણામાં છે. ।

परि (=પોતાના ભાગના અર્થવાળો ) ને યોગે–જેમકે लक्ष्मीर्हरिं परि=લક્ષ્મી હરિનો ભાગ છે એટલે હરિના માલકીપણામાં છે.

„ (અમુક ચીજના સંબંધના અર્થવાળો) ને યોગે—જેમકે गिरिं परि विद्योतते विद्युत्=વિજળી પર્વતની પાસે ચમકે છે. ।

„ (દરેકના અર્થવાળો) ને યોગે—જેમકે वृक्षं वृक्षं परि सिंचाति=આડે આડે સિંચેછે.

अनु ( પોતાના ભાગના અર્થવાળો) ને યોગે—જેમકે लक्ष्मी र्हरिमनु=લક્ષ્મી હરિનો ભાગ છે એટલે હરિના માલકી પણામાં છે. ।

अनु ( અમુક ચીજના સંબંધના અર્થવાળો ) ને યોગે—જેમકે गिरिमनुविद्योतते विद्युत्= વિજળી પર્વતની પાસે ચમકે છે. ।

„ ( દરેકના અથવાળો ) ને યોગે—જેમકે वृक्षं वृक्षमनुसिञ्चति=ઝાડે ઝાડે સિંચેછે. ।

„ ( તરત પછી, પછી, બાજુએ, કે વધારે ઉતરતુના અર્થવાળો ) ને યોગે—જેમકે जपमनुप्रावृषत्=જપ થઇ રહ્યો કે તરતજ વરસાદ આવ્યો

अति( અમુક ચીજના સંબંધના અથવાળો ) ને યોગે—गिरिमति विद्युतते विद्युत्=વિજળી પર્વતની પાસે ચમકે છે. ।

„ ( દરેકના અર્થવાળો) ને યોગે—જેમકે वृक्षं वृक्षमतिसिञ्चति=ઝાડે ઝાડે સિંચેછે. ।

„ ( વધારે સારૂના અર્થવાળો ) ને યોગે—જેમકે अतिदेवान्कृष्णः=કૃષ્ણ બીજા દેવો કરતા વધારે બળવાન છે. ।

अभि ( અમુક ચીજના સંબંધના અર્થવાળો ) ને યોગે—જેમકે गिरिमभिविद्युतते विद्युत्=વિજળી પર્વતની પાસે ચમકે છે. ।

„ ( દરેકના અર્થવાળો ને યોગે—જેમકે वृक्षंवृक्षमाभिसिञ्चति=ઝાડે ઝાડે સિંચેછે. ।

„ ( પાસે ) ને યોગે—જેમકે भक्तो हरिमभि=ભક્ત હરિની પાસે છે, ।

ग. ત્રિજી વિભક્તિ કરણવાચક છે ને કરણવાચક શબ્દો તથા નીચેના શબ્દોને લાગેછે.

૧. જે વડે ક્રિયા થતી હોય તેને—જેમકે मयासक्तोऽसि ।

૨. ક્રિયાની સમાપ્તિ બતાવનારા ક્રિયાપદને યોગે, તેને સમાપ્ત થવામાં લાગતા વખત અથવા જગ્યા બતાવનાર શબ્દને—જેમકે अन्हा ( क्रोशेन वा ) अनुवाकधीतः । પણ मासमधीतो नायातः કેમકે એમાં કાર્યનીં સમાપ્તિ થતી નથી ને આવવાની ક્રિયા બાકી રહે છે. ।

૩. અંગની ન્યૂનતા બતાવનાર શબ્દને યોગે, જે અંગમાં ન્યૂનતા હોય તેને-જેમકે अक्ष्णा काणः । पादेन खञ्जः ।

૪. कृतं ( બસ વાચક ) ને યોગે, જેને વિષે એ ભાવ બતાવવો હોય તેને-જેમકે कृतं रुदितेन ।

૫. साकं, सार्धं, समं, सह ને એના અર્થવાળા વપરાયા હોય અથવા અધ્યાહાર હોય તો તેઓને યોગે, સંગત બતાવનારા શબ્દને-જેમકે मया साकं गच्छाति । वृद्धो यूना गच्छति ।

૬. युक्त, हीन ને એઓના અર્થવાળા શબ્દોને યોગે, જેનાથી યુકત કે હીનપણુ બતાવવું હોય તેને—જેમકે अर्थेन युक्तः । अर्थेन हीनः ।

૭. કર્ત્તા જે ચિન્હથી ઓળખાતો હોય તે ચિન્હવાચક શબ્દને-જેમકે जटाभिःताप सोऽयमस्ति ।

घ. ચોથી વિભકિતના સંબંધમાં-ચોથી વિભકિત સંપ્રદાન વાચક છે ને નીચેના શબ્દોને લાગે છે.

૧. જેને ઉદ્દેશીને, અથવા જેને અર્થે, અથવા જે પરિણામ અથવા અસર વાસ્તે કંઇ ક્રિયા થતી હોય તેને-જેમકે युद्धाय संनह्यते=યુદ્ધને માટે તે તૈયાર થાય છે । मुक्तये हरिं भजति=મુકિતને માટે તે હરિને ભજેછે । भक्तिर्ज्ञानाय कल्पते=ભકિત જ્ઞાનને માટે ગણાય છે । ज्वराय कल्पते सौषधीः=તાવને માટે તે ઔષધિ ગણાય છે.. ।

૨. **कथ्** (=કહેવું), **प्र+हि** (=મોકલવું), ને એઓના અર્થવાળાને યોગે, તેના પરોક્ષ કર્મને–જેમકે **आख्याहि मे को भवानुग्ररूपो। मोजेन दूतो रघवे विसृष्टः।**

૩. **रुच्** અને એના અર્થવાળાને યોગે, સંતોષ થતા મનુષ્ય અથવા ચીજવાચક શબ્દને –જેમકે **हरये रोचते भक्तिः।**

૪. **धृ** (=દેવું ધારણ કરવું) ને યોગે, લેણદારવાચક શબ્દને–જેમકે **भक्ताय धारयति मोक्षं हरिः।**

૫. **प्रति** કે **आ+श्रु** (=વચન આપવું) ને યોગે, જેને વચન અપાય તેને–જેમકે **प्रतिशुश्राव काकुत्स्थस्तेभ्यो विघ्नप्रतिक्रियां**=કાકુત્સ્થએ તેમને વિઘ્નપ્રતિક્રિયાનું વચન આપ્યું.।

૬. **श्लाघ्, ह्नु, स्था,** ને **शप्,** ના પ્રત્યક્ષ કર્મને–જેમકે **गोपी स्मरात्कृष्णाय श्लाघते (न्हुते तिष्ठते शपते वा)**=ગોપી કામનેલીધે કૃષ્ણને વખાણે છે (કૃષ્ણને વાસ્તે સંતાય છે, કૃષ્ણને વાસ્તે ઉભી રહેછે કે કૃષ્ણને નિંદેછે.)।

૭. **राध्** ને **ईक्ष्** (=સારૂં નઠારૂં નસીબ નક્કી કરવું અથવા જોવું એ અર્થવાળા) ને યોગે, જેનું તેમ કરવું હોય તેને–જેમકે **कृष्णाय राध्यति**=તે કૃષ્ણનું સારૂ અથવા નઠારૂ નસીબ નક્કી કરે છે.

૮. **तुम्** થી થતો કૃદંત અવ્યય અધ્યાહાર રાખવો હોય ત્યારે તેના સંબંધવાળા શબ્દને –જેમકે **वनाय (=वनं गन्तुं) गां मुमोच**=વનમાં જવાને ગાયને છોડી।

૯. **नमः, स्वस्ति, स्वाहा, स्वधा, वषट्** ને **अलं** (બરોબરીઆવાચક અર્થવાળો) ને યોગે, તેઓ જેને નિમિત્તે આવ્યા હોય તેને–જેમકે **शंभवे नमः। प्रजाभ्यः स्वस्ति। अग्नये स्वाहा। पितृभ्यो स्वधा। इन्द्राय वषट्। दैतेभ्यो हरिरलं**= હરિ દૈત્યોનો બરોબરીઓ (=દૈત્યોને પુરો પડે તેવો) છે.।

૧૦. **स्वागतं** ને **कुशलं** જેવા આશીર્વાદ અથવા આવકારના અર્થવાળા શબ્દોને યોગે, તે જેને વાસ્તે વાપરવા હોય તેને–જેમકે **स्वागतं देव्यै.।**

૧૧. બરોબરીઆ વાચક **प्रभु, शक्त, समर्थ** વગેરેને યોગે, જેને વાસ્તે બરોબરીઆ થતા હોય તેને–જેમકે **दैत्येभ्यो हरिः प्रभुः**=હરિ દૈત્યોને માટે બરોબરીઓ (=દૈત્યો ને પુરોપડે તેવો) છે.।

ડ પાંચમી વિભક્તિના સંબંધમાં—પાંચમી વિભક્તિ અપાદાનવાચક છે ને નીચેના શબ્દોને લાગેછે.

૧. જે ક્રિયાનુ કારણ અથવા સ્થિતિ બતાવે તેને–જેમકે **मौनात्मूर्खो गण्यते।**

૨. જે તરફથી ક્રિયા થતી હોય તેને –જેમકે **ग्रामादायाति।**

૩. જેથી કંઈ દૂર રાખવામાં આવે તેને –જેમકે **पापान्निवारयति।**

૪. રક્ષણ અથવા ધાસ્તિવાચક શબ્દને યોગે, જેની તરફથી અથવા જેને લીધે રક્ષણ અથવા ધાસ્તિ થતી હોય તેને–**भीतो रणे श्वेतवाहात्। स्वल्पमपि धर्मस्य त्रायते महतोभयात्।**

૫. સંતાવવાવાચક શબ્દોને યોગે, જેનાથી સંતાવવાનુ હોય તેને–જેમકે **मातुर्निलीयते कृष्णः।**

૬. જે શિક્ષક પાસેથી હંમેશ ભણવામાં આવેછે તેને–જેમકે **उपाध्यायादधीते।** પણ **नटस्यगाथां श्रुणोति।**

૭. દ્વેષવાચક શબ્દ કારણ તરીકે કહેવો હોય ત્યારે તેને-જેમકે शतादृद्धः द्रव्यं=સો રૂપીએ ગીરો મુકેલો માલ.

૮. जुगुप्सा (=ધિક્કાર) ને विराम ના અર્થવાળા શબ્દો ને યોગે, જેને લીધે તે થતુ હોય તેને-જેમકે पापाज्जुगुप्सते ।

૯. परा+जि (=મુશ્કેલ લાગવું ) ને યોગે, તેના કર્મને-જેમકે अध्ययनात्पराजयते= તેને અધ્યયન મુશ્કેલ લાગે છે. ।

૧૦. સરખામણી કરવી હોય ત્યારે જેની જોડે સરખામણી કરવી હોય તેને-જેમકે अणोरणीयान् । अश्वमेधसहस्रेभ्यः सत्यमेवातिरिच्यते ।

૧૧. નીચેના શબ્દોને યોગે આવતા શબ્દોને-

क. अन्य, इतर, ને એઓના અર્થવાળાને યોગે-જેમકે कृष्णादन्यः=કૃષ્ણથી બીજો.

ख. आरात् (=પાસે અથવા દૂર ) ને યોગે-જેમકે वनादारात्=વનની પાસે અથવા વનથી દૂર.

ग. अञ्च् ધાતુથી થયલા શબ્દના અંતવાળા સામાસિક શબ્દોને યોગે-જેમકે ग्रामात्प्राङ्=ગામની પૂર્વે

घ. आ કારાંત અવ્યયને યોગે-જેમકે दक्षिणाग्रामात्=ગામની દક્ષિણે

ङ. आहि ના અંતવાળા તથા आरभ्य, बहिः, अनन्तरं, ऊर्ध्वं, परं ને એવાઓને યોગે-જેમકે दक्षिणाहि ग्रामात्=ગામની દક્ષિણે. । तस्माद्दिनादारभ्य=તે દહાડાથી. । ग्रामाद्बहिः=ગામની બહાર । पुराणपत्रापगमादनन्तरं=જુના પાંદડાઓના નાશ પછી. । संवत्सरादूर्ध्वं=એક વરસ પછી । वर्त्मनः परं=રસ્તાની પેલી બાજુએ भाष्यायत्तमतःपरं=એથી બીજું તે ભાષ્ય પ્રમાણે.

च. प्रभृति અને એવા અર્થવાળાને યોગે-જેમકે तस्माद्दिनात्प्रभृति=તે દહાડાથી. ( प्रभृति એ વખત બતાવનાર અવ્યય જોડે પણ આવે છે. જેમકે तदा प्रभृति= તે વખતથી. ) ।

छ. अप (=દૂર) ને परि (=છોડીને) ને યોગે-જેમકે अपहरेःसंसारः=સંસાર હરિથી દૂરછે। परिहरेः संसारः=સંસાર હરિને છોડીને છે એટલે હરિની બહાર છે ।

ज. आ (મર્યાદા વાચક) ને યોગે—જેમકે आमुक्तेः संसारः=સંસાર મુક્તિસુધી છે। आपरितोषाद्विदुषां=વિદ્વાનોનો સંતોષ થાય ત્યાંસુધી. ।

झ. प्रति ( પ્રતિનિધિ અથવા પ્રતિદાનના અર્થવાળો ) ને યોગે—જેમકે प्रद्युम्नः कृष्णात्प्रति=પ્રદ્યુમ્ન કૃષ્ણનો પ્રતિનિધિ છે. । तिलेभ्यः प्रतियच्छति माषान्=તલને બદલે માષ આપે છે ।

ञ. શરીરના અંગ શિવાયના વખત અથવા જગ્યાવાચક શબ્દોના સંબંધમાં આવતા દિશાવાચક શબ્દોને યોગે—જેમકે ग्रामात्पूर्वे=ગામની પૂર્વે । चैत्रात्पूर्वः फाल्गुनः=ચૈત્રની પેહેલા ફાગણ. ।

૧૨. જ્યારે કૃદંતનો લોપ કરવામાં આવે છે ત્યારે તેના કર્મવાચકને તથા તેની ક્રિયા જ્યાં થતી હોય તેને—જેમકે प्रासादात्प्रेक्षते=प्रासादमारुह्यप्रेक्षते । श्वशुराज्जिह्रेति=श्वशुरं वीक्ष्य जिह्रेति ।

च. છઠ્ઠી વિભક્તિના સંબંધમાં—છઠ્ઠી વિભક્તિ સંબંધવાચક છે. ( જેમકે राज्ञः पुरुषः= રાજાનો માણસ ) ને નીચેના શબ્દોને લાગેછે. ( કેટલીક વખત બીજી વિભક્તિઓના

અર્થમાં છઠ્ઠી વપરાયછે પણ તે ગ્રંથ કર્ત્તાઓની છુટ ગણાય છે, જેમકે **स्त्रीषु** ને બદલે **स्त्रीणां विश्वासो न कर्तव्यः**। વળી ગુજરાતિમાં ના, ની, નુ, નો, એ પ્રત્યયો સંબંધ વાચક છે પણ જ્યાં ગુજરાતીમાં એ પ્રત્યયો વપરાય છે ત્યાં બધેજ સંસ્કૃતમાં છઠ્ઠી વપરાતી નથી. જેમકે સોનાનુ પાત્ર નુ **हैमंपात्रं** થાય પણ **हेम्नः पात्रं** નહીં થાય. )

૧. **तात्** અંતવાળા દિશાવાચક શબ્દો અને તેના જેવા અર્થવાળા શબ્દો, જેવાકે **उपरि, उपरिष्टात्, अधः, अधस्तात्, पश्चात्, अग्रे,** ને યોગે, આવતા શબ્દોને —જેમકે **घनानामुपरिगतः। तरुणामधः।**

૨. આટલી વાર એમ બતાવનાર સંખ્યાવાચક અવ્યયો, જેમકે **द्विः, पंचकृत्वः** ને યોગે, વખતવાચક શબ્દોને—ને એમ લાગે છે ત્યારે અર્થ સપ્તમીનો થાય છે— જેમકે **द्विरह्नो भोजनं करोति**=તે દહાડામાં બેવાર ભોજન કરેછે. ।

૩. કર્મણિ ભૂતકૃદંત પ્રાતિપદિક જ્યારે વર્તમાનકૃદંત પ્રાતિપદિકના અર્થમાં વપરાય ત્યારે તેને યોગે, આવતા શબ્દને—જેમકે **राज्ञां मतः**।

૪. કર્મણિ ભૂતકૃદંત પ્રાતિપદિક જ્યારે ક્રિયાનુ સ્થાન બતાવનાર થાય અથવા કર્મવાચક નામ તરીકે વપરાય ત્યારે તેને યોગે આવતા શબ્દને—જેમકે **मुकुन्दस्यासितमिदं। मयूरस्य नृत्तं।**

૫. વિધ્યર્થ કૃદંત પ્રાતિપદિક ને યોગે, તેના ધાતુના ક્રિયાપદના કર્તાને—જેમકે **अहं हरिं सेवामि नुं मम ( मयावा ) हरिः सेव्यः।**

૬. **तम** ને **इष्ठ** થી થતા શબ્દોને તેમજ તેવા અર્થવાળા શબ્દોને યોગે આવતા શબ્દને—જેમકે **नृणां द्विजःश्रेष्ठः। अग्रणीर्मंत्रकृतामृषीणाम्।**

૭. **पारे, मध्ये, कृते** વગેરે અવ્યયોને યોગે આવતા શબ્દોને—જેમકે **गंगाया मध्ये।**

૮. **कृ** (=ગુણ કરવો અથવા આપવો) ના કર્મને–જેમકે **एध उदकस्योपस्कुरुते**=લાકડું પાણીને ગરમીનો ગુણ આપે છે.

૯. **नाथ्** (=આશીર્વાદ આપવો ) ના કર્મને–જેમકે **धृत्या नाथस्व**=તું ધૃતિનો આશીર્વાદ આપ. । **धनस्य नाथते**=તે ધનનો આશીર્વાદ આપે છે ।

૧૦. **रुज्** ને એના અર્થવાળા ધાતુના ક્રિયાપદને જો **ज्वर** કે **संताप** કર્ત્તા તરીકે ન આવ્યો હોય તો તેના કર્મને–જેમકે **अतिसारः पुरुषस्य रुजयति**। પણ **ज्वरो रुजयति पुरुषं।**

૧૧ **जस्, नट्, क्रथ्, हन्** (**नि, प्र** કે બેઉ ઉપસર્ગવાળો,) ને **पिष्** ( પ્રાણીના સંબંધમાં ચૂર્ણ કરવું એટલે ઇજા કરવી ના અર્થવાળો ) ના કર્મને–જેમકે **चौरस्योज्जासयति राजा**=રાજા ચોરને શિક્ષા કરેછે। **निजौजसोज्जासयितुं जगद्द्रुहाम्**=પોતાના બળથી જગતના દુષ્મનોને મારી નાખવાને। **राक्षसानां निहनिष्यति**=રાક્ષસોને મારી નાખશે પણ **धानाः पिनष्टि**=ધાણાને પીસે છે. ।

૧૨. **ज्ञा** (=ભુલ ભરેલું જ્ઞાન થવુ) ના કર્મને–જેમકે **तैले सर्पिषो जानीते**=તેલને ઘી જાણે છે.

૧૩. **व्यवहृ** અને **पण्** એઓ ધંધો કરવો અથવા દ્યુત રમવામાં શરત બકવી એવા વ્યવહારના અર્થમાં હોયતો તેઓના કર્મને–જેમકે **शतस्य व्यवहरति**=સો રૂપીઆથી ધંધો કરે છે। **प्राणानामपणिष्टासौ**=તેણે જીંદગીની શરત બકી. ।

૧૪. स्मृ તથા अधि+इ (એઉ વિચારવું અથવા યાદ રાખવુના અર્થના), ईश् તથા प्र+भू (એઉ કોઇના ધણી થવુના અર્થના), ને दय् (દયા ખાવીના અર્થનો) તથા એવા અર્થવાળાઓના કર્મને-જેમકે भवत्याः स्मरतात्यर्थं=તને ઘણુંજ સંભારનારથી. । अध्येति तव लक्ष्मणः=લક્ષ્મણ તને યાદ કરે છે। सविता वै प्रसवानामिष्टे=સૂર્ય પેદા થનારાઓ ઉપર રાજ્ય કરે છે। गात्राणामनीशोऽस्मि संवृत्तः=મારા ગાત્રો મારા કહ્યામાં નથી. । प्रभवति निजस्य कन्यकाजनस्य महाराजः=પોતાની કન્યા ઉપર મહારાજનો હુકમ ચાલે છે. रामस्य दयमानः=રામપર દયા ખાનાર ।

છ. સાતમી વિભક્તિના સંબંધમાં-સાતમી વિભક્તિ અધિકરણવાચક છે. ને નીચેના શબ્દોને લાગે છે.

૧. જે જગ્યામાં ક્રિયા થતી હોય તેને-જેમકે कटयास्ते ।

૨. જે વખતે ક્રિયા થતી હોય તેને-જેમકે दिनान्ते निलयाय गन्तुं ।

૩. ભૂતકૃદંતને તદ્ધિતનો इन् પ્રત્યય લાગી થયલા શબ્દને યોગે, તે ભૂતકૃદંતના કર્મને-જેમકે व्याकरणेऽधीतिन्=વ્યાકરણ ભણેલો.

૪. જે અર્થ અથવા કારણને વાસ્તે કંઇ ક્રિયા હોય તેને- જો તે અર્થનો ક્રિયાપદ સાથે નિકટ સંબંધ હોય તો-જેમકે चर्मणि द्वीपिनं हन्ति, दन्तयोर्हन्ति हस्तिनं, केशेषु चमरीं हन्ति, सीम्नि पुष्कलको हतः ।

૫. साधु ને असाधु ને યોગે, જેને વિષે તે વપરાય તેને—જેમકે कृष्णो मातरि साधुः ।

૬. उप (=વધારે), ને अधि (અધિપતિના અર્થવાળો) ને યોગે આવતા શબ્દને—જેમકે उपपरार्धे हरेर्गुणाः=હરિના ગુણો પરાર્ધ કરતા વધારેછે। अधिभुवि रामः અથવા अधिरामे भूः=રામ પૃથ્વીનો ધણી છે.

૭. વર્તવુના અર્થવાળા, જેવાકે वृत्, व्यवहृ વગેરે તથા ફેંકવું ના અર્થવાળા, જેવાકે अस्, मुच्, क्षिप् ને યોગે આવતા શબ્દને—જેમકે गुरुषु विनयेन वृत्तिः कार्या । कुरु प्रियसखीवृत्तिं सपत्नीजने ।

૮. પ્યાર અથવા હેત વાચક શબ્દો, જેવાકે स्निह्, रम्, વગેરેના કર્મને તથા એઓના થતા પ્રાતિપદિકને યોગે આવતા શબ્દોને—જેમકે पिता पुत्रे स्निह्यति=બાપ છોકરાને ચાહે છે। अस्ति मे सोदरस्नेहोऽप्येतेषु. ।

૯. प्र+मद् (=બે ફીકર થવું) ને યોગે, જેની તરફથી બેફીકર થવાનું હોય તેને—જેમકે न प्रमाद्यन्ति प्रमदासु विपश्चितः ।

જ. આઠમી વિભક્તિના સંબંધમાં—આઠમી વિભક્તિ સંબોધન વાચક છે ને બોલાવવાના અર્થમાં લગાડાય છે.

ઝ. એક કરતાં વધારે અમુક વિભક્તિઓ કેટલાક શબ્દોને યોગે વપરાય છે, ને કેટલાક શબ્દોને કેટલીક બાબતમાં લાગે છે તેના સંબંધમાં-

૧. अभिनि+विश् ને યોગે, જેના ઉપર અભિનિવેશ થતો હોય તેને, ૨ જી ને કોઈ વખતે ૭ મી લાગે છે, જેમકે धन्या सा गणिका दारिका यामेव भवन्मनोऽभिनिविशति= જે ગુણકાની છોકરીપર તમારૂ મન બેસે છે તે સુખી છે। पापेऽभिनिविशति भवन्मनः =તમારૂ મન પાપપર બેસે છે। પણ उप+विश् ને યોગે તો ૭ મીજ લાગે છે, જેમકે अस्मिन्नासनयुपविश=આ આસન ઉપર બેસો।

૨. धिक् ને યોગે, જેને વિષે ધિક્કાર બતાવવો હોય તેને ૨ જી ને વખતે ૧ લી કે ૮ મી લાગે છે. જેમકે धिक् जाल्मान् । धिगियं दरिद्रता=આ દરિદ્રતાને ધિક્કાર । धिङ् मूढ=મૂઢ, તને ધિક્કાર ।

૩. उपर्युपरि ને યોગે, તેના સંબંધવાળાને ૨ જી તેમજ ૬ ઠ્ઠી લાગે છે, જેમકે उपर्युपरि लोकं हरिः । उपर्युपरि सर्वेषामादित्य इव तेजसा ।

૪. अलं ને યોગે, જેને વિષે તેનો ભાવ બતાવવો હોય તેને, ૩ જી લાગે છે, તેમજ કૃદંતઅવ્યય પણ આવે છે, જેમકે अलं रुदितेन । अलमन्यथा संभाव्य ।

૫. यज् ને યોગે, તેના પરોક્ષ કર્મને ૨ જી લાગે છે ને પ્રત્યક્ષ કર્મને ૩ જી લાગે છે, જેમકે रूद्रं यजते पशुना=તે રૂદ્રને માટે પશુને યજ્ઞમાં હોમે છે.

૬. दिव् (=રમવું ) અને सम्+ज्ञा ને યોગે, તેમની સાથે આવતા કરણવાચક શબ્દને ૨ જી કે ૩ જી લાગે છે, જેમકે अक्षैः (अक्षान्वा) दीव्यति=પાસાવતી તે રમે છે। पित्रा (पितरं वा) संजानीते=તે બાપની સાથે સારીરીતે રહેછે. ।

૭. कथ् ને યોગે બે કર્મ આવે છે તે બેઉને ૨ જી અથવા એક ને ૨જી ને બીજા ને ૪થી ને વખતે ૬ ઠ્ઠી પણ આવે છે.

૮. मन् ( ૪ થા ગણનો, વિચાર કરવાના અર્થનો ) ને યોગે, તેના પરોક્ષ કર્મને—જો તે પ્રાણીવાચક ન હોય, ને તેને વિષે ધિક્કાર બતાવવો હોય તો—૨ જી કે ૪ થી લાગે છે. જેમકે न त्वां तृणाय ( तृणं वा ) मन्ये. ।

૯. ગતિવાચક ધાતુઓને યોગે, જ્યાં ગતિ થતી હોય તે ( पन्थान શિવાયના ) સ્થાન વાચક શબ્દને ૨ જી કે ૪ થી લાગે છે, જેમકે ग्रामाय ( ग्रामं वा ) गतः । પણ पन्थानं गच्छति ।

૧૦. स्पृह् ને યોગે, જેની સ્પૃહા હોય તેને ૪ થી લાગે છે, જેમકે धनाय स्पृहयति પણ स्पृह् ના ક્રિયાપદ શિવાયના શબ્દોને યોગે ૪ થી કે ૭ મી લાગે છે, જેમકે कथमन्ये करिष्यन्ति पुत्रेभ्यः पुत्रिणः स्पृहाम् । स्पृहावती वस्तुषु केषु मागधी ।

૧૧. क्रुध् , द्रुह् , ईर्ष्य्, असूय् , અને એઓના અર્થવાળાને યોગે, જેના ઉપર તે વૃત્તિ થતી હોય તેને ૪ થી લાગે છે, જેમકે हरये क्रुध्यति=તે હરિ પર કોપેછે। પણ એઓને ઉપસર્ગ લાગે તો ૨ જીજ લાગેછે. જેમકે न खलु तामभिक्रुद्धो गुरुः । दैवाद्विभीहि काकुत्स्थ, जिह्रीहि त्वं तथा जनात् , मिथ्या मामभिसंक्रुध्यन् , नवाशां शत्रूणां हृताम् ।

૧૨. परि+क्री (=ભાડે આણવું ) ને યોગે, જે કિમ્મતે તેમ લેવાય તે કિમ્મતવાચક શબ્દને ૩ જી કે ૪ થી લાગે છે, જેમકે शतेन ( शताय वा ) परिक्रीतः ।

૧૩. नमः+कृ ને યોગે, તેના કર્મને ૨ જી કે ૪ થી લાગે છે, જેમકે देवान्नमस्करोमि । नृसिंहाय नमस्कुर्मः ।

૧૪. प्र+भू ને યોગે, જેના ઉપર ક્રિયા થતી હોય તેને ૪ થી કે ૬ ઠ્ઠી લાગે છે. જેમકે विधिरपि येभ्यः प्रभवति । प्रभवति निजस्य कन्याजनस्य महाराजः ।

૧૫. जन् (=જન્મવું) તથા भू ને યોગે, તેના મુખ્ય કારણને ૫ મી કે ૭ મી લાગે છે, જેમકે ब्रह्मणः प्रजाः प्रजायन्ते । तस्यां शतानंद अङ्गिरसोऽजायत । हिमवतो गंगा प्रभवति ।

૧૬. पृथक्, विना, ને नाना ને યોગે આવતા શબ્દને ૨ જી, ૩ જી કે ૫ મી લાગે છે, જેમકે पृथक् रामं ( रामेण रामाद्वा ) । नाना नारीं निष्फला लोकयात्रा ।

૧૭.**ऋते** ને યોગે આવતા શબ્દને ૨ જી કે ૫ મી લાગે છે, જેમકે **कौर्यावृते समायातः। ऋतेऽपि त्वां न भविष्यंति सर्वे।**

૧૮.**अधिक** ને યોગે આવતા શબ્દને ૩ જી, કે ૬ ઠ્ઠી, કે ૭ મી લાગે છે, જેમકે **सुतैर्हि तासामधिकोऽपि सोऽभवत्। तेषामप्यधिका मासाः पञ्च च द्वादशक्षपाः। कुडवेऽधिकः प्रस्थः।**

૧૯.**दिव्** (=ધંધો કરવો અથવા દ્યુતમાં શરત બકવી) ને યોગે તેના કર્મને ૬ ઠ્ઠી લાગેછે, પણ **दिव्** ની પૂર્વે ઉપસર્ગ આવે તો ૨ જી કે ૬ ઠ્ઠી લાગે છે, જેમકે **बन्धुभोगानामदेवीत्**=તેણે બંધુઓ તથા ભોગો શરતમાં ખોયા। પણ **शतस्य (शतं वा) प्रतिदीव्यति**=તે સો રૂપીઆનો જુગાર રમે છે.

૨૦.**तुला** અને **उपमा** શિવાયના **तुल्य, सदृश** ને એવા અર્થવાળા શબ્દોને યોગે જેની જોડે સરખામણી થતી હોય તેને ૩ જી કે ૬ ઠ્ઠી લાગે છે, જેમકે **कृष्णस्य (कृष्णेन वा) तुल्यो नास्ति।** પણ **कृष्णस्य तुला नास्ति।**

૨૧.**आयुष्यं, भद्रं, मद्रं, कुशलं, सुखं, अर्थः** અને એઓના અર્થવાળા શબ્દો આશીર્વાદ વાચક વાક્યમાં વપરાય તો તેઓને યોગે આવતા શબ્દને ૪ થી કે ૬ ઠ્ઠી લાગે છે, જેમકે **आयुष्यं चिरजीवितं कृष्णाय (कृष्णस्य वा) भूयात्।**

૨૨.**अनुरञ्ज्, अभिलष्** ને એઓના અર્થવાળા ને યોગે તથા એઓના પ્રાતિપદિકોને યોગે આવતા શબ્દને ૭મી ને કોઇવાર ૨ જી પણ લાગે છે, જેમકે **न खलु तापसकन्यकायां ममाभिलाषः। समस्थमनुरज्यन्ति।**

૨૩.**अप+राध्** (=અપરાધ કરવો) ને યોગે આવતા શબ્દને ૭ મી ને કોઇવાર ૬ ઠ્ઠી લાગે છે, જેમકે **कस्मिन्पूजार्हेऽपराद्धा शकुन्तला। अपराद्धोऽस्मि तत्रभवतः कण्वस्य.।**

૨૪.**स्वामिन्, ईश्वर, अधिपति** (બધા શેઠ વાચકો), **दायाद** (=વારસ), **साक्षिन्, प्रतिभू** (=સાક્ષી)ને **प्रसूत** (=જન્મેલો) ને યોગે આવતા શબ્દને ૬ ઠ્ઠી કે ૭ મી લાગે છે, જેમકે **गवां (गोषु वा) स्वामी**=ગાયનો સ્વામી। **पृथिव्याः (पृथिव्यां वा) ईश्वरः**=પૃથ્વીનો ઈશ્વર। **ग्रामाणां (ग्रामेषु वा) अधिपतिः**=ગામનો અધિપતિ। **दर्शने (दर्शनस्य वा) साक्षी**=જોનારો સાક્ષી.। **गोषु (गवां वा) प्रसूतो गोपः**=ગોવાળિયો ગાયો સારૂ જન્મેલો છે.।

૨૫.**आयुक्त** ને **कुशल** (બેઉ નીમેલા વાચક) ને યોગે આવતા શબ્દને ૬ ઠ્ઠી કે ૭ મી લાગે છે, જેમકે **आयुक्तः कुशलो वा हरिपूजने (हरिपूजनस्य वा)**= હરિને પૂજવાને નીમેલો.

૨૬.**प्रसित** ને **उत्सुक** ને યોગે આવતા શબ્દને ૩ જી કે ૭ મી લાગે છે. જેમકે **प्रसित उत्सुको वा हरिणा (हरौ वा)**= હરિ વિષે આતુર।

૨૭.**तर** ને **ईयस्** થી થતા તેમજ તેવા અર્થવાળા શબ્દને યોગે આવતા શબ્દને ૩ જી, ૫ મી, કે ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **प्राणैः प्रियतरः**=પ્રાણોથી વધારે વહાલો। **वर्धनाद्रक्षणः श्रेयः**=વધારવા કરતા રક્ષણ કરવુ તે સારૂ છે। **देवदत्तो यज्ञदत्तात्पटुतरः**=યજ્ઞદત્ત કરતા દેવદત્ત વધારે કુશળ છે। **अनयोर्देशयोः को भद्रतरः**= એ દેશોમાનો કયો વધારે સારોછે।

૨૮.**तम** ને **इष्ठ** થી થતા શબ્દોને યોગે તેમજ **तम** ને **इष्ठ** ના અર્થવાળા **वर** અને **प्रवर** ને યોગે આવતા શબ્દોને ૬ ઠ્ઠી કે ૭ મી લાગે છે, જેમકે **अयमेतेषां (एतेषु वा)**

गरिष्ठः । पुत्रः स्पर्शवतां वरः—સ્પર્શ કરાય તેવી સઘળી ચીજોમાં પુત્ર શ્રેષ્ઠ છે. ।

२९. प्रणम्, प्रणिपत् (બેઉ વન્દન કરવાના અર્થવાળા) ને એવા શબ્દોને યોગે, જેને વન્દન થતુ હોય તેને ૪ થી કે ૨ જી લાગે છે, જેમકે न प्रणमन्ति देवताभ्यः । तां भक्तिप्रवणेन चेतसा प्रणनाम । પણ એ શબ્દોના અર્થવાળા નામને યોગે ૪ થીજ લાગે છે, જેમકે मूर्ध्ना प्रणामं वृषभध्वजाय चकार ।

३०. एन ના અંતવાળા दक्षिणेन, उत्तरेण જેવા અવ્યયોને યોગે આવતા શબ્દને ૨ જી કે ૬ ઠ્ઠી લાગે છે. જેમકે ग्रामस्य (ग्रामं वा) दक्षिणेन । धनपाति गृहानुत्तरेण ।

३१. નીચેના શબ્દોને યોગે આવતા શબ્દને ૬ ઠ્ઠી લાગતી નથી.

क. द्विष् શિવાયના ધાતુના વર્તમાનકૃદંત પ્રાતિપદિકને યોગે—જેમકે कर्म कुर्वन् । પણ मुरं (मुरस्यवा) द्विषन्हरिः ।

ख. कम् શિવાયના ધાતુના उ અથવા उक પ્રત્યયથી થયલા કૃતાદિ પ્રાતિપદિકને યોગે —જેમકે हरिं दिदृक्षुः । પણ लक्ष्म्याः कामुकः ।

ग. अक (ભવિષ્ય કાળના અર્થવાચક) પ્રત્યયથી થતા શબ્દોને યોગે—જેમકે हरिं दर्शको याति ।

घ. इन् (જરૂર પૈસા આપવા જોઈએ એવા અર્થવાચક) પ્રત્યયથી થતા શબ્દોને યોગે—જેમકે शतं दायी ।

ङ. ईषत्, दुर् કે सु આગળ લઈ તદ્ધિતના अ પ્રત્યયથી થયલા શબ્દને યોગે—જેમકે प्रपञ्चो हरिणेषत्करः ।

च. અમુક ટેવવાળા, અમુક ગુણવાળા, અથવા અમુક સારીરીતે કરનાર એવા અર્થવાળા શબ્દને યોગે—જેમકે आत्मानमलंकरिष्णुः । अन्नं भिक्षुः । कटं कर्त्ता ।

३२. दूर, अन्तिक અને એઓના અર્થવાળાને ૨ જી, ૩ જી, ૫ મી કે ૭ મી લાગેછે, ને એઓને યોગે આવતા શબ્દને ૫ મી કે ૬ ઠ્ઠી લાગેછે, જેમકે ग्रामस्यदूरं (दूरेण, दूरात्, दूरे वा) । ग्रामात् (ग्रामस्य वा) वनं दूरं । प्रत्यासन्नो माधवीमंडपस्य ।

३३. किम् ના કોઈપણ વિભક્તિના રૂપ ને चित् કે अपि ઉમેરવાથી અમર્યાદ અથ થાય છે.

३४. स्तोक (=થોડુ), अल्प (=થોડુ), कृच्छ्र (=અડચણ), ને कतिपय (=કેટલાક) ને જ્યારે અવ્યય તરીકે વપરાય છે ત્યારે ૩ જી કે ૫ મી લાગેછે, જેમકે स्तोकेन (स्तोकाद्वा) मुक्तः ।

३५. જો ક્રિયાપદ ગતિવાચક હોય તો જે જગ્યાપર ગતિ થતી હોય તે જગ્યાવાચક શબ્દને ૨ જી કે ૪ થી લાગે છે, જેમકે ग्रामं (ग्रामाय वा) गच्छति । પણ જો રસ્તાવાચક શબ્દ હોય તો ૨ જીજ લાગેછે, જેમકે पन्थानं गच्छाति ।

३६. પરોક્ષ કર્મને ૪ થી ને કેટલીક વખતે ૬ ઠ્ઠી કે ૭ મી લાગેછે, ને दा ને યોગે નિંદાવાચક અર્થમાં ૩ જી પણ લાગે છે, જેમકે विप्राय गां ददाति । राज्यं शिबिना वृद्धं वै ददामि तव खेचर । यस्तं रामे पृथ्वीं दातुमिच्छसि । दास्या धनं यच्छति कामुकः ।

३७. એક જગ્યા અથવા વખતથી બીજી જગ્યા અથવા વખતનુ દૂરપણુ અથવા તફાવત બતાવવામાં જે જગા અથવા વખતથી બતાવવુ હોય તેને ૫ મી ને દૂરપણા વાચકને ૧ લી કે ૭ મી, ને તફાવતના વખતવાચકને ૭ મી લાગેછે, જેમકે

**वनाद्ग्रामो योजनं (योजने वा)। कार्तिक्याः आग्रहायणीमासे**=કાર્તકી પુનેમથી એક મહિને માગસરી પુનેમ આવેછે।

૩૮. જ્યારે કોઈનો હેતુ બતાવવો હોય ને **હેતુ** શબ્દ વપરાયો હોય ત્યારે તેને અને **હેતુ** શબ્દ એઉને ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **अन्नस्य हेतोः वसति**, પણ જ્યારે **હેતુ** કોઈ સર્વ નામ જોડે વપરાય ત્યારે એઉને ૩ જી, ૫ મી કે ૬ ઠ્ઠી લાગેછે. જેમકે **केन हेतुना, कस्माद्धेतोः** અથવા **कस्यहेतोः**। જ્યારે કોઈનો હેતુ બતાવવો હોય ને હેતુવાચક શબ્દ કોઈ સર્વનામ જોડે વપરાયો હોય ત્યારે એઉને ૨ જી, ૩ જી ૪ થી, ૫ મી કે ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **किं निमित्तं, केन निमित्तेन, कस्मै निमित्ताय, कस्मान्निमित्तात्** અથવા **कस्यानिमित्तस्य**, ને જ્યારે હેતુ વાચક શબ્દ સર્વનામ શિવાયના કોઈ જોડે વપરાયો હોય ત્યારે એઉને ૩ જી, ૪ થી, ૫ મી, ૬ ઠ્ઠી કે ૭ મી લાગેછે, જેમકે **ज्ञानेन निमित्तेन, ज्ञानाय निमित्ताय**, વગેરે.।

૩૯. અમુક ધાતુના કર્મ અથવા કર્ત્તા તરીકે જે વપરાય તેવા હોય તે, જો તે ધાતુના ક્રિયાપદને બદલે તેના કૃદંત કે કૃતાદિ પ્રાતિપદિકની જોડે આવેતો તેને ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **कृष्णस्य कृतिः=कृष्णः करोति यद्। कृष्णो जगतः कर्त्ता=कृष्णो जगत्करोति**।

અપવાદ

**क.** બે કર્મ લે એવા ધાતુને એમ થતુ હોયતો તેના પ્રત્યક્ષ કર્મને તો ૬ ઠ્ઠીજ લાગેછે, ને પરોક્ષકર્મને ૨ જી કે ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **नेताश्वस्य स्रुघ्नं (स्रुघ्नस्यवा)=अश्वं स्रुघ्नाय नयति**।

**ख.** કોઈ ધાતુનો કર્તા અને કર્મ બેઉ ધાતુના કૃતાદિ પ્રાતિપદિકે જોડે વપરાતા હોય તો કર્મને ૬ ઠ્ઠી ને કર્ત્તાને ૩ જી લાગેછે, જેમકે **आश्चर्यं गवां दोहोऽगोपेन (= अगोपो गां दोग्धि तदाश्चर्यं)**। પણ **अक** ને **अ** પ્રત્યયથી થયલા સ્ત્રીલિંગના એવા નામો હોયતો કર્ત્તાને ૩ જી કે ૬ ઠ્ઠી લાગેછે, જેમકે **शब्दानामनुशासन माचार्येण (आचार्यस्य वा)**।

૪૦. વખત અથવા જગ્યાનો ગાળો બતાવનાર શબ્દોને ૫ મી કે ૭ મી લાગેછે, જેમકે **अद्यभुक्त्वायं द्व्यहे (द्व्यहाद्वा) भोक्ता। इहस्थोयं क्रोशे (क्रोशाद्वा) लक्ष्यं विध्येत्**।

૪૧. જ્યારે આખા વર્ગમાંથી એક ઓળખી કાઢવો હોય ત્યારે તે વર્ગવાચક શબ્દને ૬ ઠ્ઠી કે ૭ મી લાગેછે, જેમકે **नृणां (नृषु वा) ब्राह्मणः श्रेष्ठः। गवां (गोषु वा) कृष्णा बहुक्षीरा**।

૪૨. નક્ષત્રો જ્યારે અમુક વખત બતાવવા વપરાય છે ત્યારે તેઓને ૩ જી કે ૭ મી લાગેછે, જેમકે **मूलेन (मूले वा) आवाहयेद्देवीं, श्रवणेन (श्रवणे वा) विसर्जयेत्**

અ. સતીષષ્ઠી ને સતીસપ્તમીના સંબંધમાં—જ્યારે કૃદંત પ્રાતિપદિક ૬ ઠ્ઠી માં ને કર્ત્તા પણ તેજ વિભક્તિમાં હોય તેમજ બેઉના જાતિવચન સરખા હોય ત્યારે સતીષષ્ઠીનો પ્રયોગ કહેવાય છે ને એ પ્રમાણે જ્યારે સાતમીમાં હોય છે ત્યારે સતીસપ્તમી નો પ્રયોગ કહેવાયછે. જેમકે **पश्यतो गुरोः शिष्येणाविनयः कृतः। गोषु दुह्यमानासु स गतः**। સતીષષ્ઠી બેદરકારી અથવા ધિક્કાર બતાવનાર અર્થમાં ઘણું કરી વપરાયછે. સતીષષ્ઠી નો અર્થ "તે છતાં" ને સતીસપ્તમીનો અર્થ "કે તરતજ" એવો થાય છે.

૮. ભાવેકર્મપ્રયોગના ક્રિયાપદના વાક્યમાં થતી વિભક્તિઓના સંબંધમાં:—दुह्, याच्, पच्, दण्ड्, रुध्, प्रच्छ्, चि, ब्रू, शास्, जि, मन्थ्, मुष्, नी, हृ, कृष्, ને वह्, અને એ બધાના અર્થવાળાના કર્તરિપ્રયોગના ક્રિયાપદના પરોક્ષ કર્મને તેઓના ભાવેકર્મ પ્રયોગના ક્રિયાપદ સાથે પેહેલી લાગે છે ને પ્રત્યક્ષ કર્મને બીજી લાગે છે. જેમકે बलिं याचते वसुधाम्=તે બળી પાસે વસુધા માંગેછે, એમાં ભાવેકર્મનું ક્રિયાપદ કરીએ તો बलिर्याच्यते वसुधाम् થાય। ग्राममजां नयति=તે ગામ પ્રત્યે અજાને લઈ જાયછે. એમાં ભાવેકર્મ પ્રયોગનું ક્રિયાપદ કરીએ તો ग्राममजा नीयते થાય.

૯. પ્રેરકાન્ત ક્રિયાપદના વાક્યમાં થતી વિભક્તિઓના સંબંધમાં:—પ્રેરકાન્ત શિવાયના ધાતુના ક્રિયાપદના કર્તાને તેનું પ્રેરકાન્ત ધાતુનુ ક્રિયાપદ થએથી ૩જી લાગેછે. જેમકે देवदत्त ओदनं पचति નુ (सः) देवदत्तेनोदनं पाचयति ।

અપવાદ

१. ગતિ, જ્ઞાન અને ભોજનવાચક ધાતુનું તેમજ दृश्, जल्प्, आ+भाष् ને वि+लिप् તેમજ અકર્મક ધાતુ ( એટલે જે ધાતુને કર્મ ન આવે, ને આવે તો જગ્યા અથવા વખત બતાવનારા શિવાયનો હોય અથવા જેને કર્મની આકાંક્ષા ન હોય તેવો ) ના તેમજ વિદ્યાના કૃત્યવાચક કર્મ હોય એવા પ્રેરકાન્ત શિવાયના ધાતુના ક્રિયાપદનો કર્તા, તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૨જીમાં આવેછે. જેમકે शत्रवः स्वर्गमगच्छन् નું (सः) शत्रून्स्वर्गमगमयत् । તેમાં વળી જો પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદમાં કોઈની પ્રેરણાથી ક્રિયા થતી હોય તો તેની સાથે ૨જી માં નહીં પણ ૩ જીમાંજ આવેછે. જેમકે यज्ञदत्तो गच્છति નું देवदत्तो यज्ञदत्तं गमयति ને विष्णुशर्मा देवदत्तेन यज्ञदत्तं गमयति ।

२. दृश्, ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે કેટલીક વખતે ૪થી વિભક્તિમાં પણ આવેછે, જેમકે प्रत्यभिज्ञानरत्नं च रामाय दर्शयती कृती ।

३. नी, वह्, अद्, खाद्, ને भक्ष् (હિંસાના ભાવાર્થ શિવાયનો) ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો ( હાંકનાર શિવાયનો ) કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૩જી માં આવેછે. જેમકે भृत्यो भारं वहति નું (सः) भृत्येन भारं वाहयति ।

४. स्मृ ને घ्रा ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૩જી માં આવે છે. જેમકે देवदत्तः स्मरति નું ( सः ) देवदत्तेन स्मारयति ।

५. स्मृ (=દિલગીરીથી યાદ રાખવું) ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૨ જી માં આવે છે. જેમકે अपि चन्द्रगुप्तदोषा अतिक्रान्तपार्थिवगुणान्स्मारयंति प्रकृतीः ।

६. हृ, कृ, अभिवद् તથા આત્મનેપદી दृश् ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૨જીમાં અથવા ૩ જીમાં આવે છે. જેમકે भृत्यो हरति નું (सः) भृत्यंहारयति અથવા (सः) भृत्येन हारयति ।

७. शब्दाय ના પ્રેરકાન્ત ધાતુ શિવાયના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ૩જીમાં આવે છે. જેમકે देवदत्तः शब्दायति નું (सः) देवदत्तेन शब्दाययति ।

ડ. પ્રેરકાન્ત ધાતુના ભાવેકર્મપ્રયોગના ક્રિયાપદના વાક્યમાં થતી વિભક્તિઓના સંબંધમાં:— પ્રેરકાન્ત શિવાયના ધાતુના ક્રિયાપદનો કર્તા તેના પ્રેરકાન્ત ધાતુના ક્રિયાપદ સાથે ગમે તે વિભક્તિમાં આવે તોપણ પ્રેરકાન્ત ધાતુનું ભાવેકર્મનું ક્રિયાપદ થતા તે પહેલીમાંજ એટલે અસલ વિભક્તિમાંજ આવે છે. જેમકે **देवदत्तः कटं करोति** નું **देवदत्तं (देवदत्तेन वा) कटं कारयति** નું **देवदत्तः कटं कार्यते.**

૩. શબ્દોના સંબંધ વિષે:—

ક. ક્રિયાપદ જે પુરૂષ અને વચનનો હોય તેજ પુરૂષ અને વચનનો કર્તા જોઈએ. જેમકે **ब्राह्मणो गच्छति । ब्राह्मणौ गच्छतः । ब्राह्मणा गच्छन्ति ।**

અપવાદ

૧. જ્યારે કર્ત્તા એક કરતાં વધારે હોય ને **च** થી જોડાયા હોય ત્યારે ક્રિયાપદ ઘણી વખતે બે હોયતો દ્વિવચનમાં ને બે થી વધારે હોયતો બહુ વચનમાં આવેછે ને કોઈ વખતે તેની પાસેના શબ્દનું જે વચન તે વચનમાં પણ આવે છે. જેમકે **अहश्च रात्रिश्च उभे च संध्ये धर्मोऽपि जानाति नरस्य वृत्तम् ।**

૨. જ્યારે કર્ત્તા એક કરતાં વધારે હોય પણ **वा** થી જોડાયા હોય અને બધા એક વચનના હોયતો ક્રિયાપદ એક વચનમાં આવે છે. અને તે બધા જુદા જુદા વચનના હોય તો પોતાની પાસેના શબ્દના વચનમાં આવેછે. જેમકે **रामो गोविन्दो वा व्रजतु । स इमे बालका वाम्रं गृह्णन्तु ।**

૩. જ્યારે કર્તા જુદા જુદા પુરૂષોના હોય ને **वा** થી જોડાયા હોયતો પાસેના શબ્દના વચન પ્રમાણે ક્રિયાપદનું વચન જોઈએ. જેમકે **स वयं वा तत्संपादयामः ।**

૪. જ્યારે કર્તા જુદા જુદા પુરૂષના હોય ને **च** થી જોડાયા હોય ને તેઓમાં પેહેલા પુરૂષનો કર્તા હોયતો ક્રિયાપદ પેહેલા પુરૂષનું થાય છે ને પેહેલા પુરૂષનો કર્તા ન હોય ને ૨જા કે ૩જાનો હોય તો ૨જા પુરૂષનું થાય છે. જેમકે **त्वमहं रामश्चेतत्करिष्यामः । त्वं रामश्च गच्छतम् ।**

ખ. વિશેષ્યના જે જાતિ, વિભક્તિ ને વચન તેજ વિશેષણના જોઈએ. જેમકે **गच्छन्नरः । गच्छन्तीनारी ।**

અપવાદ.

૧. સંખ્યાવાચક વિશેષણો કે જેની જાતિ અને વચન બદલાતાંજ નથી તેમાં એમ થતું નથી. જેમકે **शतं ब्राह्मणाः ।**

૨. જ્યારે વિશેષ્ય એક કરતાં વધારે હોય છે ત્યારે વિશેષણ, બે વિશેષ્ય હોય તો દ્વિવચનનું, ને બેથી વધારે હોય તો બહુવચનનું, થાય છે.

૩. જ્યારે વિશેષ્યો જુદી જાતિના હોયછે ત્યારે જો તેઓ પુલ્લિંગ તથા સ્ત્રીલિંગના હોય તો વિશેષણ પુલ્લિંગનું થાય છે, ને જો ત્રણે જાતિના હોય તો નપુંસકલિંગનું થાય છે. જેમકે **राजा राज्ञी च स्तुत्यचरितौ स्तः। धर्मः कामश्च दर्पश्च हर्षः क्रोधः सुखं वयः, अर्थादेतानि सर्वाणि प्रवर्तन्ते न संशयः ।** પણ કેટલીક વખત વધારે નામ જે જાતિના હોય તે જાતિનું પણ થાય છે, જેમકે **वृध्दौच मातापितरौ, साध्वी भार्या सुतः शिशुः, अप्यकार्यशतं कृत्वा, भर्तव्या मनुरब्रवीत्** ને કેટલીક વખત **च** થી જોડાયા હોયતો જે પાસેનો શબ્દ હોય તેની જાતિ પ્રમાણેનું થાય છે જેમકે **यस्य वीर्येण कृतिनो वय च भुवनानि च।**

ગ. કોઈ વાક્ય જ્યારે નામ તરીકે વાપરવું હોય ત્યારે તેની આગળ **यद्** મુકાયછે ને કોઇ વખતે આગળ **यद्** ને પાછળ **इति** મુકાયછે. જેમકે **यद्विद्वानपि नरोऽन्यान्विगणयति स धनमद एव । सत्योऽयं जनप्रवादो यत्संपत्संपदमनुबध्नातीति ।**

૪. શબ્દોના અધ્યાહાર રહેવા વિષેઃ—

ક. જ્યારે ક્રિયાપદને બદલે વિશેષણ વપરાય છે અથવા તે ક્રિયાપદના ધાતુનું કૃદંત વપરાય છે ત્યારે **भू** અથવા **अस्** નું રૂપ અધ્યાહાર રખાય છે જેમકે **स तदुक्तवान् ( आसीत् ) । स दुर्लभः (अस्ति ) ।**

ખ. જ્યારે અવ્યય વિશેષણના અર્થમાં વપરાય છે ત્યારે ક્રિયાપદ અધ્યાહાર રહે છે અને કર્મને કર્તા બનાવવામાં આવેછે. જેમકે **विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुमसांप्रतम् ।**

ગ. હું, તું, ને તે, વાચક કર્તા કેટલીક વખત અધ્યાહાર રખાય છે જેમકે **अहं करोमि** ને બદલે **करोमि ।**

૫. શબ્દોના બેવડાવવા વિષે :—

ક. **तद्** જ્યારે બેવડાય છે ત્યારે 'કેટલાક' અથવા 'જુદા જુદા' એવા અર્થ થાયછે. જેમકે **तेषु तेषु स्थानेषु**=જુદી જુદી જગ્યાએ. ।

ખ. **अन्य** જ્યારે બેવડાય છે ત્યારે કેટલીક વાર પેહેલાં **अन्य** નો અર્થ એક અને બીજાનો બીજો થાયછે. જેમકે **अन्यः करोत्यन्यो भुंक्ते** એક કરેછે, બીજો ભોગવે છે.

ગ. ઉપર લખેલા શિવાયના મૂળ અથવા વિભક્તિવાળા પ્રાતિપદિકને બેવડવાથી તે દરેક એવો અર્થ થાયછે. જેમકે **गृहे गृहे**=દરેક ઘરમાં ।

૬. કેટલાક પ્રાતિપદિકો તથા ક્રિયાપદો તથા વાકયો અમુક રીતે વપરાય છે તે વિષેઃ—

ક. **मन, बुध** ને **पूज्** અને એઓના અર્થવાળાના કર્મણિભૂતકૃદંતો વર્તમાનકાળના અર્થમાં વપરાય છે ને તેને યોગે આવતા શબ્દને ૬ઠ્ઠી વિભક્તિ લાગેછે.

ખ. ભવિષ્યકાળના કૃદંતોનો અર્થ ઈચ્છાવાચક પણ થાયછે. જેમકે **वन्यान्विनेष्यन्निव दुष्टसत्वान्**=જંગલી પશુઓને હળાવવા ઇચ્છતો હોય તેમ।

ગ. જ્યારે ગુણની યોગ્યતા બતાવવી હોય ત્યારે વિધ્યર્થને બદલે વિધ્યર્થકૃદંત અને કેટલીક વાર **तृ** પ્રત્યયવાળું નામ વપરાય છે. જેમકે **त्वं कन्यां वहेः** ને બદલે **त्वया कन्या वोढव्या** કે **त्वं कन्याया वोढा** થાય. ।

ઘ. જ્યારે શરીરની યોગ્યતા બતાવવી હોય ત્યારે વિધ્યર્થને બદલે વિધ્યર્થકૃદંત વપરાયછે. જેમકે **त्वंभारं वहेः** ને બદલે **त्वया भारो वोढव्यः** થાય.

ઙ. જ્યારે પોતાનાથી હલકા માણસને આજ્ઞા કરવી હોય તથા નિમંત્રણ કરવું હોય ત્યારે વિધ્યર્થને બદલે વિધ્યર્થ કૃદંત પણ વપરાયછે. જેમકે **त्वं गच्छेः** ને બદલે **त्वया गन्तव्यं** થાય

ચ. 'એક મુહૂર્ત પછી' એ શબ્દો વાપરવા હોય ત્યારે વિધ્યર્થના કર્તાને ૩જી વિભક્તિમાં મુકી વિધ્યર્થને બદલે વિધ્યર્થકૃદંત વપરાયછે. જેમકે **स यजेत** ને બદલે **मुहूर्तादूर्ध्वं त्वया यष्टव्यम्** થાય ।

છ. **भवितव्यं** ને **भाव्यं** ૩જી વિભક્તિના કર્તાની સાથે આવેછે. જેમકે **अत्र केनापि कारणेन भवितव्यं=अत्र किमपि कारणमस्ति ।**

જ. ભૂતકાળના કૃદંતપ્રાતિપદિકને **मात्र** તેવા અર્થમાં ઉમેરાયછે. જેમકે **विद्धमात्र=** માત્ર વિંધાયલો ।

ઝ. **वर** જ્યારે "વધારે સારો અને (અથવા) નહી" ના અર્થમાં વપરાયછે ત્યારે નપુંસકલિંગમાંજ આવેછે. જેમકે **अजातमृतमूर्खाणां वरमाद्यो न चान्तिमः ।**

અ. **भवत्** ત્રીજા પુરૂષનું સર્વનામ છે પણ **युष्मद्** ના અર્થમાં વપરાય છે, ને એની પૂર્વે, જેને વિષે બોલીએ તે પાસે હોયતો **अत्र**, ને દૂર હોય તો **तत्र** કે **सः**, માનાર્થે કહેવું હોય ત્યારે, ઉમેરાય છે. જેમકે **आदिष्टोऽस्म्यत्रभवता काश्यपेन। मां स भवान्नियुंक्ते। तत्रभवती कामन्दकी।**

ઇ. **अस्मद्** ને **युष्मद्** ના ટૂંકા રૂપો વાક્યની શરૂઆતમાં તથા **च**, **वा**, **एव**, કે **हा** ની તત્કાળ પૂર્વે તથા કાવ્યમાં કોઈપણ ગણના પદની શરૂઆતમાં વપરાતા નથી. **अह** ને **ह** ની પૂર્વે પણ કોઈજ વખતે વપરાયછે. વળી સંબોધનના નામની પછી તરત પણ વપરાતા નથી, પણ જો સંબોધનના નામની પછી તેનું વિશેષણ હોય તો વિકલ્પે વપરાયછે, ને અન્વાદેશ (આગળ વપરઈ ગયલા શબ્દને માટે ફરી વપરાતો શબ્દ) માં તો જરૂર વપરાયછે. નેત્ર શિવાયની જ્ઞાનેંદ્રિયથી થતા જ્ઞાન વાચક ધાતુને યોગે ટુંકા રૂપો વપરાતા નથી. જેમકે **तस्य च मम** ( **मे** નહીં ) **च वैरमस्ति। देव अस्मान्** ( **नः** નહીં ) **पाहि सर्वदा। हा मम** ( **मे** નહીં ) **मंदभाग्यं। देव दयालो नः** ( અથવા **अस्मान्** ) **पाहि। तस्मै ते नमः। चेतसा त्वां** ( **त्वा** નહીં ) **समीक्षते। भक्तस्त्वा पश्यति चक्षुषा।**

ઉ. **आत्मन्** હંમેશ પુલ્લિંગના એક વચનમાંજ વપરાયછે. જેમકે **आत्मानं बहुमन्यामहे वयं।**

ડ. વર્ગવાચક શબ્દો બહુવચનના અર્થમાં એકવચનમાં તેમજ બહુવચનમાં વપરાયછે. જેમકે **सिंहः श्वापदराजः। ब्राह्मणः पूज्यः। ब्राह्मणाः पूज्याः।**

ઢ. એકવચનના અર્થમાં માનાર્થે બહુવચન વપરાયછે. જેમકે **इति श्रीशंकराचार्याः।**

ણ. મોટા પુરૂષો અને ગ્રંથકર્તાઓ પોતાને માટે કેટલીક વખત બહુવચન વાપરેછે. જેમકે **वयमपि भवंत्यौ किमपि पृच्छामः।**

ત. **दाराः, गृहाः, अक्षताः, सिकताः, आपः, प्राणाः, लाजाः,** વગેરે શબ્દો બહુવચન તથા એકવચન ના અર્થમાં બહુવચનમાંજ વપરાયછે.

થ. દેશના નામો જો તેમાં રહેનારા નામપરથી પડ્યા હોય તો તે બહુવચનમાંજ વપરાયછે પણ જો તે નામોની પછી **देश, विषय,** વગેરે આવી સામાસિક શબ્દ થયો હોયતો તેમ થતું નથી. જેમકે **स विदेहान्ययौ।** પણ **अस्ति विदेहदेशनाम नगरं।**

દ. વિશેષનામ બહુવચનમાં વપરાય ત્યારે તેનો અર્થ કુળવાચક થાયછે. જેમકે **गर्गाः** ગર્ગ રૂષિના કુળના લોકો.

ધ. **हस्त, नेत्र** ને **पाद्** ઘણું ખરૂં દ્વિવચનમાંજ વપરાય છે.

ન. દ્વિવચનનું નામ તેજ જાતના ને લિંગના બે બતાવે છે પણ કેટલીક વખતે તેજ જાતના પુલ્લિંગ અને સ્ત્રીલિંગના પણ બતાવે છે. જેમકે **पितरौ। चटकौ।**

પ. **आस्** ને **स्था** ઘણીવાર વર્તમાનકૃદંતના વિશેષણ સાથે ક્રિયાનું જાથુકપણું બતાવવાના અર્થમાં વપરાય છે. જેમકે **पशूनां वधं कुर्वन्नास्ते**=તે પશુઓનો વધ કર્યા કરતો હતો। **तं प्रतिपालयन्तस्थौ**=તે તેની રાહ જોતો રહ્યો।

ફ. વાક્યને જ્યારે નામ તરીકે વાપરવું હોય ત્યારે તેની પૂર્વે **यद्** મુકાય છે, ને કોઈ વખતે પૂર્વે **यद्** ને પછી **इति** મુકાય છે. જેમકે **यद्विद्वानपि नरोऽन्यान्विगणयति स धनमद एव। सत्योयं जनप्रवादो यत्संपत्संपदमनुबध्नातीति।**

૭. કેટલાક અવ્યયો અમુક રીતે વપરાયછે તે વિષે :—

ક. કૃદંતઅવ્યયના સંબંધમાં:—

૧. **विहाय, मुक्त्वा** (=શિવાય), **आदाय** (=સાથે), **उद्दिश्य, अधिकृत्य, अनुरुध्य** (=તે બાબતમાં) વગેરે પ્રત્યય તરીકે વપરાય છે.

૨. **अर्ह्** જ્યારે હેત્વર્થકૃદંતના સંબંધમાં વપરાય છે ત્યારે એનો અર્થ અરજ કરવી થાય છે. જેમકે **न चेद्रहस्यं प्रतिवक्तुमर्हसि**=જો ખાનગી ન હોય તો મહેરબાની કરી કહો.

૩. **तुम्** થી થતો કૃદંત **काम** અને **मनस्** જોડે જોડાય છે ત્યારે **तुम्** નો **म्** ઉડી જાય છે ને એમ થતો સામાસિક શબ્દ વિશેષણ તરીકે વપરાય છે. જેમકે **एतावदुक्त्वा प्रतियातुकामं शिष्यं महर्षेर्नृपतिर्निषिध्य ।**

ખ. બીજા અવ્યયોના સંબંધમાંઃ—

૧. કેટલાએક નપુંસકલિંગના પ્રાતિપદિકો કેટલીક વિભક્તિઓમાં રહી અવ્યય તરીકે વપરાય છે. જેમકે **चिरं । चिरेण । चिराय । सुखं । सुखेन । येन । यस्मात् ।**

૨. **विधा** કેટલાક શબ્દો જોડે જોડઇ અવ્યય તરીકે વપરાય છે. જેમકે **बहुविधं । नानाविधं ।**

૩. **पूर्व** અંતમાં આવી થયલો સામાસિક શબ્દ અવ્યય તરીકે વપરાય છે. જેમકે **बुद्धिपूर्वं । शपथपूर्वं ।**

૪. **च** ને **वा** વાકયમાં પેહેલા આવતા નથી. જે શબ્દો જોડાતા હોય તે દરેકની પછી અથવા તેમાના છેલ્લાની પછી આવે છે. જેમકે **रामश्च लक्ष्मणश्च** અથવા **रामो लक्ष्मणश्च।**

૫. **च** કોઇક વખતે **चेत्** ના અર્થમાં પણ આવે છે. જેમકે **जीवितुं चेच्छसे मूढ, हेतुं मे गदतः शृणु ।**

૬. **च** ને બદલે **तथा** પણ ઘણી વાર વપરાય છે. જેમકે **रामस्तथा लक्ष्मणश्च ।**

૭. **तथाहि** (=દાખલા તરીકે) ને **तथा च** (=તે પ્રમાણે) વાકયની શરૂઆતમાં ઘણીવાર આવે છે.

૮. **तु** (=પણ), **हि** (=કારણકે) ને **वा** વાકયમાં પહેલા આવતા નથી.

૯. **यदि** ને **चेत्** વિધ્યર્થ અથવા વિધ્યર્થભવિષ્ય જોડે આવે છે.

૧૦. **अथ** નીચે પ્રમાણે વપરાય છે.

| | |
|---|---|
| क. મંગળની નિશાની તરીકે. | જેમકે **अथातो ब्रह्म जिज्ञासा ।** |
| ख. કાર્યના આરંભમાં | જેમકે **अथेदमारभ्यते प्रथमं तंत्रं ।** |
| ग. ‘તે પછી’ ના અર્થમાં | „ **अथ प्रजानामधिपः प्रभाते ।** |
| घ. સવાલ પુછવાના અર્થમાં. | „ **अथ भगवाँल्लोकानुग्रहाय कुशली काश्यपः ।** |
| ङ. ‘અને વળી’ ના અર્થમાં. | „ **भीमोऽथार्जुनः ।** |
| च. ‘જો’ ના અર્થમાં | „ **अथ मरणमवश्यं जन्तोः ।** |

૧૧. **इति** નીચે પ્રમાણે વપરાય છે.

| | |
|---|---|
| क. ‘એ પ્રમાણે’ના અર્થમાં. | જેમકે **रामाभिधानो हरिरित्युवाच ।** |
| ख. ‘તરીકે’ ના અર્થમાં | „ **पितेति पूज्यो गुरुरिति निंद्यः ।** |
| ग. વાક્યને અંતે | „ **स उक्तः सर्वे शत्रवो निहता इति ।** |
| घ. કોઈના બોલેલા બોલ ટાંકવામાં | „ **अहं तत्र गत इति स उवाच ।** |
| ङ. કારણ બતાવવામાં | „ **वैदेशिकोऽस्मीति पृच्छामि ।** |
| च. મત બતાવવામાં | „ **इत्याश्मरथ्यः ।** |

# પ્રકરણ ૮ મું.

## પરિશિષ્ટો.

આગળ **लोहितादि** સમૂહો, ધાતુઓ તથા ઉપસર્ગોની બાબત પ્રસંગોપાત જે કહ્યું છે તે **लोहितादि** સમૂહોના શબ્દો નીચે ૧ લા પરિશિષ્ટમાં આપ્યા છે ને ધાતુઓના સંબંધમાં તેઓને લાગતા કેટલાક નિયમો તરત યાદ આવવા જે અનુબંધોની સાથે ધાતુઓને ગોખવાની યોજના કરેલી છે તે અનુબંધો તથા તેઓની સમજ તથા ધાતુકોષ નીચે ૨જા તથા ૩જા પરિશિષ્ટમાં આપ્યા છે ને ઉપસર્ગોની બાબતમાં ઉપસર્ગોની નોંધ તથા ઉપસર્ગ વગેરેથી કેટલાક ધાતુના પદોમાં ફેરફાર થાય છે તે નીચે ૪થા ને ૫મા પરિશિષ્ટમાં આપ્યા છે.

## પરિશિષ્ટ ૧ લું.

### **लोहितादि ૧૮ સમૂહોના શબ્દો.**

**१. लोहितादि સમૂહના શબ્દો.**

चरित
दास
नील
फेन
मद्र
मन्द
लोहित
हरित અને એઓના અર્થના

**२. क्षिपकादि સમૂહના શબ્દો.**

अवका
अलका
एडका
करका
कन्यका
क्षिपका
चरका
चटका
धुवका
ध्रुवका
लहका
सेवका

**३. शार्ङ्गरवादि સમૂહના શબ્દો.**

अराल
आनिचेय
आनिधेय
आशोकेय
आश्मरथ्य
एहि
औदपान
कापटव
कामंडलेय
काप्य
काव्य
कैकस
गौग्गुलव
गौतम
चण्डाल
पर्येहि
ब्राह्मण
ब्राह्मणकृतेय
मौञ्जायन
वतण्ड
वात्स्यायन
वैद
शार्ङ्गरव
शैब्य

**४. गौरादि સમૂહના શબ્દો.**

अतस
अलिन्द
अनडुही
अनड्वाही
अयस्थूण
अथःस्थूण
अधिकरण
अधिकार
अग्रहायणी
अण्डर
आद
आमल
आमलक
आढक
आनंद
आश्वत्थ
आखक
आपच्छिक
आग्दाहमानी
आलंबि
आलजि
आलब्धि
आलक्षि
आपक
आरट
आस्तरण
आग्रहायणी
उभय
उणक
ऊर्द
एषण
औग्दाहमानी
औड
कट
कल्माष
कदल
कन्दर
कदर
कर्कर
काकण
काकादन
कुवल
केवाल
कोकण
कोशातकी
क्रोष्टु
गवय
गडुल
गवादन
गुर्द
गोतम
गौतम
गौर
छेद
तक्षन्
तरुण
तलुन
तूर्ण
तेजन
तोट
देह
देहल
द्रुण
द्रोण
धातक
नट
निष्कल
नोट
पटर
पट
पारक
पातन
पाठन
पानठ
पाण्ड
पितामह
पिङ्गल
पिण्ड
पिप्पली
पुरुष्य
पुट
पुष्कर
पुष्कल
पूष
पृथिवी
प्रत्यवरोहिणी
पेष
पोतन
फर्करक
बदर
बिम्ब
बृहत्

भाण्ड
भाण्डल
शृंग
भौरिकि
भौलिकि
भौलिंगि
मत्स्य
मण्डल
मनुष्य
मह
मठ
मंगल
मन्थर
महत्
मातामह
मालक
मालात
मुकय
मूलाट
मेथ
मेद
मेघ
यान
यूथ
यूष
वरी
वल्लक
विकल
वेतस
वृस
वृक्ष
रजन
रद
रिण
रुण
रेवती (नक्षत्र वाचक)
रोहिणी (नक्षत्र वाचक)
लवण
लोहाण्ड
शम
शमी
शरी
शर्कार
शष्काण्ड
शष्कुल
शण्ड
शातन
शिखन्ड
शूर्प
श्वन्
शृंग
षाण्डश
सलद
सनंद
सल्लक
साल्वक
सुषम
सुषव
सुमंगल (विशेषनाम वाचक.)
सुंदर
सूच
सूद
सूप
सूर्म
सूर्य
सृपाट
सेचन
सोम
सौधर्म
हय
हरितकी
हरीतकी

**५. पृषोदरादि समूहना शब्दो.**

उलूखल
जीमूत
पिशाच
पृशोत्थान
पृशोदर
बलाहक
मयूर
वृसी
श्मशान

**६. पारस्करादि समूहना शब्दो.**

कारस्करोवृक्षः
किष्कुःप्रमाणम्
किष्किन्धागुहा
पारस्करोदेशः
रथस्यानदी

**७. राजदन्तादि समूहना शब्दो.**

अग्रेवणम्
अवन्त्यश्मकम्
अक्षिभ्रुवम्
अवक्लिन्नपक्कम्
अर्पितोक्तम्
आरङ्वायनि
आरग्वायनबंधकी
उक्तगाढम्
उलूविलमुसलं
चित्ररथबाह्लिकं
तण्डुलकिण्वं
दारगवम्
नग्नमुषितम्
मुष्टलुञ्चितम्
राजदन्तः
लिप्तवासितं
विष्वक्सेनार्जुनौ
शूद्रार्यम्
सिक्तसमृष्टम्
स्नातकराजानौ
धर्मादि समूहना शब्दो.

**८. धर्मादि समूहना शब्दो.**

अर्थधर्मौ
अर्थकामौ
अर्थशब्दौ
अन्तादी
आद्यन्तौ
उशीरबीजम्
कामार्थौ
केशश्मश्रू
गाजवाजम्
गुणवृद्धी
गोजवाजम्
गोपालिधानपूलासं
गोपालधानीपूलासम्
चित्रास्वाती
चित्रस्वाती
जंपती
जायापती
जिह्वास्थि
दंपती
धर्मार्थौ
पुत्रपती
पुत्रपशू
पूलासकारण्डम्
पूलासककुरण्डम्
भार्यापती
मधुसर्पिषी
वैकारिमतम्
वृद्धिगुणौ
शब्दार्थौ
शिरोजानु
शिरोबिजु
शिरोबीजम्
सर्पिर्मधुनी
सिञ्जास्थम्
सिञ्जाश्वत्थम्
स्थूलासम्
स्थूलपूलासम्

**९. हस्त्यादि समूहना शब्दो.**

अज
अश्व.
कटोल
कटोलक
कण्डोल
कण्डोलक
कपोत
कशिक
कुसूल
कुरुत
कुद्दाल
गण्डोल
गण्डोलक
गण्ड
गणिका
जाल
दासी
महेला
हस्तिन्

**१०. गड्वादि समूहना शब्दो.**

अस्युदत
गडुकण्ठ
दण्डपाणि

**११. वाहिताग्नि समूहना शब्दो.**

आहिताग्नि
उडभार्य
गतार्थ
घृतपीत
जातदन्त
जातपुत्र
जातश्मश्रू
तैलपीत
मद्यपीत अने एओना अर्थना जेवा के
अस्मुद्यत
अस्युद्यत
गडुकण्ठ
दण्डपाणिवगेरे

**१२शाकपार्थिवादि समूहनाशब्दो.**

अजातौज्वलि
कुतपसौश्रुत
शाकपार्थिव
अने एओना अर्थना जेवा के
कृत्वापकृत
कयाक्रयिका
गतप्रत्यागत
पीतविपीत
पुटापुटिका
फलाफलिका
भुक्तविभुक्त
मानोन्मानिका
यातानुयात वगेरे.

**१३मयूरव्यंसकादि समूहना शब्दो.**

अकिंचन
अकुतोभयम्

अपेहिवाणिजा
अपेहिस्वागता
अपेहिद्वितीया
अपेहिकटा
अपेहिप्रघसा
अवश्यकार्याम्
अश्नीतपिबता
अहमहमिका
आचपराचम्
आचोपचम्
आवपनिष्किरा
आहरकटा
आहरचेला
आहरवसना
आहरवनिता
आहरविनता
आहरसेना
आहरनिवपा
आहरनिष्किरा
आहोपुरुषिका
इहपंचमी
इहद्वितीया
उत्पचविपचा
उन्मृजावमृजा
उद्धमचूडा
उद्धरोत्सृजा
उद्धरावसृजा
उद्धमविधमा
उत्पचनिपचा
उत्पतनिपता
उच्चावचचम्
उच्चनीचम्
उत्पत्यपालका
उज्जहिस्तम्ब
एहिडंवर्तते
एहियवंवर्तते
एहिवाणिजाक्रि-
-या
एहिस्वागता
एहिकटा
एहिविधसा
एहिरेवाहिरा
कम्बोजमुण्ड
कान्दिशीकः
कान्देशीकः

कृन्तविचक्षणा
कृन्धिविचक्षणा
खादतमोदता
खादतवमता
खादतचमता
छात्रव्यंसक
जहिजोड
जहिस्तंब
द्रव्यान्तरम्
नखप्रत्वम्
निश्वप्रचम्
निपत्यरोहिणी
निशणश्यामा
पचतभृज्जता
पचप्रकूटा
पीत्वास्थिरक
पुनर्दाय
प्रेहिवाणिजा
प्रचलवणा
प्रेहिद्वितीया
प्रेहिकटा
प्रेहिकर्दमा
प्रोहकर्दमा
प्रोष्यप्रापीयान्
भुक्तवासुहित
भिन्धिलवणा
मयूरव्यंसक
यवनमुण्ड
यदृच्छा
विधमचूडा
स्नात्वाकालक

**१४. अजादि समूहना शब्दो.**

अजा
अजिनफला
अपरापहाणा
अमूला
अश्वा
उष्णिहा
एकपुष्पा
एडका
कनिष्ठा
काण्ड
कोकिला
कुञ्चा
चटका
ज्येष्ठा
दंष्ट्रा
देवविशा
पाका
पिण्डफला
पूर्वापिहाणा
पूर्वापहाणा
प्रत्यक्पुष्पा
प्राक्पुष्पा
प्रान्तपुष्पा
बाला
भस्त्रफला
मन्दा
मध्यमा
मूषिका
वत्सा
विलाता
शतपुष्पा
शूद्रा
संफला
सत्पुष्पा
होडा तथा એ-એના અર્થના.

**१५. कुंभपद्यादि સમૂહના શબ્દો.**

अपदी
अष्टापदी
आर्द्रपदी
एकपदी
कलशीपदी
कुंभपदी
कुणिपदी
कृष्णपदी
गुणपदी
गोधापदी
जालपदी
तृणपदी
त्रिपदी
दासीपदी
द्रोणपदी
द्रोणीपदी
द्रुपदी
द्विपदी
निष्पदी
मुनिपदी
विपदी
विष्णुपदी
शतपदी
शकृत्पदी
शितिपदी
शुचिपदी
शूलपदी
षट्पदी
सुपदी
सूत्रपदी
सूकरपदी
सूचीपदी
स्थूणापदी

**१६. गवाश्वादि સમૂહના શબ્દો.**

अजाविकम्
अजैडकम्
अर्जुनशिरीषं
अर्जुनपुरुषम्
उष्ट्रखरम्
उष्ट्रशशम्
कुब्जवामनम्
कुब्जकिरातम्
कुटीकुटम्
गवाश्वम्
गवाविकम्
गवैडकम्
तृणोपलम्
तृणोलपम्
दर्भशरम्
दर्भपूतिकम्
दासीमाणवकम्
दासीदासम्
पुत्रपौत्रम्
भाववतीभागव-
-तम्
मांसशोणितम्
मूत्रशकृत्
मूत्रपुरिषम्
यकृन्मेदः
शाटीपटीरम्
शाटीप्रच्छदम्
शाटीपट्टीकम्
श्वचाण्डालम्
स्त्रीकुमारम्

**१७. दधिपयादि સમૂહના શબ્દો.**

अध्ययनतपसी
आद्यवसाने
इध्माबर्हिषी
उलूखलमूसले
ऋक्सामे
दधिपयसी
दीक्षातपसी
परिव्राजककौ-
-शिकै
प्रवर्ग्योपसदौ
ब्रह्मप्रजापती
मधुसर्पिषी
मेधातपसी
वाङ्मनसे
शिववैश्रवणौ
शुक्लकृष्णौ
श्रद्धातपसी
श्रद्धामेधा
सार्पिर्मधुनि
स्कन्दविशाखौ

**१८. तिष्ठद्ग्वादि સમૂહના શબ્દો.**

अपरदक्षिणम्
अपसमम्
असंप्रति
आयतीगवम्
आयतीसमम्
खलेयवम्
खलेबुसम्
तिष्ठद्गु
दुःषमम्
निःषमम्
पापसमम्
पुण्यसमम्
पूनयवम्
पूयमानयवम्
प्रथमम्
प्रमृगम्
प्राण्हम्
प्रोढम्

| | | | | |
|---|---|---|---|---|
| प्रदक्षिणम् | वहद्गु | समभूमि | संह्रियमाणबुसम् | सुषमम् |
| लूनयवम् | विषमम् | संप्रति | संहृतबुसम् | |
| लूनमानयवम् | समपदानि | संह्रियमाणयवम् | संहृतयवम् | |

---

# પરિશિષ્ટ ૨જું.

## ધાતુઓના અનુબંધો તથા તેઓની સમજ.

**અનુબંધ.** **સમજ.**

- **आ.** કર્મણિ તથા કર્તરિભૂતકૃદંતના **त** અને **तवत्** પ્રત્યયોની પૂર્વે આર્ધધાતુકની **इ** લાગતી નથી. પણ જો એ પ્રત્યયોથી થતો શબ્દ અકર્તૃવાચ્ય વાપરવો હોય અથવા ધાતુના અર્થની શરૂઆતના અર્થમાં વાપરવો હોય તો **इ** વિકલ્પે લાગે છે.
- **इ.** અનુનાસિક ઉમેરેલો છે.
- **ई.** કર્મણિ તથા કર્તરિભૂતકૃદંતના **त** અને **तवत्** પ્રત્યયોની પૂર્વે આર્ધધાતુકની **इ** લાગતી નથી.
- **उ.** ભૂતકૃદંતઅવ્યયના **त्वा** પ્રત્યયની પૂર્વે આર્ધધાતુકની **इ** વિકલ્પે લાગે છે.
- **ऊ.** વેટ છે.
- **ऋ.** સામાન્યભૂતમાં પ્રેરક અને દશમા ગણના ધાતુઓનો ઉપાંત્યસ્વર હ્રસ્વ થતો નથી.
- **ऌ.** સામાન્યભૂતમાં અનધ્યતનભૂતના પ્રત્યય લેછે અને તેની પૂર્વે અવિકારક એવો **अ** ઉમેરાય છે ને ધાતુના સ્વરની ગુણકે વૃદ્ધિ થતી નથી.
- **ए.** સામાન્યભૂતમાં સામાન્યભૂતના સાધારણ પ્રત્યયની પૂર્વે આર્ધધાતુકની **इ** લાગે છે ત્યારે ધાતુના સ્વરની વૃદ્ધિ થતી નથી.
- **ओ** કર્મણિ તથા કર્તરિભૂતકૃદંતના **त** અને **तवत्** પ્રત્યયોના **त** નો **न** થાય છે.
- **ङ्.** કેવળ આત્મનેપદી.
- **ञ्.** ઉભયપદી.
- **इर्.** સામાન્યભૂતમાં અનદ્યતન ભૂતના પ્રત્યય વિકલ્પે લાગે છે.

---

# પરિશિષ્ટ ૩જું.

## ધાતુકોષ.

ધાતુઓના સંબંધમાં ધાતુઓ તથા તેઓમાંનાં દરેકના ગણ, પદ તથા અર્થ જાણવાના છે તેમજ તેઓમાંનાં કેટલાકના અનુબંધો જાણવાના છે તથા કેટલાક કયા સમૂહના છે તે જાણવાનુ છે તેથી તે સઘળી બાબતો નીચે જુદા જુદા કોઠામાં બતાવી છે. વળી કોઈ બાબત કંઈ શંકા પડે તો તે નિવૃત્ત કરવા પાણિનિનો ધાતુપાઠ જોવો સહેલો પડે માટે તે ધાતુપાઠમાં તે કયા નંબરનો ધાતુ છે તે બાબત પણ નીચે એક કોઠામાં બતાવી છે.

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| अक् | | ૧ | પ. | घटादि | ૭૯૨ | कुटिलायां गतौ | વાંકું ચાલવું. |
| अक्ष् | ऊ | ૧ | પ. | | ૬૫૪ | व्याप्तौ संघाते च | વ્યાપવું, એકઠું થવું. |
| अग् | | ૧ | પ. | घटादि | ૭૯૩ | कुटिलायां गतौ | વાંકું ચાલવુ. |
| अगद | | ૧૧ | પ. | | ૪૨ | नीरोगत्वे | નિરોગી થવું. |
| अङ्क् | | ૧ | આ. | | ૮૭ | लक्षणे | ચિન્હ કરવું. |
| ,, | | ૧૦ | ઊ. | अदन्त | ૩૯૪ | पदे लक्षणे च | પગલું ભરવું. ચિન્હ કરવું. |
| अङ्ग् | | ૧ | પ. | | ૧૪૬ | गत्यर्थे | જવું. |
| ,, | | ૧૦ | ઊ. | अदन्त | ૩૯૫ | पदे लक्षणे च | પગલું ભરવું. ચિન્હ કરવું. |
| अङ्घ् | | ૧ | આ. | | ૧૦૯ | गत्याक्षेपे आरंभे च | નિન્દિત રીતે ચાલવું. આરંભવું. |
| अच् | उ | ૧ | ઊ. | | (૮૬૨) | गतौ याचने अविस्पष्टकथने च | જવું. માંગવું. અસ્પષ્ટ બોલવું. |
| अज् | | ૧ | પ. | | ૨૩૦ | गतिक्षेपणयोः | જવું. ફેંકવું. |
| अञ्च् | उ | ૧ | પ. | | ૧૮૮ | गतिपूजनयोः | જવું. પૂજા કરવી. |
| ,, | उ | ૧ | ઊ. | | ૮૬૨ | गतौ याचने च | જવું. યાચના કરવી. |
| ,, | | ૧ | ઊ. | | (૮૬૨) | ,, ,, ,, | ,, ,, ,, |
| ,, | उ | ૧૦ | ઊ. | | ૨૦૫ | विशेषणे | રોકવું. વાળવુ. બબડવું. |
| अञ्ज् | इ | ૧૦ | ઊ. | | ૨૫૨ | भाषायाम् | બોલવું. |
| ,, | ऊ | ૭ | પ. | | ૨૧ | व्यक्तिमर्षणकान्तिगतिषु | સ્પષ્ટથવું. ઘી જેવા વડે ચો. પડવું. કાંતિમાન થવું. જવું- |
| अट् | | ૧ | પ. | | ૨૯૫ | गतौ | જવું. ભટકવું. |
| अट्ट् | | ૧ | આ. | | ૨૫૪ | अतिक्रमणहिंसयोः | ઓળંગવું. હિંસા કરવી. |
| ,, | | ૧૦ | ઊ. | | ૨૮ | अनादरे | અનાદર કરવો. |
| अड् | | ૧ | પ. | | ૩૫૮ | उद्यमे | ઉદ્યોગ કરવો. |
| अड्ड् | | ૧ | પ. | | ૩૪૮ | अभियोगे | હુમલો કરવો. હરાવવું. |
| अण् | | ૧ | પ. | | ૪૪૪ | शब्दे | શબ્દ કરવો. |
| ,, | | ૪ | આ. | | ૬૯ | प्राणने | શ્વાસ લેવો. |
| अण्ठ् | | ૧ | આ. | | ૨૬૧ | गतौ | જવું. |
| अत् | | ૧ | પ. | | ૩૮ | सातत्यगमने | નિરંતર જવું. |
| अद् | | ૨ | પ. | | ૧ | भक्षणे | ખાવું. |
| अन् | | ૨ | પ. | | ૬૦ | प्राणने | શ્વાસ લેવો. |
| ,, | | ૪ | આ. | | (૬૯) | ,, | ,, |
| अन्त् | | ૧ | પ. | | ૬૧ | बंधने | બાંધવું. |
| अन्द् | | ૧ | પ. | | ૬૨ | बंधने | ,, ,, ,, |
| अन्ध् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૯૨ | दृष्ट्युपघाते । दृष्ट्युपसंहारे | આંધળા થવું. આંખબંધ કરવી. |
| अभ्र् | | ૧ | પ. | | ૫૫૬ | गतौ | જવું. |
| अम् | | ૧ | પ. | | ૪૬૫ | गतिशब्दसंभक्तिषु | જવું. શબ્દ કરવો. સેવા- કરવી. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૮૭ | रोगे | રોગ કરવો. |

| ધાતુ. | અનુ-બંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ | ગુજરાતિ અર્થ |
|---|---|---|---|---|---|---|---|
| अम्ब् | | ૧ | આ. | | ૩૭૮ | शब्दे | શબ્દ કરવો. જવું. |
| अम्बर् | | ૧૧ | પ. | | ૪૭ | संभरणे | સારી રીતે ભરવું. પોષણ કરવું. |
| अम्भ् | | ૧ | આ. | | (૩૮૫) | शब्दे | શબ્દ કરવો. |
| अय् | | ૧ | આ. | | ૪૭૪ | गतौ | જવું. |
| अरर् | | ૧૧ | પ. | | ૨૧ | आराकर्मणि | આર ઘોંચવી. |
| अर्क् | | ૧૦ | ઊ. | | ૧૧૦ | स्तवने तपने च | સ્તુતિ કરવી. ગરમ કરવું. |
| अर्च् | | ૧ | પ. | | ૨૦૪ | पूजायां | પૂજવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૨૭૫ | ,, | પૂજવું. |
| अर्ज् | | ૧ | પ. | | ૨૨૪ | अर्जने | કમાવવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૯૨ | प्रतियत्ने संपादने च | મેળવવું. |
| अर्थ् | | ૧૦ | આ. | अदन्त | ૩૭૨ | उपायांचायाम् | અરજ કરવી. |
| अर्द् | | ૧ | પ. | | ૫૫ | गतौ याचने च | જવું. માંગવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૨૯૫ | हिंसायाम् | હિંસા કરવી. |
| अर्ब् | | ૧ | પ. | | ૪૧૫ | गतौ | જવું. |
| अर्व् | | ૧ | પ. | | ૫૮૪ | हिंसायाम् | હિંસા કરવી. |
| अर्ह् | | ૧ | પ. | | ૭૪૦ | पूजायां योग्यत्वे च | પૂજા કરવી. યોગ્ય થવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૯૮ / ૨૯૭ | ,, ,, | ,, ,, ,, ,, |
| अल् | | ૧ | પ. | | ૫૧૫ | भूषणपर्याप्तिवारणेषु | શણગારવું. સંતોષ કરવું. વારવું. |
| अव् | | ૧ | પ. | | ૬૦૦ | रक्षणगतिकान्तिप्रीतितृप्त्यवगमप्रवेशश्रवणस्वाम्यर्थयाचनक्रियेच्छादीप्त्यवाप्त्यालिंगनहिंसादानभागवृद्धिषु | રક્ષણ કરવું. ખસવું. કાન્તિમાન થવું. ખુશી કરવું. સંતોષ કરવું. જાણવું. દાખલ થવું. સાભળવું. ધણી થવું. માંગવું. કરવું. ઇચ્છવું. ચકચકવું. પામવું. આલિંગન કરવું. હણવું. લેવું. ભાગ કરવા. વધવું. |
| अश् | ऊ | ૫ | આ. | | ૧૮ | व्याप्तौ संघाते च | વ્યાપવું. ઢગલો કરવો. |
| ,, | | ૯ | પ. | | ૫૧ | भोजने | જમવું. |
| अष् | | ૧ | ઊ. | | (૮૮૬) | गतिदीप्त्यादानेषु | જવું. દીપવું. લેવું. |
| अस् | | ૧ | ઊ. | | ૮૮૬ | ,, ,, ,, | ,, ,, ,, |
| ,, | | ૨ | પ. | | ૫૫ | भुवि | હોવું. |
| ,, | उ | ૪ | પ. | पुषादि | ૧૦૩ | क्षेपणे | ફેંકવું. |
| असु | | ૧૧ | પ. | | ૪ | उपतापे | દુઃખી થવું. નારાજ થવું. અદેખાઈ કરવી. |
| ,, | | ૧૧ | ઊ. | | (૪) | ,, | દુઃખી થવું. નારાજ થવું. અદેખાઈ કરવી |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| अह् | | ૫ | પ. | | ૨૬ | व्याप्तौ | વ્યાપવું. |
| अंस् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૮૫ | समाघाते | વહેંચવું. |
| अंह् | | ૧ | આ. | | ૬૩૫ | गतौ | જવું. |
| ,, | इ | ૧૦ | ઊ. | | ૨૬૪ | भासने | ચળકવું. |
| आञ्छ् | | ૧ | પ. | | ૨૦૯ | आयामे | લાંબું કરવું. |
| आप् | ऌ | ૫ | પ. | | ૧૪ | व्याप्तौ | વ્યાપવું. |
| ,, | ऌ | ૧૦ | ઊ. | आधृषीय | ૩૦૬ | लम्भने | મેળવવું. |
| आस् | | ૨ | આ. | | ૧૧ | उपवेशने | બેસવું. |
| इ | | ૨ | પ. | | ૩૫ | गतौ | જવું. |
| ,, (अधि+) | | ,, | ,, | | ૩૭ | स्मरणे | સંભારવું. |
| ,, ( ,, ) | ङ् | ,, | આ. | | ૩૬ | अध्ययने | ભણવું. |
| इख् | | ૧ | પ. | | ૧૪૦ | गतौ | જવું. |
| इङ्ख् | | ,, | ,, | | ૧૪૧ | ,, | ,, |
| इङ्ग् | | ,, | ,, | | ૧૫૩ | ,, | ,, |
| इट् | | ,, | ,, | | ૩૧૮ | ,, | ,, |
| इन्द् | | ,, | ,, | | ૬૩ | परमैश्वर्ये | ઈશ્વરી શક્તિ હોવી. |
| इन्ध् | ई | ૭ | આ. | | ૧૧ | दीप्तौ | ચળકવું. |
| इन्व् | | ૧ | પ. | | ૫૮૭ | व्याप्तौ | વ્યાપ્ત થવું. |
| इर् | ञ् | ૧૧ | ઊ. | | ૧૦ | ईर्ष्यायाम् | અદેખાઈ કરવી. |
| इरज् | | ,, | પ. | | ૯ | ,, | ,, ,, |
| इरस् | | ,, | ,, | | ૮ | ,, | ,, ,, |
| इल् | | ૬ | પ. | | ૭૭ | स्वप्नक्षेपणयोः | સ્વપ્ન થવું. ફેંકવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૨૭ | प्रेरणे | પ્રેરણા કરવી. |
| ,, | | ૧૧ | પ. | | (૩૩) | विलासे | વિલાસ કરવો. |
| इष् | | ૪ | પ. | | ૨૧ | गतौ | જવું. |
| ,, | | ૬ | પ. | | ૭૧ | इच्छायाम् | ઈચ્છવું. |
| ,, | | ૯ | પ. | | ૫૩ | आभीक्ष्ण्ये | ફરી કરવું. |
| इषुध् | | ૧૧ | પ. | | ૨૪ | शरधारणे | બાણ ધારણ કરવું. |
| ई | ङ् | ૪ | આ. | | ૩૭ | गतौ | જવું. |
| ईक्ष् | | ૧ | આ. | | ૬૧૦ | दर्शने | જોવું. |
| ईङ्ख् | | ૧ | પ. | | ૧૪૨ | गतौ | જવું. |
| ईज् | | ૧ | આ. | | ૧૮૨ | गतिकुत्सनयोः | ઠપકો દેવો. |
| ईड् | | ૨ | આ. | | ૯ | स्तुतौ | વખાણવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૩૪ | ,, | ,, |
| ईर् | | ૨ | આ. | | ૮ | गतौ कम्पने च | જવું. હાલવું. |
| ,, | | ૧૦ | ઊ. | आधृषीय | ૨૭૭ | क्षेपे | ફેંકવું. |
| ईर्क्ष्य् | | ૧ | પ. | | ૫૧૦ | ईर्ष्यायाम् | અદેખાઈ કરવી. |
| ईर्ष्य् | | ૧ | પ. | | ૫૧૧ | ,, | ,, ,, |
| ईश् | | ૨ | આ. | | ૧૦ | ऐश्वर्ये | હુકમ કરવો. સત્તા ધારવી. |
| ईष् | | ૧ | આ. | | ૬૧૧ | गतिहिंसादर्शनेषु | જવું. હિંસા કરવી. જોવું. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| ईष् | | ૧ | પ. | | ૬૮૪ | उञ्छे | વિંણવું. |
| ईह् | | ૧ | આ. | | ૬૩૨ | चेष्टायाम् | ઇચ્છવું. ઉદ્યોગ કરવો. |
| उ | ङ् | ૧ | આ. | | ૯૫૩ | शब्दे | શબ્દ કરવો. |
| उक्ष् | | ૧ | પ. | | ૬૫૭ | सेचने | સિંચવું. |
| उख् | | ૧ | પ. | | ૧૨૮ | गतौ | જવું. |
| उङ्ख् | | ૧ | પ. | | ૧૨૯ | ,, | ,, |
| उच् | | ૪ | પ. | पुषादि | ૧૧૭ | समवाये | એકતા કરવી. |
| उछ् | ई | ૬ | પ. | | ૧૫ | विवासे | અતિક્રમણ કરવું. |
| उच्छ् | ई | ૧ | પ. | | ૨૧૬ | विवासे | અતિક્રમણ કરવું. સમાપ્ત કરવું. |
| उज्झ् | | ૬ | પ. | | ૨૪ | उत्सर्गे | તજવું. |
| उञ्छ् | | ૧ | પ. | | ૨૧૫ | उञ्छे | વિંણવું. |
| ,, | | ૬ | પ. | | ૧૪ | ,, | ,, |
| उठ् | | ૧ | પ. | | ૩૩૮ | उपघाते | મારવું. પછાડવું. |
| उध्रस् | | ૧૦ | ઊ. | | ૨૦૯ | उञ्छे | વિણવું. |
| उन्द् | ई | ૭ | પ. | | ૨૦ | क्लेदने | ભિનું કરવું. પલાળવું. |
| उब्ज् | | ૬ | પ. | | ૨૩ | आर्जवे | વિનય કરવો. |
| उभ् | | ૬ | પ. | | ૩૯ | पूरणे | પૂર્ણ કરવો. |
| उम्भ् | | ૬ | પ. | | ૪૦ | ,, | ,, |
| उरस् | | ૧૧ | પ. | | ૪૩ | बलार्थे | બળ કરવું. |
| उर्द् | | ૧ | આ. | | ૨૦ | माने क्रीडायां च | માપવું. રમવું. |
| उर्व् | ई | ૧ | પ. | | ૫૬૯ | हिंसायाम् | મારવું. |
| उलण्ड् | इ | ૧૦ | ઊ. | | (૯) | उत्क्षेपणे | ઉંચે ફેંકવું. |
| उष् | | ૧ | પ. | | ૬૯૬ | दाहे | બાળવું. |
| उषस् | | ૧૧ | પ. | | ૧૧ | प्रभातीभावे | પ્રભાત થવું. |
| उह् | इर् | ૧ | પ. | | ૭૩૯ | अर्दने | પીડા કરવી. |
| ऊठ् | | ૧ | પ. | | (૩૩૮) | उपघाते | મારવું. પછાડવું. |
| ऊन् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૫૫ | परिहाणे | ઓછું કરવું. |
| ऊय् | ई | ૧ | આ. | | ૪૮૩ | तन्तुसन्ताने | વિણવું. સિવવું. |
| ऊर्ज् | | ૧ | પ. | | सौत्र | बलप्राणनयोः | મજબુત થવું. જીવવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૬ | ,, | ,, |
| ऊर्णु | ञ् | ૨ | ઊ. | | ૨૯ | आच्छादने | આચ્છાદન કરવું." |
| ऊष् | | ૧ | પ. | | ૬૮૩ | रुजायाम् | રોગી થવું. |
| ऊह् | | ૧ | આ. | | ૬૪૮ | वितर्के | તર્ક કરવો. |
| ऋ | | ૧ | પ. | | ૯૩૬ | गतिप्रापणयोः | જવું મેળવવું. |
| ,, | | ૩ | પ. | | ૧૬ | गतौ | જવું. |
| ,, | | ૫ | પ. | | (૩૪) | हिंसायाम् | મારવું. હિંસા કરવી. |
| ऋक्षि | | ૫ | પ. | | (૩૪) | ,, | ,, ,, ,, |
| ऋच् | | ૬ | પ. | | ૨૨ | स्तुतौ | સ્તુતિ કરવી. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| ऋच्छ् | | ૬ | પ. | | ૧૬ | गतीन्द्रियप्रलयमूर्तिभावेषु | જવું. મોહ પામવું. ઠરી જવું. |
| ऋज् | | ૧ | આ. | | ૧૭૬ | गतिस्थानार्जनोपार्जनेषु | જવું. ઉભા રહેવું. મેળવવું. મજબુત થવું. |
| ऋञ्ज् | | ૧ | આ. | | ૧૭૭ | भर्जने | ભુંજવું. |
| ऋण् | उ | ૮ | ઊ. | | ૫ | गतौ | જવું. |
| ऋत् | | ૧ | ઊ. | | सौत्र | निंदायां कृपायां च | નિંદા કરવી. કૃપા કરવી. |
| ऋध् | उ | ૪ | પ. | पुषादि | ૧૩૯ | वृद्धौ | વધારવું. |
| ,, | उ | ૫ | પ. | | ૨૫ | ,, | ,, |
| ऋफ् | | ૬ | પ. | | ૩૫ | हिंसायाम् | મારવું. હિંસા કરવી. |
| ऋम्फ् | | ૬ | પ. | | ૩૬ | ,, | ,, ,, |
| ऋष् | ई | ૬ | પ. | | ૭ | गतौ | જવું. |
| ॠ | | ૯ | પ. | | ૨૫ | ,, | ,, |
| एज् | ऋ | ૧ | પ. | | ૨૩૪ | कम्पने | હલાવવું. |
| ,, | ऋ | ૧ | આ. | | ૧૭૯ | दीप्तौ | ચળકવું. |
| एठ् | | ૧ | આ. | | ૨૬૭ | बाधायाम् | પીડા કરવી. |
| एध् | | ૧ | આ. | | ૨ | वृद्धौ | વધારવું. |
| एला | | ૧૧ | પ. | | ૩૧ | विलासे | વિલાસ કરવો. |
| एष् | ऋ | ૧ | આ. | | ૬૧૮ | गतौ | જવું. |
| ओख् | ऋ | ૧ | પ. | | ૧૨૧ | शोषणालमर्थयोः | સુકાવવું. પૂજવું. બસ થવું. |
| ओण् | ऋ | ૧ | પ. | | ૪૫૪ | अपनयने | દૂર કરવું. |
| ओलण्ड् | इ | ૧૦ | ઊ. | | ૯ | क्षेपे | ફેંકવું. |
| कक् | | ૧ | આ. | | ૯૦ | लौल्ये | ગર્વ કરવો. ઇચ્છવું. |
| कख् | | ૧ | પ. | | ૧૨૦ | हसने | હસવું. |
| ,, | ए | ૧ | પ. | घटादि | ૭૮૪ | ,, | ,, |
| कग् | ए | ૧ | પ. | घटादि | ૭૯૧ | क्रियामात्रे | કંઇ પણ ક્રિયા કરવી. |
| कङ्क् | | ૧ | આ. | | ૯૪ | गतौ | જવું. |
| कच् | | ૧ | આ. | | ૧૬૮ | बन्धने | બાંધવું. |
| कच्च् | | ૧ | આ. | | ૧૬૯ | दीप्तिबन्धनयोः | દીપવું. બાંધવું. |
| कट् | ए | ૧ | પ. | | ૨૯૪ | वर्षावरणयोः | વરસવું. ઢાંકવું. |
| ,, | ई | ૧ | પ. | | ૩૨૦ | गतौ | જવું. |
| कठ् | | ૧ | પ. | | ૩૩૩ | कृच्छ्रजीवने | તંગીમાં જીવવું. |
| कड् | | ૧ | પ. | | ૩૬૦ | मदे | મદ કરવો. |
| ,, | | ૬ | પ. | कुटादि | ૧૦૦ | ,, | ,, |
| कड्ड् | | ૧ | પ. | | ૩૪૯ | कार्कश्ये | સખત થવું. કઠોર થવું. |
| कण् | | ૧ | પ. | | ૪૪૯ | शब्दे | શબ્દ કરવો. |
| ,, | | ૧ | પ. | घटादि | ૭૯૪ | गतौ | જવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૮૨ | निमीलने | આંખ મારવી. આંખ મિંચામણું કરવું. |
| कण्ठ् | | ૧ | આ. | | ૨૬૪ | शोके | શોક કરવો. |
| ,, | | ૧૦ | ઊ. | आधृषीय | ૩૧૪ | ,, | ,, ,, |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ | નંબર | સંસ્કૃત અર્થ | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| कण्ड् | | ૧ | આ. | | ૨૮૨ | मदे | મદ કરવો. |
| ,, | | ૧ | પ. | | (૩૬૦) | ,, | ,, |
| ,, | इ | ૧૦ | ઊ. | | ૪૯ | भेदने | છોડા કહાડવા. |
| कण्डू | | ૧૧ | ઊ. | | ૧ | गात्रविघर्षणे | ખજવાળવું. |
| कत्र् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૮૨ | शैथिल्ये | ઢીલું કરવું. |
| कत्थ् | | ૧ | આ. | | ૩૭ | श्लाघायाम् | વખાણવું. |
| कथ् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૧૮ | वाक्यप्रबन्धे | કહેવું. |
| कद् | | ૧ | આ. | घटादि | (૭૭૪) | वैक्लव्ये वैकल्ये च | કાહેર થવું. વ્યગ્રથવું. અવિવેકી થવું. |
| कन् | ई | ૧ | પ. | | ૪૬૦ | दीप्तिकान्तिगतिषु | પ્રકાશવું. શોભવું. જવું. |
| कन्द् | | ૧ | આ. | घटादि | ૭૭૨ | वैक्लव्ये वैकल्ये च | કાહેર થવું. વ્યગ્રથવું. અવિવેકી થવું. |
| ,, | | ૧ | પ. | | ૭૦ | आह्वाने रोदनेच | બોલાવવું. રડવું. |
| कब् | ऋ | ૧ | આ. | | ૩૮૦ | वर्णे | વર્ણન કરવું. |
| कम् | उ | ૧ | આ. | | ૪૪૩ | कान्तौ | ઇચ્છવું. |
| कम्प् | | ૧ | આ. | | ૩૭૫ | चलने | ધ્રુજવું. |
| कर्ज् | | ૧ | પ. | | ૨૨૮ | व्यथने | પીડવું. વ્યથા કરવી. |
| कर्ण् | | ૧૦ | ઊ. | अदन्त | (૩૯૧) | भेदने | વિંધવું. |
| कर्त् | | ૧૦ | ઊ. | अदन्त | (૩૮૨) | शैथिल्ये | ગાત્ર શિથિલ કરવા.કાંતવું. |
| ,, | उ | ૧ | ઊ. | | ૮૭૩ | उन्दने | ભીનું કરવું. |
| ,, | उ | ૧૦ | ઊ. | | ૨૦૧ | प्रसहने | જીતવું. પરાજય કરવો. |
| शॄ | | ૯ | ઊ. | | ૧૬ | हिंसायाम् | હિંસા કરવી. |
| शेल् | ऋ | ૧ | પ. | | ૫૪૩ | गतौ | જવું. |
| शेव् | ऋ | ૧ | આ. | | (૫૦૬) | सेवने | સેવવું. |
| शै | | ૧ | પ. | | ૯૧૮ | पाके | રાંધવું. |
| शो | | ૪ | પ. | | ૩૯ | तनूकरणे | છોલવું. |
| शोण् | ऋ | ૧ | પ. | | ૪૫૫ | वर्णगत्योः | રંગવું. જવું. |
| शौट् | ऋ | ૧ | પ. | | ૨૯૦ | गर्वे | ગર્વ કરવો. |
| श्च्युत् | इर् | ૧ | પ. | | ૪૧ | क्षरणे | ખરવું. |
| श्मील् | | ૧ | પ. | | ૫૧૮ | निमेषणे | સંકોચાવવું. |
| श्यै | ङ् | ૧ | આ. | | ૯૬૩ | गतौ | જવું. |
| श्रङ्क् | | ૧ | આ. | | ૮૪ | ,, | ,, |
| श्रङ्ग् | | ૧ | પ. | | ૧૫૧ | ,, | ,, |
| श्रण् | | ૧ | પ. | घटादि | ૭૯૮ | दाने | આપવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૪૫ | ,, | ,, |
| श्रथ् | | ૧ | પ. | घटादि | ૭૯૯ | हिंसायाम् | હિંસા કરવી. [કળવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૩ | प्रयत्ने प्रस्थाने च | પ્રયત્ન કરવો. બહાર નિ- |
| ,, | | ૧૦ | ઊ. | अदन्त | ૩૩૭ | दौर्बल्ये | દુર્બળ થવું. |
| ,, | | ૧૦ | ઊ. | आधृषीय | ૨૯૦ | मोक्षणे हिंसायां च | મુકવું. હણવું. |
| श्रन्थ् | | ૧ | આ. | | ૩૫ | शैथिल्ये | નરમ પડવું. શિથિલ થવું. |
| ,, | | ૯ | પ. | | ૩૮/૪૦ | विमोचनप्रतिहर्षयोःसंदर्भेच | મુકવું. હરખવું. ગુંથવું. |
| ,, | | ૧૦ | ઊ. | आधृषीय | ૩૦૪ | ग्रन्थसंदर्भे | ગુંથવું. બાધવું. |
| श्रम् | उ | ૪ | પ. | पुषादि | ૯૮ | तपसि खेदे च | તપવું. ખેદ પામવો. |
| श्रम्भ् | उ | ૧ | આ. | | ૩૯૩ | प्रमादे | આળસ કરવું. |
| श्रा | | ૨ | પ. | घटादि | ૪૩ | पाके | રાંધવું. [જોવું. |
| ,, | | ૧ | પ. | घटादि | ૮૧૦ | पाकेमारणतोषणनिशामनेषु | રાંધવું. મારવું. સંતુષ્ટથવું. |
| श्रि | ञ् | ૧ | ઊ. | | ૮૯૭ | सेवायाम् | સેવવું. |
| श्रिष् | उ | ૧ | પ. | | ૭૦૧ | दाहे | બાળવું. |
| श्री | ञ् | ૯ | ઊ. | | ૩ | पाके | રાંધવું. |
| श्रु | | ૧ | પ. | | ૯૪૨ | श्रवणे | સાંભળવું. |
| श्रै | | ૧ | પ. | | ૯૧૯ | ,, | ,, |
| श्रोण् | ऋ | ૧ | પ. | | ૪૫૬ | संघाते | એકઠું કરવું. |
| श्लङ्क् | | ૧ | આ. | | ૮૫ | गतौ | જવું. |
| श्लङ्ग् | | ૧ | પ. | | ૧૫૨ | ,, | ,, |
| श्लथ् | | ૧ | પ. | घटादि | ૮૦૦ | हिंसायाम् | હિંસા કરવી. |
| श्लाख् | ऋ | ૧ | પ. | | ૧૨૭ | व्याप्तौ | વ્યાપવું. |
| श्लाघ् | ऋ | ૧ | આ. | | ૧૧૫ | कत्थने | વખાણવું. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| श्लिष् | उ | ૧ | પ. | | ૭૦૨ | दाहे | બાળવું. |
| ,, | | ૪ | પ. | पुषादि | ૮૦ | आलिङ्गने | ભેટવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૪૧ | श्लेषणे | ,, |
| श्लोक् | ऋ | ૧ | આ. | | ૭૭ | संघाते | ગુંથવું. |
| श्लोण् | ऋ | ૧ | પ. | | ૪૫૭ | ,, | ,, |
| श्वङ्क् | | ૧ | આ. | | ૯૬ | गतौ | જવું. |
| श्वच् | | ૧ | આ. | | ૧૬૬ | ,, | ,, |
| श्वञ्च् | | ૧ | આ. | | ૧૬૭ | ,, | ,, |
| श्वठ् | | ૧૦ | ઊ. | | ૩૨ | असंस्कारगत्योः | નીચ ગતિ થવી. |
| ,, | | ૧૦ | ઊ. | अदन्त | ૩૨૨ | सम्यगवभाषणें | રૂડું ન બોલવું. |
| श्वण्ठ् | इ | ૧૦ | ઊ. | | (૩૨) | असंस्कारगत्योः | નીચ ગતિ થવી. |
| श्वभ्र् | | ૧૦ | ઊ. | | ૯૦ | गत्याम् | જવું. |
| श्वर्त् | | ૧૦ | ઊ. | | ૮૯ | ,, | ,, |
| श्वल् | | ૧ | પ. | | ૫૪૯ | आशुगमने | ઊતાવળું જવું. |
| श्वल्क् | | ૧૦ | ઊ. | | ૩૭ | परिभाषणे | બોલવું. |
| श्वल्ल् | | ૧ | પ. | | ૫૫૦ | आशुगमने | ઉતાવળું જવું. |
| श्वस् | | ૨ | પ. | | ૫૯ | प्राणने | જીવવું. |
| श्वि | ओ | ૧ | પ. | | ૧૦૧૦ | गतिवृद्ध्योः | જવું. વૃદ્ધિ પામવી. |
| श्वित् | आ | ૧ | આ. | द्युतादि | ૭૪૨ | वर्णे | રંગવું. |
| श्विन्द् | | ૧ | આ. | | ૧૦ | श्वैत्ये | ધોળુ કરવું. |
| ष्ठिव् | उ | ૧ | પ. | | ૫૬૦ | निरसने | થૂંકવું. |
| ,, | उ | ૪ | પ. | | ૪ | ,, | ,, |
| ष्वष्क् | | ૧ | આ. | | ૧૦૦ | गतौ | જવું. |
| सग् | ए | ૧ | પ. | घटादि | ૭૮૯ | संवरणे | ઢાંકવું. |
| सघ् | | ૫ | પ. | | ૨૨ | हिंसायाम् | હિંસા કરવી. |
| संकेत् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૫૮ | आमंत्रणे | છાનું કહેવું. આમંત્રણ [કહેવું. |
| संग्राम् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૮૯ | युद्धे | યુદ્ધ કરવું. |
| सच् | | ૧ | આ. | | ૧૬૩ | सेचने सेवने च | સિંચવું. સેવવું. |
| ,, | | ૧ | ઊ. | | ૯૯૭ | समवाये | એકઠા થવું. |
| सञ्ज् | | ૧ | પ. | | ૯૮૭ | सङ्गे | સંગ કરવો. |
| सट् | | ૧ | પ. | | ૩૧૩ | अवयवे | અવયવ કરવા. ભાગ છુટા કરવા. |
| सट्ट् | | ૧૦ | ઊ. | | ૧૦૦ | हिंसायाम् | હિંસા કરવી. |
| सत्र् | | ૧૦ | આ. | अदन्त | ૩૭૩ | संतानक्रियायाम् | પસરાવવું. લાંબું કરવું. |
| सद् | ऌ | ૬ | પ. | | ૧૪૭ | विशारणगत्यवसादनेषु | સળી જવું.જવું.ઉત્સાહ ન [હોવો. |
| ,, | ऌ | ૧ | પ. | | ૮૫૪ | ,, | ,, |
| सन् | | ૧ | પ. | | ૪૬૪ | संभक्तौ | સેવા કરવી. |
| ,, | उ | ૮ | ઊ | | ૨ | दाने | આપવું. |
| सप् | | ૧ | પ. | | ૪૦૦ | समवाये | એકઠા કરવું. સંબંધ [કરવો. |
| समर् | | ૧૧ | પ. | | ૨૦ | पूजायाम् | પૂજા કરવી. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| सभाज् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૫૪ | प्रीतिदर्शनयोःप्रीतिसेवनयोः च | પ્રીતિ કરવી. દર્શન કરવું. પ્રીતિથી સેવા કરવી. |
| सम् | | ૧ | પ. | | ૮૨૯ | अवैकल्ये | વિવેકી થવું. |
| ,, | ई | ૪ | પ. | पुषादि | (૧૧૫) | परिणामे | વિકાર પામવો. |
| सम्ब् | | ૧૦ | ઉ. | | ૨૨ | सम्बन्धने | સંબંધ કરવો. |
| संवर् | | ૧૧ | પ. | | ૪૮ | सम्भरणे | પોષણ કરવું. |
| सम्भूयस् | | ૧૧ | પ. | | ૪૬ | प्रभूतभावे | વધવું. બહુ થવું. |
| सर्ज् | | ૧ | પ. | | ૨૨૫ | अर्जने | મેળવવું. |
| सर्व् | | ૧ | પ. | | ૪૨૪ | गतौ | જવું. |
| ,, | | ૧ | પ. | | ૫૮૬ | हिंसायाम् | હિંસા કરવી. |
| सल् | | ૧ | પ. | | ૫૪૭ | गतौ | જવું. |
| सस् | | ૨ | પ. | | ૬૮ | स्वप्ने | ઉંઘવું. સૂવું. |
| सस्ज् | | ૧ | પ. | | ૨૦૨ | गतौ | જવું. |
| संस्त् | | ૨ | પ. | | ૬૯ | स्वप्ने | ઉંઘવું. |
| सह् | | ૧ | આ. | | ૮૫૨ | मर्षणे | સહેવું. ખમવું. |
| ,, | | ૪ | પ. | | ૨૨ | तृप्तौ | તૃપ્તિ પામવી. |
| ,, | | ૧૦ | ઉ. | आधृषीय | ૨૭૬ | मर्षणे | સહેવું. ખમવું. |
| साध् | | ૫ | પ. | | ૧૭ | संसिद्धौ | ફળ સંપન્ન કરવું |
| सान्त्व् | | ૧૦ | ઉ. | | ૩૬ | सामप्रयोगे | તૃપ્ત કરવું. સમજાવવું. |
| साम् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૪૬ | सान्त्वप्रयोगे | ,, સાન્ત્વ કરવું. |
| साम्ब् | | ૧૦ | ઉ. | | (૨૩) | सम्बन्धने | સંબંધ કરવો. |
| सार् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૩૫ | दौर्बल्ये | દુર્બળ થવું. |
| सि | ञ् | ૫ | ઉ. | | ૨ | बंधने | બાંધવું. |
| ,, | ञ् | ૯ | ઉ. | | ૫ | ,, | ,, |
| सिच् | | ૬ | ઉ. | | ૧૫૪ | क्षरणे | સિંચવું. |
| सिट् | | ૧ | પ. | | ૩૦૪ | अनादरे | અનાદર કરવો. |
| सिध् | | ૧ | પ. | | ૪૭ | गत्याम् | જવું. [કરવું. |
| ,, | ऊ | ૧ | પ. | | ૪૮ | शास्त्रे मांगल्ये च | આજ્ઞા કરવી. શુભ કામ |
| ,, | उ | ૪ | પ. | पुषादि | ૮૬ | संराद्धौ | નિપજવુ. સિંચવું.પાકવું. |
| सिभ् | उ | ૧ | પ. | | (૪૩૧) | हिंसायाम् | હિંસા કરવી. |
| सिम्भ् | उ | ૧ | પ. | | (૪૩૧) | ,, | ,, |
| सिल् | | ૬ | પ. | | ૮૩ | उञ्छे | વીંણવું. |
| सिव् | उ | ૪ | પ. | | ૨ | तन्तुसंताने | વણવું. |
| सु | | ૧ | પ. | | ૯૪૧ | प्रसवैश्वर्ययोः | રજા આપવી. ધણી થવું. |
| ,, | | ૨ | પ. | | ૩૧ | ,, | ,, ,, |
| ,, | ञ् | ૫ | ઉ. | | ૧ | अभिषवे | ન્હવડાવવું. |
| सुख् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૯૬ | सुखक्रियायाम् | સુખી થવું. |
| ,, | | ૧૧ | પ. | | ૧૮ | ,, | ,, |
| सुट्ट् | | ૧૦ | ઉ. | | ૨૯ | अनादरे | અનાદર કરવો. [દીપવું. |
| सुर् | | ૬ | પ. | | ૬૦ | ऐश्वर्यदीप्त्योः | ધણી થવું. ઈશ્વર થવું. |

| ધાતુ. | અનુ-બંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| सुह् | | ૪ | પ. | | ૨૩ | तृप्तौ | તૃપ્તિ થવી. |
| सू | ङ् | ૨ | આ. | | ૨૧ | प्राणिगर्भविमोचने | જણવું. |
| ,, | ङ् | ૪ | આ. | | ૨૬ | ,, | ,, |
| ,, | | ૬ | પ. | | ૧૨૮ | प्रेरणे | મોકલવું. પ્રેરવું. |
| सूच् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૪૦ | पैशून्ये | ચાડી ખાવી. |
| सूत्र् | | ૧૦ | ઉ. | अदन्त | ૩૭૫ | वेष्टने | વિંટવું. |
| सूद् | | ૧ | આ. | | ૨૫ | क्षरणे | ઝરવું. ખરવું. |
| ,, | | ૧૦ | ઉ. | | ૧૮૪ | ,, | ,, ,, |
| सूर्क्ष् | | ૧ | પ. | | ૬૬૬ | आदरे | આદર કરવો. |
| सूर्क्ष्य् | | ૧ | પ. | | ૫૦૯ | ईर्ष्यायाम् | ઈર્ષ્યા કરવી. દ્વેષ કરવો. |
| सृ | | ૧ | પ. | | ૯૩૫ | गतौ | જવું. |
| ,, | | ૩ | પ. | | ૧૭ | ,, | ,, |
| सृज् | | ૪ | આ. | | ૭૨ | विसर्गे | સર્જવું. ઉત્પન્ન થવું. |
| ,, | | ૬ | પ. | | ૧૩૪ | ,, | ,, ,, |
| सृप् | ऌ | ૧ | પ. | | ૯૮૩ | गतौ | જવું. |
| सृभ् | उ | ૧ | પ. | | ૪૩૦ | हिंसायाम् | હિંસા કરવી. |
| सृम्भ् | उ | ૧ | પ. | | ૪૩૧ | ,, | ,, |
| सेक् | ऋ | ૧ | આ. | | ૮૧ | गतौ | જવું. |
| सेल् | ऋ | ૧ | પ. | | (૫૪૩) | ,, | ,, |
| सेव् | ऋ | ૧ | આ. | | ૫૦૧ | सेवने | સેવા કરવી. |
| सै | | ૧ | પ. | | ૯૧૫ | क्षये | ક્ષય થવો. |
| सो | | ૪ | પ. | | ૪૧ | अन्तकर्मणि | નાશ કરવો. |
| स्कन्द् | इर् | ૧ | પ. | | ૯૭૯ | गतिशोषणयोः | જવું. સુકાવવું. |
| स्कम्भ् | | ૧ | આ. | | ૩૮૭ | प्रतिबन्धने | થોભવું અટકવું. |
| ,, | | ૫ | પ. | | સૌત્ર | रोधने स्तम्भनयोः | ઢાંકવું. થોભવું. |
| ,, | उ | ૯ | પ. | | સૌત્ર | ,, ,, | ,, ,, |
| स्कु | ञ् | ૯ | ઉ. | | ૬ | आप्रवणे | કૂદતાં ચાલવું. |
| स्कुन्द् | | ૧ | આ. | | ૯ | ,, | ,, |
| स्कुम्भ् | | ૫ | પ. | | સૌત્ર | रोधने धारणे च | ઢાંકવું. ધારણ કરવું. |
| ,, | | ૯ | પ. | | સૌત્ર | ,, ,, | ,, ,, |
| स्खद् | | ૧ | આ. | घटादि | ૭૬૮ | स्खदने | ન્હસાડવું. |
| ,,(अवपरि भ्यां+) | इर् | ૧ | પ. | | ૮૨૦ | अपरिवेषणे | કાપવું. નાશ કરવું. |
| स्खल् | | ૧ | પ. | घटादि વિકલ્પે | ૫૪૪ | संचलने | પડવું. |
| स्तक् | | ૧ | પ. | घटादि | ૭૮૨ | प्रतिघाते | પીડવું. પીડા કરવી. |
| स्तग् | ए | ૧ | પ. | घटादि | ૭૯૦ | संवरणे | ઢાંકવું. |
| स्तन् | | ૧ | પ. | घटादि | ૪૬૧ | शब्दे | શબ્દ કરવો. |
| ,, | | ૧૦ | ઉ. | अदन्त | ૩૨૬ | देवशब्दे | મેઘનું ગાજવું. |
| स्तम् | | ૧ | પ. | | ૮૩૦ | वैक्लव्ये | ગુંચવાઈ જવું. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| स्तम्भ् | | ૧ | આ. | | ૩૮૬ | प्रतिबन्धने | થોભવું. અટકવું. |
| ,, | | ૫ | પ. | | सौत्र | रोधने धारणे च | અટકવું. ધારણ કરવું. |
| ,, | | ૯ | પ. | | सौत्र | ,, ,, | ,, ,, |
| स्तिघ् | | ૫ | આ. | | ૧૯ | आस्कन्दने | દોડવું. |
| स्तिप् | ऋ | ૧ | આ. | | ૩૬૪ | क्षरणे | ખરવું. |
| स्तिम् | | ૪ | પ. | | ૧૮ | आर्द्रीभावे | ભીનું થવું. પલાળવું. |
| स्तीम् | | ૪ | પ. | | ૧૯ | ,, | ,, ,, |
| स्तु | ञ् | ૨ | ઊ. | | ૩૩ | स्तुतौ | સ્તુતિ કરવી. |
| स्तुच् | | ૧ | આ. | | ૧૭૫ | प्रसादे | પ્રસન્ન થવું. |
| स्तुप् | | ૧૦ | ઊ. | | ૧૩૯ | समुच्छ्राये | વધવું. |
| स्तुभ् | उ | ૧ | આ. | | ૩૯૪ | स्तम्भे | થોભવું. અટકવું. |
| स्तुम्भ् | | ૫ | પ. | | सौत्र | रोधने धारणे च | અટકવું. ધારણ કરવું. |
| ,, | | ૯ | પ. | | सौत्र | ,, ,, | ,, ,, |
| स्तृ | ञ् | ૫ | ઊ. | | ૬ | आच्छादने | ઢાંકવું. |
| स्तृक्ष् | | ૧ | પ. | | ૬૬૧ | गतौ | જવું. |
| स्तृह् | ऊ | ૬ | પ. | | ૬૯ | हिंसायाम् | હિંસા કરવી. |
| स्तॄ | ञ् | ૯ | ઊ. | | ૧૨ | आच्छादने | પસરાવવું. ઢાંકવું. |
| स्तेन् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૬૪ | चौर्ये | ચોરવું. |
| स्तेप् | ऋ | ૧ | આ. | | ૩૬૫ | क्षरणे | ઝરવું. |
| स्तै | | ૧ | પ. | | ૯૨૨ | वेष्टने | વિંટવું. |
| स्तोम् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૯૦ | श्लाघायाम् | સ્તુતિ કરવી. |
| स्त्यै | | ૧ | પ. | | ૯૧૦<br>૯૧૧ | शब्दसंघातयोः | શબ્દ કરવો. |
| स्थल् | | ૧ | પ. | | ૮૩૬ | स्थाने | ઉભા રહેવું. |
| स्था | | ૧ | પ. | | ૯૨૮ | गतिनिवृत्तौ | ઉભા રહેવું.(ગતિ રોકવી). |
| स्थुड् | | ૬ | પ. | कुटादि | ૧૦૮ | संवरणे | ઢાંકવું. |
| स्थूल् | | ૧૦ | આ. | अदन्त | ૩૭૧ | परिबृंहणे | જાડું થવું. |
| स्नस् | उ | ૪ | પ. | | ૬ | निरसने | ફેંકવું. |
| स्ना | | ૨ | પ. | | ૪૨ | शौचे | શુદ્ધ કરવું. નહાવું. |
| स्निह् | | ૪ | પ. | पुषादि | ૯૪ | स्नेहे | પ્રીતિ કરવી. |
| ,, | | ૧૦ | ઊ. | | ૩૯ | ,, | ,, |
| स्नु | | ૨ | પ. | | ૨૮ | प्रस्रवणे | ઝરવું. |
| स्नुस् | उ | ૪ | પ. | | ૫ | अदने आदाने अदर्शने च | ખાવું. લેવું. ન જોવું. |
| स्नुह् | | ૪ | પ. | पुषादि | ૯૩ | उद्गीरणे | ઓકવું. |
| स्नै | | ૧ | પ. | | ૯૨૩ | वेष्टने शोभायां च | ઢાંકવું. શોભા વધારવી.- |
| स्पन्द् | | ૧ | આ. | | ૧૪ | किंचिच्चलने | થોડું હાલવું. થોડું જવું. |
| स्पर्ध् | | ૧ | આ. | | ૩ | संघर्षे | જીતવાની ઇચ્છા કરવી. |
| स्पश् | | ૧ | ઊ. | | ૮૮૭ | बाधनस्पर्शनयोः | પીડવું. ગુંથવું. |
| ,, | | ૧૦ | આ. | | ૧૪૭ | ग्रहणसंश्लेषणयोः | લેવું. મળવું. [રવું. |
| स्पृ | | ૫ | પ. | | ૧૩ | प्रीतिपालनयोः | પ્રીતિ બાંધવી. પાલન ક- |
| स्पृश् | | ૬ | પ. | | ૧૪૨ | संस्पर्शने | અડકવું. |

| ધાતુ. | અનુબંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| स्पृह् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૩૮ | ईप्सायाम् | ઇચ્છવું. |
| स्फर् | | ૬ | પ. | कुटादि | (૧૧૦) | संचलने | ફરકવું. |
| स्फाय् | ई | ૧ | આ. | | ૪૮૭ | वृद्धौ | વધવું. |
| स्फिट् | | ૧૦ | ઊ. | | (૩૯) | स्नेहने | પ્રીતિ કરવી. |
| स्फिट्ट् | | ૧૦ | ઊ. | | ૧૦૧ | हिंसायाम् | હિંસા કરવી. |
| स्फुट् | | ૧ | આ. | | ૨૬૦ | विकसने | ફુલવું. |
| ,, | इर् | ૧ | પ. | | ૩૨૯ | विशरणे | ભાંગવું. ફોડવું. |
| ,, | | ૬ | પ. | कुटादि | ૯૩ | विकसने | ફુલવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૧૮૯ | भेदने | કાપવું. ફોડવું. |
| स्फुड् | | ૬ | પ. | कुटादि | ૧૧૧ | संवरणे | ઢાંકવું. |
| स्फुण्ट् | इ | ૧૦ | ઊ. | | (૪) | परिहासे | હસવું. |
| ,, | | ૧ | પ. | | (૩૨૯) | विशरणे | ભાંગવું. ફોડવું. |
| स्फुण्ड् | इ | ૧૦ | ઊ. | | ૪ | परिहासे | હસવું. |
| स्फुर् | | ૬ | પ. | कुटादि | ૧૦૯ | स्फुलने संचलने च | ફરકવું. ચાલવું. |
| स्फुर्च्छ् | आ | ૧ | પ. | | ૨૧૩ | विस्तृतौ | વેરાવવું પથરાવવું. |
| स्फुल् | | ૬ | પ. | कुटादि | (૧૧૦) | संचलने | હાલવું. ચાલવું. |
| स्फुर्ज् | ओ,आ | ૧ | પ. | | ૨૩૫ | वज्रनिर्घोषे | વજ્રનો શબ્દ થવો. |
| स्मि | ङ् | ૧ | આ. | | ૯૪૮ | ईषद्धसने | જરા હસવું. થોડું હસવું. |
| ,, | ङ् | ૧૦ | ઊ. | | (૪૦) | अनादरे | અનાદર કરવો. |
| स्मिट् | | ૧૦ | ઊ. | | ૪૦ | ,, | ,, |
| स्मील् | | ૧ | પ. | | ૫૧૯ | निमेषणे | મિંચવું. |
| स्मृ | | ૧ | પ. | | ૯૩૩ | चिंतायाम् | સંભારવું. ચિન્તા કરવી. |
| ,, | | ૧ | પ. | घटादि | ૮૦૭ | आध्याने | ,, |
| ,, | | ૫ | પ. | | (૧૩) | चिन्तायाम् | ,, ચિન્તા કરવી |
| स्यन्द् | ऊ | ૧ | આ. | द्युतादि | ૭૬૧ | प्रस्रवणे | ઝરવું. |
| स्यम् | उ | ૧ | પ. | | ૮૨૬ | शब्दे | શબ્દ કરવો. |
| ,, | | ૧૦ | આ. | | ૧૬૦ | वितर्के | તર્ક કરવો. |
| स्रङ्क् | | ૧ | આ. | | ૮૩ | गतौ | જવું. |
| स्रम्भ् | उ | ૧ | આ. | | (૩૯૩) | प्रमादे | ગર્વ કરવો. |
| ,, | उ | ૧ | આ. | द्युतादि | ૭૫૭ | विश्वासे | વિશ્વાસ કરવો. |
| स्रंस् | उ | ૧ | આ. | द्युतादि | ૭૫૪ | अवस्रंसने | નીચે પડવું. હેઠે પડવું. |
| स्रिव् | उ | ૪ | પ. | | ૩ | गतिशोषणयोः | જવું. સોસાવવું. |
| स्रु | | ૧ | પ. | | ૯૪૦ | गतौ | જવું. |
| स्रेक् | ऋ | ૧ | આ. | | ૮૨ | ,, | ,, |
| स्वङ्क् | | ૧ | આ. | | (૯૬) | ,, | ,, |
| स्वञ्ज् | | ૧ | આ. | | ૯૭૬ | परिष्वङ्गे | ભેટવું. વિંટવું. |
| स्वद् | | ૧ | આ. | | ૧૮ | आस्वादने | ચાખવું. |
| ,, | | ૧૦ | ઊ. | | ૨૭૨ | ,, | ,, |
| स्वन् | | ૧ | પ. | | ૮૨૭ | शब्दे | શબ્દ કરવો. |
| ,, | | ૧ | પ. | घटादि | ૮૧૭ | अवतंसने | શોભવું. દીપવું |

| ધાતુ. | અનુ-બંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| स्वप् | | ૨ | પ. | | ૫૮ | शयने | સુવું. |
| स्वर् | | ૧૦ | ઊ. | अदन्त | ૩૩૦ | आक्षेपे | નિંદા કરવી. |
| स्वर्द् | | ૧ | આ. | | ૧૯ | आस्वादने | ચાખવું |
| स्वाद् | | ૧ | આ. | | ૨૮ | ,, | ,, |
| ,, | | ૧૦ | ઊ. | | (૨૭૨) | ,, | ,, |
| स्विद् | आ | ૧ | આ. | क्षुतादि | ૭૪૪ | स्नेहनमोचनयोः मोहने च | પ્રીતિ કરવી. સ્નેહ કરવો. મોહ પામવો. |
| ,, | आ | ૪ | પ. | पुषादि | ૮૨ | गात्रप्रक्षरणे | પરસેવો છુટવો. |
| ,, | आ | ૧ | પ. | | ૯૭૮ | अव्यक्ते शब्दे | અસ્પષ્ટ વાણી ઉચ્ચારવી. |
| स्वृ | | ૧ | પ. | | ૯૩૨ | शब्दोपतापयोः | શબ્દ કરવો. પીડા કરવી. |
| हट् | | ૧ | પ. | | ૩૧૨ | दीप्तौ | દીપવુ [લાત્કાર કરવો. |
| हठ् | | ૧ | પ. | | ૩૩૫ | प्लुतिषठत्वयोःबलात्कारे च | કુદવું. શઠતા કરવી. બ- |
| हद् | | ૧ | આ. | | ૯૭૭ | पुरीषोत्सर्गे | મળ વિસર્જન કરવો. હ- |
| हन् | | ૨ | પ. | | ૨ | हिंसागत्योः | હિંસા કરવી. જવું. [ગવું. |
| हम्म् | | ૧ | પ. | | ૪૬૭ | गतौ | જવું. |
| हय् | | ૧ | પ. | | ૫૧૨ | ,, | ,, |
| हर्य् | | ૧ | પ. | | ૫૧૪ | गतिकान्त्योः | જવું. દીપવું. |
| हल् | | ૧ | પ. | | ૮૩૭ | विलेखने | ખોદવું. ખેડવું. ભાંગવું. |
| हस् | ए | ૧ | પ. | | ૭૨૧ | हसने | હસવું. |
| हा | ओ | ૩ | પ. | | ૮ | त्यागे | ત્યાગ કરવો. |
| ,, | ओ,ङ् | ૩ | આ. | | ૭ | गतौ | જવું. |
| हि | | ૫ | પ. | | ૧૧ | गतौ वृद्धौ च | જવું. વધવું. |
| हिक्क् | | ૧ | ઊ. | | ૮૬૧ | अव्यक्ते शब्दे | અસ્પષ્ટ વાણી કરવી. |
| हिट् | | ૧ | પ. | | (૩૧૭) | आक्रोशे | નિંદવું. ગાળ દેવી. |
| हिण्ड् | | ૧ | આ. | | ૨૬૮ | गत्यानादरयोः | જવું. અનાદર કરવો. |
| हिन्व् | | ૧ | પ. | | ૫૯૧ | प्रीणने | તૃપ્ત કરવું. |
| हिल् | | ૬ | પ. | | ૮૧ | भावकरणे | અભિપ્રાય પ્રગટાવવો. |
| हिष्क् | | ૧૦ | આ. | | (૧૫૨) | हिंसायाम् | હણવું. |
| हिंस् | | ૭ | પ. | | ૧૯ | ,, | ,, |
| ,, | | ૧૦ | ઊ. | | ૨૯૬ | ,, | ,, |
| हु | | ૩ | પ. | | ૧ | दानादनयोः | આપવું. ખાવું. |
| हुड् | ऋ | ૧ | પ. | | ૩૫૨ | गतौ | જવું. [લેવું. |
| हुण्ड् | | ૧ | આ. | | ૨૬૯/૨૭૭ | संघाते वरणे हरणे च | એકઠા કરવું. સ્વીકારવું. |
| हुर्छ् | आ | ૧ | પ. | | ૨૧૧ | कौटिल्ये | વાકું ચાલવું. |
| हूल् | | ૧ | પ. | | ૮૪૪ | गतौ | જવું. |
| हूड् | ऋ | ૧ | પ. | | ૩૫૩ | ,, | ,, |
| हृ | ञ् | ૧ | ઊ. | | ૮૯૯ | हरणे | હરી જવું. લેવું. |
| ,, | | ૩ | પ. | | ૧૫ | प्रसह्यकरणे | જુલમથી લેવું. |
| हृणी | ङ् | ૧૧ | આ. | | ૩૭ | रोषणे लज्जायां च | રીસ કરવી. લાજ લાગવી. |
| हृष् | उ | ૧ | પ. | | ૭૦૯ | अलीके | મિથ્યા કહેવું. |

| ધાતુ. | અનુ-બંધ. | ગણ. | પદ. | સમૂહ. | નંબર. | સંસ્કૃત અર્થ. | ગુજરાતિ અર્થ. |
|---|---|---|---|---|---|---|---|
| हृष् | | ૪ | પ. | पुषादि | ૧૨૩ | तुष्टौ | સંતોષ થવો. |
| हेट् | | ૯ | પ. | | ૬૦ | भूतप्रादुर्भावे | ઉપજવું. થઈ રહેવું. |
| हेठ् | | ૧ | આ. | | ૨૬૬ | विबाधायाम् | પીડા કરવી. |
| हेड् | | ૧ | પ. | घटादि | ૭૭૮ | वेष्टने | વિંટવું. |
| ,, | ऋ | ૧ | આ. | | ૨૮૪ | अनादरे | અનાદર કરવો. |
| हेष् | ऋ | ૧ | આ. | | ૬૨૧ | अव्यक्ते शब्दे | અસ્પષ્ટ વાણી બોલવી. |
| होड् | ऋ | ૧ | પ. | | ૩૫૪ | गतौ | જવું. |
| ,, | ऋ | ૧ | આ. | | ૨૮૫ | अनादरे | અનાદર કરવો. |
| ह्नु | ङ् | ૨ | આ. | | ૭૧ | अपनयने | સંતાડવું. |
| ह्मल् | | ૧ | પ. | घटादि | ૮૦૬ | चलने | ચાલવું. |
| ह्रग् | ए | ૧ | પ. | घटादि | ૭૮૭ | संवरणे | ઢાંકવું. |
| ह्रस् | | ૧ | પ. | | ૭૧૧ | शब्दे लाघवे च | શબ્દ કરવો. ન્હાનું થવું. |
| ह्राद् | | ૧ | આ. | | ૨૬ | अव्यक्ते शब्दे | અસ્પષ્ટ શબ્દ કરવો. |
| ह्री | | ૩ | પ. | | ૩ | लज्जायाम् | લાજવું. |
| ह्रीच्छ् | | ૧ | પ. | | ૨૧૦ | ,, | ,, |
| ह्रेष् | ऋ | ૧ | આ. | | ૬૨૨ | अव्यक्ते शब्दे | અસ્પષ્ટ શબ્દ કરવો. |
| ह्लग् | ए | ૧ | પ. | घटादि | ૭૮૮ | संवरणे | ઢાંકવું. |
| ह्लप् | | ૧૦ | ઉ. | | ૧૨૫ | व्यक्तायां वाचि | સ્પષ્ટ વાણી ઉચ્ચારવી. |
| ह्लस् | | ૧ | પ. | | ૭૧૨ | शब्दे | શબ્દ કરવો. |
| ह्लाद् | ई | ૧ | આ. | | ૨૭ | अव्यक्ते शब्दे सुखे च | અસ્પષ્ટ શબ્દ કરવો. [સુખી થવું. |
| ह्वल् | | ૧ | પ. | घटादि | ૮૦૫ | वैक्लव्ये | પીડા થવી. |
| ह्वृ | | ૧ | પ. | | ૯૩૧ | कौटिल्ये | વાંકા થવું. [શબ્દ કરવો. |
| ह्वे | ञ् | ૧ | ઉ. | | ૧૦૦૮ | स्पर्धायां शब्दे च | જીતવાને ઈચ્છવું. ઈચ્છવું. |

# પરિશિષ્ટ ૪ થું.

## ઉપસર્ગોની નોંધ.

૧. નીચે લખેલાઓને ઉપસર્ગમાં ગણેલા છેઃ—

**अति**=હદ બહાર.

**अधि**=ઉપર.

**अनु** =પાછળ, સરખું, જેવું.

**अप** =દૂર.

**अपि**=પાસે, ઉપર.

**अभि**=તરફ, પાસે.

**अव** =નીચે, દૂર.

**आ** =એ હદ, મર્યાદા, કે ઉલટાપણા વાચક છે.

**उत्** =ઊંચે, ઉપર, વિશેષ.

**उप** =પાસે.

**दुर्** =ખરાબ, મુશ્કેલ.

**दुस्** =ખરાબ, મુશ્કેલ.

**नि** =અંદર, નીચે.

**निर्**= ,, ,,

**निस्**= ,, ,,

**परा** =પાછું અથવા ઉલટાપણુ વાચક.

**परि**=ચારે તરફ, છોડીને.

**प्र** =આગળ.

प्रति =સામા, ઉલટું. सम्=સાથે, એકઠા.
वि =નહીં, જુદું, વિશેષે કરીને. सु =સારૂ.

૨. નીચે લખેલા અવ્યયો નીચે પ્રમાણે વપરાય ત્યારે ઉપસર્ગો ગણાય છે.

अच्छ –એ वद् અને ગતિવાચક ધાતુઓને ઉમેરાય છે ત્યારે.
अन्तर् –એ धा, भू અને गम् અને એઓના અર્થવાળા ધાતુઓને ઉમેરાય છે ત્યારે.
अस्तम्–એ ગતિવાચક ધાતુને ઉમેરાય છે ત્યારે.
आविस्–એ कृ, अस् અને भू ને ઉમેરાય છે ત્યારે.
तिरस् –એ भू, धा અને એઓના અર્થ વાળાને ઉમેરાય છે ત્યારે. વળી એ कृ ને વિકલ્પે ઉમેરાય છે, ને ઉમેરાય છે ત્યારે.
पुरः –એ कृ, भू અને गम् વગેરેને ઉમેરાય છે ત્યારે.

सत्, असत्, अन्वाजे, अलम्, खाट्, प्राध्वम्, उरि, उररि, उररी – એ कृ ધાતુને ઉમેરાય છે ત્યારે.

नमः, मिथ्या, वशे, साक्षात् – એ कृ ધાતુને વિકલ્પે ઉમેરાય છે તે ઉમેરાય છે ત્યારે.

प्रादुः (પ્રગટ)–એ अस् ને भू ધાતુઓને ઉમેરાય છે ત્યારે, તેમજ એ कृ ને વિકલ્પે ઉમેરાય છે તે ઉમેરાય છે ત્યારે.

૩. सात् (સમગ્રવાચક તદ્ધિતનો પ્રત્યય) લાગેલો પ્રાતિપદિક–એ કોઇપણ ધાતુને ઉમેરાય છે ત્યારે.

---

# પરિશિષ્ટ ૫ મું.

## ઉપસર્ગ વગેરેથી પદમાં ફેરફાર થતા ધાતુઓ.

अस् (૨જા ગણનો)–व्यति શિવાયનો કોઈ પણ ઉપસર્ગ લાગવાથી ઉભયપદી થાય છે.
ऊह् કોઈપણ ઉપસર્ગ લાગવાથી ઉભયપદી થાય છે.
इ (अधि ઉપસર્ગ સાથે અધ્યયનના અર્થવાળો) નો પ્રેરકાન્ત ધાતુ પરસ્મૈપદી થાય છે.
ऋ सम् ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.
ऋच्छ् ,, ,, ,, ઉભયપદી થાય છે.
कृ अनु અથવા परा ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદી થાય છે.
,, गन्धन, अवक्षेपण, सेवन, साहसिक्य, प्रतियत्न, प्रकथन, કે उपयोग ના અર્થમાં વપરાય એવો ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે. જેમકે तमुत्कुरुते=તેને ભંભેરે છે.

**श्येनो वर्तिकामुपकुरुते**=બાજ પક્ષી ચકલીનો તિરસ્કાર કરે છે। **हरिमुपकुरुते**=તે હરીને સેવે છે । **परदारान्प्रकुरुते**=તે પારકી બાયડીઓપર જુલમ કરે છે। **एध उदकस्योपकुरुते**=લાકડુ પાણીને ગરમી આપે છે। **गाथाः प्रकुरुते**=તે ગાથાઓ ગાય છે। **शतं धर्मार्थं प्रकुरुते**=સો (રૂપિઆ) ધર્મને કામે લગાડે છે।

**कृ** **अधि** ઉપસર્ગ સાથે માફ કરવું અથવા હરાવવું ના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **शत्रुमधिकुरुते**=તે શત્રુને માફ કરે છે। પણ **मनुष्यानधिकरोति शास्त्रं**=શાસ્ત્ર માણસોને અધિકાર આપે છે.

" **वि** ઉપસર્ગ સાથે બોલવાના અર્થવાળો જો અવાજવાચક શબ્દને કર્મ તરીકે લે અથવા કોઈપણ કર્મ ન લે તો આત્મનેપદી થાય છે. જેમકે **स्वरान्विकुरुते**=તે સ્વરોને બોલે છે। **छात्रा विकुर्वते**=શિષ્યો બોલે છે। પણ **चित्तं विकरोति कामः**=કામ ચિત્તને વિકાર કરે છે. ।

" નો પ્રેરકાન્ત ધાતુ **मिथ्या** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે. જેમકે **पदं मिथ्याकारयते**=પદ ખોટું ભણાવે છે.

**कॄ** **अप** ઉપસર્ગ સાથે ઉથલાવવું અથવા ખુશીથી ખણવુંના અર્થમાં જો પક્ષી અથવા ચોપગુ જાનવર કર્ત્તા હોય તો આત્મનેપદી થાય છે અને ઉપસર્ગની પછી **स्** ઉમેરાય છે. જેમકે **अपस्किरते वृषो हृष्टः**=હર્ષ પામેલો ગોધો (જમીનને) ખણે છે। પણ **कुसुमान्यपाकिरति स्त्री**=સ્ત્રી પુષ્પોને વિખેરે છે।

**क्रम्** સ્વચ્છન્દ હિલચાલ, શકિત, કે વધવાના અર્થમાં આત્મનેપદી થાય છે, જેમકે **क्रममाणोऽरिसंसदि**=શત્રુની સભામાં વગર અટકાવે ફરનાર। **अध्ययनाय क्रमते**=ભણવાની શકિત બતાવે છે। **क्रमन्ते शास्त्राण्यस्मिन्**=શાસ્ત્રો આનામાં વધેલા દેખાય છે એટલે આ શાસ્ત્રો સારી રીતે જાણે છે.

" **उप** ને **परा** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

" **आ** ઉપસર્ગ સાથે સ્વર્ગને લગતી ચીજના સંબંધમાં ઉગવું અથવા ચઢવુના અર્થમાં આત્મનેપદી થાય છે, જેમકે **आक्रमते सूर्यः**=સૂર્ય ઉગે છે.। પણ **आक्रमति धूमो हर्म्यतलात्**=અગાસીમાંથી ધુમડો ઊંચે ચઢે છે. ।

" **वि** ઉપસર્ગ સાથે પગની શોભાયમાન હિલચાલના અથવા ચઢવાના અર્થમાં આત્મનેપદી થાય છે, જેમકે **साधु विक्रमते वाजी**=ઘોડો સુશોભિત રીતે ચાલે છે। પણ **संधिर्विक्रामति**=સાંધો ફાટે છે. ।

" **प्र** કે **उप** ઉપસર્ગ સાથે શરૂ કરવાના અર્થમાં આત્મનેપદીથાય છે. જેમકે **वक्तुं मिथः प्राक्रमतैवमेनम्**=ખાનગીમાં તેની સાથે બોલવાનું શરૂ કર્યું। પણ **प्रक्रामति**=તે આગળ જાય છે, **उपक्रामति**=તે પાસે આવે છે।

**क्री** **अव**, **परि** કે **वि** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

**क्रीड्** **अनु**, **आ** કે **परि** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

" **सम्** ઉપસર્ગ સાથે ચક્રની માફક અવાજ કરવો એ શિવાયના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **संक्रीडते**=સાથે રમે છે। પણ **चक्रं संक्रीडति**=પૈંડું ફરે છે.

क्षिप् (૬ઠ્ઠા ગણનો) **अभि, प्राति** કે **आति** ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદી થાય છે.

क्ष्णु **सम्** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

गम् **सम्** ઉપસર્ગ સાથે બરાબર થવું અથવા જોડાવવુંના અર્થમાં આત્મનેપદી થાય છે.

„ નો પ્રેરકાન્ત ધાતુ **सम्** ઉપસર્ગ સાથે ધીરજ ધરવી અથવા રાહ જોવીના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **आगमयस्व तावत्**=ત્યારે ધીરજ ધર ।

गृध् નો પ્રેરકાન્ત ધાતુ ઠગવાના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **माणवकं गर्द्धयते**= માણવકને તે ઠગે છે। પણ **श्वानं गर्द्धयति**= તે કૂતરાને લોભાવે છે।

गॄ **अव** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

„ **सम्** ઉપસર્ગ સાથે વચન આપવું, સાનમાં આપવું, અથવા જાહેર કરવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **शतं संगिरते**=તે સો (રૂપિયા) નું વચન આપે છે। પણ **ग्रासं संगिरति**=તે એક કોળીઓ ખાય છે।

चर् **उत्** ઉપસર્ગ સાથે જો કોઈ કર્મ લે તો આત્મનેપદી થાય છે. જેમકે **स्वधर्ममुच्चरते**= તે ધર્મનું ઉલ્લંઘન કરે છે। પણ **बाष्पमुच्चरति**=વરાળ ઉંચે ચહડે છે।

„ **सम्** અથવા **समुदा** ઉપસર્ગ સાથે જો ગાડીવાચક તૃતીઆના શબ્દનો સંબંધ હોય તો આત્મનેપદી થાય છે. જેમકે **रथेन संचरते**=તે ગાડીમાં ફરે છે।

जन् (૪થા ગણનો) નો પ્રેરકાન્ત ધાતુ પરસ્મૈપદી થાય છે

जि **वि** ઉપસર્ગ સાથે જીતવાના અર્થમાં અથવા **परा** ઉપસર્ગ સાથે હરાવવાના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **विजयते शत्रून्**=શત્રુઓને જીતે છે। **पराजयते शत्रून्**= શત્રુઓને હરાવે છે।

ज्ञा **अप्** ઉપસર્ગસાથે ના પાડવી કે ના કબુલ કરવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **शतमपजानीते**=સો (રૂપિયા) તે ના કબુલ કરે છે।

„ **प्रति** ઉપસર્ગ સાથે વચન આપવું અથવા કબુલ કરવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **हरचापारोपणेन कन्यादानं प्रतिजानीते**=શિવનું બાણ ખેંચે તો કન્યા આપવા કબુલ કરે છે।

„ **सम्** ઉપસર્ગ સાથે આશા રાખવીના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **शतं संजानीते**=સો ( રૂપિયા ) ની આશા રાખે છે। પણ **मातरं संजानाति**=તે માનો વિચાર કરે છે.

„ ઉપસર્ગ વગર વપરાય ને કર્ત્તાનેજ ક્રિયાનું ફળ થતું હોય તો આત્મનેપદી થાય છે. જેમકે **गां जानीते**=તે ઇન્દ્રિને જાણે છે।

„ નો સન્નન્ત ધાતુ આત્મનેપદી થાય છે.

तप् ( ૧૦ મા ગણનો ) **वि** કે **उत्** ઉપસર્ગ સાથે, જો કોઈ કર્મ ન લે, અથવા જો કર્ત્તાના શરીરના અવયવને કર્મ તરીકે લે તો આત્મનેપદી થાય છે. જેમકે **उत्तपते पाणिं**=તે પોતાનો હાથ ગરમ કરે છે। પણ **सुवर्णकारः सुवर्णमुत्तपति**=સોની સોનાને તપાવે છે.

दा ( ૩ જા ગણનો ) **आ** ઉપસર્ગ સાથે ઉઘાડવું શિવાયના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **धनमादत्ते**=તે ધન લે છે। **मुखं व्याददाति**=તે મુખ ઉઘાડે છે । પણ

ઉઘાડવાની ક્રિયા બીજા કોઇના ઉપર હોય તો તો આત્મનેપદીજ થાય છે. જેમકે **पिप्पीलिकाः पतंगस्य मुखं व्याददते**=કીડીઓ પતંગિઆનું મ્હોડું ઉઘાડે છે।

**दा** (૧ લા ગણનો) **सम्** ઉપસર્ગ સાથે, જો તેની સાથે વપરાયલો તૃતીયાનો શબ્દ ચતુર્થીના અર્થમાં હોય તો, આત્મનેપદી થાય છે. જેમકે **दास्या संयच्छते कामी**=કામી દાસીને આપે છે। પણ **विप्राय संयच्छति**=બ્રાહ્મણને આપે છે।

**दृश्** **उप** ઉપસર્ગ સાથે, જો કર્મ લે તો, આત્મનેપદી થાય છે.

„ નો **सन्नन्त** ધાતુ આત્મનેપદી થાય છે.

**नह्** **सम्** ઉપસર્ગ સાથે તૈયાર થવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **युद्धाय संनह्यते**=તે યુદ્ધ માટે તૈયાર થાય છે।

**नाथ्** આશીર્વાદ આપવાના અર્થમાં આત્મનેપદી થાય છે.

**नी** ઉપસર્ગ સાથે અથવા વગર નીચેના અર્થમાં આત્મનેપદી થાય છે.

**संमानन** (=માન બતાવવું તે) ના અર્થમાં. જેમકે **शास्त्रे नयते**=તે શાસ્ત્રના પ્રમાણો શિખવે છે।

**उत्सञ्जन** (=ઉંચું કરવું તે) ના અર્થમાં. જેમકે **दण्डमुन्नयते**=તે દંડ ઉંચો કરે છે।

**आचार्यकरण** (=ધર્મ ક્રિયા શિખવવી તે) ના અર્થમાં. જેમકે **माणवकमुपनयते**=તે માણવકને ધર્મક્રિયા શિખવે છે।

**ज्ञान** (=ખરો સ્વભાવ જાણવો તે) ના અર્થમાં. જેમકે **तत्वं नयते**=તે તત્વને ખરેખરો જાણે છે।

**भृति** (=પગારે રાખવો તે) ના અર્થમાં. જેમકે **कर्मकरानुपनयते**=તે કામદારોને પગારે રાખે છે।

**विगणन** (=દેવું, કર વગેરે આપવું તે) ના અર્થમાં. જેમકે **करं विनयते**=તે કર આપે છે.

**व्यय** (=ખરચવું, સારે કામે લગાડવું તે) ના અર્થમાં. જેમકે **शतं विनयते धर्मार्थम्**=ધર્માર્થે તે સો (રૂપિઆ) આપે છે.

„ **वि** ઉપસર્ગ સાથે, ક્રોધ સમાવવાના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **कोपं विनयते**=તે કોપને શાંત કરે છે।

**नु** **आ** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

**प्रच्छ्** **आ** ઉપસર્ગ સાથે રજા લેવી ના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **आपृच्छस्व प्रियसखिममुं**=આ પ્રિય સખીની રજા લો.

„ **सम्** ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે તો આત્મનેપદી થાય છે. જેમકે **संपृच्छते**=તે નક્કી કરે છે।

**भा** **व्यति** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

**भुज्** રક્ષણ કરવુંના અર્થમાં પરસ્મૈપદી ને ખાવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **महीं भुनक्ति**=તે પથ્વીનું રક્ષણ કરે છે। **अन्नं भुंक्ते**=તે અન્ન ખાય છે.

**मृष्** (૪થા ગણનો) **परि** ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદી થાય છે.

**यम्** આ ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે અથવા કર્ત્તાના અંગવાચક શબ્દને કર્મ તરીકે લે તો, આત્મનેપદી થાય છે. જેમકે **तरुरायच्छते**=ઝાડ પથરાયછે। **पाणिमायच्छते**=તે હાથ લાંબો કરે છે। **कूपाद्रज्जुमायच्छति**=તે કુવામાંથી દોરડું કાઢે છે।

„ **सम्**, **उत्** કે **आ** ઉપસર્ગ સાથે, જો ગ્રંથવાચક શિવાયનો શબ્દ કર્મ તરીકે લે તો, આત્મનેપદી થાય છે. જેમકે **वस्त्रमायच्छते**=તે કપડું પહેરે છે। પણ **उद्यच्छति वेदं**=તે વેદ ભણવાને ઘણી મેહનત કરે છે।

„ **उप** ઉપસર્ગ સાથે સ્વીકારવું અથવા પરણવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **दानमुपयच्छते**=તે દાન લે છે।

**युध्** નો પ્રેરકાન્ત ધાતુ પરસ્મૈપદી થાય છે.

**रम्** જો કર્મ ન લે તો ઉભયપદી થાય છે. પણ **वि**, **आ** કે **परि** ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદીજ થાય છે.

**रा** **व्यति** ઉપસર્ગ સાથે આત્મનેપદી થાય છે.

**ली** ના પ્રેરકાન્ત ધાતુનો અર્થ પુજાવવું, હરાવવું, ને ઠગાવવું પણ થાય છે ને તેમ થાય ત્યારે આત્મનેપદી થાય છે. જેમકે **जटाभिर्लापयते**=તે જટાથી પૂજાય છે. । **दण्डेन लापयते श्वा**=કૂતરો લાકડીથી હરાવાય છે। **मौर्ख्येण लापयते ब्राह्मणः**=મૂર્ખતાથી બ્રાહ્મણ ઠગાય છે।

**लू** **व्यति** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

**वञ्च्** ત્યાગ કરવું અથવા ઉડાવવુંના અર્થમાં પરસ્મૈપદી થાય છે. જેમકે **अहिं वञ्चयति**=તે સાપને ઉડાવે છે।

**वद्** નીચેના અર્થોમાં આત્મનેપદી થાય છે.

**भासन** (=તેજ અથવા નિપુણતા બતાવવી તે) ના અર્થમાં. જેમકે **शास्त्रे वदते**=તે શાસ્ત્રમાં નિપુણ છે।

**उपसंभाषा**(=શાંત કરવું, લાડ કરવા તે–ઘણું કરી આ અર્થમાં **उप** ઉપસર્ગ સાથે હોય છે) ના અર્થમાં. જેમકે **भृत्यानुपवदते**=ચાકરોને તે શાંત કરે છે.

**यत्न** (=યત્ન કે મેહનત કરવી તે) ના અર્થમાં. જેમકે **क्षेत्रे वदते**=તે ખેતરમાં મેહેનત કરે છે.

**वियति** (=કજીઓ કરવો તે–ઘણું કરી આ અર્થમાં **वि** ઉપસર્ગ સાથે હોય છે)ના અર્થમાં. જેમકે **शास्त्रेषु विवदते**=તે શાસ્ત્રોમાં વિવાદ કરે છે।

**उपमंत्रण** (=અરજ કરવી, લાડ કરવા તે–ઘણું કરી આ અર્થમાં **उप** ઉપસર્ગ સાથે હોય છે.) ના અર્થમાં, જેમકે **दातारमुपवदते**=તે દાતાના વખાણ કરે છે।

„ **संप्र** ઉપસર્ગ સાથે, ઘણા જણા સાથે મળી સ્પષ્ટ ને ઉચ્ચે સ્વરે બોલવું ના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **ब्राह्मणाः संप्रवदन्ते** પણ **पक्षिणः संप्रवदन्ति**।

„ **अनु** ઉપસર્ગ સાથે, જો કોઇ કર્મ ન લે તો, આત્મનેપદી થાય છે. જેમકે **कठोऽनुवदते कलापस्य**=કઠ બ્રાહ્મણ કલાપ બ્રાહ્મણની માફક બોલે છે। પણ **उक्तमनुवदति**=તે કહેલું ફરી કહે છે।

„ **विप्र** ઉપસર્ગ સાથે તકરાર કરવી અથવા જુદા મતના થવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **वैद्या विप्रवदन्ते**=વૈદો મત ફેર થાય છે।

**वद्** **अप** ઉપસર્ગ સાથે ભુંડું બોલવું, ઠપકો આપવો કે ના પાડવી ના અર્થમાં, જો કર્તાને તેનું ફળ લાગતું હોય તો આત્મનેપદી થાય છે. જેમકે **अपवदते धनकामोऽन्यायं**=પૈસાનો લોભી અન્યાયથી બીજાનું ભુંડું બોલે છે।

„ **उप** ઉપસર્ગ સાથે સલાહ આપવી અથવા ચોરીથી બોલવું ના અર્થમાં જો કોઈ કર્મ લે તો, આત્મનેપદી થાય છે. જેમકે **शिष्यमुपवदते**=તે શિષ્યને સલાહ આપે છે **परदारानुपवदते**= તે પારકી બાયડી સાથે ચોરીથી બોલે છે।

**वह्** **प्र** ઉપસર્ગ લાગવાથી પરસ્મૈપદીજ થાય છે.

**विद्** ( ૨ જા ગણનો ) **सम्** ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે તો, આત્મનેપદી થાય છે. જેમકે **संविदते**=તે સારી રીતે જાણે છે।

**विश्** **नि** કે **अभिनि** ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

**शप्** ઠપકો દેવો કે ગાળ દેવીના અર્થમાં, જો ક્રિયાનું ફળ કર્ત્તાને થતું હોય તો, આત્મનેપદી થાય છે. જેમકે **कृष्णाय शपते**= તે કૃષ્ણને ઠપકો દે છે।

**शिक्ष्** નો અર્થ અભ્યાસ કરવા ઇચ્છવું પણ થાય છે. જેમકે **धनुषि शिक्षेत**=તે ધનુર્વિદ્યા શિખવા ઇચ્છે છે।

**श्रु** **सम्** ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે તો, આત્મનેપદી થાય છે.

„ નો સન્નન્તનો ધાતુ, **आ** અને **प्रति** શિવાયનો ઉપસર્ગ લાગવાથી, આત્મનેપદી થાયછે.

**स्था** **सम् अव, प्र** ને **वि** ઉપસર્ગ સાથે, હાલ્યા ચાલ્યા વગર ઉભા રહેવું એ શિવાયના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **क्षणमप्यवतिष्ठेत श्वसन्जन्तुः**=માણસ એક ક્ષણ શ્વાસ લેતો સ્થિર ઉભો રહે। **क्षणं न संतिष्ठति जीवलोकः क्षयोदयाभ्यां परिवर्तमानः**=ચઢતી પડતીથી વિંટલાયલો જીવલોક એક ક્ષણ પણ સ્થિર રહે નહીં.

„ **आ** ઉપસર્ગ સાથે, કસમપર કહેવું, અથવા ફરમાસ મુકવી, ના અર્થમાં આત્મનેપદી થાય છે.

„ પોતાનો વિચાર ખુલ્લો કરવા ઉભા રહેવાના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે **गोपी कृष्णाय तिष्ठते**=ગોપી કૃષ્ણને માટે (એટલે કૃષ્ણને પોતાનો વિચાર ખુલ્લો કરવા માટે) ઉભી રહે છે।

„ **उत्** ઉપસર્ગ સાથે, હકથી મેળવવું અથવા ઉઠી ઉભા થવું શિવાયના અર્થમાં આત્મનેપદી થાય છે.

„ **उप** ઉપસર્ગ સાથે નીચેના અર્થોમાં આત્મનેપદી થાય છેઃ—

મંત્રો સાથે પૂજા કરવીના અર્થમાં–જેમકે **सूर्यमुपतिष्ठते मंत्रैः**=સૂર્યને મંત્રથી પૂજે છે.

એકઠા થવુંના અર્થમાં ... ...–જેમકે **गंगा यमुनामुपतिष्ठते**=ગંગા યમુનાને મળે છે.

દોસ્તિ કરવીના અર્થમાં... ...–જેમકે **रथिकानुपतिष्ठते**=તે રથિકો જોડે મિત્રતા કરે છે.

લઈ જવુંના અર્થમાં ... ...–જેમકે **पन्थाः स्रुघ्नमुपतिष्ठते**=આ રસ્તો સ્રુઘ્ન પ્રત્યે જાય છે.

„ **उप** ઉપસર્ગ સાથે, જો કંઇ મેળવવાની ઇચ્છાનો અર્થ ક્રિયામાં હોય તો, ઉભયપદી થાય છે. જેમકે **भिक्षुकःप्रभुमुपतिष्ठति–ते**=ભિક્ષુક લાભની ઇચ્છાથી મોટા પાસે જાય છે।

स्था उप ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે તો, આત્મનેપદી થાય છે. જેમકે भोजनकालयुपतिष्ठते=તે ભોજન સમયે આવે છે।

स्मृ નો સન્નન્ત ધાતુ આત્મનેપદી થાય છે.

स्मृ सम् ને आ ઉપસર્ગ લાગવાથી આત્મનેપદી થાય છે.

हन् आ ઉપસર્ગ સાથે, જો કર્મ ન લે અથવા કર્તાના શરીરના અવયવને કર્મ તરીકે લે તો આત્મનેપદી થાય છે. જેમકે स्वशिर आहते=તે પોતાના માથાને મારે છે। પણ परस्य शिर आहन्ति=તે પારકાના માથાને મારે છે।

हृ अनु ઉપસર્ગ સાથે સ્વભાવિક ગુણ મેળવવો અથવા આદત પ્રમાણે ચાલવુંના અર્થમાં આત્મનેપદી થાય છે. ને કોઇની માફક કરવુંના અર્થમાં પરસ્મૈપદી થાય છે. જેમકે गावो मातरमनुहरन्ते=ગાયો માની આદત પ્રમાણે ચાલે છે। पितरमनुहरति=તે બાપની નકલ કરે છે એટલે બાપની માફક કરે છે।

ह्वे उप, नि, वि ને सम् ઉપસર્ગ સાથે જો કર્મ ન લે તો આત્મનેપદી થાય છે. વળી आ ઉપસર્ગ સાથે સામા પડવાની માંગણી કરવાના અર્થમાં આત્મનેપદી થાય છે. જેમકે कृष्णश्चाणूरमाह्वयते=કૃષ્ણ ચાણૂરને સામા પડવા બોલાવે છે।

સમાપ્ત.

॥ ॐ श्रीगणेशाय नमः ॥

# સંસ્કૃત ભાષા પ્રદીપ

( કિમ્મત રૂા. ૩. )

કર્ત્તા તથા પ્રસિદ્ધ કરનાર

ઠાકોરદાસ જમનાદાસ પંજી.
૧૧૮, દાદીશેઠ અગીઆરી સ્ટ્રીટ-મુંબઇ.

ઉપર

## મતો.

---

# OPINIONS

ON

# SANSKRIT BHASHA PRADEEPA.

(Price Rs. 3.)

by

Thakordas Jamnadas Panji

118, Dadyseth Agiary Street, Bombay.

## અનુક્રમણિકા.

નામો વગેરે                                                            પાનું.

### ( સ્વામીઓ, પંડિતો, તથા શાસ્ત્રીઓના મતો. )

વે. શા. સં. રા. રા.


સ્વામી વિશ્વેશ્વરાનંદજી તથા સ્વામી નિત્યાનંદજીનો મત. ... ... १

પંડિત નાગેશ્વરપન્ત ધર્માધિકારી—વ્યાકરણાચાર્ય ( તથા કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ ) નો મત.... ... ... १

પંડિત બદ્રીનાથ ત્ર્યંબકનાથ—વૈયાકરણ (નૈયાયિક તથા વડોદરાના રાજ્યના તર્કવાચસ્પતિના ખેતાબ તથા સોનાના ચાંદનું માન પામેલા ) નો મત.... १

પંડિત નાનુરામ ચંદ્રભાનુ—વૈયાકરણ ( મીમાંસક તથા મુંબઈની ધી એલ્ફિન્સ્ટન કૉલેજના માજી ગુરૂ ) નો મત. ... ... ... ... २

શાસ્ત્રી શ્રીનિવાસાચાર્ય કટ્ટી—વૈયાકરણ ( તથા મુંબઈની ધી એલ્ફિન્સ્ટન કૉલેજના ઓરિએન્ટલ લેકચરરના પેહેલા ઍસિસ્ટંટ ) નો મત. ... ... ६

શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર—વૈયાકરણ ( અષ્ટાવધાની કવિ, લઘુ કૌમુદીની ટીકાના કર્તા તથા મોરબીની સ્વાજીરાજ સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ ) નો મત. २

શાસ્ત્રી નંદકિશોર રમેશજી ભટ્ટ—વૈયાકરણ (શીઘ્રકવિ-શ્રીનાથજીવાળા) નો મત ३

શાસ્ત્રી રામકૃષ્ણ હર્ષજી—વૈયાકરણ ( વડોદરાની સંસ્કૃત શાલાના માજી મુખ્ય ગુરૂ તથા અમદાવાદની સંસ્કૃત શાલાના મુખ્ય ગુરૂ) નો મત... ... ३

શાસ્ત્રી ગિરિજાશંકર લક્ષ્મીશંકર—વૈયાકરણ ( કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયેલા તથા અમદાવાદની સ્વામિનારાયણની સંસ્કૃત શાલાના મુખ્ય ગુરૂ ) નો મત. ... ... ... ३

શાસ્ત્રી હરગોવિંદ યદુરામ બ્રહ્મપુરીવાળા—વૈયાકરણ (કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયેલા તથા મુંબઈની ઠા. જગજીવન વસનજી મંજીની સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ) નો મત. ... ४

શાસ્ત્રી નરહરિ શર્મા ગોડસે (મુંબઈની ભગવદ્ગીતા પાઠશાલાના સ્થાપક તથા ગુરૂ) નો મત. ... ... ... ... ... ... ५

શાસ્ત્રી ચુનીલાલ કાશીનાથ—વૈયાકરણ (વડોદરાની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયલા તથા વડોદરાની હાઈસ્કૂલના અધ્યાપક) નો મત. ... ... ... ... ... ... ५


---

### ( વિદ્યાધિકારી, પ્રિન્સિપાલ, પ્રોફેસર, ઈન્સ્પેકટરો, હેડમાસ્તરો વગેરેના મતો. )


રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા ( વડોદરા રાજ્યના માજી વિદ્યાધિકારી તથા લુણાવાડાના દિવાન ) નો મત. ... ... ... ७

રા. રા. ખંડુભાઈ ઈંદિરજી, બી. એ. ( સંસ્કૃત સાથે પાસ થયેલા તથા નવાનગર સ્ટેટના વિદ્યાધિકારી ) નો મત.... ... ... ... ... २४ ख

પાનું.

રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી (રાજકોટની કાઠીઆવાડ મેલ ટ્રેનિંગ કૉલેજના માજી પ્રિન્સિપાલ) નો મત ... ... ... ... ૭

રા. રા. જેકિસનદાસ જેઠાભાઈ કણીયા, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી ડયુક ઑફ એડિન્બર્ગની ફેલોશિપ તથા ધી ધિરજલાલ મથુરાદાસની સ્કૉલરશિપનું માન પામેલા, પાતંજલ યોગ દર્શનનું ભાષાંતર કર્તા તથા ભાવનગરની ધી સામળદાસ કૉલેજના સંસ્કૃત પ્રોફેસર) નો મત. ૮

રા. રા. જમીઅતરામ ગૌરિશંકર શાસ્ત્રી, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા તથા સુરત જીલ્લાના ડેપ્યુટિ એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર) નો મત. ... ૯

રા. રા. ગોકુલદાસ મથુરાદાસ શાહ, બી. એ. એલ. એલ. બી. (ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા તથા વડોદરા રાજ્યના મદદનીશ વિદ્યાધિકારી) નો મત. ૯

રા. રા. હિરાલાલ બ્રિજભુખણદાસ શ્રૉફ. બી. એ (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા તથા વડોદરાની હાઈ સ્કૂલના હેડ માસ્તર) નો મત. ... ... ૧૦

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા તથા અમદાવાદની હાઇ સ્કૂલના હેડ માસ્તર) નો મત. ... ... ... ૧૧

રા. રા. મગનલાલ ગણપતરામ શાસ્ત્રી, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા તથા મુંબઇની ધી એલ્ફિન્સ્ટન હાઇ સ્કૂલના મુખ્ય સંસ્કૃત શિક્ષક) નો મત. ... ... ... ... ... ... ... ૧૧

રા. રા. શ્રીકૃષ્ણ નીલકંઠ ચાંપેકર, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયલા તથા મુંબઈની શેઠ ગોકુલદાસ તેજપાલની હાઇ સ્કૂલના મુખ્ય સંસ્કૃત શિક્ષક) નો મત... ... ... ... ... ... ૧૧

રા. રા. ભૂપતરાય જમીઅતરામ શાસ્ત્રી, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયેલા, મુંબઇની ધી એલ્ફિન્સટન કૉલેજની સંસ્કૃત ફેલોશિપનું માન પામેલા તથા સદરહુ કૉલેજના લાઇબ્રેરીઅન અને કૉલેજ હોસ્ટેલના સુપરિન્ટેન્ડન્ટ) નો મત ... ... ... ... ... ... ૧૨

રા. રા. દત્તાત્રય અનંત તેલંગ, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયલા તથા મુંબઈની બાબુ પનાલાલ પ્રેમચંદની જૈન હાઈસ્કૂલના હેડમાસ્તર નો મત. ... ... ... ... ... ... ... ૨૪ ખ

રા. રા. માવજી કાનજી મહેતા બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી રાવ સર પ્રાગમલજી સ્કૉલરશિપનું માન પામેલા, તથા ભુજની ધી ઍલ્ફ્રેડ હાઇ સ્કૂલના ઍક્ટિંગ હેડ માસ્તર) નો મત. ... ... ... ... ૧૩

રા. રા. આત્મારામ રાધાકૃષ્ણ (વડોદરાના રાજ્યની અંત્યજ સ્કૂલોના એજયુકેશનલ ઈન્સપેક્ટર) નો મત. ... ... ... ... ... ... ૧૪

---

## (બીજા નામાંકિત વિદ્વાનો, ગ્રેજ્યુએટો વગેરેના મતો.)

ધી ઑનરેબલ રાજા પંડિત માધવલાલ મુંશી, સી. આઇ. ઇ. (બનારસવાળા) નો મત. ૧૫

ધી ઑનરબલ મી. દાજી આબાજી ખરે, બી. એ. એલ. એલ. બી. (સંસ્કૃત સાથે બી. એ. થયલા, મુંબઈની યુનિવર્સિટિના ઑર્ડિનરી ફેલો તથા સિન્ડિકેટના મેમ્બર) નો મત. ... ... ... ... ... ૨૪ ગ

પાનું.

રા. રા. રણછોડભાઈ ઉદયરામ (લઘુ કૌમુદીનું ભાષાંતર કર્તા તથા કચ્છના માજી દીવાન) નો મત. ... ... ... ... ... ... ૨૪ ક

રા. રા. નરસિંગરાવ ભોળાનાથ દ્વિવેટીઆ, બી. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા સંસ્કૃતમાં નિપુણતા માટે ધી ભાઉ દાજી, ધી વિનાયકરાવ જગન્નાથજી શંકરશેઠ, તથા ધી સિંકલેર પ્રાઇઝોથી માન પામેલા તથા રત્નાગિરિના એસિસ્ટંટ કલેકટર) નો મત. ... ... ... ... ... ૧૫

રા. રા. છગનલાલ હરિલાલ પંડ્યા, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી કૉબ્ડન કલબ મેડલનું ને ધી જેમ્સ ટેલરના પ્રાઇઝનું માન પામેલા, કાદંબરીનું ભાષાંતર કર્તા, તથા જુનાગઢના દીવાનની ઓફીસના સુપરિન્ટેન્ડેન્ટ) નો મત. ૧૬

રા. રા. મોરારજી આનંદજી ટન્ના, બી. એ. એલ. એલ. બી. (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી ધીરજલાલ મથુરાદાસ સ્કૉલરશિપનું માન પામેલા તથા ભાવનગરના નાયબ દીવાન) નો મત. ... ... ... ... ૧૬

રા. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ. ( ખાસ સંસ્કૃત સાથે થયેલા, સંસ્કૃતમાં નિપુણતા માટે ધી ભાઉ દાજી તથા ધી સુજ્ઞ ગોકળજી ઝાલાના વેદાંત પ્રાઇઝના માન પામેલા તથા અમદાવાદની મ્યુનિસિપૅલિટિના ચીફ ઑફિસર ) નો મત. ... ... ... ... ... ... ૧૭

રા. રા. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી, જે. પી. બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયલા તથા ધી વરજીવનદાસ માધવદાસ સંસ્કૃત સ્કૉલરશિપનુ માન પામેલા ) નો મત. ... ... ... ... ... ... ... ૧૮

રા. રા. મોહનલાલ પાર્વતિશંકર દવે, એમ. એ. ( ખાસ સંસ્કૃત સાથે પાસ થયલા, ધી રા. બા. પાર્વતિશંકર નર્મદાશંકર દવે તથા ધી નંદશંકર પાર્વતિશંકર દવેની સ્કૉલરશિપોના માન પામેલા ) નો મત. ... ... ... ૧૮

રા. રા. પ્રોફેસર ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર—એમ. એ. બી. એસ. સી., એફ. સી એસ. ( સંસ્કૃત સાથે બી. એ. થયેલા, મુંબઈની યુનિવર્સિટિના ઑર્ડિનરિ ફેલો, કેળવણી ખાતાની બુક કમિટિના મેમ્બર તથા ટેકનો મેડિકલ લેબૅારેટરીના ડિરેકટર ) નો મત. ... ... ૧૯

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી-એમ. એ. એલ. એલ. બી. ( ધી ભાવનગર પર્સિવલ સ્કૉલરશિપનું અને યુનિવર્સિટિના પરિક્ષકનું માન પામેલા, કેળવણી ખાતાની બુક કમિટિના મેમ્બર તથા મુંબઈની સ્મૉલ કોઝીઝ કોર્ટના ત્રિજા જડ્જ ) નો મત. ... ... ... ... ૨૦

રા. રા. વિશ્વનાથ પરભુરામ વૈદ્ય—બી. એ. બૅરિસ્ટર ઍટ. લૉ. ( ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયેલા ) નો મત ... ... ... ... ... ... ૨૦

રા. રા. નગીનદાસ ત્રિભુનદાસ માસ્તર, બી. એ. એલ. એલ. બી. તથા સોલીસીટર ( ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા ) નો મત. ... ૨૧

રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી. બી. એ. એલ. એલ. બી. ( ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા ) નો મત. ... ... ... ... ૨૨

રા. રા. રમણભાઈ મહિપતરામ રૂપરામ નીલકંઠ. બી. એ. એલ. એલ. બી. ( સંસ્કૃત સાથે બી. એ. થયેલા ) નો મત. ... ... ... ... ૨૨

પાનું.
રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી. એમ. એ. એલ. એલ. બી. (સંસ્કૃત સાથે પાસ થયેલા તથા રા. બા. પાર્વતિશંકર નર્મદાશંકર દવેની સ્કૉલરશિપનું માન પામેલા) નો મત. ... ... ... ... ૨૩
રા. રા. માણેકલાલ ચુનીલાલ શ્રૉફ બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા) નો મત. ૨૩
રા. રા. નારાયણરાવ દલપતરામ ભગત (રાજકોટ હાઈસ્કૂલના માજી શિક્ષક તથા છોટા ઉદેપુરના ડિસ્ટિલરી ઈન્સપેક્ટર) નો મત. ... ... ... ૨૪ ગ
રા. રા. સૌ૦ વિદ્યાગવરી રમણભાઈ–બી, એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા) નો મત. ૨૪ ઘ

## (ચોપાનીઆઓ તથા વર્તમાનપત્રોના મતો.)

કલકત્તાના "મૉડર્ન રિવ્યુ" ચોપાનીઆમાં આવેલો મત ... .. ... ૨૫
મુંબઇના "ધી ઍડવોકેટ ઓફ ઇન્ડીઆ" પત્રમાં આવેલો મત. ... ... ૩૮
મુંબઈના "ભારતજીવન" ચોપાનીઆમાં "સંસ્કૃત ભાષા તથા તેનું ઉપયોગીપણું અને તે ભણવા કરવી જોઈતી સગવડ" વિષે આવેલો લેખ ... ૨૫
"ભારતજીવન" ચોપાનીઆમાં આવેલો મત ... ... ... ૨૮
"જૈન" પત્રમાં આવેલો મત ... ... ... ... ... ૩૧
"સત્ય વકતા" પત્રમાં આવેલો મત ... ... ... ... ૩૩
"સાંજ વર્તમાન" પત્રમાં આવેલો મત. ... ... ... ... ૩૪
"રાસ્ત ગોફ્તાર તથા સત્યપ્રકાશ" પત્રમાં આવેલો મત. ... ... ૩૫
"જામે જમશેદ" પત્રમાં આવેલો મત. ... ... ... ... ૩૬
"અખબારે સોદાગર" પત્રમાં આવેલો મત. ... ... ... ૩૭
"આર્ય પ્રકાશ" પત્રમાં આવેલો મત, ... ... ... ... ૩૮
"મુંબઈ સમાચાર" પત્રમાં આવેલો મત. ... ... ... ... ૩૯
"ગુજરાતી" પત્રમાં આવેલો મત ... ... ... ... ૪૧
"સમાલોચક" ચોપાનીઆમાં આવેલો મત ... ... ... ૪૩
સુરતના "ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ" પત્રમાં આવેલો મત ... ૪૭
વડોદરાના "કેળવણી" ચોપાનીઆમાં આવેલો મત ... ... ... ૪૭
"મહાકાળ" ચોપાનીઆમાં આવેલો મત. ... ... ... ૪૯
"બરોડા ગેઝેટ" પત્રમાં આવેલો મત. ... ... ... ... ૪૯
"શ્રી સયાજી વિજય" પત્રમાં આવેલો મત. ... ... ... ૫૦
ભરૂચના "ભરૂચ સમાચાર" પત્રમાં આવેલો મત.... ... ... ... ૫૧
અમદાવાદના
"વૈદ્ય કલ્પતરૂ" ચોપાનીઆમાં આવેલો મત. ... ... ... ૫૨
"બુદ્ધિ પ્રકાશ" ચોપાનીઆમાં આવેલો મત. ... ... ... ૫૨
"રાજસ્થાન" પત્રમાં આવેલો મત. ... ... ... ... ૫૪
"ગુજરાતી પંચ" પત્રમાં આવેલો મત ... ... ... ... ૫૪
"કાઠીઆવાડ અને મહીકાંઠા ગેઝેટ" પત્રમાં આવેલો મત. ... ૫૪
પુનાના "કેસરી" પત્રમાં આવેલો મત. ... ... ... ... ... ૫૬
સંસ્કૃત ભાષા પ્રદીપના કર્ત્તાની વિજ્ઞપ્તિ ... ... ... ... ... ૫૬

॥ ॐ श्रीगणेशाय नमः ॥

# સ્વામીઓ, પંડિતો, તથા શાસ્ત્રીઓના મતો.

## વે. શા. સં. રા. રા. સ્વામી વિશ્વેશ્વરાનંદજી તથા સ્વામી નિત્યાનંદજીનો મત

ओ३म्

शान्तकुटि, सिमला. ता० २७-१०-१०

**श्रीमत् रा० रा० शेठजी श्री ठाकोरदास जमनादासजी, बोंबे.** महोदय, आनन्दित रहो. आपका बना या हुआ "संस्कृत भाषा प्रदीप" नामक पाणिनीय व्याकरणका गुजराती भाषांतर हमारे देखने में आया. पाणिनीय व्याकरणका एसा उत्तम सुगम व सरल तथा कृदन्तातिरिक्त अखिल व्याकरणका पूर्ण बोधप्रद सर्वोपयोगी ग्रन्थ गुजराती भाषामें एकभी नही बना. हमकुं सन्यासधर्मानुसार निष्पक्षपाततया लिखना पडता है कि **यदि कोइभी गुर्जर सम्राट् संस्कृतज्ञ होता तो महाराजा भोजके समान आपका बहुत सन्मान करता.** हम सदन्तःकरणसें आपके इस महोपकार अगाध परिश्रम व विचित्र बुद्धि वैभव तथा लोकोपकारी व्यवसायके लिये कृतज्ञ हैं, जो कि आपने निःस्वार्थ बुद्धिसे गुर्जर प्रजाके लिये किया हे. यदि आपके इस संस्कृत भाषा प्रदीपको पाणिनीय व्याकरणाब्धिका सुपोत वा सेतु कहा जायतो यत्किंचित् मात्र भी अत्युक्ति नहिं हें. अतः हम समस्त गुजराती विद्यारसिक वांचक वृन्दसे साग्रह निवेदन करते है कि इस संस्कृत भाषा प्रदीपको वे एकवार अवश्य हि पढें. हमकुं आशा है कि हमारे गुजरातीभाइ इस अपूर्व ग्रंथका अवलोकन करके लाभ उठाकर आपके परिश्रमको अवश्य हि सफल करेंगे. तथास्तु. शुभं भवतु. शमित्योम्.

**हः स्वामी विश्वेश्वरानंदः**

**,, नित्यानंदः**

---

## વે. શા. સં. રા. રા. પંડિત નાગેશ્વરપન્ત ધર્માધિકારી-વ્યાકરણાચાર્ય
(તથા કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ) નો મત.

श्रीः

**स्वस्ति श्रीमद्विद्वदनुरागिश्रीठाकोरदासजमनादासश्रेष्ठिवरान्** शुभाशीराशिभिः संवर्ध्य प्राप्तपुस्तकाभिप्रायो भाषया निरूपयति. आपका भेजा हुवा "संस्कृत भाषा प्रदीप" नामक ग्रन्थ मेने देखा. यह पाणिनीयव्याकरणावलम्बसें रचित ग्रन्थ अत्युत्तम हे. ऐसा गुजराती भाषामें सरल संग्रहीत व्याकरण विषयक ग्रन्थ अभितक मेरे दृष्टि गोचर अन्य नही है. अत एव हं श्री काशीविश्वनाथसे यही प्रार्थना करते है की गुजराती भाषाभिज्ञ लोक विशेषतः गुर्जर वणिग् जन इसीका प्रथम शिक्षणमें उपयोगकर लघूपायसे संस्कृतज्ञ होकर यथाशक्ति स्वीय धर्म रक्षणक्षम होकर ग्रन्थकारके परिश्रमको सफल करें. इति शम्. २५-९-१०

**नागेश्वरपन्त धर्माधिकारी.**

प्रोफेसर, संस्कृत कॉलेज बनारस.

---

## વે. શા. સં. રા રા. શાસ્ત્રી બદરીનાથ ત્ર્યંબકનાથ—વૈયાકરણ (નૈયાયિક તથા વડોદરાના રાજ્યના તર્કવાચસ્પતિના ખેતાબ તથા સોનાના ચાંદનું માન પામેલા) નો મત.

श्रीः

**संमतिपत्रमिदम्.**

રા. રા. શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી,

આશીર્વાદ વિશેષ તમારો "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રંથ આરંભથી પર્યવસાન

સુધી ધ્યાન દઈ વાંચ્યો છે. ગુજરાતી ભાષામાં આવા વ્યાકરણશાસ્ત્રાનુસાર ગ્રંથની ખરેખરી ખોટ છે તે આ ગ્રંથથી પુરી પડશે એમ અમને ખાતરી થાય છે. **તમોએ વ્યાકરણ શાસ્ત્રના જિજ્ઞાસુઓને માટે તન મન અને ધનથી જે પ્રયત્ન કર્યો છે તે ઘણોજ પ્રસંશનીય છે.** આ ગ્રંથમાં વ્યાકરણ શાસ્ત્રના ઘણાખરા નિયમોના વિષયો ઘણાજ સરલ અને અનુક્રમવાર છે તેથી સહેલાઈથી સમજાય એવો છે. આ ગ્રંથ થોડા સમયમાં સારૂં જ્ઞાન આપે એવો છે, તેથી કોલેજ તથા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને તેમજ બીજા સંસ્કૃત ભાષાના અભિલાષીઓને ઘણોજ ઉપયોગી થઈ પડશે. અસ્તુ શમ્.

વડોદરા–સંવત ૧૯૬૭
કાર્તિક વદિ ૨ ને શુક્રવાર.

**બદરીનાથ ત્ર્યંબકનાથ શાસ્ત્રી.**

---

**વે. શા. સં. રા. રા. પંડિત નાનુરામ ચંદ્રભાનુ—વૈયાકરણ** ( મીમાંસક તથા મુંબઇની ધી એલ્ફિન્સ્ટન કૉલેજના માજી ગુરૂ ) નો મત.

**રા. રા. શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી,**

મુંબઇ.

જત તમોએ હમોને તમારા કરેલા "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથની નકલ હમારો અભિપ્રાય લખી જણાવવા મોકલી તે વિષે લખવાનું કે એ ગ્રંથ પ્રમાણાનુકૂલ રીતિએ કરેલો છે અને તાત્પર્યાર્થથી સંસ્કૃત વ્યાકરણ શિખવાવાળાઓને સહેલથી થોડા વખતમાં સારૂં જ્ઞાન કરાવે તેવો છે. એ ગ્રંથ નીશાળો તથા કોલેજોના ગુજરાતી વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી અને લાઇબ્રેરીમાં રાખવા લાયક છે.

**पंडित नानुराम चंद्रभानु.**

श्रावण कृष्णद्वादश्यां भौमे १९६७ वैक्रमे. ता. २–८–१०.

---

**વે. શા. સં. રા. રા. શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર—વૈયાકરણ** ( અષ્ટાવધાની કવિ, લઘુ કૌમુદીની ટીકાના કર્ત્તા તથા મોરબીની રવાજીરાજ સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ) નો મત.

**श्री राजराजेश्वरो जयति.**

સં. ૧૯૬૭ ના આસો સુદ ૨ બુધ,

**સૌજન્યસુધાસાગર પરમહિતૈષિવર્ય. રા. રા. ભાઈ શ્રી ૫ શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી.**

**શ્રીમુંબઇ.**

પ્રતિ, શ્રીમોરબીથી લિ. શંકરલાલ માહેશ્વરના આશીર્વાદ વાંચશો. વિશેષ લખવાનું કે તમારો કરેલો "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રંથ મને મળ્યો છે. તેને પૂર્ણ ધ્યાન આપી મેં જોયો છે. એ ગ્રંથ મહર્ષિ ભગવાન પાણિનિ પ્રણીત સૂત્રોના અર્થોને પરિ-પૂર્ણ રીતે અનુસરતો છે. વળી તેના સર્વે નિયમો ઘણીજ સરસ અને સરલ રીતે ગોઠવા-યા છે તેથી સંસ્કૃત વિદ્યાના અભિલાષી લોકોને બહુજ ઉપયોગી થશે એમ મારૂં માનવું છે; ગુજરાતી ભાષાના ગ્રંથોમાં સંસ્કૃત વ્યાકરણ સંબંધી આ ગ્રંથ બહુજ ઉત્તમ લખાયો છે. અને કેવલ વિદ્યાવિનોદી લોકોને ટુંક મુદતમાં થોડે શ્રમે સંસ્કૃત જ્ઞાન સમૂલ થઈ શકે તેવા ઉત્તમ હેતુથી જે તમે અપ્રતિમ પ્રયાસ કરેલ છે તેને માટે તમને અનેક ધન્યવાદ ઘટે છે, અને ઈશ્વર કૃપાથી તે ગ્રંથનો પ્રસાર થઇ લોકો વિદ્વાન બની સંસ્કૃત વિદ્યાના રસના અનુભવી બનો, પરમાનંદનો અનુભવ કરો, અને તજ્જન્ય પુણ્યનાં ફલો તમને તથા તમારા સહાયક કૈલાસવાસી તમારા સત્પુત્રરત્નને ઈશ્વર આપો. તથાસ્તુ.

**લા. શંકરલાલ માહેશ્વર.** સ્વસ્થાન મોરબી.

મહારાજ શ્રી રવાજીરાજ પાઠશાલાના શાસ્ત્રીના આશીર્વાદ વાંચશો,

વે. શા. સં. રા. રા. શાસ્ત્રી નંદકિશોર રમેશજી ભટ્ટ- વૈયાકરણ, (શીઘ્રકવિ) નો મત.

॥ श्री हरिः ॥

**श्रीमान् रा० रा० ठाकोरदास जमनादास पंजी**

भगवत्स्मरण पूर्वक सूचना. आप तरफथी प्रसिद्ध करवामां आवेलो ' संस्कृत भाषा प्रदीप ' नवम्बर मासमां मने मल्यो हतो ते साथे १ कागल पण हतो. काले पण १ पोस्टकार्ड आव्यो छे. आपनो ए ग्रंथ अत्यन्त उपयोगी छे. आजकालनी शैलीने तो अत्यंत अनुकूल छे. **सर्व पाणिनीयव्याकरणनो आवी रीते सारोद्धार करवो ए सहज वात नथी.** तेथी आ ग्रंथ जोई खुशीथी हूं पण एमां अनुमति आपू छूं कि आ ग्रंथ लोकोपयोगी छे. पत्र लखवामां विलंब थयो ते माफ करशो. शास्त्री मगनलाल गणपतरामने प्रणाम कहेशो. एज ता. ५-१-११

**शीघ्रकवि शास्त्री नन्दकिशोर रमेशजी भट्ट**
**मु० नाथद्वार, पींतपोली**

---

વે. શા. સં. રા. રા. શાસ્ત્રી રામકૃષ્ણ હર્ષજી—વૈયાકરણ (વડોદરાની સંસ્કૃત શાલાના માજી મુખ્ય ગુરૂ તથા અમદાવાદની સંસ્કૃત શાલાના મુખ્ય ગુરૂ )નો મત.

**श्रीरस्त्वत्र.**

**રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી,**

મુ. મુંબઇ.

પ્રતિ અમદાવાદથી આશીર્વાદ સાથે લખવાનું કે તમોએ મોકલેલો "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રંથ અમોને તા. ૧૫-૧૦-૧૦ ના રોજ મળ્યો તે પેહેલા અમો આસરે આઠેક દિવસ આગમજ સિધપુરથી આરંભી રામેશ્વર પર્યંતની યાત્રાથી લાંબા વખતે ઘેર આવેલા અને સદર યાત્રાના પ્રસંગમાં થયલા શ્રમને લીધે શરીર અશક્ત હોવાથી કેટલુક કામ ધીમે ધીમે કરવાનુ હતું. આપનો સદર ગ્રંથ ગંભીર વિષયવાળો જોવાને આવી મળતાં યથાવકાશ વાંચતા જણાવવાને ખુશી ઉપજે છે કે એ મહર્ષિ પાણિનિના ગ્રંથાનુસારે થયલી રચનાને લીધે અભ્યાસ કરનારને વધારે ઉપયોગી છે. જેમને પાણિનીય વ્યાકરણ ભણવા અવકાશ નથી તેવા સંસ્કૃત ભાષાના જીજ્ઞાસુઓને આ ગ્રંથ ઘણી સારી મદદ કરશે. આ ગ્રંથની રચનામાં યોગ્ય વિભાગ કરવામાં આવ્યા છે, જેથી સમજનારને અનુકૂલ પડશે. સરલતા કરવાને કોઇ કોઇ ઠેકાણે સારસ્વત વિગેરેની પદ્ધતિ પણ સ્વીકારેલી નજરે થાય છે, તેમજ ઉત્સર્ગ અપવાદને લીધે કઠિન થવાનો પ્રસંગ સરલ ભાષાના યોગથી દૂર થવાનો યત્ન થયો છે. આ વિષયની ગંભીરતા પ્રમાણે સાદ્યન્ત વિચારવાને લાંબી મુદ્દતની જરૂર છે પણ શરીર જરા અશક્ત હોવાને લીધે અને તા૦ ૨૦ મી નવેંબર ૧૯૧૦ ની અંદર અભિપ્રાયની જરૂર જણાયાથી બનતે પ્રયત્ને તપાસી મોકલ્યો છે તેમાં કેટલીક સુધારણાની સૂચનાઓ મનમાં આવેલી તે આ સાથેના પત્રમાં છે. તે ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ. એજ મિતિ સં. ૧૯૬૭ કાર્તિક વદિ ૧ ગુરૂ.

**રામકૃષ્ણ હર્ષજી શાસ્ત્રી.**
અમદાવાદમાં સંસ્કૃત શાલાના મુખ્ય અધ્યાપક.

---

વે. શા. સં. રા. રા. શાસ્ત્રી ગિરિજાશંકર લક્ષ્મીશંકર- વૈયાકરણ ( કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયેલા તથા અમદાવાદની સ્વામિનારાયણની સંસ્કૃત શાલાના મુખ્ય ગુરૂ ) નો મત.

**श्रीः**

અમદાવાદ તા. ૨૮-૯-૧૦

**રા. રા. શેઠ શ્રી ઠાકોરદાસ જમનાદાસ પંજી,**

શુભાશીર્વાદ પૂર્વક લખવાનું કે તમોએ પૂરેપૂરા શ્રમથી રચેલા સંસ્કૃત ભાષા પ્રદીપ

નામના ગ્રંથનું સમ્યક્ નિરીક્ષણ કરવાથી ખાત્રી થાય છે કે પાણિનિ વ્યાકરણનો સાર આ ગ્રંથમાં સમાયેલો છે, અને આ ગ્રંથનાં આઠ પ્રકરણો તેના સ્પષ્ટ જુદા જુદા વિભાગો અતિ સરળતાથી સમજાય તેવાં કોષ્ટકો તેમજ જોઈતાં પૂરાં રૂપો સાથે યોગ્ય અનુક્રમથી રચવામાં આવેલ છે. હાલની નિશાળોમાં, ઈંગ્રેજી સ્કૂલોમાં તથા કૉલેજોમાં સંસ્કૃત વ્યાકરણનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાની આકાંક્ષા ધરાવનારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરતાં અલ્પાયાસે ટુંક મુદ્દતમાં સારૂં જ્ઞાન પ્રાપ્ત કરવામાં આ ગ્રંથ સારૂં સાધન થઈ પડે તેવો ઉપયોગી છે.

**શાસ્ત્રી ગિરિજાશંકર લક્ષ્મીશંકર.**

સ્વામિનારાયણ સંસ્થાપિત સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ.

---

**વે. શા. સં. રા. રા. શાસ્ત્રી હરગોવિંદ યદુરામ બ્રહ્મપુરીવાળા– વૈયાકરણ** ( કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયેલા તથા મુંબઈની ઠા. જગજીવન વસનજી મંજીની સંસ્કૃત પાઠશાળાના મુખ્ય ગુરૂ ) નો મત.

**વિદ્યાવિલાસી શ્રીયુત રા. રા. ઠાકોરદાસ જમનાદાશ પંજી,**

મુંબઇ

જત આશીર્વાદ સાથે લખવાનું જે તમોએ કરેલા "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથની નકલ હમારો અભિપ્રાય જણાવવા મોકલી તે હમોએ સાદ્યન્ત તપાસ્યો છે. એ ગ્રંથ સંસ્કૃત ભાષામાં રહેલા "સિદ્ધાંત કૌમુદી" નામના વ્યાકરણના પ્રમાણ ગ્રંથ સાથે સરખાવતાં, એમાં વૈદિક વ્યાકરણના જે કેટલાક ખાસ નિયમો છે તે મુકી દીધેલા લાગે છે. એ શિવાય વ્યાકરણના તમામ અંગો એમાં કુદરતી અનુક્રમે ગોઠવેલા છે, ને દરેક અંગમાં કરવાની પ્રક્રિયાઓ યોગ્ય અનુક્રમે સમજાવી, તેમાં લાગતા નિયમો પાણિનીયસૂત્રાર્થાનુસાર નિઃશેષ આપેલા છે. એ ગ્રંથની રચના "સિદ્ધાંત કૌમુદી" ની રચના કરતાં ઘણીજ સરળ ને શ્રેષ્ટ, તેમજ કુદરતી નિયમ પ્રમાણે પગથીએ પગથીએ ચહડતી હોવાથી ભણનારને ઉત્તેજન આપી ટુંક વખતમાં સંસ્કૃત ભાષાનું દ્રઢ અને સંતોષકારક જ્ઞાન કરાવનારી છે. એ ગ્રંથમાં કૃદંત શિવાયના પ્રાતિપદિકો સાંધવાના નિયમો મુકી દીધેલા છે પણ તેવા શબ્દો કોષોમાં તૈયાર મળે તેમ છે એટલે તેની આવશ્યકતા નથી; વળી પ્રાતિપદિકોના રૂપો સાંધવાના નિયમો પણ આપેલા નથી પણ જોઈતા તમામ શબ્દોના રૂપો એવા નિઃશેષ આપેલા છે કે તેની જરૂર પણ રહેતી નથી. એ ગ્રંથ ગુજરાતની વ્યવહારીક ગુજરાતી ભાષમાં હોવાથી ગુજરાતવાસીઓને આવકાર આપવા લાયક છે, ને જો તેઓ એનો ઉપયોગ કરી સંસ્કૃત ભાષામાં રહેલા વિદ્યાભંડારનો સીધો લાભ લેશે તો જે આર્યપણું તેઓ ખોઇ બેઠેલા છે તે થોડા વખતમાં પાછું મેળવશે. એ ગ્રંથ ગુજરાતી ભાષામાં અપૂર્વ છે ને તમોએ એ કરવા જે શ્રમ લીધો છે તે ખરેખર સ્તુતિપાત્ર છે. ઈશ્વર તમોને તેનો બદલો આપો અને સર્વ ગુજરાતી ભાઈઓને તેનો ઉપયોગ કરવા સદ્બુદ્ધિ આપો એવું અમે ખરા અંતઃકરણથી ઇચ્છીએ છીએ.

મુંબઈ
શાકે ૧૮૩૨, ભાદ્રપદ
સુદિ ૧૪ ને રવિવાર

**લિ૦ શાસ્ત્રી હરગોવિન્દ યદુરામ બ્રહ્મપુરીવાળા**—કાશીની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાલાની વ્યાકરણની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તથા મુંબઇમાં જૂની હનુમાન ગલ્લીમાં શેઠ જગજીવન વસનજી મંજીની સંસ્કૃત પાઠશાલાના મુખ્ય ગુરૂ.

**વે. શા. સં. રા. રા. શાસ્ત્રી નરહરિ શર્મા ગોડસે** (મુંબઈની ભગવદ્ગીતા પાઠશાલાના સ્થાપક તથા ગુરૂ) નો મત.

**સૌજન્ય સાગર રા. રા. શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી,**

મુંબઇ.

જત તમોએ "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથની એક નમુનાની પ્રત હમારા અભિપ્રાય માટે મોકલી તે અમોએ સૂક્ષ્મ રીતે તપાસી છે. આપે એક વૈશ્ય જાતિના ધંધાદાર ગ્રહસ્થ છતાં સંસ્કૃત ભાષા ભણવાને ગુજરાતી ભાષામાં આવો અપૂર્વ, સરલ, અને શ્રેષ્ઠ ગ્રંથ બનાવવા જે શ્રમ લીધો છે તે જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. એ ગ્રંથમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં રહેલા તમામ વિષયો ઉત્તમ ક્રમથી ગોઠવેલા છે, ને દરેક વિષયમાં 'કરવાની પ્રક્રિયાઓ યોગ્ય અનુક્રમે અને સ્પષ્ટ રીતિએ સમજાવી છે. વળી દરેક બાબતમાં લાગતા નિયમો નિઃશેષ તેમજ ટુંકાણમાં આપેલા છે. એમાં કૃદંત શિવાયના પ્રાતિપદિકો બનાવવાના તથા પ્રાતિપદિકોના રૂપો સાંધવાના નિયમો તેમજ વૈદિક પ્રક્રિયાઓ આપી નથી, પણ તેથી એ ગ્રંથને જોઈતો સંપૂર્ણ કહેવામાં હરકત નથી. એ ગ્રંથની રચના એ ભાષાની ખુબી ખરેખરી રીતે બતાવનારી ને ભણનારને કંટાળો નહીં પણ ઉત્તેજન આપનારી છે. વળી એ ગ્રંથ પાણિનીયસૂત્રાર્થાનુંકૂલ છે, તેમજ ગુજરાતની વ્યવહારિક ભાષામાં છે, એટલે ભણનારને સિધ્ધાંત કૌમુદી કરતાં સેહેલો ને શીઘ્ર બોધ કરે તેવો થઈ પડશે. સિધ્ધાંત કૌમુદી સંસ્કૃત ભાષામાં હોવાથી, ને ગુજરાત વાસીઓની વ્યવહારિક ભાષા ગુજરાતી હોવાથી, તે ગ્રંથ નહીં જેવાજ ભણી શકે છે, તેથી જેઓ તે ગ્રંથ ભણી શકતા નથી તેઓને આ ગ્રંથનો લાભ જરૂર લેવા હમે મજબુત ભલામણ કરીએ છીએ, ને જો તેઓ તેમ લેશે તો અનેક શાસ્ત્રોનો સીધો લાભ જે તેઓ લઇ શકતા નથી તે લઈ શકશે અને બીજા પણ અનેક ફાયદાઓ મેળવશે.

આ તમારા ગ્રંથનો પ્રચાર પરમેશ્વરની કૃપાથી ઘણો થાય અને તમારા જેવા એક સદ્ગ્રહસ્થે કરેલો શાસ્ત્રપરિશ્રમ જોઇ બીજા ગ્રહસ્થોને પણ શાસ્ત્રાધ્યયનનો રંગ લાગે એવી અમારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. ઇતિ શમ્.

મુંબાઇ–શકે ૧૮૩૨ ના
કાર્તિક વદિ ૬ ને વાર ભોમે.

**નરહરિ શાસ્ત્રી**ના
આશીર્વાદ વાંચશો.

---

**વે. શા. સં. રા. રા. શાસ્ત્રી ચુનીલાલ કાશીનાથ—વૈયાકરણ** (વડોદરાની રાજકીય પ્રધાન સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણમાં ઊત્તીર્ણ થયલા તથા વડોદરાની ગ્રાંટ–ઇન–એઈડ હાઈસ્કુલના અધ્યાપક ) **નો મત.**

**श्रीरस्त्वत्र.**

**રા રા. પરમમાનનીય પંજીકુલભૂષણ શ્રીયુત ઠાકોરદાસ જમનાદાસભાઈ,**

આપનું "સંસ્કૃત ભાષા પ્રદીપ"નું પુસ્તક આદિથી અંત સુધી જોયું. આપનો લેખ વ્યાકરણશાસ્ત્રરૂપ સમુદ્રમાં સેતુ તુલ્ય છે. આ ગ્રંથ જ્યોતિષ્ શાસ્ત્ર તથા યાજ્ઞિક કર્મમાં વ્યાસંગ કરનાર પાસે રાખે તો પોતાના વિષયની ઉન્નતિ કરવામાં ઘણો અનુકૂલ પડે તેમ છે. સં. ભા. પ્રદીપ જો હાઈસ્કૂલો, કૉલેજો અને જે જે સ્કૂલોમાં સંસ્કૃત શિખવવામાં આવે છે તે તે સ્કૂલોમાં ખંડશઃ શિખવવામાં આવે તો કેટલાએક તેઓમાં ચાલતા સામાન્ય ગ્રંથો કરતાં એ ગ્રંથ દ્વારા સારા માર્મિક જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકે. **મારી પાસે કેટલાએક ઈંગ્રેજી સ્કૂલના સંસ્કૃત શિખતા વિદ્યાર્થીઓ સં. ભા. પ્ર. શિખે છે તો માસ બેના ભણા-**

વવાના પરિચયથી મારી ખાત્રી થાય છે કે ઈતર ઘણા ગ્રંથો કરતાં આ એકજ ગ્રંથ વધારે ઉપયુક્ત થઈ પડશે. આ સંગ્રહમાં તદ્ધિત અને કૃદંત કે વ્યાકરણમાં જેની મુખ્ય આવશ્યકતા છે તે નથી તેનું પ્રકરણ જો બીજી આવૃત્તિમાં ઉમેરવામાં આવશે તો રહેલા વિષયોથી પૂર્ણતા થશે. આ શ્રેણિનો ગ્રંથ બહાર પાડવામાં પહેલું માન આપનેજ ઘટે છે. સામાન્ય સંસ્કૃત જાણવા ઇતર ભાષાંતરો વાંચે છે તેના કરતાં આ ગ્રંથથી સારો લાભ થશે. એજ

માર્ગશીર્ષ શુકલ ૧૫ ગુરૌ.<br>
તા. ૧૬-૧૨-૧૦ મુ. વડોદરા.

શાસ્ત્રી ચુનીલાલ કાશીનાથના<br>
આશીર્વાદ.

---

**વે. શા. સં. રા. રા. શાસ્ત્રી શ્રીનિવાસાચાર્ય કટ્ટી–વૈયાકરણ, (તથા મુંબઇની ધી એલ્ફિન્સ્ટન કૉલેજના ઓરિએન્ટલ લેકચરરના પેહેલા ઍસિસ્ટંટ) નો મત.**

રા. રા. ઠાકોરદાસભાઈ,

વિશેષ આપનું "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનું પુસ્તક મને મળ્યું છે. તેમાંથી કેટલોક ભાગ સારી રીતે વાંચ્યો છે. ગ્રંથની રચના ઘણીજ ઉત્તમ અને શીઘ્ર બોધ કરે તેવી છે. એમાં દરેક વિષય મહર્ષિ પાણિનિસૂત્રાર્થાનુકૂલ રીતિએ લખેલો છે ને હું ધારૂં છું કે એ ગ્રંથ ભાષાના જીજ્ઞાસુ સમસ્ત ગુજરાતી વિદ્યાર્થીઓને જોઈએ તેવો ઉપયોગી થઈ પડશે. સર્વે ગુજરાતી ભાઇઓ એનો લાભ લે એવું હું ઇચ્છું છું. આવો ગ્રંથ ગુજરાતી ભાષામાં આજ સુધી જોવામાં આવ્યો નથી ને તમોએ સંસ્કૃત ભાષાના વ્યાકરણને સરલ કરવાનો આ જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર અભિનંદનીય છે. એ ગ્રંથમાં કૃદંત તથા તદ્ધિતના વિષયો જે મુકી દીધેલા જણાય છે તે બીજી આવૃત્તિમાં ઉમેરવા તથા શુદ્ધિપત્રક ટૂંકુ થાય તેમ કરવા ભલામણ કરૂં છું. સંવત. ૧૯૬૭ ના પોષ વદ ૩

૨૦-૧-૧૧

श्रीनिवासाचार्य कट्टी<br>
शास्त्री, एल्फिन्स्टन् कॉलेज.

# વિદ્યાધિકારી, પ્રિન્સિપાલ, પ્રોફેસર, ઇન્સ્પેકટરો, હેડમાસ્તરો વગેરેના મતો.

### રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા (વડોદરા રાજ્યના માજી વિદ્યાધિકારી તથા લુણાવાડાના દિવાન) નો મત.

MR. THAKORDAS J. PANJI has rendered a great service to the Gujarati public by preparing, probably for the first time, a Sanskrit Grammar, in the local vernacular. The methodical treatment and arrangement of subjects and the intelligible language used throughout will make the book attractive and useful to learners. Those, who have no time and means to study Sanskrit in a Pathshala or with a guru after the old fashion, will be able to acquire a fair knowledge of Sanskrit with the help of Mr. Panji's "Bhasha Pradeep." When the experiment of teaching Sanskrit as a second language in the higher standards of Gujarati Schools is tried or when vernacular High Schools are opened, the Pradeep will play an important part as a text-book for the study of Sanskrit. The book deserves encouragement not only from the public at large but also from the Educational Department.

LUNAWADA, *28th October 1910.* HARGOVIND D. K.

---

### રા. રા. ગણપતરામ અનુપરામ ત્રવાડી (રાજકોટની કાઠીઆવાડ મેલ ટ્રેનીંગ કોલેજના માજી પ્રિન્સિપાલ) નો મત.

SURAT, *17th November 1910,*
Thursday morning.

MY DEAR MR. THAKORDAS J. PANJI.

I have to acknowledge with thanks your elaborate work, to which you have, I believe, justly given the name of "Sanskrit Bháshá Pradeep," and a copy of which I received with your letter of 10th September last.

At the outset, I must confess, I felt somewhat annoyed at your arrangement, and was tempted to agree with the Gujarati and other papers, who found fault with it and called it unwieldy and confusing,

but I tried to understand it and after giving time and patience to it, I found, **it was the best that could be made.**

We all know that there is no royal road to learning, and one, who desires to be a real student must be prepared to sacrifice his time and ease to master the subject he chooses to take up. Dr. Johnson advises his readers to give their days and nights to Addison, if they would care to be masters of the English language. Can any sane man, then, expect to master a Grammar, which is admittedly the most perfect in the world, and which has no rival in any language, ancient or modern, without making extraordinary efforts to study it?

You have attempted a task for which you can be justly proud, as it is the first of its kind in the Gujarati language. **I earnestly entreat all in authority to give it a fair trial in our Training Colleges and call upon all managers of Primary and Secondary Schools to introduce the book as a help and guide to the study of Sanskrit,** as suggested by your goodself in the **भूमिका** so patriotically.

I venture respectfully but emphatically to endorse the favourable opinion given by the Vyakaran-Acharya Shastri Jivram Lallubhai on your work, which, though a labour of love to you, **must have cost you immense pains and made an uncommon demand upon your time and purse.**

Hoping you full enjoyment of **आत्मसंतोष** for having done your duty towards the Aryan children of **भारतवर्ष.**

Yurs truly,

GANPATRAM ANUPRAM TRAWADI,

*Retired Principal, Kathiawad Mail Training College*

*Rajkot.*

**રા. રા. જેકિસનદાસ જેઠાભાઈ કણીયા, બી. એ.** (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી ડયુક ઓફ એડિનબર્ગની ફેલોશિપ તથા ધી ધિરજલાલ મથુરાદાસની સ્કૅાલરશિપનું માન પામેલા, **પાતંજલ યોગ દર્શનનું ભાષાંતર કર્ત્તા તથા ભાવનગરની ધી સામળદાસ કોલેજના સંસ્કૃત પ્રોફેસર**) નો મત.

**વિદ્વદ્વર્ય. રા. રા. ઠાકોરદાસ જમનાદાસ.**

આપનો "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથ જોતાં સંતોષ ઉપજે છે. સંસ્કૃત ભાષામાંજ આપણા સર્વે શાસ્ત્રો લખાયેલાં છે. ગુજરાતી ભાષામાં સંસ્કૃત શબ્દોનો પ્રચાર સ્થલે સ્થલે કરવામાં આવે છે, નવીન વિચારને અનુરૂપ શબ્દો સંસ્કૃતમાંથીજ લેવા અનિવાર્ય થઈ રહે છે, તેમજ ગુજરાતી માત્ર જાણુનારને સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન સરલતાથી થઇ શકે એવો ગુજરાતી ભાષામાં ગ્રંથ આજ સુધી વિરલ થયો છે,—આવા સંયોગોમાં આપનો એ પ્રદીપ

ગુજરાતી જાણનાર પ્રજા વર્ગને અભિનંદનીય થઇ પડે તેમાં આશ્ચર્ય નથી. **ગ્રંથની રચના સરલતા, વિષય આદિને ઉચિત રૂપ આપવા આપનો પ્રયત્ન પ્રશસ્ય છે, અને આશા છે કે શાલાઓ, લાઇબ્રેરીઓ વિગેરે આપના પ્રદીપને સંગ્રહના ઉચિત ધારશે** તથા પ્રજા વર્ગ એ પ્રદીપની પ્રભાવડે પોતાના સંસ્કૃત વિષયક અજ્ઞાનતિમિરને દૂર કરી આપના પ્રયત્નને અનુમોદન આપશે.

ભાવનગર<br>
તા. ૧૮-૯-૧૯૧૦

લિ. સેવક<br>
**જે. જે. કણીઆ**<br>
સંસ્કૃત પ્રોફેસર, સામળદાસ કૉલેજ.

---

**રા. રા. જમીઅતરામ ગૌરિશંકર શાસ્ત્રી, બી. એ.** (સંસ્કૃત સાથે પાસ થયેલા તથા સુરત જીલ્લાના ડેપ્યુટિ **એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર**) નો મત.

SURAT *14th September 1910*.

DEAR SIR,

I have read your new work called "Sanskrit Bhasha Pradeep" which seems to me to supply a long-felt want in Gujarati. The book is admirably adapted for the use of all those that wish to learn Sanskrit Grammar and composition without much expenditure of time and trouble. **In its matter, method, arrangement and treat-ment, your book compares very favourably with English works on the same subject, and I have no doubt that it will be found very useful to students of Sanskrit in Schools and Colleges**, not to speak of those that want to learn Sanskrit privately. You certainly deserve to be congratulated upon this compilation which is calculated to greatly facilitate the study of Sanskrit through the medium of our own mother tongue, and the preparation of which must have cost you no little expense and trouble.

Yours Sincerely,<br>
J. G. SHASTRI<br>
*Deputy Edu. Inspector, Surat.*

---

**રા. રા. ગોકલદાસ મથુરાદાસ શાહ, બી. એ. એલ. એલ. બી.** (**ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા** તથા વડોદરા રાજ્યના **મદદનીશ વિદ્યાધિકારી**) નો મત.

RAOPURA, BARODA, *8th January* 1911.

DEAR SIR,

I write this letter to you with profuse apologies for inordinate delay. I have carefully gone through your book. Though not a scholar of Sanskrit, at least **as a teacher of the Subject in**

**English Schools, I can confidently say that your book** has been prepared with considerable labour and it **will facilitate the study of this neglected language to a great extent.** The arrangement is very intelligent, and one can very easily see your erudition, if he keeps your book all along with him while teaching. I may, however, frankly tell you that few people will come forward to patronise it, in as much as our countrymen have chosen to teach Saunkrit through English. You will find very few readers in the Gujarati people, because they all use Dr. Bhandarkar's books or Mr. Gole's guides. Sanskrit is not taught in primary schools and therefore your work will, it is feared, not be able to command a large sale. Personally I have been most impressed with it.

Thanking you for your work and wishing you every success in your original undertaking.

I beg to remain, Sir,
Your Obedient Servant,
GOKULDAS M. SHAH.
Assistant to the Vidyadhikari, Baroda State.

---

**રા. રા. હિરાલાલ બ્રિજભુખણદાસ શ્રૉફ. બી. એ. ( ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા તથા વડોદરાની હાઈ સ્કૂલના હેડ માસ્તર ) નો મત.**

**ભાઈ શ્રી ઠાકોરદાસજી,**

આપના તરફથી "સંસ્કૃત ભાષા પ્રદીપ" આવ્યું તેને માટે આભારી છું. હું એ પુસ્તક ઉતરોત્તર વધતા જતા ઉત્સાહથી સાદ્યંત બારીકાઈથી જોઇ ગયો છું. આ દિશામાં અત્યાર સુધીમાં જેટલા જેટલા પ્રયાસો થયા છે તે સર્વેમાં આપનો પ્રયાસ અતિ ઉત્કૃષ્ટ છે એમ મારે કહેવુંજ જોઇએ. **ભૂમિકામાં દર્શાવેલ માર્ગે જો કોઈ વિદ્યાર્થી આ પુસ્તકનો અભ્યાસ કરે તો હું પણ ખાત્રીથી કહું છું કે માત્ર બે વર્ષમાંજ સંસ્કૃત વ્યાકરણનો સારો જ્ઞાતા નિવડે** અને કાવ્ય નાટક અલંકારાદિ ગ્રંથો ઉપરાંત શાસ્રીય ગ્રંથોમાં પ્રવેશ કરવાને અધિકારી થાય. રામાયણ અને મહાભારત જે આપણા ભારતવર્ષના બે અતિ પ્રાસાદિક અને ઉપયુકત ગ્રંથો છે, જેના અધ્યયન વિના કોઇ પણ હિંદુભાઇ પોતાને હિંદુ કહી શકે નહિ, તેમાં તો આ પુસ્તકનો અર્ધો એક ભાગ પૂર્ણ થયે પ્રવેશ થઈ શકે એમ છે. એંકદર આપનો પ્રયાસ અતિસ્તુત્ય છે અને અંગ્રેજી નહી જાણનાર સંસ્કૃત ભાષા વાઙ્મયાદિના જીજ્ઞાસુને તો એક આશીર્વાદરૂપ છે. **પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણોમાં, અંગ્રેજી હાઈસ્કૂલોના વર્ગોમાં, કૉલેજોમાં, ને છેવટે સંસ્કૃત પાઠશાલાઓમાં માર્ગોપદેશિકા આદિ અતિ અનુપયુકત અને દુર્ઘટ પુસ્તકોને બદલે જો આ પુસ્તક ચલાવવામાં આવે તો લાભ થાય વિના ભાગ્યે રહે.** આવું એક ઉત્તમ પુસ્તક આટલા બધા પ્રયાસે રચીને આપે ગુજરાતી વાંચક વર્ગ ઉપર ખરેખર એક મોટો સંગીન ઉપકાર કર્યો છે. આપની ઉત્કૃષ્ટ કૃતિને હું અંતઃકરણ

પૂર્વક સંપૂર્ણ વિજય ઈચ્છું છું અને અહીંની પાઠશાળાઓમાં, મારી હાઇસ્કૂલમાં, અને અન્ય યોગ્ય સ્થલે એનો જેમ બને તેમ છૂટથી ઉપયોગ કરવા કરાવવા હું મારાથી બનતું કરીશ. એજ

વડોદરા
તા. ૨૫-૯-૧૯૧૦

લિ. આપનો
હિરાલાલ શ્રોફ

---

**રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયેલા તથા અમદાવાદની હાઈસ્કૂલના હેડ માસ્તર) નો મત.**

અમદાવાદ તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૧૦

રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજીના 'સંસ્કૃત ભાષા પ્રદીપ' ને ઈંગ્રેજીથી અજાણ્યા સંસ્કૃતના જિજ્ઞાસુ ગુજરાતીભાઈઓ આશા છે કે સારો આવકાર આપશે. આપણી ભાષામાં વિસ્તારવાળુ સંસ્કૃત વ્યાકરણ આ પહેલુંજ છે. એને અનેક પ્રકારે ઉપયોગી બનાવવાને કર્તાએ બહુ શ્રમ લીધો જણાય છે. સંસ્કૃત ભાષાના બંધારણનું સંતોષકારક જ્ઞાન મેળવવ માટે આવા વ્યાકરણના અભ્યાસની બહુ જરૂર છે.

કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

---

**રા. રા. મગનલાલ ગણપતરામ શાસ્ત્રી, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયલા તથા મુંબઈની ધી એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલના મુખ્ય સંસ્કૃત શિક્ષક) નો મત.**

MY DEAR MR. PANJI,

I am very grateful to you for the "Sanskrit Bhasha Pradeepa" you so kindly sent me. From what I have read of it, I cannot but congratulate you on your so excellent a production. I sincerely believe that the book is bound to make its way among those for whom it is intended. Now that instructions through vernacular are being contemplated to be imparted by the Bombay Government, **the students reading for Matriculation and S. F. Examinations will make use of your book with advantage.**

BOMBAY, 15*th January* 1911.

I remain, Yours truly,
M. J. SHASTRI.

---

**રા. રા. શ્રીકૃષ્ણ નીલકંઠ ચાંપેકર, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા તથા મુંબઈની શેઠ ગોકળદાસ તેજપાળની હાઇસ્કૂલના મુખ્ય સંસ્કૃત શિક્ષક) નો મત.**

DEAR SIR,

I have gone through your "Sanskrit Bhasha Pradeepa." You intend it to serve as a handy manual to the study of Sanskrit for purely Gujarati-knowing persons, and looking to the great pains and labour that you seem to have bestowed upon the book in making its extent concise and compact, without sacrificing the

comprehensiveness and lucidity of its matter and manner, I think you have considerably succeeded in accomplishing your purpose. The introduction is short but sweet, giving in a narrow compass all the important and interesting information concerning the history of Sanskrit Grammar. **The book proper, too, embraces almost all the important departments of Sanskrit Grammar and the chapters, too, seem to be arranged in well graduated order and logical sequence.** Appendix No. 3—the Vocabulary of roots will be found particularly helpful and interesting to the student as well as the general reader.

A more general adoption, than is, at present, the case, of the vernaculars as a medium for imparting the knowledge of Sanskrit will, in my opinion greatly conduce to remove the apathy and aversion to a methodic, intelligent and advanced study of Sanskrit, which unfortunately is so prevalent amongst us, and will also act as a good stimulant in creating in the minds of students, a healthy taste and tendency for the study of Sanskrit lore and learning—the richest, noblest and invaluable heritage, that we possess, and of which, we should be justly proud. Your book, therefore, is in my opinion, particularly welcome as an attempt in this direction, and deserves commendation and good wishes for its success, at the hands of all true and ardent devotees of Sanskrit Language and Literature. **The book deserves to be patronized by libraries and other public literary and educational institutions, and may also be profitably awarded as a prize or Present book to students, studying in the higher standards of High Schools.** I heartily wish every success to your book.

Yours truly,

S. N. CHAPEKAR, M. A.

---

**રા. રા. ભૂપતરાય જમીયતરામ શાસ્ત્રી, એમ. એ.** (ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયેલા મુંબઇની ધી એલફિન્સ્ટન કૉલેજની સંસ્કૃત ફેલોશિપનું માન પામેલા તથા સદરહુ કૉલેજના લાઇબ્રેરીઅન અને કૉલેજ હોસ્ટેલના સુપરિન્ટેન્ડન્ટ) નો મત.

એલફિન્સ્ટન કૉલેજ હૉસ્ટેલ,
મુંબઇ તા. ૧૨ આગસ્ટ ૧૯૧૦

**રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી**

મુંબઇ.

તમારો તા. ૧લી ઑગસ્ટનો પત્ર તથા તેની સાથે મોકલેલો "સંસ્કૃત ભાષા પ્રદીપ"

નામનો ગ્રંથ મળ્યો છે. તમારો આ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં એ જાતનું પ્રથમ પુસ્તક છે. સાધારણ કેળવણીવાળા વિદ્યાર્થીને સંસ્કૃત ભાષાનું જ્ઞાન થોડા વખતમાં સારી રીતે આપવાનો જે સ્તુત્ય યત્ન તમે ઘણી મહેનતથી આ ગ્રંથમાં કર્યો છે તે ઘણે અંશે પાર પડયો છે એમ કહેવું અતિશયોક્તિયુકત નથી. **વ્યાકરણના નિયમોના સારો સંગ્રહ કરી તેમને સહેલાઈથી સમજી શકાય એવી રીતે ગોઠવવામાં આવ્યા છે.** અન્ય પુસ્તકોમાં યથેષ્ટ નહિ દર્શાવેલું એવું વ્યાકયરચનાનું પ્રકરણ આ પુસ્તકનો અતિ ઉપયોગી ભાગ છે.

જ્ઞાતિએ વણિક અને ધંધે વેપારી હોઈ આવો સારો સંસ્કૃતનો અભ્યાસ કરી તેનો લાભ જન સમૂહને તમોએ આપ્યો છે, તે માટે તમને ધન્યવાદ ઘટે છે.

કદાચ **यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जनः** એ મહાન કવિ **ભવભૂતિના** ન્યાયાનુસાર ટીકાકારો પુસ્તકમાંથી ભૂલો કાઢશે પરંતુ તમારી મહેનતનું ફળ આ પુસ્તક તેના ઉપભોગીઓના હાથમાં જશે ત્યારે માલમ પડશે.

**સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરનારને તથા મૅટ્રીકયુલેશન અને બીજી યુનિવર્સિટિની પરીક્ષાઓ માટે સંસ્કૃતનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને આ પુસ્તક ઉપયોગી થશે એમ મારૂં માનવું છે.**

લિ. શુભેચ્છક.
**ભૂપતરાય. જ. ગૌ. શાસ્ત્રી.**

---

**રા. રા. માવજી કાનજી મહેતા બી. એ.** (સંસ્કૃત સાથે પાસ થયેલા, **ધી** રાવ સર પ્રાગમલજી સ્કોલરશિપનું માન પામેલા, તથા ભુજની **ધી** ઍલ્ફ્રેડ હાઈ સ્કૂલના ઍક્ટિંગ હેડ **માસ્તર**) નો મત.

I have seen an advance copy of "Sanskrit Bhasha Pradeep"—a work on Sanskrit Grammar in Gujarati composed by Mr. Thakordas Jamnadas Panji. It is, to my knowledge, the first attempt to deal systematically and exhaustively with Sanskrit grammar in the Gujarati language, and as such deserves all praise and encouragement.

**Various rules of Panini are very lucidly explained by the author, and great pains have been taken to treat the subject in an exhaustive and critical way** I make no doubt it will be quite welcome to College-students and those who wish to add to their elementary knowledge of Sanskrit by private study. So far, **the book leaves nothing to be desired** and will give satisfaction even to the most fastidious Vyakaran Acharya. It would have been much better if however for the benefit of the beginners, the subject of conjugation of verbs had been divided into convenient parts, and more profusely illustrated. The subject of ten Prakriyas and Lakar forms is so complicated that it could not well

be mastered by students without Copious examples. On the whole however, the book is an carnest attempt to popularize the study of Sanskit and is bound to be valuable to those who are desirous of studying Sanskrit privately in their own vernacular.

ALFRED HIGH SCHOOL — MAOJI. K. METHA.
*Bombay, 8th December 1910.* — Ag. Head Master,

---

**રા. રા. આત્મારામ રાધાકૃષ્ણ ( વડોદરા રાજ્યની અત્યંજ સ્કૂલોના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ) નો મત.**

BARODA *11th September 1910.*

DEAR SIR,

Your "**Sanskrit Bhasha Pradip**", which you so kindly sent. **is really a master-piece in Gujarati** and a great help for the Gujarati–knowing students to master the Sanskrit grammar. **You have done full justice to the subject in its various aspects** and, I trust, that this unique book will meet with a large circulation among the Sanskrit students and scholars of Gujarat. Two great Sanskrit scholars, I mean, Mahatmas Shri Swamis Vishvesharanand Sarswaty and Nityanand Saraswaty aslo hold very high opinion about your book. I congralutate you on your successful attempt in the great cause of popularizing the Sanskrit grammar in this part of India.

Yours Sincerely,
ATMARAM RADHAKRISHNA,
*Educational Inspector, Antyaj Schools,*
*Baroda State.*

# બીજા નામાંકિત વિદ્વાનો, ગ્રેજ્યુએટો વગેરેના મતો.

**ધી ઑનરેબલ રાજા પંડિત માધવલાલ મુંશી, સી. આઈ. ઈ. (બનારસવાળા) નો મત.**

BALAPUR, DIST. BENARES, 12*th December 1910*.

To

THAKORDAS J. PANJI ESQR.,

BOMBAY.

DEAR Sir,

I thank you for the copy of your Gujarati "Sanskrit Bhasha Pradeep."

I am rather late in sending you my impressions of the book, as I had not the leisure just sufficient for the careful perusal it required.

**Really you have taken much care in the exhaustive treatment of the various declensions and making the course of the student easy over them.** It is the first work in Gnjarati which I have come accross and can say without hesitation that the Gujarati student shall much profit by a careful study of the same through his own vernacular.

Wishing you further success in such undertakings.

Yours truly.
MADHOLAL

---

**રા. રા. નરસિંગરાવ ભોળાનાથ દ્વિવેટીઆ, બી. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા** સંસ્કૃતમાં નીપુણતા માટે ધી ભાઉ દાજી, ધી વિનાયકરાવ જગન્નાથજી શંકર શેઠ, તથા ધી સિંકલેર પ્રાઈઝોથી માન પામેલા તથા રત્નાગિરિના ઍસિસ્ટંટ કલેકટર )નો મત.

RATNAGIRI DISTRICT, 15*th December* 1910.

TO THAKORDAS JAMNADAS ESQ.,
118 Dadyseth Agiary Street,
Kalbadevi post, Bombay.

MY DEAR SIR,

I am really very sorry that I can not find time to study your book so as to enable me with confindence to give an authoritative opinion on it. The subject and range covered by the book make it difficult for me to venture in an unequal task. However I can safely state

from what I have been able to see of it that **the work is a very useful one as a book of reference, and the arrangement well throughout.**

With apologies,

Yours faithfully,
N. B. DIVATIA.

---

**રા. રા. છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.** (સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી કોબ્ડન કલબ મેડલનું ને ધી જેમ્સ ટેલરના પ્રાઇઝનું માન પામેલા, **કાદંબરીનું ભાષાંતર કર્તા, તથા જુનાગઢના દીવાનની ઑફીસના સુપરિન્ટેન્ડેન્ટ** ) નો મત.

આપણા ત્યાંની હાઈ સ્કૂલોમાં શિખવાતા વિષયોનુ જ્ઞાન બની શકયા પ્રમાણે દેશભાષા દ્વારાજ આપવામાં આવે તો અભ્યાસની સરલતાની સાથે જેતે વિષયને લગતી માહેતી વધારે સારીરીતે મળી શકે, અને પાયો મજબુત થવાથી તે ઉપરની ઇમારત પણ કાળે કરીને ચિરસ્થાયી થાય એ વાત તો નિઃસંદેહ છે; અને હાલમાં ઘણા વિદ્વાનોનો તેવો મત પણ બંધાયો છે. તેમાં વળી આપણી માતૃભાષાનું જ્ઞાન તો રાજભાષા દ્વારા ન અપાતાં આપણામાં ચાલતી ભાષામાંજ અપાય એ વાસ્તવિક અને ઇચ્છિવા યોગ્ય છે. પરંતુ આજસુધી તે માટે જોઇએ તેવા સાધનોને અભાવે તે યથેચ્છ બની શકતું ન હતું. પ્રોફેસર ભણ્ડાકરની માર્ગોપદેશિકાનું ગુજરાતી ભાષાંતર થએલું છે ને તેનો ઉપયોગ અભ્યાસના પ્રારંભમાં થાય છે પરંતુ તે થઇ રહ્યા પછી વિદ્યાર્થીઓને પોતાનુ જ્ઞાન વધારવા માટે કોઇપણ પુસ્તક વિશદ બોધ આપે એવું આપણી ભાષામાં મળી શકતું ન હતું. **આ ખોટ રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજીએ મહાશ્રમે પુરી પાડી છે તે જોઈને સર્વે વિદ્યાર્થીઓને આનંદ થયા વિના રહેશે નહીં. તેમનો "સંસ્કૃત ભાષા પ્રદીપ" ઘણો પ્રકાશક છે અને જે પદ્ધતિએ તે રચવામાં આવ્યો છે તે નાના મોટા સર્વેને અનુકૂલ થાય એવો છે. સંસ્કૃત વ્યાકરણનો વિષય ગહન છે અને તે બાળકોને પણ રૂચિકર થાય એવા રૂપમાં તેમની પાસે મુકવો એ કંઈ સાધારણ મુશ્કેલીનું કામ નથી. અત્યાર સુધીમાં એવો પ્રયત્ન કોઈએ કર્યો નથી એજ એની સાબીતી છે.** મ્હોટા વ્યાકરણ શાસ્ત્રીઓએ તેને માટે પ્રમાણપ્રત્ર આપેલું છે અને અનેક રીતે તે ઉપયોગી થવાને પાત્ર છે, તેથી આશા રહે છે કે જેમને તે હસ્તગત થશે તેઓ જો તેનો મનન પૂર્વક અભ્યાસ કરશે તો આપણી દેવભાષાનું જ્ઞાન સેહેલાઈથી અને પરિપૂર્ણ મેળવવાને સમર્થ થશે.

જુનાગઢ
ભાદ્રપદ વદિ ૧૦ સં ૧૯૬૬ }

**છગનલાલ હરિલાલ પંડયા.**

---

**રા. રા. મોરારજી આણંદજી ટન્ના, બી. એ. એલ. એલ. બી.** ( સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી ધીરજલાલ મથુરાદાસ સ્કોલરશિપનું માન પામેલા તથા **ભાવનગરના નાયબ દીવાન**) નો મત.

DIWAN OFFICE, BHOWNAGAR,
18*th September* 1910.

DEAR SIR,

I have to thank you for sending me an advance copy of your

"Sanskrit Bhasha Pradeep." I have gone cursorily over it, and am very glad to find that **in the said work, all the various parts of grammar are treated in their proper order, that the various processes through which words have to pass are clearly explained and that rules relating to them are framed on the basis of Panini in a concise yet exhaustive manner and given in a systematic order.** I believe, every possible care has been taken in the preparation of the work and **I am sure it will be usful not only to Gujarati students of the Sanskrit language, but also to School and College students.** It reflects very hard labour on your part, and I congratulate you on the production.

Yours truly,
M. A. TANNA.

---

**રા. બા. નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ. ( ખાસ સંસ્કૃત સાથે થયેલા,** સંસ્કૃતમાં નિપુણતા માટે ધી ભાઉ દાજી તથા ધી સુજ્ઞ ગોકળજી ઝાલાના વેદાંત પ્રાઇઝના માન પામેલા તથા **અમદાવાદની મ્યુનિસિપૅલિટિના ચીફ઼ ઓફીસર )** નો મત.

AHMEDABAD 15*th November* 1910.

THAKORDAS JAMNADAS ESQ.,
BOMBAY.

DEAR SIR,

I beg to apologize for the delay in replying to your letter. The pressure of private and public duties hardly left me sufficient time to enable me to go through your book during the expected period.

I may inform you that soon after the receipt of your book, I had an interview with Prof. Anandshanker Dhruva in which we had some discussion with regard to the merits of your grammar. I presume, he will let you know what he has thought of the book.

I have however perused with great pleasure the pages of your valuable grammar, and **have no hesitation in saying that it is a very useful contribution to our bi-lingual literature. It comprises in a systematic form all the rules in an intelligible language,** and I think, that if students of our Sanskrit Shalas study the book with care and patience, they will be able to penetrate more quickly into the scientific spirit of Sanskrit Grammar than their old method, which, though admirable in its own way, heavily taxes their memory.

To make the study of Sanskrit both easy and scientific is a very difficult task requiring the mental calibre of Scholars like Dr. Bhandarkar, whose method will continue to hold ground for many years to come. **But your system has its own advantage of imparting knowledge of Sanskrit Grammar to an advan. ced Gujarati student through the medium of his mother tongue, the knowledge of whose formation is simultaneously improved.** I think a supplimentary volume containing exercises Illustrative of the main rules of syntax will add to the value of the book.

With best wishes,

I am, Yours truly,
N. D. MEHTA.

---

રા. રા. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી, જે. પી. બી. એ. ( સંસ્કૃત સાથે પાસ થયલા તથા ધી વરજીવનદાસ માધવદાસ સંસ્કૃત સ્કૉલરશિપનુ માન પામેલા ) નો મત.

GIRGAUM, BOMBAY, 17*th January* 1911.

DEAR SIR,

Thanks for a copy of your "સંસ્કૃત ભાષા પ્રદીપ." From parts of it, I have had occasion to read, I think, **it will be helpful in many respects to students, teachers, and scholars of Sanskrit.**

I may add that your attempt is commendable, as I believe that a sound knowdledge of Sanskrit language and literature is necessary for the progress of our Gujarati language and ideas.

Yours truly,
TANASUKHARAM. M. TRIPA THI

---

રા. રા. મોહનલાલ પાર્વતિશંકર દવે, એમ. એ. (ખાસ સંસ્કૃત સાથે પાસ થયેલા, ધી રા. બા. પાર્વતિશંકર નર્મદાશંકર દવે તથા ધી નંદશંકર પાર્વતિશંકર દવેની સ્કૉલરશિપોના માન પામેલા ) નો મત.

SURAT 17*th November* 1910

THAKORDAS JAMNADAS PANJI ESQ.,
BOMBAY.

DEAR SIR,

I am exceedingly obliged to you for the learned work which you have sent me. Please accept my hearty congratulations to you **upon the masterly work which you have produced.**

Sanskrit is well-known to be the venerable mother of the vernacular languages, and it contains excellent works not only of religion and philosophy but of almost all the different branches of learning which interest mankind. Though often called a 'Dead Language,' it is the source of vitality and energy to our people, and any work which purports to facilitate the study of that difficult language deserves encouragement and support from the public as well as from the educational authorities.

**Your work is, I believe, the first of its kind; and it supplies a long felt want in our literature. The necessity of importing instructiou through the Vernaculars is now widely recognized, and your work will go far towards meeting that neccssity.**

I am not quite sure if boys and girls of a very tender age will profit by the learned work which you have produced. Perhaps, the work is too difficult for them. I presume to think that a single treatise can not possibly meet the varying requirements of persons differing in age and calibre. That, however, does not in any way mitigate the importance of your work.

Thanking you once more.

I remain, yours truly,
MOHANLAL PARWATISHANKER DAVE.

---

રા. રા. પ્રોફેસર ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જર—એમ. એ. બી. એસ. સી. એફ. સી એસ. (સંસ્કૃત સાથે બી. એ. થયેલા, મુંબઈની યુનિવર્સિટિના ઑર્ડિનરિ ફેલો, કેળવણી ખાતાની બુક કમિટિના મેમ્બર તથા ટેકનો મેડિકલ લેબોરેટરીના ડિરેકટર) નો મત.

Techno-Chemical Laboratory,
near Girgaum Tram Terminus,
BOMBAY 1*st December* 1910.

THAKORDAS JAMNADAS ESQ.,
118, Dadyseth Agiary Street, Bombay.

DEAR SIR,

Owing to my indifferent health for the last four months, I could not expedite my opinion upon "સંસ્કૃત ભાષા પ્રદીપ" forwarded to me by you for opinion.

I now state my opinion on the same as follows :—

**The book સંસ્કૃત ભાષા પ્રદીપ seems to be well arranged**

**and gives sufficient information for beginners.** It is however doubtful whether the system adopted can be a very helpful one for mere beginners. It is no doubt in conformation with systems adopted in Sanskrit grammars useful for those who already have some knowledge of the language. For mere beginners, who are total strangers to the language this system will only seem tiresome and lengthy. However this being almost the first attempt of the sort, **the book deserves every encouragement** at the hands of those taking interest in the study of and promulgation of the knowledge of Sanskrit language and literature.

Yours faithfully,
T. K. GAJJAR.

---

**રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી–એમ. એ. એલ. એલ. બી.** ( ધી ભાવનગર પર્સિવલ સ્કૉલરશિપનું અને યુનિવર્સિટિના પરિક્ષકનું માન પામેલા, કેળવણી ખાતાની બુક-કમિટિના મેમ્બર તથા મુંબઈની સ્મોલ કોઝીઝ કોર્ટના ત્રિજા જડજ ) નો મત

મુંબઇ તા. ૩૦–સપટેમ્બર ૧૯૧૦

સ્નેહી ભાઇ ઠાકોરદાસ,

"સંસ્કૃત ભાષા પ્રદીપ" શિર્ષક તમારો ગ્રંથ મળ્યો. **એ ગ્રંથ લખી ગુજરાતી ભાષાની તમે એક મ્હોટી ખોટ પૂરી પાડી છે** એટલુંજ નહીં પણ એ ગ્રંથની ભૂમિકામાં વર્ણવેલા તમારા અનુભવથી તમે સાબીત કરી આપ્યું છે કે **ગુજરાતી બાલકોને જો ઘણી કુમળી વયથી સંસ્કૃત શિખવવાનું શરૂ કરવામાં આવે તો તેઓ કાંઈ પણ મુશ્કેલી વગર એ ભાષા બહુ સારી રીતે શિખી શકે.** ચિ૦ સુલોચના તથા સદ્‌ગત ભાઇ છગનલાલને તમે હંમેશ સવાર સાંજ સંસ્કૃતના પાઠ આપતા હતા તે જોઇ મને એમ લાગતું હતું કે એ સ્તુત્ય કાર્ય એ છોકરાઓની ઘણી કાચી વયે તમે શરૂ કર્યું છે, પરંતુ પરિણામે તમારો તર્ક ખરો ઠર્યો લાગે છે. સંસ્કૃત ભાષા પ્રત્યે તમારા અગાઢ પ્રેમની આ ગ્રંથ એક નિશાની છે, અને મને આશા છે કે **કેલવણીના કામમાં એ ગ્રંથ ખરેખર સહાયરૂપ થઈ પડશે.**

**લિ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીની સલામ.**

---

**રા. રા. વિશ્વનાથ પરશુરામ વૈદ્ય–બી. એ. બૅરિસ્ટર એટ. લો.** ( **ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયેલા** ) નો મત

121 Meadow Street, Fort,
BOMBAY *20th September* 1910.

MY DEAR MR. PANJI,

I thank you very much for the copy of your संस्कृत भाषा प्रदीप I have gone through a greater portion of it and can say that **you have devoted much labour, time and energy in simplifying the rules of Panini's Grammar. You work will**

be useful to those students of Sanskrit Grammar who have well mastered the elements of Grammar in Gujarati. Your attempt at explaining the rules of some of the verbs which show the most irregularity in formation of tense forms and verbal derivatives is worth examination at the hands of persons whose business it is to teach Sanskrit Grammar. Your Grammar has one more advantage of being considerably shorter than many Sanskrit Grammars now in use.

I wish you success in your work and remain,

Yours faithfully,
VISHVANATH P. VAIDYA.

---

### રા. રા. નગીનદાસ ત્રિભુનદાસ માસ્તર, બી. એ. એલ. એલ બી. તથા સોલીસીટર ( ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા ) નો મત.

Malharrao Wadi, Dadyseth Agiary Street,
BOMBAY 11*th January* 1911.

THAKORDAS JAMNADAS PANJI ESQR.,
BOMBAY.

DEAR SIR,

I have the pleasure to acknowledge with thanks the receipt of an advance copy of your "Sanskrit Bhasha Pradeep." I believe it to be the first grammar of Sanskrit in the Gujarati Language and of primary importance in the same. It seems to be the outcome of long deep and careful study and patient work deserving of good recognition.

The methodical treatment and simplification of the intricate Sutras of Panini and the Bhashya thereon, adopted in the work, will, no doubt, make the "Pradeep" very useful to all the Gujarati-knowing public desirous of studying the Sanskrit language and to pupils in Schools, Colleges, or Pathshalas. With the help of the "Pradeep," they will be able to acquire sufficient mastery over the language in a short time.

I cannot help observing that this work would have been more universally appreciated if it were compiled in widely spoken languages like the Hindi or the English, though the

neceessity for it in the Gujarati language will not for that reason be any the less.

The work ought to prove, in my opinion **a useful prize book and indispensable for libraries** Your attempt is really praise worthy and I wish the book every success.

Your truly,
NAGINDAS TRIBHOVANDAS MASTER

---

**રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી. બી. એ. એલ. એલ. બી. ( ખાસ સંસ્કૃત સાથે બી. એ. થયલા ) નો મત.**

ખેતવાડી, મોરારજી ગોકળદાસની ચાલ
મુંબઇ તા. ૧૭-૧-૧૧

**રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી,**
મુ. મુંબઇ.

આપે આપનો 'સંસ્કૃત ભાષા પ્રદીપ' એ નામનો ગ્રંથ મારા ઉપર અભિપ્રાય માટે મોકલ્યો તેની પ્હોંચ ઉપકાર સાથે સ્વીકારૂં છું.

સંસ્કૃત ભાષા અને તે ભાષામાં રહેલા અનુપમ સાહિત્ય ભંડારનો આપણા જનસમાજને વધારે અને વધારે ગાઢ પરિચય થાય એ ઘણુંજ ઇષ્ટ છે અને તે સિદ્ધ કરવામાં સહાયભૂત થવા આપે આદરેલો પ્રયત્ન અભિનન્દનીય છે.

**આપના ગ્રંથથી વિદ્યાર્થીઓને તેમજ ઉમરે પ્હોંચેલા સ્ત્રીપુરૂષોને સંસ્કૃત ભાષામાં પ્રવેશ પ્રાપ્ત કરવાનું સરલ થવાનો સંભવ છે,** જો કે મારૂં એવું માનવું છે કે એ ભાષા કઠિન ભાષાઓમાંની એક છે, અને એ કઠિન અને શ્રમસાધ્ય છે એવી બુદ્ધિથી આરંભ કરવામાં આવે તોજ એ ભાષાનો પરિચય કરવામાં સિદ્ધિ મળે તેવું છે.

આપનો પ્રયત્ન સફળ થાય અને આપણો જનસમાજ તેનો યોગ્ય લાભ લે એવી મારી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના છે. એજ વિનંતિ.

લિ. સેવક
**ઉત્તમલાલ. કે. ત્રિવેદીના યથાયોગ્ય.**

---

રા. રા. રમણભાઈ મહિપતરામ રૂપરામ નીલકંઠ. બી. એ. એલ. એલ. બી. ( સંસ્કૃત સાથે બી. એ. થયેલા ) નો મત.

AHMEDABAD *23rd September* 1910.

THAKORDAS JAMNADAS PANJI ESQ.,
BOMBAY.

DEAR SIR,

I am greatly thankful to you for sending me an advance-copy of your work "Sanskrit Bhasha Pradeep." **It is a very valuable work and will supply the long-felt want of a sysematic Grammar of Sanskrit in the Gujarati language.** A wider

study of Sanskrit than is made at present is essential for the cultivation of the Gujarati language as also for general mental culture. **A work like yours will bring Sanskrit Grammar within the reach of those who do not know English and will also be helpful to those who are able to study Sanskrit Grammar through works in English.** A knowledge of Sanskrit Grammer is also very necessary for the proper study of Gujarati Grammer. **Your compilation is therefore a welcome acqisition to the Gujarati literature.**

Your truly,
RAMANBHAI MAHIPATRAM NILKANTH.

---

રા. રા. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી. એમ. એ. એલ. એલ. બી. ( સંસ્કૃત સાથે પાસ થયેલા તથા રા. બા. પાર્વતિશંકર નર્મદાશંકર દવેની સ્કૉલરશિપનું માન પામેલા ) નો મત.

I have seen the "Sanskrit Bhasha Pradeep" by Mr. Thakordas Jamnadas Panji, and it gives me pleasure to state that it is a useful book. A good Grammar in Gujarati would at present be an oasis in a desert, and would be of much use in composition. I believe this book will be valuable to those who love purity of style. **It is a noble and scholarly acquisition to the Gujarati literature, and students of Sanskrit might refer to it with advantage. The book will serve as a good library and prize book. The author has spared no pains to make the book valuable.**

Coronation Building,<br>Bombay 7-2-1911 A. K. TRIVEDI M. A. L. L. B.

---

રા. રા. માણેકલાલ ચુનીલાલ શ્રૉફ, બી. એ. ( સંસ્કૃત સાથે પાસ થયલા ) નો મત.

Thakordas Jamnadas Panji Esq.,
Bombay.

Dear Sir,

I am in due receipt of your letter of the 5th last along with your Book "**Sanskrit Bhasha Pradeep.**" This is indeed an invaluable book in our Gujarati Literature, **being the first of its**

kind, and just the one necessary for the diffusion of the knowledge of our Sacred Language.

Your "Pradeep" seems to be the result of long and patient labour, and deep and careful insight into the subject. Howsoever much is spoken for the present system of teaching Sanskrit and of the text books used therein, in our schools, it cannot be said that the result is satisfactory, as we do see that a number of students in schools and colleges prefer any other language to Sanskrit for their second language. Moreover, we have only 11 out of about 88 Gujaratees who passed the M. A. Examination during the last 45 years with Sanskrit as their selected subject. A few among us have studied or do study Sanskrit with true interest and benefit to themselves and those around. Even our Shastrees cannot deny that, though their system is admirable, it is unsuited to the present times. Along their lines also, scarcely any completes his study and gets a certificate from a Guru. This can be seen from the fact that there are a few men who have a complete and thorough knowledge of Sanskrit to correctly and minutely interpret any one or more Shastras.

The Bhasha Pradeep will, I feel, find favour with all the sudents either in Schools, Colleges or Pathshalas. It can be very useful to the student in our vernacular schools also, if Sanskrit teaching is commenced there. The treatment of the subjects is full and systematic and the arrangement, though perhaps difficult for beginners at the first sight, is sure to remove the present apathy towards the study of Sanskrit and suit the students, both young and old, when studied by suitable divisions. In fine, the book is a noble asset and reflects great credit upon you.

I wish our Gujarati people be so careful to get their children to take advantage of this book and study Sanskrit from their early age, when the commencement of the study of Sanskrit is entirely desirable for a sound intellectual life by the direct insight into, and knowledge of, our various and invaluable Shastras.

Yours very truly,

SURAT 7-2-1911 MANEKLAL CHUNILAL SHROFF.

## રા. રા. રણછોડભાઈ ઉદયરામ (લઘુ કૌમુદીનું ભાષાંતર કર્ત્તા તથા કચ્છના માજી દીવાન) નો મત.

### સંસ્કૃત ભાષા પ્રદીપ.

ઉપરના નામનો ગ્રંથ સંસ્કૃત ભાષાના વ્યાકરણ વિષયક છે. કર્ત્તા સાક્ષર ઠાકોરદાસ જમનાદાસ પંજી છે. ગુજરાતી ભાષાની માતા સંસ્કૃત છે, માટે તેનુ જ્ઞાન ગુજરાતિઓને અવશ્યનું છે. સંસ્કૃતનું શિક્ષણ આપવાને સરલ અને વિસ્તાર પૂર્વક રચાયલાં પુસ્તકોની અગત્ય છે. શાલામાં ચાલતાં ભટ્ટ ભંડારકરનાં પુસ્તકો સરલ છે, તે શિખી ગયા પછી પણ **ભાઈ ઠાકોરદાસના ગ્રંન્થનો અભ્યાસ કરશે તેનું જ્ઞાન દ્રઢ થશે.** પોતાના પુત્ર આદિને સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન કરાવવાને, પોતે પાઠ તૈયાર કરતા ગયા, અને તે ઉપરથી શિખવવા લાગ્યા, ને તેમ કરતાં જે સ્થલે સરલતા કે વધારો કરવાની તેમને અગત્ય જણાતી ગઈ તેમ ફેરફાર કરતા ગયા. **આવી પદ્ધતિથી તૈયાર થયેલો ગ્રંથ અભ્યાસીને સરલ થઈ પડતાં, કંટાળો આપે નહીં એવો બને એ સ્વભાવિક છે. આવા એક ઉપયોગી ગ્રંન્થની પ્રસિદ્ધિ કરવામાં ભાઈ ઠાકોરદાસે ગૂજરાતી ભાષાની સારી સેવા બજાવી** છે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધારવાને નાના પ્રકારના સાધન હોયતો જેને જે રૂચતું આવે તે પુસ્તક ઉપરથી પોતાનો અભ્યાસ ચલાવે, માટે તેવા ઉપયોગી સાધનો, જુદી જુદી શૈલી અને પ્રકારના વધતાં જાય એમ અધિક સારૂં છે. વ્યાકરણના નિયમો ગમે તે પ્રકારે અભ્યાસીએ પોતાના મનમાં ઠસાવવા જોઇએ. પાણિનિએ સૂત્રો રચીને અષ્ટાધ્યાયી રચી છે. તેના ઉપરથી પ્રકરણ વાર રચના કરીને તેજ સૂત્રો વિષયવાર ગોઠવી ભટ્ટોજી દીક્ષિતે સિદ્ધાંન્ત કૌમુદી બનાવી છે તે બાર હજાર શ્લોકપૂર છે. ત્યાર પછી મધ્યા કૌમુદી છ હજાર શ્લોક પુર થઇ તેમાંથી પણ અર્ધ સૂત્રો ગાળી કહાડીને લઘુ કૌમુદી ત્રણ હજાર શ્લોકપુર વરદરાજે રચી તેથી સામાન્ય સંસ્કૃત ભાષાના વ્યાકરણનુ જ્ઞાન થાય છે. ગૂજરાતમાં સારસ્વત નામનો વ્યાકરણનો ગ્રંથ શિખવવાનો પણ પરિચય છે. જેઓને સંસ્કૃત સૂત્રો ગોખીને શીખવું હોય તેઓને સારસ્વત કરતાં લઘુ સિદ્ધાન્ત કૌમુદી ઉપરથી પ્રારંભ કરવો વધારે ઉપયોગી છે. બન્ને ઉપરથી જ્ઞાનતો સરખું થાય છે. પણ જેને આગળ અભ્યાસ વધારવો હોય છે તે જો મધ્યા કૌમુદી પછીથી શિખે તો લઘુ કૌમુદીનાં સર્વે સૂત્રોનો તેમાં સમાવેશ હોતાં માત્ર નવા સૂત્રો હોય તેટલાંજ ગોખવાં પડેછે. જેઓ આંક ગોખી ગયા હોય છે તેઓ મ્હોડેથી ઝટ હિસાબ ગણી શકે છે., તેમ વ્યાકરણના નિયમો સૂત્રો ગોખી ગયલાને રમી રહેલાં હોવાથી તેનું જ્ઞાન પાકું રહે છે. આવા કારણને લીધે મેં લઘુ સિદ્ધાંત કૌમુદીનો વિસ્તાર ગૂજરાતી ભાષામાં કર્યો છે. તેનો ઉપયોગ પણ કેટલીક પાઠશાલાઓમાં ઘણે ભાગે થાય છે. તથાપિ ગોખણ પદ્ધતિ હમણા ઘણે ભાગે સરલ ગણાતી નથી તેથી નવી પદ્ધતિ પ્રમાણે રચાયેલાં પુસ્તકોદ્વારાએ શિખનારાઓને વિશેષ રટણ થયા પછી વ્યાકરણના નિયમો મનમાં ઠસી રહે છે. એટલે છેવટેતો સૂત્રો ગોખીને ભણેલા નિયમ પ્રમાણેજ થાય છે. તો એવા સરલ પ્રકારથી રચાયલાં પુસ્તકો પ્રસિદ્ધિમાં આવવાથી જેને જે માર્ગ રૂચે તેને તે માર્ગે પણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવાને બની આવે તો તે લાભદાયક છે. **ભાઇ ઠાકોરદાસે બહુ શ્રમ લઇને પોતાનો ગ્રંથ રચ્યો છે અને તેનો અભ્યાસ કરવાથી સંસ્કૃત ભાષામાં સારો પ્રવેશ થાય એમ** છે. માટે એવા એક ઉપયોગી ગ્રંથનો ગુજરાતી ભાષામાં ભાઈ ઠાકોરદાસે ઉમેરો કર્યો તેથી આપણે તેમનો વારંવાર ઉપકાર માનવો જોઇએ.

મહુવા તા. ૨૭-૧-૧૧ **લિ. રણછોડભાઈ ઉદયરામ.**

રા. રા. ખંડુભાઇ ઇંદરજી દેસાઇ, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયલા, તથા નવાનગર સ્ટેટના વિદ્યાધિકારી) નો મત.

Sanskrit Bhasha Pradeep is a book on Sanskrit Grammar and Syntax written in Gujarati on an entirely new plan. The object of the writer is to facilitate and thus popularize the Study of Sanskrit, so far as this may be consistent with the acquirement of a sound and thorough knowledge of the language. **The Chapter on Syntax is a valuable feature of the book and will prove of great use to students. The vocabulary at the end gives the "Anubandha" of each root. If the roots be learnt along with the "Anubandha," a great deal of trouble would be saved to the student. There can be no doubt that the book gives a fuller and more systematic treatment of the subject than is usual in English books.**

JAMNAGAR,
*18th January 1911.*

K. J. DESAI.
Director of Public Instruction
Nawanagar State.

---

રા. રા. દત્તાત્રય અનંત તેલંગ, બી. એ. (સંસ્કૃત સાથે પાસ થયલા તથા મુંબઈની બાબુ પનાલાલ પ્રેમચંદની જૈન હાઈસ્કૂલના હેડમાસ્તર) નો મત.

BOMBAY 26*th January* 1911

THAKORDAS JAMNADAS PANJI ESQ.,
BOMBAY,

DEAR SIR,

I am much obliged to you for your copy of Sanskrit Bhasha Pradeep, which I received some time ago. But owing to circumstances beyond my control, I regret I could not reply to you earlier. **The book is well planned and would be of great use to advanced students.** It would be particularly useful to students studying sanskrit under the old system.

Once again thanking you for your kindness.

I am, Yours faithfully,
D. A. TELANG, B.A.,

---

ધી ઓનરબલ મી. દાજી આબાજી ખરે, બી. એ. એલ. એલ. બી. (સંસ્કૃત સાથે બી એ. થયલા, મુંબઇની યુનિવર્સિટિના ઑર્ડિનરી ફેલો તથા સિન્ડિકેટના મેમ્બર) નો મત.

THAKORDAS JAMNADAS ESQ,

BOMBAY.

DEAR SIR,

I have gone through your book, the **Sanskrit Bhasha Pradipa** in Gujarati, and I find that **it is a very sucessful attempt to teach the intricacies of Sanskrit grammar and composition in a comparatively easy manner through the vernacular. The method you adopt is original in various respects and is calculated to facilitate self-study of that language.** But I must say it cannot be of help to very young students. It will however prove a boon to grown-up people who can acquire by its help a fairly good mastery over Sanskrit withot having to wade through the highly artificial methods of Sanskrit Grammarians as well as without having to learn English. **I wish you would see your way to rendering it in the other vernaculars of India.**

Yours Sincerely,

BOMBAY, 1st *February*, 1911. DAJI ABAJI KHARE.

---

રા. રા. નારાયણરાવ દલપતરામ ભગત (રાજકોટ હાઇસ્કૂલના માજી શિક્ષક તથા છોટા ઉદેપુરના ડિસ્ટ્રિક્ટરી ઇન્સપેકટર) નો મત.

શ્રીઃ

શ્રીયુત વિદ્યારસિક ઠાકોરદાસભાઈ,

સાદર લખવાનું કે આપે આપનો રચેલો "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રન્થ મોકલેલો, તે ખાતે આભાર માનું છું. મેં તે ગ્રંથ યથાશક્તિ ધ્યાન પૂર્વક વાંચ્યો છે. **આપે લીધેલો શ્રમ સ્થળે સ્થળે દ્રષ્ટિગોચર થાય છે.** કેળવણી ખાતામાં નહિ, પણ વ્યાપારમાં રહ્યા છતાં, આપે અનેક પ્રકારની અગવડો વેઠીને ઘણે શ્રમે ગુજરાતી ભાષામાં આ ગ્રન્થ પ્રગટ કરવાને અને તે દ્વારા ગુજરાતી સાહિત્યમાં વૃદ્ધિ કરવાને જે મહાન્ પ્રયાસ કર્યો છે, તે આપનો વિદ્યાપ્રતિનો અનુરાગ તથા રસિકતાને જણાવે છે, ને તેથી સર્વ સાક્ષરો વડે અભિનન્દનીયજ છે. જો કે આવા ગ્રન્થો અંગ્રેજીમાં પ્રગટ થયેલા છે, **પણ આવો એકે ગ્રંથ ગુજરાતિ ભાષામાં અદ્યાપિ પર્યન્ત પ્રગટ થયેલો જાણમાં નથી.** આવી ખોટ આપે પૂરી પાડી છે તે માટે આપને ખરેખર ધન્યવાદ છે.

આ ગ્રંથમાં વિષયની ઘટનામાં વિશેષ અને નિયમોના સ્પષ્ટીકરણમાં એક સુધારો કરવાને ઘણો અવકાશ છે, તે દ્વિતીયાવૃત્તિમાં કરવામાં આવશે તો ગ્રન્થ પ્રથમ પંક્તિમાં આવશે. વળી અશુદ્ધિપત્રક બનાવવાની જરૂર ન રહે, એમ વ્યવસ્થા તો અવશ્ય થવી જોઇએ.

કોઇ પણ ભાષાનું સારૂં જ્ઞાન મેળવવાને તે ભાષાનું વ્યાકરણ જાણવાની ખાસ અગત્ય છે. એજ પ્રમાણે સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન મેળવવાને સંસ્કૃત વ્યાકરણનું સંપૂર્ણ અધ્યયન આવશ્યક છે. તેથી ગુજરાતી ભાષા દ્વારા સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળા-

ઓને ઝટ અને બીજાની સહાયતા વિના સંસ્કૃત વ્યાકરણ ભણવાના સાધનની મોટી ખોટ હતી, તે ખોટ આ ગ્રંથે પૂરી પાડવાથી ઉમંગી જીજ્ઞાસુઓને આ ગ્રંથ પ્રધાન પણે ઉપયોગી છે, કારણ કે તેમાં પાણિનિ વ્યાકરણના તદ્ધિત શિવાયના સમસ્ત ઉપયોગી અંશોનો સંપૂર્ણ સમાવેશ થયેલો છે, વળી અંગ્રેજી સેવન્થ સ્ટાન્ડર્ડ ભણનારાઓને જે ડૉ. ભાંડારકરની બે બુકો શિખવાય છે, તે કરતા આ ગ્રંથમાં અધિક વિષય સંગૃહિત છે, તેથી અંગ્રેજી વિદ્યાર્થીઓને પણ આ ગ્રંથ ઉપયોગીજ છે,

ટૂંકામાં, આ ગ્રન્થ પ્રકટ કરવા માટે હું આપને ખરા દિલથી અનેકશઃ ધન્યવાદ આપુ છું ને શ્રી જગતૂપિતા આવા ઉપયોગી ગ્રંથો ગુજરાતી ભાષામાં લખવાને તથા પ્રગટ કરવાને, ને તેદ્વારા સત્ય જ્ઞાનનો પ્રચાર કરવાને આપ જેવા અનેક વિદ્યારસિકોને પ્રેરણા તથા ઉત્સાહ અર્પો એવી નમ્ર પ્રાર્થના છે. એજ.

છોટા ઉદેપુર.<br>
તા. ૫-૨-૧૧

લેખક—આપનો<br>
નારાયણ દલપતરામ ભગત<br>
ડીસ્ટી. ઈન્સપેક્ટર.

---

## સૌ. વિદ્યાગવરી રમણભાઈ—બી. એ. ( સંસ્કૃત સાથે પાસ થયેલા ) નો મત.

અમદાવાદ તા. ૨૨-૧૧-૧૦

રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી,

આપનો "સંસ્કૃત ભાષા પ્રદીપ" મેં જોયો છે, સંસ્કૃત ભાષા સંબંધી ગ્રંથો પર અભિપ્રાય આપવાનું કામ સમર્થ સંસ્કૃત અભ્યાસકોનું છે, તથાપિ તમારી ઇચ્છાનુસાર મારા વિચાર દર્શાવું છું.

આ વ્યાકરણનું પુસ્તક ગુજરાતીમાં હોવાથી ગુજરાતી માત્ર જાણનારને ઉપયોગી થઇ પડશે. અંગ્રેજી જાણનારા માટે વ્યાકરણો છે તે સર્વે જુદા ધોરણથી રચાયલા છે, તેમજ આ વ્યાકરણમાં તે વ્યાકરણોમાં નહી એવું પણ ઘણું છે. એકંદરે વિષય સંપૂર્ણ અને શાસ્ત્રીય પદ્ધતિએ આલેખવામાં આવ્યો છે. સમાસનું પ્રકરણ તેમજ પાછળ આપેલા પરિશિષ્ટો વિદ્યાર્થીઓને ખાસ ઉપયોગી થઈ પડે તેવા છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ એ એવો ગહન વિષય છે કે ગુજરાતી ભાષામાં લખવાથી સરળતા તો આવેજ નહીં. આ વિષય શિખવા માટે જે મુશ્કેલી પડે છે તે પરભાષાની દ્વારા શિખવાની નથી, પરંતુ વ્યાકરણમાં ઘણા ગુંચવી નાખનારા નિયમો અને અપવાદો છે તે છે. શરૂઆતથી માત્ર વ્યાકરણથી આરંભ કરી તે પુરૂ થતાં ભાષા જ્ઞાન ચાલુ કરવાને માર્ગે સંસ્કૃત ભાષા શિખવાની પદ્ધતિથી ઓછા વખતમાં કાર્ય થાય તેમ છે એવો આ ગ્રંથકર્તાનો અનુભવ છે તો તે અજમાવી જોવા યોગ્ય છે. એ વ્યાકરણમાં વિદ્યાર્થીને બને તેટલી સુગમતા પડે એવો પ્રયત્ન કરેલો છે. આપણામાં સામાન્ય રીતે સ્ત્રીઓ અંગ્રેજી શિક્ષણ પામેલી હોતી નથી. તેમને સંસ્કૃત ભાષાના અભ્યાસનું મોટું સાધન આ ગ્રંથ થઈ શકશે માટે એ અભ્યાસ માટે તેમજ ધર્મ શિક્ષણ માટે જીજ્ઞાસા ધરાવનારી કન્યાઓ માટે તેમના માતપિતાઓ આ પુસ્તકનો ઉપયોગ કરશે એવી આશા છે. એવા ઊત્તેજનને તમામ રીતે એ પાત્ર છે એવો મારો નમ્ર અભિપ્રાય છે.

લિ. સૌ. વિદ્યા રમણભાઈ

# (ચોપાનીઆઓ તથા વર્તમાનપત્રોના મતો.)

જાન્યુઆરી ૧૯૧૧ ના કલકત્તાના "મૉડર્ન રિવ્યુ" ચોપાનીઆમાં આવેલો મત.

*Sanskrit Bhasha Pradeep, by Thakordas Jamnadas Panji, printed at the Lady Northcote Hindu Orphanage K. N. Sailor Printing Press, Bombay, Thick Boards. Pp. 264 (1910) Price Rs. 3-0-0.*

This is an original work in Gujarati on Sanskrit Grammar which it claims to have treated in such a simple way, that one can study it by oneself without any extraneous help. The author is a private gentleman who has an abiding love for this noble language and has been at pains to teach it to his young children of both sexes from their very infancy. It is not a manual but a book of considerable size and in every line displays the deep erudition of the author. It opens out various vistas of utility, but circumstanced as we are, in respect of both our primary and secondary education, we doubt if it can secure extensive patronage. It is rare to find such devotion to Sanskrit amongst non-Shastric or non-Brahmin classes in Gujarat, like Mr. Panji's, though it is the other way with the men from the Deccan; and all honor to him therefore for the creditable efforts he has made to thus introduce, facilitate and popularise the study of Sanskrit amongst Gujaratis. We wish him success.

---

[ ઑગસ્ટ સપ્ટેંબર ૧૯૧૦ ના મુંબઈના "ભારત જીવન" ચોપાનીઆમાં આવેલો લેખ.

**સંસ્કૃત ભાષા તથા તેનું ઉપયોગીપણું અને તે ભણવા કરવી જોઇતી સગવડ.**

સંસ્કૃત ભાષામાં ૧૫ સ્વરો ને ૩૩ વ્યંજનો મળી ૪૮ અક્ષરોમાંથી ૨૧૨૨ ધાતુઓ, ૨૨ ઉપસર્ગો, અને જોઈતા અવ્યયો તથા પ્રત્યયો કરતાં અમુક નિયમોથી એવા અગણિત શબ્દોની ગણિતનિયમાનુસાર અને ન્યાયપૂર્વક ઊત્પત્તિ થાય છે, અને એવા ટુંકાણમાં યથાર્થ રીતે અને ચમત્કૃતિપૂર્વક વિચારો દર્શાવી શકાય છે, કે તેવું જગતની કોઈ પણ ભાષામાં બનતુ નથી; ને તેને લીધે એ ભાષા દૈવી ભાષામાં ગણાઈ ઊચ્ચ પદે સ્થપાયલી છે. ભરતખંડના આર્યોની સામાજિક, ધાર્મિક, તેમજ રાજદ્વારિક એ ત્રણે વ્યવહારમાં અસલ એજ ભાષા હતી, અને જ્યાં સુધી તેમ હતું ત્યાં સુધી એ દેશ દિવ્ય, ને લોકો સર્વે વાતે સુખી ને દીર્ઘાયુષી હતા, તેમાં વિદ્વાનો તો ખરેખર અવતારી પુરૂષોજ હતા, એટલે ટુંકાણમાં કહેતાં એ દેશની દરેક બાબતની બીજાઓ અદેખાઈ કરતા હતા; અને જ્યારથી એ ભાષા રાજદ્વારિક વ્યવહારમાંથી ઓછી થતી ગઈ ત્યારથી એ ભાષા ભણવાનુ ઓછું કરવાની એક ભૂલથી એ બીજા વ્યવહારોમાંથી પણ ઓછી થતીગયલી, એના ગ્રંથોનો પણ ધીમે ધીમે લોપ થતો

ગયલો, ને લોકોની સ્થિતિ પણ દિન પર દિન નરમ પડતી ગયલી દેખાય છે, તે એટલે સુધી કે મોટે ભાગે કહેતાં, અસલ

૧. આયુષ જે ૧૦૦ વર્ષનું હતું, તે હાલ આસરે ૫૦ નું થયું છે,

૨. જન્મનો હેતુ સિદ્ધ કરવાને ધાર્મિક જ્ઞાન અને આચરણો વાસ્તે જે ૭ વર્ષથી પ્રયત્નો થતા તે હાલ મૃત્યુના ૭ વર્ષ બાકી રહે ત્યારથી પણ કરવા સૂઝતાં નથી,

૩. જન્મની સ્થિતિ નિભાવવાને યોગ્ય આજીવિકા પેદા કરવા વાસ્તે જે શક્તિ ૧૫ વર્ષથી આવતી, તે હાલ ૨૫ વર્ષથી પણ આવવી કઠિન પડે છે; વર્ષમાં આઠ માસ મેહેનત કરે જે ખર્ચ જોગું મળતું, તે હાલ પુરા બાર માસ મેહેનત કરે પણ મળવું મુશ્કેલ પડે છે,

૪. જે જ્ઞાન એક ગ્રંથથી સેહેજ વખત અને પૈસાને ખર્ચે થતું, તે હાલ તે ગ્રંથપરથી થયલા અનેક ભાષાંતરો, ભાષાંતરોના ભાષાંતરો, વિવેચનો વગેરેથી અનેક ગણા પૈસા તથા આયુષ્યના ખર્ચે મેળવવા પ્રયત્ન થાય છે, ને તે છતાંએ આખરે તો જોઇએ તેવું મળતું નથી,

૫ જે વજન ન્યાય ભણેલાના તર્કો પર મુકાતું, તે હાલ ન્યાય નહીં ભણેલાનાં તર્કો પર પણ મુકાય છે,

૬. જે ધ્યાન ખરી વસ્તુ ખેંચતી હતી, તે હાલ ખેંચતી નથી ને પ્રતિબિંબિત ખેંચે છે; જે પહેલું લક્ષ ધર્મ પર અપાતું, તે હાલ લક્ષ્મી પર અપાય છે,

૭. જે હસ્તામલક જેવી ચીજો દેખડાવનાર જોઇતા ન હતાં, તે હાલ દેખડાવનાર જોઇએ છે,

૮. જે બીજી ભાષાઓમાં વધારે ભણવાનું હોય તે શિખી પોતાની ભાષામાં ઉમેરાતું, તે હાલ પોતાની ભાષા ભણ્યા હોય તો તેમ, નીકર તેમાંથી પુછીગાછીને પણ લઇ બીજી ભાષામાં ઊમેરાય છે,

૯. જે **પ્રમાણ** હતું, તે હાલ **પ્રમેય**,ને **પ્રમેય** હતું, તે હાલ **પ્રમાણ** ગણાય છે,

વગેરે, વગેરે. આમ છતાંએ હજી પણ એ ભાષા તથા એના જે ગ્રંથો રહ્યા છે તેની ખુબી તો જેવી ને તેવીજ છે, જે લોપ થયલા લાગે છે તેમાંના પણ ઘણા શોધેથી જડે તેમ છે, ને એ સઘળા ભણાય તો ભરતખંડ હજીએ તેની અસલ ઉત્કૃષ્ટ સ્થિતિને પહોંચે તેમ છે, કેમકે હજી પણ દુનિયામાં એવી કોઈ ભાષા નથી કે જે એ ભાષાની બરોબરી કરી શકે, ને કોઇ ભાષાના વિદ્યાભંડારમાં એવા ગ્રંથો નથી કે જે એ ભાષાના વિદ્યા ભંડારમાં રહેલા ૪ વેદો, ૬ વેદાંગો, ૪ ઉપવેદો, ૬ શાસ્ત્રો, ૧૮ સ્મૃતિઓ, ૧૮ પુરાણો ને ૨ ઈતિહાસોની માફક જોઇતા જ્ઞાન અને સમૃદ્ધિનાં દરેક સાધનો યોગ્ય રીતે વિચાર કરેથી ત્રણે કાળમાં સદ્રૂપ રહી જ્યારે જોઇએ ત્યારે ને જેવો જોઇએ તેવા પુરા પાડી શકે—જે નવું જોવામાં આવે છે તે ભલે જેમને એ વિદ્યાભંડારની માહેતી નથી ને માહેતી મેળવવાની દરકાર પણ નથી તે નવી શોધો કહે, બાકી તેના પણ મૂળ સાધનો ને તેને ઉપયોગમાં લેવાની રીતો સંસ્કૃત ગ્રંથોમાંથી મળી આવે તેમ છે—ને ટુંકાણમાં કહેતાં એમાં જેટલી બાબતો છે તેટલીજ હાલનાં કાળમાં જણાવવી કઠિન છે, તો નવી શોધતો ક્યાંથીજ હોય ! આ કહેવું કેટલાકને અનુપયુક્ત લાગશે, પણ તેઓ ધૈર્ય રાખી બુદ્ધિથી વિચાર કરશે તો માલમ પડશે કે માણસ ધારે તો ભાષામાં શબ્દો ઉમેરી શકે, પણ ભાષાનું બંધારણ તો કુદરતથી બંધાયલુ હોવાથી ફેરવી શકે નહી, ને વિદ્યાભંડારના ગ્રંથોમાં જે વેપારની બુદ્ધિથી નહી, પણ પરોપકારના હેતુથી, સદ્‌બુદ્ધિથી, નિઃપક્ષપાતપણે, અને ઈશ્વરી પ્રેરણાથી કરેલા હોય છે તેજ ત્રણે કાળમાં સદ્રૂપ અને ઊત્કૃષ્ટ રહે છે, બીજા તેમ રહી શકતા નથી, તેથી એ કહેવું યથાર્થ છે; ને એ ભાષા તથા તેના ગ્રંથોનો અભ્યાસ દિન પર દિન ફરી

આના બીજા ખંડોમાં વધતો જાય છે, ને ભરતખંડમાં તો જે જે બાબતો પર વિવેચન થાય છે, ને અનેક ગ્રંથો લખાય છે તેમાં મૂળ વિચાર અને પ્રમાણ તો સંસ્કૃત ગ્રંથોમાંથીજ લેવાય છે, તેમજ જૂદી જૂદી ભાષાઓના જૂદા જૂદા શબ્દોની શુદ્ધતા એ ભાષાના શબ્દોથીજ થાય છે, તે સઘળું તેની સાબીતી આપે છે. એ રીતે સંસ્કૃત ભાષાની શ્રેષ્ઠતા અને તેનું ઉપયોગીપણું સ્વતઃ સિદ્ધ છે, અને ભરતખંડવાસીઓને તેઓની અસલ અદેખાઇ થતી સ્થિતિને પહોંચવાને ને મુખ્યત્વે કરી તેમને જેમ સામાજિક વ્યવહારમાં પોતાના પ્રાંતની ભાષાની, ને રાજદ્વારિક વ્યવહારમાં રાજભાષાની જરૂર છે, તેમ ધાર્મિક વ્યવહારમાં સંસ્કૃતની જરૂર છે, તે પૂરી પાડવાને એ ભાષાની બે દરકારી કરવાની થયલી ભૂલ સુધારી તે ભણવાની ખરેખરી જરૂર છે. આમ છતાં, તેમજ ભરતખંડમાં વગવાળા વિદ્વાનો પણ કહેવાય છે, ને કેળવણી ખાતામાં સુધારા કરવાની અનેક સૂચનાઓ પણ કરે છે, તે છતાં એ ભાષા ભણવાનું શરૂ કરવાનો કાળ નિર્ણય કરવાની ને તે સારૂ જોઈતું સાધન પુરૂ પાડવાની, ને તેનો લાભ લેવાય એવુ કરવાની સૂચના કોઇ કરતુ દેખાતું નથી એ બહુ ખેદજનક છે, તેથી હમો હમારા વિચારો ભરતખંડ માંહેલા ગુજરાતવાસીઓ માટે, ને બીજા પ્રાંતોના વાસીઓને પણ યોગ્ય ફેરફારથી લાગુ પડે તેવી રીતે, નીચે દર્શાવીએ છીએ, ને આશા છે કે યોગ્ય પુરૂષો તેનો ઘટતો વિચાર કરીને તે વિષે બનતું કરશે.

કોઇ પણ વિદ્વાન કબુલ કર્યા વગર રહેશે નહિ કે

૧. ગુજરાતીઓને જેમ સામાજિક વ્યવહારમાં ગુજરાતી ભાષાની આસરે પાંચ વર્ષથી આવશ્યકતા છે, તેમ ધાર્મિક વ્યવહારમાં સંસ્કૃતની ઉપનયન અથવા તેવો સંસ્કાર આશરે ૮ મે વર્ષે થતો હોવાથી ૮ વર્ષથી, ને રાજદ્વારિક વ્યવહારમાં રાજભાષાની ૧૩ વર્ષથી છે, ને તેમાં જન્મની સ્થિતિ નિભાવવામાં ગુજરાતી, ને જન્મનો હેતું પાર પાડવામાં સંસ્કૃત આવશ્યક હોવાથી, એ બે ભાષા વગર તો કોઇને ચાલે તેમ નથી, ને રાજભાષા વગર તો ઘણાને ચાલે તેમ છે; ને એ રીતે આવશ્યકતાનો ક્રમ તથા પ્રમાણ જોતાં, અને તેમને અનુસરીને કરવાથીજ અનેક ફાયદા નીકર તેટલીજ હાનિ થાય છે, તેનો વિચાર કરતાં, ગુજરાતી વાંચતાં લખતાં આવડેથીજ સંસ્કૃતનો અભ્યાસ શરૂ થવો જોઇએ છે, ને એ બે ભાષા બરાબર શિખ્યા પછી રાજભાષા ભણવી જોઇએ છે,

૨. ગુજરાતીઓને ઉપર કહ્યા પ્રમાણે સંસ્કૃત ભણવાની આવશ્યકતા છે, પણ ગુજરાતી ભાષામાં તે ભણવા જોઈતું સાધન ન હોવાથી કાલાતિક્રમણ થયા પછી માત્ર બ્રાહ્મણ વર્ગમાં જેઓ પરંપરાથી સંસ્કૃત વિદ્યાથીજ આજીવિકા ચલાવી રહ્યા છે તેઓમાંના કેટલાકના છોકરાઓ સંસ્કૃત, સંસ્કૃત ભાષામાં રહેલા વ્યાકરણના ગ્રંથોથી ભણવા, ને બીજા વર્ગોમાં કેટલાકના છોકરાઓ જે ઇંગ્રેજી શિખે છે તેમાંના કેટલાક ઇંગ્રેજી સાથે "સેકન્ડ લૅંગ્વેજ" તરીકે અંગ્રેજીમાં રહેલા પુસ્તકોથી ભણવા પ્રયત્ન કરે છે, પણ સંસ્કૃત ગ્રંથથી સંસ્કૃત ભણવામાં વ્યવાહારિક વસ્તુના મધ્યસ્થપણા વગર અવ્યવહારિક વસ્તુ મેળવવાનો પ્રયત્ન હોવાથી ભણનારને એવું કઠિન પડે છે કે નહીં જેવાજ પુરૂં ભણી શકે છે, ને તે હાલમાં મુંબઈ જેવા મોટા શેહેરમાં સંસ્કૃત વ્યાકરણની કાશીની પરીક્ષામાં પાસ થયલા આશરે ૪ ને ખાનગીમાં પુરૂં ભણેલા આશરે ૬ જ દેખાય છે તે, તેમજ એ શેહેરમાં હાલ આશરે ૧૨ પાઠશાલા છે, પણ તેમાં વિદ્યાર્થીઓ જમવાની કે પૈસાની લાલચ વગર ભણવા આવતા નથી, ને એ રીતે આવે છે તેમાં પણ

જેટલો પૈસાનો લાભ ત્યાં થાય છે તે કરતાં કંઈક વધુ થાય એટલી વિદ્યા આવે ત્યાં સુધીજ ભણી ચાલતા થાય છે, તે જોઇએ તેવું બતાવે છે; ને અંગ્રેજી પુસ્તકોથી સંસ્કૃત ભણવામાં જે પુસ્તકોથી ભણાય છે તે જોઇએ તેવાં ન હોવાથી એ ભાષાનું સંપૂર્ણ જ્ઞાન તો સંસ્કૃત ગ્રંથોની છેવટે મદદ લીધા વગર કોઇને થતુંજ નથી, ને ખપજોગું થવામાં પણ એટલી કઠિનતા પડે છે કે ઘણા કંટાળી થોડું ભણી છોડી દે છે, ને કેટલાક જે ઠેઠ સુધી ભણે છે તેઓ પણ એ ભાષા પરીક્ષાઓની જરૂરીઆત પૂરી પાડવાના હેતુથી ને મુખ્ય ને બદલે "સેકન્ડ લૅંગ્વેજ" ના ભાવથી ભણે છે, એટલે તેઓમાંના ઘણાખરાને દ્રઢ જ્ઞાન થતું નથી, ને ભાવ તેવું ફળ થાય છે, ને કોઈકિજ જે પાછળથી સંસ્કૃત ગ્રન્થની મદદ લે છે તેને પુરૂં જ્ઞાન થાય છે, ને તે મુંબઇ યુનિવર્સિટિની ૧૮૬૫ થી ૧૯૦૯ સુધીના ૪૫ વર્ષના દરમ્યાનમાં થયલી "એમ. એ." ની પરીક્ષાઓમાં માત્ર ૧૧ જ ગુજરાતીઓ સંસ્કૃતમાં પાસ થયા છે, ને તેમાં પણ ૧૯૦૯ માં ૧૧ ગુજરાતીઓમાં માત્ર એકજ સંસ્કૃતમાં પાસ થયો છે તે જોઈએ તેવું બતાવી આપે છે. એ કારણોને લીધે ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની ખરે ખરી ખોટ છે,

૩. ગુજરાતી નિશાળોમાં ૪ થા થી ૭માં ધોરણમાં યોગ્ય ફેરફાર કરી સંસ્કૃત ભાષા દાખલ કરવામાં, અને જેમ ગુજરાતી ભાષા, ગુજરાતી વ્યાકરણ અને ગદ્યપદ્યની ચોપડીઓથી શિખવાય છે તેમ સંસ્કૃત ભાષા, સંસ્કૃત વ્યાકરણ અને ગદ્યપદ્યના સમાવેશવાળા હિતોપદેશ જેવા ગ્રંથથી શીખવામાં જરા પણ હરકત આવે તેમ નથી; ઉલટું એમ કરવાથી વિદ્યાર્થીઓ સામાજીક વ્યવહારની ગુજરાતી ભાષા વેહેલી ને સારી શિખશે, ધાર્મિક વ્યવહારની સંસ્કૃત ભાષા પણ શિખશે, રાજદ્વારિક વ્યવહારની અંગ્રેજી ભાષા શિખવાની લાયકાત પણ વધારે મેળવશે, સઘળા વ્યવહારોમાં જોઇતું જ્ઞાન પણ વેહેલું સંપાદન કરશે, ને બચપણમાં યોગ્ય વયેજ સત્વગુણવાળી સંસ્કૃત વીદ્યાના શુભ સંસ્કાર પામેલા હોવાથી આગળ જતાં હસ્તામલકજેવી ચીજો કોઇના બતાવ્યા વગર જોઈ શકશે, ને એક સંસ્કૃત ગ્રંથ પરથી લખાતા અનેક ગ્રન્થો વાંચવામાં થતી પૈસા તથા આયુષની હાનિથી પણ બચશે, એટલે એક રીતે ખરચમાં ફાયદો મેળવશે, આયુષમાં વધશે, ને આખરે જન્મનો હેતુ પણ પાર પાડી શકશે, તેમજ પોતાના ઐહિક સુખો શેમાં સમાયલા છે, ને તે શી રીતે પ્રાપ્ત કરી શકાય તેના યોગ્ય રીતના વિચારો ને ઉપાયો પોતાની મેળે કરી શકશે, ને એ રીતે ઘણા ગુજરાતીઓ લાભ લઈ શકશે એટલે એવી પ્રજા જોઇ રાજ્યકર્તાને પણ સંતોષ થશે.

ઇશ્વર યોગ્ય પુરૂષોને ગુજરાતીબંધુઓ વાસ્તેની ઉપર બતાવ્યા પ્રમાણેની ગુજરાતી ભાષામાં સંસ્કૃત વ્યાકરણની ખોટ પૂરી પાડવા સારૂના, અને ગુજરાતી નીશાળોમાં એ ભાષા ભણાવવા સારૂના આ હમારા લેખનો યોગ્ય વિચાર અને ઘટતો ઉપયોગ કરવા સદ્બુદ્ધિ આપો.]

---

અકટોબર ૧૯૧૦ ના **મુંબઇના "ભારતજીવન"** ચોપાનીઆમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

આ ગ્રંથની એક નકલ હમને તેના કર્ત્તા **મી. ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી અભિપ્રાયાર્થે મળી છે. અમારા મનમાં કેટલોક વખત થયાં સંસ્કૃત ભાષાના અધ્યયન વિષે જે

વિચારો ડોળાયા કરતા હતા, તે વિચારોનો એક લેખ હમારા ગયા સપ્ટેમ્બર માંસના અંકમાં "**સંસ્કૃત ભાષા તથા તેનું ઉપયોગીપણું અને તે ભણવા કરવી જોઇતી સગવડ**" ના મથાળા તળે આપ્યો હતો, તે વાંચનારને યાદતો હશેજ, એ લેખમાં બતાવેલા અમારા વિચારને અનુસરતોજ આ ગ્રંથ દેખાય છે, તેથી એ ગ્રંથની પહોંચ સ્વીકારતા હમને અનહદ આંનદ થાય છે.

"સંસ્કૃત ભાષા પ્રદીપ" એ ગુજરાતી ભાષામાં પહેલોજ સંસ્કૃત ભાષાના વ્યાકરણનો જોઈતો સંપૂર્ણ ગ્રંથ છે, એટલે એને કોઇ જોડે સરખાવાય તેમ નથી. એને હાલમાં સંસ્કૃત ભાષા શિખવાના પ્રચલિત ગંથોમાંના કોઈ જોડે સરખાવીએ તો સંસ્કૃત ભાષામાં રહેલી મહર્ષિપાણિનિની અષ્ટાધ્યાયી, કાશિકા, સિદ્ધાંતકૌમુદી, લઘુકૌમુદી, અથવા સારસ્વત જોડે, કે અંગ્રેજીમાં રહેલા પ્રો. મૅકસમ્યુલર, ડૉ૦ કિલહોર્ન, અથવા મી૦ કાલેના ગ્રંથ સાથે સરખાવાય, તેથી તેઓ વિષે તેમજ સંસ્કૃત ભાષા ભણાવવામાં વપરાતી બીજી નાની ચોપડીઓમાં ડૉ૦ ભંડારકરની બે ચોપડીઓ જે સૌથી વધારે પ્રચલિત છે તેઓ વિષે અત્રે કેટલુક કહીશું. સંસ્કૃત ભાષામાં રહેલા ગંથોમા વ્યવહારિક ભાષાનું મધ્યસ્થપણુ ન હોવાથી તે નહી જેવાજ ભણી શકેછે તેથી હાલના કાળમાં આ "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથ અમને સંસ્કૃત ભાષાનું જોઈતું સંપૂર્ણ જ્ઞાન કરવાને સૌમાં શ્રેષ્ટ રીતે અનુકૂલ લાગે છે. એ ગ્રંથની રચના મહર્ષિપાણિનિના ગ્રંથને તથા કાશિકાને વધારે મળતી છે, અને અગરજો એ ગ્રંથોમાં તેમજ સિદ્ધાંત કૌમુદીમાં જે ઉણાદિ, કૃતાદિ, તથા તદ્ધિત પ્રક્રિયાઓ તેમજ વૈદિક નિયમો છે તે એમાં ન લીધેલા હોવાથી એટલા વિષયો એમાં ઓછા છે તો પણ એ શિવાયના તમામ વિષયો નિઃશેષ લીધેલા છે, ને દરેક વિષયમાં નિયમો મહર્ષિપાણિનિના જુદા જુદા સૂત્રોનો વિષય પરત્વે યોગ્ય રીતે વિચાર કરી તેમના ભાષ્યાર્થાનુસાર બનાવી જોઇતા અપવાદો તથા દાખલાઓ સાથે લખ્યા છે, ને ભાષા ગુજરાતી, કે જે ગુજરાતની વ્યવહારિક ભાષા છે, સંસ્કૃત જોડે સૌથી વધારે સંબંધ ધરાવનારી છે, ગુજરાતીને સુધારનારી છે, ને જેથી યોગ્ય ઉમ્મરે સંસ્કૃત ભણી શકાય તે, વાપરી છે. એ રીતે એ ગ્રથની રચના ભાષાના બંધારણમાં જે કુદરતી નિયમ છે તે પ્રમાણેની પગથીએ પગથીએ ચહડતી હોવાથી ભણનારને સહેલથી દ્રઢ અને શીઘ્ર બોધ કરે તેવી છે, તે એટલે સુધી કે ભણનાર ધારે તો બાર મહીનામાં સંસ્કૃત ભાષાનું સારૂ જ્ઞાન મેળવે, ને કામ પડે ત્યારે જે જોવું હોય તે એક કોષમાં જોવાની માફક જોઈ શકે. એમાં દરેક વિષય સંપૂર્ણ અને સરલ રીતે લખેલો હોવાથી કોઇ જાતની શંકા ભણનારને રહેતી નથી, ને તે વિષે સંસ્કૃતમાં રહેલા ગ્રંથ જોવા કે જોવડાવવાની જરૂર રહેતી નથી. વળી એમાં દરેક વિષયમાં જોઇતા તમામ નિયમો તેના અપવાદો તથા દાખલાઓ સાથે નિઃશેષ, અનન્યસાધારણ રીતે અને પ્રમાણાનુકૂલ રીતિએ મહર્ષિપાણિનિના સાધકબાધક સૂત્રો અને તેની પરિભાષાઓને સરલ કરી લખેલા હોવાથી ઘણી ગુંચવણી ને માથામારી ઓછી થાય તેવો છે, ને એમાં સંજ્ઞાના પારિભાષિક શબ્દો વાપર્યા છે તે સંસ્કૃત તેમજ અંગ્રેજી પદ્ધતિએ સંસ્કૃત ભણેલા તથા ગુજરાતી ભાષાથી ભણનારા સૌને તત્કાળ સમજ પડે તેવા છે. ટુંકાણમાં કહેતાં એ ગ્રંથ એવી રીતે કરેલો દેખાય છે કે મહર્ષિપાણિનિનો ગ્રંથ જે પૂરો ભણેથીજ સિદ્ધ થાય છે, તેમ ભણવું હોય તો તેમ, નીકર સિદ્ધાંત કૌમુદીથી જેમ વ્યાકરણનો કોઇ પણ વિષય ભણાય છે, તેમ ભણવું હોયતો તેમ, જેમ અને જેટલું ભણવું હોય, તેમ અને તેટલુ ભણાય. એમાં દ્વિત્વના, સામન્ય ભૂતના, કૃદંતના, સ્ત્રીલિંગના તથા સમાસના નિયમોમાં અદ્દભૂત સરલતા કરેલી છે, ને એ સંસ્કૃત ભાષા ભણવી કઠિન છે એવા સર્વેને થઈ રહેલા મજબુત શકિતગ્રહને દૂર કરવા જોઇએ તેવો છે. એ કારણોથી હાલના

કાળમાં એ ગ્રંથ સંસ્કૃતમાં રહેલા ગ્રંથો કરતાં વધારે અનુકૂલ થાય તેમ છે. હવે અંગ્રેજી ભાષામાં રહેલા પ્રો૦ મૅકસમ્યુલર આદિના ગ્રંથોનો વિચાર કરતાં તેઓની રચના સિદ્ધાંત કૌમુદીની રચનાને મળતી છે, એટલે આ ગ્રંથથી જેમ ભાષાના બંધારણની ખરી ખુબી સમજાય છે તેમ તેઓથી થતુ નથી. વળી એ બધામાં વ્યાકરણ શાસ્ત્રમાં જે પ્રત્યયના સંબંધમાં વિકારક અવિકારકની વાત પહેલેથીજ ગ્રહણ કરવાની છે તે અડધેથી લીધેલી છે, ને તેથી ભણનારને પહેલું સહેલું પડે છે, પણ અડધેથી એવું ગુંચવાડા ભરેલું થાય છે, કે આગળ અભ્યાસ ખેંચવો મુશ્કેલ પડે છે, ને **चिनोमि** જેવા શબ્દ શિખવાનું આવે છે ત્યારે સમજાતું નથી એટલે ગોખીજ લેવું પડે છે. વળી એ ગ્રંથોમાં ધાતુના અનુબંધની વાત મુકી દીધેલી છે, તેથી દરેક જગોએ સંખ્યાબંધ ધાતુઓ તથા તેના ગણો ગોખવા પડે છે, ને તે યાદ રહેતા નથી, એટલે દ્રઢ જ્ઞાન થતુ નથી. વળી એથી ઘણા નિયમો વધી જાય છે ને દરેક રીતની મુશ્કેલી પડેછે. એ ઉપરાંત એ ગ્રંથોમાં ઘણા વિષયોમાં બીજા વિષયોના નિયમો આપેલા છે, ને દરેક વિષયમાં ઘણી બાબતો મુકી દીધેલી છે. માત્ર મી. કાલેના વ્યાકરણમાં દરેક વિષયમાં વધારે બાબતો છે, પણ તેમાં પણ ઉપલી કસરોતો રહેલીજ હોવાથી, તેમજ બીજુ પણ કેટલુંક વધારે ગુંચવાડા ભરેલું હોવાથી તે પણ જોઇએ તેવો અનુકૂલ થઈ પડતો નથી. ડૉ૦ ભંડારકરની ચોપડીઓનો વિચાર કરતાં એનો ઉપયોગ સૌથી વધારે થાય છે, તે નામદાર સરકારે ટેક્સ્ટ બુકોમાં ઠેરવેલી હોવાથી છે, એમ અમે ધારીએ છીએ, બાકી એ ચોપડીઓમાં તો ભાષાને મુખ્ય ગણી ને વ્યાકરણ કે જે ભાષા જ્ઞાન થવા સંપૂર્ણ રીતે ભણવુંજ જોઇએ છે તેને ગૌણ ગણી સાધારણ વાકયો લઇ તેમાં માત્ર પ્રંસગોપાત આવતા વ્યાકરણના નિયમો બતાવ્યા છે, તે જો કે એ વાકયો પસંદ કરવામાં ઘણું બુદ્ધિબળ વાપર્યું છે, તો પણ એવી ચોપડીઓ ભાષા સારી રીતે શિખવવાને શી રીતે યોગ્ય ગણાય ? વળી એમાં અંગ્રેજીમાં રહેલા ઉપર લખેલા ગ્રંથોમાં જે કસરો છે તે તો છેજ, એટલુંજ નહીં પણ કેટલીક વિશેષ છે, ને તેથી અનેક ભૂલો ને ગુંચવણીઓ થવાનો સંભવ થાય છે, ને એવું ઉપરચોટીયું ભાષા જ્ઞાન થયેથી કૉલેજોમાં મોટા કાવ્યો, નાટકો, તથા ન્યાયના ગ્રંથો, કે જે વ્યાકરણનું સંપૂર્ણ જ્ઞાન થયા વગર બરાબર સમજવા કઠિનજ પડે તે ભણાવવા કોશિષ થાય છે તે, બરાબર ભણતા નથી ને ઉલટા વિદ્યાર્થીઓને બોજારૂપ થઇ પડે છે, ને પ્રમાદ પેદા કરે છે. દુનીઆની કોઈ પણ ભાષા આવી ચોપડીઓથી શિખવાતી નથી. ભાષા શિખવવામાં ભાષાના ને વ્યાકરણના ગ્રંથો હંમેશા જુદાજ હોય છે. સંસ્કૃત ભાષા શિખવાની પદ્ધતિ પણ તેમજ છે, તેથી ભાષા શિખવવાના મૂલ નિયમની જે બહારજ હોય તે ભલે એ રીતે જે ભણેલા હોય તેને સારી લાગે, બાકી જેને સંપૂર્ણ ભાષા જ્ઞાન થયું છે, ને શી રીતે થાય છે તે જાણે છે તે તો એ કોઇ રીતે પંસદ કરે એમ અમે ધારતા નથી. એ રીતે અંગ્રેજીમાં રહેલા ગ્રંથો કરતાં પણ આ " સંસ્કૃત ભાષા પ્રદીપ " ગ્રંથ વધારે ઉપયોગી અને અનુકૂલ થઇ પડે તેવો છે, ને અંગ્રેજી નિશાળો તથા કૉલેજોમાં ગુજરાતી શાસ્ત્રીઓ શીખવી શકેછે તો ગુજરાતી ગ્રંથ ન ચાલી શકે એમ પણ નથી, તેથી હમો એ ગ્રંથને પાઠશાલાઓ, અંગ્રેજી નિશાળો તથા કૉલેજોમાં તેમજ લાઇબ્રેરીઓ તથા ઇનામોમાં દાખલ કરી સર્વે રીતે ઉપયોગમાં લઇ એ ગ્રંથનો અભ્યાસ કરાવવા મજબુત ભલામણ કરીએ છીએ. જો યોગ્ય પુરૂષો આ અમારી ભલામણ ને ઉંચકી લેશે ને તેમ થાય તેવું કરવા કોશિષ કરશે, ને આખરે એ ભાષા ગુજરાતી નિશાળોમાં ઉપલા વર્ગોમાં શિખવાય તેવું કરવા પ્રયત્ન કરશે તો સર્વે ગુજરાતી ભાઇઓને હમારા સપ્ટેમ્બર માસના લેખમાં બતાવેલા અનેક ફાયદાઓ હાંસલ થશે.

ઉપસંહાર કરતાં કહેવાનું જે મી૦ પંજીએ એક વેપારી ગૃહસ્થ હોવા છતાં પોતાનો કિંમતી વખત અને પૈસાનો ભોગ આપી ગુજરાતી ભાષાના ગ્રંથોમાં આ પહેલા નંબરનો ઉપયોગી ગ્રંથ બનાવી ભાતૃભાષાની અને ગુજરાતી ભાઈઓની જે અમુલ્ય સેવા બજાવી છે, તે ખરેખર પરોપકાર બુદ્ધિથીજ હોવી જોઇએ, ને તેને માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે, અને આશા છે કે સર્વે ગુજરાતી ભાઇઓ તેનો લાભ લઇ અનેક ફાયદાઓ મેળવવા જરૂર ઘટતું કરશે. વળી આ જગોએ હમે મી. પંજીને ભલામણ કરીએ છીએ કે જો એઓ એ ગ્રંથમાં કૃતાદિ તથા તદ્ધિત પ્રક્રિયાઓ જે મુકી દીધી છે તે બીજી આવૃત્તિમાં ઉમેરશે તો ગુજરાતી ભાષાના શબ્દો સુધારવાને જે ઘણા મહેનત કરી રહ્યા છે, પણ તેમાંના ઘણા ડૉ૦ ભંડારકરની ચોપડીઓથી સંસ્કૃત થોડું ઘણું ભણેલા હોવાથી "વ્યવહારિક" જેવા ખરા શબ્દો છોડી "વ્યાવહારિક" જેવા ખોટા શબ્દો ખરા છે એમ બતાવે છે, ને ખરાનું ખોટું કરે છે, તે તેમ કરતા અટકશે, અને ગુજરાતી ભાષા સુધારવાને યોગ્ય ઉપાય પણ થશે. આ ગ્રંથની કીંમત રૂ. ૩) રાખવામાં આવી છે તે પણ કોઈ ને વધારે લાગે પણ એમાં મહર્ષિપાણિનિના મુશ્કેલ આંટીગુંટીવાળા નિયમો ઘણા ગ્રંથોની મદદ લઇ સરલ કીધા દેખાય છે, તે તેમ કરી શાસ્ત્રીય ગ્રંથ સૌને ઉપયોગી થાય તેવી રીતનો કરતાં અને જાહેરમાં મુકતાં મહેનત તો કારણે રહી. પણ શું ખરચ થાય છે, તે જે જાણે છે તે તો એમ કહેશે નહી, ને હમે તો એમ કહીએ છીએ કે આ ગ્રંથ જો અંગ્રેજી ભાષામાં હતે અને કોઇ અંગ્રેજે બનાવ્યો હતે તો જરમની જેવા દેશમાં એની ખરી કિંમત થતે ને ત્રણ ગણી કીંમતથી ઓછે મળતે નહી, ને તેટલા ખરચતા પણ એ ગ્રંથનો છેવટનો સદ્‌હેતુ જે ગુજરાતી સાથે સંસ્કૃત ભણાવવાનો દેખાય છે તે પાર પડત નહી.

---

તા. ૧૬ મી આકટોબર સને ૧૯૧૦ ના મુંબઇના "જૈન" પત્રમાં આવેલો મત

## સંસ્કૃત ભાષા પ્રદીપ.

આ ઉત્તમ ગ્રંથની[1] એક નકલ ગ્રંથકર્ત્તાએ અમારો મત જણાવવા અમારાપર મોકલી છે તે મોટી ખુશી સાથે સ્વીકારી તે વિષે અમારો મત નીચે પ્રમાણે જણાવીએ છીએ.

સંસ્કૃત ભાષાના વ્યાકરણનો ગુજરાતી ભાષામાં આ પહેલોજ સર્વોત્તમ અને સરળ ગ્રંથ છે ને તે તપાસતાં જણાય છે કે એ ગ્રંથ દરેક રીતે પ્રમાણાનુકૂલ અને સહેલથી શીઘ્ર બોધ કરે તેવો છે, તેથી ગુજરાતી ભાષાના ગ્રંથાલયમાં પહેલું સ્થાન આપવા લાયક છે. વળી સંસ્કૃત ભાષામાં રહેલો સિદ્ધાંત કે લઘુ કૌમુદીના નામનો વ્યાકરણનો ગ્રંથ કે જે કઠિન હોવાથી હાલ કેટલાક બ્રાહ્મણો જમવાની કે પઈસાની લાલચ હોય તોજ પાઠશાળામાં થોડો ઘણો ભણે છે તે ગ્રંથો કરતાં, તેમજ અંગ્રેજી ભાષામાં રહેલા વ્યાકરણના ગ્રંથો કે જે આદિમાં સહેલા ને પાછળથી કંટાળા ભરેલા હોવાથી અંગ્રેજી નિશાળોમાં કેટલાક ગુજરાતી વિદ્યાર્થીઓ તેઓના વડાઓના દબાણથી ભણે છે, પણ અડધે છોડી દે છે અથવા પરીક્ષાઓમાં પાસ થવા પુરતા જેમ તેમ કરી ભણે છે, તે ગ્રંથો કરતાં પણ આ ગ્રંથ વધારે સરળ છે તેથી ગુજરાતના સંસ્કૃત વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે.

---

૧. કર્ત્તા. ઠાકોરદાસ જમનાદાસ પંજી. નં. ૧૧૮ દાદીશેઠ અગીઆરી સ્ટ્રીટ, મુંબાઇ, (કિંમત રૂા. ૩)

ભારત ભુમિના અસલ નિવાસીઓ આર્યો હતા, અને તેમની વ્યવહારિક, ધાર્મિક અને રાજકીય ભાષા સઘળી સંસ્કૃત હતી, તેથી તે વખતમાં સંસ્કૃત ભાષા ભણવાનું જોઇએ તેવું બનતું, અને સર્વે બાર મહિનામાં આઠ મહિના મહેનત કરી વિદ્યાહુન્નરોમાં દિન પર દિન વધારો કરી સર્વ વાતે સુખ અને લાંબુ આયુષ ભોગવતા; અને જ્યારથી તેમની રાજ્યભાષા બદલાવવા માંડી ત્યારથી રાજ્યભાષા સાથે વ્યવહારિક ભાષા પણ બદલાય તેમ બદલાવવા લાગી. ને આ ગ્રંથ ગુજરાતીમાં હોવાથી આ જગોએ ગુજરાતવાસીઓ વાસ્તેજ બોલતા, હાલ તેમની વ્યવહારિક ભાષા ગુજરાતી, ધાર્મિક ભાષા સંસ્કૃત, અને રાજકીય ભાષા અંગ્રેજી થઇ છે, એટલે ત્રણ ગણું ભણવાનું થયું છે, ને એ તથા બીજા કારણોને લીધે આયુષ અડધું થયું છે, ને ૮ ને બદલે ૧૨ મહિના મેહેનત કરતાં પણ ઘણાથી ભાગ્યેજ આજીવિકા પેદા કરવાનું બની આવે છે. એવા સમયમાં અનેક ભ્રમ થાય, ને જે સારૂં જન્મ લેવાય છે તે જન્મ્યા પછી ભુલી જવાય ને જન્મ નિભાવવા સારૂ પઇસાની તજવીજમાં પડાય તો તે બનવા જેવું છે, ને હાલ તેમજ બનેલું દેખાય પણ છે. વ્યવહારિક ભાષાનો ખપ હંમેશ જન્મથી પડે છે, ધર્મની ભાષાનો ખપ હંમેશ સમજમાં આવેથી પડે છે, ને રાજ્યભાષાનો ખપ પ્રસંગોપાત ઉમ્મારમાં આવેથી પડે છે, તેથી કુદરતી નિયમને અનુસરીએ તો પેહેલાં ગુજરાતી, પછી સંસ્કૃત, ને પછી બને તો અંગ્રેજી એ ક્રમે ભણવું જોઇએ છે; પણ હાલના વખતમાં તેમ ન થતાં કુદરતના નિયમનો અનાદર કરી પેહેલાં ગુજરાતી, પછી અંગ્રેજી ને પછી બને તો સંસ્કૃત ભણાય છે, ને એમ સંસ્કૃત ભણાય છે તે પણ સંસ્કૃત ભાષાથી જમવાનું કે પૈસા મળે ને કમાવવા જેટલું આવડે ત્યાં સુધી, એટલે નહિં જેવું ભણાય છે, ને ઇષ્ટસિદ્ધિ થતી નથી; ને અંગ્રેજી ભાષાથી પેહેલેથીજ એ ભાષાને બીજા નંબરની જરૂરીઆતની ગણી ભણાય છે, તેથી મોટે ભાગે "ભાવ તેવું ફળ" થાય છે, ને તેને પરિણામે એમ થોડું ઘણું ભણેલા આગળ જતાં અમુક વિષયમાં મૂળ સંસ્કૃત ગ્રંથમાં કહેલી વાત, જો અંગ્રેજી ગ્રંથમાં તે બાબતમાં કહેલી વાત સાથે સંગત હોય તોજ, ખરી નીકર ખોટી ગણે છે. પ્રમાણને પ્રમેય, ને પ્રમેયને પ્રમાણ ગણે છે, ને તેમાં વળી કોઇ જે પોતાના વડાઓને ગાંડા કહેતા ડરે છે, ને એ મતને સંગત કરવાને પોતાની કલ્પના દાખલ કરે છે, તે કંઇ ત્રિજુજ ઉભું કરે છે, ને એ રીતે અનેક મતો નવા નવા કહાડે છે. એ રીતે સંસ્કૃત ભાષાના ગ્રંથો વગર કોઇને ચાલતું નથી એટલે તરજુમાઓની ખપતી વધી ગઇ છે; ને જે તે પોતપોતાની સમજ પ્રમાણે તરજુમો કરે છે ને કેટલાક તો કેવળ પૈસાના લોભે એક ગ્રંથનો એક તરજુમો હોવા છતાં તેમાં જરાતરા ફેરફાર કરી જુદો તરજુમાનો ગ્રંથ બહાર પાડે છે, ને કેટલાક તરજુમાના તરજુમાઓ પણ કરે છે; ને એવાં પુસ્તકો કરવામાં ને વાંચવામાં ધન ખોવા છતાં ને આયુષની હાનિ ભોગવતાં છતાં ઘણાને ઇષ્ટ સિદ્ધિ થતી નથી. ત્યારે એવી રીતે ધન અને આયુષનો ક્ષય ન થાય, થોડું ઘણું ભણેલા ગમે તેમ ગપ્પા મારી સમજાવ્યા ન જાય, ધર્મને લગતી તેમજ ગુજરાન, અને સુખને લગતી અનેક બાબતો જે સંસ્કૃતમાં છે તે પણ જાણી શકાય, ને એ રીતે જે હેતુથી જન્મ લીધો છે તે પાર પડે તેમજ સુખરૂપ ગુજરાન ચાલે તેમ કરવા સંસ્કૃત ભાષા ભણવાની જરૂર છે, ને તે ભણવા સારૂ તેના વ્યાકરણની પણ વ્યવહારિક ગુજરાતી ભાષામાં જોઇએ તેવી જરૂર છે. એ જરૂર રા. રા. **ઠાકોરદાસ જમનાદાસ** પંજીને જણાયલી લાગે છે ને તેથી પરોપકાર બુધ્ધિથી આ ગ્રંથ કર્યો દેખાય છે તેને માટે સર્વે ગુજરાતી ભાઇઓએ તેમનો ઉપકાર માની તેનો જરૂર લાભ લેવો જોઇએ.

શનિવાર તા. ૧૭ મી સપ્ટેમ્બર સને ૧૯૧૦ના **મુંબઇના "સત્ય વકતા"** પત્રમાં આવેલો મત.

**"સંસ્કૃત ભાષા પ્રદીપ".**

એ નામના ગ્રંથની એક પ્રત રા. **ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી વિવેચનાર્થે અમોને મળી છે.

"સંસ્કૃત ભાષા પ્રદીપ" નામનો ગ્રંથ વ્યાકરણના શિખર સમાન છે, તેમાં વ્યાકરણના સઘળા અંગો કુદરતી નિયમ પ્રમાણે ગોઠવવામાં કર્ત્તાએ ઘણો શ્રમ લીધેલો લાગે છે. આ ગ્રંથમાં પહેલેથી આઠ પ્રકરણ બતાવવામાં આવ્યા છે, તેમાં વિવિધ બાબતોનો ઘણી સંભાલથી અને રીતિસર સમજ સાથે સમાવેશ કર્યો છે, તે ઉપરથી વિદ્યાર્થીઓ વિગેરેને વ્યાકરણ પદ્ધતિની પીછાન કરવાને સહેલથી તક મળશે. કૉલેજો, સ્કૂલો, અને શાળાઓમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને જેટલો આ ગ્રંથ ઉપયોગી છે, તેટલો અન્ય અભ્યાસીઓને પણ તે ઉપયોગી છે. એ ગ્રંથ વ્યાકરણાચાર્ય અને ડૉકટર પીટરસનના માજી અધ્યાપક શાસ્ત્રી શ્રી જીવરામ લલ્લુભાઈએ, એલ્ફિન્સ્ટન કૉલેજના માજી અધ્યાપક પંડિત શ્રી નાનુરામ ચંદ્રભાનુએ અને બીજા શાસ્ત્રીઓએ પસંદ કર્યો છે. એ ગ્રંથની રચના અને નિયમો જોતાં ઘણા વિદ્વાનોના અભિપ્રાય ઉત્તમ થાય એ બનવા યોગ્ય છે. **રા. ઠાકોરદાસે** આ ગ્રંથની ગુંથણી કરવા પાછળ ઘણો શ્રમ લીધો છે, તે જોતાં તેઓને સંખ્યાબંધ પુસ્તકોનો અભ્યાસ કરવો પડયો હશે, ઘણા વિષયોનો અનુભવ મેળવવો પડયો હશે, અને તેને માટે જોઇતી સામગ્રી પૂરી પાડવાની તેઓને અગત્ય પડી હશે. ગ્રંથની રચના બતાવી આપે છે કે, **રા. ઠાકોરદાસે** સંસ્કૃત જેવી કઠિન ભાષાનો બહુજ ઉત્તમ અભ્યાસ કરેલાની સાબીતી મળે છે. વ્યાકરણનો વિષય જે બહુ કઠિન તથા બારીક છે, તેવા વિષયનું પૂર્ણ જ્ઞાન ધરાવનારા **રા. રા. ઠાકોરદાસ** પોતાના બુદ્ધિબળનો પ્રકાશ જનમંડળના મન ઉપર પાડવાને ભાગ્યશાળી થયા છે. ગુજરાત વાસીઓને આ ગ્રંથ ઉપયોગી તથા એક ભોમિયા સમાન છે તે દરેકે ખરીદ કરવો જોઇએ. આ ગ્રંથ નામદાર સરકારે પાઠશાળાઓમાં, સ્કૂલોમાં અને નિશાળોમાં ચાલુ કરવાની પસંદગી બતાવવી જોઇએ અને અમે ઇચ્છીશું કે, ગુજરાત તથા કાઠિયાવાડના રાજ્યકર્ત્તાઓ આ ગ્રંથની યોગ્ય પ્રતો ખરીદ કરી કર્તાની માન ભરેલી રીતે કદર કરશે. ગ્રંથના મુખ્ય પૃષ્ઠમાં " અપર્ણ પત્રિકા" નામ લખી આખું પાનું કોરૂ રાખવામાં આવ્યુ છે, તે ઉપરથી અમોને લાગે છે કે એ ગ્રંથની અર્પણપત્રિકા સ્વીકારનાર કોઇ યોગ્ય પુરૂષ મળ્યો નહિ હોય. ગુજરાતના મધ્યબિંદુમાં દેશી રાજ્ય વડોદરાનું છે અને ત્યાંના રાજ્યકર્ત્તા નામદાર મહારાજા ગાયકવાડ વિદ્વાન તથા સાહિત્યના વિષયને વધાવી લેનાર છે, તેઓને આ ગ્રંથ જો અર્પણ કરવામાં આવ્યો હોત તો યોગ્ય હતું, પરંતુ કંઈ કારણે તેમ થવાને કદાપિ અનુકૂલ પ્રસંગ મળેલો નહિ હોય. ગ્રંથમાં ભૂમિકા દાખલ કરવામાં આવી છે, તે ગ્રંથની છાયાની ખરી ખુબીનું પ્રમાણ બતાવે છે. નિવાપાંજલિ તરફ ધ્યાન ખેંચાતાં **રા. ઠાકોરદાસના સ્વર્ગવાસી પુત્ર મિ. છગનલાલનું ચરિત્ર** ચિંતાની દિશાએ લઇ જાય છે. પુત્રના વિયોગથી પિતાને થતી દિલગીરીનું ભાન થવાને **રા. ઠાકોરદાસની કલમે** શોકાગ્નિનું સ્વરૂપ બતાવ્યું છે, તે વાંચતાં રા. ઠાકોરદાસ જેવા એક વિદ્વાન ગૃહસ્થ પ્રત્યે દિલગીરી ઉત્પન્ન થાય એ બનવા જોગ છે. સામટી રીતે જોતાં આ ગ્રંથ ઘણોજ ઉપયોગી તથા વિદ્યાર્થીઓ વિગેરેને એક ગુરૂ સમાનની ખોટ પૂરી પાડે છે. રા. ઠાકોરદાસને અમો તેમના રૂડા સહાસ અને શ્રમને માટે ધન્યવાદ આપીએ છિએ. ગ્રંથની કીમ્મત રૂ.

૩-૦-૦ રાખવામાં આવી છે, તે યોગ્ય છે. એ ગ્રંથ ખરીદ કરવાની ઇચ્છા રાખનારને મુંબઇ, દાદી શેઠ અગિયારી સ્ટ્રીટમાં, ૧૧૮ નંબરના મકાનમાં, તેના કર્ત્તા રા. ઠાકોરદાસ **જમનાદાસ પંજી** પાસેથી મળશે.

---

શુક્રવાર તા૦ ૨૧ મી અકટોબર, ૧૯૧૦ ના **મુંબઈના "સાંજ વર્તમાન"** પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

( કર્ત્તા તથા પ્રસિદ્ધ કરનાર–મી૦ ઠાકોરદાસ **જમનાદાસ પંજી.** )

આ ગ્રંથની એક નકલ તેના કર્તા મી૦ ઠાકોરદાસ **જમનાદાસ પંજી તરફથી** મળી છે. સંસ્કૃત ભાષા અને તેના ગ્રંથોનું શ્રેષ્ઠપણું અને તે જાણવા સારૂ જોઇતાં વ્યાકરણનું ઉપયોગીપણું જગજાહેર છે, ને ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના વ્યાકરણના ગ્રંથની ખરેખરી ખોટ છતાં હજી સુધી તેનો ગ્રંથ થયો નથી, એટલે આ ગ્રંથના ઉપયોગીપણાં વિષે પણ બે મત પડનાર નથી. જોવાનું તે એટલુંજ છે કે જે ગ્રંથોથી હાલ સંસ્કૃત વ્યાકરણ ભણાય છે તે જોડે સરખાવતાં આ ગ્રંથ કેવો છે તે બાબત તપાસતાં માલમ પડે છે કે એ ગ્રંથની રચના હાલમાં વપરાતા સંસ્કૃત ભાષામાં રહેલા સિદ્ધાંત કૌમુદી નામના ગ્રંથની તેમજ અંગ્રેજી ભાષામાં રહેલી મૅક્સમ્યુલર, કીલહોર્ન, કાલે તથા ભંડારકરની ચોપડીઓની રચનાથી જૂદીજ છે ને તે અપરિચિત હોવાથી પહેલી દૃષ્ટિએ હરકોઈને અઘરી લાગે, પણ અંદર પેસી વિચાર કરનારને સૌથી શ્રેષ્ઠ દેખાશે; સિદ્ધાંત કૌમુદીમાં એક શબ્દ સિદ્ધ કરવાને ઘણીવાર અનેક સૂત્રો પૂર્વાપરથી યાદ કરી લેવા પડે છે, ને શંકા સમાધાનની માથાકૂટ ડગલે ડગલે પડે છે, તેમ આ ગ્રંથ ભણનારને કરવું પડે તેમ નથી, કેમકે એમાં નિયમો તથા અપવાદો સીધી સડક જેવા આપેલા છે. અંગ્રેજીમાં થયેલા પુસ્તકોમાં ધાતુઓના સંબંધમાં અનુબંધની, ને તેઓના ગણોની નિશાનીઓના સંબંધમાં વિકારક અવિકારકની વાત છોડી દીધેલી હોવાથી અનેક ગુંચવણીઓ પડે છે ને અનેક કલમો જાણવી પડે છે એટલુંજ નહીં, પણ નહીં જેવું ભણ્યા પછી કંટાળી મુકી દેવું પડે છે, ને તે મેટ્રિક્યુલેશન આદિ પરીક્ષાઓમાં જતાં ગુજરાતી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત લેનારાઓની સંખ્યા જોઈએ તેવું બતાવી આપે છે. વળી સિદ્ધાંત કૌમુદીમાં જુઓ કે અંગ્રેજીમાં થયેલા વ્યાકરણોમાં જુઓ તો માલમ પડશે કે ઘણીવાર ઘણા શબ્દોના રૂપો તૈયાર કરવાનું ભણનારપર રાખેલું હોય છે ને તે તેનાથી બની શકતું નથી. સમાસની વાત લખ્યા પહેલા સામાસિક શબ્દના સ્ત્રીલિંગની વાત લખેલી હોય છે, અને એવી એવી અનેક બાબતોને લીધે ભણનારને ઘણી ગુંચવણીઓ પડે છે, તે સઘળી આ ગ્રંથમાં તદન દૂર થયેલી જોવામાં આવે છે. સમગ્રપણે વિચાર કરતાં એમ લાગે છે કે આ " સંસ્કૃત ભાષા પ્રદીપ " ગ્રંથમાં સંસ્કૃત વ્યાકરણના જોઈતા તમામ અંગો કુદરતી નિયમ પ્રમાણે પગથીએ પગથીએ ચહડતા ગોઠવેલા છે ને તેઓમાં કરવાની ક્રિયાઓ ક્રમવાર સ્પષ્ટ બતાવી તેઓને લગતા નિયમો પાણિનીયસૂત્રાર્થાનુસાર નિઃશેષ અને અનન્યસાધારણ રીતે જોઈતા પૂરા રૂપો સાથે યોગ્ય અનુક્રમે આપેલા છે, ને તેથી એ ગ્રંથ કૉલેજોમાં ભણતાં અને મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં જતા વિદ્યાર્થીઓને, અને યોગ્ય વિભાગો તથા ગોઠવણોથી ઉપયોગમાં લીધાથી અંગ્રેજી સ્કૂલો તથા કોલેજો તેમજ ગુજરાતી નિશાળોના તથા બીજા ગુજરાતી લખી વાંચી જાણનારા નાના મોટા, વધતું ઓછું ભણેલા કે શરૂઆતથી ભણનારા સર્વે વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી, અને બરાબર ભણેતો બાર મહિનામાં સંસ્કૃત ભાષાનું સંતોષકારક જ્ઞાન સેહેલથી કરી શકે તેવો છે; ને એ રીતે એ ગ્રંથના વિષયની ઉત્કૃષ્ટતા અને તેની

રચનાની સરલતા, તેમજ એ ગ્રંથની ગુજરાતી ભાષામાં અપૂર્વતા અને ગુજરાતી ભાઈઓને એવા ગ્રંથની ખરેખરી આવશ્યકતાનો વિચાર કરતાં હમને લાગે છે કે એને ગુજરાતી ભાષાના ગ્રંથોમાં ઉંચી પંક્તિનો ને પહેલા નંબરનો ગણવામાં કોઈ ના પાડશે નહીં.

અત્યાર સુધી ગુજરાતી ભાષામાં સંસ્કૃત શિખવાનું આવા ગ્રંથરૂપી સાધન ન હતું, ને એના વિષયની કઠિનતા અને નીરસતાનો તેમજ હાલનાં કાળમાં એનો પ્રચાર કરવાની મેહનત તથા ખરચનો વિચાર કરતાં પોસાય તેવું ન હોવાથી, તે પૂરી પાડવા કોઇ આગળ પડયું નહોતું, તે જોઇ મી૦ પંજીએ એક વેપારી ગૃહસ્થ હોવા છતાં આ ગ્રંથ અનેક ભોગો આપી તૈયાર કીધો છે, તેને માટે સરવે ગુજરાતીભાઇઓએ તેમને ધન્યવાદ આપવો ઘટે છે, અને તેમના એ ગ્રંથનો સત્કાર કરી ઉપયોગમાં લેવો તેમજ લાઈબ્રેરીઓમાં રાખી તથા ઈનામોમાં વેહેંચી બીજાઓના ઉપયોગમાં લાવવો જોઇએ છે.

---

૯ મી અકટોબર ૧૯૧૦ ના મુંબઈના "રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશ" પત્રમાં આવેલો મત.

"સંસ્કૃત ભાષા પ્રદીપ."

સંસ્કૃત ભાષા શિખવા માટે ગુજરાતી ભાષામાં એક સારાં વ્યાકરણની ખાસ જરૂર લાંબા વખતથી જણાતી આવે છે તે પૂરી પાડવા મી૦ ઠાકોરદાસ જમનાદાસ પંજીએ ઉપલો ગ્રંથ પ્રગટ કરી ગુજરાતી ભાષાના ગ્રંથોમાં એક અગત્યનો વધારો કર્યો છે. હાલ ગુજરાતી ભાઈઓને સંસ્કૃત શિખવું હોય છે ત્યારે કયાં તો સંસ્કૃતદ્વારા કે કયાં તો અંગ્રેજીદ્વારા શિખવું પડે છે, ને તે બેઉ દ્વારા અનેક મુશ્કેલીઓ હોવાથી નહિ જેવા એ ભાષા ભણી શકે છે, ને સંસ્કૃત વ્યાકરણને માટે સામાન્ય રીતે એવી છાપ પડી છે કે એ ઘણુંજ અઘરૂં ને કંટાળા ભરેલું છે, અને તેથી ઘણા ખરા હિંદુ છોકરાઓ પણ સ્કૂલોમાં બીજી ભાષા તરીકે સંસ્કૃત છોડી લૅટિન, ફ્રેંચ, ફારસી વગેરે શિખે છે, પણ સંસ્કૃત શિખતા નથી, આનું પરિણામ એ આવ્યું છે કે તેઓને સંસ્કૃત ભાષાનાં જ્ઞાનના અભાવને લીધે ધર્મના ગ્રંથો વાંચવાની શ્રદ્ધા મંદ થઈ છે, અને તે ગ્રંથોના અર્થો મૅકૅસમ્યુલર આદિના ભાષાંતરોના ગ્રંથો મારફત સમજવા પડે છે. ઘણીવાર એક ગ્રંથના અનેક ભાષાંતરો થયલાં હોય છે, તે બધા જોતાં પણ ખરો અર્થ સમજી શકાતો નથી, ને પૈસા તથા આયુષની હાનિ ભોગવવી પડે છે. આ બધુ અટકાવવાને ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાનાં વ્યાકરણની ખરેખરી ખોટ હતી ને તે પૂરી પાડવાનું કામ ખરેખરી વિદ્વત્તા અને ધીરજ તેમજ મોટા ખર્ચ વગર થવું પણ સામાન્યતઃ મુશ્કેલ હતું તે મી૦ પંજીએ આ "સંસ્કત ભાષા પ્રદીપ" મારફતે સંતોષકારક રીતે પૂરૂં કર્યું છે. એ સંસ્કૃત ભાષા શિખવાને એવો સરળ છે કે ગુર્જર પ્રજાના ગ્રંથોના એક નાકરૂપ નિવડશે, ને હાઈસ્કૂલો તથા કૉલેજોમાં અભ્યાસ કરતા તેમજ બીજા સર્વે વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઈ પડશે. એ ગ્રંથની રચના એવી ખુબીદાર છે કે ભણનાર એ ભણવાને કંટાળવાને બદલે સામો ઉત્તેજન પામશે અને થોડા વખતમાં સંતોષકારક જ્ઞાન મેળવશે. વળી કંઇ જોવું હશે તો જેમ કોષમાં જોઇ શકે છે તેમ જોઇ શકશે. ટુંકાણમાં સંસ્કૃતનો અભ્યાસ વધારવાને આ ગ્રંથ જોઈએ તેવો છે, ને તેમ જો થશે તો આગળ જતાં "સંસ્કૃત વિદ્યાભંડાર" નો વધારે સારો ને બરાબર ઉપયોગ પણ થશે તથા ધર્મ સંબંધી અનેક ઝગડાઓ જે હાલ ચાલે છે તે પણ નિવૃત્ત થશે. એ ગ્રંથ જો દરેક માતપિતા પોતાના પુત્રને અપાવશે તેમજ નામદાર સરકાર કેળવણી ખાતામાં મંજુર કરશે તો ગુજરાતી વિદ્યાર્થીઓને મોટો લાભ થશે. એ ગ્રંથની કીમત રૂ ૩) છે તે પુસ્તકનું રોયલ ૮ પેજી બસો સતાણું પાનાનું કદ તથા

તે પાછળની મેહનત જોતાં વધારે નથી. આવો ગ્રંથ કોઈ યુરોપીઅન વિદ્વાને લખી પ્રગટ કર્યો હોત તો દેશીઓને નહિ પરવડે એવી મોંઘી કિંમત રાખત એમ અમો ધારિયે છીએ. અમો મી૦ પંજીને તેમના આ ગ્રંથને માટે છેવટે મુબારકબાદી આપીયે છિયે કે ગુર્જર સાહિત્યમાં બીજા એવા કિંમતી ગ્રંથો પ્રગટ કરવાને તેઓ શક્તિવાન થાય.

---

બુધવાર તા. ૭ મી ડીસેમ્બર ૧૯૧૦ ના મુંબઈના "જામે જમશેદ" પત્રમાં આવેલો મત.

## સંસ્કૃત ભાષા પ્રદીપ.

આ ગ્રંથની એક પ્રત તેના કર્તા **મી૦ ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી અભિપ્રાયાર્થે અમોને મળી છે તે ઘણા આનંદ સાથે સ્વીકારીએ છીએ.

ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાનાં વ્યાકરણનો જોઇએ તેવો સંપૂર્ણ ગ્રંથ આ પહેલોજ બહાર પડે છે. સંસ્કૃત ભાષા ભણવાને ઘણા ગુજરાતવાસી આર્યો ઈંતેજાર જોવામાં આવે છે પણ ગુજરાતી શાળાઓમાં એ ભાષા શીખવાતી નથી. કોઇક ખાનગી રીતે મી૦ ભંડારકરની ઈંગ્રેજીમાં કરેલી બે ચોપડીઓના ગુજરાતીમાં તરજુમાઓ થયા છે તે માંહેલી પહેલી ચોપડી શીખે છે ને બીજી તો ભાગ્યેજ કોઈ શીખતું હશે. ઇંગ્રેજી શાળાઓમાં ભણતાં પણ એ બે ઇંગ્રેજી ચોપડીઓથી ભણાય છે, પણ તેથી જોઇએ તેવું જ્ઞાન થતું નથી, ને ભણનાર જગા જગાએ કંટાળી જાય છે, ને ઘણાઓ ભણવાનું છોડી દે છે. કેટલાક ઈંગ્રેજીમાં થયલા ડૉ૦ કીલહોર્ન, પ્રો. મૅકસમ્યુલર તથા મી૦ કાલેનાં વ્યાકરણોની તથા ધાતુરૂપ કોષ, આપ્ટે ગાઇડ વગેરેની મદદ લઇ જેમ તેમ કરી પરીક્ષાસ્પોમાં પાસ થવા જેટલું જ્ઞાન મેળવે છે, પણ તે ગ્રંથો પણ જોઇએ તેવા ન હોવાથી તે જ્ઞાન પણ ઉપરચોટીઉં થાય છે, ને પરીક્ષા પૂરી થયે સ્થિર રહેતું નથી. યુનિવર્સિટિઓની પરીક્ષાઓમાં જતાં ગુજરાતી વિદ્યાર્થીઓ માંના ઘણા ફ્રેંચ, લૅટિન કે પર્શિયન ભાષા લે છે તે જોઇએ તેવું બતાવી આપે છે કે ઈંગ્રેજીથી પણ બરાબર ભણાતું નથી. સિદ્ધાંત કૌમુદી તથા લઘુ કૌમુદી સંસ્કૃત ભાષામાં છે, પણ વ્યવહારિક વસ્તુ વગર અવ્યવહારિક વસ્તુ જાણી શકવી સાધારણ રીતે કઠિનજ પડે તેથી તે ગ્રંથોથી પણ નહી જેવાજ ભણી શકે છે, ને તેમાં પણ ઘણીવાર ભોજન અથવા પૈસાની લાલચ હોય તોજ, ને તે પણ સાધારણ કમાવવાની શક્તિ આવે ત્યાં સુધીજ, ભણનાર ભણે છે. આના દાખલા મુંબઈમાં ચાલતી પાઠશાળાઓ જોઇએ તેવા પૂરા પાડે છે. એ રીતે સંસ્કૃત વિદ્યાના અભિલાષીઓથી સંસ્કૃત શિખવાનું બનતું નથી, ને સંસ્કૃત ભાષા તેમની ધર્મની બાબતોમાં આવશ્યક હોવાથી તે વગર તેમને ચાલતું પણ નથી; કેટલાક ગ્રંથોથી તો તેમને બાતલજ રહેવું પડે છે ને કેટલાક ગ્રંથોના તરજુમાઓ તથા તરજુમાના તરજુમાઓ થાય છે તેથી દોરવાવવું પડે છે, ખરો અર્થ ને ભાવ જાણી શકાતો નથી, ને એવા તરજુમાઓમાં તે લખનારા અને વાંચનારાની માનસિક ને શારીરિક શક્તિ, જે બીજા સારા ઉપયોગમાં લેવાય તે નહી જેવો ફાયદો લેવામાં વપરાઈ જાય છે, ને કેટલીક વખત તો અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ પણ કરે છે. વળી સંસ્કૃત ભાષાનું જ્ઞાન ન હોવાથી તેમાં રહેલી અનેક અમૂલ્ય વિદ્યાઓ તથા હુન્નરોનો લાભ પણ લઈ શકાતો નથી ને આયુષ તથા પૈસાની અનેક રીતે હાનિ થાય છે. આ બધુ અટકાવવા અને ગુજરાતવાસીઓની ઇંતેજારી વ્યવહારિક ભાષામાં પૂરી પાડવા આ "સંસ્કૃત ભાષા પ્રદીપ" ગ્રંથ જોઇએ તેવો છે. એમાં સંસ્કૃત ભાષાનું સંતોષકારક જ્ઞાન મેળવવાને સંસ્કૃત વ્યાકરણના જોઇતા અંગો પગથીએ પગથીએ ચહડતા લખેલા છે, ને દરેક અંગમાં કરવાની પ્રક્રિયાઓ

ક્રમવાર સમજાવી છે. વળી એમાં દરેક બાબદમાં જોઇતા નિયમો, તેના અપવાદો તથા દાખલાઓ સાથે નિઃશેષ આપેલા છે, ને એ ગ્રંથ દરેક રીતે મહર્ષિપાણિનિના સૂત્રોના અર્થોને અનુકૂલ રીતિએ ભાષાની ખુબી બરાબર સમજાય, ભણતાં કંટાળો ન આવે ને સેહેલથી ટુંક સમયમાં સંસ્કૃત ભાષાના વેદ શિવાયના દરેક ગ્રંથો સારી રીતે સમજાય એવી રીતે કરેલો છે. આ કારણોને લીધે એ ગ્રંથ સ્કૂલો તથા કૉલેજોના ગુજરાતી જાણનારા વિદ્યાર્થીઓને ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે, તેમજ લાઈબ્રેરીઓ તથા ઈનામો સારૂ પસંદ કરવા લાયક છે. ટુંકાણમાં એ ગ્રંથનો લાભ લેવા અમે દરેક ગુજરાતી ભાઇઓને મજબુત ભલામણ કરીએ છીએ, ને એ ગ્રંથના કર્ત્તાને તેમના આવા ઉત્કૃષ્ટ ગ્રંથ વાસ્તે ધન્યવાદ આપીએ છીએ. વળી આ જગોએ અમે જણાવીએ છીએ કે જો ગુજરાતી શાળાઓમાં સંસ્કૃત ભણાવવાનું દાખલ થાય ને આ ગ્રંથ તેમજ અમર કોષ, મનુસ્મૃતિ તથા હિતોપદેશ પાંચમાંથી સાતમાં ધોરણ સુધીમાં યોગ્ય વિભાગ અને ગોઠવણથી શિખવાય તો વિદ્યાર્થીઓને ઘણો લાભ થાય તેમ છે. આશા છે કે આ બાબતનો વિદ્યાધિકારીઓ ઘટતો વીચાર કરશે. આ ગ્રંથની કિંમત રૂ ૩ ) રાખવામાં આવી છે તે એ ગ્રંથ જોતાં વધારે નથી.

---

શુક્રવાર, તા. ૯ મી સપ્ટેબર ૧૯૧૦ ના મુંબઈના "અખબારે સોદાગર" પત્રમાં આવેલો મત.

## સંસ્કૃત ભાષા પ્રદીપ

ઘણા ગુજરાતવાસી આર્યોને તેમની અસલ સંસ્કૃત ભાષા ભણી તેમાં રહેલી અનુપમ વિદ્યાઓ તથા હુન્નરોના ભંડારનો લાભ લેવાનું મન થતું કેટલાક વખત થયાં જોવામાં આવે છે, પણ તેમની હાલની વ્યવહારિક ભાષામાં તે ભાષા સહેલથી અને ટુંક સમયમાં જોઇતી સંપૂર્ણ રીતે ભણવાને વ્યાકરણરૂપી સાધન ન હોવાથી તે તેમનાથી બનતું નથી; ને બીજી ભાષા મારફતે જે કેટલાક તે ભાષા ભણવા યત્ન કરે છે તેમાંના પણ ઘણાને કેટલી જગ્યાએ કંટાળીને મુકી દેવું પડે છે, અને કોઇક જે પૂરૂં ભણે છે તેને પણ ઘણો કાળ જાય છે ને ઘણી કઠિનતા પડે છે; તેથી ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની જે ખરેખરી ખોટ છે તે સારી રીતે પૂરી પાડવા "**સંસ્કૃત ભાષા પ્રદીપ**" નામનો ગ્રંથ તેના કર્ત્તા તથા પ્રસિદ્ધ કરનાર **ઠાકોરદાસ જમનાદાસ પંજી** નામના ગૃહસ્થે રચ્યો છે. એ ગ્રંથ વ્યાકરણ આચાર્ય અને ડૉકટર **પીટરસનના માજી અધ્યાપક શાસ્ત્રી જીવરામ લલ્લુભાઇએ** બારીકીથી તપાસી પૂરેપૂરો પસંદ કર્યો છે. વળી એ ગ્રંથ **એલ્ફિન્સ્ટન કૉલેજના માજી અધ્યાપક પંડિત નાનુરામ ચંદ્રભાનુએ** તેમજ **બીજા શાસ્ત્રીઓએ** પણ પસંદ કર્યો છે.

આ પુસ્તકમાં વ્યાકરણના તમામ અંગો કુદરતી નિયમ પ્રમાણે ગોઠવેલા છે. તેઓમાં કરવાની ક્રિયાઓ ક્રમવાર સ્પષ્ટ બતાવી તેઓને લગતા નિયમો પાણિનીયસૂત્રાર્થાનુસાર નિઃશેષ અને અનન્યસાધારણ કરી જોઇતા પૂરા રૂપો સાથે યોગ્ય અનુક્રમમાં આપેલા છે, અને એ ગ્રંથ આર્ટસ-કૉલેજોના તથા મૅટ્રિકયુલેશન-કલાસોના વિદ્યાર્થીઓને, તેમજ યોગ્ય વિભાગો તથા ગોઠવણથી ઉપયોગમાં લીધાથી અંગ્રેજી સ્કૂલો તથા ગુજરાતી નીશાળોના તથા બીજા ગુજરાતી લખી વાંચી જાણનારા સર્વે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ જ્ઞાન સહેલથી અને થોડા સમયમાં તેઓની ગુજરાતી ભાષાથીજ કરી શકે તેવો ઉપયોગી કરવાને સઘળી બનતી સંભાળ લીધેલી જોવામાં આવે છે.

---

તા. ૨૦-૧-૧૯૧૧ ના મુંબઈના " ધી ઍડવોકેટ ઓફ ઇન્ડીઆ " માં આવેલો મત.

## Sanskrit Bhasha Pradeep.

We have the pleasure to acknowledge receipt of the advance-copy of the above work sent to us for our opinion by its another Mr. Thakordas Jamnadas Panji of 118 Dadyseth Agiary Street, Bombay, and are glad to say that, as a work on Sanskrit Grammar, it is of primary importance in the Gujarati Language and reflects great credit on the author for the methodical treatment and extreme simplification of the most intricate rules of Panini's Grammar which are conspicuous on the very face.

The Pradeep seems to be the outcome of long, deep, and careful study and patient work deserving of good recognition. It will prove very useful to all tht Gujarati-knowing public learning or desiring to learn Sanskrit in schools and Colleges or by private study, and easily acquire sound and sufficient knowledge in a short time. It will be an ornament to libraries and can well be selected for prizes.

It is desirable that the study of sanskrit be introduced in the Gujarati Schools with the help of this Pradeep and books of prose and poetry so as to enable the Gujarati students to acquire a good knowledge of Gujarati.

We would also like to say here that if Sanskrit be taught from the very beginning by a book of Grammar and books of prose and poetry like other languages, it would in a short course of time improve the discouraging result shown by the Bombay University, where only 11 out of 88 Gujarati students have passed with Sanskrit as a special subject in the M. A. Examination in the course of the last 45 years, and that, if the Pradeep had been in English instead of Gujarati, it would have been very useful all over India and also on the continents.

---

તા૦ ૩૦ મી ઑક્ટોબર સને ૧૯૧૦ ના મુંબઈના " આર્ય પ્રકાશ " પત્રમાં આવેલો મત.

## संस्कृत भाषा प्रदीप

નામનું ગુજરાતી ભાષા જાણનારાઓને સંસ્કૃત ભાષાના વ્યાકરણની જોઇતી માહીતી આપી સંસ્કૃત શિખવાને ઉત્તેજીન કરે એવું અતિ ઉપયોગી પુસ્તક તેના કર્ત્તા* તરફથી અભિપ્રાયાર્થે મળેલું છે. પૂર્વે સંસ્કૃત ભાષા એટલી બધી ઉન્નત દશાને પ્રાપ્ત થઈ હતી કે આર્યાવર્ત્તમાં સર્વે સાધરણ રીતે તેનો ધર્મ-રાજ તથા વ્યાવહારિક ભાષા તરિકે ઉપયોગ

---

* કર્ત્તા–ઠાકોરદાસ જમનાદાસ પંજી, ૧૧૮ દાદીશેઠ અગીઆરી સ્ટ્રીટ–મુંબઈ.

કરતા હતા, અને સંસ્કૃત ભાષાની મહત્તા, માધુર્યતા અને લાવણ્યતામાં મુગ્ધ થયેલા કે વિદ્યામદથી ઉન્મત થયેલા બ્રાહ્મણોએ **न वदेत् यावनीं भाषाम्** એમ લખવાનું સાહસ પણ કીધું હતું ! કાળક્રમે જનસમાજ પ્રમાદને વશ થતાં સ્થિતિ બદલાઇ અને અવિદ્યા અંધકાર ફેલાતાં દેશમાં અનેક ભિન્ન ભિન્ન પ્રાકૃત ભાષાઓ, સેંકડો ધર્મ-મત પંથો, હજારો જ્ઞાતિઓ અને પુષ્કળ વહેમોની વૃદ્ધિ થઇ, પ્રજાના સાંસારિક રીત રીવાજો તથા આચાર વિચાર અને ધર્મ વગેરેમાં ઘણો તફાવત પડયો, અને લોકોને પોતાની પૂર્વ દશાનું તદ્દન વિસ્મરણ થયું એમ કહેવું અનુચિત ગણાશે નહીં એટલુંજ નહીં પણ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજનારાં પૂર્વજોનાં વર્તમાન સંતાનોમાંથી ઘણાં હજુપણ સંસ્કૃત ભાષાને Dead Language મૃતભાષા તરિકે ઓળખાવે છે !! અંગ્રેજોના રાજ્ય શાસનની શરૂઆત થયા પછી દેશમાં પુનઃ કેળવણીનાં બીજ ઉગવા લાગ્યાં અને જ્ઞાનની સુવાસ ધીમે ધીમે ચોતરફ ફેલાતી રહી છે. તે સાથે યુરોપિયન વિદ્વાનો તથા આ દેશના પંડિતો દ્વારા સંસ્કૃત ભાષાના વિસ્તૃત સાહિત્યના પુનરૂદ્ધાર માટે પણ જુદી જુદી દિશામાં પ્રયત્નો થવા ચાલુ છે. આ ગ્રંથ પણ તેવાજ શુભ ઉદ્દેશનું પરિણામ છે. ગ્રંથની ભૂમિકામાં પાણિનીય અષ્ટાધ્યાયીની ઉત્પત્તિ સંબંધી જે કલ્પિત દંત કથા ગ્રંથકારે લખી છે તે તદ્દન અસંભવિત છે એમ કહ્યા શિવાય અમે રહી શકતા નથી, કારણ કે મહર્ષિ પાણિનીયે ખુદ અષ્ટાધ્યાયીનાં **ऋतो भारद्वाजस्य ७-२-६३। लोपः शाकल्यस्य** ૮-૩-૧૯ ઇત્યાદિ ઘણાં સૂત્રોમાં પોતાની પૂર્વેના વ્યાકરણાચાર્ય ઋષિઓનાં નામ આપી તેમનો મત દર્શાવ્યો છે તેથી તો એ સ્પષ્ટ માલમ પડે છે કે, પોતાની પૂર્વે રચાયલાં તમામ વ્યાકરણોનો અનુભવ લીધા પછીજ તેમણે જગદ્વિખ્યાત પાણિનીય અષ્ટાધ્યાયી નામના અદ્ભૂત વ્યાકરણની રચના કરી છે. તાંડવ નૃત્ય કરતાં શિવ ભગવાનને ડમરૂથી અવાજ કરતાં સાંભળી તે અવાજોને વ્યાકરણના સંબંધનાં સૂત્રો તરીકે ઓળખી અષ્ટાધ્યાયી રચી એમ લખવા કરતાં કદાચ શિવ નામના કોઇ વ્યાકરણાચાર્ય પાસે અધ્યયન કર્યા પછી અષ્ટાધ્યાયી બનાવી એવું લખ્યું હોત તો તે સંભવિત ગણાત. આશા છે કે ગ્રંથકર્ત્તા દ્વિતીયાવૃત્તિમાં ઘટતો સુધારો કરશે. એકંદરે આજ સુધી ગુજરાતી ભાષાદ્વારા સંસ્કૃત શિખવાનાં સાધનરૂપ માર્ગોપદેશિકા, લઘુકૌમુદી વગેરે પુસ્તકોમાં આ એક અત્યુત્તમ શ્રેષ્ઠ પુસ્તકનો વધારો થયો છે. પુસ્તક રચવામાં તથા તેને શુદ્ધ અને સારા કાગળ ઉપર છાપી પ્રગટ કરવામાં કર્ત્તાએ ઘણોશ્રમ લીધો જણાય છે, તો પણ સર્વ સાધારણ તેનો લાભ લઇ શકે એટલા માટે તેનું મુલ્ય જે ત્રણ રૂપીઆ રાખવામાં આવ્યું છે તે ઘટાડવાની અત્યંત આવશ્યકતા છે. સંસ્કૃત શિખવાના જીજ્ઞાસુ તેમજ સંસ્કૃતના અભ્યાસીઓને આ પુસ્તકની એક પ્રત સંગ્રહ કરવા અમે ખાસ ભલામણ કરીએ છીએ.

---

સોમવાર, તારીખ ૨૪-૧૦-૧૯૧૦ ના મુંબઇના **"મુંબઈ સમાચાર"** પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

**મી૦ ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી તેમણે રચેલું **'સંસ્કૃત ભાષા પ્રદીપ'** નામનું પુસ્તક અભિપ્રાય માટે અમારા તરફ મોકલવામાં આવ્યું છે જેની અમે ઘણી ખુશાલી સાથે પહોંચ સ્વીકારીએ છીયે. આ પુસ્તકમાં સંસ્કૃત ભાષાનું ગુજરાતી ભાષાની અંદર વ્યાકરણ આપવામાં આવ્યું છે અને તેમ કરવાનો મી૦ પંજીનો ઉદ્દેશ એટલોજ છે કે સંસ્કૃત કે જે સ્કૂલો તથા કૉલેજોના વિદ્યાર્થીઓમાં એક ઘણો કઠિન વિષય ગણાય છે તેમાં બનતી સરળતા

કરી તે ભાષાના અભ્યાસને ઉત્તેજન આપવું. મી૦ પંજીએ ભૂમિકામાં બતાવ્યું છે તેમ હરકોઈ ભાષા જ્ઞાન મેળવવા માટે પ્રથમ પગલે તેનું વ્યાકરણ અવશ્યનું છે. ભાષાની દેખીતી ગુંચવાડા ભરેલી ભુલામણીની યોજના બતાવવામાં વ્યાકરણનું જ્ઞાન એક દીવાના અર્થ સારે છે, કે જે દીવાના પ્રકાશ વડે અજ્ઞાન રૂપી અંધકાર દૂર થાય છે અને હરકોઈ દેખતો માણસ પોતાનો માર્ગ સહેલથી મેળવી શકે છે. જો વ્યાકરણ માત્રને આપણે આ નજરથી જોઇએ તો મી૦ પંજીએ પોતાના પુસ્તકને જે પ્રદીપનું નામ આપ્યું છે તે નામ યથાર્થ રીતે અપાયલું અમો ગણી શકીએ છીયે. વળી મી૦ પંજી પોતે એક વેપારી વર્ગના માણસ છે અને તેમ છતાં પણ ભાષા જ્ઞાન જેવા વિષય ઉપર ધ્યાન આપી બીજાઓનો માર્ગ વધારે સરળ કરવા માટે તેમણે જે શ્રમ લીધો છે તે ખરેખર સ્તુતિપાત્ર છે.

આ પુસ્તકની રચના આઠ પ્રકરણોમાં કરવામાં આવી છે, જેમાં પહેલા છ પ્રકરણોમાં સંધિ, ક્રિયાપદ, કૃદંત, નામ, સર્વનામ, વિશેષણ વિગેરેનું, વિભક્તિ પ્રત્યય, જાતિ ઈત્યાદિ પૃથક્ પૃથક્ શબ્દોને લગતું જ્ઞાન આપી સાતમાં પ્રકરણમાં વાક્યરચના વિષે નિયમો દાખલ કરવામાં આવ્યાં છે, જ્યારે આઠમું પ્રકરણ ધાતુકોષ ઇત્યાદિ પરિશિષ્ટોથી બનેલું છે. આ પુસ્તકની રચના ઉપરથી અભ્યાસમાં હરકોઈ વખતે શંકા કે મુશ્કેલી ઉભી થાય તો તે તેનું સંશોધન કરવા માટે તેને લગતો નિયમ શોધી કાઢવાનું ઘણું સુગમ પડે છે.

તમામ મૂળ ભાષાઓની માફક સંસ્કૃત ભાષા ઘણી ગુંચાવાડા ભરેલી તથા કઠિન માલુમ પડે છે. સામાન્ય નિયમોમાં અપવાદો તો અગલે ડગલે આવી પડે છે. આવા ગુંચવાડા માંહેથી જેમ બને તેમ સરળતા ઉપજાવવાને મી૦ પંજીએ ખાસ મહેનત લીધી છે પરંતુ તેની સાથે અમારે એટલું જણાવવું પડે છે કે આ પુસ્તકની અંદર યાદશકિત ઉપર જરા વધારે બોજો મુકવામાં આવે છે. વળી સંસ્કૃત ભાષાનો અભ્યાસ સહેલો કરવાનો મી૦ પંજીનો હેતુ આ પુસ્તકથી સરતો હોય એમ અમને લાગતું નથી, એટલે કે આ પુસ્તક માર્ગોપદેશિકાનો અર્થ સારે તેમ નથી. શરૂઆતના વિદ્યાર્થીઓને નિયમની સાથે દ્રષ્ટાંતોની ખાસ જરૂર રહે છે, જ્યારે આ પુસ્તક મારફત નહીં જેવા વાકયની રચના પણ આખું પુસ્તક પૂરૂ થયા વગર કરી શકાતી નથી. એકસાથે ક્રિયાપદ કે નામને લગતા નિયમો આપી દેવા તે વ્યાકરણનું કામ છે, પરંતુ માર્ગોપદેશિકા માટે તે રચના અમને ઉચિત લાગતી નથી, તો પણ બીજી રીતે જોતાં સંસ્કૃત વ્યાકરણના પૃથક્કરણ તરીકે ખાસ વ્યાકરણનાજ અભ્યાસ માટે કે વ્યાકરણને લગતી શંકા કે મુશ્કેલીઓનું નિવારણ શોધવા માટે મી૦ પંજીનું પુસ્તક ઘણું ઉપયોગી થઇ પડશે એવો અમારો અભિપ્રાય છે.

છેવટમાં ગુજરાતી ભાષાની તરફેણમાં રહીને પણ અમો મી૦ પંજીના શ્રમને અનુમોદન આપીશું. સ્કૂલો તથા કૉલેજોમાં ચાલતી પદ્ધત્તિનાં પરીણામે સંસ્કૃત ભાષા શિખવાનું કામ ઇંગ્રેજી ભાષાનાં સાધન શિવાય બીજી રીતે મુશ્કેલ થઇ પડયું છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ ગુજરાતી ભાષામાં આપવાથી ગુજરાતી ભાષાનાં વ્યાકરણનો અભ્યાસ પણ વધારે દ્રઢ થાય છે, અને તે ઉપરાંત ગુજરાતી ભાષા કે જે સાહિત્યમાં ઘણી પછાત પડી ગયેલી જોવામાં આવે છે તે ભાષાને ખિલવવા માટે તેની મૂળ ભાષા સાથેનો સંબંધ સાથે સાથે નિહાળવાથી ઘણો લાભ થાય એ સ્વભાવિક છે. તે કારણે ગુજરાતી ભાષાની અંદર પણ આ પુસ્તકદ્વારા એક જાતનાં સાહિત્યને ઉત્તેજન મળ્યું છે એવું અમો માનીએ છીએ.

---

તા. ૧૬ મી અકટોબર સને ૧૯૧૦ ના **મુંબઈના "ગુજરાતી"** પત્રમાં આવેલો મત.

## સંસ્કૃત ભાષા પ્રદીપ.

આ નામનો સંસ્કૃત ભાષાના વ્યાકરણનો ગ્રંથ તેના કર્ત્તા **રા. ઠાકોરદાસ જમનાદાસ** પંજી તરફથી અમને અવલોકનાર્થે મળ્યો છે. એક ભાષા જાણવા માટે પ્રથમ તેનું વ્યાકરણ જાણવાની-ભણવાની જરૂર છે. વ્યાકરણ નહિ જાણવાથી હ્રસ્વદીર્ઘનું, ખરા ખોટા શબ્દનું, તેમ તેના ભિન્ન ભિન્ન અર્થોનું જ્ઞાન થતું નથી, એટલુંજ નહિ પરંતુ પોતે કરેલા પ્રયોગોમાંથી અર્થોને ઠેકાણે અનર્થો ઉત્પન્ન થવાનો પ્રસંગ પણ આવે છે. ભગવાન ભાષ્યકાર પતંજલિએ વ્યાકરણ ભણવાનું પ્રયોજન દર્શાવતાં કહ્યું છે કે, रक्षोहागमलघ्वसंदेहः प्रयोजनम् । વેદોનું રહસ્ય સમજવા માટે, વૈદિક મંત્રોમાં જ્યાં ઊહ કરવો હોય ત્યાં ઊહ કરવા માટે, જેમ કે अग्नयेत्वाजुष्टं निर्वपामि એ અગ્નિના મંત્રનો સૂર્યના ચરૂમાં ઉહ કરવો હોય ત્યારે सूर्यायत्वाजुष्टं निर्वपामि । એ પ્રમાણે ઉહ કરવા માટે, વ્યાકરણ વેદાંગ છે તે ભણવું જોઈએ. એટલા માટે, શાસ્ત્રો લઘુ ઉપાયથી જાણી શકાય તેટલા માટે તથા વૈદિક લૌકિક શબ્દોના સંદેહો દૂર કરવા માટે, વ્યાકરણ ભણવાની જરૂર છે. આમ ભાષ્યકારોએ વ્યાકરણ ભણવાનાં ઘણાં પ્રયોજનો દર્શાવ્યાં છે. આ ઉપરાંત એક પુરૂષ પરદેશ ભણતા પોતાના પુત્રને પત્ર લખીને વ્યાકરણ ભણવા માટે આગ્રહ કરતાં લખે છે કે;—

यद्यपि बहुनाधीषे तथापि पठ पुत्र व्याकरणम् । स्वजनः श्वजनो माभूत् सकलं शकलं सकृच्छकृत् ॥

હે પુત્ર! તારે જો કે બહુ અધ્યયન કરવું ન હોય તો પણ વ્યાકરણ (તો અવશ્ય) ભણજે. વ્યાકરણ ભણવાથી તું स्वजन (પોતાના કુટુંબી) ને ઠેકાણે श्वजन (કુતરો) લખીશ નહિ અને सकल (સર્વ) ને ઠેકાણે शकल (કટકો) લખીશ નહિ.

કહેવાનું તાત્પર્ય એ છે કે વ્યાકરણ નહિ ભણવાથી એક શબ્દનો પ્રયોગ કરતાં તેમાંથી અર્થનો અનર્થ ઉભો થાય છે, માટે વ્યાકરણ ભણવાની જરૂર છે. પરંતુ ખેદની વાર્તા છે કે અધુના વ્યાકરણ તરફ લોકોની બહુજ ઉપેક્ષા છે. તેઓ ઇચ્છાનુસાર શબ્દોના પ્રયોગો કર્યા જાય છે અને તેથી વિચારના વાહનરૂપી ભાષાની દિનપર દિન અધોગતિ થતી જાય છે અને અપપ્રયોગો કરનારાઓ પોતાની ધારણામાં નિષ્ફળ નિવડે છે. ભગવાન્ ભાષ્યકાર શબ્દ પ્રયોગના સંબંધમાં ફળશ્રુતિ દર્શાવતાં કહે છે કે;—एकः शब्दः सम्यक् ज्ञातः सम्यक् प्रयुक्तः स्वर्गलोके कामधुक् भवति । ફક્ત એકજ શબ્દને યથાર્થ રીતે જાણ્યો હોય ને જાણ્યા પછી—સમજ્યા પછી તેનો પ્રયોગ કર્યો હોય તો તે સ્વર્ગલોકમાં કામના પૂરનારો થઇ પડે છે. વ્યાકરણના જ્ઞાનનું કેટલું મોટું ફળ છે! તે વાત આ વાક્ય ઉપરથી આપણે જાણી શકીએ છીએ.

સંસ્કૃત ભાષા ભણવાને-જાણવા માટે પાણિનિનું વ્યાકરણ પ્રસિદ્ધ છે અને તે વ્યાકરણાનુસાર રચાયલી સિદ્ધાંત કૌમુદી નામના વ્યાકરણનું હાલમાં આખા હિંદુસ્તાનમાં પઠનપાઠન ચાલુ છે. આ સિદ્ધાંત કૌમુદીકારે પણ ગ્રંથારંભમાં કહ્યું છે કે હું वैयाकरणसिद्धांतकौमुदीयं विरच्यते વ્યાકરણ જાણનારાઓ માટે સિદ્ધાંતોની કૌમુદી રચું છું; અને ગ્રંથને છેવટે કહે છે કે लौकिकशब्दानां दिङ्मात्रमिह दर्शितम् । મેં આ રીતે લૌકિક શબ્દોની માત્ર દિશાજ દર્શાવી છે.

આવી રીતે કહેવાનું કારણ એ છે કે લોકો પ્રવૃત્તિશીલ, આળસુ તથા અલ્પ આયુષ્યવાળા હોવાથી, જેઓ મહાન્ વ્યાકરણ શાસ્ત્ર ભણી શકે નહિ તેને માટે આ પ્રયત્ન છે. વર્તમાન કાળમાં લૌકિક પ્રવૃત્તિ વધી ગઈ છે અને તેથી થોડા સમયમાં અધિક જ્ઞાન કેમ મળે તેવા

દરેક વિષયો માટે ઉપાયો યોજવામાં આવે છે, પરંતુ આવા ઉપાયોથી પ્રાચીન કળા જ્ઞાન અને શાસ્ત્રીય જ્ઞાનનો નાશ થશે, આમ કેટલાએક ભય દર્શાવે છે, અને તે ભય સત્યે પણ છે. પરંતુ પ્રવૃત્તિને લીધે તેનો કોઈ પણ વિચાર કરતા નથી. આવી જાતનો પ્રયત્ન, શાસ્ત્રીય જ્ઞાનના સંબંધમાં પણ પ્રવૃત્ત થયો છે. અલબત એ પ્રયત્ન સારો છે; પરંતુ તેમ થવાથી કાળે કરીને શાસ્ત્રના મહાન્ ગ્રંથોના પઠન પાઠનના અભાવે તે ગ્રંથો લુપ્ત થઇ જવાનો પ્રસંગ આવી લાગે છે, એમ અમારૂં માનવું છે.

કેળવણી ખાતામાં સંસ્કૃત ભાષા દાખલ કરતી વખતે વિદ્યાર્થીઓને થોડા સમયમાં અને થોડી મહેનતમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણનું જ્ઞાન થવા માટે સરકાર તરફથી વ્યાકરણના ગ્રંથો રચવા માટે, કેળવણી ખાતાના વિદ્વાનોને સૂચના કરવામાં આવી હતી, તે સૂચનાનુસાર ડૉકટર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરે સંસ્કૃત માર્ગોપદેશિકા તથા સંસ્કૃત મંદિરાંતઃપ્રવેશિકા નામના બે સંસ્કૃત વ્યાકરણનાં પુસ્તકો કર્યાં છે. આ પુસ્તકોનાં ગુજરાતીમાં પણ ભાષાંતર થયાં છે અને ઘણા વર્ષો થયા ઈંગ્રેજી તથા ગુજરાતી સ્કૂલોમાં કેળવણી લેતાં વિદ્યાર્થીઓને તે દ્વારા સંસ્કૃત ભાષા શિખવવામાં આવે છે. તે પછી કેટલાક વિદ્વાનોએ છૂટા છવાયા પ્રયત્નો કર્યા હતા ને હાલમાં કેટલાએક કરે છે. પરંતુ તેથી ડૉ૦ ભાંડારકરનાં પુસ્તકોનો મહિમા જેવોને તેવોજ રહ્યો છે. તેનું કારણ એટલુંજ કે તેમણે કરેલ ગ્રંથોથી ધારેલું ફળ વિદ્યાર્થીઓને મળે છે. ભણતી વખતે પરિશ્રમ ઘણોજ થોડો પડે છે; નિયમોની રચના પણ, ઘણીજ સાદી, સરળ ને બનતાં સુધી ટુંકાણમાં સમજાવેલી છે. આવાં કેટલાએક કારણોને લીધે તેમનાં પુસ્તકો માન્ય થઇ પડયાં છે. માર્ગોપદેશિકામાં કંઈ સર્વ વ્યાકરણ શાસ્ત્ર સમાયલું નથી ને તેવો તેમણે દાવો પણ કર્યો નથી; એ વાત તેમણે રચેલા ગ્રંથોનાં નામપરથીજ સિદ્ધ થાય છે.

રા. ઠાકોરદાસે 'સંસ્કૃત ભાષા પ્રદીપ' નામનો એક સંસ્કૃત ભાષાના વ્યાકરણનો ગ્રંથ ગુજરાતી ભાષામાં સમજણ સાથે બહાર પાડયો છે, અને તેમાં વ્યાકરણને લગતા સર્વે વિષયોનું વિસ્તારથી વિવેચન કર્યું છે. આ ગ્રંથના આઠ પ્રકરણ છે. પ્રથમ પ્રકરણમાં અક્ષરની ઉત્પત્તિ, તેનાં સ્થાનો, પ્રયત્નો વગેરે દર્શાવ્યા છે. બીજા પ્રકરણને પાંચ ભાગમાં વહેંચી નાંખીને તેમાં સ્વર, વ્યંજન, અનુસ્વાર તથા વિસર્ગ, સંધિના નિયમો આપ્યા છે. આ પ્રકરણ જરા લાંબુ થયું છે, પરંતુ તેમ કર્યા શિવાય કર્ત્તાને છુટકો ન હતો. ત્રિજા પ્રકરણની અગ્યાર ભાગમાં રચના કરી છે અને તેમાં ધાતુ, ક્રિયાપદ, કૃદંત, અવ્યય વગેરેના નિયમો, પ્રત્યયો, વિકરણો ( ગણની નિશાનીઓ ), સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો, વિકારક તથા અવિકારક પ્રત્યયો, સ્વરાદિ અને વ્યંજનાદિ ધાતુના દ્વિત્વ વિષયક અભ્યાસમાં બનતા વિકારો, સન્નન્ત ધાતુ, યઙન્ત ધાતુ, નામ ધાતુ, ભાવિ ભાવે કર્મબોધક ધાતુ વિષે નિયમો, તેના વિશેષ નિયમો, અર્થો વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે. અન્ય ધાતુઓમાં પ્રેરક, સન્નન્ત, યઙન્ત, પ્રેરકના સન્નન્ત, સન્નંતના પ્રેરક વગેરે રૂપો સમજાવવા માટે બુધ્ ધાતુનાં સર્વે રૂપો આપવામાં આવ્યા છે. તે પછી કૃદંત પ્રકરણ વિષે લખવામાં આવ્યું છે અને તેના પણ સર્વે નિયમો, તથા અપવાદો દર્શાવવામાં આવ્યા છે. ચોથા પ્રકરણમાં પ્રાતિપદિકોનો વિચાર કરવામાં આવ્યો છે. કારણ કે ધાતુઓમાંથી પ્રાતિપદિકો બને છે. આ પ્રકરણમાં પ્રાતિપદિકનાં, કૃદંતાદિકનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે અને તેમાં અકારાંતથી હકારાંત સુધીના પુલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ તથા સર્વનામ શબ્દોનું અનુક્રમે નિયમ સાથે વ્યાકરણ કર્યું છે. પાંચમા પ્રકરણમાં અવ્યયોની સમજણ આપી છે. છઠ્ઠા પ્રકરણમાં સમાસનો વિચાર કરવામાં આવ્યો છે; આના સાત વિભાગ કરવામાં આવ્યા છે ને તેમાં જુદા જુદા સમાસની સમજણ તેને લગતા નિયમો, વિકલ્પો, અપવાદો વગેરે દર્શાવવામાં આવ્યા છે. સાતમું પ્રકરણ વાક્યરચના

નામનું છે. તેમાં વર્તમાન, ભૂત ભવિષ્ય, આજ્ઞાર્થ, વિધ્યર્થ, આશીર્લિંગ વગેરેનો ક્યાં ને ક્યારે પ્રયોગ થાય, સાત વિભક્તિઓનો ક્યારે પ્રયોગ થાય તે વિષે, તથા કર્તરિપ્રયોગ, કર્મણિ પ્રયોગ, ભાવે પ્રયોગમાં કર્ત્તાનો પ્રયોગ કરવા વિષે; તથા શબ્દોના અને ક્રિયાપદના અધ્યાહાર વિષે નિયમો દર્શાવ્યા છે' અને આઠમાં પરિશિષ્ટ નામના પ્રકરણમાં लोहितादि અઢાર ગણો, ઉપસર્ગો, ઉપસર્ગોથી ધાતુના અર્થમાં થતા ફેરફાર વગેરે વ્યાકરણને લગતી સર્વ બાબતો ગ્રંથ કર્ત્તાએ ગ્રંથમા કાળજીપૂર્વક દાખલ કરી છે. વ્યાકરણ જેવા એક કઠિન વિષયમાં તેમણે કરેલો પરિશ્રમ એક વૈશ્ય વણિક તરીકે સ્તુત્ય અને આદરણીય છે. ડૉ. ભાંડારકરના પુસ્તકો કરતાં આ ગ્રંથમાં વ્યાકરણના વિષયો વિશેષ અને વિસ્તારથી વર્ણવ્યા છે. એ રીતે આ ગ્રંથ જો કે ઉપયોગી છે પરંતુ ડૉ. ભાંડારકરના ગ્રંથ કરતાં આ ગ્રંથ ઘણોજ કઠિન અને વિસ્તારવાળો છે. કારણ કે કર્ત્તાએ પ્રત્યેક વિષયો માટે જુદા જુદા નિયમો લખ્યા છે; ત્યારે ડા. ભંડારકરે, કેટલાએક નિયમોને એવા તો વ્યાપક લખ્યા છે કે જેનો બધી જગ્યાએ ઉપયોગ થઈ શકે. ડા. ભંડારકરે સંધિ પ્રકરણ જુદું નહિ લખતાં, ધાતુના અને શબ્દોના પ્રયોગો દર્શાવતી વખતે પ્રસંગોપાત સંધિઓના નિયમો દર્શાવ્યા છે જેથી તેને માટે જુદું પ્રકરણ યોજવાનો તેને પ્રયત્ન કરવો પડયો નથી. આનું કારણ ડા. ભંડારકર જાતે વ્યાકરણના અભ્યાસી હતા. તેમણે વ્યાકરણ શાસ્ત્ર ઉપર સંપૂર્ણ વિચાર કર્યો હતો અને પછી જે લોકોને વ્યાકરણ શિખવવાનું છે તેની બુદ્ધિ તરફ પણ ધ્યાન આપ્યું હતું અને પછી ગ્રંથ રચના કરી હતી. તેથી તેનો ગ્રંથ લોકપ્રિય અને અનન્ય થઇ પડયો છે. ત્યારે રા. ઠાકોરદાસ વ્યાકરણ શાસ્ત્રના અભ્યાસી નથી—તેમણે ગ્રંથનો અભ્યાસ કરતાં કરતાં આ ગ્રંથ લખેલો છે અને તેથીજ સિદ્ધાંત કૌમુદીનું આ ગ્રંથ એક ભાષાંતર કહીએ તો કહી શકાય. છતાં ગ્રથ-કારના વ્યાકરણ જેવા એક કઠિન વિષયને ગુજરાતી ભાષામાં ઉતારવા માટે કરેલા પરિશ્રમ માટેજ અમે ધન્યવાદ આપીએ છીએ. કર્ત્તાએ ગ્રંથને પૂર્ણ ને નિર્દોષ બનાવવા માટે પ્રયત્ન કર્યો છે અને મુંબઇના જાણીતા શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈની તથા શાસ્ત્રી ત્રિભુવન ધનજીની આ ગ્રંથ રચતી વખતે સહાયતા લીધી છે. સંસ્કૃત શિખનારને આ ગ્રંથ સહાયતારૂપ થઇ પડે તેવો છે, કેમકે કર્ત્તાએ અસલ વ્યાકરણના સર્વે નિયમોને અનુસરીને દરેક ધાતુઓ, દરેક નામો, તથા સમાસો, તદ્ધિતો વગેરેના રૂપો દર્શાવ્યા છે. વળી આ ગ્રંથના અભ્યાસથી સંસ્કૃત વ્યાકરણના ગ્રંથો, કાવ્યો, નાટકો તથા શાસ્ત્રો ભણવા પણ સરળ થઇ પડવા સંભવ છે. ગ્રંથમાં કેટલાંએક સ્થળોએ અશુદ્ધિ રહી ગઈ છે જે વ્યાકરણ જેવા ગ્રંથમાં મહાન દોષ ગણાય—પરંતુ તેને માટે આરંભમાંજ શુદ્ધિ પત્રક આપ્યું છે.

---

ડીસેંબર ૧૯૧૦ ના મુંબઈના "**સમાલોચક**" ચોપાનીઆમાં આવેલો મત.

સંસ્કૃત ભાષા પ્રદીપ–કર્ત્તા તથા પ્રસિદ્ધ કરનાર **શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી**, મુંબઇ. પાનાં ૨૬૪ કીમત રૂ. ૩–૦–૦

ગુજરાતી ભાષાનાં અંગોને વિવિધ રીતે પુષ્ટ કરવાની અતિ આવશ્યકતા છે. એ કાર્ય અસહાય સાહિત્ય સેવકો કેવલ પોતાના વિદ્યાબળથી સાધી શકે એમ નથી. શ્રેષ્ઠીઓ તથા સામાન્ય જનમંડળની તેમાં અવિરત સહાય હશે, તોજ એ કાર્ય પાર પડશે, નહિ તો નહીં. જ્યાંસુધી વ્યાકરણ, તર્કશાસ્ત્ર આદિ મુખ્ય મુખ્ય અંગોપરિપુષ્ટ થયા નથી, ત્યાં સુધી ભાષા વૃક્ષ સર્વાંશે પરિણત અને રસદાયી ફળ આપવાને કેવલ અશક્ત છે. ગુજરાતી ભાષાના મૂળને સંસ્કૃત ભાષાએજ જોઈતો રસ પૂરો પાડયો છે, અને અન્ય ભાષાઓ હવા પ્રકાશ આદિ

તત્વોની પેઠે તેમાં કેટલેક અંશે સહાયક નિવડી છે. આથી સંસ્કૃત ભાષાનાં અંગોને યોગ્ય રીતે જાણવાની અતિ આવશ્યક્તા છે. કોઈ પણ ભાષાનો યથાર્થ અભ્યાસ કરવા સારૂ પ્રથમ તે ભાષાનું વ્યાકરણ જાણવાની ખાસ અપેક્ષા છે. વ્યાકરણને સંસ્કૃત કવિઓ ભાષાના શીર્ષની ઉપમા આપે છે. વ્યાકરણના યથાર્થ અધ્યયન વિના ભાષાનું યથાર્થ જ્ઞાન કદી પણ થતું નથી. સંસ્કૃત ભાષામાં વ્યાકરણના મહાન ગ્રંથો રચાયલાં છે. પરંતુ જેમ પંચતંત્રના કર્તા વિષ્ણુશર્મા કહે છે તેમ अनंतपारं किल शब्दशास्त्रं શબ્દશાસ્ત્રનો પાર અનંત–અંત વિનાનો છે, એટલે સ્વલ્પ આયુ અને બહુ વિઘ્નોથી સંકુલ એવા વીસમી સદીના પ્રવૃત્તિશીલ જમાનામાં એ મહાન ગ્રંથોનો સર્વ જિજ્ઞાસુ વિધાર્થીઓ યથાસ્થિત અભ્યાસ કરી શકે એમ નથી, તેથી વિદ્યાર્થી સરળતાથી અભ્યાસ કરી શકે એવી દ્રષ્ટિથી તેના અતિ આવશ્યક વિભાગોના સંક્ષિપ્ત અને સારભૂત ગ્રંથો તૈયાર કરવાની અપેક્ષા રહે છે. સંસ્કૃત ભાષામાં પણ વ્યાકરણના આવા ગ્રંથો રચાયા છે, પરંતુ ગુજરાતી ભાષામાં તેવા ગ્રંથો ઉતાર્યા શિવાય ગુજરાતી વિદ્યાર્થીઓ તેનો અભ્યાસ સરળતાથી કરી શકશે નહીં. સુપ્રસિદ્ધ, વયોવૃદ્ધ, વિદ્વાન. ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરે આ ઉદ્દેશથી વ્યાકરણના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને '**માર્ગોપદેશિકા**' અને **મંદિરાંત:પ્રવેશિકા**-માં વિદ્યાર્થીઓના હિત માટે ઇંગ્રેજીમાં ઉતાર્યા છે અને એ પુસ્તકોના ગુજરાતી ભાષાંતરોએ અંગ્રેજી નહી જાણનાર વિદ્યાર્થીઓની અગત્ય પુરી પાડી છે. શ્રીમાન્ સયાજીરાવ ગાયકવાડે "**સંસ્કૃત જ્ઞાનમંજુષા**" નામની સરણી દ્વારા આજ ઉદ્દેશથી ગુજરાતી ભાષામાં એવા, સિદ્ધાંતોને ઉતારવા સારૂ સાક્ષર રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીની યોજના કરી હતી. તેમણે ડૉ. ભાંડારકરની યોજનામાં કેટલોક આવશ્યક સુધારો કરીને કેટલાક વર્ષ પૂર્વે પ્રથમ પુસ્તક પ્રગટ કર્યું હતુ. તે પછી શ્રીમંત ગાયકવાડ સરકારની હંમેશાની વિલંબ નીતિ અનુસાર એ કાર્ય આગળ વધતું અટકી પડયું છે, એ અતિશય શોચનીય છે. રા. સા. કમળાશંકર જેવા યોગ્ય અને પરિપકવ વ્યાકરણાભ્યાસીને હાથે જો એ કામ પુરૂં કરાવવામાં આવ્યું હત, તો બેશક તે વીદ્યાર્થીઓને વિશેષ લાભપ્રદ થયા વિના રહેતજ નહીં. અમારા સાંભળવામાં છે કે રા. સા. કમળાશંકર નવી પદ્ધતિ અનુસાર એક સંસ્કૃત સરણી તૈયાર કરે છે. આ ઉપરાંત મી. ગોલેની પણ એક અપૂર્ણ સરણી છે. વળી રાજકોટની સૌરાષ્ટ્ર પાઠશાલા તરફથી પણ એવો પ્રયત્ન થયલો છે.

પ્રસ્તુત **સંસ્કૃત ભાષા પ્રદીપ** નામક ગ્રંથ તૈયાર કરવામાં પણ સંસ્કૃત વ્યાકરણના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને સરળતાથી વિદ્યાર્થીઓના મન ઉપર ઠસાવવાનો રા. ઠાકોરદાસનો ઉદ્દેશ છે. તેમના પુત્ર રા. છગનલાલને તેમણે ૧૯ વર્ષના થયાં ત્યાં સુધીમાં સંસ્કૃત અને ઈંગ્રેજી ભાષાનુ કેટલુંક જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું. રા. ઠાકોરદાસે સંસ્કૃત ભાષામાં તેમને પ્રવીણ કરવા સારૂં વ્યાકરણના વિવિધ અંગોના નિયમો શિખવવાની એક સરળ યોજના ઘડી–ઘડાવી કાઢી હતી, અને એ યોજનાનું પરિણામ એ આ પ્રસ્તુત **સંસ્કૃત ભાષા પ્રદીપ** નામક ગ્રંથ છે. સાંપ્રતપ્રવૃત્તિશીલ સમયે પુત્રને અભ્યાસ કરાવવા સારૂ પોતે જાતે આવા કઠિન અને શ્રમસાધ્ય વિષયનું અવગાહન કરીને એક સરલ ગ્રંન્થ યોજી–યોજાવી કાઢનારા શ્રેષ્ઠી પિતા જવલ્લા હોય છે. **રા. ઠાકોરદાસે** મંદ અધિકારીઓને અભ્યાસના સાધન રૂપ ભાષાગ્રંથોમાં આવા ગ્રંન્થની ન્યૂનતાને પરિપૂર્ણ કરવા સારૂ ગુજરાતી પ્રજાને પ્રસ્તુત ગ્રંથ સમર્પ્યો છે, તે માટે તેઓ ખરેખર પ્રશંસાને પાત્ર છે. જો કે આ ગ્રન્થ કેટલેક અંશે ભાષાંતર છે, તેમ છતાં પણ તેમણે પ્રવૃત્તિમય પરમાણુંઓથી વ્યાપ્ત એવી મુંબઇ નગરીમાં વસીને, પોતાના સમયનો સદુપયોગ કર્યો છે, અને પોતાના પરિપકવ વિચારોને સુચિન્હિત કર્યા છે, એ

જોઇ અમને હર્ષમિશ્ર સંતોષ થાય છે. તેમના પુત્ર રા. છગનલાલે આ ગ્રંથને પ્રસિદ્ધ કરવામાં વિવિધ જાતના પરિશ્રમો વેઠ્યા હતાં; પરંતુ આ ગ્રંથ પૂર્ણ થતાં પહેલાં તેમનું બાવીસ વર્ષની ભર યુવાવસ્થાએ અકાલે મર્ણ થતાં રા. ઠાકોરદાસે આ ગ્રંથ રૂપી નિવાપાંજલિ તેમને સમર્પી છે. ઉમ્મરે પુગ્યા પછી યુવાન પુત્રનું મર્ણ થાય છે, તો તે પિતાને અતિશય સાલે છે અને તેવું અકાલ મર્ણ એક પ્રકારે પિતાની વૃદ્ધાવસ્થાને કોરી ખાનારા જીવરૂપ થઇ પડે છે. રા. ઠાકોરદાસને શિરે આવું અસહ્ય દુઃખ આવી પડયું તે માટે અમે અતિશય દિલગીર છીએ.

આટલું આવા ગ્રન્થની આવશ્યકતા વિષે અને તેના યોજનાર સંબંધી સ્વાભાવિક કથન કર્યા પછી હવે આ ગ્રન્થની યોજના તરફ કંઇક લક્ષ આપીએ. રા. ઠાકોરદાસ પ્રસ્તુત ગ્રંન્થના પ્રયોજનમાં જણાવે છે, કે "આ રીતે એ (સંસ્કૃત) ભાષા જોઇએ તેવી સજીવન થઇ શકતી નથી, એ સર્વને જાણીતું છે; તેથી એ ભાષા તથા તેના ગ્રન્થો તેઓના અધિકારીઓ સેહેલથી ભણી શકે અને એ વિદ્યા સજીવન થાય એવા વ્યાકરણની જરૂર છે, ને તેજ આ ગ્રંન્થનું પ્રયોજન છે." તેમણે ગ્રંથની આ યાજનાનું વિધાન કેવી રીતે કર્યું છે, તે પ્રસ્તાવનામાં ૧૦-૧૧ પાનામાં સ્પષ્ટતાથી સમજાવેલું છે.

ડૉ. ભાંડારકર અને રા. સા. કમળાશંકરનાં પુસ્તકોમાં અક્ષર સંબંધી માહિતી આપ્યા પછી ધાતુનાં પ્રાતિપદિક કેવી રીતિએ બનાવવાં તે સંબંધી જણાવાયલું છે અને એવાં રૂપો ઉપજાવી કાઢવાનું શીખવતાં ક્રમે ક્રમે સાથે સાથે સંધિના નિયમોનું જ્ઞાન આપવાની પણ વ્યવસ્થા કરાયેલી છે. જેમ દ્રષ્ટાંત વિના સિદ્ધાંત મન ઉપર ઠસતો નથી તેમ સિદ્ધાંતનું વિધાન કરવા સારૂ અભ્યાસપાઠની પણ અગત્ય છે, આ હેતુથી ડૉ. ભાંડારકરે અને રા. સા. કમળાશંકરે કેટલાક અભ્યાસ પાઠો આપેલા છે, અને તેમાં સિદ્ધાંતનું યથાર્થ વિધાન કરી શકાય એવા ધાતુઓ પણ આપેલા છે. તેમ કરતાં તેમણે વિષયના ઉંડાણમાં એકદમ ઉતરવાનુ ઉચિત ધાર્યું નથી. ધાતુનાં રૂપ શિખવવાની સાથેજ નામ અને વિશષણની વિભક્તિઓનાં રૂપ પણ કેવી રીતે યોજી કાઢવાં તેની પણ માહિતી આપી છે, અને ક્રમે ક્રમે એ વિષેચોનં ઊંડાણમાં ઉતરીને પૃચ્છક અને જીજ્ઞાસુ વિદ્યાર્થીને વિષયનું રસભર અવગાહન કરાવવાની સરલ યોજના યોજેલી છે.

**રા. ઠાકોરદાસને** એવા અભ્યાસપાઠ કે બોધપાઠની યોજના પસંદ પડી હોય એમ જણાતુ નથી. પરંતુ અમારે કહેવું જોઇએ કે અભ્યાસપાઠ આપવાથી વિષય સમજવામાં વિદ્યાર્થીઓને સવિશેષ સરળતા અને સુગમતા પ્રાપ્ત થાય છે, તથા વિષય પણ મનમાં દ્રષ્ટાંત અને વિધાનથી સજ્જડ ઠસે છે. આ મુદ્દામાં **રા. ઠાકોરદાસની** યોજના ઉક્ત ઉભય અનુભવી પંડિતોની યોજનાથી ભિન્ન છે. વળી વસ્તુસંકલનાના ક્રમમાં પણ તેઓ ઉક્ત પંડિતોથી ઘણે અંશે ખાસ જુદા પડે છે. તેમનો મત એવો છે, કે "પ્રાતિપદિકની બાબત પહેલાં હોય એતો કુદરતિ નિયમ વિરૂદ્ધ છે. કેમકે મૂળ પ્રાતિપદિક ધાતુ પરથી બને છે, મૂળ ધાતુ પ્રાતિપદિક પરથી બનતો નથી. એમ શીખવવાથી......જે ભાષા અને વ્યાકરણની ખુબી તેતો માત્ર સંપૂર્ણ ભણનારાજ, ને તે પણ ભણી વિચાર કરેતોજ, ધ્યાનમાં આવે; ને બીજાઓને તો ખુબી ન સમજે એટલે રસ પડે નહીં ને કંટાળે......એટલે અભ્યાસ છોડી દે ...ને તે ઉત્સાહ વધારવાને બદલે તોડવાનું એક કારણ થાય છે..." આથી તેમણે પ્રથમ પંચ સંધિ પ્રકરણ આપેલું છે. સંધિ પ્રકરણ તેમણે સરળતાથી કેટલાક દ્રષ્ટાંતો આપીને સમજાવ્યું છે ખરૂં, પરંતુ તેમાં આ સર્વ જ્ઞાન એકદમ ભારોભાર ઠસાવેલું હોવાથી આરંભ કરનાર વિદ્યાર્થીને તે શિખવાનું સરળ થઇ પડશે, કે કેમ એ શંકાસ્પદ છે. આ યોજનાને અંગેજ આ

એક મોટી ભિન્નતા છે. તેમણે જો અભ્યાસપાઠ યોજ્યા હત, તથા તે દ્વારા સંધિના નિયમોનું વિધાન વિદ્યાર્થી પોતે સાથે સાથે કરી શકે એવી ગોઠવણ કરી હત, તો તે અભ્યાસ માટે વિશેષ સુતર થઇ પડત. અલબત આ દલીલની સામે એવી પણ દલીલ આણી શકાય એમ છે, કે તેવા પાઠ યોજી કાઢવાની ફરજ શિક્ષકની છે અને શિક્ષકે એ નિયમો શિખવતાં એવા અભ્યાસ પાઠ વિદ્યાર્થીઓને લખાવવા જોઇએ. કેટલેક અંશે આ દલીલમાં સત્ય છે, પરંતુ શિક્ષક અને શિષ્યની યોગ્યતાનો પણ વિચાર કરવાનો છે. નિયમ સ્પષ્ટતાથી અને સરળતાથી મન ઉપર સજ્જડ ઠસે એવા અમુક દ્રષ્ટાંતદર્શક શબ્દો અને વાકયો તાત્કાલિક શોધી કાઢવામાં અનેક મુશ્કેલીઓ રહેલી છે, તે પણ ભૂલી જવા જેવું નથી. આવીજ ટીકા આ ગ્રન્થના આવા પ્રત્યેક અંગને લાગુ પડે છે, તેથી માત્ર પ્રથમ અંગને લઈને આટલું કહેવું પડ્યું છે. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવાના ઉદ્દેશથી રા. ઠાકોરદાસ કહે છે તેમ આવી યોજના કરવામાં આવી હશે. પણ અમને જણાય છે, કે તે ડૉ. ભાંડારકરવાળી યોજના કરતાં બીલકુલ સરળ અને સુગમ નથી. વળી ડૉ. ભાંડારકરે ધાતુનાં અને નામ તથા વિશેષણોનાં રૂપો કેવી રીતે ઉપજાવવાં, તેની જે સ્પષ્ટ સરણી દર્શાવી છે, તે અમને વિશેષ સારી જણાય છે. ધાતુઓ ઉપરથી ઉપજાવવાના અનેક રૂપોના સંબંધમાં પણ આજ ટીકા લાગુ પડે છે. તેમનું સરળતાનું ધોરણ કંઈક વિલક્ષણ છે.

આટલી મુખ્ય ન્યૂનતાને બાદ કરીએ તો બીજી રીતે રા. ઠાકોરદાસે વિષય સમજાવવામાં અને તેનું યથાયોગ્ય સંપૂર્ણ જ્ઞાન આપવામાં ઠીક શ્રમ ઉઠાવેલો છે. ડૉ૦ ભાંડાકરવાળા પુસ્તકોનું થોડું ઘણું જ્ઞાન મેળવ્યા પછી વિશેષ જ્ઞાન સંપાદન કરવાની ઇચ્છાવાળા વિદ્યાર્થીને આ પુસ્તક વિશેષ ઉપયોગી થઈ પડશે એમ જણાય છે. ઇંગ્રેજી ભણનારા વિદ્યાર્થીઓને ટેક્સ્ટ બુક ઉપરાંત શબ્દરચના કે વાકયરચનાના કેટલાક આવશ્યક નિયમો જાણવા સારૂ આપ્ટેસ ગાઇડ શિખવાની જરૂર પડે છે. પ્રસ્તુત પુસ્તક શિખનારને એવી વિગતો આમાંથી મળી આવે એમ છે; અને પરીક્ષામાં તે વિશેષ સહાયક થઈ પડે એમ છે. આ પુસ્તકના પ્રત્યેક અંગ સંબંધી વિવેચન અત્રે કરી શકાય એમ નથી, કારણ કે વિષય અતિગહન છે અને તેનો યથાસ્થિત ઉહાપોહ અત્રે થઈ શકે એમ પણ નથી.

વ્યાકરણ જેવા વિષયને સમજાવનારા ગ્રંથમાં જેમ બને તેમ ઓછી અશુદ્ધિ હોવી જોઇએ. જો કે રા. ઠાકોરદાસે એક લાંબુંલચક આશરે લગભગ ૪૦૦ ભુલોનું શુદ્ધિપત્રક આ પુસ્તકમાં જોડ્યું છે, પરંતુ તેથી કંઇ વિષયને શુદ્ધ રીતે નિરૂપવાની તેમની જોખમ દારી ઓછી થતી નથી.

રા. ઠાકોરદાસે પ્રસ્તાવના પૃ. ૭ માં ત્રણ સ્થળે જયાં मट्टुजींदीक्षित શબ્દ વાપર્યો છે, ત્યાં भट्टोजीदीक्षित શબ્દ વપરાવવો જોઇએ, કારણકે વ્યાકરણના નિયમ અનુસાર भट्टान् उजयति इति भट्टोजी થાય.

રા. ઠાકોરદાસે પ્રસ્તુત પુસ્તકમાં અનુક્રમણિકા આપી છે. તે વિસ્તૃત હોવાથી વિદ્યાર્થીને વિશેષ ઉપયોગી થઇ પડશે. આ પુસ્તકને શુદ્ધ કરાવવામાં તેમણે સુપ્રસિદ્ધ શાસ્ત્રીજી જીવરામ લલ્લુભાઇ તથા શાસ્ત્રી ત્રિભુવનદાસ ધનજીની સહાય લીધેલી છે, અને બંને શાસ્ત્રીજીઓએ પોતે આ ગ્રંથને સાદ્યંત તપાસ્યાનું આપેલું પ્રમાણ પત્ર આ ગ્રંથમાં સાથે જોડવામાં આવેલું છે. અંતમાં જણાવવાનું કે એક ઉત્સાહી, ભાષાભિમાની, શ્રેષ્ઠીએ આવો જે મહાન્ પરિશ્રમ ઉઠાવ્યો છે, તે બેશક પ્રસંશાને પાત્ર છે અને અનુકરણીય છે. આશા છે કે, તેનો યોગ્ય સત્કાર થશે. રા. ઠાકોરદાસને તેમના સ્તુત્ય પ્રયાસ માટે અને ખંતથી તેને પાર પાડવા માટે અમે તેમને સર્વ રીતે ધન્યવાદ આપીએ છીએ અને ઇચ્છીએ છીએ, કે

તેઓ સંસ્કૃત ભાષાને સજીવન કરવાના સ્તુત્ય ઉત્સાહને વિશેષ ખિલવશે અને અન્ય સાહિત્યસેવાઓ બજાવી આવા અનેક ઉપયોગી કાર્યો કરશે.

---

તા૦ ૨૫-૯-૧૯૧૦ ના સુરતના "ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ" પત્રનો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

સંસ્કૃત ભાષાઉપર અજવાળું નાંખનાર યથાર્થ નામ 'સંસ્કૃત ભાષા પ્રદીપ' નામનું પુસ્તક રા૦ રા૦ ઠાકોરદાસ જમનાદાસ પંજીએ પ્રયોજ્યું છે. સંસ્કૃત ભાષાની અનેક આંટિઓને અતિ શ્રમ લઇ ઉકેલવાનો અને ગુજરાતી ભાષામાં તેનું વિવરણ કરવાનો આ પ્રથમ પ્રયાસ છે. ઉપેક્ષિત ભાષાપ્રતિ સુજ્ઞ ગુર્જરનું લક્ષ ખેંચવું અને તેના અભ્યાસને વાસ્તે માર્ગ સરળ કરી આપવો એ કર્ત્તાનો સ્તુત્ય વિચાર જણાય છે. સંસ્કૃત દ્વારાજ સંસ્કૃતનો અભ્યાસ કરનાર વર્ગ હાલમાં અલ્પ છે—નથીજ કહીએ તો પણ બહુ ખોટું નથી. હાઇસ્કૂલોમાં અંગ્રેજી પુસ્તકોદ્વારા તેનો અલ્પાનલ્પ અભ્યાસ થાય છે, અને તેથીજ પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓને એક સારા સંસ્કૃત-ગુજરાતી પુસ્તકની જરૂર હતી. તે જરૂર આ પુસ્તક પુરી પાડશે એવી આશા છે.

અંગ્રેજી ભાષાના અપ્રતિહત પ્રચાર અને તે ભાષામાંજ લખાયલાં સંસ્કૃત પુસ્તકોમાં ટેવાયલી બુદ્ધિને લઈ પારિભાષિક શબ્દોથી પૂર્ણ આ પુસ્તકનો હાઈસ્કૂલમાં ભણનારા યુવકો બહુ લાભ લે એવું અમારૂં માનવું નથી. તોપણ શિક્ષિત વર્ગને આ પુસ્તક અમુક અંશે લાભદાઈ તો છેજ.

વિષયાનુક્રમ કંઇક નવા પ્રકારનો છે. પહેલા અને બીજા પ્રકરણમાં અક્ષર વિચાર અને સંધિ વિવરણ છે. ત્રિજા પ્રકરણથી ધાતુ શરૂ થાય છે; અને તેમાં એટલી બધી વસ્તુનો અથ-ઇતિ નિઃશેષ સમાવેશ થએલો છે કે સાધારણ અભ્યાસકનું ધૈર્ય ભાગ્યેજ ટકી શકે. ત્યાર પછી પ્રાતિપદિક, સમાસ વિગેરેનાં પ્રકરણો છે તેમાં યોગ્ય ક્રમમાં નિયમ અપવાદ વિગેરે સચોટપણે સમજાવેલાં છે. વાક્યરચના વિષેનું સાતમું પ્રકરણ ખાસ કરી ઉપયોગી થઈ પડશે એવી અમને આશા છે. આવી રીતે વિષયાનુક્રમ અમુક ધોરણપર છે. 'જુનું એટલું સારૂં અને નવું એટલું નઠારૂં' એવું અમારૂં માનવું નથી; તોપણ અમને શંકા છે કે તે ક્રમ અશિક્ષિત અભ્યાસકને સરળ અને રસમય થઇ પડે.

સંસ્કૃત ભાષા જ્ઞાન પ્રચાર અર્થે કર્ત્તાએ લીધેલા અનન્ય શ્રમને વાસ્તે દરેક સુજ્ઞ ગુર્જર બન્ધુ તેનો ઉપકૃત છે; અને તેથી ગુર્જર બન્ધુઓ પુસ્તકની કદર બુજી યોગ્ય ઉત્તેજન આપશે એવી અમારી આશા અને વિનંતિ છે.

છેવટમાં અમારે જણાવવું જોઇએ કે જો પુસ્તકની કિમ્મત રૂા૦ ૩ કરતાં ઓછી હોત તો તેનો લાભ વિશેષ લઇ શકાત.

---

સંવત ૧૯૬૭ ના કાર્તિકના વડોદરાના "કેળવણી" ચોપાનીઆમાં આવેલો મત.

**संस्कृत भाषा प्रदीप.**

ગુજરાતી ભાષાનું સારૂં જ્ઞાન થવાને સંસ્કૃત ભાષાનું જ્ઞાન કેટલું આવશ્યક છે તે સર્વને એટલું સુવિદિત છે કે તેને તર્કથી પ્રતિપાદન કરવાની આવશ્યકતા નથી. એજ કારણથી આ રાજ્યની ગુજરાતી શાળાઓમાં સંસ્કૃત માર્ગોપદેશિકાનું શિક્ષણ દાખલ કરવામાં આવ્યું હતું. આપણા દેશના કાવ્ય, નાટક, આખ્યાયિકાઓ, જ્યોતિષ, વૈદ્યક, વ્યાકરણ, ઇતિહાસ,

તત્વજ્ઞાન, આદિ સર્વ ભંડાર સંસ્કૃત ભાષામંદિરમાં છે. તે પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને તો સંસ્કૃત ભાષા શિખ્યા વગર ચાલેજ નહિં. વિશેષતઃ આજકાલ કેટલાક લેખકો સંસ્કૃત જ્ઞાનના અભાવે શુદ્ધ લેખનના આડંબરમાં પડીને લખવામાં કેટલાક એવા ખોટા પ્રયોગ કરે છે કે તે તરફ તજ્જ્ઞ વિદ્વાનો હસ્યા વિના રહે નહિ. જેમ, "શ્રીયુત્," "નૈતિક," "બુદ્ધિવાન" ઈત્યાદિ અનભિજ્ઞોએ વાપરેલા આવા શબ્દો ભાષામાં પ્રચાર પરંપરા પામીને ભાષાની અધોગતિ માત્ર કરે છે. આ અધોગતિ અટકાવવાનું મુખ્ય સાધન માત્ર સંસ્કૃત ભાષાના ધાતુ, પ્રકૃતિપ્રત્યય, ઈત્યાદિનું જ્ઞાન છે—અર્થાત્ સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન છે.

આ જ્ઞાન મેળવવા માટે ઘણા જણ આતુર હોય છે, પણ તેમને ગુરૂની સહાયતા વગર અવકાશના વખતમાં અભ્યાસ કરીને સંસ્કૃત ભાષા શિખવી શકે એવું સાધન દુર્લભ છે. કેટલાક વર્ષો ઉપર એક "વ્યાકરણલેશ" નામે પુસ્તક કાશીમાં રચાયું હતું અને તેનું ભાષાન્તર અમદાવાદની ટ્રેનિંગ સ્કૂલમાં શિખવવામાં આવતું હતું. તે પછી શાસ્ત્રી ચિપલુનકરનું તથા ડા. ધીરજરામ દલપતરામનું વ્યાકરણ પ્રગટ થયું હતું. પહેલામાં ભાષા સાથે વ્યાકરણ શિખવવાની પદ્ધતિ ગ્રહણ કરી હતી, પણ તેથી માત્ર સંસ્કૃત ભાષાનું દિગ્દર્શન થવા ઉપરાંત વિશેષ જ્ઞાનપ્રાપ્તિ થાય એમ નહોતું. બીજા બેમાં પ્રાતિપદિક અને ક્રિયાપદનાં રૂપો ગોખવા પર મુખ્ય આધાર હતો જેથી તે પણ શિખનારને અનુકૂલ નહોતાં. તે પછી ડૉ. ભાંડારકરની "માર્ગોપદેશિકા" અને "મંદિરાંતઃપ્રવેશિકા" પ્રચારમાં આવી. આ બે પુસ્તકોમાં વ્યાકરણની લગભગ બધી પ્રક્રિયાઓ સમાવવાનો યત્ન કરવામાં આવ્યો હતો અને ઉત્તરોત્તર જે આવૃત્તિઓ થતી ગઇ, તેમાં તેજ યત્ન ચાલુ રાખવામાં આવ્યો હતો તથા તે સાથે ભાષા શિખવવાની રચના કરી હતી, જેથી શાળાઓ માટે આ પુસ્તક અગત્યના થઈ પડયાં. તથાપિ તે એટલાં કઠિન થયાં કે ગુરૂ વગર વિદ્યાર્થીઓ શીખી શકયા નહિ. એજ પદ્ધતિ ઉપર કદાચ બેને બદલે છ પુસ્તક કર્યાં હોત તો તે વધારે ઉપયોગી થાત. સંસ્કૃત વ્યાકરણકારોએ વ્યાકરણના નિયમો સ્મરણમાં રાખવાને થોડા અક્ષરોમાં ઘણો અર્થ સમાવીને સૂત્રો કર્યાં છે, તથા સંજ્ઞા પરિભાષા પણ કરી છે. ઉપર ઉપરથી જોનારને તે નકામા બોજા જેવી લાગે, તથાપિ લગાર ઉંડા ઉતરીને વિચાર કરે તો, શિખનારનો તે કેટલો બધો શ્રમ બચાવે છે તે તરતજ ધ્યાનમાં આવે એવું છે. પરંતુ માર્ગોપદેશિકાના રચયિતાના મનમાં ભાષા શિક્ષણ મુખ્ય અને વ્યાકરણ ગૌણ હશે તેથી યથાકથંચિત્ રૂપસિદ્ધિ કરાવીને ભાષા શિખવવાનું આરંભ્યું જણાય છે અને વ્યાકરણના નિયમો સૂત્ર રૂપે ન આપતાં તેનું સવૃત્તિક ભાષાન્તર આપ્યું હોય એમ દેખાય છે. અસ્તુ, એજ તેના કાઠિન્યનું કારણ હશે. આ કારણથી હજી પણ ઘણા સંસ્કૃત ભાષા જીજ્ઞાસુ કોઈ સુગમ માર્ગની શોધમાં હતા. તેવામાં વિદ્વદ્વર્ય રણછોડભાઇએ લઘુસિદ્ધાંત કૌમુદીનું ગુર્જર ભાષાન્તર કર્યું. સંસ્કૃત શિખેલાને તે સહેલું ભાસે, પણ નવીનને તેમાં પણ મુશ્કેલી ભાસતી અમે જોઇ છે. તે પછી આજ અમારા હાથમાં **રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી** એમણે પોતાનું કરેલું "સંસ્કૃત ભાષા પ્રદીપ" નામે વ્યાકરણ મૂકયું છે. સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરતી વખતે કરેલી સંક્ષિપ્ત નોંધને એકત્ર કરી, ક્રમવાર ગોઠવી સુધારી વધારીને પુસ્તકાકારમાં બહાર પાડી હોય તેવું આ પુસ્તક ઉપર ઉપરથી જોતાં જણાય છે. એમાં પણ સૂત્રોને બદલે તેનાં અર્થાત્મક નિયમો આપ્યા છે, અને તે પણ એક જગોએ સામટા આપી દીધા છે. પ્રત્યેક નિયમ ઉદાહરણથી સ્પષ્ટ કરવાને જો શ્રમ કર્યો હોત તો બેશક પુસ્તકનું કદ વધી જાત; પણ તેમ કર્યા વિના નવીન શીખનાર તેમાં પ્રવેશ કરવાને શક્તિમાન થાય નહિ, એ પણ સ્પષ્ટ છે. એમ છતાં ગુજરાતી દ્વારા સંસ્કૃત વ્યાકરણ શિખવાની ઈચ્છાવાળાને આ એક ઉપયોગી

પુસ્તક છે. એની ભૂમિકા ઘણી બોધક છે તથા તેને નીતિશાસ્ત્રાદિકના ઉતારા આપીને રસિક કરી છે. આ પુસ્તકનાં આઠ પ્રકરણ કર્યાં છે. પહેલામાં અક્ષર વિચાર અને બીજામાં સંધિ વિચાર છે; ત્રિજામાં ધાતુ અને પ્રત્યયો તથા સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયોની સમજ, પ્રત્યયનિમિત્ત થનારા ફેરફારો, અને ધાતુઓના રૂપો આપેલા છે; ચોથા પ્રકરણમાં પ્રાતિપદિક અને તેનાં રૂપો આપ્યાં છે. પાંચમા પ્રકરણમાં અવ્યય, છઠ્ઠામાં સમાસ, સાતમામાં વાક્ય રચના અને આઠમામાં કેટલાક પરિશિષ્ટો આપેલાં છે જેમાં લોહિતાદિ ગણો અને ધાતુકોશ વગેરેનો સમાવેશ કર્યો છે. અર્થાત્ સંસ્કૃત વ્યાકરણનું સામાન્ય જ્ઞાન મેળવવાને જે કાંઈ જોઇએ તે બધાનો અહીં સંગ્રહ કરેલો છે. ગ્રંથકાર લખે છે કે દરરોજના બે કલાક પ્રમાણે જો કોઇ બાર માસ યત્ન કરે તો આ ગ્રંથ સંપૂર્ણ શિખી શકે. ભાષા ગુજરાતી છે અને સમજવાને કઠણ ન પડે એમ સ્પષ્ટ શૈલીથી લખી છે, તેથી બુદ્ધિમાન ગુજરાતી ભાષાના જ્ઞાનવાળો ગુરૂની સહજ મદદથી આ પુસ્તકના યોગથી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન મેળવી શકે. એમ છતાં ગ્રંથ રચના આરંભના શિખનારને અનુકૂલ આવશે કે નહિ તે વિષે અમને સંદેહ છે. ગ્રંથમાં પ્રાયશઃ દરેક પ્રકરણમાં નિયમો એકત્ર કરીને આપ્યા છે તથા શબ્દનાં રૂપ અન્યત્ર સમુદાયમાં આપ્યાં છે, તેથી શબ્દસિદ્ધિમાં નવીનને ગુંચવાડો થવા જેવું છે. આવુંજ પુસ્તક વ્યાકરણનું લખવાને બદલે પાણિનિની અષ્ટાધ્યાયી ઉપરની કાશિકાવૃત્તિ જેવા એકાદ પુસ્તકનું ભાષાંન્તર કર્યું હોત તોપણ ચાલત. એમ છતાં ગ્રંથકારે જે વિપુલ માહિતીનો સંગ્રહ કર્યો છે તથા તેમ કરવામાં અને તેને ક્રમે ગોઠવી પુસ્તક રૂપે બહાર પાડવામાં જે પરિશ્રમ કર્યો છે તે વખાણવા યોગ્ય છે. પુસ્તક મોટા કદનાં ૩૭ ફારમનું છે. કીમત રૂ. ૩ છે, તે યદ્યપિ શ્રમના પ્રમાણમા વધારે નથી તથાપિ કદના પ્રમાણમાં જો ઓછી રાખી હોત તો સંસ્કૃત ભાષાના જીજ્ઞાસુ ઓછા પગારના શિક્ષકોને પણ અનુકૂલ થાત. સ્કૂલોમાં અને કોલેજોમાં સંસ્કૃત શિખતાં વિદ્યાર્થીઓને વ્યાકરણનો વિષય સારો સમજવામાં આ પુસ્તક સારી મદદ આપશે એમ ઇચ્છીએ છીએ.

---

આશ્વિન કૃષ્ણ૦ ૧૪ સંવત્ ૧૯૬૬ના વડોદરાના "મહાકાળ" ચોપાનીઆમાં આવેલો મત.

**संस्कृत भाषा प्रदीप**—(કર્તા તથા પ્રસિદ્ધ કરનાર રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી, મુંબઇ, મૂલ્ય રૂ. ૩–૦–૦–) સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા ઇચ્છનારને સાહાય્યભૂત થઈ પડે, એ હેતુથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે, અને તેમાં તેના વિદ્વાન લેખકે ઘણે અંશે વિજય મેળવ્યો હોય, એમ જણાય છે. ગુજરાતી ભાષામાં આવા ગ્રંથો કવચિતજ રચાય છે, અને તેથી ગુજરાતી જાણનારા પરંતુ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવાની આતુરતાવાળાને પોતાની આતુરતા પૂર્ણ કરવાનાં સાધનોની બહુજ ન્યૂનતા હોય છે. આ સમયમાં આ ગ્રંથ, અંધકારમાં પ્રદીપની પેઠે, વિદ્યાર્થીઓના માર્ગને પ્રકાશિત કરનાર થઇ પડે, એ સહજ છે.

---

તા. ૫ માહે સપ્ટેમ્બર સન ૧૯૧૦ ના વડોદરાના "બરોડા ગેઝેટ" પત્રમાં આવેલો મત.

**संस्कृत भाषा प्रदीप** [1]

ઇંગ્રેજી ભણેલાઓને માટે સંસ્કૃત ભાષા અને સાહિત્ય શિખવા માટે ડૉ. ભાંડારકરકૃત, સ્વ. મી. ગોળેકૃત, અને મી. કાલે, ડૉ. કિલ્હૉર્ન આદિ અનેક વિદ્વાનકૃત વ્યાકરણશાસ્ત્રના પુસ્તકો પ્રચારમાં છે. પણ માત્ર ગુજરાતી ભણેલાઓને સંસ્કૃત વ્યાકરણ તથા વાઙ્મય શિખવા

---

[1] કર્તા—મી. ઠાકોરદાસ જમનાદાસ પંજી. ૧૧૮ દાદીશેઠ અગીયારી સ્ટ્રીટ, મુંબઈ. કિં. રૂ ૩

માટે અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોમાં જો કોઈ પણ હોય તો તે **મી. પંજીનુ** બનાવેલું **સંસ્કૃત भाषा प्रदीप** છે. આ પુસ્તકની એક નકલ અમારા અભિપ્રાય માટે તેના કર્ત્તા **મી. ઠાકોરદાસ જમનાદાસ પંજી** એમના તરફથી આવેલી છે. "સંસ્કૃત લઘુ કૌમુદીનુ" ભાષાન્તર સાક્ષર મી. રણછોડભાઇ ઉદયરામ તરફથી ઘણા વરસથી પ્રસિદ્ધિમાં છે, પણ તે કેવળ પારિભાષિક હોઈ શાસ્ત્રીની મદદ વિના શિખી શકાય એમ નથી. પણ મી. પંજીનું પુસ્તક એવી રીતે થયું છે કે તે કોઈ પણ ગુજરાતીના સાધારણ જ્ઞાનવાળો જીજ્ઞાસુ માણસ સહેલાઇથી જો ખંત અને ઉત્સાહ હોય તો કોઇ પણ પ્રકારની બહારની મદદ શિવાય સ્વબુદ્ધિબળથી શિખી શકે એમ છે. અમે એ પુસ્તક સાદ્યંત જોયું છે. અને અમે ખુશીથી જણાવીએ છીએ કે એમાં જે રચના કરવામાં આવી છે તે કેવળ ઉછરતા તેમ પ્રૌઢ ઉત્તમ પ્રકારના વિદ્યાર્થીઓને અનુલક્ષીને કરવામાં આવી છે. સિદ્ધાંત કૌમુદીમાંની વૈદિક પ્રક્રિયા અને એવા બીજા કેટલાક વિષયો કે જે લૌકિક સંસ્કૃત સાહિત્યમાં બહુ આવશ્યક નથી તે બાદ કરીને સંપૂર્ણ વિષય સરલ રીતે સદૃષ્ટાંન્ત સોપપત્તિપૂર્વક આપવામાં આવ્યો છે. અમારી પૂર્ણ ખાતરી છે કે આટલો ગ્રંથ સારી રીતે સમજીને કોઇ શિખશે તો તે રામાયણ અને મહાભારતાદિ જેવાં પવિત્ર અને ઉત્તમ કાવ્યો, જેના પઠન વિના હિંદુનુ હિંદુપણું સિદ્ધ નથી તે, સારી રીતે કાવ્યના રસાસ્વાદન પૂર્વક સમજી શકશે. આ ઉપરાંત અન્ય સકલ શાસ્ત્રીય ગ્રંથોમાં પણ તેનો સારો પ્રવેશ થશે. અમે આ પુસ્તકને સંપૂર્ણ વિજય ઇચ્છીએ છીએ અને મી. પંજીને તેમની કૃતિ માટે ખરા અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ. આશા છે કે સંસ્કૃત શિખનાર દરેક ગુજરાતી વિદ્યાર્થી આની એક નકલ ઘરમાં રાખશે. સાથે સાથે એ પણ જણાવીએ છીએ કે હાઇસ્કૂલમાં અને કોલેજમાં ભણતાં દરેક સંસ્કૃત વિદ્યાર્થીને પણ એ પુસ્તક એટલુંજ ઉપયોગી છે.

---

તારીખ ૧ લી. ડીસેમ્બર સન ૧૯૧૦ના વડોદરાના "**શ્રી સયાજી વિજય**" પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

સંસ્કૃત ભાષા શિખનારને માટે ઉપયોગી વ્યાકરણનો આ ગ્રંથ અમને અભિપ્રાયાર્થે મળ્યો છે.

સંસ્કૃત ભાષા એ આર્યોની માતૃભાષા છે. એ ભાષાના ગ્રંથોથી દરેક જાતના સાહિત્યનું જ્ઞાન મળવું દુર્લભ નથી. ઘણા પાશ્ચિમાત્ય આધુનિક વિદ્વાનો, અને પ્રાચીન ગ્રીકો, રોમનો અને આરબો પણ તેજ આપણી માતૃભાષા સંસ્કૃતના ગ્રંથો શિખીને વિદ્વાન થયા છે, પરંતુ ખેદની વાત છે કે આપણા ગુજરાતી ભાઇઓનું આજ આવી પવિત્ર માતૃભાષા તરફ દુર્લક્ષ જોવામાં આવે છે. વિદ્યાર્થીઓ જેઓ આપણી ભાવિ આશા છે તેઓ નિશાળોમાં સગવડતા હોવા છતાં ફ્રેંચ, ફારસી વગેરે ભાષાઓ લઈ સંસ્કૃત શિખતા નથી તે દિલગીરી ભરેલું છે. પરંતુ તેનું કારણ ભાષાના શિક્ષણ અને શિક્ષણના સાધનની ખામી એજ હોવાથી, આવા પુસ્તકો લોકોની મનોવૃત્ત સંસ્કૃત તરફ આકર્ષે તો તે સંભવિત છે.

હાલ પાઠશાળાઓ, સ્કૂલો, અને કૉલેજોમાં જુદા જુદા ગ્રંથો વપરાય છે, જેમાં સિદ્ધાંત કૌમુદી અને ડૉ. ભાંડારકરની બે ચોપડીઓ મુખ્ય છે. કૌમુદીમાં સંસ્કૃત ભાષાથીજ શિખવાનું હોવાથી આપણને તે અઘરી જણાય છે.

મી. ભાંડારકરની ચોપડીઓ ઉપર ચોટીયું પોપટીયું જ્ઞાન આપે છે. આ ચોપડીઓનો અભ્યાસ કરી "બી. એ." અને "એમ. એ" સુધીની પરીક્ષાઓ પસાર કરવા છતાં ઘણા એવા

વિદ્યાર્થીઓ હોય છે કે જેમને સંસ્કૃતનું સંગીન જ્ઞાન હોતું નથી. કેટલાક અંગ્રેજી ભાષામાં મૅકસમ્યુલર, કીલ્હૉર્ન, તથા કાલેના ગ્રંથોની મદદ લે છે પણ તે પણ અઘરાં ને ગુંચવાડા ભરેલા હોવાથી ઘણા વિદ્યાર્થીઓ સંસ્કૃત ભણવાનું છોડીજ દેછે. અગ્રેજીમાં રચાયલા સંસ્કૃત શિખવાના ગ્રંથોમાં ધાતુઓના સંબંધમાં અનુબંધની, ને તેઓના ગણોની નિશાનીઓના સંબંધમાં વિકારક અવિકારકની વાત છોડી દીધેલી હોવાથી અનેક ગુંચવણો પડે છે, અને અનેક નિયમો જાણવા પડે છે, તેથી ભણનારને વિશેષ કંટાળો આવતાં છોડી દેવું પડે છે; અને તેની સાબીતી યુનિવર્સિટિનાં પરિણામો જોવાથી જણાશે કે કેટલા વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષા શિખે છે, અને શિખે છે તેનો મોટો ભાગ કેટલા સંપૂર્ણ જ્ઞાનવાળો નીકળે છે! ટુંકામાં અમને લાગે છે કે વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા છોડી દેવાના કારણમાં જોઇએ તેવી વ્યાકરણ શિક્ષણ પદ્ધતિની ખામી છે; ને તે ખામી યોગ્ય રીતે પુરી પાડવા આ ગ્રંથ મોટું સાધન થઇ પડશે. આ ગ્રંથને જો ઉપયોગમાં લેવાશે તો વિદ્યાર્થીઓને કંઇક વધુ સરલતા થશે.

દરેક દેશી રાજ્યના વિદ્યાધિકારી સાહેબને તેમજ સરકારી કેળવણી ખાતાના સત્તાધીશને અમો ભલામણ કરીએ છીએ કે આ ગ્રંથને દરેક શાળામાં ચાલુ કરી દરેક વિદ્યાર્થીના હાથમાં મુકવો કે જેથી વિદ્યાર્થીઓ સંસ્કૃત ભણવાનું કંટાળી છોડી દેતાં અટકે, અને સંસ્કૃત ભાષામાં દટાઈ રહેલા ખજાનાનો ઉદ્ધાર કરવાનું મહાપુણ્યમય કામ સત્વર થાય.

છેવટે ઉપસંહાર કરતાં આ ગ્રંથ માટે અમે તેના કર્ત્તા **રા. રા. ઠાકોરદાસભાઇને** ધન્યવાદ આપીએ છીએ કે તેઓ એક વ્યાપારી ગૃહસ્થ હોવા છતાં પોતાના અમૂલ્ય સમય અને પૈસાનો ભોગ આપી માતૃભાષાની અને વિદ્યાર્થીઓની સેવા બજાવી છે. ગુજરાતી પ્રજાને અમારી ભલામણ છે કે આ ગ્રંથ દરેક ગૃહસ્થે પોતાનાં પુત્રપુત્રીઓના હાથમાં આપી સંસ્કૃત ભાષાને ઉત્તેજન આપવા સાથે ગ્રંથકર્ત્તાની મેહેનતની સાર્થકતા કરવી જોઈએ. ગ્રંથની મેહેનત તથા વિસ્તારના પ્રમાણમાં તેની કિંમત રૂપીયા ત્રણ વધુ નથી.

---

તા૦ ૬ ઠી અકટોબર સને ૧૯૧૦ ના **ભરૂચના "ભરૂચ સમાચાર"** પત્ર માં આવેલો મત.

## સંસ્કૃત ભાષા પ્રદીપ.

આ પુસ્તકના રચનાર અને પ્રગટ કરનાર **શેઠ ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી અમુને રિવ્યુ માટે મલ્યું છે. જેની પહોંચ ઉપકાર સાથે કબુલ રાખતાં જણાવવું પડે છે કે, આ પુસ્તક કાંઈ નોવેલો જેવું ટાહેલાંનું નથી પણ સંસ્કૃત શિખનારા વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજળું બનાવી તેઓને કીર્તિવંત બનાવે તેવું છે. સંસ્કૃત ભાષા એજ ગુજરાતીઓની અસલ ભાષા હતી, અને તેજ ભાષામાં હિંદુઓના વેદ, શાસ્ત્ર, પુરાણ વિગેરે કિમંતિ પુસ્તકો લખાયલા છે કે જે ગ્રંથોનો તરજુમો કરી અંગ્રેજોએ અભ્યાસ વટીક કીધો છે. ધર્મ શાસ્ત્ર, વૈદક શાસ્ત્ર અને જોતિષ શાસ્ત્ર જેવા અનેક વિદ્યાહુન્નરથી ભરેલા પુસ્તકો એજ ઉત્તમ ભાષામાં છે, અને તેના તરજુમા કરી અંગ્રેજો જેવી શોધક જાતે એમાંથી ઘણું મેળવ્યું છે; અને પ્રોફેસર મૅકસમ્યુલર ઉપરાંત કેટલાક જરમન વિદ્વાનો તો એ સંસ્કૃત ભાષાના પ્રોફેસરો કહેવાય છે. આ ઉપર કહેલું પુસ્તક તે સંસ્કૃત ભાષા શિખવાની કુંચી છે. કુંચીઓ જાણવાથી ગમે તેવાં તાલાં કે તીજોરીઓ ઉઘાડી શકાય છે અને તેમાંથી જોઈતો માલખજાનોખી મેળવાય છે. જે સંસ્કૃત ભાષા પક્કી રીતે શિખવા માંગતો

હોય તેને આ ચોપડીનો અભ્યાસ કરવો એવી અમારી ભલામણ છે. કારણ કે આ ચોપડીમાં શબ્દો અનુક્રમે ગોઠવી બનાવેલા જણાય છે તેમજ સંસ્કૃત ભાષાના જુદા જુદા વિદ્વાનોએ ઉંચી સર્ટિફિકેટો આપેલી છે તેથી પણ ખાત્રી થાય છે. તેના રચનારને અમે શાબાશી આપીએ છીએ. આ ચોપડી તેના કર્ત્તા પાસેથી મેળવી શકાશે. લખવાનું ઠેકાણું, ૧૧૮ દાદી શેઠ અગીઆરી લેન, મુંબઇ, કિંમત રૂ૦ ૩–૦–૦

---

નવેમ્બર ૧૯૧૦ ના અમદાવાદના "વૈદ્ય કલ્પતરૂ" ચોપાનીઆમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ**—પ્રસિદ્ધ કર્ત્તા રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી. મુંબાઇ.

સંસ્કૃત ભાષા શિખવામાં મદદગાર થઈ પડે એવો આ એક વ્યાકરણનો લેખ છે; સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને માટે એ ઉપયોગી થઇ પડે, એમ એમ ધારીએ છઇએ. ગ્રંથની રચના અને પદ્ધતિ કાંઈ વધારે સરલ હોત તો અભ્યાસીને વધારે ઉપયોગી થઇ પડત. કિંમત રૂ. ૩) રાખી છે તે ગ્રંથ વિસ્તાર, કાગળ તથા કાચા પુઠાના પ્રમાણમાં વધારે છે.

---

ફેબ્રુઆરી ૧૯૧૧ ના ગુ. વ. સો. તરફથી નીકળતા "બુદ્ધિ પ્રકાશ" ચોપાનીઆંમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

સંસ્કૃત ભાષા પ્રદીપ નામનું પુસ્તક તેના કર્ત્તા મી. પંજી તરફથી અવલોકનાર્થે પ્રાપ્ત થયું છે. આ પુસ્તકનો વિષય સંસ્કૃત ભાષાનું વ્યાકરણ છે. હમણાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ વધી પડયો છે. પૂર્વે આ ભાષાનો અભ્યાસ મુખ્યત્વે કરીને બ્રાહ્મણોજ કરતા; પરંતુ હવે તો સર્વે વર્ણના માણસો સંસ્કૃત શિખે છે. ભાષાના જ્ઞાન અર્થે વ્યાકરણની બહુજ અગત્યતા છે. સંસ્કૃત ભાષાનો અભ્યાસ વ્યાકરણથીજ શરૂ થાય છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અતિ કઠિન છે, એ સર્વને વિદિત છે અને વિદ્યાર્થીઓના અભ્યાસની ગતિ તેમાંજ કુંઠિત થાય છે, માટે તે વ્યાકરણને સરળ અને સુબોધ બનાવવાના જેટલા ઉપાયો યોજવામાં આવે તેટલા થોડાજ લેખાય, આપણા પૂર્વાચાર્યોને પણ આ કઠિનતાનો ભાસ થયો હતો, તેથી તેઓએ પણ તે દિશામાં પ્રયત્નો કર્યા હતા. પાણિનિની અષ્ટાધ્યાયી અને પાતંજલિનું ભાષ્ય જેવા મોટા ગ્રંથો ભણવાની લોકોની અસમર્થતા જોઇને વામને કાશિકા રચી. પરંતુ કાશિકામાં પાણિનિના સૂત્રોનો ક્રમ અઙ્ગીકાર કરેલો હોવાથી તે પણ મંદમતિને કઠિન લાગવાથી પાણિનિના સૂત્રોને પ્રયોગના ક્રમમાં મુકીને રામચન્દ્રે પ્રક્રિયા કૌમુદી અને ભટ્ટોજી દીક્ષિતે સિદ્ધાંન્ત કૌમુદી બનાવી; તે ઉપરથી વરદરાજે બાલબોધ વાસ્તે લઘુ કૌમુદી રચી, જેનો હાલ પણ આદિમાં અભ્યાસ થાય છે. સર્વ વ્યાકરણોમાં પાણિનિનું વ્યાકરણ પ્રાધાન્યપદ ભોગવે છે તેનું કારણ તેની સંક્ષિપ્તતા અને શાસ્ત્રીય ધોરણપર રચના છે. પરંતુ તેનેજ લીધે વિદ્યાર્થીઓને અતિ દુર્ગમ લાગે છે. વિદ્વાનોએ તેની દુર્બોધતા જોઇને બીજી વ્યાકરણની સરળ પદ્ધતિઓ કરેલી છે. દાખલા તરીકે શર્વવર્મનું કાતન્મ વ્યાકરણ, બોપદેવનું મુગ્ધાવબોધ અને અનુભુતિ. સ્વરૂપાચાર્યનું સારસ્વત વ્યાકરણ ગુજરાતમાં વિશેષે કરીને પ્રચલિત છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલાં વ્યાકરણોનો અભ્યાસ હાલના જમાનાના વિદ્યાર્થીઓને કેટલાક કારણથી અનુકૂલ નથી. મૂળ તો સંસ્કૃત ભાષાથી અજ્ઞાત અને તે ભાષામાં તેનું વ્યાકરણ શિખવું તે કંઈ સેહેલું નથી. અને તેમ કરતાં કાળનો પણ બહુ વ્યય થાય. આ કાળમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણ પાછળજ ત્રણ ચાર વર્ષ ગાળવાં એ અશક્ય છે. તેથી હાલના જમા-

નાને અનુસરતા વ્યાકરણો રચવા તરફ વિદ્વાનોનું લક્ષ દોરાય એ એક આવકારદાયક પ્રયત્ન છે. સંસ્કૃત ભાષાનો વિદ્યાર્થીઓમાં આટલો બધો પ્રચાર થયો છે તે ડૉ. ભાણ્ડારકરની પહેલી અને બીજી ચોપડીને લીધે છે. ડૉ. ભાણ્ડારકરની પહેલી અને બીજી ચોપડી સંસ્કૃત ભાષાના અભ્યાસીઓમાં આટલી બધી પ્રિય થઈ પડી છે તેનું કારણ એ છે કે તેનાથી સરલ રીતે થોડી મુદ્દતમાં સંસ્કૃતનું સારૂં જ્ઞાન થાય છે. ડૉ. ભાણ્ડારકરે અંઙ્ગીકાર કરેલો ક્રમ તો પ્રસિદ્ધ છે. મી. પંજીનો આ ગ્રંથ સંસ્કૃત ભાષાના વ્યાકરણનો સાંશે સમાવેશ કરે છે. ઈંગ્રેજીમાં વ્હીટની, કીલ્હૉર્ન, મૅકસમ્યુલર અને કાલેના વ્યાકરણો પ્રસિદ્ધ છે, પરંતુ ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાનું એકે સંપૂર્ણ વ્યાકરણ ન હતું અને તે ખોટ પુરી પાડવાને માટે સંસ્કૃત વ્યાકરણના અભ્યાસીઓ એમના ઉપકૃત થયા છે. ઉપલક વાંચનારને પણ સ્પષ્ટ જણાશે કે મી. પંજીએ આ વ્યાકરણ કરવામાં અતિશય મ્હેનત લીધી છે. ગ્રંથના વિભાગ સ્પષ્ટ અને યોગ્ય રીતે પાડેલા છે. આઠ પ્રકરણોની સંખ્યા પાણિનિના અષ્ટાધ્યાયીના અનુકરણ રૂપ લાગે છે, વિષય વિભાગ ઘણો ખરો ભટ્ટોજી દીક્ષિતની સિદ્ધાંત કૌમુદીને અનુસરતો છે. પહેલા પ્રકરણમાં અક્ષર, બીજામાં સંધિ, ત્રિજામાં ધાતુ, કૃત્પત્યયો વિગેરે, ચોથામાં પ્રાતિપદિક, પાંચમામાં અવ્યય, છઠ્ઠામાં સમાસ, સાતમામાં વાક્ય રચના, અને આઠમામાં ગણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મી. પંજીના વ્યાકરણની પુંર્ણ તપાસ અત્રે શક્ય નથી પરંતુ વ્યાકરણના કઠિન વિષયો જેવા કે સમાસ અને **लुङ्** લકાર તેને મી. પંજી કેવી રીતે શિખવે છે તે જોઈશું અને તે ઉપરથી જોઈ શકાશે કે મી. પંજી પોતાના પ્રયત્નમાં કેટલે અંશે ફતેહમંદ નિવડયા છે.

યુરોપીઅન વૈયાકરણોએ અદ્યતન ભૂતના સાત કૃત્રિમ વિભાગ પાડયા છે. કૃત્રિમ એટલે પૂર્વના વ્યાકરણોમાં નહિ પડેલા. સંસ્કૃત વૈયાકરણોમાં લુઙ્ લકાર (અદ્યતન) ને **च्लि** લગાડે છે. **च्लि**ને બદલે **सिच्**, **अङ्**, **चङ्**, વિગેરે જુદા જુદા ફેરફારો થાય છે. મી. પંજીએ સાત કૃત્રિમ વિભાગોને પોતાના વ્યાકરણમાં સ્થાન આપ્યું નથી. પરંતુ અછિન્નાભિન્ન દશામાં અદ્યતનને મુકેલો છે. સંસ્કૃત વૈયાકરણોએ અનુબન્ધ યુક્ત ધાતુઓ આપેલા છે અને તે ધાતુઓના અનુબન્ધ યથાર્થ જાણ્યા વિના સંસ્કૃત વ્યાકરણનું પૂર્ણ જ્ઞાન અશક્ય છે. મી. પંજીએ ધાતુઓને અનુબન્ધ યુક્ત આપ્યા છે તે ઉચિતજ કર્યું છે. **गल्** ધાતુને **ऌ** અનુબન્ધ છે અને તેથી **पुषादिद्युताद्यॢदितः परस्मैपदेषु** આ સૂત્રથી **अङ्** (Second-variety) ઉમેરાય છે. સમાસના પ્રકરણમાં ઉત્સર્ગ અપવાદ નિયમોથી સારી રીતે સમાસનુ સ્પષ્ટીકરણ કર્યું છે. દ્વિગુ સમાસમાં મી. પંજીએ **संख्यापूर्वो द्विगुः** એ સૂત્રને અનુસરીને એક નિયમ આપ્યો છે. અને તે નિયમના ઉદાહરણ તરીકે **सप्तर्षय** આપેલું છે. પણ આ અનુચિત છે. ખરૂં જોતા તો **संख्यापूर्वोद्विगुः** એ સૂત્ર **दिक्संख्ये संज्ञायाम्** એ સૂત્ર કે જેનાથી **सप्तर्षयः**, **पञ्चनाः** એ પ્રયોગો થાય છે તેની જોડે સંબંધ ધરાવતુ નથી, પરંતુ **तद्धितार्थोत्तरपदसमाहारेच** એ સૂત્રનો સંબંધ છે. **दिक्**।૨।૧।૫૦। **तद्धितार्थो**।૨।૧।૫૧। **संख्यापूर्वो द्विगुः** ।૨।૧।૫૨। અને **अनन्तरस्य** એ પરિભાષાથી પર મું સૂત્ર ૫૧ માની જોડે સંબદ્ધ છે, પરંતુ ૫૦ માના જોડે નહિ, અને તેથી **सप्तर्षयः** એતત્પુરૂષ સમાસનો ભેદ છે. મી. પંજીનુ વ્યાકરણ સામાન્યતઃ ગુજરાતીમાં સંસ્કૃતના વિદ્યાર્થીઓને અતિ ઉપયુક્ત થઈ પડશે એમાં કંઇ પણ સંદેહ નથી. મી. પંજીને આ દિશામાં તેમના પ્રયત્ન વાસ્તે ધન્યવાદ આપવામાં આવે છે. ગ્રંન્થની કિંમત સાધારણ સ્થિતિના વિદ્યાર્થીને ભાર લાગે તેવી છે. માટે તેનું મૂલ્ય કંઇ કમી કરવામાં આવે તો સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓ પણ તેનો લાભ લઇ શકે.

**ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ. એ.**

તા૦ ૧૭-૯-૧૯૧૦ ના **અમદાવાદના "રાજસ્થાન"** પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

આ નામનું પુસ્તક તેના કર્ત્તા **મી. ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી અભિપ્રાયાર્થે મળ્યું છે, તેનો સ્વીકાર કરતાં અમને આનંદ થાય છે. આપણા દેશ માંહેના પૂર્વના રહસ્ય અને હિત રિવાજનું જ્ઞાન મેળવવાને સંસ્કૃત વિદ્યાના શિક્ષણની જરૂર છે તે વિષે બે મત છેજ નહિ, પરન્તુ સંસ્કૃત જ્ઞાન મેળવવાને તે ભાષાના વ્યાકરણની ખાસ જરૂર છે. આવા કેટલાંક વ્યાકરણો છે પરન્તુ આ પુસ્તક દ્વારાએ જેટલી સરળતાથી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન થાય તેટલી સરલતાથી બીજા કોઈ પુસ્તક દ્વારાએ થાય એમ અમો ધારતા નથી. અંગ્રેજી ધોરણોમાં સંસ્કૃત ભાષાનુ જ્ઞાન મેળવવાનું કમ્પલ્સરી થયું છે તેથી જે ઘણા વિદ્યાર્થીઓ કંટાળીને સ્કૂલ છોડી દે છે તેવા વિદ્યાર્થીઓને આ પુસ્તક ઘણું કીંમતી છે. આ પુસ્તકના કાગળ તથા છાપ ઘણી સુંદર છે તોપણ તેની કિંમત રૂ. ૩—૦—૦ એ વધારે છે, તો પણ મી. પંજીએ જે પ્રયાસ કર્યો છે તે ખરેખર વખાણને પાત્ર છે એમ તો અમારે ખુલ્લા દિલથી કહેવું પડશે.

---

તા૦ ૧૧ **મી સપ્ટેંબર સન ૧૯૧૦ ના અમદાવાદના "ગુજરાતી પંચ"** પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ.**

આ નામનો ગ્રંથ તેના કર્ત્તા અને પ્રકાશક **રા. ઠાકોરદાસ જમનાદાસ પંજી** તરફથી અભિપ્રાય માટે મળ્યો છે તેનો સ્વીકાર કરતાં અમને ઘણો આનંદ થાયછે;આપણા પ્રાચીન ગ્રંથોમાં રહેલા અનેક રહસ્ય રીત રિવાજનું જ્ઞાન સંપાદન કરવામાટે દરેક દેશાભિમાની આર્યે સંસ્કૃત વિદ્યાનું શિક્ષણ મેળવવાની બહુ જરૂર છે એ વિષે કોઇથી ના પાડી શકાશે નહિં. આ શિક્ષણ માટે સંસ્કૃત ભાષાનું વ્યાકરણ જાણવાની ખાસ આવશ્યકતા છે. ગુજરાતી ભાષાદ્વારા ભિન્નમાર્ગે પરન્તુ વિશેષ સરળતાથી સંસ્કૃત વ્યાકરણનુંજ્ઞાન આપનાર આ ગ્રંથના જેવાં પુસ્તક અર્વાચીન સમયમાં દુર્લભ છે. આવો એક ઉત્તમ ગ્રંથ પ્રકટ કરવા માટે મિ. પંજીને ધન્યવાદ ઘટે છે. સંસ્કૃત ભાષા માટે અભિમાન રાખનાર દરેક ગુજરાતી ગૃહસ્થે આ પુસ્તક ખરીદવા જેવું છે. તેની કિંમત રૂ. ૩ છે જે કાંઇક વધારે છે એમ અમને લાગે છે.

---

તા. ૨૩-૧૦-૧૯૧૦ના **અમદાવાદના "કાઠીઆવાડ અને મહીકાંઠા ગેઝીટ"**

પત્રમાં આવેલો મત.

**સંસ્કૃત ભાષા પ્રદીપ**

ગ્રંથ કર્ત્તા તરફથી અવલોકનાર્થે આવેલી ગ્રંથની એક નકલ અમને મળી છે. આવા ઉત્તમ ગ્રંથની પહોંચ સ્વીકારતા અમને હર્ષ થાય એ સ્વભાવિક છે.

સંસ્કૃત ભાષાના ગ્રંથોનું ઉપયોગીપણું જગ જાહેર છે તેથી તેઓનો લાભ લેવાના લોભથી યુરોપ, અમેરિકા વગેરેના વિદ્વાનોએ તેના વ્યાકરણના ગ્રંથો પોતપોતાની ભાષામાં કરી લીધા છે, ને તેના મૂળ ગ્રંથોનો પોતાની વ્યવહારિક ભાષાથીજ સીધો લાભ ત્યાનાં લોક લે છે, પણ જેમ ધારો છે કે "ઘરનું માણસ બેલ બરોબર" તેમ ગુજરાતવાસી વિદ્વાનોએ એ ભાષા પોતાની આર્ય તરીકેની અસલને નિકટ સંબંધવાળી તેમજ ધાર્મિક ક્રિયાઓમાં હમેશની જરૂરીઆતની હોવા છતાં પોતાની ગુજરાતી ભાષામાં તેના વ્યાકરણનો ગ્રંથ હજી સુધી કીધો નથી, ને

તેથી એ ભાષાના મૂળ ગ્રંથોને પોતાની વ્યવહારિક ભાષાથીજ સીધો ને સ્હેલી રીતે, યથાયોગ્ય લાભ લેવાનું ગુજરાતવાસી આર્યોથી બનતું નથી. કેટલાક આડકતરી રીતે, એટલે સંસ્કૃત અથવા અંગ્રેજી ભાષાથી સંસ્કૃત ભણવા પ્રયત્ન કરે છે, પણ જેમ વ્યવહારિક વસ્તુ વગર અવ્યવહારિક વસ્તુ ઓળખવી કઠિન પડે છે તેમ સંસ્કૃતથી સંસ્કૃત ભણવું કઠિન પડે છે, ને અંગ્રેજીથી ભણતાં, એકતો તેમાં જોઈએ તેવા ગ્રંથ ન હોવાથી, ને તેમાં વળી એ ભાષા જે પેહેલા નંબરની જરૂરીઆતની છે તેને બીજા નંબરની ગણીજ ભણાવવાથી ભાવ તેવું ફળ થાય છે. આના દાખલા ઓ જોઇએ તો આજ કેટલા વર્ષો થયાં મુંબઇમાં મરહુમ શેઠ ગોકુલદાસ તેજપાલે ષટ્શાસ્ત્રો ભણાય તેવી એક મોટી સંસ્કૃત પાઠશલાા કહાડી છે, પણ તેનો લાભ કેટલા ને કેવી રીતે લે છે તેનો વિચાર કરીએ તો એમ કહેવામાં હરકત નથી, કે હજારમે હિસ્સે પણ તેમની ધારણા પૂરી પડતી નથી; તેમજ ૫–૭ વર્ષ થયા કેટલાક ધનવાનો, કોઇ આહ્નિકની, તો કોઇ આત્મજ્ઞાનની, કોંઈ વેદની, તો કોઈ વૈદકની પાઠશાલા કહાડે છે, પણ તેઓમાંથી ભાગ્યેજ કોઈ પ્રવીણ થઇ નીકળતો હશે. વળી અંગ્રેજી ભાષાથી સંસ્કૃત ભાષા ભણનારાઓનો હિસાબ કહાડીશું તો માલમ પડશે કે સ્કૂલો તથા કૉલેજોમાં ભણતાં ગુજરાતી વિદ્યાર્થીઓમાં ભાગ્યે અડધા એનો લાભ લેવા જતા હશે, ને પૂર્ણ લાભ લેનારો તો ભાગ્યે એક ટકો પણ નીકળશે. આ બંધુ જોઇએ તેવું બતાવી આપે છે કે જે ભાષા ભણવી હોય તેનું વ્યાકરણ પોતાની વ્યવહારિક ભાષામાંજ જોઇએ, ને તેથી ગુજરાતવાસી આર્યો સારૂ ગુજરાતી ભાષામાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની ખરેખરી ખોટજ છે. એ ખોટ હજી સુધી કોઇ ધર્મ ગુરૂએ, કે મહારાજાએ, તેમજ વિદ્વાન કે ધનવાન ગણાતાએ જોઈ નથી, ને જોઈ હોય તોએ પૂરી પાડી કે પડાવી નથી, તે **રા. રા. ઠાકોરદાસ જમનાદાસ પંજીએ** જોઇ, તેને પૂરી પાડવા આ “ **સંસ્કૃત ભાષા પ્રદીપ** ” નામનો જે ગ્રંથ રચી પ્રગટ કર્યો છે તે ખરેખર આવકારદાયક છે; ને તેને માટે એમને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

એ ગ્રંથ સંસ્કૃત ભાષાના વ્યાકરણનો ને ગુજરાતવાસીઓની પોતાની વ્યવહારિક ગુજરાતી ભાષામાં હોવાથી સંસ્કૃત ભાષામાં રહેલાં અનુપમ વિદ્યાહુન્નરના ભંડારના ચાંપના તાળા ને ઈસારત માત્રથી ઉઘાડે એવો કુંચીરૂપ છે, તેથી ગુજરાતી ભાષાના ગ્રંથોમાં ઊંચી પંક્તિનો ને તેમાં પણ અપૂર્વ અને પેહેલા નંબરનો ઉપયોગી છે; ને અમો ધારીએ છીએ કે તે તેવોજ રહેશે, કેમકે એમાં જોઇતા તમામ વિષયો, તેઓમાં કેટલાક શબ્દોના થતા ફેરફારો, તથા દરેકના નિયમો એવા ક્રમવાર ને ટુંકાણમાં સ્પષ્ટ રીતે દાખલાઓ આપી નિઃશેષ લખેલા દેખાય છે કે આથી વધારે સારો ને ઉપયોગી ગ્રંથ થવો કઠિન છે. વળી એ ગ્રંથ બીજી ભાષાઓમાનાં એવા ગ્રંથો સાથે સરખાવતા સંસ્કૃત ભાષાની બાંધણીની ખુબી, દેવવાણીપણાની ખાતરી, અને જેમ જગતના વિવિધ પદાર્થોનાં ઉત્પત્તિ, સ્થિતિ, અને મોક્ષ અથવા નાશ તથા પુનરૂત્પત્તિ થાય છે તેમ ભાષાના શબ્દોની પણ થાય છે તે, એ સઘળુ તો એ ગ્રંથજ બતાવી આપે છે; ને એ રીતે ભણનારને દરેક ઠેકાણે ઉતેજન આપી, આવતી બાબતો જાણવાની ઈંતેજારી ઉત્પન્ન કરી, બરોબર ભાવથી ભણે તો બાર મહિનામાં સંસ્કૃત ભાષાનું સંતોષકારક જ્ઞાન ઉપજાવે તેવો છે. હમારા વિચાર પ્રમાણે તો અંગ્રેજી સાથે નિશાળો કે કૉલેજોમાં ભણતાં, કે પાઠશાલા ઓમાં ભણતાં, તેમજ ગુજરાતી સાથે કે હરકોઇ વખતે ભણવા માંગતાં નાના મોટા સૌને યોગ્ય ગોઠવણથી ભણેથી આ **ગ્રંથ ઘણોજ ઉપયોગી** થઈ પડે તેવો છે, અને લાઇબ્રેરીઓમાં પણ અવશ્ય રાખવા લાયક છે. અમને આશા છે કે ગુજરાતી ભાઇઓ આ ગ્રંથની કદર કરી

લેખકની મેહેનત સાર્થક કરશે અને સંસ્કૃત ભાષા જેવી સર્વોત્કૃષ્ટ ભાષાનો રસાસ્વાદ લેશે.

ઉક્ત ગ્રંથ તેના કર્તા ઠાકોરદાસ જમનાદાસ પંજી પાસેથી રૂ. ૩ ની કિમ્મતે દાદી શેઠ અગીઆરી સ્ટ્રીટ, નં ૧૧૮, મુંબઈને શિરનામે લખવાથી મળી શકશે.

---

મંગળવાર, તારીખ ૧૩ માહે સપ્ટેંબર સન ૧૯૧૦ ના પુનાના "કેસરી" પત્રમાં આવેલો મત.

**संस्कृत भाषा-प्रदीप**—हें पुस्तक मि. **ठाकुरदास जमनादास पंजी**, मुंबई; यांनीं गुजराथी भाषेंत लिहिलें असून गुजराथी भाषेच्या द्वारें संस्कृत शिकूं इच्छिणाऱ्या विद्यार्थ्यांस त्यांत व्याकरणसंबंधानें विपुल माहिती सांपडणार आहे. किं. ३ रु.

---

## સંસ્કૃત ભાષા પ્રદીપના કર્તાની વિજ્ઞપ્તિ.

તા. ૧૧-૨-૧૯૧૧.

સંસ્કૃત ભાષા પ્રદીપ ગ્રંથપર ઉપર આપેલા અભિપ્રાયો મોકલવાની તસ્દી લેવા માટે તે મોકલનારા સુજ્ઞ જનોનો ઉપકાર માનતાં જણાવવાનું કે

૧. એમાં આસરે ૧૫ ટકા જેટલા મતો એ ગ્રંથ શરૂઆતથી ભણનારાઓને સેહેલો નહીં થઈ પડે એવા હોવાથી જુદા જુદા અધિકારીઓ વાસ્તેની એ ગ્રંથનો ઉપયોગ કરવાની રીત એ ગ્રંથના પ્રાવેશિક ભાગમાં ઉમેરી છે.

૨. એમાં આસરે ૮ ટકા જેટલા મતો એ ગ્રંથમાં બીજી કંઇ કંઇ કસરો બતાવે છે પણ તેઓનું સમાધાન વિચાર કરેથી કાળે કરીને આપોઆપ થાય તેમ હોવાથી તે વિષે કંઈ કીધું નથી.

૩. શાસ્ત્રીજી રામકૃષ્ણ હર્ષજી તથા મી૦ હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ એ ગ્રંથમાં રહી ગયલી કેટલીક અશુદ્ધિઓ બાબત સૂચના કરેલી હોવાથી તે અશુદ્ધિઓ તથા હમોને પાછળથી માલમ પડેલી અશુદ્ધિઓ શુદ્ધ કરી એ ગ્રંથનાં શુદ્ધિપત્રકમાં ઉમેરી છે; વળી મી. નારાયણરાવ દલપતરામ ભગતે કરેલી તેવી સૂચનાઓ સંબંધમાં પણ કેટલુંક તેમજ કરેલું છે; ને સદરહુ શાસ્ત્રીજી, મી૦ કાંટાવાળા, તથા મી. ભગતનો તેઓની કરેલી સૂચનાઓ વાસ્તે આ જગોએ ખાસ ઉપકાર માનીએ છીએ.

૪. આશા છે કે એ ગ્રંથ વિષે ઉપર મુજબ સઘળું ઘટતું કરેલુ હોવાથી એનો ઘટતો ઉપયોગ થશે.

